સૂરિપુરંદર, યાકિનીમહત્તરાસૂનુ આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી વિરચિત પંજિકા સમન્વિત

ललितविस्तरा

શબ્દશઃ વિવેચન

ભાગ-૧



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

લલિતવિસ્તરા ભાગ-૧

શબ્દશઃ વિવેચન

* મૂળ ગ્રંથકાર *

સૂરિપુરંદર, યાકિનીમહત્તરાસૂનુ આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

* પંજિકાકાર *

આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

* દિવ્યકૃપા *

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

* આશીર્વાદદાતા *

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

* વિવેચનકાર *

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

* સંકલન-સંશોધનકારિકા *

શાસનસમ્રાટ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના
સાધ્વીજી ચારિત્રશ્રીજી મ. સા.ના પ્રશિષ્યા સાધ્વી ઋજુમતિશ્રીજી મ ---

* પ્રકાશક *

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ललितविस्तरा भाग-१ शब्दशः विवेचन

✦ विवेचनकार ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૦ ✦ વિ. સં. ૨૦૭૦ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૧૦૦૦

મૂલ્ય : રૂ. ૧૬૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પરમપૂજ્ય શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી
શ્રી શરદભાઈ અમૃતલાલ ઝવેરી પરિવાર, મુંબઈ.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૬૬

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com

* મુદ્રક *
સર્વોદય ઓફસેટ
૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગ્રાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ધરમશી

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફ્તરી રોડ, ગોશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'વિદ્વાનેવ વિજાનાતિ વિદ્વજ્જનપરિશ્રમમ્' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)
૬. સદ્‌ગતિ તમારા હાથમાં !
૭. સદ્‌ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)
૮. દર્શનાચાર
૯. શાસન સ્થાપના
૧૦. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૧૧. અનેકાંતવાદ
૧૨. પ્રશ્નોત્તરી
૧૩. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૪. ચિત્તવૃત્તિ
૧૫. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૬. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૭. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૮. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૯. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)

૨૦. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૨૧. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૨. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૩. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૪. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૫. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૬. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૭. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૮. ગૃહજિનાલય મહામંગલકારી
૨૯. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧

૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા–૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા–૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા–૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા–૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા–૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા–૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા–૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા–૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા–૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા–૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા–૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા–૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા–૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા–૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ–૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ–૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા–૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય–વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા
શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન

૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૯. વાદદ્વાત્રિંશિકા–૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૧૦૩. સકલાર્હત્–સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા–૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બારભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૪
૧૧૬. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૫
૧૧૭. વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન
૧૧૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૧૯. દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન
૧૨૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૨૧. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૩
૧૨૨. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૪
૧૨૩. ધર્મપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૨૪. લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ–૧

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ–૧
૨. ધર્મતીર્થ ભાગ–૨

પ્રસ્તાવના

દીક્ષાનો સ્વીકાર કર્યા પછી મોક્ષનો માર્ગ જાણવાની મારી તીવ્ર ઇચ્છા હતી. સૌપ્રથમ પંડિતવર્ય પ્રવીણભાઈની શિક્ષા અનુસારે યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથનું સંકલન કર્યું, તેથી મારી જિજ્ઞાસા કંઈક અંશે સંતોષાઈ. ત્યારપછી ગુરુતત્ત્વવિનિશ્ચયનું સંકલન કરવાથી મૂળગુણ, ઉત્તરગુણથી સંવલિત ભાવચારિત્રનો બોધ થયો, તેથી ચારિત્ર જીવન વિષયક મારી ઘણી મુંઝવણ ઉકેલાઈ ગઈ. ત્યારપછી યોગબિંદુ ગ્રંથનું સંકલન કર્યું, તેથી યોગની ઘણી અવાંતર ભૂમિકાનો બોધ થયો. પ્રવીણભાઈનો મારા ઉપર થયેલો આ ઉપકાર ભવોભવ મારું હિત કરશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

આ અનુપમ મનોહર આનંદદાયી યોગમાર્ગને સમજ્યા પછી જીવનમાં ઉતારવા માટે મારું મનોમંથન સતત ચાલુ રહ્યું છે, તેમાં યોગવિંશિકા અને યોગશતકના કેટલાક પાઠ પ્રવીણભાઈના મુખથી સાંભળ્યા. પ્રણિધાન આદિ આશયો કરીને, વિષાદિ અનુષ્ઠાન નહિ કરીને, પ્રીતિ-ભક્તિ આદિ અનુષ્ઠાનોપૂર્વક શ્રમણક્રિયા કરવાનો ભાવ થતો હતો, તેમાં બે પ્રતિક્રમણનાં સૂત્રોના અર્થનું જ્ઞાન પર્યાપ્ત ન લાગ્યું, સૂત્રોના ઐદંપર્યને જાણવા માટે મન સતત તલસતું હતું, તેવા શુભ ભાવો દ્વારા જ મારાં કોઈક ક્લિષ્ટ કર્મ ખસી ગયાં હશે અને મને લલિતવિસ્તરા ગ્રંથના અભ્યાસનો અવસર મળી ગયો. પૂજ્ય ચારુનંદિતાશ્રીજી મહારાજ સાહેબનાં શિષ્યા સાધ્વી કલ્પનંદિતાશ્રીજીને આ ગ્રંથનો મંગલ પ્રારંભ કરવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું. તેમણે 'પુરિસુત્તમાણં' સુધી લખાણ કરેલ, ત્યારપછી તેમને દૂર બેંગ્લોર ચાતુર્માસ કરવા જવાનું થયું અને ગ્રંથનું લખાણ અટક્યું. વળી, મારો પુણ્યોદય જાગ્યો અને 'પુરિસસિહાણં'થી મેં આ ગ્રંથ લખવાનો પ્રારંભ કર્યો. દેવ-ગુરુ-ધર્મની કૃપાથી નિર્વિઘ્ને ગ્રંથ સમાપ્ત થયો છે.

ધર્મસંગ્રહ અને ચૈત્યવંદન ભાષ્ય દ્વારા સૂત્રોની સંપદાઓ જાણ્યા પછી સૂત્રોમાં બતાવેલા ભાવોને નિષ્પન્ન કરવા મારું મન તત્પર રહેતું, છતાં એવું લાગતું હતું કે આમાં હજુ ઘણું ખૂટે છે, પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ દ્વારા સૂત્રોના ઐદંપર્યને કેમ પામવું, કદાચ આવા જ કોઈક શુભ ભાવથી બાધક ક્લિષ્ટ કર્મો ખસ્યાં અને બિંદુ જેટલું પણ આ સૂત્રોનું ઐદંપર્ય જાણવા માટે મને અભ્યાસનો સુયોગ સાંપડ્યો.

જિન થવા માટે જેને જિનાજ્ઞાની તીવ્ર ભૂખ લાગી છે તેને જ આ ગ્રંથ ઘેબર આરોગવા જેવો મીઠો લાગશે. જેને જિનાજ્ઞાની તીવ્ર તરસ લાગી છે તેને જ આ ગ્રંથ અમૃતપાન તુલ્ય લાગશે. આ ગ્રંથ ભણ્યા પહેલાં પણ તીવ્ર મનોમંથનની આવશ્યક્તા છે, ભણતી વખતે પણ તીવ્ર મનોમંથનની આવશ્યક્તા છે અને ભણ્યા પછી પણ તીવ્ર મનોમંથનની આવશ્યક્તા છે. આ તીવ્ર મનોમંથન જ અંતિમ લક્ષ સુધી લઈ જવા સમર્થ બનશે.

યોગશતકમાં બતાવેલા ચૈત્યવંદનનો મહિમા વર્ણવતાં જે વિશેષણો છે – દુઃખરૂપી પર્વતને ભેદવામાં વજ્રસમાન, સુખનું કલ્પવૃક્ષ, મહાકલ્યાણકર, સંસાર પરિમિતિકરણ, દુર્લભથી પણ દુર્લભ – આ પાંચ

વિશેષણોનું યથાર્થ જ્ઞાન કરીને, યોગવિંશિકામાં બતાવેલા પ્રણિધાનાદિ આશયોનાં લક્ષણોનો ગર્ભિત અર્થ સમજીને, તેમાં આ લલિતવિસ્તરાનું સદ્‌જ્ઞાન ભેળવીને જો ચૈત્યવંદન કરવામાં આવશે તો મહાનિર્જરાની પ્રાપ્તિ થશે. આ ગ્રંથના અધ્યયન દ્વારા અનેક જીવો મહાકલ્યાણને પામે એવી નિર્મળ ભાવના રાખું છું.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત નિર્મળચંદ્રસૂરિ મહારાજ (સંસારી પક્ષે ભાઈ)ની અનુમતિ આજ્ઞાનો પ્રવાહ મારા આ સકલ અભ્યાસમાં વહેતો રહ્યો છે, તેમના ઉપકારનું ઋણ મને સતત સ્મૃતિમાં રહો.

મારા વડીલો સાબરમતી રહેતા હોય અને મારે પાલડીમાં મારા સમુદાયનાં અન્ય સાધ્વીજી સાથે રહીને અભ્યાસ કરવાનો રહે, તેમાં પૂજ્ય પ્રવીણાશ્રીજી મહારાજ સાહેબનાં શિષ્યા, પ્રશિષ્યા પૂજ્ય મનોજ્ઞગુણાશ્રીજી મહારાજ સાહેબ, પૂજ્ય વિપુલયશાશ્રીજી મ.સા. પૂ. વિનીતયશાશ્રીજી મ.સા. સૌરભયશાશ્રીજી મહારાજે મને સાથે રાખીને મારા ઉપર ઉપકાર કર્યો છે, તેનું ઋણ જીવનભર ભુલાય તેમ નથી.

પૂજ્ય હેમલતાશ્રીજી મ.સા.નાં શિષ્યા, પૂજ્ય સુવિદિતાશ્રીજી મહારાજે કેટલીક વિષમ પરિસ્થિતિમાં પણ મને સાથે રાખીને મારા ઉપર અસીમ ઉપકાર કર્યો છે.

અંતે આ ગ્રંથનું પ્રૂફ જોવામાં સ્મિતાબેન કોઠારી વગેરેએ જે સહયોગ આપ્યો છે તે સર્વના ઋણનું સ્મરણ કરીને વિરમું છું.....

'कल्याणमस्तु सर्वजीवानाम्'

વિ. સં. ૨૦૬૯, આસો સુદ-૧૦,
તા. ૧૪-૧૦-૨૦૧૩, સોમવાર.

શાસનસમ્રાટ પૂજ્ય નેમિસૂરિ મહારાજ સાહેબ
સમુદાયનાં પૂ. સાધ્વી શ્રી ચારિત્રશ્રીજી મ.સા.નાં
પ્રશિષ્યા સાધ્વી શ્રી ઋજુમતિશ્રીજી.

संकलना

જગતમાં સર્વોત્તમ પુરુષ તીર્થંકરો છે; કેમ કે જગતના જીવમાત્રને સન્માર્ગ બતાવનારા છે, તેથી જગત્‌ગુરુ છે, તે જગત્‌ગુરુની પ્રતિમા તે ચૈત્ય છે અને તેમને વંદન કરવાથી વંદન કરનારને શુભ ભાવો થાય છે. તે શુભ ભાવો પ્રકર્ષને પામીને તે જીવને જગત્‌ગુરુ તુલ્ય બનાવે છે, તેથી જગત્‌ગુરુની પ્રતિમાને વંદન કરવા માટે ગણધરોએ ચૈત્યવંદનનાં સૂત્રોની રચના કરી છે અને તેના પારમાર્થિક ભાવોને સ્પષ્ટ કરવા માટે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજે લલિતવિસ્તરા નામની વૃત્તિ રચેલ છે, જેનાથી યોગ્ય જીવોને ચૈત્યવંદન કરવાથી કઈ રીતે વીતરાગતુલ્ય થવાને અનુકૂળ ઉત્તમ ભાવો થાય છે તેનો માર્ગાનુસારી બોધ કરાવ્યો છે.

તેમાં પ્રથમ ચૈત્યવંદન કરવાના અધિકારી જીવો કેવી યોગ્યતાવાળા હોય છે, અનધિકારી જીવો ચૈત્યવંદન કરીને પણ તે પ્રકારના કોઈ સુંદર ફળને પામતા નથી તે બતાવેલ છે, તેથી ચૈત્યવંદનના અધિકારી થવા માટે જે મહાત્મા તેને અનુરૂપ ઉચિત ગુણોમાં યત્ન કરે છે તે ક્રમસર ચૈત્યવંદન કરવાના અધિકારને પામે છે. તે અધિકારને પ્રાપ્ત કર્યા પછી દૃઢ પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદન કરે તો તે મહાત્માને અવશ્ય સર્વ પ્રકારની કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે; કેમ કે આ ચૈત્યવંદન અચિંત્ય ચિંતામણિ કલ્પ છે, છતાં અનધિકારી જીવો તેને વિધિપૂર્વક સેવવા સમર્થ નથી અને યથાતથા ચૈત્યવંદન કરીને તેના લાઘવનું આપાદન કરે છે અને લોકોને પણ આ ચૈત્યવંદનની ક્રિયા અસાર છે તેવો બોધ કરાવે છે. તેવા અયોગ્ય જીવોને ચૈત્યવંદન આપવાનો પણ નિષેધ છે, તેથી મહાત્મા યોગ્ય જીવોને વિધિપૂર્વક ચૈત્યવંદન આપે, તેનાથી આપનારને પણ મહાનિર્જરા થાય છે; કેમ કે તે મહાત્મા ભગવાનની આજ્ઞાનુસાર અધિકારીને ચૈત્યવંદન આપીને તે જીવોનું હિત કરે છે અને ભગવાનની આજ્ઞાનું સમ્યગ્ આરાધન કરે છે, તેથી સ્વ-પરને ઇષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. વળી, અનધિકારી જીવોને ચૈત્યવંદન નહિ આપવાથી તેઓનું હિત થાય છે; કેમ કે અનધિકારી જીવો યથાતથા ચૈત્યવંદન કરીને તેના પ્રત્યે અનાદર પરિણામવાળા હોવાથી ક્લિષ્ટ કર્મોને બાંધે છે અને દુર્ગતિની પરંપરાને પ્રાપ્ત કરે છે, માટે વિવેકી પુરુષે યોગ્ય જીવોને ભગવાનના શાસનનું ગાંભીર્ય બતાવીને ચૈત્યવંદનની અધિકારિતાના ગુણો પ્રથમ તેનામાં સ્થિર થાય તે પ્રકારે કહેવું જોઈએ, ત્યારપછી યોગ્યતાની પ્રાપ્તિ થાય ત્યારે વિધિપૂર્વક ચૈત્યવંદન સૂત્ર ગ્રહણ કરાવે. વળી અભ્યાસદશામાં શુદ્ધ ચૈત્યવંદન કરવાના અર્થી થઈને કંઈક શુદ્ધિને અભિમુખ ત્રુટિવાળું ચૈત્યવંદન કરે તોપણ તેઓનું હિત થાય છે.

વળી, ચૈત્યવંદનમાં પ્રથમ નમુત્થુણં સૂત્ર બોલાય છે, તેમાં જગત્‌ગુરુ કેવા ઉત્તમ ગુણોવાળા છે તે પ્રથમ બતાવેલ છે. ત્યારપછી અન્ય જીવો કરતાં તીર્થંકર થાય તેવી અનાદિ વિશેષ યોગ્યતાવાળા છે, માટે ભગવાનને પુરુષોત્તમ કહ્યા. વળી સમ્યક્ત્વ પામ્યા પછી તે મહાત્માઓ કઈ રીતે યોગમાર્ગને સાધે છે અને ચરમભવમાં સંયમ ગ્રહણ કરે છે ત્યારે સિંહની જેમ ઘાતી કર્મને જીતવા મહા પરાક્રમ કરે છે, સંસારમાં જન્મ્યા હોવા છતાં પુંડરીકની જેમ વિષયોથી કઈ રીતે નિર્લેપ રહે છે તે બતાવ્યું. કેવલજ્ઞાન પામ્યા પછી

કઈ રીતે જગતના જીવોને ઉપકાર કરે છે અને અંતે શિવ, અચલ આદિ શબ્દો દ્વારા કેવી ઉત્તમ સિદ્ધિગતિને પામે છે અને ત્યાં મોહ રહિત હોવાથી જિન અને કર્મ વગેરેના ઉપદ્રવ રહિત હોવાથી જિતભયવાળા સદા રહે છે તે બતાવેલ છે. તેનું સ્મરણ કરવાથી સિદ્ધ અવસ્થાનું અત્યંત સ્મરણ થાય છે તેના બળથી પરમગુરુ એવા તીર્થંકરોનું અનાદિ કાળથી કેવું ઉત્તમ સ્વરૂપ છે અને સિદ્ધ અવસ્થાને પામે છે ત્યારે કેવી આત્માની અવસ્થા છે તેનો પારમાર્થિક બોધ થાય છે. તેથી તેવા ઉત્તમ તીર્થંકરો પ્રત્યે અત્યંત ભક્તિ ઉલ્લસિત થાય છે, જે ચૈત્યવંદનની પૂર્વભૂમિકા સ્વરૂપ છે. ત્યારપછી અરિહંત ચેઇયાણં સૂત્ર દ્વારા જે જિનાલયમાં પોતે ચૈત્યવંદન કરે છે તેમના વંદન, પૂજન, સત્કાર, સન્માન દ્વારા જે ઉત્તમ ભાવો થાય છે તે ભાવો મને પ્રસ્તુત કાયોત્સર્ગથી થાવ એ પ્રકારનું પ્રતિસંધાન કરાય છે, અને તે ભાવો શા માટે જોઈએ છે, તે સ્પષ્ટ કરવા અર્થે બોધિલાભની ઇચ્છા કરાય છે અને બોધિલાભ પૂર્ણ સુખમય મોક્ષ માટે જોઈએ છે તેમ ઇચ્છા કરાય છે. તેથી જે મહાત્મા અરિહંત ચેઇયાણં સૂત્રમાં કહ્યું એ પ્રમાણે વધતી જતી શ્રદ્ધા આદિ પૂર્વક કાયોત્સર્ગ કરે છે તે મહાત્માને પ્રસ્તુત એક નવકારના કાઉસ્સગ્ગ દ્વારા તીર્થંકરોના વંદન, પૂજન, સત્કાર, સન્માનથી થતા ભક્તિના ભાવો જેટલા ઉલ્લસિત થાય છે તેને અનુરૂપ બોધિની પ્રાપ્તિ સુલભ બને છે; કેમ કે નમુત્થુણં સૂત્ર દ્વારા તે મહાત્માએ પરમગુરુના સ્વરૂપનું સ્મરણ કરેલ અને તેના પ્રત્યે જેટલો ભક્તિનો અતિશય થાય તેને અનુરૂપ વીતરાગતાને અભિમુખ ચિત્ત પ્રસર્પણ પામે છે અને તેનાથી જે ઉત્તમ સંસ્કારો પ્રાપ્ત થાય છે તે બોધિની પ્રાપ્તિ દ્વારા અવશ્ય મોક્ષનું કારણ બને છે.

વળી એક તીર્થંકરની સ્તુતિરૂપ ચૈત્યવંદન કર્યા પછી સર્વ ચૈત્યને વંદન કરીને વિશેષ પ્રકારે તે જ ભાવોને દૃઢ કરવા માટે લોગસ્સ અને સવ્વલોએ અરિહંત ચેઇયાણંથી યત્ન કરાય છે, તેથી જગતમાં વર્તતી સર્વ શાશ્વત અશાશ્વત પ્રતિમાઓ પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે અને તે પ્રતિમાઓ જગત્‌ગુરુની છે, તેથી તે ભક્તિ જગત્‌ગુરુ પ્રત્યે જ અતિશયિત થાય છે. ત્યારપછી જગત્‌ગુરુએ બતાવેલ યોગમાર્ગ કઈ રીતે સંસારના ઉચ્છેદનું કારણ છે, મોહનાશનું કારણ છે અને સુગતિઓની પરંપરા દ્વારા જીવોના એકાંત હિતનું કારણ છે તેનું સ્મરણ 'પુક્ખરવરદી' સૂત્રથી કરાય છે; કેમ કે જગત્‌ગુરુ પણ શ્રુતજ્ઞાન આપીને જગતના હિતને કરનારા છે. તેથી જેમ જગત્‌ગુરુ પૂજ્ય છે, તેમ તેમનો બતાવેલો માર્ગ પણ અત્યંત પૂજ્ય છે, તેથી તેના પ્રત્યે પણ ભક્તિનો અતિશય કરવા માટે ચૈત્યવંદનમાં ત્રીજી સ્તુતિ બોલાય છે અને ત્યાં પણ તે શ્રુત ભગવાન પ્રત્યે વંદન, પૂજન, સત્કાર, સન્માન દ્વારા જે ઉત્તમ ફળ મળે તે મને પ્રસ્તુત કાયોત્સર્ગથી થાવ એમ પ્રતિસંધાન કરાય છે અને તે પ્રતિસંધાન દ્વારા બોધિલાભ અને મોક્ષ ઇચ્છાય છે; કેમ કે પરમગુરુએ બતાવેલા માર્ગ પ્રત્યેનો બહુમાનભાવ તે માર્ગમાં અપ્રમાદથી યત્ન કરાવીને જગત્‌ગુરુની જેમ મોક્ષરૂપ ફળમાં જ વિશ્રાંત થાય છે. તેથી જે મહાત્માઓ વધતી જતી શ્રદ્ધા આદિ ભાવોપૂર્વક તે પ્રકારનો કાઉસ્સગ્ગ કરે છે તેઓનો બહુમાનભાવ શ્રુત પ્રત્યે અતિશય થાય છે. તેથી જે અંશથી શ્રુતનો બહુમાનભાવ અતિશય થાય તે અંશથી તે મહાત્માને જન્મ-જન્માંતરમાં તે શ્રુતજ્ઞાનની પારમાર્થિક પ્રાપ્તિ થાય છે, જેનાથી તે મહાત્મા પૂર્ણ યોગમાર્ગને સેવીને અવશ્ય સિદ્ધગતિને પામશે અને આ ત્રણે સ્તુતિઓ પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિનું એક કારણ છે અને મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સુગતિઓની પરંપરાનું કારણ છે. વળી જીવના સર્વ પ્રયત્નના ફળ સ્વરૂપ મોક્ષ છે, તેથી ત્રણ સ્તુતિ કર્યા પછી સિદ્ધ અવસ્થાનું સ્મરણ કરાય છે, જેથી ઉપયોગપૂર્વક ચૈત્યવંદન કરનારા મહાત્માને સિદ્ધ અવસ્થા પ્રત્યે ભક્તિનો અતિશય થાય અને તેની પ્રાપ્તિ

માટે જ હું તીર્થંકરોની અને તીર્થંકરોના બતાવેલા માર્ગની સ્તુતિ કરીને તેના પ્રત્યે ભક્તિવાળો થાઉં છું, તે પ્રકારનું પ્રતિસંધાન થાય છે, ત્યારપછી આસન્ન ઉપકારી વીર ભગવાનની સ્તુતિ કરાય છે, તેથી તેમને આશ્રયીને કૃતજ્ઞતા ગુણનું સ્મરણ થાય છે અને તેમની સ્તુતિ પણ ભાવનાપ્રકર્ષથી મોક્ષફળને આપનાર છે તેમ સ્મરણ કરાય છે, જેથી વિવેકી મહાત્માને પ્રસ્તુત ચૈત્યવંદન ભાવનાપ્રકર્ષથી તત્ક્ષણ મોક્ષનું કારણ છે તેવો સ્પષ્ટ નિર્ણય થાય છે અને તે ભાવનાપ્રકર્ષ માટે જ મહાત્માઓ ફરી ફરી ચૈત્યવંદન કરીને સુવિશુદ્ધ ચૈત્યવંદનની શક્તિનો સંચય કરવા યત્ન કરે છે.

વળી ચોથી સ્તુતિ વૈયાવચ્ચ કરનારા દેવોની કરાય છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ એવા તે દેવો માર્ગમાં પ્રવૃત્તિ કરનારા જીવોને મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં અતિશય યત્ન કરાવવામાં પ્રબળ કારણ બને છે. વળી, તે દેવો સમ્યગ્દૃષ્ટિ છે અને તેઓમાં દેવભવકૃત વિશિષ્ટ શક્તિ છે અને તે દેવો ચૈત્યવંદન કરનારાને ક્વચિત્ સાક્ષાત્ સહાય ન કરે, તોપણ ઉચિત સ્થાને કરાયેલી ઉચિત પ્રાર્થના પોતાના શુભ અધ્યવસાયથી યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્નોના શમનમાં પ્રબળ કારણ છે. તેથી ચોથી સ્તુતિ દ્વારા સાધુઓ અને શ્રાવકો તે દેવોની પણ સ્તુતિ કરે છે અને ચૈત્યવંદનના અંતે જયવીયરાય સૂત્ર બોલાય છે જેમાં સંક્ષેપથી સંપૂર્ણ યોગમાર્ગના પ્રયત્ન માટે અપેક્ષિત ભાવોની ઇચ્છા કરાય છે, તેથી જે મહાત્મા તે ભવનિર્વેદ આદિ ભાવો કેવા ઉત્તમ ભાવોવાળા છે અને સદ્ગુરુનો યોગ અને તેનું પારતંત્ર્ય પ્રાપ્ત થવા માટે પોતાનામાં કેવી યોગ્યતા જોઈએ તેનું રહસ્ય પ્રસ્તુત ગ્રંથથી જાણશે અને તે પ્રમાણે તે ભાવો પ્રત્યે અત્યંત પક્ષપાત થાય તે રીતે જગત્ગુરુ પાસે તેની યાચના કરશે. તેના ફળરૂપે તે મહાત્માને જન્મજન્માંતરમાં કઈ રીતે બોધિનાં બધાં અંગો પૂર્ણ પ્રાપ્ત થાય છે અને તેના બળથી તે મહાત્મા સુખપૂર્વક સંસારસાગરને તરે છે તેનું વિસ્તૃત વર્ણન ગ્રંથકારશ્રીએ કર્યું છે, તેથી જે મહાત્મા પ્રસ્તુત ગ્રંથને નિપુણતાપૂર્વક જાણશે અને જાણ્યા પછી તેના ભાવોથી પોતાના આત્માને અત્યંત ભાવિત કરશે અને જે સ્થાનોનો બોધ દુષ્કર છે તે સ્થાનો ગીતાર્થ પાસેથી જાણીને તે ભાવોને સેવવામાં સમ્યગ્ યત્ન કરશે તે મહાત્મા અવશ્ય અલ્પભવમાં સંસારનો અંત કરવા સમર્થ બનશે, માટે પોતાની શક્તિને ગોપવ્યા વગર ચિંતામણિથી અધિક એવું ચૈત્યવંદન સૂત્ર છે અને તેના અર્થને પ્રકાશન કરનારી લલિતવિસ્તરા વૃત્તિ છે તેનો યથાર્થ બોધ કરવા અને પુનઃ પુનઃ ભાવન કરવા શક્તિ અનુસાર પ્રસ્તુત ગ્રંથમાં સર્વ પ્રકારે યત્ન કરવો જોઈએ, જેનાથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય.

છદ્મસ્થપણામાં જિનેશ્વર પરમાત્માની વાણીથી વિપરીત કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈ લખાયું હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

વિ. સં. ૨૦૬૯, આસો સુદ-૧૦,
તા. ૧૪-૧૦-૨૦૧૩, સોમવાર.
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પાના નં.
૧.	**પંજિકાકારનું મંગલાચરણ.**	૧-૩
૨.	**ललितविस्तराकारश्रीनुं मंगलाचरण.**	૩
૩.	**ચૈત્યવંદનની પૂર્વની ભૂમિકા.**	૩-૬૫
૪.	સૂત્રની સંપૂર્ણ વ્યાખ્યા કરવાની ગ્રંથકારશ્રીની અસમર્થતા તેનું કારણ સૂત્ર-અનંત-ગમપર્યાયવાળું છે, કિં શબ્દના ભિન્ન ભિન્ન અર્થ.	૩-૭
૫.	દેશથી વ્યાખ્યા છતાં મંદબુદ્ધિ જીવો માટે સૂત્રની વ્યાખ્યાની સફળતા- અનુબંધ ચતુષ્ટય.	૭-૧૧
૬.	મંદબુદ્ધિને ચૈત્યવંદનની નિષ્ફળતાની શંકા અને સમાધાન.	૧૧-૧૫
૭.	ચૈત્યવંદન કરનારને અનાભોગ-માતૃસ્થાન આદિ દોષની શંકા-સમાધાન.	૧૫-૧૯
૮.	ચૈત્યવંદનમાં લબ્ધિ આદિ નિમિત્તની શંકા અને સમાધાન-અધિકારીની ગવેષણા, માર્ગાનુસારી તીવ્ર ક્ષયોપશમવાળાને વિધિના ઉપયોગ વગર ચૈત્યવંદનનું સમ્યક્કરણ.	૧૯-૨૫
૯.	ધર્મના અધિકારીના ત્રણ લક્ષણો - અથી, સમર્થ, શાસ્ત્રથી અનિષિદ્ધ ચૈત્યવંદનના અધિકારીના ત્રણ લક્ષણો - એના બહુમાનવાળા, વિધિપર, ઉચિત પ્રવૃત્તિવાળા.	૨૫-૩૪
૧૦.	ત્રણ લક્ષણોનો નિશ્ચય કરાવતા ૧૫ લિંગો :- — ચૈત્યવંદનના બહુમાનવાળા (૧) તત્કથાપ્રીતિ (૨) નિંદા અશ્રવણ (૩) તદનુકંપા (૪) ચિત્તનો ન્યાસ (૫) પરાજિજ્ઞાસા. — વિધિપર (૧) ગુરુવિનય (૨) સત્કાલ અપેક્ષા (૩) ઉચિત આસન (૪) યુક્તસ્વરતા (૫) પાઠનો ઉપયોગ. — ઉચિત પ્રવૃત્તિવાળા (૧) લોકપ્રિયત્વ (૨) અગર્હિતક્રિયા. (૩) કષ્ટમાં ધૈર્ય (૪) શક્તિ પ્રમાણે ત્યાગ (૫) લબ્ધ લક્ષ્યત્વ અધિકારીને જાણીને ભણાવવું, અન્યથા દોષ.	૩૪-૪૨
૧૧.	અનધિકારિ જીવને ચૈત્યવંદન આપવાથી થતો દોષ, અધિકારિને જાણીને ભણાવવાની શિખામણ.	૪૨-૪૫
૧૨.	અધિકારિને ચૈત્યવંદન આપવાથી અધ્યાપકને થતા લાભો ચૈત્યવંદન કરનારના અપવાદનું સ્વરૂપ અધ્યાપકે પૂર્વે શું કરવું ? પ્રવચનનું ગાંભીર્ય સમજાવવું અન્યદર્શન સાથે તુલના કરી બતાવવી જિનાજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરનાર ઉત્તમ પુરુષોના દૃષ્ટાંત સમજાવવા	

क्रम	विषय	पाना नं.
	अपुनर्बंधकादिने चैत्यवंदन सफळ भवाभिनंदीने शुद्धदेशना सिंहनादनी जेम त्रास करनारी होवाथी थता दोषो — बुद्धिभेद सत्त्वनो त्याग, दीनता, महामोहनी वृद्धि, क्रियानो त्याग.	४५-६५
१३.	**चैत्यवंदननो पूर्वविधि.**	६५-६७
१४.	**३२ अथवा 33 आलापको** – नवसंपदा-वस्तु अनंतधर्मात्मक छे ते संपदाथी सिद्ध थाय छे.	६७-७४
१५.	**१. नमोत्थुणं अरिहंताणं.**	७५-१२४
१६.	व्याख्याना ६ लक्षणो :- (१) संहिता (२) पद (३) पदार्थ (४) पदविग्रह (५) चालना (६) प्रत्यवस्थान. व्याख्याना सात अंगो :- (१) जिज्ञासा (२) गुरुनो योग (३) विधिपरता (४) बोधपरिणति (५) स्थैर्य (६) ऊक्तक्रिया (७) अल्पभवता. — गुरुनुं स्वरूप - यथार्थ अभिधानवाळा, स्व अने परना शास्त्रने जाणनारा, परहितनिरत, परआशयवेदी. — श्रवणविधि - मांडली-निषद्या-अक्षादिमां प्रयत्न, ज्येष्ठना अनुक्रमनुं पालन, उचित आसननी क्रिया, सर्वथा विक्षेपनो त्याग, उपयोगनी प्रधानता. — बोधनी परिणति - कुतर्कयोगथी रहित, ढंकायेला रत्नना करंडियानी प्राप्तितुल्य, मार्गानुसारिपणाथी युक्त, तंत्रनी युक्तिथी प्रधान ज्ञाननी स्थिरता. — स्थैर्य - अगर्व, तदज्ञनुं अनुपहसन, विवादनो परित्याग, अज्ञनी बुद्धिना भेदनुं अकरण, प्रज्ञापनीयमां नियोग.	७५-९१
१७.	नमोत्थुणंथी भावनमस्कारनी प्राप्ति माटे धर्मबीजनुं वपन करवानो आशय, श्रुत धर्म-चारित्रधर्म, धर्मवृक्षना बीज-अंकुर-फलनुं स्वरूप साधनानी विशुद्धना त्रण अंगो - (१) अत्यंत उपादेय बुद्धि, संज्ञाविष्कंभण, (२) पौद्गलिक आशंसानो त्याग.	९१-९७
१८.	भावनमस्कारवाळाने उत्कर्षनी तरतमता होवाथी नमोत्थुणं अरिहंताणं पाठनी सार्थकता-पूजाना चार प्रकार - पुष्प, आमिष, स्तोत्र, प्रतिपत्ति.	९७-१०५
१९.	प्राकृत शैली होवाथी चतुर्थीना अर्थमां छठ्ठी विभक्ति, अद्वैतना व्यवच्छेद माटे अने फलातिशयने जणाववा माटे बहुवचननो प्रयोग.	१०५-१०८
२०.	इच्छायोगथी शास्त्रयोग-सामर्थ्ययोगनो भाव, योगदृष्टिसमुच्चय अनुसारे इच्छायोग-शास्त्रयोग-सामर्थ्ययोगनुं स्वरूप मोक्षप्राप्तिना हेतुभेदो शास्त्रथी सर्वथा जणाता नथी, बे प्रकारनो सामर्थ्ययोग,	

क्रम	विषय	पाना नं.
	सामर्थ्ययोगथी संसार तरण माटे कारणमां कार्यनो उपचार, प्रातिभज्ञाननुं स्वरूप, शैलेशी अवस्था, श्रेष्ठयोग-अयोग. नमोत्थुणं अरिहंताणं अने नमो जिणाणं जियभयाणंमां नमस्कारनी भिन्नता.	१०८-१२४
२१.	**२. भगवंताणं.**	**१२४-१२८**
२२.	भगवंताणं पद कहेवानुं कारण.	१२४
२३.	भग शब्दना छ अर्थो, नमोत्थु शब्द भगवंताणं आदि दरेक पदमां जोडवो, भगवाळा अरिहंतो स्तुति करवा योग्य, तेथी स्तोतव्यसंपदा.	१२५-१२८
२४.	**३. आईगराणं.**	**१२८-१४९**
२५.	मौलिक सांख्यदर्शन - अकर्ता आत्मा छे उत्तर सांख्यदर्शन - सर्व आत्माओमां प्रधान एक छे, नित्य छे. आईगराणं पद द्वारा मौलिक सांख्योना अकर्तृत्वमतनुं निराकरण.	१२८-१२९
२६.	भगवानने पूर्वमां कर्म अणु साथे संबंधनी योग्यता, अने ते योग्यता न होय तो मुक्त जीवोने पण कर्मबंधनो अतिप्रसंग=जन्मादि प्रपंचनो अतिप्रसंग.	१२९
२७.	मौलिक सांख्योनुं कथन-निराकरण.	१२९-१४९
२८.	**४. तित्थयराणं.**	**१४९-१५७**
२९.	आदि धार्मिकोनो मत - तीर्थंकर नथी, तेना निराकरण माटे तित्थयराणं पद.	१४९-१५७
३०.	तीर्थंकरनी ओळख, संसारने सागरनी उपमा तीर्थ एे संघ छे, तीर्थंकरो तीर्थ छे, तीर्थंकरो अनुग्रह करनारा छे, तीर्थंकरो अरिहंतो छे.	१४८-१५७
३१.	परंपराना त्रण अर्थ.	१५७
३२.	**५. सयंसंबुद्धाणं.**	**१५८-१७३**
३३.	भगवानने महेशना अनुग्रहथी बोधवाळा माननारा सदाशिववादीओनो मत, तेना निराकरण माटे सयंसंबुद्धाणं पद.	१५८-१६०
३४.	तथाभव्यत्वनो परिपाक, स्वयंसंबुद्ध शब्दनो अर्थ, तीर्थंकरोने वरबोधिनी प्राप्ति, विशिष्ट फळ - अविशिष्ट फळमां हेतु-तात्पर्य, साधारण-असाधारण रूप हेतुसंपदा.	१६०-१७३
३५.	**६. पुरिसुत्तमाणं.**	**१७३-१८६**
३६.	सर्व जीवो भगवान थवाने योग्य छे एवो वैभाषिकोनो मत, तेना निराकरण माटे पुरिसुत्तमाणं पद.	१७३-१७५

क्रम	विषय	पाना नं.
३७.	पुरुष शब्दनी व्युत्पत्ति, तीर्थंकरना दस गुणो परार्थव्यसनी आदि, खुंडकोमां आ दस गुणोनो व्यत्यय, जात्यरत्न अने अजात्य रत्नना दृष्टांतथी तीर्थंकर अने अतीर्थंकरना जीवोमां भेद, तीर्थंकर-अतीर्थंकर वच्चे मुक्तावस्थामां भेद नथी, दरिद्र अने श्रीमंतनुं मृत्यु समान, प्रत्येकबुद्ध, बुद्धबोधित, स्वयंबुद्धादि भेदनुं प्रामाण्य.	१७५-१८७
३८.	**७. पुरिससीहाणं.**	**१८७-१९७**
३९.	उपमा वगर स्तवनाने योग्य अरिहंतो छे एम माननारा सांकृत्य मतना निराकरण माटे पुरिससीहाणं पद.	१८७-१८८
४०.	भगवानमां सिंह जेवा शौर्यादि गुणो, जीवोनो चित्र प्रकारनो क्षयोपशम छे, तेथी सिंहनी उपमा, सिंह जेवा असाधारण गुणो कहेवा माटे उपायांतर होवा छतां सिंहनी उपमा आपवानुं कारण, यथाभव्य व्यापक अनुग्रहनी विधि, गणधरोनी रचना, महागंभीर आदि पांच विशेषणो.	१८८-१९७
४१.	**८. पुरिसवरपुंडरीआणं.**	**१९७-२०९**
४२.	अविरुद्धधर्मथी युक्त वस्तु कहेवी जोईए एवो सुचारु शिष्योनो मत, तेना निराकरण माटे पुरिसवरपुंडरीआणं पद.	१९७-२००
४३.	कमळना धर्मो भगवानमां छे, कमळ एकेन्द्रिय छतां तेनी उपमा शा माटे ते शंकानुं समाधान, एक भगवान अनेक स्वभाववाळा.	२००-२०९
४४.	**९. पुरिसवरगंधहत्थीणं.**	**२०९-२२०**
४५.	अक्रमवाळी वस्तु असत् छे, माटे भगवानना गुणो हीनाधिक क्रमथी कहेवा जोईए, एवा सुरगुरुना शिष्योना मतना निराकरण माटे पुरिसवरगंधहत्थीणं पद.	२०९-२११
४६.	गंधहस्ति उपमानी सार्थकता.	२११-२१२
४७.	गुणोनुं परस्पर संवलितपणुं होवाने कारणे वस्तुनुं पूर्वानुपूर्वी आदि अभिधेय स्वभावपणुं छे, स्याद्वाद शैलीथी सिद्ध.	२१२-२१९
४८.	असाधारण हेतुसंपदा - त्रीजी.	२१९-२२०
४९.	**१०. लोगुत्तमाणं.**	**२२०-२२८**
५०.	समुदायमां पण प्रवृत्त शब्दो अवयवोमां पण प्रवर्ते छे ते बतावता माटे लोगुत्तमाणं आदि पांच पदो.	२२०-२२१
५१.	लोक शब्दनी स्पष्टता, भव्यत्व, तथाभव्यत्व, कालादिना भेदथी आत्माना बीजादिनी सिद्धिनो भाव, तेमां शंका-समाधान, भव्यत्वना विषयमां निश्चयनय-व्यवहारनयनुं कथन.	२२१-२२८

ક્રમ	વિષય	પાના નં.
૫૨.	**૧૧. लोगनाहाणं.**	**૨૨૮-૨૪૧**
૫૩.	લોકનાથ શબ્દમાં લોકથી કેટલા લોકનું ગ્રહણ.	૨૨૯-૨૩૨
૫૪.	ભગવાનનો આશ્રય કરનારા જીવોમાંથી યોગ અથવા ક્ષેમ બેમાંથી એક કરનારના ભગવાન નાથ કહેવાશે અથવા યોગક્ષેમ નહિ કરનારના ભગવાન નાથ કહેવાશે તેવી શંકા-સમાધાન.	૨૩૨-૨૩૫
૫૫.	ભગવાન ગુણ ઐશ્વર્યથી મહાન છે, તેમનો આશ્રય કરનારના ભગવાન નાથ થશે તેવી શંકા ભગવાન જીવોને ધર્મપ્રશંસાદિ દ્વારા બીજાધાનાદિ કરે છે, બધા ભવ્ય જીવોનો ઉપકાર કરવા ભગવાન સમર્થ નથી.	૨૩૫-૨૪૧
૫૬.	**૧૨. लोगहिआणं.**	**૨૪૧-૨૫૭**
૫૭.	લોક શબ્દ બે રીતે સાંવ્યવહારિક-અવ્યવહારિક સર્વ લોક, અથવા પંચાસ્તિકાયાત્મક લોક.	૨૪૨-૨૪૩
૫૮.	હિત શબ્દનો અર્થ.	
૫૯.	ભગવાન લોકના હિતને કરનારા કઈ રીતે ? સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોનો લોકના હિતાહિતને અનુકૂળ વ્યાપાર કઈ રીતે ?	૨૪૩-૨૫૭
૬૦.	**૧૩. लोगपईवाणं.**	**૨૫૭-૨૬૮**
૬૧.	લોક શબ્દથી અંજ્ઞિલોકનું ગ્રહણ.	૨૫૭-૨૬૦
૬૨.	વ્યવહારનયની દૃષ્ટિના અનુસરણથી સર્વ જીવો પ્રત્યે ભગવાન પ્રદીપ છે તેમ સ્વીકારવાથી અનપેક્ષિત ગુરુલાઘવપૂર્વક તત્ત્વના ઉપલંભ શૂન્ય પ્રવૃત્તિની સિદ્ધિ.	૨૬૦-૨૬૪
૬૩.	ભગવાનમાં ભગવત્ત્વના અયોગની શંકા-સમાધાન.	૨૬૪-૨૬૮
૬૪.	**૧૪. लोगपज्जोअगराणं.**	**૨૬૮-૨૮૪**
૬૫.	લોક શબ્દથી ઉત્કૃષ્ટ મતિવાળા ભવ્ય સત્ત્વલોકનું ગ્રહણ.	૨૬૮-૨૭૨
૬૬.	ચૌદ પૂર્વધરને છ સ્થાનો-દર્શનભેદ.	૨૭૨-૨૭૪
૬૭.	ઇતર-ઇતરની અપેક્ષાવાળો વસ્તુનો સ્વભાવ-ભગવાનનું દરેકને સમાન રીતે સહકારી થતું નથી.	૨૭૪-૨૭૮
૬૮.	ભગવાન જીવાદિ સાત તત્ત્વોનું પ્રદ્યોતન કરે છે.	૨૭૮-૨૮૩
૬૯.	લોકોત્તમ આદિ સંપદા-ચોથી.	૨૮૩-૨૮૪

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

सूरिपुरंदर, याकिनीमहत्तरासूनु आ. श्री हरिभद्रसूरीश्वरजी महाराजा विरचित
आ. श्री मुनिचंद्रसूरीश्वरजी विरचित पंजिका समन्वित

ललितविस्तरा

शब्दशः विवेचन

भाग-१

पंजिका :-

नत्वानुयोगवृद्धेभ्यश्चैत्यवन्दनगोचराम्। व्याख्याम्यहं क्वचित्किंचिद् वृत्तिं ललितविस्तराम् ।।१।।

पंजिकार्थ :-

नत्वानुयोग ..... ललितविस्तराम् ।। अनुयोगवृद्धोने नमस्कार करीने चैत्यवंदनना विषयवाळी ललितविस्तरारूप वृत्तिने क्यांक=कोईक कोईक स्थाने, कंईक हुं व्याख्यान करुं छुं. ।।१।।

पंजिका :-

यां बुद्ध्वा किल सिद्धसाधुरखिलव्याख्यातृचूडामणिः संबुद्धः सुगतप्रणीतसमयाभ्यासाच्चलच्चेतनः यत्कर्त्तुः स्वकृतौ पुनर्गुरुतया चक्रे नमस्यामसौ, को ह्येनां विवृणोतु? नाम विवृत्तिं स्मृत्यै तथाप्यात्मनः ।।२।। शास्त्रान्तरदर्शनतः, स्वयमप्यूहाद् गुरूपदेशाच्च। क्रियते मयैष दुर्गमकतिपयपदपञ्जिकाऽरम्भः ।।३।। युग्मम्

पंजिकार्थ :-

यां बुद्ध्वा ..... भञ्जिकाऽरम्भः ।। खरेखर जेने=जे ललितविस्तराने, जाणीने सुगतथी प्रणीत समयना अभ्यासथी चलायमान चेतनावाळा=बौद्धथी प्रणीत शास्त्रोना अभ्यासथी चलायमान थयेली चेतनावाळा, अखिल व्याख्यातृओमां चूडामणि=समग्र व्याख्यान करनाराओमां मुगट समान, एवा सिद्धसाधु=सिद्धर्षिगणी, संबोध पाम्या, वळी, जेना कर्ताने=जे ललितविस्तरा करनाराने,

આમણે=સિદ્ધર્ષિગણીએ, સ્વકૃતિમાં=પોતાના ગ્રંથની રચનામાં, ગુરુપણારૂપે નમસ્કારને કર્યો; એ વિવૃત્તિને=એ લલિતવિસ્તરાને, કોણ જ વિવરણ કરે ? અર્થાત્ કોઈ કરી શકે નહીં. તોપણ આત્માની સ્મૃતિ માટે=લલિતવિસ્તરાના પદાર્થોની સ્મૃતિ માટે, શાસ્ત્રાંતરના દર્શનથી=જૈનદર્શનના પ્રસ્તુત શાસ્ત્રની અપેક્ષાએ અન્ય શાસ્ત્રોના બોધથી, સ્વયં પણ ઊહથી અને ગુરુના ઉપદેશથી મારા વડે આ દુર્ગમ એવાં કેટલાંક પદોની પંજિકાનો આરંભ કરાય છે. ॥૨-૩॥

ભાવાર્થ :-

પંજિકાકાર શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ મંગલાચરણ કરીને લલિતવિસ્તરા ગ્રંથ ઉપર કોઈક કોઈક સ્થાને વ્યાખ્યાન કરવાની પ્રતિજ્ઞા કરે છે અને કહે છે કે આ લલિતવિસ્તરા નામનો ગ્રંથ અતિગંભીર છે. વળી, બૌદ્ધદર્શનના સિદ્ધાંતોનો અભ્યાસ કરવાથી જેઓની મતિ જૈનદર્શનથી ચલાયમાન થયેલી એવા સિદ્ધર્ષિગણી, જેઓ સમગ્ર વ્યાખ્યાતૃઓમાં ચૂડામણિ જેવા વિદ્વાન હતા તેઓ પણ આ લલિતવિસ્તરા ગ્રંથને ભણીને બોધ પામ્યા, તેથી મહાવિદ્વાનો ઉપર પણ ઉપકાર કરે તેવો આ ગંભીર ગ્રંથ છે. વળી, આ લલિતવિસ્તરા ગ્રંથથી બોધ પામીને શ્રી સિદ્ધર્ષિગણીએ "ઉપમિતિભવપ્રપંચાકથા" નામના પોતાના ગ્રંથની રચનામાં પોતાના ગુરુ તરીકે લલિતવિસ્તરા ગ્રંથના કર્તા શ્રી હરિભદ્રસૂરિ મહારાજાને નમસ્કાર કર્યા છે, તેથી આવા વિદ્વાન પણ જે ગ્રંથથી પ્રભાવિત થયા છે તેવા આ લલિતવિસ્તરા ગ્રંથનું વિવરણ કરવા માટે કોણ સમર્થ હોય ? અર્થાત્ કોઈ સમર્થ નથી, તેમ પંજિકાના કર્તા પોતે પણ સમર્થ નથી; છતાં લલિતવિસ્તરા ગ્રંથના પદાર્થોનું પોતાને સ્મરણ થાય તે માટે પંજિકાકાર પ્રસ્તુત ગ્રંથમાં રહેલાં કઠણ એવાં કેટલાંક સ્થાનો પર પંજિકા રચવાનો આરંભ કરે છે.

પંજિકાકાર શેના બળથી પંજિકા રચવાનો આરંભ કરે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ભગવાનના શાસનમાં રહેલા પ્રસ્તુત શાસ્ત્રથી જે અન્ય શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે તેના બળથી, પોતાના માર્ગાનુસારી એવા ઊહના બળથી, તેમજ ગુરુના ઉપદેશના બળથી, પંજિકાકાર શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજા પ્રસ્તુત ગ્રંથની પંજિકા રચવાનો આરંભ કરે છે.

આ રીતે લલિતવિસ્તરા ગ્રંથની વૃત્તિ રચવી દુષ્કર હોવા છતાં પોતાને માર્ગાનુસારી બોધ થાય તે માટે પોતે પંજિકા રચી છે તેમ બતાવીને પંજિકાકારે પ્રસ્તુત ગ્રંથનું ગાંભીર્ય સ્પષ્ટ કરેલ છે. **॥૧-૨-૩॥**

પંજિકા :-

तत्राचार्यः शिष्टसमाचारतया विघ्नोपशमकतया च मङ्गलं, प्रेक्षावत्प्रवृत्त्यर्थमभिधेयं, सप्रसङ्गं प्रयोजनं, सामर्थ्यगम्यं सम्बन्धं च वक्तुकाम आह –

પંજિકાર્થ :-

तत्राचार्यः ..... वक्तुकाम आह ।। ત્યાં=લલિતવિસ્તરા ગ્રંથના પ્રારંભમાં, આચાર્ય=પૂ.શ્રી હરિભદ્રસૂરિ મહારાજા, શિષ્ટોના સમાચારપણાથી=શિષ્ટપુરુષોની આચરણા હોવાથી, અને વિઘ્નોના

ઉપશમકપણાથી=વિઘ્નોનું ઉપશમન કરનારપણું હોવાથી, મંગલને પ્રેક્ષાવાળાઓની પ્રવૃત્તિ અર્થે અભિધેયને=વિચારક પુરુષોની પ્રવૃત્તિ માટે વિષયને, સપ્રસંગ પ્રયોજનને અને સામર્થ્યથી ગમ્ય એવા સંબંધને કહેવાની ઇચ્છાવાળા 'प्रणम्य भुवनालोकं इत्यादि'..... કહે છે –

ललितविस्तरा :-

प्रणम्य भुवनालोकं महावीरं जिनोत्तमम् ।
चैत्यवन्दनसूत्रस्य व्याख्येयमभिधीयते ।।१।।

ललितविस्तरार्थ :-

ભુવનના આલોકવાળા=ત્રણેય ભુવનના જ્ઞાનવાળા, જિનોમાં ઉત્તમ એવા મહાવીરને પ્રણામ કરીને ચૈત્યવંદન સૂત્રનું આ વ્યાખ્યા કહેવાય છે=ગ્રંથકારશ્રી વડે ચૈત્યવંદન સૂત્રની આ વ્યાખ્યા પદાર્થો કહેવાય છે. ।।૧।।

પંજિકા :-

तत्र प्रणम्य=प्रकर्षेण नत्वा, भुवनालोकं, भुवनं=जगत्, 'आ' इति विशेषसामान्यरूपविषयभेदसामस्त्येन, लोकते=केवलज्ञानदर्शनाभ्यां बुध्यते, यः स तथा तं, कमेवंविधमित्याह-महावीरं=अपश्चिमतीर्थपतिं, जिनोत्तमं=अवध्यादिजिनप्रधानं, चैत्यवन्दनसूत्रस्य प्रतीतस्य व्याख्या=विवरणम्, इयं=अनन्तरमेव वक्ष्यमाणा, अभिधीयते=प्रोच्यत इति ।।१।।

પંજિકાર્થ :-

तत्र 'प्रणम्य' ..... प्रोच्यत इति ।। ત્યાં=શ્લોકમાં, ભુવનાલોકને પ્રણામ કરીને=પ્રકર્ષથી નમીને, આ વ્યાખ્યા કહેવાય છે, એમ અન્વય છે.

હવે 'ભુવનાલોક' શબ્દની વ્યુત્પત્તિ સ્પષ્ટ કરે છે –

ભુવનને=જગતને, આ=વિશેષ અને સામાન્ય રૂપ વિષયના ભેદથી સમસ્તપણા વડે, જુએ છે=કેવલજ્ઞાન-દર્શન દ્વારા બોધ કરે છે, જે તે તેવા છે=ભુવનના આલોકવાળા છે, તેને નમસ્કાર કરીને, એમ અન્વય છે.

આવા પ્રકારના કોણ છે ? એથી કહે છે –

મહાવીર છે=અપશ્ચિમતીર્થપતિ છે=છેલ્લા તીર્થંકર છે.

વળી, તે મહાવીર ભગવાન કેવા છે ? એથી કહે છે –

જિનોમાં ઉત્તમ છે=અવધિ આદિ જિનોમાં પ્રધાન છે. તેમને નમસ્કાર કરીને, એમ અન્વય છે. પ્રતીત એવા ચૈત્યવંદન સૂત્રની આ=અનંતર જ. વક્ષ્યમાણ=તરત જ કહેવાનારી, વ્યાખ્યા=વિવરણ, કરાય છે=કહેવાય છે=ગ્રંથકારશ્રી શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે કહેવાય છે. ।।૧।।

अवतरणिका :-

सम्प्रत्याचार्यः प्रतिज्ञातव्याख्याकृत्स्नपक्षाक्षमत्वमात्मन्याविष्कुर्व्वन्नाह –

अवतरणिकार्थ :-

હવે આચાર્ય=પૂ. હરિભદ્રસૂરિ મ., પ્રતિજ્ઞાત એવી વ્યાખ્યાના કૃત્સ્ન પક્ષમાં અક્ષમપણાને આત્મામાં પ્રગટ કરતાં કહે છે, અર્થાત્ હરિભદ્રસૂરિએ પૂર્વશ્લોકમાં નમુત્થુણં સૂત્રની વૃત્તિ રચવાની પ્રતિજ્ઞા કરી, પરંતુ નમુત્થુણં સૂત્રની સંપૂર્ણ વૃત્તિ રચવાની પોતાનામાં અસમર્થતા છે, એમ બતાવતાં કહે છે.

ललितविस्तरा :-

अनन्तगमपर्यायं सर्वमेव जिनागमे ।

सूत्रं यतोऽस्य कात्स्न्र्येन व्याख्यां कः कर्त्तुमीश्वरः ।।२।।

ललितविस्तरार्थ :-

જે કારણથી જિનાગમમાં સર્વ જ સૂત્ર અનંતગમ-પર્યાયવાળું છે, (તે કારણથી) આની=સૂત્રની, કાત્સ્ન્યર્થી=સંપૂર્ણપણાથી, વ્યાખ્યાને કરવા માટે કોણ ઈશ્વર છે ?=સમર્થ છે ? અર્થાત્ કોઈ સમર્થ નથી. ।।२।।

पंजिका :-

अनन्ताः=अनन्तनामकसंख्याविशेषानुगताः, गमाः=अर्थमार्ग्गाः, पर्यायाश्च उदात्तादयोऽनुवृत्तिरूपाः पररूपाभवनस्वभावाश्च व्यावृत्तिरूपा, यत्र तत्तथा; सर्वमेव=अङ्गगतादि निरवशेषं, जिनागमे=अर्हच्छासने, सूत्रं-शब्दसन्दर्भरूपं, यतो=यस्माद्धेतोः, 'ततः' इति गम्यते, अस्य=सूत्रस्य, कात्स्न्र्येन=सामस्त्येन, व्याख्यां=विवरणं, कः कर्त्तुं=विधातुम्, ईश्वरः=समर्थः ? अयं हि 'किं' शब्दो (१) अस्ति क्षेपे-'स किं सखा योऽभिद्रुह्यति ?।' (२) अस्ति प्रश्ने-'किं ते प्रियं करोमि ?' (३) अस्ति निवारणे- 'किं ते रुदितेन ?' (४) अस्त्यपलापे-'किं ते धारयामि ?' (५) अस्त्यनुनये-'किं ते अहं करोमि ?' (६) अस्त्यवज्ञाने-'कस्त्वामुल्लापयते ?' इह त्वपलापे, -नास्त्यसौ यः सूत्रस्य कात्स्न्र्येन व्याख्यां कर्त्तुं समर्थः इत्यभिप्रायोऽन्यत्र चतुर्दशपूर्वधरेभ्यः, यथोक्तं—'शक्नोति कर्त्तुं श्रुतकेवलिभ्यो, न व्यासतोऽन्यो हि कदाचनापि' इति, जिनागमसूत्रान्तर्गतं च चैत्यवन्दनसूत्रमतोऽशक्यं कृत्स्नव्याख्यानमिति ।।२।।

पंजिकार्थ :-

अनन्ताः ..... कृत्स्नव्याख्यानमिति ।। અનંત=અનંત નામક સંખ્યાવિશેષથી અનુગત='અનંત' નામની સંખ્યાવિશેષથી યુક્ત, એવા ગમો=અર્થના માર્ગો, અને ઉદાત્તાદિ અનુવૃત્તિરૂપ અને પરરૂપ અભવનના સ્વભાવવાળા=પર સ્વરૂપે નહીં થવાના સ્વભાવવાળા, વ્યાવૃત્તિરૂપ પર્યાયો જેમાં છે તે તેવું છે=અનંતગમ-

પર્યાયવાળું છે, તેવું સર્વ જ=અંગગતાદિ નિરવશેષ જ, શબ્દના સંદર્ભરૂપ સૂત્ર જે કારણથી=જે હેતુથી, જિનાગમમાં છે=અર્હદ્ના શાસનમાં છે, તે કારણથી આની=સૂત્રની, કાત્સ્ન્યથી=સમસ્તપણાથી, વ્યાખ્યાને=વિવરણને, કરવા માટે કોણ ઈશ્વર છે ?=સમર્થ છે ? અર્થાત્ કોઈ સમર્થ નથી.

ખરેખર આ 'કિં' શબ્દ=પ્રસ્તુત શ્લોકમાં રહેલ 'કિં' શબ્દ, કયા અર્થમાં છે તે સ્પષ્ટ કરવા અર્થે 'કિં' શબ્દ કેટલા અર્થમાં વપરાય છે તે બતાવે છે.

(૧) ક્ષેપમાં છે.

તે 'કિં' શબ્દનો ક્ષેપ અર્થ સ્પષ્ટ કરે છે –

તે શું સખા છે ?=મિત્ર છે ?, જે અભિદ્રોહ કરે છે ?

(૨) પ્રશ્નમાં છે.

તે 'કિં' શબ્દનો પ્રશ્ન અર્થ સ્પષ્ટ કરે છે –

હું શું તારું પ્રિય કરું ?

(૩) નિવારણમાં છે.

તે 'કિં' શબ્દનો નિવારણ અર્થ સ્પષ્ટ કરે છે –

તારા રુદિત વડે શું ?

(૪) અપલાપમાં છે.

તે 'કિં' શબ્દનો અપલાપ અર્થ સ્પષ્ટ કરે છે –

શું તારું હું ધારું છું ?=શું તારું મારી પાસે કંઈ ઉધાર છે ? અર્થાત્ કંઈ ઉધાર નથી. એ અપલાપ કરે છે.

(૫) અનુનયમાં છે=સાંત્વનમાં છે.

તે 'કિં' શબ્દનો અનુનય અર્થ સ્પષ્ટ કરે છે –

હું તારું શું કરું ? અર્થાત્ કોઈકને આપત્તિ આવી હોય ત્યારે તેને સાંત્વન આપતાં કોઈ કહે કે હું તારું શું કૃત્ય કરું ?

(૬) અવજ્ઞાનમાં છે=અવજ્ઞા કરવામાં છે.

તે 'કિં' શબ્દનો અવજ્ઞાન અર્થ સ્પષ્ટ કરે છે –

તને કોણ બોલાવે છે ?

વળી, અહીં અપલાપમાં છે=પ્રસ્તુત શ્લોકમાં રહેલ 'કિં' શબ્દ અપલાપ અર્થમાં છે.

તે અપલાપ અર્થ સ્પષ્ટ કરે છે –

એ નથી=એવો કોઈ પુરુષ નથી, જે સૂત્રની કાત્સ્ન્યથી=સંપૂર્ણપણાથી, વ્યાખ્યાને કરવા માટે

સમર્થ હોય. આ પ્રકારનો અભિપ્રાય ચતુર્દશ પૂર્વધરોથી અન્યત્ર છે=ચૌદપૂર્વધર મહાત્માઓને છોડીને છે.

જે પ્રમાણે કહેવાયું છે –

ખરેખર શ્રુતકેવલીઓથી અન્ય ક્યારેય પણ વ્યાસથી=વિસ્તારથી, કરવા માટે=સૂત્રની વ્યાખ્યા કરવા માટે, સમર્થ નથી.

'इति' ઉદ્ધરણની, સમાપ્તિમાં છે.

અને ચૈત્યવંદન સૂત્ર જિનાગમના સૂત્રોની અંતર્ગત છે, આથી કૃત્સ્નવ્યાખ્યાન=ચૈત્યવંદન સૂત્રનું સંપૂર્ણ વ્યાખ્યાન, અશક્ય છે.

'इति' શ્લોક પરની પંજિકાની સમાપ્તિ અર્થે છે. ॥૨॥

ભાવાર્થ :-

પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કહે છે કે ભગવાનના આગમમાં સર્વ જ સૂત્ર અનંત ગમ અને પર્યાયવાળા છે, તેમાં 'અનંતગમ-પર્યાય' શબ્દનો અર્થ પંજિકાકાર સ્પષ્ટ કરે છે –

અનંત નામની જે સંખ્યાવિશેષ છે તે સંખ્યાપ્રમાણ સૂત્રના અર્થને જાણવાના માર્ગો છે અને સૂત્રના પર્યાયો છે. વળી, તે પર્યાયો બે પ્રકારના છે : (૧) અનુવૃત્તિરૂપ (૨) વ્યાવૃત્તિરૂપ. જેમ ઘટમાં ઘટત્વ, દ્રવ્યત્વ, પુદ્ગલત્વ આદિ પર્યાયો અનુવૃત્તિરૂપે રહેલા છે અને પટત્વ આદિ પર્યાયો વ્યાવૃત્તિરૂપે રહેલા છે, આથી જ ઘટને જોઈને 'આ પટ નથી' તેવો પ્રયોગ થાય છે; તેમ સૂત્રના ઉદાત્ત, અનુદાત્ત આદિ અનુવૃત્તિરૂપ પર્યાયો છે અને પરસ્વરૂપે નહીં થવાના સ્વભાવવાળા વ્યાવૃત્તિરૂપ પર્યાયો છે.

વળી, અનંતા ગમો અને અનંતા પર્યાયો જેમાં હોય તે અનંતગમપર્યાયવાળું કહેવાય અને અંગગત, ઉપાંગગત આદિ સમગ્ર સૂત્ર જિનાગમમાં અનંતગમપર્યાયવાળાં છે, તેથી તે સૂત્રને કહેનારા સર્વ અર્થના ઉપાયોનું અને સર્વ પર્યાયોનું સંપૂર્ણ વિવરણ કરવા માટે કોઈ સમર્થ નથી.

આ પ્રમાણે શ્લોકનો અર્થ કહીને શ્લોકમાં રહેલો 'किं' શબ્દ છ અર્થમાં વપરાય છે, તેને પંજિકાકાર સ્પષ્ટ કરે છે –

(૧) 'किं' શબ્દ ક્ષેપ અર્થમાં છે. "શું તે મિત્ર કહેવાય ? કે જે દ્રોહ કરે ?" આમ કહીને 'આ મિત્ર નથી' એ પ્રકારે 'किं'થી મિત્રનો ક્ષેપ કરાય છે.

(૨) 'किं' શબ્દ પ્રશ્ન અર્થમાં છે. "હું તારું શું પ્રિય કરું ?" એ પ્રકારે 'किं'થી પ્રશ્ન કરાય છે.

(૩) 'किं' શબ્દ નિવારણ અર્થમાં છે. "તારા રુદન વડે શું ?" એમ કહીને 'किं'થી રુદન કરવાનું નિવારણ કરાય છે.

(૪) 'किं' શબ્દ અપલાપ અર્થમાં છે. "શું તારું મારી પાસે કંઈ ઉધાર છે ?" એમ કહીને 'किं'થી ઋણનો અપલાપ કરાય છે.

(૫) 'किं' શબ્દ અનુનય અર્થાત્ સાંત્વન અર્થમાં છે. "હું તારું શું કરું ?" એમ કહીને આપત્તિ સમયે

અન્યને 'किं'થી સાંત્વન અપાય છે.

(૬) 'किं' શબ્દ અવજ્ઞા અર્થમાં છે. "તને કોણ બોલાવે છે ?" એમ કહીને 'किं'થી વચમાં બોલતા પુરુષની અવજ્ઞા કરાય છે.

વળી, પ્રસ્તુત શ્લોકમાં 'किं' શબ્દ અપલાપ અર્થમાં છે. તે અપલાપ સ્પષ્ટ કરે છે – ચૌદપૂર્વધરોને છોડીને અન્ય કોઈ પુરુષ સૂત્રની સંપૂર્ણ વ્યાખ્યા કરવા સમર્થ નથી;

કેમ કે સૂત્રના અર્થને જાણવા માટેના અનંતા માર્ગો છે અને સૂત્રના અનંતા પર્યાયો છે, અને તે સર્વ ગમ અને પર્યાયો ચૌદપૂર્વધરો જ જાણી શકે છે. વળી, આ ચૈત્યવંદન સૂત્ર જિનાગમરૂપ સૂત્રની અંતર્ગત છે, માટે તેની સંપૂર્ણ વ્યાખ્યા કરવા માટે ચૌદપૂર્વધરોને છોડીને અન્ય કોઈ સમર્થ નથી.

આમ બતાવીને ગ્રંથકારશ્રીને એ સ્પષ્ટ કરવું છે કે નમુત્થુણં સૂત્ર ઉપર પોતે જે લલિતવિસ્તરા નામની વ્યાખ્યા રચેલ છે તે વ્યાખ્યા નમુત્થુણં સૂત્રના સંપૂર્ણ અર્થ બતાવવા સમર્થ નથી; કેમ કે ભગવાને બતાવેલ સૂત્ર અત્યંત ગંભીર છે અને ઘણા દૃષ્ટિકોણોથી તેનો બોધ થઈ શકે તેમ છે; છતાં ગ્રંથકારશ્રીએ પોતાની શક્તિ અનુસાર તે તે દૃષ્ટિકોણોથી નમુત્થુણં સૂત્રની વ્યાખ્યા કરેલ છે. **॥૨॥**

અવતરણિકા :-

इत्थं कृत्स्नव्याख्यापक्षाशक्तावितरपक्षाश्रयणमपि सफलतया वक्तुकामः श्लोकद्वयमाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે, કૃત્સ્ન વ્યાખ્યા પક્ષની અશક્તિ હોતે છતે=નમુત્થુણં સૂત્રની સંપૂર્ણ વ્યાખ્યા કરવારૂપ પક્ષની પોતાનામાં અસમર્થતા હોતે છતે, ઇતરપક્ષના આશ્રયણને પણ=દેશથી વ્યાખ્યા કરવારૂપ પક્ષના આશ્રયણને પણ, સફળપણારૂપે કહેવાની ઇચ્છાવાળા લલિતવિસ્તરાકાર શ્લોકદ્વયને કહે છે –

લલિતવિસ્તરા :-

यावत्तथापि विज्ञातमर्थजातं मया गुरोः ।
सकाशादल्पमतिना, तावदेव ब्रवीम्यहम् ।।३।।
ये सत्त्वाः कर्म्मवशतो मत्तोऽपि जडबुद्धयः ।
तेषां हिताय गदतः सफलो मे परिश्रमः ।।४।। इति

લલિતવિસ્તરાર્થ :-

તોપણ=નમુત્થુણં સૂત્રની સંપૂર્ણપણાથી વ્યાખ્યા કરવા ગ્રંથકારશ્રી સમર્થ નથી તોપણ, અલ્પમતિવાળા મારા વડે ગુરુની પાસેથી જેટલું અર્થજાત વિજ્ઞાત છે=જેટલો અર્થનો સમુદાય જણાયો છે, તેટલાને જ હું કહું છું.

જે સત્ત્વો=જે જીવો, કર્મના વશથી મારાથી પણ જડબુદ્ધિવાળા છે, તેઓના હિત માટે કહેતા= નમુત્થુણં સૂત્રની વ્યાખ્યાને કહેતા, એવા મારો પરિશ્રમ સફળ છે.

'इति' चार श्लोकना कथनની સમાપ્તિ અર્થે છે. ॥3-४॥

पंजिका :-

यावत्=यत्परिमाणं, तथापि=कृत्स्नव्याख्यानाशक्तिलक्षणो यः प्रकारस्तस्मिन् सत्यपि, विज्ञातं=अवबुद्धम्, अर्थजातम्=अभिधेयप्रकारस्तत्समूहो वा, प्रक्रमाच्चैत्यवन्दनसूत्रस्य, मया=इत्यात्मनो निर्देशे, गुरोः=व्याख्यातुः, सकाशात्=संनिधिमाश्रित्य, कीदृशेनेत्याह अल्पमतिना, अल्पा=तुच्छा गुरुमत्यपेक्षया मतिः=बुद्धिर्यस्य स तथा तेन, तावदेव=विज्ञातप्रमाणमेव, अविज्ञातस्य वक्तुमशक्यत्वात्, ब्रवीमि=वच्मि, अहं कर्त्तेति। अल्पमतिनेत्यनेन चेदमाह, कदाचिदधिकधीर्गुरोः शृण्वंस्ततोऽधिकमपीदमवैति, 'ध्यामलादपि दीपात्तु, निर्म्मलः स्यात्स्वहेतुतः'-इत्युदाहरणात् तत्समधीश्च तत्समं, अहं त्वल्पमतित्वाद् गुरुनिरूपितादपि हीनमेवार्थजातं विज्ञातवानिति तदेव ब्रवीमि।।३।।

ये=इति अनिरूपितनामजात्यादिभेदाः, सत्त्वाः=प्राणिनः, कर्म्मवशतो=ज्ञानावरणाद्यदृष्टपारतन्त्र्यात्, मत्तोऽपि=मत्सकाशादपि, नान्यः प्रायो मत्तो जडबुद्धिरस्तीतिसम्भावनार्थः 'अपि' शब्दः, जडबुद्धयः= स्थूलबुद्धयो, विचित्रफलं हि कर्म, ततः किं न सम्भवतीति, तेषां=जडबुद्धीनां, हिताय=पथ्याय, गदतो= विवृण्वतः, सफलो=बोधलक्षणतदुपकारफलवान्, अधिकसदृशबुद्धिकयोस्तु प्रमोदमाध्यस्थ्यगोचरतया-ऽतोनुपकारात्, मे=मम, परिश्रमः व्याख्यानरूपः।

इह चेष्टदेवतानमस्कारो मंगलं, चैत्यवंदनार्थोऽभिधेयः, तस्यैव व्याख्यायमानत्वात्, कर्तुस्तथाविधसत्त्वानुग्रहो-ऽनन्तरं प्रयोजनं, श्रोतुश्च तदर्थाधिगमः, परंपरं तु द्वयोरपि निःश्रेयसलाभः, अभिधानाभिधेयलक्षणो व्याख्यानव्याख्येयलक्षणश्च संबंधो बोद्धव्यः। 'इति' मंगलादिनिरूपणासमाप्त्यर्थः।।४।।

पंजिकार्थ :-

यावत् ..... समाप्त्यर्थः ।। तोपण=कृत्स्न व्याख्यानની અશક્તિના લક્ષણવાળો જે પ્રકાર છે તે હોતે છતે પણ=ચૈત્યવંદન સૂત્રની સંપૂર્ણ વ્યાખ્યા કરવાની પોતાની અસમર્થતા સ્વરૂપ જે પ્રકાર છે તે પ્રકાર પોતાનામાં હોતે છતે પણ, જેટલું=જેટલા પરિમાણવાળું, અર્થજાત=પ્રક્રમથી ચૈત્યવંદન સૂત્રના અભિધેયનો પ્રકાર અથવા તેનો સમૂહ=ચૈત્યવંદન સૂત્રના અર્થનો સમૂહ, ગુરુની=વ્યાખ્યાતૃની=ચૈત્યવંદન સૂત્રનું વ્યાખ્યાન કરનારાની, પાસેથી=સંનિધિને આશ્રયીને=સાંનિધ્યથી, અલ્પમતિવાળા મારા વડે અર્થાત્ અલ્પ=ગુરુની મતિની અપેક્ષાથી તુચ્છ એવી મતિ=બુદ્ધિ, છે જેની તે તેવા છે=અલ્પમતિવાળા છે, તેના વડે=તેવા અલ્પમતિવાળા મારા વડે, તેટલાને જ=વિજ્ઞાત પ્રમાણવાળાને જ=તેટલા જણાયેલ અર્થના સમૂહને જ, હું=કર્તા=ચૈત્યવંદન સૂત્રની વૃત્તિના કર્તા, કહું છું.

ગ્રંથકારશ્રી વિજ્ઞાતપ્રમાણવાળા જ અર્થજાતને કેમ કહે છે ? તેમાં હેતુ આપે છે –

અવિજ્ઞાતનું=નહીં જણાયેલ અર્થજાતનું, કહેવા માટે અશક્યપણું છે.

'મયા' એ પ્રકારનો શબ્દ આત્માના નિર્દેશમાં છે=ગ્રંથકારશ્રી દ્વારા પોતાનો નિર્દેશ કરવાના અર્થમાં છે. 'ઇતિ' શ્લોકસ્પર્શી પંજિકાની સમાપ્તિમાં છે.

અને 'અલ્પમતિના' એ પ્રકારના આના દ્વારા=શબ્દ દ્વારા, આને=હવે કહે છે એને, કહે છે –

ક્યારેક ગુરુને સાંભળતો એવો અધિક ધીવાળો=બુદ્ધિવાળો શિષ્ય, તેનાથી અધિક પણ આને=ગુરુથી અધિક પણ સૂત્રના અર્થજાતને, જાણે છે; કેમ કે ધ્યામલ પણ દીપથી જ સ્વહેતુથી નિર્મલ એવો દીપ થાય, એ પ્રકારે ઉદાહરણ છે. અને તત્સમધી તત્સમ છે=ગુરુની સમાન બુદ્ધિવાળો શિષ્ય ગુરુની સમાન અર્થજાતને જાણે છે. વળી, અલ્પમતિપણું હોવાથી ગુરુ વડે નિરૂપિતથી પણ=ગુરુ વડે નિરૂપણ કરાયેલ અર્થજાતથી પણ, હીન જ અર્થજાતને મેં જાણ્યું, એથી તેને જ=મારા વડે જણાયેલ પ્રમાણવાળા અર્થજાતને જ, હું કહું છું.

જે=નહીં નિરૂપણ કરાયેલ નામ-જાતિ આદિના ભેદવાળા, સત્ત્વો=પ્રાણીઓ=જીવો, કર્મના વશથી= જ્ઞાનાવરણાદિ અદૃષ્ટના પારતંત્ર્યથી, મારાથી પણ=મારા કરતાં પણ, જડબુદ્ધિવાળા છે=સ્થૂલ-બુદ્ધિવાળા છે;

અહીં પ્રશ્ન થાય કે ગ્રંથકારશ્રી સ્વયં જ અલ્પમતિવાળા છે, તો બીજા જીવો તેઓથી પણ જડબુદ્ધિવાળા કેમ છે ? એથી કહે છે –

હિ=જે કારણથી વિચિત્ર ફલવાળું કર્મ છે, તે કારણથી શું સંભવતું નથી ? અર્થાત્ ગ્રંથકારશ્રી કરતાં પણ જડબુદ્ધિવાળા જીવો સંભવે છે. તેઓના=જડબુદ્ધિવાળાઓના, હિત માટે=પથ્ય માટે, કહેતા એવા=વિવરણ કરતા એવા, મારો વ્યાખ્યાનરૂપ પરિશ્રમ સફળ છે=બોધલક્ષણ તેમના ઉપકારના ફળવાળો છે=ચૈત્યવંદન સૂત્રના અર્થના બોધસ્વરૂપ જડબુદ્ધિવાળા જીવોના ઉપકારના ફળવાળો છે.

અહીં પ્રશ્ન થાય કે ગ્રંથકારશ્રીએ જેમ પોતાની હીન બુદ્ધિવાળા જીવોના ઉપકાર અર્થે આ લલિતવિસ્તરાવૃત્તિ રચી છે, તેમ પોતાની અધિક અને સદૃશ બુદ્ધિવાળા જીવોના ઉપકાર અર્થે કેમ આ લલિતવિસ્તરાવૃત્તિ રચી નથી ? તેમાં હેતુ આપે છે –

વળી, અધિક-સદૃશબુદ્ધિકનું પ્રમોદ-માધ્યસ્થ્યનું ગોચરપણું હોવાથી=ગ્રંથકારશ્રીથી અધિક બુદ્ધિવાળાનું પ્રમોદનું વિષયપણું હોવાથી અને ગ્રંથકારશ્રીની સદૃશ બુદ્ધિવાળા જીવોનું માધ્યસ્થ્યનું વિષયપણું હોવાથી, આનાથી=ગ્રંથકારશ્રી દ્વારા કરાતા ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનથી, અનુપકાર છે.

'અપિ' શબ્દ='મત્તોઽપિ'માં રહેલો 'અપિ' શબ્દ, પ્રાયઃ મારાથી અન્ય જડબુદ્ધિવાળો છે નહીં, એ પ્રકારની સંભાવનાના અર્થવાળો છે.

અને અહીં=ગ્રંથકારશ્રીએ પ્રથમ શ્લોકમાં મંગલાદિનું નિરૂપણ કર્યું અને પછી કહ્યું કે ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યા કરવાની પોતાની શક્તિ નથી તોપણ મારો પરિશ્રમ સફળ છે એ કથનમાં, ઇષ્ટદેવતાનો નમસ્કાર મંગલ છે, ચૈત્યવંદનનો અર્થ અભિધેય છે; કેમ કે તેનું જ=ચૈત્યવંદન સૂત્રના અર્થનું જ,

વ્યાખ્યાયમાનપણું છે. કર્તાનું=ચૈત્યવંદન સૂત્રની વૃત્તિ રચનારનું, તેવા પ્રકારના સત્ત્વોનો અનુગ્રહ=આ ગ્રંથથી ચૈત્યવંદન સૂત્રનો પારમાર્થિક બોધ થાય તેવા પ્રકારના જીવોનો ઉપકાર, અનંતર પ્રયોજન છે. અને શ્રોતાનું તેના અર્થનો અધિગમ છે=ચૈત્યવંદન સૂત્રના અર્થનો બોધ અનંતર પ્રયોજન છે; વળી, પરંપર પ્રયોજન બંનેનું પણ=કર્તા અને શ્રોતા એ બંનેનું પણ, નિઃશ્રેયસનો લાભ છે=મોક્ષની પ્રાપ્તિ છે.

અભિધાન-અભિધેયના લક્ષણવાળો અથવા વ્યાખ્યાન-વ્યાખ્યેયના લક્ષણવાળો સંબંધ જાણવો. અર્થાત્ ચૈત્યવંદન સૂત્રનો અર્થ અભિધેય છે અને તે અભિધેયનું અભિધાન કરનારા પ્રસ્તુત ગ્રંથનાં વચનો છે એ રૂપ અભિધાન-અભિધેય સ્વરૂપ સંબંધ પ્રસ્તુત ગ્રંથ અને પ્રસ્તુત ગ્રંથથી વાચ્ય એવા અર્થ વચ્ચે છે, અથવા ચૈત્યવંદન સૂત્રનો અર્થ વ્યાખ્યેય છે અને તે વ્યાખ્યેયનું વ્યાખ્યાન કરનારા પ્રસ્તુત ગ્રંથનાં વચનો છે એ રૂપ વ્યાખ્યાન-વ્યાખ્યેય સ્વરૂપ સંબંધ પ્રસ્તુત ગ્રંથ અને પ્રસ્તુત ગ્રંથથી વાચ્ય એવા અર્થ વચ્ચે છે.

'इति'=ललितविस्तरा वृत्तिમાં રહેલો 'इति' શબ્દ, મંગલાદિની નિરૂપણાની સમાપ્તિના અર્થવાળો છે=મંગલાદિ ચારનું નિરૂપણ અને પ્રસ્તુત ગ્રંથરચનાનો પોતાનો પરિશ્રમ સફળ છે ત્યાં સુધીના કથનની સમાપ્તિના અર્થવાળો છે. ॥૩-૪॥

ભાવાર્થ :-

શ્લોક-૨માં ગ્રંથકારશ્રીએ કહેલ કે ચૈત્યવંદન સૂત્રની સંપૂર્ણ વ્યાખ્યા કરવા માટે પોતે સમર્થ નથી, તોપણ ગુરુ પાસેથી મેં ચૈત્યવંદન સૂત્રનો જેટલો અર્થનો પ્રકાર જાણ્યો છે તેટલા અર્થના પ્રકારને અલ્પમતિવાળો હું કહું છું. વળી, ગ્રંથકારશ્રી કહે છે કે કર્મના વશથી જેઓ મારાથી પણ જડબુદ્ધિવાળા છે, તેમના હિત માટે કહેતા મારો પરિશ્રમ સફળ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કેટલાક શ્રોતા ગુરુથી અધિક બુદ્ધિવાળા હોય છે, તો કેટલાક શ્રોતા ગુરુની સમાન બુદ્ધિવાળા હોય છે, તો કેટલાક શ્રોતા ગુરુથી પણ અલ્પબુદ્ધિવાળા હોય છે અને ગ્રંથકારશ્રી ગુરુ કરતાં અલ્પબુદ્ધિવાળા છે; કેમ કે તેમના ગુરુ તેઓથી વિશેષ જાણનારા હતા.

વળી, ગુરુ સૂત્રના જેટલા અર્થ જાણતા હોય તેનાથી અધિક અર્થ ગુરુથી અધિક બુદ્ધિવાળા શ્રોતા જાણી શકે છે, અને કેટલાક શ્રોતાને ગુરુ કરતાં પણ અધિક અર્થ પ્રાપ્ત થાય છે, તેમાં ગ્રંથકારશ્રી દૃષ્ટાંત બતાવે છે–

જેમ ધ્યામલ દીપથી પણ સ્વહેતુને કારણે નિર્મલ દીપ થાય છે, અર્થાત્ ઝાંખા દીવામાંથી પણ સુંદર વાટવાળો અધિક નિર્મલ દીવો પ્રગટ થઈ શકે છે, તેની જેમ કેટલાક નિર્મળબુદ્ધિવાળા શ્રોતા ગુરુ જે શાસ્ત્રના પદાર્થોનું નિરૂપણ કરતા હોય તેનાથી, તે પદાર્થોનો ગુરુને જે મર્મસ્પર્શી બોધ હોય તેના કરતાં પણ અધિક મર્મસ્પર્શી બોધ કરી શકે છે.

જેમ પોતાની નિર્મલ પ્રજ્ઞાને કારણે વજ્રસ્વામીએ ગુરુ પાસે શ્રુત ગ્રહણ કરતી વખતે ગુરુ કરતાં પણ શ્રુતના અધિક અર્થને પ્રાપ્ત કરેલ.

વળી, સંસારીજીવોમાં જ્ઞાનાવરણીયાદિ કર્મોને કારણે ઘણી જડતા હોય છે, તેથી જ્ઞાનાવરણીયાદિ કર્મોની અતિશયતાને કારણે જેઓ પ્રસ્તુત ચૈત્યવંદન સૂત્રના અર્થ જાણવા માટે ગ્રંથકારશ્રી કરતાં પણ અલ્પબુદ્ધિવાળા છે તેઓના હિત માટે ગ્રંથકારશ્રી પ્રસ્તુત સૂત્રનું વ્યાખ્યાન કરે છે.

આનાથી એ ફલિત થાય કે જેઓ સૂત્રના સામાન્ય વાંચનથી સૂત્રના ગંભીર અર્થો સમજી શકતા નથી, તેઓ અલ્પબુદ્ધિવાળા છે, અને ગ્રંથકારશ્રી પણ ચૈત્યવંદન સૂત્રના પારને ચૌદપૂર્વધરની જેમ જોઈ શકતા નથી, તેથી ચૌદપૂર્વધરની અપેક્ષાએ ગ્રંથકારશ્રી પણ અલ્પબુદ્ધિવાળા છે, તોપણ તેઓ ચૈત્યવંદન સૂત્રના ઘણા અર્થોને જોઈ શકે છે, તેથી ચૌદપૂર્વધરની અપેક્ષાએ અલ્પબુદ્ધિવાળા હોવા છતાં ગ્રંથકારશ્રી ઘણા અર્થોને જાણનારા છે, અને જેઓ ગ્રંથકારશ્રી કરતાં પણ અલ્પબુદ્ધિવાળા છે, આમ છતાં જેઓ ગ્રંથકારશ્રીના વચન દ્વારા ચૈત્યવંદન સૂત્રના કંઈક પરમાર્થને સમજી શકે તેવી નિર્મળ બુદ્ધિવાળા છે, તેવા જીવોના ઉપકાર માટે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ચૈત્યવંદન સૂત્રની વૃત્તિ રચવાનો પરિશ્રમ કરે છે, માટે ગ્રંથકારશ્રીનો આ પરિશ્રમ સફળ છે.

પંજિકામાં કહ્યું કે ગ્રંથકારશ્રીથી અધિક અને સદૃશ બુદ્ધિવાળા જીવો પ્રમોદ અને માધ્યસ્થ્યનો વિષય હોવાથી પ્રસ્તુત ગ્રંથથી તેઓને ઉપકાર થતો નથી, એ કથનનું તાત્પર્ય એ છે કે જેઓ ગ્રંથકારશ્રી કરતાં પણ મહાપ્રજ્ઞાવાળા છે તેઓ તો ચૈત્યવંદન સૂત્રના અધ્યયનથી જ સૂત્રના ગંભીર ભાવોને ગ્રંથકારશ્રી કરતાં પણ અધિક ગ્રહણ કરી શકે છે, તેથી તેઓ ગ્રંથકારશ્રી માટે પ્રમોદનો વિષય છે, ઉપકારનો વિષય નથી. તેથી અધિક બુદ્ધિવાળા જીવો પ્રત્યે "હું તેમનો ઉપકાર કરું" તેવી બુદ્ધિ ગ્રંથકારશ્રીને થતી નથી.

વળી, જેઓ ગ્રંથકારશ્રી જેવી પ્રજ્ઞાવાળા છે તેઓ ગ્રંથકારશ્રીની જેમ જ ચૈત્યવંદન સૂત્રના અર્થો સ્વયં જાણી શકે છે, તેથી તેઓ ગ્રંથકારશ્રી માટે માધ્યસ્થ્યનો વિષય છે, અર્થાત્ સદૃશ બુદ્ધિવાળા જીવો ગ્રંથકારશ્રીને અધિક બુદ્ધિવાળા જીવોની જેમ પ્રમોદનો વિષય પણ નથી અને હીન બુદ્ધિવાળા જીવોની જેમ ઉપકારનો વિષય પણ નથી, પરંતુ પ્રમોદ અને ઉપકારની અપેક્ષાએ માધ્યસ્થ્યનો વિષય છે. ચાર શ્લોકના અંતે રહેલો 'इति' શબ્દ મંગલાચરણથી માંડીને ચારેય શ્લોકના વક્તવ્યની સમાપ્તિ માટે છે. **॥૩-૪॥**

ललितविस्तरा :-

अत्राह-चिन्त्यमत्र साफल्यं, चैत्यवंदनस्यैव निष्फलत्वाद् इति।

अत्रोच्यते निष्फलत्वादित्यसिद्धम्, प्रकृष्टशुभाध्यवसायनिबन्धनत्वेन ज्ञानावरणीयादिलक्षण-कर्म्मक्षयादिफलत्वाद्, उक्तं च,

'चैत्यवन्दनतः सम्यक्, शुभो भावः प्रजायते ।
तस्मात्कर्म्मक्षयः सर्वं, ततः कल्याणमश्नुते' ।। **इत्यादि।।**

ललितविस्तरार्थ :-

અહીં=મંગલાદિના નિરૂપણપૂર્વક ગ્રંથકારશ્રીએ કહ્યું કે મારો આ શ્રમ સફળ છે એમાં, કહે છે=પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે –

અહીં=ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનના પરિશ્રમમાં, સાફલ્ય ચિંત્ય છે=સફલપણું નથી; કેમ કે ચૈત્યવંદનનું પણ નિષ્ફલપણું છે.

'इति' શંકાની સમાપ્તિ અર્થે છે.

અહીં=પૂર્વપક્ષીની શંકામાં, કહેવાય છે=ગ્રંથકારશ્રી વડે ઉત્તર અપાય છે –

'निष्फलत्वात्' એ અસિદ્ધ છે; કેમ કે પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયનું નિબંધનપણું હોવાથી=ચૈત્યવંદનનું પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયનું હેતુપણું હોવાથી, જ્ઞાનાવરણીયાદિ લક્ષણ કર્મના ક્ષયાદિરૂપ ફલપણું છે=ચૈત્યવંદનનું જ્ઞાનાવરણીયાદિ સ્વરૂપ કર્મના ક્ષયાદિરૂપ ફલપણું છે.

અને કહેવાયું છે=ચૈત્યવંદન પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયનું કારણ હોવાથી કર્મના ક્ષયાદિનું કારણ છે એમ પૂર્વે કહેવાયું એ રીતે અન્યત્ર પણ કહેવાયું છે –

"ચૈત્યવંદનથી સમ્યક્ શુભભાવ થાય છે, તેનાથી=શુભભાવથી, કર્મનો ક્ષય થાય છે, તેનાથી=કર્મના ક્ષયથી, સર્વ કલ્યાણને જીવ પ્રાપ્ત કરે છે."

'इत्यादि'થી પ્રસ્તુત શ્લોકના વચન જેવા અન્ય વચનોનો સંગ્રહ છે.

पंजिका :-

अत्राहेत्यादि-

अत्र=मंगलादिनिरूपणायां सत्यां, आह=प्रेरयति, चिन्त्यं=नास्तीति अभिप्रायः, अत्र=चैत्यवन्दनव्याख्यान-परिश्रमे, साफल्यं=सफलभावः, कुत इत्याह—चैत्यवन्दनस्यैव निष्फलत्वात्, अत्र 'एव' शब्दो 'अपि' अर्थे, ततः पुरुषोपयोगिफलानुपलब्धेश्चैत्यवन्दनमपि निष्फलमेव, किं पुनस्तद्विषयतया व्याख्यानपरिश्रमः? ततो यन्निष्फलं तन्नारम्भणीयं, यथा कण्टकशाखामर्दनं, तथा च चैत्यवन्दनव्याख्यानमिति व्यापकानुपलब्धिः। 'इतिः' परवक्तव्यतासमाप्त्यर्थः।

अत्र उच्यते=प्रतिविधीयते, निष्फलत्वादित्यसिद्धम्-'इतिः' हेतुस्वरूपमात्रोपदर्शनार्थः, ततो यन्निष्फलत्वं हेतुतयोपन्यस्तं, तद् असिद्धं=असिद्धाभिधानहेतुदोषदूषितम्, कुत इत्याह प्रकृष्टेत्यादि, अयमत्र भावो-लोकोत्तरकुशलपरिणामहेतुश्चैत्यवन्दनं, स च परिणामो यथासम्भवं ज्ञानावरणीयादिस्वभावकर्म्मक्षयक्षयो-पशमोपशमफलः, कर्मादानाध्यवसायविरुद्धत्वात्तस्य, ततः कृत्स्नकर्म्मक्षयलक्षणपरमपुरुषार्थमोक्षफलतया चैत्यवन्दनस्य निष्फलव्याख्येयार्थविषयतया तद्व्याख्यानस्यानारम्भाऽसज्जनमयुक्तमिति।

પંજિકાર્થ :-

अत्र ..... सज्जनमयुक्तमिति ।। 'अत्राह' ઇત્યાદિનો અર્થ કરે છે – અહીં=મંગલાદિની નિરૂપણા કરાયે છતે=લલિતવિસ્તરા વૃત્તિના ચાર શ્લોકોમાં મંગલાદિ ચારનું નિરૂપણ અને પોતાનો પરિશ્રમ સફળ છે એ પ્રકારે કથન કરાયે છતે, કહે છે=પ્રશ્ન કરે છે=કોઈક શંકા કરનાર કહે છે –

અહીં=ચૈત્યવંદનના વ્યાખ્યાનના પરિશ્રમમાં=ચૈત્યવંદન સૂત્રની વૃત્તિ રચવાના ગ્રંથકારશ્રીના પરિશ્રમમાં, સાફલ્ય=સફળભાવ, ચિંત્ય છે=નથી, એ પ્રકારનો અભિપ્રાય છે.

કયા કારણથી ?=ચૈત્યવંદન સૂત્રની વૃત્તિ રચવાના પરિશ્રમમાં સાફલ્ય કયા કારણથી નથી ? એથી કહે છે –

ચૈત્યવંદનનું પણ નિષ્ફળપણું હોવાથી સાફલ્ય નથી, એમ અન્વય છે. અહીં=चैत्यवन्दनस्यैवમાં, एव શબ્દ अपिના અર્થમાં છે, તેથી=एव શબ્દ अपि અર્થમાં છે તેથી, પુરુષને ઉપયોગી એવા ફળની અનુપલબ્ધિ હોવાથી=ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યા રચવાની પ્રવૃત્તિથી જીવને ઉપયોગી એવા ફળની અપ્રાપ્તિ હોવાથી, ચૈત્યવંદન પણ નિષ્ફલ જ છે. તો વળી, તેના વિષયપણાથી વ્યાખ્યાનનો પરિશ્રમ શું ?=ચૈત્યવંદન સૂત્રના વિષયપણાથી ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યા કરવાના પરિશ્રમનું તો શું કહેવું ? અર્થાત્ તે પરિશ્રમ પણ નિષ્ફળ જ છે. તેથી=ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યા કરવાનો પરિશ્રમ નિષ્ફળ છે તેથી, જે નિષ્ફળ હોય તે આરંભ કરવા યોગ્ય નથી. જે પ્રમાણે કંટકશાખાનું મર્દન=કાંટાવાળી શાખાનું મર્દન, નિષ્ફળ હોવાથી આરંભણીય નથી અને તે રીતે ચૈત્યવંદનનું વ્યાખ્યાન છે=જે રીતે કંટકશાખાનું મર્દન નિષ્ફળ છે તેથી આરંભણીય નથી તે રીતે ચૈત્યવંદન સૂત્રનું વ્યાખ્યાન પણ નિષ્ફળ છે તેથી આરંભણીય નથી, એથી વ્યાપકની અનુપલબ્ધિ છે=ગ્રંથકારશ્રીએ કહેલ કે મારો ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનનો શ્રમ સફળ છે, તેથી ચૈત્યવંદન સૂત્રનું વ્યાખ્યાન આરંભણીય છે એ કથનમાં 'ચૈત્યવંદન સૂત્રનું વ્યાખ્યાન આરંભણીય છે' એ રૂપ વ્યાપકની અપ્રાપ્તિ છે.

इति=લલિતવિસ્તરા વૃત્તિમાં રહેલો इति શબ્દ, પરની વક્તવ્યતાની સમાપ્તિના અર્થવાળો છે=શંકાકારના કથનની સમાપ્તિના અર્થવાળો છે.

અહીં કહેવાય છે=પ્રતિવિધાન કરાય છે=પૂર્વપક્ષીની શંકામાં ગ્રંથકારશ્રી વડે પ્રત્યુત્તર અપાય છે –

'निष्फलत्वात्' એ અસિદ્ધ છે, इतिः હેતુના સ્વરૂપમાત્રના ઉપદર્શનના અર્થવાળો છે=निष्फलत्वात् પછી રહેલો इति શબ્દ 'निष्फलत्वात्' રૂપ હેતુના સ્વરૂપમાત્રને બતાવવાના અર્થવાળો છે. તેથી=इतिः શબ્દ માત્ર હેતુના સ્વરૂપને જ બતાવે છે તેથી, જે નિષ્ફલત્વ હેતુપણારૂપે ઉપન્યસ્ત છે, તે અસિદ્ધ છે=અસિદ્ધના અભિધાનવાળા હેતુના દોષથી દૂષિત છે.

કયા કારણથી ?='निष्फलत्वात्' રૂપ હેતુ કયા કારણથી અસિદ્ધ છે ? એથી કહે છે –

પ્રકૃષ્ટ ઇત્યાદિ

અહીં=પ્રકૃષ્ટથી માંડીને ફલત્વાત્ સુધીના ललितविस्तराના કથનમાં, આ ભાવ છે=હવે કહેવાય છે એ તાત્પર્ય છે –

ચૈત્યવંદન લોકોત્તર કુશલ પરિણામનો હેતુ છે અને તે પરિણામ=લોકોત્તર કુશલ પરિણામ, યથાસંભવ=ચૈત્યવંદન કરનારના પરિણામને અનુરૂપ જે પ્રકારે ક્ષયાદિનો સંભવ હોય તે પ્રમાણે, જ્ઞાનાવરણીયાદિ સ્વભાવવાળાં કર્મોના ક્ષય-ક્ષયોપશમ-ઉપશમના ફલવાળો છે; કેમ કે તેનું=લોકોત્તર કુશલ પરિણામનું, કર્મના ગ્રહણના અધ્યવસાયથી વિરુદ્ધપણું છે, તેથી=લોકોત્તર કુશલ પરિણામ જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયાદિના ફલવાળો છે તેથી, કૃત્સ્ન કર્મના ક્ષય લક્ષણ પરમ પુરુષાર્થરૂપ મોક્ષનું ફલપણું હોવાથી ચૈત્યવંદનના નિષ્ફલ એવા વ્યાખ્યેયરૂપ અર્થના વિષયપણાથી, તેના વ્યાખ્યાનના અનારંભનું આસંજન=ચૈત્યવંદનનું વ્યાખ્યાન અનારંભણીય છે એ રૂપ દોષનું આપાદન, અયુક્ત છે.

'इति' अयमत्र भावःથી કરેલા કથનની સમાપ્તિમાં છે.

ભાવાર્થ :-

પૂર્વના ચાર શ્લોકો દ્વારા ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ચૈત્યવંદન સૂત્રના પૂર્ણ વ્યાખ્યાનનું પોતાનામાં સામર્થ્ય નથી, તોપણ યોગ્ય જીવોના ઉપકાર માટે પોતાના ક્ષયોપશમ અનુસાર ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનનો પોતાનો પરિશ્રમ સફળ છે, ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે –

ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનનો ગ્રંથકારશ્રીનો પરિશ્રમ સફળ છે એ કથન ચિંત્ય છે અર્થાત્ ગ્રંથકારશ્રીનો પરિશ્રમ સફળ નથી.

ગ્રંથકારશ્રીનો પરિશ્રમ કેમ સફળ નથી ? તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે –

ગ્રંથકારશ્રીના પરિશ્રમના વિષયભૂત એવું ચૈત્યવંદન સૂત્ર પણ નિષ્ફળ છે, તેથી ચૈત્યવંદન સૂત્રનું વ્યાખ્યાન પણ નિષ્ફળ છે.

પૂર્વપક્ષીનો આશય એ છે કે સંસારીજીવો સંસારમાં જે પ્રવૃત્તિ કરે છે તેનું ધનની પ્રાપ્તિ વગેરે ફળ તેઓને દેખાય છે, જ્યારે ચૈત્યવંદનની ક્રિયાથી પુરુષને ઉપયોગી એવા કોઈ ફળની પ્રાપ્તિ થતી નથી, માટે ચૈત્યવંદન સૂત્ર નિષ્ફળ છે, અને જો ચૈત્યવંદન સૂત્ર નિષ્ફળ હોય તો તેના અર્થના વ્યાખ્યાનનો પરિશ્રમ પણ નિષ્ફળ જ પ્રાપ્ત થાય. જે પ્રમાણે કંટકશાખાનું મર્દન કરવાથી કોઈ ફળ મળતું નથી, માત્ર શ્રમની જ પ્રાપ્તિ થાય છે, તેમ ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનથી પણ કોઈ ફળ મળતું નથી, અને જે વસ્તુ નિષ્ફળ હોય તે વસ્તુ વિવેકી પુરુષ માટે આરંભણીય નથી, તેથી ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનનો ગ્રંથકારશ્રીનો પરિશ્રમ સફળ હોવાથી આરંભણીય છે એ રૂપ વ્યાપકની અનુપલબ્ધિ છે.

અહીં 'ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યા આરંભણીય છે' એ વ્યાપક છે; કેમ કે "જે જે સફળ હોય તે તે આરંભણીય હોય" એ પ્રકારની વ્યાપ્તિમાં, "જે જે સફળ હોય" એ વ્યાપ્ય છે અને "તે તે આરંભણીય હોય" એ વ્યાપક છે. અને 'ચૈત્યવંદનનું વ્યાખ્યાન આરંભણીય છે' એ રૂપ વ્યાપકની અનુપલબ્ધિ હોવાથી ગ્રંથકારશ્રીએ જે કહ્યું કે 'મારો પરિશ્રમ સફળ છે' એ વચન વ્યર્થ છે, એમ સિદ્ધ થાય.

આ પ્રકારની પૂર્વપક્ષીની શંકામાં ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

"ચૈત્યવંદનનું પણ નિષ્ફળપણું છે" એ પ્રકારનો જે પૂર્વપક્ષીએ હેતુ આપ્યો તે હેતુ અસિદ્ધ છે. હેતુ અસિદ્ધ કેમ છે ? તેમાં યુક્તિ આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે ચૈત્યવંદન સૂત્ર પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયનું કારણ હોવાથી જ્ઞાનાવરણીયાદિ સ્વભાવવાળાં કર્મોના ક્ષય-ક્ષયોપશમ-ઉપશમના ફલવાળું છે.

આશય એ છે કે સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણીને જે જીવો મોક્ષના અર્થી થયા છે, તેઓને વીતરાગ-સર્વજ્ઞ એવા તીર્થંકરો ઉપાસ્યરૂપે જણાય છે, અને તીર્થંકરો પ્રત્યે થયેલ પૂજ્યભાવને અતિશયિત કરવા માટે તે જીવો તીર્થંકરોના ગુણોનું સ્મરણ કરાવનારા ચૈત્યવંદન સૂત્ર દ્વારા વીતરાગ-સર્વજ્ઞની સ્તુતિ કરે છે, તે વખતે તે જીવોને પોતાના ઉપયોગના પ્રકર્ષને અનુરૂપ પ્રકૃષ્ટ એવો શુભ અધ્યવસાય થાય છે. તે પ્રકૃષ્ટ એવો શુભ અધ્યવસાય થવામાં કારણ તે જીવોથી બોલાતું ચૈત્યવંદન સૂત્ર છે. વળી, જે અધ્યવસાયથી જ્ઞાનનું આવરણ કરવા આદિના સ્વભાવવાળાં કર્મો બંધાય છે તે અધ્યવસાયથી વિરુદ્ધ એવા શુભ અધ્યવસાયથી જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય-ક્ષયોપશ-ઉપશમ થાય છે અર્થાત્ જે કર્મોના ક્ષયનો સંભવ હોય તે કર્મોનો ક્ષય થાય છે, જે કર્મોના ક્ષયોપશમનો સંભવ હોય તે કર્મોનો ક્ષયોપશમ થાય છે અને જે કર્મોના ઉપશમનો સંભવ હોય તે કર્મોનો ઉપશમ થાય છે. આથી ચૈત્યવંદનના ક્રિયાકાળમાં થયેલા પોતાના શુભ અધ્યવસાય અનુસાર યોગ્ય જીવોને ઘણા પ્રકારનાં જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થાય છે, ઘણા પ્રકારના મોહના ભાવોનો ઉપશમ થાય છે અને ઘણા પ્રકારનાં ક્લિષ્ટ કર્મોનો ક્ષય થાય છે. આ રીતે કર્મોના ક્ષયાદિ દ્વારા ચૈત્યવંદન સૂત્ર સર્વ કર્મોના ક્ષયરૂપ, પરમ પુરુષાર્થ સ્વરૂપ એવા મોક્ષરૂપ ફળની પ્રાપ્તિનું કારણ બને છે, તેથી ચૈત્યવંદન સૂત્રનું વ્યાખ્યાન નિષ્ફળ છે માટે તેનો આરંભ કરવો જોઈએ નહીં, એ પ્રકારની પૂર્વપક્ષીએ આપેલી આપત્તિ અયુક્ત છે.

પંજિકામાં કહ્યું કે "ચૈત્યવંદન લોકોત્તર કુશલ પરિણામનો હેતુ છે." તેથી એ પ્રાપ્ત થાય કે સંસારવર્તી જીવો ક્યારેક દયા-દાનાદિ કરીને જે લૌકિક કુશલ પરિણામ કરે છે, તેનાથી પણ તેઓનું હિત થાય છે. પરંતુ ચૈત્યવંદનથી તો સામાન્ય લોક ન કરી શકે તેવો લોકોત્તર કુશલ પરિણામ થાય છે; કેમ કે ચૈત્યવંદન સૂત્ર બોલવાથી સર્વ કર્મોથી મુક્ત એવા જિનના ગુણોના પ્રણિધાનનો આશય થાય છે. તે આશય લોક કરી શકે તેમ નથી, ફક્ત સદ્શાસ્ત્રોના અધ્યયનથી જેમની મતિ પરિસ્કૃત થયેલી છે તેવા નિર્મળદૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો જ જિનના ગુણોના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરીને ચૈત્યવંદનના અવલંબનથી જિનના ગુણોનું પ્રણિધાન કરી શકે છે, અને જિનસદૃશ પોતાના આત્મભાવોને પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરે છે, તેથી આવો કુશલ પરિણામ લોક ન સમજી શકે તેવો છે, માટે લોકોત્તર છે.

ललितविस्तरा :–

आह-'नायमेकान्तो यदुत-ततः शुभ एव भावो भवति, अनाभोगमातृस्थानादेर्विपर्ययस्यापि दर्शनादिति'।

अत्रोच्यते, सम्यक्करणे विपर्ययाभावः तत्सम्पादनार्थमेव च नो व्याख्यारम्भप्रयास इति। न ह्यविदिततदर्थाः प्रायस्तत्सम्यक्करणे प्रभविष्णवः इति।

ललितविस्तरार्थ :-

કહે છે=અહીં પૂર્વપક્ષી ફરી શંકા કરતાં કહે છે –

આ=ચૈત્યવંદનથી પ્રકૃષ્ટ શુભ અધ્યવસાય થાય છે એ, એકાંત નથી.

આ કથનને જ યદુતથી સ્પષ્ટ કરે છે –

તેનાથી=કરાતા એવા ચૈત્યવંદનથી, શુભ જ ભાવ થાય છે, એ પ્રકારનો એકાંત નથી, એમ અન્વય છે; કેમ કે અનાભોગ, માતૃસ્થાનાદિથી વિપર્યયનું પણ દર્શન છે=શુભભાવથી વિપરીત ભાવનું પણ દર્શન છે.

'इति' શંકાની સમાપ્તિમાં છે.

અહીં કહેવાય છે=પૂર્વપક્ષીએ કરેલી શંકામાં ગ્રંથકારશ્રી વડે ઉત્તર અપાય છે.

સમ્યક્કરણમાં=ચૈત્યવંદનને સમ્યક્ કરવામાં, વિપર્યયનો અભાવ છે. અને તેના સંપાદન અર્થે જ=ચૈત્યવંદનના સમ્યક્ સંપાદન માટે જ, અમારો વ્યાખ્યાના આરંભનો=ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનના આરંભનો, પ્રયાસ છે. એથી ચૈત્યવંદનના સમ્યક્કરણમાં શુભભાવ થાય કે ન થાય એવો અનેકાંત નથી, એમ 'इति' શબ્દથી ફલિત થાય.

અહીં પ્રશ્ન થાય કે ગ્રંથકારશ્રીના ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યાના આરંભના પ્રયાસથી યોગ્ય જીવો દ્વારા ચૈત્યવંદનનું સમ્યક્ સંપાદન કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

જે કારણથી અવિદિતતદર્થવાળા=નહીં જણાયેલ ચૈત્યવંદન સૂત્રના અર્થવાળા જીવો, પ્રાયઃ તેના સમ્યક્કરણમાં=ચૈત્યવંદનને સમ્યક્ કરવામાં, પ્રભવિષ્ણુ=સમર્થ, થતા નથી.

'इति' શંકાના સમાધાનની સમાપ્તિમાં છે.

પંજિકા :-

एकान्त इति=एकनिश्चयः, अनाभोगेत्यादि, अनाभोगः=सम्मूढचित्ततया व्यक्तोपयोगाभावः, दोषाच्छादकत्वात् संसारिजन्महेतुत्वाद् वा मातेव माता माया, तस्याः स्थानं=विशेषो मातृस्थानम् 'आदि'शब्दाच्चलचित्ततया प्रकृतस्थानवर्णार्थालम्बनोपयोगादन्योपयोगग्रहस्तस्माद्, विपर्ययस्यापि=अशुभभावस्यापि, शुभभावस्तावत्ततो दृश्यत एवेति सूचकोऽपिशब्दः, दर्शनाद्=उपलम्भात्।

अत्र=शुभभावानेकान्तप्रेरणायां, उच्यते=नानेकान्त इत्युत्तरमभिधीयते, कथम्? सम्यक्करणे विपर्ययाभावात्, यत्र तु 'सम्यक्करणे विपर्ययाभाव' इतिपाठस्तत्र प्रथमैव हेतौ, अस्तु सम्यक्करणे शुभाध्यवसायभावेन

विवक्षितफलं चैत्यवन्दनम्, परमकिंचित्करं तद्व्याख्यानमित्याशङ्क्याह-तत्सम्पादनेत्यादि, तत्सम्पादनार्थं= चैत्यवन्दनसम्यक्करणसम्पादनार्थम्।

પંજિકાર્થ :-

एकान्त इति ..... सम्यक्करणसम्पादनार्थम् ।। એકાંત એટલે એકનિશ્ચય.

અનાભોગ ઇત્યાદિનો અર્થ કરે છે –

અનાભોગ=સંમૂઢ ચિત્તપણાને કારણે વ્યક્ત ઉપયોગનો અભાવ. દોષનું આચ્છાદકપણું હોવાથી, અથવા સંસારીજીવના જન્મનું હેતુપણું હોવાથી માતા જેવી માતા માયા છે, તેનું સ્થાન=વિશેષ, માતૃસ્થાન છે. આદિ શબ્દથી=માતૃસ્થાનાદેઃમાં રહેલા આદિ શબ્દથી, ચલચિત્તપણાને કારણે પ્રકૃતમાં=પ્રકૃત એવા ચૈત્યવંદનના ક્રિયાકાળમાં, સ્થાન-વર્ણ-અર્થ-આલંબનના ઉપયોગથી અન્ય ઉપયોગનો ગ્રહ છે=સંગ્રહ છે.

આ રીતે અનાભોગ આદિનો અર્થ કર્યા પછી ચૈત્યવંદનથી શુભ જ ભાવ થાય એવો એકાંત નથી તેમાં હેતુનું યોજન કરતા કહે છે. तस्मात्=તેનાથી=અનાભોગાદિ ત્રણથી, વિપર્યયનું પણ=અશુભભાવનું પણ, દર્શન છે=ઉપલંભ છે. તેનાથી=ચૈત્યવંદનની ક્રિયાથી, શુભભાવ તો દેખાય છે જ, એ પ્રકારે સૂચન કરનારો अपि શબ્દ="विपर्ययस्यापि"માં રહેલ 'अपि' શબ્દ, છે.

લલિતવિસ્તરામાં કરેલી શંકાનાં કેટલાંક સ્થાનોનો અર્થ સ્પષ્ટ કર્યો, હવે લલિતવિસ્તરામાં આપેલા ઉત્તરનાં કેટલાંક સ્થાનોનો અર્થ સ્પષ્ટ કરે છે –

અહીં=શુભભાવના અનેકાંતની પ્રેરણામાં=ચૈત્યવંદનથી શુભભાવ થાય છે એ કથનના અનેકાંતની શંકામાં, કહેવાય છે='અનેકાંત નથી' એ પ્રકારનો ઉત્તર કહેવાય છે.

કેમ ?=શુભભાવમાં અનેકાંત કેમ નથી ? તેથી કહે છે –

સમ્યક્કરણમાં=ચૈત્યવંદનને શાસ્ત્રમાં બતાવેલી વિધિ અનુસાર કરવામાં, વિપર્યયનો અભાવ હોવાથી અનેકાંત નથી, એમ અન્વય છે.

આ કથન અનુસાર લલિતવિસ્તરાની કોઈ પ્રતમાં सम्यक्करणे विपर्ययाभावात् એ પ્રકારનો હેતુના અર્થમાં પંચમી વિભક્તિવાળો પાઠ છે તેનું ગ્રહણ છે.

વળી, જ્યાં=જે લલિતવિસ્તરાની પ્રતમાં, सम्यक्करणे विपर्ययाभावः એ પ્રકારનો પાઠ છે, ત્યાં=તે પાઠમાં, હેતુમાં પ્રથમા જ છે=હેતુના અર્થમાં विपर्ययाभावः રૂપ પ્રથમા વિભક્તિ જ છે.

સમ્યક્કરણમાં=ચૈત્યવંદનને વિધિ અનુસાર કરવામાં, શુભ અધ્યવસાયનો ભાવ હોવાને કારણે ચૈત્યવંદન વિવક્ષિત ફલવાળું હો=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું તેવા ફલવાળું હો, પરંતુ તેનું વ્યાખ્યાન અકિંચિત્કર છે=ચૈત્યવંદનનું વ્યાખ્યાન કોઈ ફલવાળું નથી.

આ પ્રકારની આશંકા કરીને કહે છે=ललितविस्तराकार કહે છે – तत्संपादना ઇત્યાદિ, તેના સંપાદન માટે=ચૈત્યવંદનના સમ્યક્કરણના સંપાદન માટે, અમારો પ્રયાસ છે, એમ અન્વય છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ચૈત્યવંદનથી પ્રકૃષ્ટ એવો શુભભાવ થાય છે, માટે ચૈત્યવંદન નિષ્ફળ નથી. ત્યાં કોઈક શંકા કરે છે –

ચૈત્યવંદનથી શુભ જ ભાવ થાય છે એવો એકાંત નથી અર્થાત્ ચૈત્યવંદનથી કેટલાક જીવોને શુભભાવ થાય છે, તો કેટલાક જીવોને અશુભભાવ પણ થાય છે એવો અનેકાંત છે.

વળી, આવો અનેકાંત કેમ છે ? તેમાં પૂર્વપક્ષી હેતુ બતાવે છે કે કેટલાક જીવો અનાભોગથી ચૈત્યવંદન કરે છે, કેટલાક જીવો માતૃસ્થાનથી ચૈત્યવંદન કરે છે, કેટલાક જીવો ચલચિત્તપણાથી ચૈત્યવંદન કરે છે. અને તે રીતે ચૈત્યવંદન કરવાથી શુભભાવથી વિપરીત એવો અશુભભાવ પણ થતો દેખાય છે.

આનાથી એ ફલિત થાય કે જે જીવો ચૈત્યવંદન વિષયક શાસ્ત્રોક્ત વિધિ જાણવાનો યત્ન કરે છે, જાણીને તે વિધિ અનુસાર ચૈત્યવંદન કરવાના બદ્ધઅભિલાષવાળા છે, અને સ્વશક્તિ અનુસાર શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ચૈત્યવંદન કરે છે, તેઓને ચૈત્યવંદનથી શુભભાવ થાય છે, અને જેઓ ચૈત્યવંદન વિષયક શાસ્ત્રોક્ત વિધિ જાણવાનો કોઈ યત્ન કરતા નથી, પરંતુ સંમૂઢ ચિત્તપણાથી શાસ્ત્રોક્ત વિધિને અનુરૂપ વ્યક્ત ઉપયોગના અભાવવાળા છે, તેઓ અનાભોગથી ચૈત્યવંદન કરે છે, તેથી તેઓને ચૈત્યવંદનની ક્રિયાથી ભગવાનના ગુણોના પ્રણિધાનરૂપ શુભભાવ થતો નથી, માત્ર સંમૂઢપણાથી ક્રિયા કરવાથી મોક્ષને અનનુકૂળ એવો અસારભાવ થાય છે, માટે તે અનાભોગથી કરાયેલ ચૈત્યવંદનમાં અશુભભાવ દેખાય છે. વળી, કેટલાક જીવો બીજાને દેખાડવા માટે માયાથી ચૈત્યવંદન કરે છે, અને માયાનો પરિણામ સંસારના જન્મનું કારણ હોવાથી દોષરૂપ છે, તેથી માયાથી કરાયેલ ચૈત્યવંદનમાં અશુભભાવ વર્તે છે. વળી, કેટલાક જીવો ચલચિત્તપણાથી ચૈત્યવંદન કરે છે અર્થાત્ ચૈત્યવંદનના ક્રિયાકાળમાં શાસ્ત્રવિધિ અનુસાર સ્થાન-વર્ણ-અર્થ-આલંબનમાં માનસવ્યાપાર કરતા નથી, પરંતુ ચલચિત્તપણાથી અન્ય ઉપયોગવાળા હોય છે, તેઓને પણ ચૈત્યવંદન સૂત્રના અર્થજન્ય કોઈ ભાવ નથી, પરંતુ અન્ય પદાર્થ વિષયક જે પ્રકારનો ઉપયોગ વર્તે છે, તે પ્રકારનો ભાવ છે, માટે ચલચિત્તપણાથી કરાયેલ ચૈત્યવંદનમાં પણ શુભભાવ નથી અર્થાત્ મોક્ષને અનુકૂળ ભાવ નથી, પરંતુ સંસારને અનુકૂળ અન્ય કોઈ ભાવ વર્તે છે, આથી ચૈત્યવંદનથી શુભ જ ભાવ થાય છે, તેવી નિયતવ્યાપ્તિ નથી, એ પ્રકારનો શંકાકારનો આશય છે.

પંજિકામાં 'માતૃસ્થાન' શબ્દનો અર્થ કરતાં કહે છે કે સંસારમાં જેમ માતા પોતાના પુત્રના દોષો ઢાંકે છે અને પુત્રના જન્મનો હેતુ છે, તેમ ચૈત્યવંદનકાળમાં જીવમાં વર્તતો માયાનો પરિણામ જીવ ભગવાનની ભક્તિ કરતો ન હોય તોપણ ભગવાનની ભક્તિ કરે છે તેવું દેખાડવા યત્ન કરે છે, તેથી જીવમાં વર્તતી માયા જીવના દોષોને ઢાંકે છે અને માયાથી કરાતું ચૈત્યવંદન સંસારની ઉત્પત્તિનું કારણ હોવાથી જીવના જન્મનું કારણ છે, માટે માયા માતા જેવી છે, આથી અહીં માયાને 'માતૃસ્થાન' કહેલ છે.

પૂર્વપક્ષીએ કરેલી શંકામાં ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે –

આ પ્રકારનો અનેકાંત નથી; કેમ કે ચૈત્યવંદનના સમ્યક્‌કરણમાં શુભભાવથી વિપરીત એવા અશુભભાવનો પરિણામ નથી. તેથી એ ફલિત થાય કે જે જીવોને સંસારનો ભય લાગ્યો છે અને સંસારથી નિસ્તાર પામવાનું કારણ ભગવાનનું વચન છે તેવી રુચિ છે, અને ભગવાનના વચનાનુસાર ભગવાનની ભક્તિ કરીને હું સંસારસાગરથી તરું તેવો સ્થિર બોધ છે, તેથી કઈ રીતે ચૈત્યવંદન કરવાથી શુભભાવ થાય છે તેને શાસ્ત્રવચનાનુસાર જાણીને તે જ પ્રમાણે ચૈત્યવંદન કરે છે, તેઓને શુભભાવથી વિપરીત એવો અશુભભાવ થતો નથી. આવા યોગ્ય જીવોને ચૈત્યવંદનથી શુભભાવ થાય છે તેના સંપાદન માટે જ ગ્રંથકારશ્રીએ ચૈત્યવંદન સૂત્ર પર લલિતવિસ્તરા નામની વ્યાખ્યા રચવાનો પ્રયાસ કરેલ છે, જેથી પ્રસ્તુત ગ્રંથનું અધ્યયન કરીને યોગ્ય જીવો સમ્યક્‌ ચૈત્યવંદન કરીને હિત પ્રાપ્ત કરી શકે.

અહીં પ્રશ્ન થાય કે ગ્રંથકારશ્રીના આ વ્યાખ્યાનના પ્રયાસથી યોગ્ય જીવો સમ્યક્‌ ચૈત્યવંદન કઈ રીતે કરી શકશે ? તેથી કહે છે –

જેમણે ચૈત્યવંદન સૂત્રના અર્થનો પરમાર્થ જાણ્યો નથી, તેઓ પ્રાયઃ કરીને ચૈત્યવંદનને સમ્યક્‌ કરવા સમર્થ થતા નથી, તેથી પ્રસ્તુત ગ્રંથના અધ્યયનથી જેઓ ચૈત્યવંદન સૂત્રના અર્થનો પારમાર્થિક બોધ કરશે તેઓ ચૈત્યવંદનની ક્રિયાને સમ્યક્‌ કરી શકશે, માટે તેવા જીવોના સમ્યક્‌ ચૈત્યવંદનના સંપાદન માટે ગ્રંથકારશ્રીનો આ ચૈત્યવંદન સૂત્ર પર વ્યાખ્યાના આરંભનો પ્રયાસ છે.

અહીં 'પ્રાયઃ'થી એ કહેવું છે કે કેટલાક જીવો એવા પણ છે કે જેમણે ચૈત્યવંદન સૂત્રનો પરમાર્થ જાણ્યો નથી, આમ છતાં તથા પ્રકારની કર્મલઘુતાને કારણે તેઓમાં તે પ્રકારની અવ્યક્ત સમાધિ પ્રગટેલી છે, જેના કારણે ચૈત્યવંદનના પરમાર્થને નહીં જાણવા છતાં સૂત્ર-અર્થને અવલંબીને થતા માનસવ્યાપારને કારણે તે પ્રકારના શુભભાવ કરી શકે છે, જેથી તેઓનું ચૈત્યવંદન સમ્યક્‌ નિષ્પન્ન થાય છે. તોપણ મોટા ભાગના જીવો ચૈત્યવંદનના પરમાર્થને જાણીને તે પ્રકારે ઉપયુક્ત થાય તો જ ચૈત્યવંદનથી શુભભાવ કરી શકે છે, તે બતાવવા માટે અહીં કહેલ છે કે પ્રાયઃ અવિદિતતદર્થવાળા જીવો ચૈત્યવંદનના સમ્યક્‌કરણમાં સમર્થ થતા નથી.

લલિતવિસ્તરા :–

आह-लब्ध्यादिनिमित्तं मातृस्थानतः सम्यक्करणेऽपि शुभभावानुपपत्तिरिति, न, तस्य सम्यक्करणत्वासिद्धेः, तथाहि—प्रायोऽधिकृतसूत्रोक्तेनैव विधिनोपयुक्तस्याऽशंसादोषरहितस्य सम्यग्दृष्टेर्भक्तिमत एव सम्यक्करणं, नान्यस्य, अनधिकारित्वात्, अनधिकारिणः सर्वत्रैव कृत्ये सम्यक्करणाभावात्, श्रावणेऽपि तर्ह्यस्याधिकारिणो मृग्याः ? को वा किमाह ? एवमेवैतत्, न केवलं श्रावणे, किं तर्हि ? पाठेऽपि, अनधिकारिप्रयोगे प्रत्युतानर्थभावात्, 'अहितं पथ्यमप्यातुरे', **इति वचनप्रामाण्यात्।**

ललितविस्तरार्थ :-

કહે છે=અહીં કોઈ શંકા કરતાં કહે છે –

લબ્ધિ આદિના નિમિત્તે માતૃસ્થાનથી સમ્યક્કરણમાં પણ=ચૈત્યવંદનની શાસ્ત્રમાં જે પ્રકારની વિધિ બતાવી છે તે પ્રકારે બાહ્ય વિધિ અનુસાર ચૈત્યવંદન સમ્યક્ કરવામાં પણ, શુભભાવની અનુપપત્તિ છે.

'इति' શંકાની સમાપ્તિમાં છે.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

નથી=શંકાકારનું કથન બરાબર નથી; કેમ કે તેના=લબ્ધિ આદિ નિમિત્તે માતૃસ્થાનથી શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદનના કરણના, સમ્યક્કરણત્વની અસિદ્ધિ છે.

અહીં પ્રશ્ન થાય કે લબ્ધિ આદિ નિમિત્તે માતૃસ્થાનથી કરાતા શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદનની ક્રિયામાં સમ્યક્કરણત્વની અસિદ્ધિ કેમ છે ? તે સ્પષ્ટ કરવા તથાહિથી કહે છે –

પ્રાયઃ અધિકૃત એવા સૂત્રમાં કહેવાયેલ જ વિધિથી ઉપયુક્ત, આશંસા દોષથી રહિત, સમ્યગ્દૃષ્ટિ એવા ભક્તિવાળા જીવનું જ સમ્યક્કરણ છે, અન્યનું નહીં; કેમ કે અનધિકારીપણું છે.

અહીં પ્રશ્ન થાય કે ઉપરમાં બતાવ્યા એવા ગુણો વગરના જીવો ચૈત્યવંદનના અનધિકારી છે છતાં તેઓ જે શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદન કરે છે તેમાં તેઓને સમ્યક્કરણ નથી એમ કેમ કહી શકાય ? તેમાં હેતુ આપે છે –

અનધિકારીના સર્વ જ કૃત્યમાં સમ્યક્કરણનો અભાવ છે.

જો લબ્ધિ આદિ નિમિત્તે માતૃસ્થાનથી શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદન કરનારા જીવો ચૈત્યવંદનના અનધિકારી હોય તો તેઓને ચૈત્યવંદન સૂત્રનું વ્યાખ્યાન સંભળાવાય કે નહીં ? એ પ્રકારની શંકા કરતાં પૂર્વપક્ષી કહે છે –

તો આના શ્રાવણમાં પણ=ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યાનું શ્રવણ કરાવવામાં પણ, અધિકારી જીવો શોધવા જોઈએ.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

કોણ અથવા શું કહે છે ?=કોણ ના પાડે છે ? આ=પૂર્વપક્ષી કહે છે કે શ્રાવણમાં પણ અધિકારી જીવો શોધવા જોઈએ એ, આ પ્રમાણે જ છે=શ્રાવણમાં પણ અધિકારી જીવોની ગવેષણા કરવી જોઈએ એ પ્રમાણે જ છે. કેવલ શ્રાવણમાં નહીં પરંતુ પાઠમાં પણ=માત્ર ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યા સંભળાવવામાં અધિકારી જીવોની ગવેષણા કરવી જોઈએ એમ નહીં પરંતુ ચૈત્યવંદન સૂત્ર ભણાવવામાં પણ અધિકારી જીવોની ગવેષણા કરવી જોઈએ; કેમ કે અનધિકારીના પ્રયોગમાં= અનધિકારી જીવોને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિમાં, ઊલટો અનર્થનો ભાવ છે=લાભ તો થતો નથી

ઊલટો અનર્થ થાય છે.

અનધિકારી જીવોને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિમાં અનર્થ કેમ થાય છે ? એમાં હેતુ બતાવે છે –

પથ્ય પણ=હિતકારી એવું ચૈત્યવંદન સૂત્ર પણ, આતુરમાં=પ્રચુર ભાવરોગવાળા રોગીમાં, અહિત છે=અકલ્યાણનું કારણ છે, એ પ્રકારનું વચનનું પ્રામાણ્ય છે=ભગવાનના વચનનું પ્રમાણપણું છે.

પંજિકા :-

प्रायोऽधिकृतसूत्रोक्तेनैव विधिनेति, अधिकृतसूत्रं-चैत्यवन्दनसूत्रमेव, तत्र साक्षादनुक्तोऽपि तद्व्याख्यानोक्तो विधिस्तदुक्त इत्युपचर्यते, सूत्रार्थप्रपंचरूपत्वाद् व्याख्यानस्य, प्रायोग्रहणाद् मार्ग्गानुसारितीव्रक्षयोपशमवतः कस्यचिदन्यथाऽपि स्यात्।

પંજિકાર્થ :-

प्रायोऽधिकृत ..... स्यात् ।। 'प्रायः अधिकृत सूत्रोक्त જ વિધિથી' એ પ્રકારે ललितविस्तरामां કથન કર્યું ત્યાં અધિકૃત સૂત્ર ચૈત્યવંદન સૂત્ર જ છે. ત્યાં=ચૈત્યવંદન સૂત્રમાં, સાક્ષાત્ નહીં કહેવાયેલ પણ તેના વ્યાખ્યાનથી કહેવાયેલ વિધિ=ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનમાં કહેવાયેલ વિધિ, તદુક્ત છે=ચૈત્યવંદન સૂત્રથી ઉક્ત છે, એ પ્રકારે ઉપચાર કરાય છે; કેમ કે વ્યાખ્યાનનું=ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનનું, સૂત્રના અર્થના પ્રપંચરૂપપણું છે, પ્રાયઃના ગ્રહણથી='પ્રાયઃ અધિકૃત સૂત્રોક્ત જ વિધિથી' એ કથનમાં પ્રાયઃ શબ્દના ગ્રહણથી, માર્ગાનુસારી તીવ્ર ક્ષયોપશમવાળા કોઈકને અન્યથા પણ થાય=ચૈત્યવંદન સૂત્રમાં કહેલી વિધિના ઉપયોગ વગર પણ ચૈત્યવંદનનું સમ્યક્કરણ થાય.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ચૈત્યવંદનની ક્રિયાના સમ્યક્કરણમાં અશુભભાવરૂપ વિપર્યયનો અભાવ છે. અને તે સમ્યક્કરણના સંપાદન માટે જ અમારો ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યાના આરંભનો પ્રયાસ છે, ત્યાં કોઈ શંકા કરે છે –

કોઈ જીવ, ચૈત્યવંદન કરવાથી મને કોઈ લબ્ધિની પ્રાપ્તિ થાય અર્થાત્ કોઈક પ્રકારની શક્તિની પ્રાપ્તિ થાય, અથવા પોતાની લોકમાં ખ્યાતિ થાય, તેવા કોઈ નિમિત્તે માયાથી શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદન કરે તો તે જીવનું ચૈત્યવંદન બાહ્ય આચરણારૂપે સમ્યક્કરણરૂપ છે, તોપણ તે ચૈત્યવંદનની ક્રિયાથી ભગવાનના ગુણોના પ્રણિધાનરૂપ શુભભાવની અનુપપત્તિ છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે જેઓ લબ્ધિ આદિ નિમિત્તે બાહ્ય આચરણાથી ચૈત્યવંદનની ક્રિયા યથાર્થ કરતા હોય, તેઓને ચૈત્યવંદનની ક્રિયામાં સમ્યક્કરણની અસિદ્ધિ છે, તો અહીં પ્રશ્ન થાય કે ચૈત્યવંદનનું સમ્યક્કરણ શું છે ? તેથી કહે છે કે પ્રાયઃ કરીને જે જીવો અધિકૃત એવા ચૈત્યવંદન સૂત્રમાં કહેવાયેલી જ વિધિથી ઉપયુક્ત હોય, આશંસા દોષથી રહિત હોય અર્થાત્ લબ્ધિપ્રાપ્તિની આશંસાથી કે માન-સન્માન પ્રાપ્તિની આશંસાથી રહિત હોય, અને ભગવાનની ભક્તિ જ કલ્યાણનું એક કારણ છે તેવી નિર્મળદૃષ્ટિ

પ્રગટી હોવાથી સમ્યગ્દૃષ્ટિ હોય, આવા જીવો ભગવાન પ્રત્યે ભક્તિવાળા થઈને ચૈત્યવંદન કરતા હોય ત્યારે તેઓની ચૈત્યવંદનની ક્રિયા સમ્યક્કરણ બને છે, અન્ય જીવોની નહીં; કેમ કે આવા ગુણોથી રહિત જીવો ચૈત્યવંદનના અધિકારી નથી. અને જે જીવો જે પ્રવૃત્તિમાં અધિકારી ન હોય તે જીવો તે પ્રવૃત્તિ સમ્યક્ કરી શકે નહીં, એ પ્રકારનો નિયમ સર્વ કૃત્યમાં છે, તેથી જેમ સંસારની પણ જે પ્રવૃત્તિમાં જેઓ અધિકારી નથી, તેઓ તે પ્રવૃત્તિને સમ્યક્ કરી શકતા નથી, તેમ ચૈત્યવંદનની ક્રિયામાં પણ જેઓ અધિકારી નથી, તે જીવો તે ક્રિયાને સમ્યક્ કરી શકતા નથી.

વળી, આશંસા દોષવાળા જીવો લબ્ધિ આદિ નિમિત્તે બાહ્ય શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદન યથાર્થ કરતા હોય તોપણ તેઓ આશંસા દોષથી દૂષિત હોવાને કારણે, અંતરંગ રીતે ચૈત્યવંદન સૂત્રમાં અપેક્ષિત ભાવો વિષયક અવ્યાપારવાળા હોવાથી અને માત્ર શાસ્ત્રાનુસારી બાહ્ય આચરણામાં વ્યાપારવાળા હોવાથી તેઓ તે ચૈત્યવંદનની ક્રિયાને માયાથી સમ્યક્ કરે છે, પરમાર્થથી સમ્યક્ કરતા નથી.

અહીં વિશેષ એ છે કે જે જીવોમાં સમ્યક્ત્વ પ્રગટ્યું છે તે જીવોને સર્વજ્ઞવીતરાગ પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે; કેમ કે સર્વજ્ઞના વચનથી જ આ સંસારસાગર તરી શકાય છે તેવો તેઓને સ્પષ્ટ નિર્ણય હોય છે અને તેવા જીવો શાસ્ત્રવિધિને જાણીને તે વિધિમાં ઉપયુક્ત હોય, વળી, શ્રીપાલ રાજાને જેમ નવપદના ધ્યાનમાં રાજકન્યા આદિની આશંસા થયેલી તેવી કોઈ આશંસા તેઓમાં વર્તતી ન હોય, ફક્ત ભગવાનના ગુણોથી આવર્જિત થઈને ભગવાનની ભક્તિમાં ઉપયોગવાળા હોય, તેવા જીવોનું જ ચૈત્યવંદન સમ્યક્કરણરૂપ બને છે.

વળી, જે જીવોમાં સમ્યક્ત્વ પ્રગટ્યું નથી, છતાં અપુનર્બંધક દશાવાળા છે અને ચૈત્યવંદનની શાસ્ત્રોક્ત વિધિ જાણીને આશંસા દોષથી રહિત થઈને ભક્તિપૂર્વક ચૈત્યવંદન કરે છે, તેવા જીવોમાં હેતુથી સમ્યક્ત્વ છે અર્થાત્ તેઓમાં સમ્યક્ત્વ સ્વરૂપથી પ્રગટ્યું નથી પરંતુ સમ્યક્ત્વની પૂર્વભૂમિકા વર્તે છે, તેથી તેવા જીવોનું પણ ચૈત્યવંદન હેતુથી સમ્યક્કરણરૂપ બને છે, પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવો કે અપુનર્બંધક દશાવાળા જીવો પણ જો ચૈત્યવંદન સૂત્રમાં કહેવાયેલી વિધિમાં ઉપયુક્ત થઈને ચૈત્યવંદન કરતા ન હોય અથવા તો વિધિમાં ઉપયુક્ત હોવા છતાં આશંસાદોષથી રહિત થઈને ચૈત્યવંદન કરતા ન હોય, તો તેઓનું ચૈત્યવંદન સમ્યક્કરણરૂપ બને નહીં.

અહીં કહ્યું કે પ્રાયઃ અધિકૃત સૂત્રમાં કહેવાયેલી જ વિધિથી ઉપયુક્ત જીવનું જ ચૈત્યવંદન સમ્યક્કરણ બને છે, ત્યાં પ્રશ્ન થાય કે અધિકૃત સૂત્ર તો ચૈત્યવંદન છે અને ચૈત્યવંદન સૂત્રમાં સાક્ષાત્ કોઈ વિધિ કહેવાયેલી નથી છતાં 'અધિકૃત સૂત્રોક્ત જ વિધિથી ઉપયુક્ત' એમ કેમ કહ્યું ? તેથી પંજિકાકાર કહે છે કે ચૈત્યવંદનસૂત્ર ઉપર પૂર્વના મહાપુરુષોએ જે વ્યાખ્યાન કર્યું છે, અને તે વ્યાખ્યાનમાં જે વિધિ કહેવાઈ છે, તે વિધિને ઉપચારથી ચૈત્યવંદન સૂત્રમાં કહેવાયેલી વિધિ જ કહેવાય છે; કેમ કે ચૈત્યવંદન સૂત્રનું વ્યાખ્યાન એ સૂત્રના અર્થના વિસ્તારરૂપ જ છે, અને તે સૂત્રના અર્થના વિસ્તાર અંતર્ગત જે વિધિ છે તે વિધિ ચૈત્યવંદન સૂત્રની જ છે, એ પ્રકારે ઉપચાર કરાય છે.

વળી, અહીં પ્રાયઃ શબ્દના ગ્રહણથી એ પ્રાપ્ત થાય કે સૂત્ર અધ્યયનને અનુકૂળ નિમિત્તના અભાવને કારણે કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવોએ ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનનું અધ્યયન કરેલ ન હોય, તેથી તેઓને ચૈત્યવંદન સૂત્રમાં કહેવાયેલી વિધિનો પણ બોધ ન હોય. આમ છતાં નિર્મળપ્રજ્ઞાને કારણે તેઓમાં માર્ગાનુસારી તીવ્ર ક્ષયોપશમ વર્તતો હોય તો તેઓનો સૂત્રોક્ત વિધિમાં ઉપયોગ નહીં હોવા છતાં તેઓનું ચૈત્યવંદન સમ્યક્કરણ બને છે; કેમ કે ચૈત્યવંદન સૂત્રમાં બોલાતા શબ્દો અને તેના અર્થોમાં તેઓનું ચિત્ત અત્યંત ઉપયુક્ત છે અને નિર્મળપ્રજ્ઞાને કારણે તેઓનો માર્ગાનુસારી તીવ્ર ઉપયોગ વર્તે છે, તેથી ચૈત્યવંદનના ક્રિયાકાળમાં જિનગુણના વિશિષ્ટ પ્રકારના પ્રણિધાનને કારણે તેઓનું કરાતું ચૈત્યવંદન પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયનું કારણ બને છે; છતાં પ્રાયઃ કરીને સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનના અધ્યયનથી નિર્મળપ્રજ્ઞા પ્રગટે છે, તે વ્યાખ્યાનમાં કહેલી વિધિ અનુસાર ચૈત્યવંદનની ક્રિયામાં ઉપયુક્ત થાય તો પ્રકૃષ્ટ શુભભાવ પ્રગટે છે, અન્યથા શુભભાવ થતો નથી, તેથી આવા જીવોથી અન્ય જીવો ચૈત્યવંદનના અધિકારી નથી. અને જેઓ જે પ્રવૃત્તિના અધિકારી ન હોય તે જીવો તે પ્રવૃત્તિને સમ્યક્ કરી શકતા નથી, એવો વ્યાપક નિયમ સર્વ કાર્ય પ્રત્યે છે, માટે લબ્ધિ આદિ નિમિત્તે માયાથી બાહ્ય રીતે ચૈત્યવંદનને સમ્યક્ કરનારા જીવો તત્ત્વથી ચૈત્યવંદનના અધિકારી જ નથી, માટે તેઓના ચૈત્યવંદનમાં સમ્યક્કરણત્વની અસિદ્ધિ છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ ચૈત્યવંદનના અધિકારી જીવો કોણ છે તે સ્પષ્ટ કર્યું. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે તો પછી જેમ ચૈત્યવંદનના અધિકારી જીવો જ ચૈત્યવંદનને સમ્યક્ કરી શકે છે, તેમ ચૈત્યવંદનની વિધિનું વ્યાખ્યાન સંભળાવવામાં પણ અધિકારી જીવોની ગવેષણા કરવી જોઈએ; કેમ કે જેમ અનધિકારી જીવો ચૈત્યવંદન સમ્યગ્ કરી શકતા નથી, તેમ ચૈત્યવંદન સૂત્રનું વ્યાખ્યાન સાંભળવા માટે અનધિકારી જીવો પણ પ્રસ્તુત ગ્રંથથી ચૈત્યવંદન સૂત્રના અર્થનો સમ્યગ્ બોધ કરી શકશે નહીં, માટે તેઓનો પ્રસ્તુત ગ્રંથના અધ્યયનમાં કરાયેલો શ્રમ નિષ્ફળ થશે, તેથી તમારે ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યા સંભળાવવા માટે પણ અધિકારી જીવોની ગવેષણા કરવી પડશે.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે તેમાં કોણ ના પાડે છે ? એ વસ્તુ એમ જ છે અર્થાત્ જેમ અધિકારી જીવ ચૈત્યવંદનને સમ્યક્ કરી શકે છે, તેમ અધિકારી જીવ જ પ્રસ્તુત ગ્રંથના શ્રવણથી ચૈત્યવંદનની વિધિનો સમ્યગ્ બોધ કરી શકે છે, અનધિકારી જીવ નહીં, માટે અધિકારી જીવને જ પ્રસ્તુત ગ્રંથ સંભળાવવો જોઈએ, અન્યને નહીં, એ વાત અમને સંમત છે. પ્રસ્તુત ગ્રંથ સંભળાવવાના વિષયમાં જ અધિકારી જીવની ગવેષણા આવશ્યક છે, એટલું જ નહીં, પરંતુ ચૈત્યવંદન સૂત્ર ભણાવવામાં પણ અધિકારી જીવની ગવેષણા આવશ્યક છે; કેમ કે અનધિકારી જીવોને ચૈત્યવંદન સૂત્ર ભણાવવામાં આવશે તો તેનાથી તેઓને કોઈ લાભ તો થશે નહીં, ઊલટું તે સૂત્ર જાણીને તેને અનર્થની જ પ્રાપ્તિ થશે.

જેમ જે ક્રિયામાં જે અનધિકારી હોય તે જીવ તે ક્રિયા કરે તો તે જીવને તે ક્રિયાનું ફળ તો મળે નહીં, પરંતુ તે ક્રિયા વિપરીત કરવાથી અનર્થની પ્રાપ્તિ થાય, તેમ ચૈત્યવંદન સૂત્રના પાઠ માટે અનધિકારી જીવને

ચૈત્યવંદન સૂત્રનો પાઠ આપવામાં આવે તો તે જીવને તે પાઠનું ફળ તો મળે નહીં, પરંતુ તે પાઠ વિપરીત કરવાથી અનર્થની પ્રાપ્તિ થાય.

તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે કે જેમ પથ્ય વસ્તુ પણ રોગી માટે અહિતકારક થાય છે, તેમ પથ્ય એવું પણ ચૈત્યવંદન સૂત્ર કર્મોની પ્રચુરતાવાળા રોગી જીવ માટે અહિતકારક થાય છે; કેમ કે તેવા અનધિકારી જીવોને તે સૂત્ર પ્રત્યે કે તે સૂત્રથી વાચ્ય એવા ભગવાનના ગુણો પ્રત્યે લેશ પણ બહુમાન થતું નથી, તેથી તેવા જીવો તે સૂત્ર ભણીને પણ અનર્થ જ પ્રાપ્ત કરે છે. આથી જે જીવોનાં કર્મો કંઈક અલ્પ થયાં હોવાથી પ્રકૃતિભદ્રક હોય, તેવા જીવો નિમિત્તને પામીને ભગવાનના ગુણો પ્રત્યે પક્ષપાતવાળા થાય છે અને તેવા જીવો પ્રસ્તુત સૂત્રના અધિકારી છે, અને અધિકારી જીવો ચૈત્યવંદન સૂત્ર ભણીને જેમ જેમ તે સૂત્રના અર્થ જાણે છે, તેમ તેમ તેઓ ગુણોના પક્ષપાતી બને છે, જેથી તેઓનું હિત થાય છે.

આનાથી એ ફલિત થાય કે ચૈત્યવંદનની ક્રિયા કરવામાં પણ અધિકારી જીવની ગવેષણા આવશ્યક છે, ચૈત્યવંદન સૂત્રની ટીકાના અર્થો સંભળાવવામાં પણ અધિકારી જીવની ગવેષણા આવશ્યક છે, તેમજ ચૈત્યવંદન સૂત્ર ભણાવવામાં પણ અધિકારી જીવની ગવેષણા આવશ્યક છે. અને અનધિકારી જીવને ચૈત્યવંદન સૂત્ર ભણાવવાથી તે સૂત્ર ભણનાર જીવનું તો અહિત થાય છે, પરંતુ શાસ્ત્રમર્યાદાની ઉપેક્ષા કરીને અનધિકારી જીવને સૂત્ર ભણાવનાર પુરુષને પણ કર્મબંધ થાય છે.

ललितविस्तरामां पूर्वे शंका करेल के चैत्यवंदनथी शुभभाव थाय छे तेमां एकांत नथी, केम एकांत नथी ? तेमां हेतु बतावेल के अनाभोग-मातृस्थानादिथी विपर्ययनुं पण दर्शन छे तेना जवाबरूपे ग्रंथकारश्रीએ स्पष्टता करेल के सम्यक्करणमां विपर्ययनो अभाव छे, तेथी फलित थयुं के जेओ सम्यक् चैत्यवंदन करे छे तेओ अनाभोग-मातृस्थानादिथी चैत्यवंदन करता नथी. आ कथन कर्या पछी पूर्वपक्षीએ फरी शंका करतां कह्युं के लब्धि आदिना निमित्ते मातृस्थानथी सम्यक्करणमां पण शुभभावनी अनुपपत्ति छे, आथी विचारकने जिज्ञासा थाय के पूर्वना कथन प्रमाणे चैत्यवंदनना सम्यक्करणमां अनाभोग-मातृस्थानादि न होय तेम फलित थाय अने पछीना कथन प्रमाणे मातृस्थानथी चैत्यवंदननुं सम्यक्करण होई शके तेम प्राप्त थाय, तेथी पूर्वना कथनमां बतावेल मातृस्थान अने प्रस्तुत कथनमां बतावेल मातृस्थान वच्चे शुं भेद छे ?

તેનું તાત્પર્ય એ છે કે જેઓ શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદન કરતા નથી, પરંતુ પોતે ધર્મ કરે છે એમ દેખાડવા માટે માયાથી ચૈત્યવંદન કરે છે, અર્થાત્ માયાથી બાહ્ય સમ્યગ્ કરતા નથી પરંતુ ધર્મી બતાવવા ચૈત્યવંદન કરે છે. તેઓનું પૂર્વના ગ્રંથકારશ્રીના કથનમાં કહેલા 'માતૃસ્થાન' શબ્દથી ગ્રહણ કરેલ છે. વળી, જેઓ ચૈત્યવંદન વિષયક અભિનયો જે પ્રકારે શાસ્ત્રકાર બતાવે છે તે જ પ્રકારે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર અભિનયોપૂર્વક ચૈત્યવંદન કરે છે, પરંતુ તે અભિનયોપૂર્વકના ચૈત્યવંદનકાળમાં જેઓ લબ્ધિ આદિની પ્રાપ્તિના આશયવાળા છે, તેઓ માયાથી બાહ્ય આચરણારૂપે સમ્યક્ ચૈત્યવંદન કરે છે, અને તેઓનું "લબ્ધિ આદિ નિમિત્તે માતૃસ્થાનથી સમ્યક્કરણમાં પણ શુભભાવની અનુપપત્તિ છે" એ પ્રકારના શંકાકારના બીજા કથનમાં કહેલા 'માતૃસ્થાન' શબ્દથી માયાથી બાહ્ય સમ્યગ્ આચરણાનું ગ્રહણ છે, તેથી આ બીજા સ્થાનમાં

કૂટનટની જેમ માયાથી ચૈત્યવંદનના ક્રિયાકાળમાં જે જે અભિનયો કરવાના શાસ્ત્રમાં કહ્યા છે તે સર્વ અભિનયોપૂર્વક અને ચૈત્યવંદનની સર્વ ઉચિત વિધિપૂર્વક ચૈત્યવંદન કરવામાં આવે તોપણ તે પ્રકારનું ચૈત્યવંદનનું સમ્યક્કરણ લબ્ધિ આદિના નિમિત્તે હોવાને કારણે તેનાથી શુભભાવની ઉત્પત્તિ થતી નથી. એ અર્થને બતાવે છે.

અહીં કહ્યું કે અધિકૃત સૂત્રોક્ત જ વિધિથી ઉપયુક્ત, આશંસાદોષથી રહિત, સમ્યગ્દૃષ્ટિ એવા ભક્તિવાળા જીવને જ ચૈત્યવંદનનું સમ્યક્કરણ છે, તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દૃષ્ટિ પણ જ્યારે ચૈત્યવંદનકાળમાં અધિકૃત સૂત્રોક્ત વિધિથી ઉપયુક્ત ન હોય અને કોઈ આશંસાથી ચૈત્યવંદન કરતા હોય, ત્યારે તેનું ચૈત્યવંદન સમ્યક્કરણ બનતું નથી. અને અહીં સમ્યગ્દૃષ્ટિ કોણ છે ? તેનો ઉચિત નિર્ણય આ રીતે થાય –

જે જીવોને ચારગતિમાં પરિભ્રમણની વિડંબણારૂપ સંસારનું વાસ્તવિક સ્વરૂપ દેખાય છે, અને તેથી જ સંસારથી ભય પામેલા છે, તેમજ ચારગતિમાં પરિભ્રમણ વગરની સર્વ કર્મોથી રહિત અવસ્થા જીવની સુંદર અવસ્થા છે તેવો જેઓને શાસ્ત્રવચનાદિથી સ્પષ્ટ નિર્ણય થયેલો છે, અને તેથી જેઓ મુક્તાવસ્થાના અત્યંત અર્થી છે અને જેઓને મુક્તાવસ્થાની પ્રાપ્તિનો એક ઉપાય સર્વજ્ઞનું વચન અને સર્વજ્ઞના વચનાનુસાર કરાતી વિધિપૂર્વકની પ્રવૃત્તિ છે તેવો સ્થિર નિર્ણય છે, તેથી જ પોતાનામાં વર્તતી સમ્યગ્દર્શનની નિર્મળદૃષ્ટિથી પ્રેરાઈને જેઓ પોતાની શક્તિ ગોપવ્યા વગર જિનવચનના પરમાર્થને જાણવા માટે અને જાણીને સેવવા માટે ઉદ્યમ કરનારા છે, તેઓ સમ્યગ્દૃષ્ટિ છે. વળી, કેટલાક જીવો આવા પ્રકારની બુદ્ધિવાળા હોવા છતાં સૂક્ષ્મબોધના અભાવને કારણે સમ્યગ્દૃષ્ટિ નથી, પરંતુ સમ્યગ્દર્શનને અભિમુખ એવી અપુનર્બંધક દશાવાળા છે, તેઓનું ચૈત્યવંદન સમ્યક્કરણને અભિમુખ થઈ શકે છે પરંતુ સમ્યક્કરણ બનતું નથી છતાં સમ્યક્દૃષ્ટિ જીવો કે અપુનર્બંધક જીવો ચૈત્યવંદનના ક્રિયાકાળમાં શાસ્ત્રોક્ત વિધિથી ઉપયુક્ત ન હોય કે આશંસાદોષવાળા હોય, તો તેઓનું ચૈત્યવંદન સમ્યક્કરણ બનતું નથી.

પૂર્વમાં કહ્યું કે અનધિકારી જીવો ચૈત્યવંદન સમ્યક્ કરી શકતા નથી, તેથી ધર્મમાં કેવા જીવો અધિકારી છે તે બતાવીને ચૈત્યવંદન સૂત્રના કોણ અધિકારી છે, તે સ્પષ્ટ કરે છે –

ललितविस्तरा :–

अर्थी समर्थः शास्त्रेणापर्युदस्तो धर्मेऽधिक्रियते, इति विद्वत्प्रवादः, धर्म्मश्चैतत्पाठादि, कारणे कार्योपचारात्, यद्येवमुच्यतां के पुनरस्याधिकारिण इति?

उच्यते,– एतद्बहुमानिनो, विधिपरा, उचितवृत्तयश्च।

नहि विशिष्टकर्म्मक्षयमन्तरेणैवंभूता भवन्ति, क्रमोप्यमीषामयमेव, न खलु तत्त्वत एतदबहुमानिनो विधिपरा नाम, भावसारत्वाद्विधिप्रयोगस्य, न चायं बहुमानाभावे इति।

न चामुष्मिकविधावप्यनुचितकारिणोऽन्यत्रोचितवृत्तय इति, विषयभेदेन तदौचित्याभावात्, अप्रेक्षापूर्वकारिविजृम्भितं हि तत्।

ललितविस्तरार्थ :-

અર્થી=ધર્મના અર્થી, સમર્થ=ધર્મના અનુષ્ઠાન કરવા માટે સમર્થ, શાસ્ત્રથી અપર્યુદસ્ત=આગમથી અનિરાકૃત જીવ, ધર્મમાં અધિકારી છે=ધર્મમાં અધિકારીરૂપે સ્વીકારાય છે. એ પ્રકારનો વિદ્વાનનો પ્રવાદ છે=વિદ્વાન પુરુષોનું કથન છે, અને આના પાઠાદિ=ચૈત્યવંદન સૂત્રના પાઠ-શ્રાવણ-કરણ, ધર્મ છે; કેમ કે કારણમાં કાર્યનો ઉપચાર છે=ધર્મના કારણભૂત એવા ચૈત્યવંદન સૂત્રના પાઠાદિરૂપ કારણમાં તે પાઠાદિથી નિષ્પન્ન થતા જીવના પરિણામ રૂપ ધર્મસ્વરૂપ કાર્યનો ઉપચાર છે, તેથી ચૈત્યવંદન સૂત્રના પાઠાદિને ધર્મ કહેલ છે, એમ અન્વય છે. જો આમ છે=અર્થી આદિ ત્રણ ગુણોવાળો જીવ ધર્મમાં અધિકારી છે અને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ ધર્મ છે એમ છે, તો કહો, આના=ચૈત્યવંદન સૂત્રના, અધિકારી વળી, કોણ છે ? એથી કહેવાય છે –

આના બહુમાની=ચૈત્યવંદન સૂત્રના બહુમાનવાળા, વિધિપર=વિધિના પાલનમાં તત્પર, અને ઉચિતવૃત્તિવાળા જીવો ચૈત્યવંદન સૂત્રના અધિકારી છે, એમ સંબંધ છે.

જે કારણથી વિશિષ્ટ કર્મના ક્ષય વગર આવા પ્રકારના થતા નથી=જીવો એતદ્બહુમાની આદિ ત્રણ ગુણોવાળા થતા નથી. ક્રમ પણ આમનો=ચૈત્યવંદન સૂત્રના અધિકારી જીવોનો, આ જ છે=એતદ્બહુમાની આદિ રૂપ જ છે.

અહીં પ્રશ્ન થાય કે આ પ્રકારનો ક્રમ કેમ છે ? એથી કહે છે –

ખરેખર તત્ત્વથી આના અબહુમાની=ચૈત્યવંદન સૂત્રના અબહુમાનવાળા જીવો, વિધિપર થતા નથી; કેમ કે વિધિપ્રયોગનું ભાવસારપણું છે, અને આ=વિધિપ્રયોગમાં વર્તતો ભાવ, બહુમાનના અભાવમાં નથી એથી (અબહુમાનવાળા જીવો વિધિ પર થતા નથી) અને આમુષ્મિક વિધિમાં પણ=પરલોક વિષયક કૃત્યમાં પણ, અનુચિતકારી જીવો અન્યત્ર=આલોકમાં, ઉચિતવૃત્તિવાળા નથી=પોતાના કુળાદિને અનુરૂપ પરિશુદ્ધ આચારવાળા નથી, એથી આ ક્રમ છે એમ અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે પરલોકના વિષયમાં અનુચિત કરનારા જીવો આલોકમાં ઉચિત પ્રવૃત્તિ કેમ કરી શકતા નથી ? તેમાં હેતુ આપે છે –

વિષયના ભેદથી તેના ઔચિત્યનો અભાવ છે=આલોક-પરલોકના ઔચિત્યનો અભાવ છે.

કોઈ જીવ પરલોક વિષયક અનુચિત કરતો હોય, છતાં આલોક વિષયક ઉચિત કરતો હોય તેવું કેટલાક સ્વીકારે છે તે ઉચિત નથી, તે સ્પષ્ટ કરવા કહે છે –

ખરેખર તે અપ્રેક્ષાપૂર્વકારીઓથી વિજૃંભિત છે=પરલોક વિષયક અનુચિત કરનારા પણ આલોક વિષયક ઉચિત કરનારા હોય તે કથન અવિચારક જીવોથી કહેવાયેલું છે.

પંજિકા :-

अर्थीत्यादि। 'अर्थी'-धर्माधिकारिप्रस्तावात्तदभिलाषातिरेकवान्, 'समर्थो'-निरपेक्षतया धर्म्ममनुतिष्ठन्

न कुतोऽपि तदनभिज्ञाद् बिभेति, 'शास्त्रेण'=आगमेन, 'अपर्युदस्तः'-अप्रतिक्रुष्टः, स च एवं लक्षणो यः त्रिवर्गरूपपुरुषार्थचिन्तायां धर्ममेव बहुमन्यते, इहलोकपरलोकयोर्विधिपरो, ब्राह्मणादिस्ववर्णोचितविशुद्ध-वृत्तिमांश्चेति, 'विधिपरा' इति, विधिः=इहलोकपरलोकयोरविरुद्धफलमनुष्ठानं, स परः=प्रधानं, येषां ते तथा 'उचितवृत्तय' इति-स्वकुलाद्युचितशुद्धजीवनोपाया इति।

ननु ज्ञानावरणादिकर्म्मविशेषे उपहन्तरि सति सम्यक्चैत्यवन्दनलाभाभावात् तत्क्षयवानेवाधिकारी वाच्यः, किमेतद्बहुमान्यादिगवेषणया? इत्याह—

'नहीत्यादि', न=नैव, हिः-यस्माद्, विशिष्टकर्मक्षयं, विशिष्टस्य-अन्तःकोटिकोट्यधिकस्थितेः कर्म्मणो-ज्ञानावरणादेः, क्षयो=विनाशः, तम् अन्तरेण=विना, इत्थंभूता=एतद्बहुमान्यादिप्रकारमापन्ना, भवन्ति=वर्तन्ते, तत एतद्बहुमान्यादिव्यङ्ग्यकर्मविशेषक्षयवानेवाधिकारी, नापर इति, भवतु नामैवं, तथापि कथमित्थमेषा-मुपन्यासनियम इत्याह—'क्रमोऽपि' इत्यादि, 'न चायमि'ति, न च=नैव, अयं=भावः चैत्यवन्दनादिविषयः शुभपरिणामरूपः संवेगादिः विधिप्रयोगहेतुरिति।

'न चामुष्मिके'त्यादि, न च=नैव। 'च'शब्दः उचितवृत्तेर्विधिपूर्वकत्वभावनासूचनार्थः, आमुष्मिकविधौ-परलोकफले कृत्ये, किं पुनरैहिकविधाविति 'अपे'रर्थः, अनुचितकारिणो=विरुद्धप्रवृत्तयः, अन्यत्र=इहलोके, उचितवृत्तयः=स्वकुलाद्युचितपरिशुद्धसमाचारा भवन्ति, परलोकप्रधानस्यैवेहाप्यौचित्यप्रवृत्तेः, तदुक्तम्-'परलोकविरुद्धानि कुर्व्वाणं दूरतस्त्यजेत्। आत्मानं योऽतिसन्धत्ते सोऽन्यस्मै स्यात्कथं हितः?।।' कुत एतदित्याह—विषयभेदेन=भिन्नविषयतया, 'तदौचित्याभावात्' तयोः=इहलोकपरलोकयोः, औचित्यस्य दृष्टादृष्टापायपरिहार-प्रवृत्तिरूपस्य अभावात्, यदेव ह्यमुष्मिन् परिणामसुन्दरं कृत्यमिहापि तदेवेति विधिपरता विधिपूर्वकमेवोचित-वृत्तित्वमिति। प्रकारान्तरनिरसनायाह—'अप्रेक्षापूर्वकारिविजृम्भितं हि तत्' अप्रेक्षापूर्वकारिणो ह्येवं विजृम्भन्ते यदुतैकत्रानुचितकारिणोऽप्यन्यत्रोचितकारिणो भवेयुरिति ।

पंजिकार्थ :-

અર્થીત્યાદિ। 'અર્થી' ..... भवेयुरिति ।। અર્થીત્યાદિનો અર્થ કરે છે — ધર્મના અધિકારીનો પ્રસ્તાવ હોવાથી તેના=ધર્મના, અભિલાષના અતિરેકવાળો જીવ અર્થી છે. નિરપેક્ષપણાથી ધર્મને આચરતો એવો જીવ તેના અનભિજ્ઞ=ધર્મને નહીં જાણનારા, એવા કોઈનાથી પણ ડરતો નથી, શાસ્ત્રથી અપર્યુદસ્ત છે, (તે) આ ત્રણ ગુણોવાળા ધર્મના અધિકારી છે એમ અન્વય છે.

અને તે આવા લક્ષણવાળો=અર્થી-સમર્થ-શાસ્ત્રથી અપર્યુદસ્તરૂપ લક્ષણવાળો, જે છે તે ત્રિવર્ગરૂપ પુરુષાર્થની ચિંતામાં=ધર્મ-અર્થ-કામરૂપ ત્રણ પુરુષાર્થની વિચારણામાં, ધર્મને જ બહુમાને છે, આલોક-પરલોક વિષયક વિધિમાં પર છે, બ્રાહ્મણાદિ સ્વવર્ણને ઉચિત વિશુદ્ધ વૃત્તિવાળો છે, 'इति' ધર્મના અધિકારી જીવના લક્ષણનું ચૈત્યવંદન સૂત્રના અધિકારી જીવના લક્ષણ સાથે જે યોજન બતાવ્યું,

તેની સમાપ્તિમાં છે.

આ રીતે ધર્મના અને ચૈત્યવંદન સૂત્રના અધિકારી જીવોના લક્ષણનું લલિતવિસ્તરામાં જે કથન કર્યું, તે બંનેનું પરસ્પર યોજન બતાવીને હવે પંજિકાકાર 'વિધિપર' શબ્દનો અર્થ કરે છે –

વિધિપર એટલે આલોક-પરલોક વિષયક અવિરુદ્ધ ફલવાળું અનુષ્ઠાન વિધિ છે, તે=વિધિ, પર છે=પ્રધાન છે, જેઓને તેઓ તેવા છે=વિધિપર છે.

ઉચિતવૃત્તિવાળા એટલે સ્વકુલાદિને ઉચિત શુદ્ધ જીવનના ઉપાયવાળા.

આ રીતે ગ્રંથકારશ્રીએ ધર્મના અધિકારીનું અને ચૈત્યવંદન સૂત્રના અધિકારીનું સ્વરૂપ બતાવ્યું, તે બંનેનું પરસ્પર યોજન બતાવીને હવે પંજિકાકાર લલિતવિસ્તરાના આગળના કથનનું 'ननु'થી ઉત્થાન કરતાં કહે છે –

જ્ઞાનાવરણાદિ કર્મવિશેષ ઉપહંતૃ હોતે છતે=હણનાર હોતે છતે, સમ્યક્ ચૈત્યવંદનના લાભનો અભાવ હોવાથી, તેના ક્ષયવાળો જ=જ્ઞાનાવરણાદિ કર્મના ક્ષયવાળો જ જીવ, અધિકારી=ચૈત્યવંદન સૂત્રનો અધિકારી, કહેવો જોઈએ. એતદ્બહુમાની આદિની ગવેષણા વડે શું ?=ગ્રંથકારશ્રીએ ચૈત્યવંદન સૂત્રના બહુમાની આદિ ત્રણ ગુણોવાળા જીવને ચૈત્યવંદન સૂત્રના અધિકારી કહ્યા તે પ્રકારે સ્વીકારવા વડે શું ? એથી કહે છે=લલિતવિસ્તરામાં કહે છે – न हि ઇત્યાદિ.

જે કારણથી વિશિષ્ટ કર્મના ક્ષય=અંતઃકોટાકોટિથી અધિક સ્થિતિવાળા વિશિષ્ટ જ્ઞાનાવરણાદિ કર્મના ક્ષય=વિનાશ, વિના આવા પ્રકારના=એતદ્બહુમાની આદિ પ્રકારને પામેલા, જીવો થતા નથી જ=વર્તતા નથી જ.

આનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરે છે –

તેથી=વિશિષ્ટ કર્મનાં ક્ષયથી આના બહુમાની આદિ થાય છે તેથી, એતદ્બહુમાની આદિથી વ્યંગ્ય=ચૈત્યવંદન સૂત્રના બહુમાની આદિ ત્રણ ગુણોથી અભિવ્યક્ત થતા, કર્મવિશેષના ક્ષયવાળો જ જીવ અધિકારી છે=ચૈત્યવંદન સૂત્રનો અધિકારી છે, અપર નહીં=અન્ય જીવ અધિકારી નથી.

આમ થાઓ=એતદ્બહુમાની આદિથી વ્યંગ્ય કર્મવિશેષના ક્ષયવાળો જીવ જ ચૈત્યવંદન સૂત્રનો અધિકારી થાઓ, તોપણ આમના=એતદ્બહુમાની આદિ ગુણોના, ઉપન્યાસનો નિયમ આ રીતે કેમ છે ?=પ્રથમ એતદ્બહુમાની પછી વિધિપર, પછી ઉચિતવૃત્તિવાળા એ રીતે કેમ છે ? એથી કહે છે= લલિતવિસ્તરામાં ગ્રંથકારશ્રી કહે છે – क्रमोऽपि ઇત્યાદિ.

લલિતવિસ્તરામાં રહેલા न चायंનો અર્થ કરે છે –

અને આ=વિધિપ્રયોગનો હેતુ એવો ચૈત્યવંદનાદિના વિષયવાળો શુભ પરિણામરૂપ સંવેગાદિ ભાવ, બહુમાનના અભાવમાં નથી જ=ચૈત્યવંદનાદિના બહુમાનના અભાવમાં નથી જ.

न चामुष्मिक ઇત્યાદિનો અર્થ કરે છે –

न=નથી જ, च=च શબ્દ ઉચિતવૃત્તિના વિધિપૂર્વકત્વની ભાવનાના સૂચનના અર્થવાળો છે.

આમુષ્મિક વિધિમાં=પરલોકના ફલવાળા કૃત્યમાં, અનુચિત કરનારા=વિરુદ્ધ પ્રવૃત્તિવાળા, અન્યત્ર= આલોકમાં, ઉચિતવૃત્તિવાળા=સ્વકુલાદિને ઉચિત પરિશુદ્ધ સમાચારવાળા, થતા નથી જ, એમ અન્વય છે; કેમ કે અહીં પણ=આલોકમાં પણ, પરલોક પ્રધાનની જ=પરલોકની પ્રધાનતાવાળા પુરુષની જ, ઔચિત્યની પ્રવૃત્તિ છે. 'આમુષ્મિક વિધિમાં પણ' એમ કહ્યું ત્યાં શું વળી ઐહિકવિધિમાં પણ એ 'અપિ'નો અર્થ છે.

તે કહેવાયું છે=આલોકમાં પણ પરલોક પ્રધાન પુરુષની જ ઔચિત્યની પ્રવૃત્તિ છે તે અન્યત્ર પણ કહેવાયું છે –

"પરલોકની વિરુદ્ધ એવાં કૃત્યોને કરતા એવા પુરુષને દૂરથી ત્યજવો જોઈએ જે આત્માને ઠગે છે તે અન્ય માટે હિતરૂપ કઈ રીતે થાય ? અર્થાત્ અન્ય માટે હિતકારી થાય નહીં."

આ કયા કારણથી છે ? અર્થાત્ પરલોક વિષયક અનુચિત કરનારા આલોકમાં ઉચિત કરનારા હોય નહીં એ કયા કારણથી છે ? એથી હેતુ કહે છે –

વિષયના ભેદથી=ભિન્ન એવા વિષયપણાથી=આલોક વિષયક પ્રવૃત્તિનો વિષય જુદો છે અને પરલોક વિષયક પ્રવૃત્તિનો વિષય જુદો છે એ પ્રકારના ભિન્ન એવા વિષયપણાથી તેના ઔચિત્યનો અભાવ છે અર્થાત્ તે બેના=આલોક અને પરલોકના, દૃષ્ટ-અદૃષ્ટના અપાયના પરિહારમાં પ્રવૃત્તિરૂપ ઔચિત્યનો અભાવ છે.

વિષયના ભેદથી આલોક-પરલોકના ઔચિત્યનો અભાવ છે, એ કથનને સ્પષ્ટ કરે છે –

જે જ અમુષ્મિન્=પરલોક વિષયક, પરિણામસુંદર કૃત્ય છે, તે જ અહીં પણ છે=તે જ આલોકમાં પણ પરિણામસુંદર કૃત્ય છે. એથી=પરલોક વિષયક અનુચિત કરનારા આલોકમાં ઉચિત પ્રવૃત્તિ કરતા નથી એમ પૂર્વે સ્થાપન કર્યું એથી, વિધિપરતા=વિધિપૂર્વક જ ઉચિતવૃત્તિપણું છે, એથી એતદ્બહુમાની આદિ ત્રણ ગુણોનો આ જ ક્રમ છે એમ 'ઇતિ' શબ્દથી ફલિત થાય છે.

પ્રકારાંતરના નિરસન માટે કહે છે=પરલોક વિષયક અનુચિત કરનારા પણ આલોકમાં ઉચિત કરનારા હોય એ રૂપ પ્રકારાંતરની કોઈની માન્યતાનો નિરાસ કરવા માટે લલિતવિસ્તરાકાર કહે છે –

ખરેખર અપ્રેક્ષાપૂર્વકારીથી વિજૃંભિત તે છે=અપ્રેક્ષાપૂર્વક કરનારાઓ જ આ પ્રમાણે બોલે છે.

શું બોલે છે ? તે યદુતથી સ્પષ્ટ કરે છે –

એકત્ર અનુચિતકારીઓ પણ=આલોક કે પરલોકમાંથી એક ઠેકાણે અનુચિત કરનારા જીવો પણ, અન્યત્ર ઉચિતકારી હોય=આલોક કે પરલોકમાંથી બીજે ઠેકાણે, ઉચિત કરનારા હોય.

'ઇતિ' કથનની સમાપ્તિ અર્થે છે.

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે અધિકારી જીવો જ ચૈત્યવંદન સમ્યક્ કરી શકે છે, અધિકારી જીવોને જ ચૈત્યવંદન સૂત્રના

અર્થો સંભળાવવામાં આવે તો તેઓ ચૈત્યવંદનને સમ્યક્ કરવાની વિધિનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, અને અધિકારી જીવોને જ ચૈત્યવંદન સૂત્રનો પાઠ આપવામાં આવે તો તેઓનું હિત થાય છે. અનધિકારી જીવોને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવામાં આવે તો તેઓનું હિત થતું નથી. તેથી હવે ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના કોણ અધિકારી છે ? તે બતાવવા માટે પ્રથમ સામાન્યથી ધર્મના અધિકારી કોણ છે ? તે બતાવે છે –

જે જીવો ધર્મના અર્થી હોય, ધર્મને સમ્યક્ સેવવા માટે સમર્થ હોય અને શાસ્ત્રમાં જેઓને ધર્મ આપવાનો નિષેધ કરાયો ન હોય, તેવા જીવો ધર્મના અધિકારી છે, એ પ્રકારનો વિદ્વાન પુરુષોનો પ્રવાદ છે. વળી, ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ ધર્મ છે અર્થાત્ ચૈત્યવંદન સૂત્રનું અધ્યયન, ચૈત્યવંદન સૂત્રના અર્થનું શ્રવણ અને ચૈત્યવંદનની ક્રિયાનું કરણ એ ધર્મ છે; કેમ કે તે ત્રણે ધર્મની નિષ્પત્તિનું કારણ છે, તેથી ચૈત્યવંદન સૂત્રના પાઠાદિમાં તે પાઠાદિના કાર્યરૂપ ધર્મનો ઉપચાર કરીને તે ચૈત્યવંદન સૂત્રના પાઠાદિને ઉપચારથી ધર્મ કહેવાય છે, આ રીતે જેઓ ધર્મના અધિકારી હોય તેઓ જ ચૈત્યવંદન સૂત્રના અધિકારી છે.

આમ છતાં આ પ્રમાણે બતાવ્યા પછી લલિતવિસ્તરામાં કહ્યું કે જો આમ છે તો ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના અધિકારી કોણ છે ? તે કહો. આનાથી એ કહેવું છે કે અર્થી, સમર્થ અને શાસ્ત્રથી અપર્યુદસ્ત=શાસ્ત્રમાં જેમને અનધિકારી કહેલ ન હોય તેવો પુરુષ શાસ્ત્રથી અપર્યુદસ્ત છે. આ ત્રણ ગુણોવાળા જીવો ધર્મના અધિકારી છે માટે ધર્મરૂપ ચૈત્યવંદન સૂત્રના અધિકારી છે અને તે ત્રણ ગુણોવાળા જીવો કેવા હોય ? તે પ્રકારની વિશેષ જિજ્ઞાસાથી કહ્યું કે તેના અધિકારી કેવા હોય, તે કહો. અને તેના જવાબરૂપે લલિતવિસ્તરાકારે ત્રણ ગુણો કંઈક અન્ય પ્રકારે કહ્યા, તેથી એ પ્રાપ્ત થયું કે જેઓ ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના અર્થી છે તેઓ ચૈત્યવંદન સૂત્રના બહુમાનવાળા છે, જેઓ સમર્થ છે તેઓ વિધિપર છે, અને જેઓ શાસ્ત્રથી અપર્યુદસ્ત છે તેઓ ઉચિતવૃત્તિવાળા છે.

જે જીવોને ભવનો રાગ કંઈક ઓછો થયો છે, તેથી ચારગતિમાં પરિભ્રમણ રૂપ ભવના સ્વરૂપને જાણીને જેઓ ભવથી વિમુખ થયા છે, તેવા જીવોને ધર્મ પ્રત્યે બહુમાન થાય છે, તેથી તેઓ ધર્મના અર્થી છે અને ધર્મના અર્થી હોવાને કારણે તેઓને ધર્મનિષ્પત્તિના કારણીભૂત એવા ચૈત્યવંદન સૂત્રના પાઠ પ્રત્યે બહુમાન હોય છે, પાઠ કરતી વખતે પાઠ વિષયક શાસ્ત્રમાં બતાવેલ વિધિમાં તત્પર હોય છે અને કર્મની લઘુતાને કારણે ભદ્રક પ્રકૃતિવાળા હોવાથી તેઓ સ્વવર્ણને ઉચિત પ્રવૃત્તિથી આજીવિકા કરનારા હોય છે. આથી આવા જીવોને ધર્મ આપવાનો શાસ્ત્રકારે નિષેધ કર્યો નથી, તેવા જીવો ચૈત્યવંદન સૂત્રના પાઠના અધિકારી છે.

વળી, જે જીવો ચૈત્યવંદન સૂત્રના પાઠના અધિકારી છે તેઓ ચૈત્યવંદન સૂત્ર ભણીને તૈયાર થાય અને ચૈત્યવંદનના સમ્યક્કરણના અર્થી થઈને ગુરુ આદિ પાસે ચૈત્યવંદનની વિધિની પૃચ્છા કરે, તે વખતે તેઓને ચૈત્યવંદનની વિધિનું શ્રવણ કરવામાં બહુમાન હોય છે, ચૈત્યવંદન સૂત્રના અર્થો સાંભળતી વખતે તેઓ શ્રવણ વિષયક શાસ્ત્રમાં બતાવેલ વિધિમાં તત્પર હોય છે અને સંસારમાં ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. તેવા જીવો ચૈત્યવંદન સૂત્રના અર્થના શ્રાવણના અધિકારી છે.

વળી, જે જીવો ચૈત્યવંદન સૂત્રના શ્રાવણના અધિકારી છે તેઓ ચૈત્યવંદનની વિધિ સાંભળીને તે વિધિને

સ્થિર પરિચિત કરે, ત્યારે તેઓ ચૈત્યવંદન સૂત્ર સમ્યક્ કરવા પ્રત્યેના બહુમાનવાળા હોય છે, ચૈત્યવંદનની શાસ્ત્રોક્ત વિધિ સાંભળ્યા પ્રમાણે ચૈત્યવંદનની વિધિ કરવામાં તત્પર હોય છે અને સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે, તેવા જીવો ચૈત્યવંદનના સમ્યક્કરણના અધિકારી છે.

આમ, ચૈત્યવંદન સૂત્રના પાઠ-શ્રાવણ-કરણના અધિકારી જીવો પણ જ્યારે પૂર્વમાં કહ્યા મુજબ અધિકૃત એવા ચૈત્યવંદન સૂત્રમાં કહેવાયેલી વિધિથી ઉપયુક્ત થઈને, આશંસાદોષથી મુક્ત થઈને, નિર્મળદૃષ્ટિવાળા થઈને, ભક્તિપૂર્વક ચૈત્યવંદન કરે, ત્યારે તેઓનું ચૈત્યવંદન સમ્યક્કરણ બને છે, અન્યથા તેઓનું ચૈત્યવંદન સમ્યક્કરણ બનતું નથી.

પંજિકામાં 'એતદ્બહુમાની'નો અર્થ કર્યો કે ત્રિવર્ગરૂપ પુરુષાર્થની ચિંતામાં ધર્મને જ બહુમાને છે, તેથી એ પ્રાપ્ત થાય કે જોકે ગૃહસ્થ ધર્મ-અર્થ-કામરૂપ ત્રણ પુરુષાર્થને સેવે છે, તોપણ ત્રણેય પુરુષાર્થમાં જેને ધર્મ પ્રત્યે જ બહુમાન છે, તેથી જ જેને જીવનમાં પૂર્ણ ધર્મ જ સેવવા જેવો છે તેવી સ્થિર બુદ્ધિ છે, છતાં પૂર્ણ ધર્મ સેવવા માટે પોતે અસમર્થ હોવાથી જેઓ અર્થપુરુષાર્થને અને કામપુરુષાર્થને પણ સેવે છે, તેવા જીવો સૂક્ષ્મબોધવાળા હોય તો સમ્યગ્દૃષ્ટિ છે, અથવા સૂક્ષ્મબોધનો અભાવ હોય તો અપુનર્બંધક છે. અને તેઓ ચૈત્યવંદનના બહુમાની છે.

પંજિકામાં 'વિધિપર'નો અર્થ કર્યો કે આલોક-પરલોકમાં અવિરુદ્ધ ફલવાળાં અનુષ્ઠાન પ્રધાન છે જેઓને તેઓ વિધિપર છે, તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવો સંસારની પ્રવૃત્તિ આલોકમાં અહિતનું કારણ ન બને અને પરલોકમાં પણ અહિતનું કારણ ન બને તે રીતે જ કરે છે, અને ધર્મની પણ પ્રવૃત્તિ આલોક-પરલોકમાં અહિત ન થાય તે રીતે જ કરે છે, આથી જ આવા જીવો પોતાની આજીવિકાનો વ્યાઘાત થતો હોય તો ત્રિકાળપૂજાને બદલે અન્ય ઉચિત કાળે પૂજા કરે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે વિવેકી પુરુષો આલોકની અને પરલોકની સર્વ પ્રવૃત્તિ ચિત્તના ક્લેશ શમન માટે જ કરે છે તેથી જ ભોગાદિ પણ ક્લેશના શમન માટે જ કરે છે પરંતુ ભોગતૃષ્ણા વૃદ્ધિ થાય તે રીતે કરતા નથી જ્યારે અવિવેકી જીવો જ પરલોકની પ્રવૃત્તિ તે રીતે કરે છે કે જેનાથી આલોકની પ્રવૃત્તિમાં ક્લેશ થાય. અને આ રીતે ક્લેશ કરીને તે જીવો કષાયોની જ વૃદ્ધિ કરીને પરલોકની પ્રવૃત્તિને પણ નિષ્ફળ પ્રાયઃ કરે છે.

પંજિકામાં 'ઉચિતવૃત્તિવાળા'નો અર્થ કર્યો કે સ્વકુલાદિને ઉચિત શુદ્ધ જીવનના ઉપાયવાળા, તેથી એ પ્રાપ્ત થાય કે આર્યદેશમાં બ્રાહ્મણાદિ જે કુળો છે તે સર્વ કુળો પોતપોતાના કુળને અનુકૂળ એવી, ઉચિત પ્રવૃત્તિથી આજીવિકા કરવાનું બતાવે છે, અને દરેક કુળને ઉચિત એવી શુદ્ધ આજીવિકાની પ્રવૃત્તિ ધર્મથી નિયંત્રિત છે અને અધર્મથી જીવનું રક્ષણ કરનાર છે, તેથી તે તે કુળને ઉચિત પ્રવૃત્તિથી આજીવિકા નહીં કરનારા જીવો ધર્મ માટે અનધિકારી છે અને ઉચિત પ્રવૃત્તિથી આજીવિકા કરનારા જીવોને શાસ્ત્રમાં ધર્મના અધિકારી તરીકે સ્વીકારેલ છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ એતદ્બહુમાની-વિધિપર-ઉચિતવૃત્તિવાળા જીવોને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના

અધિકારી કહ્યા, ત્યાં કોઈને શંકા થાય કે જે જીવોનાં જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મો વિશેષ પ્રકારનાં હોય, તે જીવોને તે તે કર્મોને કારણે સમ્યક્ ચૈત્યવંદનનો લાભ થતો નથી, તેથી જે જીવોને તે કર્મોનો ક્ષય થયો છે, તે જીવોને જ ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના અધિકારી કહેવા જોઈએ, પરંતુ એતદ્બહુમાની આદિ ગુણોવાળા જીવોને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના અધિકારી કહેવા જોઈએ નહીં. એ પ્રકારની શંકાના નિવારણ અર્થે કહે છે –

વિશિષ્ટ કર્મના ક્ષય વગર જીવો ચૈત્યવંદન સૂત્રના બહુમાની આદિ ત્રણ ગુણોવાળા થતા નથી. તેથી એ ફલિત થાય કે સમ્યક્ ચૈત્યવંદનની પ્રાપ્તિને અનુકૂળ એવાં જ્ઞાનાવરણીય-દર્શનમોહનીય-ચારિત્રમોહનીય કર્મોનો ક્ષય થયો હોય, તેવા જીવો જ ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના બહુમાનવાળા-વિધિપર-ઉચિતવૃત્તિવાળા હોય છે, અન્ય નહીં, તેથી ચૈત્યવંદન સૂત્રના બહુમાની આદિ ત્રણ ગુણોથી વ્યંગ્ય એવા કર્મવિશેષના ક્ષયવાળા જીવો જ ચૈત્યવંદનના અધિકારી છે એમ ફલિત થાય.

અહીં પ્રશ્ન થાય કે ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના અધિકારી જીવોના એતદ્બહુમાની-વિધિપર-ઉચિતવૃત્તિવાળા, એમ ત્રણ વિશેષણો કહ્યા, તે ત્રણ વિશેષણો પ્રાપ્ત થવાનો ક્રમ ક્યો છે ? તેથી કહે છે –

આ ત્રણ ભાવો પ્રાપ્ત થવાનો ક્રમ પણ આ જ છે. આ જ ક્રમથી કેમ આ ત્રણ ભાવો થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

જેઓને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ પ્રત્યે બહુમાન નથી તેઓ ક્યારેય પણ તત્ત્વથી વિધિપર થઈ શકતા નથી; કેમ કે વિધિપ્રયોગનું ભાવપ્રધાનપણું છે. આશય એ છે કે જેઓને વીતરાગ પ્રત્યે બહુમાન હોય, તેઓને જ વીતરાગની સ્તુતિસ્વરૂપ ચૈત્યવંદનનાં સૂત્રો પ્રત્યે બહુમાન થાય છે, અને જેઓને ચૈત્યવંદનનાં સૂત્રો પ્રત્યે બહુમાન હોય તેઓ જ વીતરાગ બનવાના પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદનના સૂત્રમાં યત્ન કરે છે. અને તેવા બહુમાન વગરના જીવો આલોક કે પરલોકની આકાંક્ષાથી ચૈત્યવંદન કરતા પણ હોય અને બાહ્ય રીતે ચૈત્યવંદનની વિધિમાં તત્પર પણ હોય, તોપણ પરમાર્થથી તેઓ જિનગુણના પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદન કરતા નથી; કેમ કે વિધિપ્રયોગ માત્ર બાહ્ય આચરણારૂપ નથી, પરંતુ જિનગુણના પ્રણિધાનવાળા ભાવથી યુક્ત કરાયેલી આચરણારૂપ છે, અને આવો જિનગુણના પ્રણિધાનવાળો ભાવ ચૈત્યવંદન સૂત્ર પ્રત્યેના બહુમાન વગર થતો નથી, માટે ચૈત્યવંદન સૂત્ર પ્રત્યેના બહુમાનવાળા જીવો જ વિધિપર થઈ શકે છે, અન્ય નહીં.

વળી, જેઓ ચૈત્યવંદન સૂત્રના પાઠાદિમાં વિધિપર છે તેઓ જ ઉચિતવૃત્તિવાળા હોય છે, અન્ય નહીં. તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

જેઓ પરલોકને સાધનાર એવી ચૈત્યવંદનની ક્રિયાની વિધિમાં અનુચિત કરનારા છે તેઓ આલોકની વિધિમાં ઉચિત પ્રવૃત્તિ કરનારા હોતા નથી; કેમ કે વિષયના ભેદથી આલોક-પરલોકના ઔચિત્યનો અભાવ છે.

આશય એ છે કે પરલોકપ્રધાન જીવો શાસ્ત્રવિધિ અનુસાર પ્રવૃત્તિ કરનારા હોય, તેઓ જ સ્વકુળાદિને

ઉચિત પરિશુદ્ધ આચારવાળા હોય છે; કેમ કે પરલોકપ્રધાન જીવોની જ આલોકમાં પણ ઔચિત્યપૂર્વકની પ્રવૃત્તિ હોય છે, અને આ કથનમાં સાક્ષીપાઠ આપતાં પંજિકાકાર કહે છે કે જે જીવો પરલોકવિરુદ્ધ કૃત્યો કરે છે તે જીવોનો દૂરથી જ ત્યાગ કરવા યોગ્ય છે; કેમ કે જેઓ પોતાના આત્માને ઠગે છે તેઓ બીજા માટે હિતરૂપ કઈ રીતે થઈ શકે ? તેથી ફલિત થાય કે જે જીવો પરલોકમાં ઉપકારી છે એવા ચૈત્યવંદન સૂત્રને વિધિપૂર્વક કરતા નથી, તેવી પ્રકૃતિવાળા જીવો આલોકમાં પણ પોતાના કુળને ઉચિત એવા પરિશુદ્ધ આચારો સેવતા નથી, આથી જેઓ પરલોકની પ્રવૃત્તિમાં વિધિપર છે તેઓ જ આલોકની પ્રવૃત્તિમાં ઉચિતવૃત્તિવાળા હોય છે; કેમ કે આલોક-પરલોકના ઔચિત્યનો ભિન્નવિષયપણાથી ભેદ નથી. અર્થાત્ પરલોક માટે જે પરિણામસુંદર કૃત્ય હોય તે જ આલોક માટે પણ પરિણામસુંદર કૃત્ય હોય અને આલોક માટે જે પરિણામસુંદર કૃત્ય હોય તે જ પરલોક માટે પણ પરિણામસુંદર કૃત્ય હોય.

આથી એ પ્રાપ્ત થાય કે જે જીવો પોતાના કુળ આદિને કલંક લગાવે તેવી હિંસા, ચોરી, પ્રપંચાદિ પ્રવૃત્તિથી આલોકમાં અનુચિત પ્રવૃત્તિ કરનારા હોય, તેઓ પરલોકપ્રધાન એવી જિનગુણના પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદનાદિની ક્રિયારૂપ ઉચિત પ્રવૃત્તિ કરનારા હોતા નથી; અને જે જીવો પરલોકપ્રધાન એવી જિનગુણના પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદનાદિની ક્રિયારૂપ ઉચિત પ્રવૃત્તિ કરતા હોય, તેઓ આલોકમાં પોતાના કુળાદિને અનુચિત એવાં હિંસાદિ કૃત્યોપૂર્વક આજીવિકા વગેરે કરતા નથી, પરંતુ પોતાના કુળાદિને ક્યાંય કલંક ન લાગે તે રીતે જીવન જીવનારા હોય છે, તેથી જે જીવો પરલોક વિષયક અનુષ્ઠાનો વિધિપૂર્વક સેવે છે તેઓ આલોકમાં પણ ઉચિત પ્રવૃત્તિ કરે છે, એ પ્રકારનો અર્થ ફલિત થાય. આનાથી એ પ્રાપ્ત થાય કે વિવેકી પુરુષ પરલોક અર્થે જે કોઈ પ્રવૃત્તિ કરે છે તેના દ્વારા કષાયોનો ક્લેશ જ શમન કરે છે અને આલોકમાં પણ જે દાનઅર્જના આદિ કરે છે તે કષાયરૂપ ક્લેશના શમ અર્થે જ કરે છે ફક્ત સંપૂર્ણ ધર્મ સેવવાની શક્તિનો સંચય થયો નથી તેથી ગૃહસ્થ અવસ્થામાં રહીને સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને તે તે પ્રકારના ક્લેશોનું શમન કરે છે આથી જ આલોકની પ્રવૃત્તિનો અને પરલોકની પ્રવૃત્તિનો કષાય શમનરૂપ વિષય એક છે.

અહીં પંજિકામાં કહ્યું કે આલોક-પરલોકના દૃષ્ટ-અદૃષ્ટ અપાયના પરિહારપૂર્વકની પ્રવૃત્તિરૂપ ઔચિત્યનો ભિન્નવિષયપણાથી અભાવ છે. તેનું તાત્પર્ય એ છે કે આલોકની ઉચિત પ્રવૃત્તિ વર્તમાનના અનર્થના પરિહારવાળી હોય અને પરલોકના પણ અનર્થના પરિહારવાળી હોય, તેમજ પરલોકની ઉચિત પ્રવૃત્તિ પણ વર્તમાનના ક્લેશરૂપ અનર્થના અને પરલોકના અનર્થના પરિહારવાળી હોય, તેથી નક્કી થાય કે બ્રાહ્મણાદિ સ્વવર્ણને ઉચિત વિશુદ્ધ વૃત્તિ એ જ છે કે જે પ્રવૃત્તિથી આલોકમાં પણ કોઈ અનર્થ ન થાય અને પરલોકમાં પણ કોઈ અનર્થ ન થાય, માટે અર્થથી એ સિદ્ધ થાય કે જે આચારોના સેવનથી આલોકમાં કોઈ અનર્થની પ્રાપ્તિ ન થાય, પરંતુ સુખ-શાંતિપૂર્વક ગૃહસ્થજીવન જીવી શકાય, તેમજ તે આલોકની પ્રવૃત્તિ ધર્મથી નિયંત્રિત હોવાને કારણે પરલોકમાં પણ તેનાથી કોઈ અનર્થની પ્રાપ્તિ ન થાય, તેવા સ્વકુલાદિને ઉચિત પરિશુદ્ધ સમાચાર દરેક વર્ણના છે, આથી જ ધર્મી જીવો સંપૂર્ણ ધર્મ સેવવાના અર્થી હોવા છતાં સંપૂર્ણ ધર્મરૂપ સર્વવિરતિને સેવવાની શક્તિનો સંચય ન થાય ત્યાં સુધી તેઓ ધર્મથી નિયંત્રિત એવા જે અર્થ-કામ

સેવે છે તે સર્વ ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી તે જીવોનું તેનાથી વર્તમાનમાં પણ કોઈ અહિત થતું નથી, તેમજ પરલોકમાં પણ કોઈ અહિત થતું નથી; પરંતુ જેઓ હિંસા-ચોરી વગેરે અકાર્યો કરે છે, તેઓને પોતાના કુળાદિને કલંક લગાડનારી તે અનુચિત પ્રવૃત્તિઓથી વર્તમાનમાં પણ અહિત થવાની સંભાવના રહે છે, તેમજ પરલોકમાં પણ તેઓનું અહિત થાય છે.

વળી, ઘણા લોકો કહે છે કે આલોક-પરલોકના વિષયમાંથી એક સ્થાને ઉચિત કરનારા જીવો પણ અન્ય સ્થાને અનુચિત કરનારા હોય છે, તેથી કોઈ જીવ પરલોક વિષયક ચૈત્યવંદનાદિ ક્રિયા શાસ્ત્રાનુસારી કરનાર હોવા છતાં આલોકમાં પોતાના કુળાદિના પરિશુદ્ધ આચારવાળો ન હોય તેવું પણ બને, તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

વિચાર કર્યા વગર બોલનારા જીવો આ પ્રમાણે કહે છે અર્થાત્ એક સ્થાને અનુચિત કરનારા પણ અન્ય સ્થાને ઉચિત કરનારા હોય છે એ પ્રમાણે કહે છે. આનાથી એ ફલિત થાય કે જેઓ આલોકમાં પોતાના કુળને કલંક લાગે તેવી હિંસાદિ અનુચિત પ્રવૃત્તિ કરનારા છે. તેઓ પરલોકપ્રધાન એવી ધર્મપ્રવૃત્તિ કરતા હોય તોપણ પરમાર્થથી તેઓની તે ધર્મપ્રવૃત્તિ જિનગુણના પ્રણિધાનપૂર્વકની નથી, માત્ર બાહ્ય આચરણાત્મક છે, જેઓ જિનગુણના પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદનાદિ કરે છે તેઓ આલોકમાં પણ પોતાના કુળને કલંક લાગે તેવી પ્રવૃત્તિ કરતાં નથી, ક્વચિત્ કર્મના અતિપ્રાચુર્યથી તેઓ કર્મને પરવશ થઈને અનુચિત પ્રવૃત્તિ કરતા હોય, તોપણ તેઓ સ્વકુળને અનુચિત પ્રવૃત્તિ પ્રત્યે જુગુપ્સાવાળા હોય છે અને તે અનુચિત પ્રવૃત્તિને ઘટાડવા પ્રયત્ન કરતા હોય છે, તેમજ શક્ય હોય ત્યાં સુધી તેઓ અનુચિત પ્રવૃત્તિ કરતા નથી.

ललितविस्तरा :-

तदेतेऽधिकारिणः परार्थप्रवृत्तैर्लिङ्गतोऽवसेयाः, मा भूदनधिकारिप्रयोगे दोष इति, लिङ्गानि चैषां तत्कथाप्रीत्यादीनि, तद्यथाः– (१-५) तत्कथाप्रीतिः, निन्दाऽश्रवणम्, तदनुकम्पा, चेतसो न्यासः, परा जिज्ञासा, तथा- (६-१०) गुरुविनयः, सत्कालापेक्षा, उचितासनं, युक्तस्वरता, पाठोपयोगः, तथा- (११-१५) लोकप्रियत्वं, अगर्हिता क्रिया, व्यसने धैर्यं, शक्तितस्त्यागो, लब्धलक्ष्यत्वं चेति, एभिस्तदधिकारितामवेत्यैतदध्यापने प्रवर्तेत, अन्यथा दोष इत्युक्तं।

ललितविस्तरार्थ :-

તે કારણથી=પૂર્વમાં કહ્યું તેમ અનધિકારી જીવોનું ચૈત્યવંદન સૂત્રના પાઠથી, ચૈત્યવંદન સૂત્રના અર્થના શ્રાવણથી-ચૈત્યવંદનના કરણથી અહિત થાય છે તે કારણથી, આ અધિકારીઓ= પૂર્વમાં બતાવ્યા એ એતદ્બહુમાની આદિ ત્રણ વિશેષણોવાળા ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના અધિકારી જીવો, પરાર્થમાં પ્રવૃત્તો વડે=પરોપકારમાં પ્રવૃત્ત એવા ઉપદેશકો વડે, લિંગથી જાણવા જોઈએ.

લિંગથી કેમ જાણવા જોઈએ ? તેથી કહે છે –

અનધિકારીના પ્રયોગમાં દોષ ન થાઓ=અનધિકારી જીવોને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવામાં અહિતની પ્રાપ્તિરૂપ દોષ ન થાઓ, એથી લિંગથી જાણવા જોઈએ. અને આમના=ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના અધિકારી એવા એતદ્‌બહુમાની-વિધિપર-ઉચિતવૃત્તિવાળા જીવોના, તત્કથાપ્રીતિ આદિ લિંગો છે. તે આ પ્રમાણે –

(૧) તત્કથામાં પ્રીતિ=ચૈત્યવંદનની કથામાં પ્રીતિ, (૨) નિંદાનું અશ્રવણ=ચૈત્યવંદન વિષયક નિંદા સાંભળવામાં રસનો અભાવ, (૩) તેમાં અનુકંપા=ચૈત્યવંદન વિષયક નિંદા કરનારા જીવોમાં દયા, (૪) ચિત્તનો ન્યાસ=ચૈત્યવંદનની ક્રિયાકાળમાં શાસ્ત્રાનુસારી કરવાના આશયપૂર્વક ચૈત્યવંદનની ક્રિયામાં ફરી ફરી મનનું સ્થાપન, (૫) પરા જિજ્ઞાસા=ચૈત્યવંદનની સમ્યક્ નિષ્પત્તિ વિષયક વિશેષ કોટિની જિજ્ઞાસા.

આ પાંચ લિંગો ચૈત્યવંદનના બહુમાનવાળા જીવોનાં છે.

અને (૬) ગુરુનો વિનય=પોતાને જે ગુરુ પાસેથી ચૈત્યવંદન સૂત્રના પાઠાદિની પ્રાપ્તિ થઈ હોય તે ગુરુ પ્રત્યે અંતરંગ પ્રીતિપૂર્વકનો બહુમાનભાવ, (૭) સત્કાલની અપેક્ષા=શાસ્ત્રમાં ચૈત્યવંદનની ક્રિયા વિષયક જે જે કાળ બતાવ્યો છે તે તે કાળની અપેક્ષા રાખીને ચૈત્યવંદન કરવામાં યત્ન, (૮) ઉચિત આસન=ચૈત્યવંદન સૂત્રનો પાઠ ગ્રહણ કરતી વખતે કે ચૈત્યવંદન સૂત્રના અર્થનું શ્રવણ કરતી વખતે કે ચૈત્યવંદનની ક્રિયા કરતી વખતે ઉચિત આસનપૂર્વકની પ્રવૃત્તિ, (૯) યુક્તસ્વરતા=ચૈત્યવંદન કરતી વખતે અન્ય વ્યક્તિના ધર્માનુષ્ઠાનમાં વ્યાઘાત ન થાય તે પ્રકારના સ્વરથી ચૈત્યવંદનની પ્રવૃત્તિ, (૧૦) પાઠમાં ઉપયોગ=ચૈત્યવંદનની ક્રિયાકાળમાં ચૈત્યવંદનાદિ સૂત્ર વિષયક જ માનસ ઉપયોગ.

આ પાંચ લિંગો વિધિમાં તત્પર જીવોનાં છે.

અને (૧૧) લોકમાં પ્રિયત્વ=ઉચિત પ્રવૃત્તિને કારણે લોકમાં પ્રિયપણું, (૧૨) અગર્હિત ક્રિયા=પોતાના કુળને કલંક ન લાગે તેવી સંસારની સર્વ આચરણા, (૧૩) વ્યસનમાં ધૈર્ય=વિષમ સંયોગોમાં ધીરતાપૂર્વકનો ઉચિત યત્ન, (૧૪) શક્તિથી ત્યાગ=ગૃહસ્થજીવનમાં પણ પોતાની શક્તિ અનુસાર ભોગાદિના ત્યાગની પ્રવૃત્તિ, (૧૫) અને લબ્ધલક્ષ્યત્વ=સંસારની સર્વ પ્રવૃત્તિનું અંતિમ લક્ષ્ય સ્વસ્થતાપૂર્વકનું જીવન છે તેથી આલોક-પરલોકમાં સ્વસ્થતાપૂર્વક જીવી શકાય તેવી જ પ્રવૃત્તિ કરવી તે લબ્ધલક્ષ્યપણું છે.

આ પાંચ લિંગો ઉચિતવૃત્તિવાળા જીવોનાં છે.

'इति' ચૈત્યવંદનના અધિકારી જીવોને જણાવનારાં ૧૫ લિંગોના કથનની સમાપ્તિમાં છે.

આમના વડે=ઉપર બતાવ્યાં એ ૧૫ લિંગો વડે, તેની અધિકારિતાને જાણીને=જીવોમાં ચૈત્યવંદન સૂત્રના પાઠાદિની અધિકારિતાને જાણીને, આના અધ્યાપનમાં પ્રવર્તે=પરાર્થમાં પ્રવૃત્ત એવા મહાત્મા ચૈત્યવંદન સૂત્ર વગેરેને ભણાવવામાં પ્રવર્તે. અન્યથા=લિંગો દ્વારા અધિકારી જીવને જાણ્યા વગર જેને તેને ચૈત્યવંદન સૂત્ર વગેરે ભણાવવામાં, દોષ છે, એ પ્રમાણે કહેવાયું છે.

पंजिका :-

'तेष्वनुकम्पे'ति। तेषु-चैत्यवन्दननिन्दकेषु, अनुकम्पा=दया, यथा 'अहो कष्टं! यदेते तपस्विनो रजस्तमोभ्यामावेष्टिता विवशा हितेषु मूढा इत्थमनिष्टमाचेष्टन्त इति।' ४. 'चेतसो न्यास' इति-अभिलाषातिरेकाच्चैत्यवन्दने एव पुनः पुनर्मनसः स्थापनं। ५. 'परा जिज्ञासे'ति, 'परा'-विशेषवती, चैत्यवन्दनस्यैव जिज्ञासा=ज्ञातुमिच्छा। ७. 'सत्कालापेक्षे' ति-सन्ध्यात्रयस्वरूपसुंदरकालाश्रयणम्। ९. 'युक्तस्वरते'ति-परयोगानुपघातिशब्दता। १०. 'पाठोपयोग' इति, पाठे-चैत्यवन्दनादिसूत्रगत एव, उपयोगो=नित्योपयुक्तता। १५. 'लब्धलक्षत्वं चेति', लब्धं=निर्णीतं सर्वत्रानुष्ठाने लक्ष्यं=पर्यन्तसाध्यं येन स तथा तद्भावस्तत्त्वं; यथा 'जो उ गुणो दोसकरो, न सो गुणो, दोसमेव तं जाण। अगुणो वि हु होइ गुणो, विणिच्छओ सुन्दरो जत्थ।।'**त्ति।**

पंजिकार्थ :-

'तेष्वनुकम्पे'ति ..... सुन्दरो जत्थ।।'त्ति ।। तेओमां अनुकंपा एटले तेओमां=चैत्यवंदनना निंदकोमां, अनुकंपा=दया.

તે દયાનું સ્વરૂપ 'यथा'थी સ્પષ્ટ કરે છે –

"અહો ! કષ્ટ છે, જે કારણથી આ તપસ્વીઓ=આ બિચારા જીવો, રજસ્-તમસ્થી આવેષ્ટિત=રાગ-દ્વેષના આવેશવાળા, વિવશ=કર્મને વશ, હિતોમાં મૂઢ આ પ્રકારના અનિષ્ટને=ચૈત્યવંદનની નિંદા કરે એ પ્રકારના અહિતને, આચરે છે."

'इति' દયાના સ્વરૂપકથનની સમાપ્તિમાં છે.

ચિત્તનો ન્યાસ એટલે અભિલાષના અતિરેકથી ચૈત્યવંદનમાં જ ફરી ફરી મનનું સ્થાપન.

પરા જિજ્ઞાસા એટલે પરા=વિશેષવાળી, ચૈત્યવંદનની જ જિજ્ઞાસા=જાણવાની ઇચ્છા.

સત્કાલની અપેક્ષા એટલે સંધ્યાત્રય સ્વરૂપ સુંદર કાળનું આશ્રયણ=ચૈત્યવંદન કરવા અર્થે શાસ્ત્રસંમત એવા સુંદર કાળનું આશ્રયણ.

યુક્તસ્વરતા એટલે પરના યોગની અનુપઘાતી એવી શબ્દતા=ચૈત્યવંદન કરતી વખતે અન્ય વ્યક્તિના ધર્મયોગને ઉપઘાત નહીં કરનારી એવી શબ્દોચ્ચારણની પ્રવૃત્તિ.

પાઠમાં ઉપયોગ એટલે ચૈત્યવંદનાદિ સૂત્રગત જ પાઠમાં ઉપયોગ=નિત્ય ઉપયુક્તતા.

અને લબ્ધલક્ષ્યપણું એટલે પ્રાપ્ત કરાયું છે=નિર્ણય કરાયું છે, સર્વ અનુષ્ઠાનમાં લક્ષ્ય=પર્યંતનું સાધ્ય, જેના વડે તે તેવા છે=લબ્ધલક્ષ્યવાળા છે, તેનો ભાવ તે પણું છે=લબ્ધલક્ષ્યનો ભાવ લબ્ધલક્ષ્યપણું છે.

તે લબ્ધલક્ષ્યનું સ્વરૂપ 'यथा'थी સ્પષ્ટ કરે છે –

વળી, જે ગુણ દોષને કરનારો છે=જે ધનાદિનો લાભ ભાવિમાં અનર્થને કરનારો છે, તે ગુણ નથી, તેને દોષ જ તું જાણ=તે ધનાદિના લાભને તું દોષ જ જાણ. અગુણ પણ ગુણ થાય છે=ધનાદિનો અલાભ પણ ગુણને કરનારો થાય છે, જ્યાં વિનિશ્ચય સુંદર છે=જે કાર્યમાં નિર્ણય ભાવિમાં અહિત ન થાય તેવો છે."

'त्ति' ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અનધિકારી જીવોને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવાથી તેઓનું અહિત થાય છે, તેથી ફલિત થાય કે અધિકારી જીવોને જ ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવા જોઈએ, અને એતદ્બહુમાની-વિધિપર-ઉચિતવૃત્તિવાળા જીવો અધિકારી છે, તેથી તેવા અધિકારી જીવોને પરોપકારમાં પ્રવૃત્ત એવા મહાત્માઓએ લિંગોથી જાણવા જોઈએ.

કેમ લિંગોથી જાણવા જોઈએ ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

જો અધિકારી જીવોને લિંગોથી જાણ્યા વગર ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવામાં આવે તો તેઓનો ઉપકાર થવાને બદલે તેઓને અહિતની પ્રાપ્તિ થાય, તેથી તેઓનું અહિત ન થાય તે માટે પરોપકારના અર્થી એવા મહાત્માએ અધિકારી જીવોને જાણ્યા પછી તેઓના ઉપકાર માટે તેઓને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવા જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે અધિકારી જીવોને કયા લિંગોથી જાણવા જોઈએ ? તેથી ગ્રંથકારશ્રી કહે છે કે અધિકારી જીવોનાં તત્કથાપ્રીતિ આદિ ૧૫ લિંગો છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ચૈત્યવંદનના અધિકારી જે જીવો છે તેઓ ચૈત્યવંદનના બહુમાની છે, તેઓને જાણવાનાં તત્કથાપ્રીતિ આદિ પાંચ લિંગો છે, ચૈત્યવંદનના અધિકારી જે જીવો છે તેઓ વિધિપર છે, તેઓને જાણવાનાં ગુરુવિનય આદિ પાંચ લિંગો છે અને ચૈત્યવંદનના અધિકારી જે જીવો છે તેઓ ઉચિત-વૃત્તિવાળા છે, તેઓને જાણવાનાં લોકપ્રિયત્વ આદિ પાંચ લિંગો છે. આ ૧૫ લિંગોથી ચૈત્યવંદનના અધિકારી જીવોને જાણીને તેઓને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવામાં આવે તો તેઓનું હિત થાય છે, તેથી પરાર્થપ્રવૃત્ત એવા મહાત્માએ આ ૧૫ લિંગો દ્વારા જીવોની ચૈત્યવંદનની અધિકારિતાને જાણીને તેઓને ચૈત્યવંદન સૂત્રના અધ્યાપનમાં પ્રવૃત્તિ કરવી જોઈએ, પરંતુ જો પરોપકારના અર્થી પણ મહાત્મા લિંગો જાણ્યા વગર જીવોને ચૈત્યવંદન સૂત્રના અધ્યાપનમાં પ્રવૃત્તિ કરે તો તે મહાત્માને અન્ય જીવનું અહિત કરવાની પ્રવૃત્તિની પ્રાપ્તિ થાય છે, એમ શાસ્ત્રમાં કહેવાયું છે.

ચૈત્યવંદનના અધિકારી જીવોનાં ૧૫ લિંગોનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

ચૈત્યવંદનના બહુમાનવાળા જીવોનાં પાંચ લિંગો આ પ્રમાણે છે :-

(૧) **તત્કથાપ્રીતિ :** જે જીવોને ચૈત્યવંદનનાં સૂત્રો પ્રત્યે બહુમાન છે તે જીવોને, ચૈત્યવંદનને સમ્યક્ કરનારા જીવોની કથા ચાલતી હોય, અથવા ચૈત્યવંદનને સમ્યક્ કઈ રીતે કરી શકાય તેનું વક્તવ્ય ચાલતું

હોય, અથવા ચૈત્યવંદનને સમ્યક્ કરવાથી આલોક-પરલોકમાં કેવાં સુંદર ફળ મળે છે તેનું વક્તવ્ય ચાલતું હોય, તે સાંભળવામાં પ્રીતિ વર્તે છે, તેથી ઉપદેશક જ્યારે ધર્મનું માહાત્મ્ય બતાવીને ધર્મના અર્થી જીવોને ચૈત્યવંદન વિષયક શુભ પ્રવૃત્તિનું વર્ણન કરતા હોય, ત્યારે તે કથન સાંભળીને અધિકારી જીવમાં જે પ્રીતિ વર્તતી હોય, તેને જોઈને પરોપકારમાં પ્રવૃત્ત એવા મહાત્મા નિર્ણય કરી શકે કે આ પુરુષમાં ચૈત્યવંદનનાં સૂત્રો પ્રત્યેનું બહુમાન વર્તે છે.

(૨) **નિંદાઅશ્રવણ :** જે જીવોને ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો પ્રત્યે બહુમાન છે, તે જીવો પાસે ધર્મથી વિમુખભાવવાળા જીવો ચૈત્યવંદનની નિંદા કરે કે "ચૈત્વંદનાદિ અનુષ્ઠાનો અર્થ વગરનાં છે, તે કરવાથી કોઈ ફળની પ્રાપ્તિ થતી નથી, અવિચારક જીવો પરલોકનો ભય બતાવીને લોકોને આવી નિરર્થક પ્રવૃત્તિ કરવાની પ્રેરણા કરે છે," એ પ્રકારની નિંદા સાંભળવામાં તેઓને રસ હોતો નથી.

તેથી ફલિત થાય કે જે જીવોને ઉપદેશક પાસે ચૈત્યવંદનની કથા સાંભળતી વખતે કંઈક પ્રીતિ થતી હોય, છતાં ધર્મ પ્રત્યે વિમુખભાવવાળા જીવોનાં ચૈત્યવંદન વિષયક નિંદાનાં વચનો સાંભળીને જેઓ ધર્મથી વિમુખ થાય તેવા હોય, તેવા જીવો પરમાર્થથી ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો પ્રત્યે બહુમાનવાળા નથી.

(૩) **તદનુકંપા :** જે જીવો ચૈત્યવંદન પ્રત્યે બહુમાનવાળા છે, તે જીવો પાસે અવિચારક જીવો ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનોની નિંદા કરતા હોય તો તે સાંભળીને તે અવિચારક જીવો પ્રત્યે તેઓને અનુકંપા થાય છે કે "આ બિચારા જીવો સંસાર પ્રત્યેના રાગથી અને ધર્મ પ્રત્યેના દ્વેષથી આવિષ્ટ ચિત્તવાળા છે, કર્મને પરવશ છે, તેથી ગુણવાન એવા ભગવાનની ભક્તિના કારણ અત્યંત હિતકારી એવા ચૈત્યવંદનના પરમાર્થમાં મૂઢ છે, જેથી ચૈત્યવંદનના પરમાર્થને જાણ્યા વગર આ પ્રકારે ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનોની નિંદા કરે છે." આ પ્રકારની અનુકંપાથી જણાય કે આ જીવોને ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો પ્રત્યે બહુમાન છે.

(૪) **ચિત્તનો ન્યાસ :** જે જીવોને ચૈત્યવંદન પ્રત્યે બહુમાન વર્તે છે, તે જીવોને ચૈત્યવંદનના પરમાર્થ જાણવાનો અતિશય અભિલાષ હોય છે, તેથી ચૈત્યવંદન સૂત્રને ભણવામાં અને ચૈત્યવંદન સૂત્રના પરમાર્થને બતાવનારો ઉપદેશ સાંભળવામાં તેઓનું ચિત્ત ફરી ફરી અભિલાષના અતિશયથી પ્રવર્તે છે, તેનાથી જણાય કે આ જીવોને ચૈત્યવંદન પ્રત્યે બહુમાન છે.

(૫) **પરા જિજ્ઞાસા :** જે જીવોને ચૈત્યવંદન પ્રત્યે બહુમાન છે, તે જીવોને ચૈત્યવંદન સૂત્ર ભણવા માત્રથી કે ચૈત્યવંદન સૂત્રના પરમાર્થને જાણવા માત્રથી સંતોષ થતો નથી, પરંતુ આ ચૈત્યવંદન સંસારના ઉચ્છેદનું કારણ કઈ રીતે બને છે ? અને શક્તિના પ્રકર્ષથી ગુણવાનના ગુણની સ્તુતિ દ્વારા આત્મામાં વીતરાગ જેવા ગુણો પ્રગટાવવામાં ચૈત્યવંદન પ્રબળ કારણ કઈ રીતે બને છે ? તેના પરમાર્થને જાણવાની વિશેષ પ્રકારની જિજ્ઞાસા હોય છે, આ પ્રકારની પરા જિજ્ઞાસાથી જણાય કે આ જીવોને ચૈત્યવંદનનાં સૂત્રો પ્રત્યે અત્યંત બહુમાન છે.

ચૈત્યવંદનની વિધિમાં તત્પર જીવોનાં પાંચ લિંગો આ પ્રમાણે છે :-

(૬) **ગુરુવિનય :** જે જીવો ચૈત્યવંદનની વિધિમાં તત્પર છે, તે જીવોમાં પોતાને ચૈત્યવંદન સૂત્રનો પાઠ

કરાવનારા અને ચૈત્યવંદન સૂત્રના અર્થોનો પરમાર્થ બતાવનારા ગુરુ પ્રત્યે અંતરંગ બહુમાનનો ભાવ હોય છે, તેથી આવા જીવો ગુણવાન ગુરુ પાસેથી ચૈત્યવંદન સૂત્ર અને તેના અર્થો વિનયપૂર્વક ગ્રહણ કરે છે, તેનાથી જણાય કે આ જીવો વિધિપર છે.

(૭) સત્કાલઅપેક્ષા : જે જીવો ચૈત્યવંદનની વિધિમાં તત્પર છે, તે જીવો ચૈત્યવંદનની ક્રિયા કરવામાં સત્કાલની અપેક્ષાવાળા હોય છે, તેથી શાસ્ત્રમાં ચૈત્યવંદન કરવા અર્થેનો જે ત્રણ સંધ્યારૂપ સુંદર કાળ બતાવેલ છે, તે કાળનું તેઓ આશ્રયણ કરે છે અને શક્તિ હોય તો તેઓ તે ત્રણેય કાળમાં સમ્યક્ ચૈત્યવંદન કરીને ભગવાનના ગુણોથી પોતાના ચિત્તને તે રીતે વાસિત કરે છે. જેથી દિવસ દરમિયાન સદા તેઓનો આત્મા ચૈત્યવંદનનાં સૂત્રોના ભાવોથી વાસિત રહે છે, તેનાથી જણાય કે આ જીવો વિધિપર છે.

અહીં સંધ્યાત્રય એટલે સૂર્યોદય વખતે, રાત્રિનો અંત અને દિવસના પ્રારંભના જોડાણનો સમય એ સવારની સંધ્યા છે, દિવસના પૂર્વાર્ધનો અંત અને દિવસના ઉત્તરાર્ધના પ્રારંભના જોડાણનો સમય એ બપોરની સંધ્યા છે, સૂર્યાસ્ત વખતે દિવસનો અંત અને રાત્રિના પ્રારંભના જોડાણનો સમય એ સાંજની સંધ્યા છે.

(૮) ઉચિતઆસન : જે જીવો ચૈત્યવંદનની વિધિમાં તત્પર હોય તે જીવો ચૈત્યવંદનનાં સૂત્રો ગ્રહણ કરતા હોય, ચૈત્યવંદનનાં સૂત્રોના અર્થોનું શ્રવણ કરતા હોય કે ઉચિત કાળે ચૈત્યવંદનની ક્રિયા કરતા હોય ત્યારે, તે તે ક્રિયાને ઉચિત એવા આસનપૂર્વક તે તે ક્રિયા કરે છે, પરંતુ જેમ-તેમ બેસીને તેઓ સૂત્રનું ગ્રહણ, અર્થનું શ્રવણ કે ચૈત્યવંદનની ક્રિયા કરતા નથી. તેનાથી જણાય કે આ જીવો વિધિપર છે.

(૯) યુક્તસ્વરતા : જે જીવો ચૈત્યવંદનની વિધિમાં તત્પર હોય, તે જીવો અન્ય કોઈના ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનનો ઉપઘાત ન થાય તેની ચિંતાપૂર્વક યોગ્ય સ્વરથી ચૈત્યવંદનની ક્રિયા કરે છે, તેનાથી જણાય કે આ જીવોમાં વિધિપરતા છે.

અહીં વિશેષ એ છે કે અન્ય જીવની ઉચિત પ્રવૃત્તિમાં વિઘ્નભૂત બને તે રીતે ધર્મનાં અનુષ્ઠાનો અવિચારક જીવો કરે છે, અને તેવાં ધર્માનુષ્ઠાનો શુદ્ધ આશયથી કરાતાં હોય તોપણ તે અન્યનાં ધર્માનુષ્ઠાનોમાં અંતરાયભૂત હોવાથી દોષરૂપ છે, તેથી વિધિમાં તત્પર જીવો તેવા દોષને શાસ્ત્રથી જાણીને અવશ્ય તેના નિવારણ માટે યત્ન કરે છે.

(૧૦) પાઠઉપયોગ : જે જીવો ચૈત્યવંદનની વિધિમાં તત્પર છે, તે જીવો ચૈત્યવંદન સૂત્ર ભણતા હોય, ચૈત્યવંદન સૂત્રના અર્થ સાંભળતા હોય કે ચૈત્યવંદન કરતાં હોય, ત્યારે તે તે ક્રિયામાં બોલાતા પાઠમાં ઉપયોગવાળા હોય છે, પરંતુ તે તે ક્રિયાકાળમાં અન્ય અન્ય વિષયો ગ્રહણ કરવાના વ્યાપારવાળા હોતા નથી, આથી જ આવા જીવો ચિત્તના અત્યંત પ્રણિધાનપૂર્વક, તે તે ક્રિયાથી અન્યત્ર ઇન્દ્રિયોનો ઉપયોગ ન પ્રવર્તે, ચિત્ત અન્યત્ર ગમન ન કરે, તે માટે સતત યત્ન કરનારા હોય છે, તેનાથી નિર્ણય થઈ શકે કે આ જીવોમાં ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ વિધિપૂર્વક કરવાનો પરિણામ છે.

ઉચિતવૃત્તિવાળા જીવોનાં પાંચ લિંગો આ પ્રમાણે છે :-

(૧૧) લોકપ્રિયત્વ : જે જીવો પોતાના કુળાદિને ઉચિત એવી શુદ્ધ પ્રવૃત્તિ કરનારા હોય, તેવા જીવો લોકમાં પ્રિય બને છે; કેમ કે તેઓને જોઈને શિષ્ટ પુરુષોને લાગે છે કે આ જીવો ક્યારેય પોતાના કુળને કલંક લાગે તેવી અનુચિત પ્રવૃત્તિ કરતાં નથી, તેથી તેઓ પ્રત્યે તે શિષ્ટ પુરુષોને પ્રીતિ વર્તે છે, તેનાથી નક્કી થાય કે આ જીવો ઉચિતવૃત્તિવાળા છે.

(૧૨) અગર્હિતા ક્રિયા : જે જીવો સ્વકુળાદિને ઉચિત એવા શુદ્ધ જીવનના ઉપાયવાળા છે, તે જીવો લોકમાં ગર્હા થાય તેવું કોઈ કૃત્ય કરતા નથી, તેથી આવા જીવો અન્યાયપૂર્વક, કે બીજાને ઠગવાપૂર્વક અર્થનું ઉપાર્જન કરતા નથી, કે અત્યંત નિંદ્ય કૃત્યો કરીને ધનની પ્રાપ્તિ કરતા નથી, તેનાથી જાણી શકાય કે આ જીવો ઉચિતવૃત્તિવાળા છે.

(૧૩) વ્યસનમાં ધૈર્ય : જે જીવો આલોકમાં ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય, તે જીવો હંમેશાં ધર્મપ્રધાન માનસવાળા હોય છે, તેથી તેઓને ક્વચિત્ પૂર્વ કર્મોને કારણે ભૌતિક વિપરીત સંયોગો પ્રાપ્ત થાય, કે શારીરિક રોગાદિ થાય, ત્યારે તેઓ તેનાથી વિહ્વળ બનતા નથી, પરંતુ વિચારે છે કે "આ પૂર્વે કરેલી અનુચિત પ્રવૃત્તિનું જ ફળ છે, માટે હવે તે કર્મના વિપાકકાળમાં મનને અસ્વસ્થ રાખીને કર્મો બાંધવાં કે ક્લેશ કરવો મારે માટે ઉચિત નથી." આમ વિચારીને તે જીવો આપત્તિમાં પણ અસ્વસ્થતા પામ્યા વગર ધૈર્યપૂર્વક તે આપત્તિના નિવારણમાં સમ્યગ્ યત્ન કરે છે. આ પ્રકારની ઉત્તમ પ્રકૃતિથી જણાય છે કે આ જીવો ઉચિતવૃત્તિવાળા છે.

(૧૪) શક્તિથી ત્યાગ : જે જીવો આ લોકમાં ઉચિત પ્રવૃત્તિ કરનારા છે, તે જીવો હંમેશાં ધર્મને પ્રધાન કરનારા હોય છે, અને ધર્મપ્રધાન જીવો હંમેશાં વિચારે છે કે "શક્તિનો પ્રકર્ષ થાય તો પૂર્ણ ધર્મ જ સેવવો જોઈએ," તેથી તેવા જીવો ભોગાદિની પ્રવૃત્તિ કરતા હોય કે અર્થનું ઉપાર્જન કરતા હોય, તોપણ તેઓ પોતાની શક્તિ અનુસાર ભોગાદિનો ત્યાગ કરે છે, તેમજ પ્રાપ્ત થયેલા અર્થનો ધર્મમાર્ગમાં વ્યય કરે છે. તેનાથી નક્કી થાય કે આ જીવો ઉચિતવૃત્તિવાળા છે.

(૧૫) લબ્ધલક્ષ્યત્વ : જે જીવો આ લોકમાં ઉચિત પ્રવૃત્તિ કરનારા છે, તે જીવો લક્ષ્યનો યથાર્થ નિર્ણય કરીને સર્વ પ્રવૃત્તિ કરે છે, પરંતુ લક્ષ્યનો નિર્ણય કર્યા વગર જેમ-તેમ પ્રવૃત્તિ કરતા નથી અને વિવેકી જીવોનું સર્વ પ્રવૃત્તિનું લક્ષ્ય પોતાનું એકાંતે સાનુબંધ હિત છે અને વિચારક જીવો જાણતા હોય કે "જીવનું એકાંતહિત પૂર્ણ ધર્મ સેવવાથી થાય છે; કેમ કે ધર્મનું અનુષ્ઠાન કષાયોના ક્લેશના શમનને અનુકૂળ ઉચિત આચરણારૂપ છે. અને પૂર્ણ ધર્મ સેવવાની શક્તિ ન આવે ત્યાં સુધી શક્તિના પ્રકર્ષથી પોતાની ભૂમિકાનુસાર ધર્મ સેવવો જોઈએ, તેમજ ધર્મનો વ્યાઘાત ન થાય, પરંતુ ઉત્તરોત્તર ધર્મવૃદ્ધિમાં અંગભૂત બને તે રીતે અર્થ-કામ સેવવા જોઈએ." આવા જીવો શક્તિ અનુસાર ધર્મ સેવે છે, અર્થોપાર્જન કરીને ધનનો સન્માર્ગમાં વ્યય કરે છે, ધર્મનો અતિશય કરવામાં વિઘ્નભૂત એવી ભોગાદિની ઇચ્છાને શમાવવા માટે ભોગાદિ સેવે છે. આમ, એકાંતહિતની પરંપરારૂપ પોતાના લક્ષ્યનો નિર્ણય કરીને જેઓ સંસારનાં સર્વ અનુષ્ઠાનો કરે છે,

તેઓ લબ્ધલક્ષ્યવાળા છે, અને આવા લબ્ધલક્ષ્યવાળા જીવોને જોઈને નક્કી થાય કે આ જીવો ઉચિતવૃત્તિવાળા છે, તેથી આ જીવો પોતાના કુળાદિને કલંક લગાડે તેવી કોઈ અશુભ પ્રવૃત્તિ કરે નહીં, પરંતુ પોતાના કુળાદિને દીપાવે તેવી શુભ પ્રવૃત્તિ કરે છે.

આ પ્રકારનાં ૧૫ લક્ષણો જે જીવોમાં હોય, તે જીવો ચૈત્યવંદનના બહુમાની છે, વિધિપર છે અને ઉચિતવૃત્તિવાળા છે, તેથી આવા ગુણોવાળા જીવો ચૈત્યવંદન સૂત્રના પાઠના અધિકારી છે, ચૈત્યવંદન સૂત્રના અર્થોના શ્રવણના અધિકારી છે, તેમજ ચૈત્યવંદનની ક્રિયાના કરણના અધિકારી છે. આવા ગુણોથી સંપન્ન જીવો ચૈત્યવંદન સૂત્ર ભણે તો તેઓને ચૈત્યવંદન સૂત્ર તત્કાલ સમ્યક્પરિણમન પામે છે, ચૈત્યવંદન સૂત્રના અર્થો સાંભળે તે પણ તેઓને તત્કાલ સમ્યક્પરિણમન પામે છે, તેમજ ચૈત્યવંદનના પરમાર્થને જાણ્યા પછી ચૈત્યવંદન કરે તે પણ તેઓનું સમ્યક્ ચૈત્યવંદન બને છે. વળી, જે જીવોમાં આવા ગુણો પૂર્ણતારૂપે નથી, છતાં ભોગનો રાગ કંઈક ઓછો થયો હોવાથી જેઓને ભોગના ત્યાગરૂપ યોગમાર્ગ પ્રત્યે દ્વેષ નથી, તેથી જેઓ ગુણ પ્રત્યેના અદ્વેષવાળા છે, તેના કારણે ચૈત્યવંદનના અધિકારી જીવોના ઉપરમાં બતાવ્યા એવા ગુણો સાંભળીને જેઓને પ્રીતિ ઉત્પન્ન થાય છે, અને શક્તિ અનુસાર તે ગુણોને પોતાના જીવનમાં પ્રાપ્ત કરવાનો પરિણામ થાય છે, તેવા જીવો ચૈત્યવંદનના દૂર-દૂરવર્તી અધિકારી છે; કેમ કે તે જીવોને આ ગુણો સાક્ષાત્ પ્રાપ્ત થયા નહીં હોવા છતાં તેઓમાં તે ગુણોના કંઈક અંશો છે, જેના કારણે તેઓને તે ગુણો પ્રત્યે પ્રીતિ થાય છે. આવા જીવો ઉપરમાં બતાવ્યા એ ગુણોનું વર્ણન પ્રીતિપૂર્વક સાંભળીને તે ગુણોને પોતાના જીવનમાં પ્રગટ કરવા યત્ન કરે તો, તેઓ ક્રમસર તે ગુણોની પ્રાપ્તિ દ્વારા ચૈત્યવંદનના અધિકારીપણાને પ્રાપ્ત કરે છે. વળી, જે જીવોને આ ગુણોનું વર્ણન સાંભળ્યા પછી પણ ગુણોની પ્રાપ્તિ પ્રત્યે કંઈ અભિમુખભાવ થતો નથી, તેઓ સર્વથા અયોગ્ય છે, આથી સર્વ કલ્યાણના કારણીભૂત એવા સમ્યક્ ચૈત્યવંદનની પ્રાપ્તિના અર્થી જીવે પોતાનામાં એતદ્બહુમાની આદિ ત્રણ ગુણોને તેમજ તે ત્રણ ગુણોના લિંગભૂત તત્કથાપ્રીતિ આદિ પંદર ગુણોને પ્રગટ કરવાનો યત્ન કરવો જોઈએ, જેથી પોતાનાથી સેવાતું ચૈત્યવંદન પૂર્વ-પૂર્વ કરતાં ઉત્તરોત્તર અતિશયતાવાળું બને, અને તે અર્થે જ ગ્રંથકારશ્રીએ ચૈત્યવંદનનાં સૂત્રો ઉપર "ललितविस्तरा" નામની વૃત્તિ રચવાનો આરંભ કરેલ છે.

પંજિકામાં 'લબ્ધલક્ષ્યત્વ'નું સ્વરૂપ બતાવવા માટે સાક્ષીપાઠ આપ્યો, તેનો અર્થ આ પ્રમાણે છે –

"જે ગુણ દોષ કરનાર છે તે ગુણ નથી." તેથી જેઓ લક્ષ્યનો નિર્ણય કર્યા વગર અર્થોપાર્જન કરે છે, તેઓ ધનથી સમૃદ્ધ બને છે, પરંતુ તે સમૃદ્ધિ આલોક-પરલોકમાં હિતકારી નહીં હોવાથી દોષકારી છે, તેથી તે ધનની પ્રાપ્તિરૂપ ગુણ પણ દોષ જ છે, તેમ જાણવું જોઈએ. આનાથી અર્થથી એ નક્કી થાય કે જેનું ફળ સુંદર હોય તેવી જ પ્રવૃત્તિમાં લબ્ધલક્ષ્યવાળા જીવો પ્રયત્ન કરે છે, માત્ર તત્કાલના ફળને જોઈને પ્રવૃત્તિ કરતા નથી. વળી, "અગુણ પણ ગુણ થાય છે, જેમાં નિર્ણય સુંદર છે," તે કથનથી એ પ્રાપ્ત થાય કે આલોક-પરલોકનું હિત ઘવાય નહીં તે રીતે અર્થોપાર્જનમાં પ્રવૃત્તિ કરવાથી કદાચ ધનની પ્રાપ્તિ ન થાય તોપણ તે ધનની અપ્રાપ્તિરૂપ અગુણ પણ ગુણ જ છે; કેમ કે અન્યાયપૂર્વક ધનાર્જન કરવા રૂપ અકાર્ય નહીં કરવાથી ધનની અપ્રાપ્તિરૂપ અગુણ દ્વારા પોતાને પ્રાપ્ત થનાર આલોક-પરલોકના મોટા અનર્થથી

રક્ષણ થાય છે, તેથી તત્કાલની દરિદ્રતા પણ જીવને મહાન અનર્થથી રક્ષણ કરનાર હોવાથી સુંદર પરિણામવાળી છે. આમ, સર્વ અનુષ્ઠાનોમાં જેનું પરિણામ સુંદર હોય તેવું અનુષ્ઠાન કરવાથી ક્વચિત્ તાત્કાલિક ફળ પ્રાપ્ત ન થાય તોપણ તેનું પરિણામ સુંદર છે, અને જે અનુષ્ઠાનોથી તાત્કાલિક ફળ પ્રાપ્ત થવા છતાં તેનું પરિણામ સુંદર ન હોય તેવાં અનુષ્ઠાન કરનારા જીવો લક્ષ્યના નિર્ણયપૂર્વક અનુષ્ઠાનમાં યત્ન કરનારા નથી, તેથી તેવા જીવો આલોકમાં અનુચિત પ્રવૃત્તિ કરનારા છે, તેથી તેઓ ઉચિતવૃત્તિવાળા નથી.

ललितविस्तरा :-

आह— 'क इवानधिकारिप्रयोगे दोष' इति, उच्यते—स ह्यचिन्त्यचिन्तामणिकल्पम्, अनेकभवशतसहस्त्रोपात्तानिष्टदुष्टाष्टकर्म्मराशिजनितदौर्गत्यविच्छेदकमपि इदमयोग्यत्वाद् अवाप्य न विधिवदासेवते, लाघवं चास्यापादयति, ततो विधिसमासेवकः कल्याणमिव महदकल्याणमासादयति, उक्तं च, 'धर्म्मानुष्ठानवैतथ्यात्प्रत्यपायो महान् भवेत्। रौद्रदुःखौघजनको दुष्प्रयुक्तादिवौषधात्।।' **इत्यादि, अतोऽनधिकारिप्रयोगे प्रयोक्तृकृतमेव तत्त्वतस्तदकल्याणम्; इति लिङ्गैस्तदधिकारितामवेत्यैतदध्यापने प्रवर्तेत।**

ललितविस्तरार्थ :-

કહે છે=પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે — અનધિકારીના પ્રયોગમાં=ચૈત્યવંદનના અનધિકારી જીવને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવામાં, કેવા પ્રકારનો દોષ થાય છે ? 'इति' શંકાની સમાપ્તિમાં છે.

કહેવાય છે=પૂર્વપક્ષીને ગ્રંથકારશ્રી દ્વારા ઉત્તર અપાય છે —

ખરેખર તે=ગુરુ વડે અપાયેલ ચૈત્યવંદન સૂત્રના પાઠાદિવાળો અનધિકારી જીવ, અચિંત્યચિંતામણિકલ્પ=ચિંતવી ન શકાય એવા ચિંતામણિરત્નતુલ્ય, અનેક ભવ શતસહસ્ત્રથી ઉપાત્ત અનિષ્ટ-દુષ્ટ એવાં અષ્ટ કર્મોની રાશિથી જનિત દૌર્ગત્યના વિચ્છેદક પણ=અનેક લાખો ભવોથી બંધાયેલ અનિષ્ટ-દુષ્ટ એવાં આઠ કર્મોના સમૂહથી ઉત્પન્ન થયેલ એવી દુર્ગતિનો વિચ્છેદ કરનારા પણ, આને=ચૈત્યવંદનને, પ્રાપ્ત કરીને અયોગ્યપણાને કારણે વિધિવદ્=વિધિપૂર્વક, સેવતા નથી અને આના લાઘવને આપાદન કરે છે=ચૈત્યવંદનને યથા-તથા સેવીને ચૈત્યવંદનની લઘુતાનું આપાદન કરે છે, તેથી વિધિસમાસેવક=વિધિપૂર્વક ચૈત્યવંદનને સેવનારો પુરુષ, જેમ કલ્યાણને પ્રાપ્ત કરે છે, તેમ મહાન અકલ્યાણને પ્રાપ્ત કરે છે.

અને કહેવાયું છે —

ધર્માનુષ્ઠાનના વૈતથ્યથી=ધર્મની ક્રિયાના વિપરીત સેવનથી, મહાન એવો પ્રત્યપાય=અનર્થ, થાય, જેમ દુષ્પ્રયુક્ત એવા ઔષધથી રૌદ્ર-દુઃખૌઘનો જનક થાય=રૌદ્ર એવા દુઃખના સમૂહને પેદા કરનારો અનર્થ થાય. 'ઇત્યાદિ'થી આવી અન્ય સાક્ષીનો સંગ્રહ છે.

આથી અનધિકારીના પ્રયોગમાં=અનધિકારી જીવને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવામાં, પ્રયોક્તૃકૃત જ=સૂત્રદાનનો પ્રયોગ કરનાર એવા ઉપદેશકથી કરાયેલ જ, તત્ત્વથી તેનું અકલ્યાણ છે=પરમાર્થથી તે અનધિકારી જીવનું અકલ્યાણ છે, એથી લિંગો વડે=પૂર્વે બતાવ્યાં એ ૧૫ લિંગો વડે, તેની અનધિકારિતાને=જીવોમાં ચૈત્યવંદન સૂત્રના પાઠાદિની અધિકારિતાને, જાણીને આના અધ્યાપનમાં પ્રવર્તવું જોઈએ=પરાર્થમાં પ્રવૃત્ત એવા ઉપદેશકે ચૈત્યવંદન સૂત્રાદિને ભણાવવામાં પ્રવર્તવું જોઈએ.

પંજિકા :-

ક ઇવેતિ-કીદૃશઃ।

પંજિકાર્થ :-

ક ..... કીદૃશઃ ।। કોની જેમ એટલે કેવા પ્રકારનો, અર્થાત્ લલિતવિસ્તરામાં શંકામાં કઃ ઇવ કહેલ છે તેનો અર્થ કીદૃશઃ છે.

ભાવાર્થ :-

પૂર્વે લલિતવિસ્તરામાં કહેલ કે આ લિંગો દ્વારા અધિકારીને જાણ્યા વગર ચૈત્યવંદનના અધ્યાપનમાં દોષ છે, ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે કે અનધિકારી જીવને ચૈત્યવંદનના અધ્યાપનમાં કેવા પ્રકારનો દોષ છે ? આ પ્રકારની શંકાનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઉપદેશક અનધિકારી જીવોને ચૈત્યવંદન સૂત્ર આપે કે ચૈત્યવંદન સૂત્રના અર્થો સમજાવે, તો તે જીવો અચિંત્યચિંતામણિ જેવા ચૈત્યવંદનને પામીને વિધિપૂર્વક સેવતા નથી, પરંતુ જેમ-તેમ સેવીને ચૈત્યવંદનનું લાઘવ આપાદન કરે છે.

આશય એ છે કે ચિંતામણિરત્ન માત્ર ચિંતવન કરેલા જ પદાર્થો આપે છે, જ્યારે સમ્યગ્ રીતે સેવેલું ચૈત્યવંદન ચિંતવન કરેલ ન હોય તેવાં પણ ફળો આપે છે, આથી જ નિરાશંસભાવથી ચૈત્યવંદન કરનારા મહાત્માઓ જન્માંતરમાં પુણ્યાનુબંધી પુણ્યના ફળરૂપ સુદેવત્વને કે સુમનુજત્વને પામે છે, ત્યાં અનેક પ્રકારની ભોગસામગ્રીને પ્રાપ્ત કરે છે, છતાં પણ ભવથી વિરક્ત થઈને વિશિષ્ટ-વિશિષ્ટતર યોગમાર્ગને સેવે છે, જેના અંતિમ ફળરૂપે પરમસુખરૂપ મોક્ષને પામે છે, આથી ચૈત્યવંદન નહીં ચિંતવેલા પણ ફળને આપનાર હોવાથી અચિંત્યચિંતામણિતુલ્ય છે.

અથવા ચિંતામણિરત્ન જેવું શ્રેષ્ઠ ફળ આપે છે, તેના કરતાં પણ અચિંત્ય કોટિનું શ્રેષ્ઠ ફળ સમ્યગ્ રીતે સેવેલું ચૈત્યવંદન આપે છે; કેમ કે ચિંતામણિરત્ન આલોકનાં જ ભૌતિક સુખો આપી શકે છે, પરંતુ સદ્ગતિની પરંપરા કે મોક્ષ રૂપ સુખો આપી શકતું નથી, જ્યારે વિધિપૂર્વક સેવાયેલું ચૈત્યવંદન સદ્ગતિની પરંપરા કે મોક્ષરૂપ સુખો આપી શકે છે, આથી ચૈત્યવંદન ચિંતામણિરત્ન કરતાં પણ શ્રેષ્ઠ ફળને આપનાર હોવાથી અચિંત્યચિંતામણિતુલ્ય છે, આવા પ્રકારનું ચૈત્યવંદનનું માહાત્મ્ય ઉપદેશક બતાવે, છતાં જે જીવોમાં

ભોગનો ઘણો રાગ છે, તેથી ભગવાનના વચનથી વિપરીત એવા સંસારમાર્ગ પ્રત્યે બદ્ધરાગ હોવાને કારણે જેઓમાં અનિવર્તનીય અસદ્ગ્રહ વર્તે છે, તે જીવો ઉપદેશક દ્વારા બતાવાયેલી પણ ચૈત્યવંદનની અચિંત્યચિંતામણિ તુલ્યતાને પરમાર્થથી સમજી શકતા નથી, આથી જ ચૈત્યવંદનને વિધિપૂર્વક સેવવાને અભિમુખ પણ થતા નથી; કેમ કે ભવના અત્યંત રાગવાળા જીવોને ચૈત્યવંદન પ્રત્યે બહુમાન જ હોતું નથી, ફક્ત પોતાની તુચ્છ પ્રકૃતિથી ચૈત્યવંદનને સેવીને પણ ચૈત્યવંદનની હીનતા જ કરે છે.

વળી, આ ચૈત્યવંદન કેવા પ્રકારનું છે ? તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે જીવે અનેક લાખો ભવોમાં અનિષ્ટ એવાં દુષ્ટ આઠ કર્મો બાંધ્યાં છે, જેના ફળરૂપે જીવ દુર્ગતિમાં જાય છે અને ત્યાં અનેક પ્રકારનાં પાપો કરીને ફરી ફરી સંસારમાં ભટકે છે. તે સર્વ દુષ્ટ કર્મોનો વિચ્છેદ કરનારું આ ચૈત્યવંદન છે. આવા પ્રકારનો ચૈત્યવંદનનો મર્મ ઉપદેશક બતાવે, છતાં અયોગ્ય જીવો ચૈત્યવંદનને વિધિપૂર્વક સેવતા નથી, કદાચ બાહ્ય રીતે ચૈત્યવંદનને વિધિપૂર્વક સેવે, તોપણ તે ચૈત્યવંદનનાં સૂત્રોમાં બતાવેલા ભગવાનના ગુણો પ્રત્યે આવર્જિત થઈને તે ગુણોને પ્રાપ્ત કરવાના પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદનને સેવતા નથી, પરંતુ પોતાને ઇષ્ટ એવા તુચ્છ ઐહિક આશયથી કે કોઈ પ્રકારના પ્રણિધાન વગર અનાભોગથી ચૈત્યવંદનને સેવે છે.

અહીં વિચારકને જિજ્ઞાસા થાય કે ચૈત્યવંદન અનેક ભવોમાં બાંધેલાં દુષ્ટ કર્મોનો વિચ્છેદ કરનારું કઈ રીતે છે ? તેનું તાત્પર્ય એ છે કે સંસારીજીવો સાંસારિક નિમિત્તો પ્રમાણે ભાવો કરીને પોતાને અનિષ્ટ અને દુર્ગતિના કારણીભૂત દુષ્ટ એવાં કર્મો બાંધે છે, જેના કારણે તેઓ દુર્ગતિની પરંપરા પ્રાપ્ત કરે છે. વળી, તીર્થંકરો સંસારના સર્વ ભાવોથી પર છે, અને તેવા તીર્થંકરો પ્રત્યે જે જીવોને બહુમાન છે, અને તેથી જ તીર્થંકરોમાં વર્તતા ઉત્તમકોટિના ગુણોનું સ્વરૂપ બતાવનારા ચૈત્યવંદન સૂત્ર પ્રત્યે જેઓને બહુમાન છે, તે જીવો તેવા જિનગુણ પ્રત્યેના રાગથી આવર્જિત થઈને જ્યારે વિધિપૂર્વક ચૈત્યવંદન કરે છે, ત્યારે તેઓનું ચિત્ત ભગવાનના તે તે ગુણો પ્રત્યેના રાગની અતિશયતાવાળું થાય છે, અને તેઓના ચિત્તમાં જેમ જેમ વીતરાગના ગુણો પ્રત્યેના રાગનો અતિશય થાય છે, તેમ તેમ અવીતરાગભાવથી પૂર્વે બંધાયેલાં તે જીવોના દુષ્ટ કર્મોનો નાશ થાય છે, આથી ચૈત્યવંદન અનેક ભવોમાં બાંધેલાં દુષ્ટ કર્મોનો વિચ્છેદ કરનારું છે.

વળી, અહીં આઠ કર્મોને 'અનિષ્ટ' અને 'દુષ્ટ' કહ્યાં, તેનાથી એ પ્રાપ્ત થાય કે જીવને માટે સર્વ કર્મો અનિષ્ટરૂપ છે; કેમ કે કર્મથી જ જીવને સંસારની વિડંબણાની પ્રાપ્તિ થાય છે. આમ છતાં જે કર્મો જીવને દુર્ગતિમાં પાડે છે તે કર્મો અનિષ્ટ તો છે જ પરંતુ દુષ્ટ પણ છે, અને જે કર્મો જીવને સદ્ગતિમાં લઈ જાય છે તે કર્મો અનિષ્ટ હોવા છતાં દુષ્ટ નથી; કેમ કે તેવાં કર્મો જીવને કર્મનો નાશ કરવામાં સહાયક છે, આથી વિધિપૂર્વક ચૈત્યવંદન કરનારા મહાત્મા સુગતિના આધાનનું કારણ બને તેવાં કર્મો બાંધે છે અને પૂર્વે બાંધેલાં અનિષ્ટ એવાં દુષ્ટ કર્મોનો નાશ કરે છે. આમ, ચૈત્યવંદનથી બંધાયેલાં કર્મો સંસારના કારણીભૂત હોવાને કારણે અનિષ્ટ હોવા છતાં દુષ્ટ નહીં હોવાથી સુગતિની પ્રાપ્તિ કરાવવા દ્વારા સર્વ કર્મોના ઉચ્છેદમાં સહાયક છે, અને દુષ્ટ કર્મોના નાશપૂર્વક કલ્યાણની પરંપરા કરનાર છે, માટે ઇષ્ટ છે. આ પ્રકારે ઉપદેશક સમજાવે, છતાં જે જીવો સંસારથી ઉદ્વેગ પામ્યા નથી, મોક્ષના અર્થી થયા નથી, તેવા અયોગ્ય જીવો પોતાના તુચ્છ આશયથી ચૈત્યવંદનને યથા-તથા સેવીને કે સંસારના જ ભાવોની પ્રાપ્તિના આશયથી

ચૈત્યવંદનને બાહ્ય વિધિપૂર્વક પણ સેવીને ચૈત્યવંદનની લઘુતાનું આપાદન કરે છે, માટે અનધિકારી જીવોને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવાથી તેઓનું અહિત થાય છે.

આ વાતને વિશેષ સ્પષ્ટ કરતાં કહે છે કે જેમ ચૈત્યવંદનને વિધિપૂર્વક સેવનારા યોગ્ય જીવો ચૈત્યવંદનથી કલ્યાણ પ્રાપ્ત કરે છે, તેમ ચૈત્યવંદનને અવિધિથી સેવનારા અયોગ્ય જીવો ચૈત્યવંદનથી મોટા અકલ્યાણને પ્રાપ્ત કરે છે, અને તેમાં સાક્ષી આપે છે કે જેમ કોઈ રોગી ઔષધનું સેવન વિપરીત રીતે કરે તો તે ઔષધનું સેવન રૌદ્ર દુઃખનું જનક બને છે, તેમ વિપરીત રીતે સેવાયેલ ચૈત્યવંદનનું અનુષ્ઠાન જીવના અહિતનું કારણ બને છે, તેથી અનધિકારી જીવોને ચૈત્યવંદન સૂત્ર આપવાથી તેઓનું જે અકલ્યાણ થાય તે અકલ્યાણ તત્ત્વથી ઉપદેશકથી કરાયેલું જ છે. આથી ફલિત થાય કે અનધિકારી જીવોને ચૈત્યવંદન સૂત્ર આપ્યું ન હોય તો તે જીવોનું સંસારના પરિભ્રમણરૂપ જે અહિત થાય, તેના કરતાં અધિક અહિત તેઓને ચૈત્યવંદન સૂત્ર આપવાથી થાય છે; કેમ કે તેવા જીવો ચૈત્યવંદનને અનાદરપૂર્વક સેવીને અધિક ક્લિષ્ટ કર્મો બાંધે છે, જેનાથી તેઓને પૂર્વથી પણ અધિક રૌદ્ર સંસારની પ્રાપ્તિ થાય છે અને આ રીતે અન્યના અહિતની પ્રવૃત્તિ ઉપદેશક દ્વારા થઈ હોવાથી ઉપદેશકને પણ પાપબંધ થાય છે. માટે લિંગો દ્વારા જીવની અધિકારિતાનો નિર્ણય કરીને ઉપદેશકે ચૈત્યવંદનના અધ્યાપનમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

ललितविस्तरा :-

एवं हि कुर्वता आराधितं वचनं, बहुमतो लोकनाथः, परित्यक्ता लोकसंज्ञा, अङ्गीकृतं लोकोत्तरयानं, समासेविता धर्मचारितेति। अतोऽन्यथा विपर्ययः, इत्यालोचनीयमेतदतिसूक्ष्माभोगेन, न हि वचनोक्तमेव पन्थानमुल्लङ्घ्यापरो हिताप्त्युपायः, न चानुभवाभावे पुरुषमात्रप्रवृत्तेस्तथेष्टफलसिद्धिः अपि च, लाघवापादनेन शिष्टप्रवृत्तिनिरोधतस्तद्विघात एव,

अपवादोऽपि सूत्राबाधया गुरुलाघवालोचनपरोऽधिकदोषनिवृत्त्या शुभः शुभानुबन्धी महासत्त्वाऽऽसेवित उत्सर्ग्गभेद एव, न तु सूत्रबाधया गुरुलाघवचिन्ताऽभावेनाहितमहितानुबन्ध्यसमंजसं परमगुरुलाघवकारि क्षुद्रसत्त्वविजृम्भितमिति, एतदङ्गीकरणमप्यनात्मज्ञानां संसारसरिच्छ्रोतसि कुशकाशावलम्बनमिति परिभावनीयं; सर्वथा निरूपणीयं प्रवचनगाम्भीर्यं; विलोकनीया तन्त्रान्तरस्थितिः, दर्शनीयं ततोऽस्याधिकत्वम्, अपेक्षितव्यो व्याप्तीतरविभागः; यतितव्यमुत्तमनिदर्शनेष्विति श्रेयोमार्ग्गः।

व्यवस्थितश्चायं महापुरुषाणां क्षीणप्रायकर्म्मणां विशुद्धाशयानां भवाबहुमानिनामपुनर्बन्धकादीनामिति, अन्येषां पुनरिहानधिकार एव, शुद्धदेशनानर्हत्वात्, शुद्धदेशना हि क्षुद्रसत्त्वमृगयूथसंत्रासनसिंहनादः, ध्रुवस्तावदतो बुद्धिभेदः, तदनु सत्त्वलेशचलनं, कल्पितफलाभावापत्त्या दीनता, स्वभ्यस्तमहामोहवृद्धिः, ततोऽधिकृतक्रियात्यागकारी संत्रासः, भवाभिनन्दिनां स्वानुभवसिद्धमप्यसिद्धमेतद्, अचिन्त्यमोहसामर्थ्यादिति, न खल्वेतानधिकृत्य विदुषा शास्त्रसद्भावः प्रतिपादनीयो दोषभावादिति, उक्तं च-

अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनम्, दोषायाभिनवोदीर्णे, शमनीयमिव ज्वरे।। **इति कृतं विस्तरेण, अधिकारिण एवाधिकृत्य पुरोदितान्, अपक्षपातत एव निरस्येतरान्, प्रस्तुतमभिधीयत इति।**

ललितविस्तरार्थ :-

ખરેખર આ રીતે કરતા એવા વડે=પૂર્વમાં કહ્યું કે પરાર્થમાં પ્રવૃત્ત એવા અધ્યાપકે લિંગો દ્વારા અધિકારીને જાણીને ચૈત્યવંદનના અધ્યાપનમાં પ્રવર્તવું જોઈએ એ રીતે પ્રવૃત્તિ કરતા એવા ઉપદેશક વડે, વચન આરાધાયું=ભગવાનના વચનની આરાધના કરાઈ, લોકનાથ બહુમત થયા= ભગવાનનું બહુમાન કરાયું, લોકસંજ્ઞા ત્યજાઈ=લોકસંજ્ઞાનો ત્યાગ કરાયો, લોકોત્તરયાન અંગી કરાયું=લોકોત્તર એવું વહાણ સ્વીકારાયું, ધર્મચારિતા સેવાઈ. આનાથી=ઉપદેશક લિંગો દ્વારા અધિકારીને જાણીને તે અધિકારી જીવને ચૈત્યવંદનના અધ્યાપનમાં પ્રવર્તે એનાથી, અન્યથા=વિપરીત રીતે પ્રવર્તવામાં, વિપર્યય થાય છે=ભગવાનનું વચન આરાધાયું ઇત્યાદિ જે પૂર્વે ગુણો બતાવ્યા એનાથી વિપરીત થાય છે, એ પ્રમાણે આ=ગ્રંથકારશ્રીએ કહ્યું એ, અતિસૂક્ષ્મ આભોગથી આલોચન કરવું જોઈએ=અતિ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું જોઈએ.

આ રીતે લિંગો દ્વારા અધિકારીનો નિર્ણય કરીને ચૈત્યવંદન સૂત્રના અધ્યાપનમાં અધ્યાપકને શું ફળ પ્રાપ્ત થાય છે ? અને અન્યથાકરણમાં અધ્યાપકને શું ફળ પ્રાપ્ત થાય છે ? તે બતાવ્યું. હવે અનધિકારી જીવો ચૈત્યવંદન સૂત્રનું અધ્યયન કરીને ચૈત્યવંદનમાં પ્રવૃત્તિ કરે તો તેઓનું હિત થતું નથી, એ બતાવવા માટે કહે છે –

વચનમાં કહેવાયેલ જ પંથને ઉલ્લંઘીને=આગમમાં કહેવાયેલ જ માર્ગને અતિક્રમીને, અપર હિતની આપ્તિનો ઉપાય=બીજો હિતની પ્રાપ્તિનો ઉપાય, નથી જ.

અહીં પ્રશ્ન થાય કે અનધિકારી જીવો શાસ્ત્રમાં કહેવાયેલ વિધિ પ્રમાણે ચૈત્યવંદન ન કરે તોપણ શુભ એવું ધર્માનુષ્ઠાન તો કરે છે, તેથી તેનાથી તેઓનું હિત થશે, તેના નિવારણ માટે કહે છે –

અને અનુભવના અભાવમાં=પરલોક વિષયક પ્રવૃત્તિ કઈ રીતે કરવાથી ફળની પ્રાપ્તિ થાય ? તે પ્રકારના અનુભવના અભાવમાં, પુરુષમાત્રની પ્રવૃત્તિથી=સામાન્ય પુરુષની પ્રવૃત્તિને અનુસરવાથી, તે પ્રકારના ઈષ્ટ ફળની સિદ્ધિ થતી નથી=પરલોકમાં હિત થાય તે પ્રકારના ઇચ્છિત ફળની પ્રાપ્તિ થતી નથી, અપિ ચ=પરંતુ, લાઘવના આપાદનથી=શાસ્ત્રોક્ત વિધિથી નિરપેક્ષ ચૈત્યવંદન કરવાને કારણે ચૈત્યવંદનની હીનતાના કરણથી, શિષ્ટ પ્રવૃત્તિનો નિરોધ થવાને કારણે તેનો વિઘાત જ છે=ઈષ્ટ ફળની પ્રાપ્તિનો નાશ જ છે.

અહીં પ્રશ્ન થાય કે ઉત્સર્ગથી શાસ્ત્રોક્ત વિધિ મુજબ ચૈત્યવંદન કરવું જોઈએ, પરંતુ જેઓને ચૈત્યવંદનની વિધિનો બોધ નથી અને વિધિની જિજ્ઞાસા નથી એવા પણ જીવોએ અપવાદથી ચૈત્યવંદન કરવું જોઈએ, તેમ સ્વીકારી શકાશે. તેથી કહે છે –

અપવાદ પણ સૂત્રની અબાધાથી ગુરુ-લાઘવના આલોચનમાં પર, અધિક દોષની નિવૃત્તિ દ્વારા શુભ, શુભાનુબંધી, મહાસત્ત્વથી આસેવિત એવો ઉત્સર્ગનો ભેદ જ છે જ, પરંતુ સૂત્રની બાધાથી નથી=અપવાદ સૂત્રની બાધાથી ઉત્સર્ગનો ભેદ નથી.

આ રીતે અપવાદનું સ્વરૂપ સ્પષ્ટ કર્યા પછી યદૃચ્છાથી કરાયેલું ચૈત્યવંદન અપવાદથી ઇષ્ટ છે એમ કહેનારનું કથન કેવું છે ? તે બતાવે છે –

(સૂત્રની બાધા વડે યદૃચ્છાથી કરાયેલું ચૈત્યવંદન અપવાદથી ઈષ્ટ છે એ પ્રકારનું કથન) ગુરુ-લાઘવની ચિંતાના અભાવને કારણે અહિત, અહિતાનુબંધી, અસમંજસ, પરમગુરુના લાઘવને કરનારું, ક્ષુદ્રસત્ત્વોથી વિજૃંભિત છે, એથી આનું અંગીકરણ પણ=ક્ષુદ્રસત્ત્વોથી વિજૃંભિત કથનનું અપવાદપણારૂપે આશ્રયણ પણ, અનાત્મજ્ઞોનું=અજ્ઞાની જીવોનું, સંસારરૂપી સરિતના સ્રોતમાં=સંસારરૂપી નદીના પ્રવાહમાં, કુશ-કાશનું અવલંબન છે, એ પ્રમાણે પરિભાવન કરવું જોઈએ.

આ રીતે અનધિકારી જીવોનું ચૈત્યવંદનથી હિત થતું નથી, તેની સ્પષ્ટતા કરી. વળી, પૂર્વે ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે ઉપદેશકે લિંગો દ્વારા અધિકારીને જાણીને ચૈત્યવંદનના અધ્યાપનમાં પ્રવર્તવું જોઈએ, તેથી જિજ્ઞાસા થાય કે ઉપદેશકે લિંગો દ્વારા અધિકારી જીવને જાણ્યા પછી અધિકારી જીવને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિના અધ્યાપનની પ્રવૃત્તિ કરતાં પહેલાં શું કરવું જોઈએ ? જેથી ચૈત્યવંદનના અધ્યાપનથી તે અધિકારી જીવનું હિત થાય ? તે બતાવવા માટે કહે છે –

સર્વથા પ્રવચનનું ગાંભીર્ય નિરૂપણ કરવું જોઈએ=અધિકારી જીવોને સર્વ પ્રકારે જિનવચનનું ગંભીરપણું બતાવવું જોઈએ; તંત્રાંતરની સ્થિતિ વિલોકન કરવી જોઈએ=અન્યદર્શનની મર્યાદા બતાવવી જોઈએ; તેનાથી=અન્યદર્શનથી, આનું=પ્રવચનનું, અધિકપણું દેખાડવું જોઈએ; વ્યાપ્તિ-ઇતરનો વિભાગ અપેક્ષા કરવો જોઈએ=સર્વદર્શનોમાં જૈનદર્શનની વ્યાપ્તિ છે, પરંતુ જૈનદર્શનમાં સર્વદર્શનોની અવ્યાપ્તિ છે એ પ્રકારનો વિભાગ બતાવવો જોઈએ; ઉત્તમ નિદર્શનોમાં યત્ન કરવો જોઈએ=અધિકારી જીવને જિનાજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરનારા ઉત્તમ પુરુષોનાં દૃષ્ટાંતો સમજાવવા વિષયક યત્ન કરવો જોઈએ. આ શ્રેયોમાર્ગ છે=પ્રવચનના ગાંભીર્યનું નિરૂપણાદિ કરવું એ કલ્યાણનો ઉપાય છે.

વળી, જૈનદર્શન અન્યદર્શનો કરતાં અધિક કઈ રીતે છે ? ઇત્યાદિ બતાવવામાં આવે અને ઉત્તમ પુરુષોનાં દૃષ્ટાંતમાં યત્ન કરવાનું કહેવામાં આવે તે સર્વ પણ ઉત્સર્ગ-અપવાદના પરિજ્ઞાનનો હેતુ એવો શ્રેયમાર્ગ છે. આમ છતાં સામાન્ય જીવો પ્રવચનના ગાંભીર્યના નિરૂપણાદિમાં પણ યત્ન કરી શકે તેમ નથી, માટે આવો શ્રેયોમાર્ગ અશક્ય અનુષ્ઠાનવાળો બનશે. આ પ્રકારે આશંકા કરીને તેના ઉત્તરરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

અને ક્ષીણપ્રાયકર્મવાળા, વિશુદ્ધ આશયવાળા, ભવના અબહુમાનવાળા, અપુનર્બંધકાદિ મહાપુરુષોમાં આ=પૂર્વે બતાવ્યો એ શ્રેયોમાર્ગ, વ્યવસ્થિત છે=રહેલો છે. એથી વળી, અન્યોને=

અપુનર્બંધકાદિ મહાપુરુષોથી અન્ય જીવોને, અહીં=ચૈત્યવંદનના અધ્યયનમાં, અનધિકાર જ છે; કેમ કે શુદ્ધદેશનાનું અનર્હપણું છે=અન્ય જીવોનું શુદ્ધદેશના સાંભળવા માટેનું અયોગ્યપણું છે, હિ=જે કારણથી, શુદ્ધદેશના ક્ષુદ્રસત્ત્વરૂપ મૃગયૂથના સંત્રાસનમાં સિંહનાદ છે=તુચ્છ જીવો રૂપ હરણના સમૂહને સંત્રાસ કરનારા એવા સિંહની ગર્જના તુલ્ય છે, આનાથી=શુદ્ધદેશનાથી, ધ્રુવ બુદ્ધિભેદ થાય=ક્ષુદ્ર જીવોને ચૈત્યવંદન અનુષ્ઠાન કરવાના પરિણામનું વિઘટન થાય, ત્યારપછી= બુદ્ધિનો ભેદ થયા પછી, સત્ત્વ લેશનું ચલન થાય=ક્ષુદ્ર જીવોને થયેલા સુકૃત કરવાના લેશ પરિણામનો નાશ થાય, કલ્પિત ફળના અભાવની આપત્તિથી દીનતા થાય=પોતે કલ્પના કરેલા ચૈત્યવંદનનાં ફળના અભાવની પ્રાપ્તિથી ક્ષુદ્ર જીવોને મૂળથી જ સુકૃત કરવાની શક્તિનો ક્ષય થાય, સુઅભ્યસ્ત મહામોહની વૃદ્ધિ થાય, તેથી અધિકૃત ક્રિયાનો ત્યાગકારી સંત્રાસ થાય=ક્ષુદ્ર જીવોને પોતે સ્વીકારેલ એવી ચૈત્યવંદનની ક્રિયાનો ત્યાગ કરાવનારો સંત્રાસ થાય.

અહીં પ્રશ્ન થાય કે જેમ શુદ્ધદેશના સાંભળીને અપુનર્બંધકાદિ જીવોને ચૈત્યવંદન અનુષ્ઠાનમાં સ્વશક્તિ અનુસાર સમ્યક્ યત્ન કરવાનો પરિણામ થાય છે, તેમ શુદ્ધદેશના સાંભળીને ક્ષુદ્ર જીવોને તે પ્રકારે સમ્યક્ યત્ન કરવાનો પરિણામ કેમ થતો નથી ? તેથી કહે છે –

ભવાભિનંદીઓને સ્વઅનુભવસિદ્ધ એવું પણ આ અસિદ્ધ છે અર્થાત્ સંસારની જે પ્રવૃત્તિમાં પોતે નિપુણ ન હોય તે પ્રવૃત્તિમાં નિપુણતા લાવવા માટે ક્રમસર તે પ્રવૃત્તિનો અભ્યાસ કરવામાં આવે તો તે પ્રવૃત્તિમાં નિપુણ થવાય છે, એ પોતાના અનુભવથી સિદ્ધ હોવા છતાં પણ ભવાભિનંદી જીવોને "મારામાં સંપૂર્ણ વિધિપૂર્વક ચૈત્યવંદન કરવાની શક્તિ નથી તોપણ શુદ્ધદેશના સાંભળીને વિધિપૂર્વક ચૈત્યવંદન કરવાનો અભ્યાસ કરીને હું પૂર્ણ વિધિપૂર્વક ચૈત્યવંદન કરવાનો શક્તિસંચય કરું" એ અસિદ્ધ છે; કેમ કે અચિંત્ય એવું મોહનું સામર્થ્ય છે=ભવાભિનંદી જીવોમાં મોહનું અત્યંત સામર્થ્ય વર્તે છે, એથી ખરેખર વિદ્વાન વડે આમને=ભવાભિનંદી જીવોને, આશ્રયીને શાસ્ત્રનો સદ્ભાવ પ્રતિપાદન કરવો જોઈએ નહીં; કેમ કે દોષનો ભાવ છે=સત્ત્વલેશના ચલનરૂપ દોષનો સદ્ભાવ છે.

'इति' આદ્ય ક્ષ્વથી પ્રારંભીને અત્યાર સુધી કરેલા આનુષંગિક કથનની સમાપ્તિમાં છે.

અને કહેવાયું છે –

અપ્રશાંતમતિમાં=તત્ત્વને જાણવા માટે અને જીવનમાં સેવવા માટે અભિમુખભાવ થાય તેવા કષાયોના ઉપશમરૂપ પ્રશાંત એવી મતિના અભાવવાળા જીવમાં, શાસ્ત્રના સદ્ભાવનું પ્રતિપાદન=શાસ્ત્રના પારમાર્થિક ભાવોનું કથન, અભિનવ ઉદીર્ણ જ્વરમાં શમનીયની જેમ=નવા આવેલા તાવમાં ઔષધની જેમ, દોષ માટે થાય છે.

'इति' ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

વિસ્તારથી સર્યું=અનધિકારીના પ્રયોગમાં કેવો દોષ છે ? તે કથનથી માંડીને અત્યાર સુધી જે

પ્રાસંગિક કથનનો વિસ્તાર કર્યો તે વિસ્તારથી સર્યું.

પૂર્વમાં ઉદિત એવા અધિકારીઓને જ=પૂર્વમાં કહેવાયેલા એવા એતદ્બહુમાની આદિ સ્વરૂપવાળા અધિકારી જીવોને જ, અપક્ષપાતથી જ ઇતરનો નિરાસ કરીને=અધિકારી જીવોથી ઇતર એવા અનધિકારી જીવોનો પક્ષપાત વગર જ ત્યાગ કરીને, પ્રસ્તુત કહેવાય છે=પ્રસ્તુત એવા ચૈત્યવંદન અનુષ્ઠાનની વિધિ કહેવાય છે.

'इति' ગ્રંથકારશ્રીએ કરેલ પ્રતિજ્ઞાની સમાપ્તિ માટે છે.

પંજિકા :-

'लोकसंज्ञे'ति=गतानुगतिकलक्षणा लोकहेरिः, 'लोकोत्तरयानमि'ति=लोकोत्तरा प्रवृत्तिः, पुरुषमात्रप्रवृत्तिरपि हिताप्त्युपायः स्याद्, न वचनोक्त एव पन्थाः, इत्याशङ्क्याह—'नचानुभवे'त्यादि, अयमभिप्रायः-प्राक् स्वयमेव दृष्टफले कृष्यादौ तदुपायपूर्वकम्, आप्तोपदिष्टोपायपूर्वकं चादृष्टफले निधानखननादौ कर्म्मणि, प्रवृत्तस्य स्वाभिलषितफलसिद्धिरवश्यं भवति, नान्यथा, अतोऽतीन्द्रियफले चैत्यवन्दने फलं प्रति स्वानुभवाभावे पुरुषमात्रप्रवृत्त्याश्रयणान्न विवक्षितफलसिद्धिः, व्यभिचारसम्भवात्, अतः शास्त्रोपदेशात् तत्र प्रवर्तितव्यमिति।

'अपि च' इति दूषणान्तरसमुच्चये, यदृच्छाप्रवृत्त्या सम्यक्चैत्यवन्दनविधेः लाघवापादनेन=लघूकरणेन, शिष्टप्रवृत्तिनिरोधतः=पूज्यपूजारूपशिष्टाचारपरिहारात्, तद्विघात एव-उपायान्तरादपि संभवन्त्यास्तथेष्टफल-सिद्धेर्विष्कम्भ एव, यथोक्तम्—'प्रतिबध्नाति हि श्रेयः पूज्यपूजाव्यतिक्रमः' इति। आह—ननु गतानुगतिकरूपश्चैत्य-वन्दनविधिरपवादस्तर्हि स्यादित्याशङ्क्याह—'अपवादोऽपी'त्यादि, उत्सर्ग्गभेद एवेति=उक्तविशेषणोऽपवाद उत्सर्ग्गस्थानापन्नत्वेनोत्सर्ग्गफलहेतुरित्युत्सर्गविशेष एवेति, 'एतदङ्गीकरणमपि' इति, एतस्य=क्षुद्रसत्त्व-विजृम्भितस्य, अपवादतया अङ्गीकरणमपि=आदरणमपि, किं पुनरनङ्गीकरणमवलम्बनं न भवतीति 'अपि' शब्दार्थः, 'कुशकाशावलम्बनमिति' कुशाश्च काशाश्च कुशकाशाः तेषामवलम्बनं, आश्रयणम् अनालम्बनमेव अपुष्टालम्बनत्वादिति।

'दर्शनीयं ततोऽस्याधिकत्वमिति' दर्शनीयं=दर्शयितव्यं, परेषां स्वयं वा द्रष्टव्यं ततः=तन्त्रान्तरस्थितेः, अस्य=प्रकृततन्त्रस्य, अधिकत्वं=अधिकभावः, कषादिशुद्धजीवादितत्त्वाभिधायकत्वात्, 'व्याप्तीतरविभाग' इति, व्याप्तिश्च=सर्वतन्त्रानुगमो, अस्य सर्वनयमतानुरोधित्वात् इतरा-चाव्याप्तिः, तन्त्रान्तराणामेकनय-रूपत्वाद् 'व्याप्तीतरे' तयोः विभागो=विशेषः, इह चेतराशब्दस्य पुंवद्भावो 'वृत्तिमात्रे सर्वादीनां पुंवद्भावः' इति वचनात्, 'उत्तमनिदर्शनेषु' इति-आज्ञानुसारप्रवृत्तमहापुरुषदृष्टान्तेषु।

अस्तु नामायं प्रवचनगाम्भीर्यनिरूपणादिरुत्सर्गापवादस्वरूपपरिज्ञानहेतुः श्रेयोमार्गः, परं ज्वरहरतक्षकचूडा-रत्नालङ्कारोपदेशवदशक्यानुष्ठानो भविष्यतीत्याशङ्क्याह-

'व्यवस्थितश्च' इत्यादि, व्यवस्थितश्च=प्रतिष्ठितश्च, स्वयमेव महापुरुषैरपुनर्बन्धकादिभिरनुष्ठितत्वात्,

'ध्रुवे'त्यादि-ध्रुवो=निश्चितः, 'तावत्' शब्दो वक्ष्यमाणानर्थक्रमार्थः, अतः=शुद्धदेशनायाः, बुद्धिभेदो-यथाकथञ्चित् क्रियमाणायामधिकृतक्रियायामनास्थया क्षुद्रसत्त्वतया च शुद्धकरणासामर्थ्यात् करणपरिणाम-विघटनम्, तदनु=ततो बुद्धिभेदात् क्रमेण, सत्त्वलेशचलनं=सुकृतोत्साहलवभ्रंशः, कल्पितफलाभावापत्त्या= स्वबुद्धिसम्भावितस्य फलस्य 'अयथास्थितकरणेऽपि न किञ्चिदि'ति देशनाकर्त्तुर्वचनाद् असत्त्वसम्भावनया, दीनता=मूलत एव सुकृतकरणशक्तिक्षयः, स्वभ्यस्तमहामोहवृद्धिः महामोहो=मिथ्यात्वमोहस्ततः, स्वभ्यस्तस्य-प्रतिभवाभ्यासान्महामोहस्य, वृद्धिः=उपचय इति।

पंजिकार्थ :-

'लोकसंज्ञे'ति ..... उपचय इति ।। लोकसंज्ञा એટલે गतानुगतिના લક્ષણવાળી લોકની હેરि=અવિચારક જીવોને અનુસરવા સ્વરૂપ લોકનું અનુસરણ. લોકોત્તરયાન એટલે લોકોત્તર પ્રવૃત્તિ.

ललितविस्तरामां કહ્યું કે વચનમાં કહેવાયેલ પંથને છોડીને બીજો હિતપ્રાપ્તિનો ઉપાય નથી. ત્યાં શંકાનું ઉદ્ભાવન કરતાં પંજિકાકાર કહે છે –

પુરુષમાત્રની પ્રવૃત્તિ પણ હિતની પ્રાપ્તિનો ઉપાય થાય, વચનમાં કહેવાયેલ જ પંથ નહીં. એ પ્રકારની આશંકા કરીને કહે છે=ગ્રંથકારશ્રી ललितविस्तरामां કહે છે – न च अनुभव..... ઈત્યાદિ.

આ અભિપ્રાય છે=न च अनुभवाभावे ઈત્યાદિ ललितविस्तराના કથનનો આ આશય છે –

પૂર્વે સ્વયં જ દૃષ્ટફળવાળા કૃષિ આદિમાં તેના=કૃષિ આદિના, ઉપાયપૂર્વક, અને અદૃષ્ટફળવાળા નિધાનખનનાદિ કર્મમાં આપ્તથી ઉપદિષ્ટ ઉપાયપૂર્વક, પ્રવૃત્તને=પ્રવૃત્તિ કરનારા પુરુષને, સ્વઅભિલષિત ફળની સિદ્ધિ અવશ્ય થાય છે, અન્યથા થતી નથી, આથી અતીંદ્રિયફળવાળા ચૈત્યવંદન વિષયક ફળ પ્રત્યે સ્વના અનુભવનો અભાવ હોતે છતે=આ પ્રકારે કરાયેલા ચૈત્યવંદનથી ઈષ્ટ ફળ પ્રાપ્ત થશે એ પ્રકારના પોતાના અનુભવનો અભાવ હોતે છતે, પુરુષમાત્રની પ્રવૃત્તિના આશ્રયણથી=સામાન્ય પુરુષની પ્રવૃત્તિને અનુસરવાથી, વિવક્ષિત ફળની સિદ્ધિ નથી=સમ્યક્ ચૈત્યવંદનના વિવક્ષિત એવા નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ નથી; કેમ કે વ્યભિચારનો સંભવ છે=ચૈત્યવંદનમાં ફળનિષ્પત્તિને અનુકૂળ પ્રયત્ન થાય તો ફળ મળે અને ફળનિષ્પત્તિને અનુકૂળ પ્રયત્ન ન થાય તો ફળ ન મળે, એ પ્રકારના વ્યભિચારનો સંભવ છે, આથી ત્યાં=ચૈત્યવંદનના અનુષ્ઠાનમાં, શાસ્ત્રના ઉપદેશથી પ્રવર્તવું જોઈએ.

'इति' શબ્દ अयं अभिप्रायः થી શરૂ કરેલા કથનની સમાપ્તિમાં છે.

'अपि च' એ દૂષણાંતરના સમુચ્ચયમાં છે=સ્વઅનુભવના અભાવમાં પુરુષમાત્રની પ્રવૃત્તિથી ઈષ્ટ ફળની સિદ્ધિ થતી નથી એ રૂપ દૂષણ પૂર્વે બતાવ્યું તેના કરતાં અન્ય દૂષણનો સમુચ્ચય કરવા માટે છે.

યદૃચ્છાપ્રવૃત્તિથી=અતીંદ્રિય ફળવાળા ચૈત્યવંદનમાં આપ્તથી ઉપદિષ્ટ ઉપાયને છોડીને પોતાની ઇચ્છા અનુસાર પ્રવૃત્તિ કરવાથી, સમ્યક્ ચૈત્યવંદનની વિધિના લાઘવના આપાદનથી=લઘૂકરણથી,

શિષ્ટ પ્રવૃત્તિનો નિરોધ થવાને કારણે=પૂજ્યની પૂજારૂપ શિષ્ટના આચારનો પરિહાર થવાને કારણે=પૂજ્ય એવા ભગવાનની ગુણસ્તવનાસ્વરૂપ પૂજારૂપ શિષ્ટ પુરુષોના આચારનો પરિહાર થવાને કારણે, તેનો વિઘાત જ છે=ઉપાયાંતરથી પણ સંભવતી તે પ્રકારની ઈષ્ટ ફળની સિદ્ધિનો વિષ્કંભ જ છે=હિત પ્રાપ્તિના ચૈત્યવંદનરૂપ ઉપાયથી અન્ય એવા શાસ્ત્રાનુસારી કરાતા ધર્માનુષ્ઠાનરૂપ ઉપાયથી પણ સંભવતી તે પ્રકારની ઈચ્છિતફળની પ્રાપ્તિનો વ્યાઘાત જ છે.

જે પ્રમાણે કહેવાયું છે –

પૂજ્યની પૂજાનો વ્યતિક્રમ=પૂજ્ય એવા તીર્થંકરની ભાવસ્તવરૂપ પૂજાનું વિપરીતકરણ, શ્રેયનો=વિપરીત કરનાર જીવના કલ્યાણનો, પ્રતિબંધ કરે છે જ.

'ઇતિ' ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

કહે છે=કોઈ શંકા કરતાં કહે છે –

ગતાનુગતિકરૂપ ચૈત્યવંદનની વિધિ તો પછી અપવાદ થાય. એ પ્રકારની આશંકા કરીને કહે છે= ललितविस्तरामां कहे छे – अपवादोऽपि..... ઇત્યાદિ.

ઉત્સર્ગનો ભેદ જ છે એટલે કહેવાયેલ વિશેષણવાળો અપવાદ ઉત્સર્ગના સ્થાનનું આપન્નપણું હોવાથી=અપવાદમાં ઉત્સર્ગના સ્થાનનું પ્રાપ્તપણું હોવાથી, ઉત્સર્ગના ફળનો હેતુ છે, એથી ઉત્સર્ગવિશેષ જ છે. એથી આનું અંગીકરણ પણ એટલે આનું=ક્ષુદ્રસત્ત્વથી વિજૃંભિતનું, અપવાદપણારૂપે અંગીકરણ પણ=આદરણ પણ, કુશ-કાશનું અવલંબન છે એટલે કુશો અને કાશો=કુશ-કાશો, તેઓનું અવલંબન છે=આશ્રયણ છે, અર્થાત્ અનાલંબન જ છે=ક્ષુદ્રસત્ત્વથી વિજૃંભિત એવા યથા-તથા કરાયેલા ચૈત્યવંદનનું અપવાદપણારૂપે આશ્રયણ પણ આલંબન જ નથી; કેમ કે અપુષ્ટાલંબનપણું છે.

"अङ्गीकरणमपि"માં રહેલ અપિનો અર્થ સ્પષ્ટ કરે છે –

શું વળી, અનંગીકરણ=ચૈત્યવંદનના સેવનનું અનાશ્રયણ, અવલંબન નથી થતું, એ પ્રમાણે 'અપિ' શબ્દનો અર્થ છે=अङ्गीकरणमपिમાં રહેલો 'अपि' શબ્દનો અર્થ છે. એ પ્રમાણે પરિભાવન કરવું જોઈએ, એમ અન્વય છે.

તેનાથી આનું અધિકપણું દર્શનીય છે એટલે તેનાથી=તંત્રાંતરની સ્થિતિથી=અન્યદર્શનની મર્યાદાથી, આનું=પ્રકૃતતંત્રનું=પ્રકૃત એવા જૈનદર્શનનું, અધિકપણું=અધિકભાવ, દર્શનીય છે=પરને બતાવવું જોઈએ અથવા સ્વયં જોવું જોઈએ; કેમ કે કષાદિથી શુદ્ધ એવા જીવાદિ તત્ત્વનું અભિધાયકપણું છે= જૈનદર્શન કષ-છેદ-તાપથી શુદ્ધ એવા જીવાદિ તત્ત્વનું અભિધાન કરનાર છે.

વ્યાપ્તિ-ઈતરનો વિભાગ એટલે વ્યાપ્તિ=સર્વ-તંત્રનો અનુગમ છે=સર્વદર્શનોમાં જૈનદર્શનનું અનુસરણ છે; કેમ કે આનું સર્વ નયના મતનું અનુરોધીપણું છે=જૈનદર્શનનું સર્વ નયોના મતનું અનુસારીપણું છે. અને ઈતર=અવ્યાપ્તિ=અન્યદર્શનોની જૈનદર્શનમાં અવ્યાપ્તિ છે; કેમ કે તંત્રાંતરોનું એકનયરૂપપણું છે=અન્યદર્શનો એક નયસ્વરૂપ છે.

હવે 'व्याप्तीतरविभाग'નો સમાસ સ્પષ્ટ કરે છે –

व्याप्ति-ઇતરા, તે બેનો=व्याप्ति-अव्याप्तिનો, विभाग=વિશેષ. અને અહીં='व्याप्तीतरविभाग'માં, इतरा શબ્દનો=અવ્યાપ્તિને બતાવનાર એવા इतरा શબ્દનો, પુંવદ્ભાવ છે=પુંલિંગમાં પ્રયોગ છે; કેમ કે वृत्तिमात्रમાં सर्वादिનો=सर्वा વગેરે સર્વનામોનો, પુંવદ્ભાવ થાય છે=પુંલિંગમાં પ્રયોગ થાય છે, એ પ્રકારનું વચન છે.

ઉત્તમનિદર્શનોમાં એટલે આજ્ઞાનુસાર પ્રવૃત્ત એવા મહાપુરુષોનાં દૃષ્ટાંતોમાં, યત્ન કરવો જોઈએ, એમ સંબંધ છે. ઉત્સર્ગ-અપવાદના સ્વરૂપના પરિજ્ઞાનનો હેતુ એવા પ્રવચનના ગાંભીર્યનું નિરૂપણ આદિ રૂપ આ=પૂર્વે કહેવાયો એ, શ્રેયોમાર્ગ હો, પરંતુ જ્વરહર એવા તક્ષકના ચૂડાના રત્નરૂપ અલંકારના ઉપદેશની જેમ=જ્વરનું હરણ કરનારા એવા નાગવિશેષના મસ્તક પર રહેલા મણિરૂપ અલંકારનો ગ્રહણ કરવાના ઉપદેશની જેમ, અશક્ય અનુષ્ઠાનવાળો આ શ્રેયમાર્ગ થશે, એ પ્રકારે આશંકા કરીને કહે છે –

व्यवस्थितश्च..... ઇત્યાદિનો અર્થ કરે છે –

અને વ્યવસ્થિત છે=પ્રતિષ્ઠિત છે=અપુનર્બંધકાદિ મહાપુરુષોમાં આ શ્રેયોમાર્ગ રહેલો છે; કેમ કે અપુનર્બંધકાદિ મહાપુરુષો વડે સ્વયં જ અનુષ્ઠિતપણું છે=આ શ્રેયોમાર્ગ સ્વયં જ આચરાયેલ છે.

ध्रुव..... ઇત્યાદિનો અર્થ કરે છે –

આનાથી=શુદ્ધદેશનાથી, ધ્રુવ=નિશ્ચિત, બુદ્ધિનો ભેદ થાય છે=યથાકથંચિત્ કરાતી અધિકૃત ક્રિયામાં અનાસ્થાને કારણે અને ક્ષુદ્રસત્ત્વતાને કારણે શુદ્ધ કરણના અસામર્થ્યથી કરણના પરિણામનું વિઘટન થાય છે=જેમ-તેમ કરાતી ચૈત્યવંદનની ક્રિયામાં શ્રદ્ધાના અભાવને કારણે અને તુચ્છ જીવપણાને કારણે ચૈત્યવંદનને શુદ્ધ કરવાના સામર્થ્યના અભાવથી ચૈત્યવંદન કરવાના પરિણામનો નાશ થાય છે.

'तावत्' શબ્દ વક્ષ્યમાણ અનર્થના ક્રમના અર્થવાળો છે અર્થાત્ ભવાભિનંદી જીવોને શુદ્ધદેશનાથી પ્રથમ બુદ્ધિભેદ થાય છે, સત્ત્વલેશનું ચલન થાય છે, દીનતા થાય છે, મહામોહની વૃદ્ધિ થાય છે, તેમજ સંત્રાસ થાય છે, આ પ્રકારના આગળમાં કહેવાનારા અનર્થના ક્રમના અર્થને બતાવનાર છે.

ત્યારપછી તે બુદ્ધિભેદથી ક્રમ વડે સત્ત્વલેશનું ચલન થાય છે=સુકૃતના ઉત્સાહલવનો ભ્રંશ થાય છે=ક્ષુદ્ર જીવોને ચૈત્યવંદનરૂપ સુકૃત કરવાનો કંઈક ઉત્સાહ થયેલો તેનો નાશ થાય છે. કલ્પિત ફળના અભાવની આપત્તિથી="અયથાસ્થિત કરણમાં પણ કંઈ નથી" એ પ્રકારના દેશનાકર્તાના વચનથી સ્વબુદ્ધિથી સંભાવિત ફળના અસત્ત્વની સંભાવનાથી="જે રીતે ચૈત્યવંદનની વિધિ કહેવાઈ છે તે રીતે ચૈત્યવંદન નહીં કરવામાં પણ ચૈત્યવંદન કંઈ ફળ પ્રાપ્ત થતું નથી" એ પ્રકારના શુદ્ધદેશના કરનારા ઉપદેશકના વચનથી પોતાની બુદ્ધિથી સંભાવના કરેલા ચૈત્યવંદનના ફળના અવિદ્યમાનપણાની સંભાવનાથી, દીનતા થાય છે=મૂલથી જ સુકૃતના કરણની શક્તિનો ક્ષય થાય છે=ક્ષુદ્ર જીવોને

મૂળથી જ ચૈત્યવંદનરૂપ સુકૃત કરવાની શક્તિનો નાશ થાય છે.

સુઅભ્યસ્ત એવા મહામોહની વૃદ્ધિ થાય છે.

અહીં મહામોહવૃદ્ધિનો અર્થ કરે છે –

महामोह=मिथ्यात्वमोह, ततः=त्यारपछी, स्वभ्यस्तमहामोहवृद्धिः=नो समास स्पष्ट करे छे – प्रतिभवमां अभ्यासने कारणे सुअभ्यस्त એવા મહામોહની વૃદ્ધિ=ઉપચય, એ સુઅભ્યસ્ત મહામોહની વૃદ્ધિ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ચૈત્યવંદનના અધિકારી જીવનાં ૧૫ લિંગો બતાવ્યાં, અને કહ્યું કે આ લિંગો દ્વારા જીવમાં ચૈત્યવંદનની અધિકારિતાનો નિર્ણય કરીને ઉપદેશકે ચૈત્યવંદનના અધ્યાપનમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. આથી જે ઉપદેશક આ રીતે જીવમાં ચૈત્યવંદનની અધિકારિતાનો નિર્ણય કરીને ઉપદેશમાં પ્રવૃત્તિ કરે છે, તે ઉપદેશકે ભગવાનના વચનનું આરાધન કર્યું છે; કેમ કે જગતના જીવોનું હિત થાય તે રીતે ઉપદેશકને પ્રવૃત્તિ કરવાનું ભગવાને કહ્યું છે, અને તે ઉપદેશકે ભગવાનના વચનાનુસાર અધિકારીનો નિર્ણય કરીને જીવોનું હિત થાય તે રીતે યત્ન કર્યો છે, આથી તે ઉપદેશક મહાત્માએ ભગવાનના વચનની આરાધના કરી છે.

વળી, આ રીતે પ્રવૃત્તિ કરવા દ્વારા તે ઉપદેશકે લોકનાથનું બહુમાન કર્યું છે; કેમ કે તેઓએ સ્વમતિથી ઉપદેશની પ્રવૃત્તિ કરી નથી, પરંતુ ભગવાનના વચન અનુસાર ઉપદેશની પ્રવૃત્તિ કરી છે, આથી તે ઉપદેશક મહાત્માએ ભગવાનના વચનનું બહુમાન કર્યું છે.

વળી, આ રીતે ઉપદેશની પ્રવૃત્તિ કરવા દ્વારા તે ઉપદેશકે લોકસંજ્ઞાનો ત્યાગ કર્યો છે; કેમ કે અનાદિકાળથી જીવ જિનવચનને પરતંત્ર થયા વગર પ્રવૃત્તિ કરવા ઘડાયેલો છે, તે પ્રવૃત્તિ લોકસંજ્ઞારૂપ છે, જ્યારે ભગવાનના વચનનું સ્મરણ કરીને ઉપદેશની પ્રવૃત્તિ કરવાથી તે લોકસંજ્ઞાનો ત્યાગ થાય છે, અને તે ઉપદેશકે જિનવચનાનુસાર ઉપદેશની પ્રવૃત્તિ કરી છે, આથી તે ઉપદેશક મહાત્માએ લોકસંજ્ઞાનો ત્યાગ કર્યો છે. આનાથી અર્થથી એ ફલિત થાય કે જે ઉપદેશક જીવોના ઉપકાર માટે પણ મુગ્ધબુદ્ધિથી જીવોની અધિકારિતાની વિચારણા કર્યા વગર યથા-તથા ઉપદેશની પ્રવૃત્તિ કરે છે, તેઓની તે ઉપદેશની પ્રવૃત્તિ જિનાજ્ઞાથી નિયંત્રિત નથી, પરંતુ લોકસંજ્ઞાથી નિયંત્રિત છે, માટે તેઓની ઉપદેશની પ્રવૃત્તિ મોહને પરતંત્ર હોવાથી કર્મબંધનું કારણ છે, જ્યારે પ્રસ્તુત ઉપદેશકની ઉપદેશની પ્રવૃત્તિ જિનવચનને પરતંત્ર હોવાથી નિર્જરાનું કારણ છે.

વળી, આ રીતે ઉપદેશની પ્રવૃત્તિ કરવા દ્વારા તે ઉપદેશકે લોકોત્તરયાન સ્વીકાર્યું છે; કેમ કે તે ઉપદેશક લોકો ન સમજી શકે તેવી લોકોત્તર પ્રવૃત્તિ કરનારા છે, અને લોકોત્તર પ્રવૃત્તિ સંસારસાગર તરવાનું પ્રબળ કારણ હોવાથી લોકોત્તર વહાણ રૂપ છે. આથી તે ઉપદેશક મહાત્માએ લોકોત્તરયાન સ્વીકાર્યું છે.

વળી, આ રીતે ઉપદેશની પ્રવૃત્તિ કરવા દ્વારા તે ઉપદેશકે ધર્મચારિતાનું સેવન કર્યું છે; કેમ કે જિનવચનાનુસાર પ્રવૃત્તિ એ ધર્મનું સેવન છે, અને તે ઉપદેશક જિનવચનાનુસાર ઉપદેશની પ્રવત્તિ કરે છે માટે ધર્મનું સેવન

કરે છે. આથી તે ઉપદેશક મહાત્માએ ધર્મચારિતા સેવન કરી છે.

વળી, જે ઉપદેશક જીવોની અધિકારિતાનો નિર્ણય કર્યા વગર યથા-તથા ચૈત્યવંદનના અધ્યાપનમાં પ્રવૃત્તિ કરે છે તે ઉપદેશકને વિપર્યય થાય છે અર્થાત્ તે ઉપદેશકની તે પ્રવૃત્તિથી ભગવાનનું વચન આરાધિત થતું નથી, ભગવાન બહુમત થતા નથી, લોકસંજ્ઞા પરિત્યક્ત થતી નથી, પરંતુ લોકસંજ્ઞાનું સેવન થાય છે, લોકોત્તરયાન સ્વીકૃત થતું નથી, ધર્મચારિતા સેવિત થતી નથી, પરંતુ અધર્મનું સેવન થાય છે. આ પ્રમાણે ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી કહ્યું એ સર્વ કથન અતિસૂક્ષ્મ બુદ્ધિથી આલોચન કરવું જોઈએ.

આશય એ છે કે જે પ્રવૃત્તિમાં વીતરાગના વચનનું સ્મરણ છે, વીતરાગની આજ્ઞા અનુસાર પ્રવૃત્તિ છે, તે પ્રવૃત્તિ વીતરાગગામી હોવાથી ભગવાનના વચનની આરાધના આદિ સ્વરૂપ છે, અને જે પ્રવૃત્તિમાં વીતરાગનું સ્મરણ નથી, વીતરાગના વચનનું નિયંત્રણ નથી, માત્ર મુગ્ધતાપૂર્વકની પ્રવૃત્તિ છે, તે પ્રવૃત્તિથી સંસારના ઉચ્છેદને અનુકૂળ કોઈ યત્ન થતો નથી. માટે તેવી પ્રવૃત્તિ વિપર્યયરૂપ છે, એ પ્રકારે અતિસૂક્ષ્મ બુદ્ધિથી ચિંતવન કરવું જોઈએ.

આ રીતે અધિકારીને જાણીને ઉપદેશની પ્રવૃત્તિ કરનારા મહાત્માને શું લાભ થાય છે અને મનસ્વી રીતે ઉપદેશની પ્રવૃત્તિ કરનારા ઉપદેશકને શું અનર્થ થાય છે ? તે બતાવ્યું. હવે મનસ્વી રીતે ઉપદેશની પ્રવૃત્તિ કરનારા ઉપદેશકના ઉપદેશ અનુસારે પ્રવૃત્તિ કરનાર જીવને ધર્માનુષ્ઠાનનું ફળ પ્રાપ્ત થતું નથી, તે સ્પષ્ટ કરવા કહે છે –

ભગવાનના વચનથી કહેવાયેલ માર્ગને છોડીને બીજો હિતપ્રાપ્તિનો ઉપાય નથી જ, આથી જે ઉપદેશક અધિકારીનો વિચાર કર્યા વગર જેને તેને ચૈત્યવંદન સૂત્ર આપે છે, અથવા તો અધિકારી જીવને પણ આગળમાં કહેવાશે તે રીતે પ્રવચનના ગાંભીર્યનું નિરૂપણ આદિ કર્યા વગર ચૈત્યવંદન સૂત્ર આપે છે, તે ઉપદેશકના ઉપદેશ અનુસારે ચૈત્યવંદનની પ્રવૃત્તિ કરનાર જીવોની તે ચૈત્યવંદનની પ્રવૃત્તિ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર બને નહીં, તેથી તેવી ચૈત્યવંદનની પ્રવૃત્તિ હિતપ્રાપ્તિનો ઉપાય નથી, માટે તેવી ચૈત્યવંદનની પ્રવૃત્તિથી તે જીવોનું હિત થતું નથી; કેમ કે ભગવાને કહેલી વિધિને છોડીને યથા-તથા કરાયેલું ચૈત્યવંદન હિતપ્રાપ્તિનો ઉપાય નથી.

અહીં પ્રશ્ન થાય કે યથા-તથા કરાયેલી પ્રવૃત્તિ હિતપ્રાપ્તિનો ઉપાય કેમ નથી ? તેથી કહે છે કે અનુભવના અભાવમાં પુરુષમાત્રની પ્રવૃત્તિથી તે પ્રકારના ઇષ્ટ ફળની સિદ્ધિ થતી નથી.

આશય એ છે કે ખેતી આદિ કાર્યમાં અતીંદ્રિય પદાર્થને જાણનારા આપ્તપુરુષના વચન અનુસાર પ્રવૃત્તિની અપેક્ષા નથી, પરંતુ પોતાના અનુભવ અનુસાર પ્રવૃત્તિથી ખેતી આદિનું ઇષ્ટ ફળ પ્રાપ્ત થાય છે; કેમ કે ખેડૂતે પોતાના પિતા આદિને ખેતી કરતાં જોયેલા અને તે રીતે ખેતી કરીને તેઓને ઇષ્ટ ફળની પ્રાપ્તિ થતી પણ જોયેલી, તેથી દૃષ્ટ ફળવાળા ખેતી આદિ કાર્યમાં આપ્તપુરુષના ઉપદેશની અપેક્ષા નથી; જ્યારે નિધાનખનનાદિ કાર્યમાં નિધાનને બતાવનારા આપ્તપુરુષના વચન અનુસાર પ્રવૃત્તિની અપેક્ષા છે, આથી ભૂમિમાં કેટલાક સ્થાનોમાં નિધાન રહેલું છે, પરંતુ તે નિધાનવાળાં સ્થાનો કેવા લક્ષણવાળી ભૂમિમાં

રહેલ છે તે અનુભવથી જાણી શકાતું નથી, માટે નિધાનપ્રાપ્તિના અર્થી લોકો નિધાનવાળી ભૂમિનાં લક્ષણોને જાણનારા આપ્તપુરુષના ઉપદેશ અનુસાર તે લક્ષણોવાળા સ્થાનને શોધીને નિધાન ખોદવા વગેરેની પ્રવૃત્તિ કરે તો તેઓને અદૃષ્ટ ફળવાળા નિધાનખનનાદિ કાર્યમાં પોતાને ઇચ્છિત એવું નિધાનની પ્રાપ્તિરૂપ ફળ અવશ્ય મળે છે; પરંતુ જે લોકો નિધાન બતાવનારા આપ્તપુરુષના ઉપદેશના અનુસરણ વગર સ્વમતિ અનુસાર નિધાનની પ્રાપ્તિ માટે ખનનાદિમાં પ્રવૃત્તિ કરે છે તેઓને ખનનાદિનું નિધાનની પ્રાપ્તિરૂપ ફળ મળતું નથી; કેમ કે કયા સ્થાને ખોદવાથી નિધાન મળશે તે ઇન્દ્રિયથી દેખાતું નથી, તે જ પ્રમાણે કઈ રીતે ચૈત્યવંદન કરવાથી ઇષ્ટ ફળ મળશે તે ઇન્દ્રિયથી દેખાતું નથી, તેથી ચૈત્યવંદનના અનુષ્ઠાનમાં પોતાના અનુભવ અનુસાર પુરુષ સામાન્યની પ્રવૃત્તિથી ઇષ્ટ ફળ પ્રાપ્ત થતું નથી, પરંતુ અતીંદ્રિય ફળવાળા ચૈત્યવંદનથી ઇષ્ટ ફળની પ્રાપ્તિના અર્થી જીવે પુરુષવિશેષરૂપ સર્વજ્ઞના વચનનો આશ્રય કરવો પડે; કેમ કે કઈ રીતે કરાયેલું ચૈત્યવંદન ઇષ્ટ ફળ આપે છે તે સર્વજ્ઞ જાણે છે, માટે સર્વજ્ઞના વચન અનુસાર ચૈત્યવંદનમાં પ્રવૃત્તિ કરવાથી ચૈત્યવંદનના ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. પરંતુ જેઓ કઈ રીતે કરાયેલા ચૈત્યવંદનથી ચૈત્યવંદનનું સમ્યક્ ફળ પ્રાપ્ત થાય તે સ્વયં જાણતા નથી અને પુરુષવિશેષરૂપ સર્વજ્ઞના વચનનું આશ્રયણ પણ કરતાં નથી, ફક્ત પુરુષ સામાન્યની પ્રવૃત્તિનું આશ્રયણ કરે છે તેઓને તે ચૈત્યવંદનથી વિવક્ષિત ફળ પ્રાપ્ત થતું નથી; કેમ કે વ્યભિચારનો સંભવ છે.

આશય એ છે કે આપ્તપુરુષો જે પ્રકારે ચૈત્યવંદન વિષયક પ્રવૃત્તિ કરે છે તે પ્રકારે પ્રવૃત્તિ કરવામાં આવે તો તે ચૈત્યવંદનથી ચૈત્યવંદનનું વિવક્ષિત ફળ પ્રાપ્ત થાય, પરંતુ આપ્તપુરુષોના અનુસરણ વગર આપ્તપુરુષો જે પ્રકારે કરે છે તે જ પ્રકારે ચૈત્યવંદનની પ્રવૃત્તિ થવાની પ્રાયઃ સંભાવના નથી, આથી માત્ર પુરુષ સામાન્યની પ્રવૃત્તિ અનુસારે કરાયેલી ચૈત્યવંદનની પ્રવૃત્તિમાં ફળપ્રાપ્તિ વિષયક વ્યભિચારનો સંભવ છે, માટે તે રીતે કરાયેલ ચૈત્યવંદનથી સંસારના અંતના કારણીભૂત એવું નિર્જરારૂપ ફળ પ્રાપ્ત થાય નહીં, આથી ચૈત્યવંદનની પ્રવૃત્તિમાં આપ્તપુરુષના વચનરૂપ શાસ્ત્રના ઉપદેશથી પ્રયત્ન કરવો જોઈએ.

વળી, ભગવાનના વચનનું ઉલ્લંઘન કરીને ચૈત્યવંદનની પ્રવૃત્તિ કરવાથી ચૈત્યવંદનના લાઘવનું આપાદન થાય છે; કેમ કે જે ચૈત્યવંદનની પ્રવૃત્તિમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર જિનગુણનું પ્રણિધાન ન હોય તેવી ચૈત્યવંદનની પ્રવૃત્તિ કરવાથી જિનગુણ પ્રત્યેનો બહુમાનભાવ વૃદ્ધિ પામે તેવો કોઈ યત્ન થતો નથી, માત્ર જિનગુણની સ્તવનારૂપ ચૈત્યવંદન સૂત્રનું યથા-તથા ઉચ્ચારણ થાય છે, માટે તેવી ચૈત્યવંદનની પ્રવૃત્તિથી ચૈત્યવંદનની હીનતા થાય છે.

વળી, ચૈત્યવંદનના લાઘવનું આપાદન કરે તેવી ચૈત્યવંદનની પ્રવૃત્તિ કરવાથી શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિનો નિરોધ થાય છે, અર્થાત્ શિષ્ટ પુરુષો પૂજ્ય એવા તીર્થંકરોનાં ગુણગાન દ્વારા તીર્થંકરોના ગુણોને અભિમુખ અંતરંગ બહુમાનભાવની વૃદ્ધિ થાય તે રીતે ચૈત્યવંદનની પ્રવૃત્તિ કરે છે, અને ચૈત્યવંદનની હીનતા થાય તે રીતે ચૈત્યવંદનની પ્રવૃત્તિ કરવાથી તે શિષ્ટ પુરુષોની ચૈત્યવંદનની પ્રવૃત્તિનો પરિહાર થાય છે.

વળી, જે પ્રવૃત્તિમાં શિષ્ટ પુરુષોના આચારનો પરિહાર થતો હોય તે પ્રવૃત્તિથી તે પ્રકારના ઇષ્ટ ફળનો

વિઘાત જ થાય છે અર્થાત્ કોઈ મહાત્માએ મોક્ષનું કારણ બને તેવી અન્ય કોઈ પ્રવૃત્તિ કરીને ઇષ્ટ ફળની પ્રાપ્તિ કરી હોય, પરંતુ પાછળથી તે મહાત્મા યથા-તથા ચૈત્યવંદન કરીને શિષ્ટાચારનો પરિહાર કરે તો તે મહાત્માને ચૈત્યવંદનની પ્રવૃત્તિથી અન્ય એવી ઉચિત પ્રવૃત્તિથી પ્રાપ્ત થયેલ ઇષ્ટ ફળનો વિઘાત જ થાય છે; કેમ કે યથા-તથા પ્રવૃત્તિથી કરાયેલો અશુભભાવ અન્ય ઉચિત પ્રવૃત્તિથી કરાયેલા શુભભાવના ફળનો નાશ કરે છે, આથી જ સાવદ્યાચાર્ય શુદ્ધ સંયમને પાળીને એકાવતારી થયેલા, પરંતુ પાછળથી ઉત્સૂત્ર પ્રરૂપણા કરીને શિષ્ટ પ્રવૃત્તિનો પરિહાર કરવા દ્વારા અનંત સંસારી બન્યા, માટે ઉચિત પ્રવૃત્તિ કરવાથી જેમ શિષ્ટાચારનું પાલન થવાથી નિર્જરારૂપ ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે, તેમ અનુચિત પ્રવૃત્તિ કરવાથી શિષ્ટાચારનો નિરોધ થવાથી ઇષ્ટ ફળનો વ્યાઘાત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે ઉત્સર્ગથી તો જિનવચન અનુસાર કરાયેલું ચૈત્યવંદન જ ઉચિત છે, પરંતુ અધિકારીનો નિર્ણય કર્યા વગર ધર્માનુષ્ઠાન કરાવનાર ઉપદેશકના ઉપદેશ અનુસાર કરાયેલું ચૈત્યવંદન પણ અપવાદથી ઉચિત સ્વીકારી શકાશે, તેના નિવારણ માટે કહે છે –

અપવાદ પણ સૂત્રની અબાધાથી ગુરુ-લાઘવના આલોચનમાં તત્પર હોય છે, અર્થાત્ ગુરુ-લાઘવના આલોચનપૂર્વક જે પ્રવૃત્તિમાં અધિક લાભ હોય તેવી પ્રવૃત્તિરૂપ હોય છે, તેથી તે અપવાદના સેવનમાં અધિકદોષની નિવૃત્તિ થવાથી તે અપવાદ શુભ, શુભના અનુબંધવાળો અને મહાસત્ત્વવાળા જીવોથી સેવન કરાયેલો એવો ઉત્સર્ગવિશેષ જ છે, પરંતુ સૂત્રની બાધાથી નથી.

આશય એ છે કે શાસ્ત્રકારે સાધુને સમભાવની વૃદ્ધિને અનુકૂળ એવી સંયમની જે સર્વ ઉચિત ક્રિયાઓ બતાવી છે, તે ઉત્સર્ગમાર્ગરૂપ છે, અને તેવા કોઈક વિષમ સંયોગોમાં તે ઉત્સર્ગમાર્ગની પ્રવૃત્તિથી સાધુના સમભાવની વૃદ્ધિને અનુકૂળ ધ્યાન-અધ્યયનમાં વ્યાઘાત થતો હોય ત્યારે તે સાધુ ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગના સેવનમાં ગુરુ-લાઘવનો વિચાર કરે છે. તે વખતે તે મહાત્માને અપવાદના સેવનથી પોતાના સમભાવની વૃદ્ધિ જણાય તો તે મહાત્મા ઉત્સર્ગની આચરણાથી વિરુદ્ધ એવી અપવાદની આચરણા કરે છે, તેનાથી અપવાદના સેવનમાં થતા દોષથી અધિક દોષની નિવૃત્તિ થાય છે; કેમ કે તે અપવાદના સેવનથી સ્વાધ્યાયાદિમાં દૃઢ યત્ન થવાને કારણે સમભાવની વૃદ્ધિ થાય છે, માટે તે મહાત્માનું તે અપવાદનું સેવન શુભ છે, શુભના અનુબંધવાળું છે.

વળી, જે મહાત્માઓ ગુરુ-લાઘવનું પ્રામાણિક રીતે સમાલોચન કરીને સૂત્રાનુસાર અપવાદનું સેવન કરે છે, તેઓ મહાસત્ત્વવાળા છે. તેવા મહાસત્ત્વવાળા જીવોથી સેવાયેલો આ અપવાદ ઉત્સર્ગવિશેષ જ છે; કેમ કે ઉત્સર્ગના સેવનથી જે ફળ પ્રાપ્ત કરવાનું છે તે ફળની પ્રાપ્તિ તેવા વિષમ સંયોગોમાં થઈ શકે તેમ નહીં હોવાથી તે મહાત્માએ અપવાદના સેવનથી તે ફળની પ્રાપ્તિ કરી, તેથી ઉત્સર્ગના સેવનથી જે ફળની પ્રાપ્તિની અપેક્ષા છે તે ફળની પ્રાપ્તિ અપવાદના સેવનથી થવાથી તે અપવાદ ઉત્સર્ગવિશેષ જ છે. તેની જેમ આ ચૈત્યવંદન સૂત્ર જિનગુણના પ્રણિધાનપૂર્વક વીતરાગભાવને અનુકૂળ અંતરંગ વીર્ય ઉલ્લસિત કરવા દ્વારા વીતરાગતાનું કારણ છે, એ પ્રમાણે જે આરાધક જીવો જાણે છે, તેમજ ભગવાને જે બહિરંગ ઉચિત

વિધિથી અને અંતરંગ જિનગુણના પ્રણિધાનથી ચૈત્યવંદન કરવાનું કહેલ છે તે જ પ્રમાણે ચૈત્યવંદન કરવાના અભિલાષવાળા છે; આમ છતાં પ્રારંભદશામાં સંચિતવીર્યવાળા નહીં હોવાથી શાસ્ત્રોક્ત વિધિના પૂર્ણપાલનપૂર્વક ચૈત્યવંદન કરવા સમર્થ નથી, તોપણ તે પ્રકારની પૂર્ણ વિધિના પાલનને અનુકૂળ શક્તિનો સંચય કરવા માટે પોતાની ભૂમિકા અનુસાર યત્ન કરે છે, તેવા આરાધક જીવોનું ચૈત્યવંદન અનુષ્ઠાન પૂર્ણ શક્તિથી સેવાયેલા ચૈત્યવંદનના ફળ સદૃશ ફળનિષ્પત્તિનું કારણ નથી; તોપણ પ્રતિદિન સ્વશક્તિ અનુસાર ચૈત્યવંદનના સેવનના બળથી જ્યારે તેવા જીવોમાં પૂર્ણ વિધિના પાલનની શક્તિનો સંચય થશે, ત્યારે તેઓનું ચૈત્યવંદન અનુષ્ઠાન પૂર્ણ વિધિના પાલનપૂર્વકનું બનશે. માટે પ્રથમ ભૂમિકામાં તેઓનું કંઈક ત્રુટિવાળું પણ ચૈત્યવંદન અનુષ્ઠાન પરંપરાએ સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિવાળા ચૈત્યવંદનની નિષ્પત્તિનું કારણ હોવાથી અપવાદથી ઇષ્ટ છે; કેમ કે ઉત્સર્ગથી પૂર્ણ વિધિ અનુસાર સેવાયેલા ચૈત્યવંદનનું જે ફળ છે તે ફળ જેવું કંઈક કંઈક ફળ અપવાદથી સ્વભૂમિકા અનુસાર સેવાતા ચૈત્યવંદનમાં વર્તતા પ્રણિધાન આશયના બળથી તેઓને પ્રાપ્ત થાય છે, આથી આવા જીવો ચૈત્યવંદનને સ્વશક્તિ અનુસાર સેવીને સામર્થ્ય હોય તો આ ભવમાં પણ પૂર્ણ વિધિ અનુસાર શુદ્ધ ચૈત્યવંદન સેવનારા બને છે અને કદાચ તેવું દૃઢ સત્ત્વ ન હોય તો આ ભવમાં શુદ્ધ ચૈત્યવંદન સેવનારા બને નહીં, તોપણ શુદ્ધ ચૈત્યવંદન સેવનના પક્ષપાતના અધ્યવસાયથી બંધાયેલા પુણ્યના બળથી આવા જીવો જન્માંતરમાં તે પ્રકારની ઉત્તમ સામગ્રી પ્રાપ્ત કરીને અવશ્ય શુદ્ધ ચૈત્યવંદન સેવનારા બને છે, માટે તેઓનું પ્રારંભિક ભૂમિકાનું કંઈક ત્રુટિવાળું પણ ચૈત્યવંદન અપવાદથી સ્વીકારી શકાય; પરંતુ જેઓ ચૈત્યવંદનની વિધિ જાણવાનો લેશ પણ યત્ન કરતા નથી અને વિધિ જાણવાને અભિમુખભાવવાળા પણ નથી, માત્ર ગતાનુગતિકથી ચૈત્યવંદન સેવનારા છે; તેઓના ચૈત્યવંદનમાં લેશ પણ જિનગુણના પ્રણિધાનનો આશય નથી, માટે તેઓનું ચૈત્યવંદન અપવાદથી સ્વીકારી શકાય નહીં.

અહીં પ્રશ્ન થાય કે સ્વઇચ્છા અનુસાર ચૈત્યવંદન અનુષ્ઠાન કરનાર જીવોની ચૈત્યવંદનની પ્રવૃત્તિ અપવાદરૂપ નથી તો કેવી છે ? તેથી કહે છે –

તેઓની ચૈત્યવંદનની પ્રવૃત્તિમાં ગુરુ-લાઘવની ચિંતાનો અભાવ છે. આશય એ છે કે જેમ પૂર્ણ વિધિ પાલનના અભિલાષવાળા જીવો "ચૈત્યવંદન કરીને હું સંચિત વીર્યવાળો થઈશ તો મારું ચૈત્યવંદન પૂર્ણ વિધિ અનુસાર થશે અને જો હું ચૈત્યવંદનમાં પ્રયત્ન નહીં કરું તો ક્યારેય સંપૂર્ણ શુદ્ધ ચૈત્યવંદનની શક્તિનો સંચય થશે નહીં" આ પ્રકારે ગુરુ-લાઘવનો વિચાર કરીને અર્થાત્ પૂર્ણ વિધિ અનુસાર ચૈત્યવંદન અનુષ્ઠાન કરવાની શક્તિના સંચયરૂપ ગુરુભાવનું અને ચૈત્યવંદનમાં યત્ન કરવામાં ન આવે તો ચૈત્યવંદનના ફળથી વંચિત રહેવા રૂપ લઘુભાવનું આલોચન કરીને, પૂર્ણ વિધિપૂર્વક ચૈત્યવંદન કરવાની પોતાની શક્તિ નહીં હોવા છતાં પણ તેઓ અભ્યાસરૂપે સ્વશક્તિ અનુસાર વિધિપૂર્વક ચૈત્યવંદન કરવા યત્ન કરે છે, તેઓનું ચૈત્યવંદન હિતરૂપ છે, તેમ યદૃચ્છાથી ચૈત્યવંદન કરનારા જીવો તે પ્રકારના ગુરુ-લાઘવનું આલોચન કર્યા વગર લોકહેરિથી ચૈત્યવંદન કરે છે, માટે તેઓની ચૈત્યવંદનની પ્રવૃત્તિમાં ગુરુ-લાઘવની વિચારણાનો અભાવ છે, માટે તેઓનું ચૈત્યવંદન અનુષ્ઠાન અહિતરૂપ છે; કેમ કે શિષ્ટાચારનો વ્યાઘાત કરનાર છે, અહિતના અનુબંધવાળું છે અર્થાત્ અહિતની પરંપરાનું કારણ છે; કેમ કે શિષ્ટાચારથી વિપરીત સેવનરૂપ

છે, અસમંજસ છે; કેમ કે સર્વજ્ઞથી કહેવાયેલ વિધિ પ્રત્યે સર્વથા ઉપેક્ષા છે, પરમગુરુનું લાઘવ કરનારું છે; કેમ કે પરમગુરુ એવા ભગવાને જે પ્રકારે ચૈત્યવંદન કરવાનું કહ્યું છે તેનાથી વિપરીત રીતે ચૈત્યવંદન કરવા દ્વારા "ભગવાને આવું ચૈત્યવંદન બતાવ્યું છે" તેવો લોકોને ભ્રમ પેદા કરાવે છે. વળી, આવા પ્રકારનું ચૈત્યવંદન અનુષ્ઠાન ક્ષુદ્રસત્ત્વોથી વિજૃંભિત છે અર્થાત્ મોહને પરવશ થયેલા ક્ષુદ્ર જીવોથી આચરાયેલું છે; કેમ કે ક્ષુદ્ર જીવો સર્વજ્ઞના વચનને અભિમુખ હોતા નથી, પરંતુ કર્મને પરતંત્ર હોય છે, તેમ યદૃચ્છાથી ચૈત્યવંદન કરનારા જીવોનું પણ ચૈત્યવંદન અનુષ્ઠાન સર્વજ્ઞના વચનને અભિમુખ થઈને સેવાયેલું નથી, પરંતુ કર્મને પરતંત્ર થઈને સેવાયેલું છે. આથી ક્ષુદ્ર જીવોથી સેવાયેલ અનુષ્ઠાનનો અપવાદરૂપે સ્વીકાર કરવો એ પણ અજ્ઞાની જીવોના સંસારરૂપી નદીના પ્રવાહમાં તણખલાના અવલંબનતુલ્ય છે.

આશય એ છે કે જેમ નદીના પ્રવાહમાં ડૂબતો પુરુષ નદીમાંથી બહાર નીકળવા માટે તણખલાનું અવલંબન લે એટલામાત્રથી તે પુરુષનું નદીમાં ડૂબવાથી રક્ષણ થતું નથી, તેમ સંસારસાગરમાં ડૂબતો જીવ સંસારસાગરથી પાર ઊતરવા માટે લેશ પણ જિનવચનને અભિમુખ થયા વગર સ્વઇચ્છા અનુસાર ચૈત્યવંદન અનુષ્ઠાન સેવે. એટલામાત્રથી તે જીવનું સંસારસાગરમાં ડૂબવાથી રક્ષણ થતું નથી, માટે આ રીતે ચૈત્યવંદન કરીને તે જીવ સંસારસાગરમાં સુરક્ષિત બની શકે નહીં, માટે તેવા ચૈત્યવંદન અનુષ્ઠાનને અપવાદરૂપે સ્વીકારી શકાય નહીં. એ પ્રમાણે પરિભાવન કરવું જોઈએ.

પૂર્વે ગ્રંથકારશ્રીએ કહેલ કે ઉપદેશકે લિંગો દ્વારા જીવમાં ચૈત્યવંદનની અધિકારિતાનો નિર્ણય કરીને ચૈત્યવંદનના અધ્યાપનમાં પ્રવર્તવું જોઈએ. આથી લિંગો દ્વારા અધિકારીનો નિર્ણય કર્યા પછી ઉપદેશકે અધિકારી જીવને ચૈત્યવંદન સૂત્ર આપતા પૂર્વે કેવા પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ ? જેથી તે જીવ ચૈત્યવંદનનો પરમાર્થ ગ્રહણ કરી શકે ? તે બતાવવા માટે કહે છે –

ઉપદેશકે યોગ્ય શ્રોતાને સર્વ પ્રકારે પ્રવચનનું ગાંભીર્ય બતાવવું જોઈએ.

પ્રવચનનું ગાંભીર્ય :-

પ્રવચન સર્વજ્ઞના વચનસ્વરૂપ છે અને ભગવાન વીતરાગ-સર્વજ્ઞ થયા પછી સન્માર્ગ બતાવે છે અને ભગવાને બતાવેલો તે સન્માર્ગ વીતરાગ થવાના ઉપાયસ્વરૂપ છે, તેથી સર્વજ્ઞના પ્રત્યેક વચનને ગંભીરતાથી વિચારવામાં આવે તો, સર્વજ્ઞનું વચન વીતરાગતાની પ્રાપ્તિનું કારણ કઈ રીતે છે ? તેનો કંઈક પરમાર્થ દેખાય; આમ છતાં સર્વજ્ઞના દરેક વચનનો સંપૂર્ણ પરમાર્થ તો ચૌદપૂર્વધર મહાત્માઓ જ જાણી શકે છે અને પ્રવચન તેવું ગંભીરભાવવાળું હોવાથી જ પ્રવચનના સામાયિક સૂત્ર આદિ કોઈ એક સૂત્રને ગ્રહણ કરીને પણ અનંતા જીવો વીતરાગ બન્યા.

ગાંભીર્ય એટલે ઊંડાણપણું. જેમ સમુદ્રમાં પાણીનું ઊંડાણ ઘણું હોવાથી સમુદ્રને ગંભીર કહેવાય છે, તેમ ભગવાનના વચનરૂપ પ્રવચનમાં વીતરાગ થવાના તાત્પર્યનું ઘણું ઊંડાણ હોવાથી પ્રવચનને ગંભીર કહેલ છે, આ પ્રમાણે અધિકારી જીવને બતાવવાથી પ્રાજ્ઞ વિચારક શ્રોતા ભગવાનના દરેક વચનને સ્વભૂમિકાનુસાર તે રીતે જોવા યત્ન કરે, જેના કારણે તે શ્રોતા પ્રવચનના તે તે અર્થોના પરમાર્થને પોતાની ભૂમિકા અનુસાર

સૂક્ષ્મ-સૂક્ષ્મતર પામી શકે. માટે ઉપદેશકે અધિકારી જીવને ચૈત્યવંદન સૂત્ર આપતા પહેલાં પ્રવચનનું ગાંભીર્ય બતાવવું જોઈએ.

વળી, આ રીતે પ્રવચનનું ગાંભીર્ય બતાવવાથી વિવેકી શ્રોતા અરિહંત ચેઈયાણં રૂપ ચૈત્યવંદન સૂત્રને ગંભીરતાથી વિચારે તો, તેને બોધ થાય કે આ સૂત્રમાં વંદન-પૂજન-સત્કાર-સન્માન દ્વારા વીતરાગતા પ્રત્યેના બહુમાનભાવની વૃદ્ધિ થાય તેવો યત્ન કરવાનું બતાવેલ છે. તે બહુમાનભાવ બોધિલાભનું અને અંતે નૈશ્ચયિક બોધિલાભનું કારણ છે. નૈશ્ચયિક બોધિલાભ એટલે અસંગ અનુષ્ઠાનની પ્રાપ્તિ, જેનાથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે, આથી જ અરિહંત ચેઈયાણં સૂત્રમાં 'બોહિલાભવત્તિયાએ' અને પછી 'નિરુવસગ્ગવત્તિયાએ' પદ દ્વારા બોધિના લાભરૂપ ફળ અને અંતે મોક્ષની પ્રાપ્તિરૂપ ફળ બતાવેલ છે, તેમજ તે ફળ વધતી જતી શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણા-અનુપ્રેક્ષાપૂર્વક કરાયેલા ચૈત્યવંદનથી થાય છે, એ પ્રમાણે પણ બતાવેલ છે.

આમ, ઉપદેશકના વચનથી અધિકારી જીવને પ્રવચનરૂપ શ્રુતના ગાંભીર્યનો બોધ થયો હોય તો, જ્યારે તેને ચૈત્યવંદન સૂત્ર ભણાવવામાં આવે ત્યારે તે જીવ ચૈત્યવંદન સૂત્રના ગંભીરભાવોને જોવા યત્ન કરે, તેના કારણે આ અરિહંત ચેઈઆણં સૂત્ર બોલતાં બોલતાં જીવ વીતરાગભાવને કઈ રીતે પ્રાપ્ત કરી શકે ? તેના કંઈક પરમાર્થનો તેને પોતાની બુદ્ધિ અનુસાર બોધ થઈ શકે; પરંતુ જો ઉપદેશકે શ્રોતાને પ્રવચનનું ગાંભીર્ય બતાવેલ ન હોય તો તે પ્રકારના ઊહના અભાવને કારણે શ્રોતા અરિહંત ચેઈઆણં સૂત્રથી પણ તે પ્રકારનો પરમાર્થ પ્રાપ્ત કરી શકે નહીં. માટે ઉપદેશકે ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપતાં પહેલાં સૌ પ્રથમ અધિકારી જીવને પ્રવચનની ગંભીરતા બતાવવી જોઈએ, જેથી તે અધિકારી જીવ ચૈત્યવંદન સૂત્ર ભણતી વખતે સૂત્રના તે પ્રકારના પરમાર્થને જાણવા માટે યત્ન કરે.

વળી, ઉપદેશકે યોગ્ય શ્રોતાને અન્યદર્શનની સ્થિતિ બતાવવી જોઈએ. આશય એ છે કે સર્વદર્શનકારો જીવને સંસારમાંથી મુક્ત થવાનો જ ઉપદેશ આપે છે, પરંતુ સંસારના પરિભ્રમણને અનુકૂળ ઉપદેશ આપતા નથી; આમ છતાં તે સર્વદર્શનકારોથી નિરૂપણ કરાયેલો ધર્મમાર્ગ પરિપૂર્ણ યથાર્થ નથી, અને તે અન્યદર્શનકારોનો ધર્મ પરિપૂર્ણ યથાર્થ કેમ નથી ? તે ઉપદેશકે શ્રોતાની બુદ્ધિ અનુસાર સમજાવવું જોઈએ, જેથી અન્ય સર્વદર્શનો કરતાં જૈનદર્શન વિશેષતાવાળું કઈ રીતે છે તેનો યથાર્થ નિર્ણય કરવા શ્રોતા સમર્થ બને.

વળી, અધિકારી જીવને અન્યદર્શનોની ધર્મવ્યવસ્થા બતાવ્યા પછી ઉપદેશકે તે અન્યદર્શનોથી જૈનદર્શનનું અધિકપણું તેની બુદ્ધિ અનુસાર બતાવવું જોઈએ અથવા તત્ત્વના અર્થી એવા તે અધિકારી જીવે સ્વયં જોવું જોઈએ. અહીં પ્રશ્ન થાય કે અન્યદર્શનોથી જૈનદર્શનનું અધિકપણું કેમ છે ? તે સ્પષ્ટ કરવા પંજિકાકાર કહે છે–

કષ-છેદ-તાપથી શુદ્ધ એવું જીવ-અજીવાદિ નવ તત્ત્વોનું કથન ભગવાનના શાસનમાં જ છે, અન્યત્ર ક્યાંય નથી. તેથી ઉપદેશક તત્ત્વના અર્થી એવા શ્રોતાને તેની બુદ્ધિ અનુસાર ભગવાનના શાસનનું અધિકપણું પ્રામાણિક યુક્તિથી બતાવે, તો તે શ્રોતાને "આ જિનશાસનને બતાવનારા તીર્થંકરો લોકોત્તર પુરુષ છે" તેવો નિર્ણય થાય.

વળી, ઉપદેશકે શ્રોતાને તેની બુદ્ધિને પરિપક્વ બનાવવા માટે વ્યાપ્તિ અને અવ્યાપ્તિનો વિભાગ બતાવવો જોઈએ. આશય એ છે કે ભગવાનનું દર્શન અન્ય સર્વદર્શનોમાં વ્યાપીને રહેલું છે; કેમ કે જૈનદર્શન સર્વ નયોને ઉચિત રીતે જોડીને પૂર્ણ યોગમાર્ગ બતાવનાર છે, જ્યારે અન્ય સર્વદર્શનો ભગવાનના દર્શનમાં વ્યાપીને રહેલાં નથી, પરંતુ ભગવાનના દર્શનના એક ભાગમાં રહેલા છે; કેમ કે તે તે દર્શનો એક એક નયનો આશ્રય કરીને પ્રવર્તે છે. આ રીતે શ્રોતાને યુક્તિથી બતાવવામાં આવે તો વિવેકી શ્રોતા નિર્ણય કરી શકે કે સંસારસાગર તરવાનો સર્વ નયોથી પરિપૂર્ણ શુદ્ધમાર્ગ ભગવાનના શાસનમાં જ છે અને અન્યદર્શનો પણ સંસારસાગર તરવાનો માર્ગ બતાવતાં હોવા છતાં એક નય પર ચાલનાર હોવાથી પરિપૂર્ણ શુદ્ધમાર્ગ બતાવી શકતાં નથી. આથી સર્વજ્ઞનું વચન જ એકાંતે પ્રમાણભૂત છે.

વળી, ઉપદેશકે શ્રોતાને ઉત્તમ નિદર્શનો સમજાવવામાં યત્ન કરવો જોઈએ. આશય એ છે કે ઉપદેશક શ્રોતાને કહે કે આ સર્વજ્ઞના વચન અનુસાર પ્રવૃત્તિ કરનારા મહાપુરુષોના દૃષ્ટાંતને અવલંબીને સદા પ્રવર્તવું જોઈએ, જેથી સંસારસાગર તરવાનો માર્ગ અતિદુષ્કર હોવા છતાં તે મહાપુરુષોનાં દૃષ્ટાંતથી ભાવિત થયેલું ચિત્ત દૃઢ પ્રયત્નપૂર્વક સંસારસાગર તરવા માટે યત્ન કરી શકે.

આ શ્રેયનો માર્ગ છે અર્થાત્ સર્વથા ગાંભીર્યનું નિરૂપણ કરવું જોઈએ ઇત્યાદિ જે ગ્રંથકારશ્રીએ પૂર્વે કહ્યું એ અધિકારી જીવના કલ્યાણનો માર્ગ છે.

અહીં વિશેષ એ છે કે ઉપદેશકે ચૈત્યવંદનના અધિકારી જીવને પ્રવચનનું ગાંભીર્ય આદિ બતાવવાં જોઈએ અને ઉત્તમ દૃષ્ટાંતો સમજાવવા યત્ન કરવો જોઈએ અથવા તેવા કોઈ સંયોગોને કારણે કોઈ અધિકારી જીવને કોઈ ઉપદેશકની પ્રાપ્તિ થઈ ન હોય અને તે અધિકારી જીવ પ્રસ્તુત ગ્રંથ ભણીને ચૈત્યવંદનના પરમાર્થને જાણવા માટે તત્પર થયેલ હોય તો તેને પ્રવચનનું ગાંભીર્ય આદિ સ્વયં જોવાં જોઈએ અને ઉત્તમ દૃષ્ટાંતો સમજવા સ્વયં યત્ન કરવો જોઈએ. આ કલ્યાણનો માર્ગ છે, એમ પ્રવચનનું ગાંભર્ય, નિરૂપણાદિ સર્વમાં યોજન કરવું. આ અર્થ બતાવવા માટે જ પંજિકાકારે 'दर्शनीयं'નો અર્થ કરતાં 'दर्शयितव्यं परेषां स्वयं वा दृष्टव्यं' કહેલ છે.

ગ્રંથકારશ્રીએ પૂર્વે સ્થાપન કરેલ કે લોકહેરિથી કરાતું ચૈત્યવંદન શિષ્ટપ્રવૃત્તિનો નિરોધ કરનાર હોવાથી ઇષ્ટ ફળનો વ્યાઘાત કરે છે, વળી, અપવાદથી પણ તેવું ચૈત્યવંદન ઇષ્ટ નથી, તેથી જિજ્ઞાસા થાય કે ઉત્સર્ગ-અપવાદના સ્વરૂપનું પરિજ્ઞાન કઈ રીતે થઈ શકે ? તેથી ગ્રંથકારશ્રીએ ઉત્સર્ગ-અપવાદના સ્વરૂપના પરિજ્ઞાનનો હેતુ એવા પ્રવચનના ગાંભીર્યનું નિરૂપણાદિરૂપ શ્રેયોમાર્ગ બતાવ્યો, ત્યાં પંજિકાકાર કહે છે કે જેમ નાગવિશેષની ફણા પર રહેલા જ્વરનું હરણ કરનારા રત્નરૂપ અલંકારને ગ્રહણ કરવાનો કોઈ ઉપદેશ આપે તો તે અનુષ્ઠાન અશક્ય છે, તેમ પ્રવચનના ગાંભીર્ય આદિને જાણવું તે સામાન્ય જીવો માટે અશક્ય અનુષ્ઠાન છે, અને પૂર્વમાં બતાવ્યું તેવા પ્રવચનના ગાંભીર્ય આદિને જાણ્યા વગર સામાન્ય જીવો ચૈત્યવંદનના અધ્યયનમાં પ્રવર્તી શકે નહીં, આ પ્રકારની શંકાના નિવારણ માટે લલિતવિસ્તરાકાર કહે છે -

અહીં વિશેષ એ છે કે ભગવાનનું પ્રવચન અત્યંત ગંભીર છે. તેથી ભગવાનના પ્રવચનમાં યોગ્ય એવા

સર્વ જીવોને હિતની પ્રાપ્તિ કઈ રીતે થાય તેની સૂક્ષ્મ વિચારણા કરાયેલી છે, આથી જ જે જીવની જે પ્રકારની યોગ્યતા હોય તે જીવ તે પ્રકારે ઉત્સર્ગની પ્રવૃત્તિ કરીને પોતાનું હિત સાધી શકે તે રીતે ભગવાને ઉપદેશ આપેલ છે, અને તે ઉપદેશ અનુસાર સત્ત્વશાળી અને બુદ્ધિસંપન્ન જીવો ભગવાને ચૈત્યવંદનની જે વિધિ બતાવી છે તે સર્વ વિધિનું સમ્યક્ પાલન કરીને ચૈત્યવંદન દ્વારા પરમ કલ્યાણ પ્રાપ્ત કરી શકે છે, માટે તેવા જીવોને શાસ્ત્રમાં ઉત્સર્ગથી ચૈત્યવંદનના અધિકારી સ્વીકાર્યા છે, અને જેઓ કલ્યાણના અર્થી હોવા છતાં તેવું સત્ત્વ નહીં હોવાથી પ્રથમ ભૂમિકામાં પૂર્ણ વિધિનું પાલન કરી શકતા નથી, તેવા જીવોને તે પ્રકારની શક્તિનો સંચય થાય તે માટે શાસ્ત્રમાં અપવાદથી ચૈત્યવંદનના અધિકારી સ્વીકાર્યા છે.

વળી, ક્ષુદ્ર જીવો ચૈત્યવંદનને યથા-તથા કરીને પોતાનું અહિત કરે છે, તેથી તેઓના અહિતના નિવારણ માટે શાસ્ત્રમાં તેઓને ચૈત્યવંદન સૂત્રના પાઠાદિ આપવાનો નિષેધ કર્યો છે, પરંતુ તેઓનું અહિત કરવા માટે નિષેધ કર્યો નથી. આમ પ્રવચન સર્વ જીવોનું એકાંતે હિત થાય તે પ્રકારે ગંભીરતાપૂર્વક તત્ત્વ બતાવનાર છે.

આ પ્રકારનું પ્રવચનનું ગાંભીર્ય બતાવવાથી અધિકારી શ્રોતાને બોધ થાય કે "શક્તિ હોય તો ઉત્સર્ગથી પૂર્ણ વિધિ અનુસાર ચૈત્યવંદન કરવું જોઈએ અને શક્તિ ન હોય તો અપવાદથી પૂર્ણ વિધિ અનુસાર ચૈત્યવંદન કરવાની શક્તિનો સંચય થાય તે રીતે ચૈત્યવંદન કરવું જોઈએ, પરંતુ ચૈત્યવંદનની પારમાર્થિક વિધિ પ્રત્યેની જિજ્ઞાસાથી નિરપેક્ષ એવી લોકહેરિથી ચૈત્યવંદન કરવું ઉચિત નથી."

પૂર્વે પંજિકામાં કહ્યું કે પ્રવચનના ગાંભીર્યના નિરૂપણાદિરૂપ શ્રેયમાર્ગ અશક્ય અનુષ્ઠાન છે, તેના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

જે જીવો ભવના અબહુમાનવાળા છે. અર્થાત્ સંસારના સંત્રાસથી ભય પામેલા છે, તેઓ જો સ્થૂલબોધવાળા હોય તો અપુનર્બંધક છે અને સૂક્ષ્મબોધવાળા હોય તો સમ્યગ્દૃષ્ટિ આદિ છે. આવા જીવોના, સ્વભૂમિકા અનુસાર તત્ત્વ-અતત્ત્વ જાણવામાં અને તત્ત્વ-અતત્ત્વને જાણીને તત્ત્વના સેવનમાં પ્રતિબંધક એવાં કર્મો ક્ષીણપ્રાયઃ થયાં હોય છે, અને તેઓ સંસારના વાસ્તવિક સ્વરૂપને જોઈને સંસારથી તરવાના ઉપાયને સમ્યક્ સેવવાના વિશુદ્ધ આશયવાળા હોય છે. આવા પ્રકારના મહાપુરુષો પૂર્વે બતાવેલ એવા પ્રકારના પ્રવચનગાંભીર્ય નિરૂપણાદિરૂપ શ્રેયોમાર્ગને જાણવા સમર્થ છે.

આશય એ છે કે જે જીવો સંસારથી ભય પામેલા છે, તે જીવોને યોગ્ય ઉપદેશક કહે કે "જેમ સંસારમાં કોઈપણ ક્રિયા યથા-તથા કરવાથી તે ક્રિયાનું ફળ મળતું નથી, પરંતુ કાર્યને અનુકૂળ કારણમાં ઉદ્યમ કરવામાં આવે તો તે ક્રિયાથી તે ફળની નિષ્પત્તિ થાય છે; તેમ સંસારના ઉચ્છેદના કારણીભૂત એવી ચૈત્યવંદનની ક્રિયા પણ યથા-તથા કરવાથી તે ક્રિયાનું ફળ મળતું નથી, પરંતુ આપ્તપુરુષોએ ચૈત્યવંદન કરવાની જે અંતરંગ અને બહિરંગ વિધિ બતાવી છે તે જ પ્રકારે ચૈત્યવંદનની ક્રિયામાં યત્ન કરવામાં આવે તો તે ક્રિયાથી સંસારના ઉચ્છેદરૂપ ફળની નિષ્પત્તિ થાય છે; ક્વચિત્ પ્રથમ ભૂમિકામાં પરિપૂર્ણ શુદ્ધ ચૈત્યવંદન થઈ ન શકે તો તે ચૈત્યવંદનની ક્રિયાનું પરિપૂર્ણ ફળ ન મળે, છતાં શુદ્ધ ચૈત્યવંદન કરવાના

લક્ષ્યને સામે રાખીને જે જે અંશથી ચૈત્યવંદનને સમ્યક્ કરવા યત્ન કરવામાં આવે અને જેટલા જેટલા અંશથી ચૈત્યવંદન સમ્યક્ નિષ્પન્ન થાય, તેટલા તેટલા અંશથી તે ચૈત્યવંદનની ક્રિયાનું ફળ મળે છે." આ પ્રમાણે સાંભળીને તે જીવોને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ચૈત્યવંદન કરવાને અભિમુખભાવ થાય છે, અને તે શાસ્ત્રોક્ત વિધિ જાણવા માટે ઉપદેશકને વારંવાર પૃચ્છા કરે છે, વિધિ જાણ્યા પછી તે જ વિધિથી ચૈત્યવંદનને સમ્યક્ કરવા યત્ન કરે છે, સમ્યક્ ચૈત્યવંદન ન થતું હોય તોપણ હું કઈ રીતે યત્ન કરું ? જેથી મારું ચૈત્યવંદન સમ્યક્ બની શકે ? તે જાણવા યોગીઓને પૃચ્છા કરે છે; કેમ કે આવા જીવો શુદ્ધ ક્રિયા કરવાના વિશુદ્ધભાવવાળા હોય છે.

વળી, અપુનર્બંધકાદિ જીવોને ઉપદેશક પ્રવચનનું ગાંભીર્ય આદિ બતાવે તો તેના બળથી, ઉત્સર્ગથી ચૈત્યવંદનના અધિકારી જીવો કેવા હોય, અપવાદથી ચૈત્યવંદનના અધિકારી જીવો કેવા હોય, અને ચૈત્યવંદનના અનધિકારી જીવો કેવા હોય ? તેનો તેઓને બોધ થાય છે, અને પ્રવચનનું ગાંભીર્ય આદિને સાંભળીને તેઓ વિચારે છે કે "સર્વજ્ઞે બતાવેલ વિધિ અનુસાર ચૈત્યવંદન કરીને અનંતા જીવો મોક્ષને પામ્યા તેથી જો મારે પણ ભવનો ઉચ્છેદ કરીને મોક્ષને પામવો હોય તો પ્રવચનના ગાંભીર્યને શક્તિના પ્રકર્ષથી જાણવા યત્ન કરવો જોઈએ, અન્ય સર્વદર્શનો કરતાં જૈનદર્શન કઈ રીતે સંસારના ઉચ્છેદનો માર્ગ બતાવે છે ? તેના મર્મને જાણવા યત્ન કરવો જોઈએ, તેમજ ઉત્તમ પુરુષોનાં દૃષ્ટાંતમાં ઉદ્યમ કરવો જોઈએ." આમ વિચારીને અધિકારી જીવો ગ્રંથકારશ્રીએ બતાવેલા એવા શ્રેયમાર્ગનું આશ્રયણ કરે છે, આથી તેવા અપુનર્બંધાદિ જીવોમાં પૂર્વે બતાવ્યો એવો શ્રેયમાર્ગ વ્યવસ્થિત છે.

વળી, ક્ષુદ્ર પ્રકૃતિવાળા જીવો હજી ચારગતિના પરિભ્રમણરૂપ ભવ પ્રત્યે અબહુમાનવાળા થયા નથી, અને તેથી ક્ષીણપ્રાય કર્મમલવાળા પણ થયા નથી, આથી તેવા જીવો 'મારે આ સંસારથી નિસ્તાર પામવો છે' તેવા દૃઢ સંકલ્પપૂર્વક ધર્મમાં પ્રયત્ન કરતા નથી. આવા જીવો શુદ્ધદેશના સાંભળવા માટે અયોગ્ય છે. કેમ અયોગ્ય છે ? તેથી કહે છે –

શુદ્ધદેશના ક્ષુદ્ર જીવો રૂપી મૃગલાઓના ટોળાને ત્રાસ પેદા કરાવે તેવો સિંહનાદ છે, અને ઉપદેશક તેવો સિંહનાદ કરે તો તેનાથી તેવા જીવોને બુદ્ધિભેદ થાય છે, જેનાથી તેઓનું ધર્મ કરવાને અભિમુખ જે થોડું સત્ત્વ હતું તેનું ચલન થાય છે. વળી, આવા જીવો યથા-તથા ચૈત્યવંદન કરીને કલ્પના કરતા હોય છે કે આ ચૈત્યવંદનથી મને આ ફળ પ્રાપ્ત થશે, પરંતુ શુદ્ધદેશના સાંભળીને તેઓને થાય છે કે આ ચૈત્યવંદનથી મને કોઈ ફળ પ્રાપ્ત થશે નહીં. આ રીતે પોતે કલ્પના કરેલ ફળના અસત્પણાની પ્રાપ્તિ થવાથી તેઓમાં દીનતા આવે છે અર્થાત્ ચૈત્યવંદનરૂપ સુકૃત કરવાનો તેઓમાં જે થોડો ઉત્સાહ હતો તેનો નાશ થાય છે. વળી, અત્યાર સુધી સુઅભ્યસ્ત એવા મહામોહની વૃદ્ધિ થાય છે અર્થાત્ તેઓનો ધર્મ કરવાનો પરિણામ નાશ પામે છે અને સંસારની પ્રવૃત્તિ કરવાને અનુકૂળ એવો મહામોહનો ભાવ વૃદ્ધિ પામે છે, આથી આવા જીવો શુદ્ધદેશના સાંભળીને પૂર્વે જે કંઈ ધર્માનુષ્ઠાન કરતા હતા તે ધર્માનુષ્ઠાનનો ત્યાગ કરવાના પરિણામવાળા થાય છે.

આશય એ છે કે ક્ષુદ્ર પ્રકૃતિવાળા જીવોને ભવનું વાસ્તવિક સ્વરૂપ દેખાતું નથી, છતાં તેઓને 'મારે કંઈક ધર્મ કરીને મારું હિત કરવું છે,' તેવી બુદ્ધિમાત્ર હોય છે, અને તેવી બુદ્ધિમાત્રથી તેઓ ચૈત્યવંદનાદિ ધર્મનાં અનુષ્ઠાનો કરે છે અને માને છે કે 'આનાથી અમારું કંઈક પરલોકમાં હિત થશે.' આમ માનીને તેઓ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો કરીને ધર્મને અનુકૂળ કંઈક શક્તિસંચય કરે છે, પરંતુ શુદ્ધ અનુષ્ઠાન કરીને શુદ્ધ અનુષ્ઠાનના ફળને પામતા નથી. આવા જીવોને ઉપદેશક કહે કે "ચૈત્યવંદન નહીં કરવાથી જેમ કોઈ ફળ મળતું નથી, તેમ શાસ્ત્રોક્ત વિધિથી વિપરીત એવું યથા-તથા ચૈત્યવંદન કરવાથી પણ કોઈ ફળ મળતું નથી." તે સાંભળીને તેઓ "ચૈત્યવંદન અનુષ્ઠાનને સમ્યક્ કરીને મારે શુદ્ધ ચૈત્યવંદનનું ફળ પ્રાપ્ત કરવું છે" તેવા ઉત્સાહવાળા થતા નથી, પરંતુ "આવું શુદ્ધ અનુષ્ઠાન કરવાનું મારું સામર્થ્ય નથી, એથી મારી આ ક્રિયા નિષ્ફળ છે, માટે આવા નિષ્ફળ અનુષ્ઠાનથી સર્યું" એમ વિચારીને તે ચૈત્યવંદન અનુષ્ઠાનનો જ ત્યાગ કરે છે. આવા જીવોને શાસ્ત્રકારશ્રીએ શુદ્ધદેશના આપવાનો નિષેધ કર્યો છે.

અહીં પ્રશ્ન થાય કે અપુનર્બંધકાદિ જીવો જેમ શુદ્ધદેશના સાંભળીને સંસારના ઉચ્છેદ માટે શુદ્ધ ક્રિયા કરવાના અભિલાષવાળા થાય છે અને શુદ્ધ ક્રિયા કરવાનું પોતાનું સામર્થ્ય ન હોય તો અપવાદથી શુદ્ધ ક્રિયા પ્રત્યેના રાગપૂર્વક સ્વશક્તિ અનુસાર ચૈત્યવંદન કરે છે, અને પુનઃ પુનઃ યોગીઓ પાસેથી શુદ્ધ ક્રિયા કરવાના ઉપાયો જાણવા યત્ન કરે છે; તેમ ભવાભિનંદી જીવો પણ શુદ્ધદેશના સાંભળીને શુદ્ધ ચૈત્યવંદન કરવાના અભિલાષવાળા કેમ થતા નથી ? અને શુદ્ધ ક્રિયા કરવાનું પોતાનું સામર્થ્ય ન હોય તોપણ અપવાદથી શુદ્ધ ચૈત્યવંદન પ્રત્યેના રાગપૂર્વક સ્વશક્તિ અનુસાર ચૈત્યવંદન કરવાના પરિણામવાળા કેમ થતા નથી ? ઊલટું શુદ્ધદેશના સાંભળીને પોતે સ્વીકારેલ ચૈત્યવંદનની ક્રિયાનો ત્યાગ કરવાના પરિણામવાળા કેમ થાય છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

ભવાભિનંદી જીવોને સ્વઅનુભવથી સિદ્ધ એવું પણ આ અસિદ્ધ છે; કેમ કે મોહનું અચિંત્ય સામર્થ્ય છે.

આશય એ છે કે ભવાભિનંદી જીવો પણ સંસારના ક્ષેત્રમાં કોઈ કાર્ય કરવાનો પ્રારંભ કરે ત્યારે તે કાર્યને પ્રથમ ભૂમિકામાં સમ્યક્ કરી શકતા નથી, છતાં તે કાર્ય કરવાના બદ્ધરાગવાળા હોવાથી તેઓ પુનઃ પુનઃ અભ્યાસ કરીને પણ તે કાર્યમાં કુશળ થાય છે, એ પ્રકારનો તેઓને સ્વ-અનુભવ છે; તે રીતે ધર્મના ક્ષેત્રમાં પણ પ્રથમ ભૂમિકામાં શુદ્ધ ક્રિયા કરવાનું પોતાનું સામર્થ્ય ન હોય તોપણ તે શુદ્ધ ક્રિયા પ્રત્યેના રાગપૂર્વક કરાતી અભ્યાસિક ક્રિયા ક્રમે કરીને શુદ્ધ ક્રિયા બને છે, એ પ્રકારનો ભવાભિનંદી જીવોને સ્વ-અનુભવ છે; આમ છતાં ચૈત્યવંદન વિષયક શુદ્ધ ક્રિયાનું વર્ણન સાંભળીને તેઓને એ સિદ્ધ નથી, અર્થાત્ આ ચૈત્યવંદનની ક્રિયાને હું સમ્યગ્ કરવા યત્ન કરીશ તો કેટલાક સમય પછી પણ મારી આ ક્રિયા અવશ્ય સમ્યગ્ બનશે, એ સિદ્ધ નથી; કેમ કે ભવાભિનંદી જીવોમાં તેવા પ્રકારનો મોહભાવ વર્તે છે, જેના કારણે તેઓને "મારે ધર્માનુષ્ઠાનોને સમ્યક્ કરીને સંસારનો ઉચ્છેદ કરવો છે" એ પ્રકારનો ધર્મ પ્રત્યે બદ્ધરાગ થતો જ નથી, માટે તેઓને ધર્મની ક્રિયા કષ્ટસાધ્ય જણાય તો તે ક્રિયામાં સમ્યગ્ યત્ન કરવાનો પરિણામ થતો નથી, પરંતુ મોહને વશ થઈને તે ક્રિયાનો ત્યાગ કરવાનો પરિણામ થાય છે; કેમ કે ભવાભિનંદી જીવો ધર્મની પ્રવૃત્તિમાં અનુસ્રોત જ ગમન કરવાની પ્રકૃતિવાળા હોય છે અર્થાત્ ધર્મના ક્ષેત્રમાં ગતાનુગતિકપણાથી જ પ્રવૃત્તિ

કરવાના સ્વભાવવાળા હોય છે, તેથી તેઓ સંસારના કાર્યોમાં પોતાને જ્યાં અધિક રાગ હોય ત્યાં સુદૃઢ યત્ન કરીને કુશળ બને છે, પરંતુ તેઓને કર્મના પારતંત્ર્યથી વિપરીત દિશામાં યત્ન કરવાનો ઉત્સાહ જ થતો નથી; જ્યારે પ્રસ્તુત ચૈત્યવંદન અનુષ્ઠાન તો અનાદિની મોહધારાથી વિપરીત એવું વીતરાગભાવને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થાય તે પ્રકારના અંતરંગ યત્નપૂર્વક કરવામાં આવે તો વિધિશુદ્ધ બને છે, આથી જ શુદ્ધદેશના સાંભળીને તેઓને "મારે અભ્યાસ કરીને પણ શુદ્ધ ચૈત્યવંદન કરવું છે" તેવો ભાવ થતો નથી. આથી આવા ક્ષુદ્ર જીવોને વિદ્વાન પુરુષોએ શાસ્ત્રનો સદ્‌ભાવ બતાવવો જોઈએ નહીં; કેમ કે દોષની પ્રાપ્તિ છે.

આશય એ છે કે ક્ષુદ્ર જીવો શુદ્ધ ક્રિયા કરવાના સામર્થ્યવાળા હોતા નથી અને શુદ્ધ ક્રિયા કરવાના અભિમુખભાવવાળા પણ હોતા નથી, આથી આવા જીવો આગળ વિધિશુદ્ધ ચૈત્યવંદન કેવું હોય ? વિધિશુદ્ધ ચૈત્યવંદન કરવાથી કેવું અચિંત્ય ફળ પ્રાપ્ત થાય ? અને વિધિશુદ્ધ ચૈત્યવંદન કરવાનું સામર્થ્ય પ્રગટ ન થાય ત્યાં સુધી વિધિના રાગપૂર્વક ચૈત્યવંદનમાં અવશ્ય યત્ન કરવો જોઈએ, ઇત્યાદિ પ્રવચનના ગંભીર પદાર્થોનું નિરૂપણ કરવું જોઈએ નહીં; કેમ કે ઉપદેશકનાં તે વચનો સાંભળીને ભવાભિનંદી એવા ક્ષુદ્ર જીવોના ધર્મ કરવાને અભિમુખ એવા લેશ સત્ત્વનો પણ નાશ થાય છે અને ક્ષુદ્ર જીવો વિધિપૂર્વક ક્રિયા કરીને શુદ્ધ ક્રિયાનું ફળ પ્રાપ્ત કરતા નથી, આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે અપ્રશાંતમતિવાળા જીવોમાં શાસ્ત્રનો સદ્‌ભાવ પ્રતિપાદન કરવો જોઈએ નહીં અર્થાત્ જેઓનું ચિત્ત સંસાર તરવાને અભિમુખ થયું છે, અને આથી શાસ્ત્રાનુસારી ક્રિયા કરવામાં બદ્ધરાગવાળા છે, તેઓની મતિ પ્રશાંત છે અને તેવી પ્રશાંતમતિ જેઓમાં ન હોય તેવા જીવોને સંસાર તરવાના ઉપાયભૂત શાસ્ત્રના મર્મ બતાવવા જોઈએ નહીં.

જેમ નવો જ્વર ઉત્પન્ન થયેલો હોય ત્યારે ઔષધ આપવાથી રોગીને કોઈ ગુણ તો થતો નથી, પરંતુ તેનો જ્વર વધે છે, અને જ્વર કંઈક શમે ત્યારપછી ઔષધ આપવામાં આવે તો રોગીને તે ઔષધ ગુણકારી બને છે; તેમ ભવના ઉત્કટ રાગવાળા જીવોમાં અત્યંત ભાવરોગ વર્તે છે તે વખતે શાસ્ત્રના સદ્‌ભાવના કથનરૂપ ઔષધ આપવાથી તે જીવોને કોઈ ગુણ તો થતો નથી, પરંતુ શાસ્ત્રવચનનો અનાદર થવાથી તેઓનો મહામોહ વધે છે, અને ભાવરોગ કંઈક અલ્પ થાય ત્યારપછી ઔષધસ્થાનીય શુદ્ધદેશના આપવામાં આવે તો તે જીવોને તે શુદ્ધદેશના ગુણકારી બને છે. માટે શુદ્ધ ક્રિયાને અભિમુખ થાય તેવા ન હોય તે જીવોને શુદ્ધદેશના અપાય નહીં; કેમ કે શુદ્ધદેશના સાંભળીને શુદ્ધવિધિ પ્રત્યે અરુચિ કરીને ભવાભિનંદી જીવો પોતાનું અહિત કરે છે.

આ રીતે આહ ક ઇવથી માંડીને અત્યાર સુધી પ્રાસંગિક કથનનો વિસ્તાર કર્યો. હવે ગ્રંથકારશ્રી કહે છે કે તે વિસ્તારથી સર્યું. હવે પૂર્વે કહેલા ચૈત્યવંદનના અધિકારી જીવોને આશ્રયીને જ પ્રસ્તુત એવી ચૈત્યવંદનની વિધિ કહેવાય છે, પરંતુ ચૈત્યવંદનના અનધિકારી જીવોને આશ્રયીને આ ચૈત્યવંદનની વિધિ કહેવાતી નથી.

અહીં પ્રશ્ન થાય કે ચૈત્યવંદનની વિધિના કથનમાં અનધિકારી જીવોની ઉપેક્ષા કેમ કરાય છે ? તેથી કહે છે–

અનધિકારી જીવોની અપક્ષપાતથી જ ઉપેક્ષા કરાય છે. આશય એ છે કે ગ્રંથકારશ્રી માટે સર્વ જીવો સમાન છે, તેથી અધિકારી જીવો પ્રત્યે પક્ષપાત છે અને અનધિકારી જીવો પ્રત્યે ઉપેક્ષા છે, તેવું નથી, પરંતુ ગ્રંથકારશ્રીને સર્વ જીવો પર ઉપકાર કરવો છે, માટે જે જીવોનું પોતાના ઉપદેશથી અહિત થાય તેમ છે તે જીવોને ઉપદેશથી થનારા અહિતના નિવારણ માટે ગ્રંથકારશ્રી તેઓની ઉપેક્ષા કરીને, પોતાના ઉપદેશથી જેઓનું હિત થાય તેમ છે તેવા જીવોને આશ્રયીને પ્રસ્તુત એવા ચૈત્યવંદનની વિધિ કહેવાની પ્રતિજ્ઞા કરે છે.

ललितविस्तरा :-

इह प्रणिपातदण्डकपूर्वकं चैत्यवन्दनम्, इति स एवादौ व्याख्यायते, तत्र चायं विधिः -इह साधुः श्रावको वा चैत्यगृहादावेकान्तप्रयतः परित्यक्तान्यकर्त्तव्यः प्रदीर्घतरतद्भावगमनेन यथासम्भवं भुवनगुरोः सम्पादितपूजोपचारः ततः सकलसत्त्वानपायिनीं भुवं निरीक्ष्य, परमगुरुप्रणीतेन विधिना प्रमृज्य च, क्षितिनिहितजानुकरतलः प्रवर्द्धमानातितीव्रतरशुभपरिणामो भक्त्यतिशयात् मुदश्रुपरिपूर्णलोचनो रोमाञ्चाञ्चितवपुः,'मिथ्यात्वजलनिलयानेककुग्राहनक्रचक्राकुले भवाब्धावनित्यत्वाच्चायुषोऽतिदुर्लभमिदं सकलकल्याणैककारणं च अधःकृतचिन्तामणिकल्पद्रुमोपमं भगवत्पादवन्दनं कथञ्चिदवाप्तम्, न चातः परं कृत्यमस्ती'त्यनेनात्मानं कृतार्थमभिमन्यमानो भुवनगुरौ विनिवेशितनयनमानसोऽतिचारभीरुतया सम्यगस्खलितादिगुणसम्पदुपेतं तदर्थानुस्मरणगर्भमेवं प्रणिपातदण्डकसूत्रं पठति; इति तच्चेदम्- नमोऽत्थु णं अरहंताणमित्यादि।

ललितविस्तरार्थ :-

अहीं=उपास्य એવા ભગવાનની ઉપાસનામાં, प्रणिपातदंडकपूर्वक चैत्यवंदन छे, એથી તે જ=प्रणिपातदंडक सूत्र જ, आदिमां=चैत्यवंदनની विधिना प्रारंभमां, व्याख्यान કરાય છે, અને त्यां=चैत्यवंदन કરવામાં, आ=હવે બતાવે છે એ, विधि छे –

अहीं=चैत्यवंदनની ક્રિયાના સમ્યક્ સંપાદનમાં, साधु કે श्रावक चैत्यगृहादिमां એકાંતથી प्रयत=प्रयत्नवाळा, परित्यक्त अन्य कर्तव्योवाळा, प्रदीर्घतर तद्भावगमनथी=ઘણા કાળ સુધી ભગવાનના વીતરાગભાવ તરફ ચિત્તના ગમનથી, यथासंभव=संभव प्रमाणे, भुवनगुरुनी संपादित पूजाना उपचारवाळा, ત્યારપછી सकल सत्त्वोनी अनपायी એવી ભૂમિને निरीक्षण કરીને=સર્વ જીવોને હિંસારૂપ અપાય નહીં કરનારી એવી શુદ્ધ ભૂમિને જોઈને, અને परमगुरुथी प्रणीत એવી વિધિ વડે प्रमार्जीने=શુદ્ધ ભૂમિનું પ્રમાર્જન કરીને, क्षितिमां निहित जानु-करतलवाळा= ભૂમિ પર સ્થાપન કરેલ ઢીંચણનો નીચેનો ભાગ અને હાથના તળિયાવાળા, प्रवर्धमान એવા अतितीव्रतर शुभ परिणामवाळा, ભક્તિના અતિશયને કારણે मुद्ना अश्रुथी परिपूर्ण लोचनवाळा= પ્રમોદના આંસુથી ભરેલા નેત્રોવાળા, રોમાંચથી અંચિત શરીરવાળા, "मिथ्यात्वरूपी जलना निलय અને અનેક कुग्राहरूपी नक्रचक्रथी आकुल એવા भवरूपी अब्धिमां=मिथ्यात्वरूपी पाणीना

સ્થાન અને અનેક કુગ્રહરૂપી મગરોના સમૂહથી વ્યાપ્ત એવા સંસારરૂપી સમુદ્રમાં, આયુષ્યનું અનિત્યપણું હોવાથી અતિદુર્લભ, સકલ કલ્યાણોનું એક કારણ, અને નીચે કરેલ છે ચિંતામણિ-કલ્પદ્રુમની ઉપમા જેણે એવું આ ભગવત્ પાદવંદન કોઈક રીતે પ્રાપ્ત થયું, અને આનાથી પર=ભગવત્ પાદવંદનથી બીજું, કૃત્ય નથી" એ પ્રકારના આના દ્વારા આત્માને કૃતાર્થ માનતા, ભુવનગુરુમાં=ત્રણ ભુવનના ગુરુ એવા ભગવાનમાં, વિનિવેશિત નયન-માનસવાળા=સ્થાપન કરેલ નેત્ર-મનવાળા, અતિચારોથી ભીરુપણું હોવાથી સમ્યગ્-અસ્ખલિત આદિ ગુણસંપદથી ઉપેત, તેના=સૂત્રના, અર્થના અનુસ્મરણના ગર્ભવાળા, આ પ્રકારે=આગળમાં કહેવાશે એ પ્રકારે, પ્રણિપાતદંડક સૂત્રને બોલે છે. 'इति' ચૈત્યવંદનકાળમાં કરવા યોગ્ય વિધિના કથનની સમાપ્તિમાં છે. અને તે=પ્રણિપાતદંડક સૂત્ર, આ છે=નમોડત્થુણં અરિહંતાણં ઇત્યાદિ છે.

ભાવાર્થ :-

ઉપાસ્ય એવા ભગવાનની ઉપાસનામાં પ્રણિપાતદંડકપૂર્વક ચૈત્યવંદન કરાય છે, તેથી એ ફલિત થાય કે પ્રણિપાતદંડક સૂત્ર ચૈત્યવંદનની પૂર્વભૂમિકારૂપ છે, અને પછી અરિહંત ચેઈઆણં સૂત્ર આદિથી પ્રણિધાન કરીને ચૈત્યવંદન કરાય છે. વળી, ચૈત્યવંદન પ્રણિપાતદંડકપૂર્વક કરાય છે, માટે ગ્રંથકારશ્રી ચૈત્યવંદનના પ્રારંભમાં પ્રણિપાતદંડક સૂત્રનું જ વ્યાખ્યાન કરે છે.

વળી, સાધુ કે શ્રાવક કઈ રીતે ચૈત્યવંદન કરે તો તેમનું ચૈત્યવંદન સમ્યક્ નિષ્પન્ન થાય ? તે બતાવવા માટે કહે છે –

સાધુ કે શ્રાવક ચૈત્યગૃહાદિમાં જાય ત્યારે તેઓ એકાંતે ચૈત્યગૃહ વિષયક જ પ્રયત્નવાળા હોય છે, અર્થાત્ પાંચેય ઇન્દ્રિયોને સંવૃત્ત કરીને ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક સમ્યક્ ચૈત્યવંદન કરવાને અભિમુખ પરિણામવાળા થાય તેવા એકાંત પ્રયત્નવાળા હોય છે, અન્ય સર્વ કર્તવ્યોનો ત્યાગ કર્યો હોય છે, તેથી ચૈત્યવંદન કરતાં પૂર્વે મન-વચન-કાયાથી કેવલ ચૈત્યવંદનને અભિમુખ માનસગમન થાય તે પ્રકારના અંતરંગ યત્નવાળા હોય છે.

વળી, શ્રાવક ચૈત્યવંદન કરતાં પૂર્વે ભગવાનની ભક્તિ દરમિયાન વીતરાગના ગુણોના સ્મરણપૂર્વક દીર્ઘકાળ સુધી વીતરાગભાવને અભિમુખ માનસવ્યાપાર કરે છે, અને તે માનસવ્યાપાર દ્વારા પોતાના વૈભવને અનુરૂપ ભુવનગુરુની સંપાદિત પૂજાના ઉપચારવાળા શ્રાવક હોય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે શ્રાવક પોતાના વૈભવ અનુસાર ઉત્તમ સામગ્રીથી વિધિપૂર્વક ભગવાનની પૂજા કરે છે તે સર્વ કાળ દરમિયાન શ્રાવકનું ચિત્ત વીતરાગભાવને અભિમુખ પ્રવર્તે છે, જેથી શ્રાવકનું અંતઃકરણ ભગવાનના ગુણોથી ભાવિત બને છે.

આ રીતે ભગવાનની પૂજા કર્યા પછી ચૈત્યવંદન કરવા માટે બેસતા પૂર્વે કોઈ જીવનો નાશ ન થાય તે માટે શ્રાવક ભૂમિનું અવલોકન કરે છે અને તે ભૂમિનું ભગવાને બતાવેલ છે તે વિધિથી પ્રમાર્જન કરે છે, જેથી શ્રાવકનું ચિત્ત અત્યંત દયાળુ બને.

ત્યારપછી જમીન પર સ્થાપન કરેલ જાનુ-કરતલવાળા અર્થાત્ ભગવાનને ખમાસમણું આપતા એવા શ્રાવક, ભગવાનના ગુણોના સ્મરણથી વધતા એવા અતિતીવ્રતર શુભ પરિણામવાળા થાય છે અર્થાત્ ચિત્તમાં સતત સર્વ સંસારના ભાવોથી અતીત અને ચાર અતિશયવાળા પરમાત્માના સ્વરૂપની સ્મૃતિ વર્તે છે એવા તે શ્રાવક "વીતરાગના ગુણોનું સ્મરણ કરીને હું પણ વીતરાગની જેમ સંસારસાગરથી તરું" એ પ્રકારના પ્રવર્ધમાન અતિતીવ્રતર શુભ પરિણામવાળા થાય છે, અને ભગવાનના ગુણોની સ્મૃતિને કારણે ભગવાન પર અતિતીવ્ર ભક્તિ થવાથી હર્ષાશ્રુથી પરિપૂર્ણ ચક્ષુવાળા થાય છે, તેમજ ભગવાનના ગુણો પ્રત્યેના બહુમાનથી રોમાંચિત શરીરવાળા થાય છે.

વળી, શ્રાવક ચિત્તમાં વિચારે છે કે "મિથ્યાત્વરૂપી પાણીથી ભરપૂર અને અનેક કુવિકલ્પોરૂપી મગરોથી વ્યાપ્ત એવા આ સંસારસમુદ્રમાં આયુષ્ય અનિત્ય છે, માટે મનુષ્યભવને સફળ કરવાનું કારણ એવું આ ચૈત્યવંદન અતિદુર્લભ છે અને આ ચૈત્યવંદન વીતરાગના ગુણો તરફ પ્રસર્પણ પામતા ચિત્ત સ્વરૂપ હોવાથી સકલ કલ્યાણનું એક કારણ છે. વળી, ચિંતામણિ-કલ્પવૃક્ષ જે ફળ આપી શકતું નથી તેવું ફળ ચૈત્યવંદન કરવાથી મળે છે. અને આવું ભગવત્પાદવંદન કોઈક રીતે મને પ્રાપ્ત થયું છે, માટે આનાથી અન્ય કાંઈ કૃત્ય નથી." આ પ્રમાણે વિચારીને પોતાના આત્માને કૃતાર્થ માનતા એવા તે શ્રાવક ભગવાનના ગુણોમાં સ્થાપન કરેલા ચક્ષુ અને માનસવાળા બને છે, અને વિચારે છે કે "આવું પણ દુર્લભ ચૈત્યવંદન જો હું પ્રમાદથી કરીશ તો સ્ખલનાઓ થવાને કારણે હું ચૈત્યવંદનના ફળને પામી શકીશ નહીં." તેથી શ્રાવક અતિચારોના ભયથી અત્યંત ઉપયુક્ત થઈને અસ્ખલિતાદિ ગુણોના સમૂહથી યુક્ત એવું પ્રણિપાતદંડક સૂત્ર બોલે છે.

વળી, જેમ શ્રાવક ઉપરમાં બતાવ્યું એ રીતે ચૈત્યગૃહાદિમાં એકાંતપ્રયતાદિ ભાવોવાળા થઈને નમુત્થુણંરૂપ પ્રણિપાતદંડક સૂત્ર બોલે છે, તેમ સાધુ પણ તે જ પ્રકારના ભાવોવાળા થઈને નમુત્થુણંરૂપ પ્રણિપાતદંડક સૂત્ર બોલે છે, તેથી જેમ શ્રાવક યથાસંભવ ભુવનગુરુના સંપાદિતપૂજોપચારવાળા હોય છે, તેમ સાધુ પણ સંપાદિતપૂજોપચારવાળા હોય છે, ફક્ત શ્રાવક ચૈત્યવંદનની પૂર્વે દીર્ઘકાળ સુધી વીતરાગના ગુણોની ભક્તિરૂપે ભગવાનની અનેક પ્રકારનાં દ્રવ્યો દ્વારા પૂજા કરે છે, તેને સ્થાને સાધુ ચૈત્યવંદનની પૂર્વે ભગવાનની સ્તોત્રપૂજા કરે છે અર્થાત્ અનેક પ્રકારનાં સ્તોત્રો બોલવા દ્વારા પૂજા કરે છે, જેના કારણે ભગવાનના ગુણોથી સાધુનું ચિત્ત વાસિત બને છે. આ સિવાયનાં ચૈત્યવંદન વિષયક શેષ કૃત્ય સાધુ શ્રાવકની જેમ જ કરે છે.

વળી, સાધુ અને શ્રાવક જેમ અસ્ખલિતાદિ ગુણોથી યુક્ત પ્રણિપાતદંડક સૂત્ર બોલે છે, તેમ તે તે સૂત્રથી વાચ્ય એવા ભગવાનના ગુણોને બતાવનાર અર્થના સ્મરણથી યુક્ત પ્રણિપાતદંડક સૂત્ર બોલે છે. વળી, તે સૂત્ર કઈ રીતે બોલે છે તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે, અને તે પ્રણિપાતદંડક સૂત્ર 'નમુત્થુણં અરિહંતાણં'..... ઇત્યાદિ રૂપ છે.

ललितविस्तरा :-

इहच द्वात्रिंशदालापकाः, त्रयस्त्रिंशदित्यन्ये 'वियट्टच्छउमाण'मित्यनेन सह। (१) इह चाद्यालापकद्वयेन

स्तोतव्यसम्पदुक्ता, यतोऽर्हतामेव भगवतां स्तोतव्ये समग्रं निबन्धनम्। (२) तदन्यैस्तु त्रिभिः स्तोतव्यसम्पद एव प्रधाना साधारणाऽसाधारणरूपा हेतुसम्पत्, यत आदिकरणशीला एव तीर्थकरत्वेन स्वयं-सम्बोधितश्चैते भवन्ति। (३) तदपरैस्तु चतुर्भिः स्तोतव्यसम्पद एवासाधारणरूपा हेतुसम्पत्, पुरुषोत्त-मानामेव सिंहपुण्डरीकगंधहस्तिधर्म्मभाक्त्वेन तद्भावोपपत्तेः। (४) तदन्यैस्तु पञ्चभिः स्तोतव्यसम्पद एव सामान्येनोपयोगसम्पत्, लोकोत्तमत्वलोकनाथत्वलोकहितत्वलोकप्रदीपत्वलोकप्रद्योतकरत्वानां परार्थत्वात्। (५) तदपरैस्तु पञ्चभिरस्या एवोपयोगसम्पदो हेतुसम्पत्, अभयदानचक्षुर्दानमार्गदान-शरणदानबोधिदानैः परार्थसिद्धेः। (६) तदन्यैस्तु पञ्चभिः स्तोतव्यसम्पद एव विशेषेणोपयोगसम्पत्, धर्म्मदत्वधर्म्मदेशकत्वधर्म्मनायकत्वधर्म्मसारथित्वधर्म्मवरचतुरन्तचक्रवर्त्तित्वेभ्यस्तद्विशेषोपयोगात्। (७) तदन्यद्वयेन तु स्तोतव्यसम्पद एव सकारणा स्वरूपसम्पत्, अप्रतिहतवरज्ञानदर्शनधरा व्यावृत्तच्छद्मान-श्चार्हन्तो भगवन्त इति हेतोः। (८) तदपरैश्चतुर्भिरात्मतुल्यपरफलकर्तृत्वसम्पत्, जिनजापकत्वतीर्ण-तारकत्वबुद्धबोधकत्वमुक्तमोचकत्वानामेवंप्रकारत्वात्। (९) तदन्यैस्तु त्रिभिः प्रधानगुणापरिक्षयप्रधान-फलाप्त्यभयसम्पदुक्ता, सर्वज्ञसर्वदर्शिनामेव शिवाचलादिस्थानसम्प्राप्तौ जितभयत्वोपपत्तेः।

इयं च चित्रा सम्पदनन्तधर्म्मात्मके वस्तुनि मुख्ये मुख्यवृत्त्या, स्तवप्रवृत्तिश्चैवं प्रेक्षापूर्वकारिणामिति-संदर्शनार्थमेवमुपन्यासोऽस्य सूत्रस्य, स्तोतव्यनिमित्तोपलब्धौ तन्निमित्ताद्यन्वेषणयोगात्। इति प्रस्तावना।

अथास्य व्याख्या।

ललितविस्तरार्थ :-

અને અહીં=પ્રણિપાતદંડક સૂત્રમાં, બત્રીશ આલાપકો છે. 'वियट्टच्छउमाणं' એ પ્રકારના આની સાથે=આલાપક સાથે, તેત્રીશ આલાપકો છે. એ પ્રમાણે અન્ય આચાર્ય કહે છે.

(૧) અને અહીં=નમુત્થુણં સૂત્રમાં, આલાપકદ્વયથી=પ્રથમ બે આલાવાથી, સ્તોતવ્યસંપદા કહેવાઈ, જે કારણથી અરિહંત જ ભગવંતોનું સ્તોતવ્યમાં સમગ્ર નિબંધન છે=સર્વ કારણ છે.

(૨) વળી, તેનાથી અન્ય ત્રણ વડે=પ્રથમ બે આલાપકથી અન્ય એવા ત્રણ આલાપકો વડે, સ્તોતવ્યસંપદાની જ પ્રધાન એવી સાધારણ-અસાધારણરૂપ હેતુસંપદા કહેવાઈ; જે કારણથી આદિકરણશીલ જ=આદિ કરવાના સ્વભાવવાળા જ ભગવાન, તીર્થંકરપણાથી અને સ્વયંસંબોધથી આ=સ્તોતવ્ય એવા અરિહંત ભગવંત થાય છે.

(૩) વળી, તેનાથી અપર ચાર વડે=પૂર્વે બતાવેલ ત્રણ આલાપકોથી અન્ય એવા ચાર આલાપકો વડે, સ્તોતવ્યસંપદાની જ અસાધારણરૂપ હેતુસંપદા કહેવાઈ; કેમ કે પુરુષોત્તમની જ=પુરુષોમાં ઉત્તમ એવા ભગવાનની જ, સિંહ-પુંડરીક-ગંધહસ્તિના ધર્મને ભજનારપણારૂપે તેના ભાવની ઉપપત્તિ છે=સ્તોતવ્યસંપદાની અસાધારણરૂપ હેતુસંપદાના ભાવની પ્રાપ્તિ છે.

(૪) વળી, તેનાથી અપર પાંચ વડે=પૂર્વે બતાવેલ ચાર આલાપકોથી અન્ય એવા પાંચ આલાપકો વડે, સ્તોતવ્યસંપદાની જ સામાન્યથી ઉપયોગ સંપદા કહેવાઈ; કેમ કે લોકોત્તમત્વનું-લોકનાથત્વનું-લોકહિતત્વનું-લોકપ્રદીપત્વનું-લોકપ્રદ્યોતકરત્વનું પરાર્થપણું છે=અન્ય જીવોને ઉપકારકપણું છે.

(૫) વળી, તેનાથી અપર પાંચ વડે=પૂર્વે બતાવેલ પાંચ આલાપકોથી અન્ય એવા પાંચ આલાપકો વડે, આ જ ઉપયોગસંપદાની હેતુસંપદા કહેવાઈ; કેમ કે અભયદાન વડે, ચક્ષુદાન વડે, માર્ગદાન વડે, શરણદાન વડે, બોધિદાન વડે પરાર્થની સિદ્ધિ છે.

(૬) વળી, તેનાથી અન્ય પાંચ વડે=પૂર્વે બતાવેલ પાંચ આલાપકોથી અન્ય એવા પાંચ આલાપકો વડે, સ્તોતવ્યસંપદાની જ વિશેષથી ઉપયોગસંપદા કહેવાઈ; કેમ કે ધર્મદત્વથી-ધર્મદેશકત્વથી-ધર્મનાયકત્વથી-ધર્મસારથિત્વથી-ધર્મવરચતુરંત ચક્રવર્તિત્વથી તેનો=સ્તોતવ્યસંપદાનો, વિશેષથી ઉપયોગ છે.

(૭) વળી, તેનાથી અન્યદ્વય વડે=પૂર્વે બતાવેલ પાંચ આલાપકોથી અન્ય એવા બે આલાપક વડે, સ્તોતવ્યસંપદાની જ સકારણ એવી સ્વરૂપસંપદા કહેવાઈ; અપ્રતિહતવરજ્ઞાન-દર્શનધર અને વ્યાવૃત્ત છદ્મવાળા અરિહંત ભગવંત છે, એ હેતુથી સકારણ એવી સ્વરૂપસંપદા છે એમ અન્વય છે.

(૮) તેનાથી અપર ચાર વડે=પૂર્વે બતાવેલ બે આલાપકથી અન્ય એવા ચાર આલાપકો વડે, આત્મતુલ્યપર ફલકર્તૃત્વસંપદા કહેવાઈ; કેમ કે જિન-જાપકત્વનું-તીર્ણ-તારકત્વનું-બુદ્ધ-બોધકત્વનું-મુક્ત-મોચકત્વનું આવા પ્રકારપણું છે=પોતાના તુલ્ય બીજાને ફલ કરનારપણું છે.

(૯) વળી, તેનાથી અન્ય ત્રણ વડે=પૂર્વે બતાવેલ ચાર આલાપકોથી અન્ય એવા ત્રણ આલાપકો વડે, પ્રધાનગુણઅપરિક્ષયપ્રધાનફલઆપ્તિઅભયસંપદા કહેવાઈ=કેવલજ્ઞાન-દર્શનરૂપ પ્રધાન ગુણના અપરિક્ષયથી પ્રધાન એવા ફળની પ્રાપ્તિ થયે છતે અભયસંપદા કહેવાઈ; કેમ કે સર્વજ્ઞ-સર્વદર્શીને જ=સર્વજ્ઞ અને સર્વદર્શી એવા ભગવાનને જ, શિવ-અચલાદિ સ્થાનની સંપ્રાપ્તિ થયે છતે જિતભયત્વની ઉપપત્તિ છે=પ્રાપ્તિ છે.

અને આ ચિત્ર સંપદા=પૂર્વમાં વર્ણન કરી એ વિવિધ પ્રકારની સંપદા, અનંત ધર્માત્મક મુખ્ય વસ્તુમાં=અનંતધર્મમય ઉપાસ્ય એવા તીર્થંકરરૂપ મુખ્ય વસ્તુમાં, મુખ્ય વૃત્તિથી છે=નિરુપચરિત વૃત્તિથી છે, અને આ રીતે=પૂર્વમાં નવ સંપદાનો ક્રમ બતાવ્યો એ રીતે, પ્રેક્ષાપૂર્વકારીઓની=વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા જીવોની, સ્તવમાં પ્રવૃત્તિ છે, એ પ્રકારે સંદર્શન અર્થે=બતાવવા માટે, આ સૂત્રનો= નમુત્થુણં સૂત્રનો, આ પ્રમાણે=પૂર્વે જે પ્રમાણે સંપદાનો ક્રમ બતાવ્યો એ પ્રમાણે, ઉપન્યાસ છે; કેમ કે સ્તોતવ્યના નિમિત્તની ઉપલબ્ધિ થયે છતે=સ્તોતવ્ય એવા ભગવાનના અરિહંતત્વ-ભગવંતત્વરૂપ નિમિત્તનું જ્ઞાન થયે છતે, તેના નિમિત્તાદિના અન્વેષણનો યોગ છે=સ્તોતવ્ય એવા અરિહંતરૂપ નિમિત્તના નિમિત્તાદિના અન્વેષણનો વ્યાપાર છે.

આ પ્રકારે પ્રસ્તાવના છે=પ્રસ્તુત ગ્રંથના પ્રારંભથી માંડીને અહીં સુધી વર્ણન કર્યું એ પ્રકારે ચૈત્યવંદનના સૂત્રોની વ્યાખ્યાના પ્રારંભની પ્રસ્તાવના છે, હવે આની વ્યાખ્યા=ચૈત્યવંદનના સૂત્રોની વ્યાખ્યા કરાય છે.

પંજિકા :-

'साधारणाऽसाधारणरूपे'ति-सर्वजीवैः साधारणमादिकरत्वं, मोक्षापेक्षया आदौ भवे सर्वजीवानां जन्मादिकरणशीलत्वात्, तीर्थकरत्वस्वयंसम्बोधौ असाधारणौ अर्हतामेव भवतः, एते इति अर्हन्तो भगवन्तः, 'प्रधानगुणापरिक्षयप्रधानफलाप्तिअभयसम्पदुक्ते'ति, प्रधानगुणयोः सर्वज्ञत्वसर्वदर्शित्वयोः अपरिक्षयेण= अव्यावृत्त्या, प्रधानस्य शिवाचलादिस्थानस्याप्तौ=लाभे, अभयसम्पत् जितभयत्वरूपा उक्तेति।

ननु चैकस्वभावाधीनत्वाद् वस्तुनः कथमनेकस्वभावाक्षेपिका स्तोतव्यसम्पदादिका चित्रा सम्पदेकत्र? यदि परमुपचारवृत्त्या स्यादित्याशङ्क्याह—

'इयं च चित्रा' इत्यादि। 'स्तोतव्यनिमित्तोपलब्धौ' इति, स्तोतव्याः-स्तवार्हाः अर्हन्तः, ते एव निमित्तं= कर्म्मकारकत्वाद्धेतुः स्तवक्रियायाः, तस्य उपलब्धौ=ज्ञाने, 'तन्निमित्ताद्यन्वेषणयोगाद्' इति, तस्य स्तोतव्यरूपस्य निमित्तस्य अर्हल्लक्षणस्य निमित्तं आदिकरत्वादि 'आदि' शब्दादुपयोगादिसंग्रहः तस्य, अन्वेषणात् घटनादिति।

પંજિકાર્થ :-

'साधारणाऽसाधारणरूपे' ..... घटनादिति ।। ललितविस्तरामां बीजी संपदामां बतावेल साधारणा-साधारणरूपानो अर्थ करे छे —

साधारणअसाधारणरूपा એટલે સર્વ જીવો સાથે સાધારણ એવું આદિકરત્વ છે=ભગવાનનું આદિકરપણું છે; કેમ કે મોક્ષની અપેક્ષાથી આદિ એવા ભવમાં સર્વ જીવોનું જન્મનું આદિકરણ શીલપણું છે, તીર્થંકરત્વ અને સ્વયંસંબોધ અરિહંતોને જ અસાધારણ થાય છે, આ=અરિહંતભગવંત, અર્થાત્ બીજી સંપદામાં રહેલ 'एते' શબ્દથી 'અરિહંત ભગવંત' વાચ્ય થાય છે.

વળી, નવમી સંપદાનો અર્થ કરે છે —

પ્રધાનગુણઅપરિક્ષયપ્રધાનફળઆપ્તિઅભયસંપદા કહેવાઈ એટલે સર્વજ્ઞત્વ-સર્વદર્શીત્વરૂપ પ્રધાનગુણના અપરિક્ષયથી=અવ્યાવૃત્તિથી, પ્રધાન એવા શિવ-અચલાદિ સ્થાનની આપ્તિ થયે છતે=લાભ થયે છતે, જિતભયત્વરૂપ અભયસંપદા કહેવાઈ.

નનુથી કોઈ શંકા કરે છે —

વસ્તુનું એક સ્વભાવ આધીનપણું હોવાથી અનેક સ્વભાવનો આક્ષેપ કરનારી એવી સ્તોતવ્યસંપદા આદિવાળી ચિત્ર સંપદા=વિવિધ સંપદા, એકત્ર કઈ રીતે થાય ?=એક પુરુષરૂપ વસ્તુમાં કઈ રીતે થાય ? જો થાય તે ઉપચારવૃત્તિથી થાય, એ પ્રકારે આશંકા કરીને કહે છે=ગ્રંથકારશ્રી ललितविस्तरामां કહે છે — इयं च चित्रा..... ઇત્યાદિ.

સ્તોતવ્યનિમિત્તની ઉપલબ્ધિ થયે છતે એટલે સ્તોતવ્ય=સ્તવને અર્હ એવા અરિહંતો, તેઓ જ નિમિત્ત છે અર્થાત્ કર્મકારકપણું હોવાથી સ્તવ ક્રિયાનો હેતુ છે=સ્તુતિના વિષયભૂત ભગવાનનું કર્મકારકપણું હોવાથી ભગવાન સ્તવની ક્રિયાનો હેતુ છે; કેમ કે તેની ઉપલબ્ધિ થયે છતે=જ્ઞાન થયે છતે=સ્તોતવ્ય એવા અરિહંતરૂપ નિમિત્તનું જ્ઞાન થયે છતે, તેના નિમિત્તાદિના અન્વેષણનો યોગ છે એટલે સ્તોતવ્યરૂપ તે અરિહંતના લક્ષણવાળા નિમિત્તનું આદિકરત્વાદિરૂપ નિમિત્ત, તેના=તે નિમિત્તાદિના, અન્વેષણનું ઘટન છે=અન્વેષણનો વ્યાપાર છે. 'આદિ' શબ્દથી="तन्निमित्तादि"માં 'આદિ' શબ્દથી ઉપયોગાદિનો સંગ્રહ છે.

❖ "आदिकरत्वादि"માં 'આદિ' પદથી તીર્થંકરત્વ અને સ્વયંસંબુદ્ધત્વનો સંગ્રહ છે.

❖ "उपयोगादि"માં 'આદિ' પદથી સકારણ સ્વરૂપસંપદા વગેરે ત્રણ સંપદાનો સંગ્રહ છે.

ભાવાર્થ :-

પૂર્વે ગ્રંથકારશ્રીએ કહ્યું કે પ્રણિપાતદંડકસૂત્રપૂર્વક ચૈત્યવંદન છે, તેથી ગ્રંથકારશ્રી પ્રથમ પ્રણિપાતદંડકસૂત્રની વ્યાખ્યાનો આરંભ કરે છે, અને તે પ્રણિપાતદંડકસૂત્રમાં ૩૨ આલાપકો છે અને 'वियट्टछउमाणं' આલાપકને જુદો ગ્રહણ કરીએ તો ૩૩ આલાપકો થાય છે; એમ અન્ય આચાર્ય કહે છે. વળી, તે ૩૩ આલાપકો દ્વારા નમુત્થુણંરૂપ પ્રણિપાતદંડક સૂત્રમાં નવ સંપદાઓ પ્રાપ્ત થાય છે, તે આ પ્રમાણે :-

(૧) अरहंताणं भगवंताणं એ બે આલાપકની સ્તોતવ્યસંપદા છે :

પ્રણિપાતદંડક સૂત્રમાં નમોત્થુણં કહ્યા પછી નમસ્કાર કરવા યોગ્ય એવા અરિહંત ભગવંતોને ઉપસ્થિત કરવા માટે (૧) अरहंताणं (૨) भगवंताणं એ પ્રમાણે કહ્યું તે બે આલાપક છે, અને તેનાથી ભગવાનની સ્તોતવ્યસંપદા કહેવાઈ; કેમ કે ભગવાન સ્તુતિ કરવા યોગ્ય છે તેમાં ભગવાન 'અરિહંત અને ભગવંત' છે તે સમગ્ર કારણ છે, જો ભગવાન 'અરિહંત અને ભગવંત' ન હોત તો ભગવાન 'સ્તોતવ્ય' બનત નહીં. આથી अरिहंताणं અને भगवंताणं પદથી ભગવાનની સ્તોતવ્યસંપદા પ્રાપ્ત થાય છે.

(૨) आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं એ ત્રણ આલાપકોની પ્રધાન એવી સાધારણ-અસાધારણરૂપ હેતુસંપદા છે :

(૧) आइगराणं (૨) तित्थयराणं (૩) सयंसंबुद्धाणं એ ત્રણ આલાપકો છે, અને તેનાથી સ્તોતવ્યસંપદાની જ પ્રધાન એવી હેતુસંપદા કહેવાઈ; તેમાં आइगराणं સાધારણ હેતુસંપદા છે અને तित्थयराणं सयंसंबुद्धाणं અસાધારણ હેતુસંપદા છે; કેમ કે ભગવાન અન્ય સંસારીજીવોની જેમ આદિ ભવોમાં જન્મની આદિ કરવાના સ્વભાવવાળા હતા, માટે ભગવાનનું સર્વજનસાધારણ એવું આદિકરત્વ સ્વરૂપ છે, આથી आइगराणं પદથી સ્તોતવ્યસંપદાની જ સાધારણ એવી હેતુસંપદા પ્રાપ્ત થાય છે; તેમજ ભગવાન ચરમભવમાં તીર્થંકર થયા અને સ્વયં જ સંબોધવાળા થયા. આથી तित्थयराणं અને सयंसंबुद्धाणं પદથી સ્તોતવ્યસંપદાની જ અસાધારણ એવી હેતુસંપદા પ્રાપ્ત થાય છે.

અહીં જિજ્ઞાસા થાય કે ભગવાન આદિ ભવમાં અન્ય જીવોની જેમ જન્મની આદિ કરવાના સ્વભાવવાળા હતા, તેને આશ્રયીને સ્તોતવ્યનો હેતુ આદિકરત્વને કેમ કહ્યો, તેનું સ્પષ્ટીકરણ आइगराणं પદમાં આગળ આવશે.

(૩) पुरिसुत्तमाणं पुरिससीहाणं पुरिसवरपुंडरीयाणं पुरिसवरगंधहत्थीणं એ ચાર આલાપકોની અસાધારણ રૂપ હેતુસંપદા છે :

(૧) पुरिसुत्तमाणं (૨) पुरिससीहाणं (૩) पुरिसवरपुंडरीयाणं (૪) पुरिसवरगंधहत्थीणं એ ચાર આલાપકો છે, અને તેનાથી સ્તોતવ્યસંપદાની જ અસાધારણ એવી હેતુસંપદા કહેવાઈ; કેમ કે સ્તોતવ્ય એવા અરિહંત ભગવંત પુરુષોમાં ઉત્તમ છે, પુરુષોમાં સિંહ જેવા છે, પુરુષોમાં પુંડરીક જેવા છે અને પુરુષોમાં ગંધહસ્તિ જેવા છે. તે સર્વ હેતુઓને કારણે ભગવાન સ્તોતવ્ય છે, આથી पुरिसुत्तमाणं આદિ ચાર પદોથી સ્તોતવ્યસંપદાની જ અસાધારણ એવી હેતુસંપદા પ્રાપ્ત થાય છે.

અહીં પ્રથમના બે આલાપકો દ્વારા ભગવાનનું સ્તોતવ્ય સ્વરૂપ બતાવ્યું, પછીના ત્રણ આલાપકો દ્વારા સ્તોતવ્યસંપદાની જ પ્રધાન એવી સાધારણ-અસાધારણરૂપ હેતુસંપદા બતાવી અને પછીના ચાર આલાપકો દ્વારા સ્તોતવ્યસંપદાની જ અસાધારણરૂપ હેતુસંપદા બતાવી, તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાન અરિહંત અને ભગવંત છે, માટે સ્તોતવ્ય છે, અને ભગવાનના સ્તોતવ્યમાં, ભગવાન આદિકર છે, ચરમભવમાં તીર્થંકર અને સ્વયંસંબુદ્ધ છે એ પ્રધાન હેતુ છે; તેમજ ભગવાન પુરુષોત્તમાદિ ભાવોવાળા છે, તે સર્વ પણ ભગવાન સ્તોતવ્ય છે તેમાં જ હેતુઓ છે, તોપણ પ્રધાનહેતુ તો તીર્થંકર અને સ્વયંસંબોધ છે, તેથી બીજી સંપદાને પ્રધાન એવી હેતુસંપદા કહી, પરંતુ ત્રીજી સંપદાને પ્રધાન એવી હેતુસંપદા કહી નથી; અને ભગવાનના પુરુષોત્તમાદિ ભાવો સર્વ જીવોને સાધારણ નથી, તેથી ત્રીજી સંપદાને અસાધારણ એવી હેતુસંપદા કહેલ છે.

(૪) लोगुत्तमाणं लोगनाहाणं लोगहियाणं लोगपईवाणं लोगपज्जोअगराणं એ પાંચ આલાપકોની સામાન્યથી ઉપયોગસંપદા છે :

(૧) लोगुत्तमाणं (૨) लोगनाहाणं (૩) लोगहियाणं (૪) लोगपईवाणं (૫) लोगपज्जोअगराणं : આ પાંચ આલાપકો છે, અને તેનાથી સ્તોતવ્યસંપદાની જ સામાન્યથી ઉપયોગસંપદા કહેવાઈ; કેમ કે ભગવાન લોકમાં ઉત્તમ છે, લોકના નાથ છે, લોકનું હિત કરનારા છે, લોકમાં પ્રદીપતુલ્ય છે, અને લોકમાં પ્રદ્યોત કરનારા છે. આના દ્વારા ભગવાન બીજાનો સામાન્યથી ઉપકાર કરનારા હોવાથી બીજાને ઉપયોગી છે, તેથી સ્તોતવ્ય એવા ભગવાનનો જ લોકોને સામાન્યથી શું ઉપયોગ છે ? તે આ સંપદા બતાવનાર છે, આથી लोगुत्तमाणं આદિ પાંચ પદોથી સ્તોતવ્યસંપદાની જ સામાન્યથી ઉપયોગસંપદા પ્રાપ્ત થાય છે.

(૫) अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं बोहिदयाणं આ પાંચ આલાપકોની ઉપયોગ-સંપદાની હેતુસંપદા છે :

(૧) अभयदयाणं (૨) चक्खुदयाणं (૩) मग्गदयाणं (૪) सरणदयाणं (૫) बोहिदयाणं : આ પાંચ આલાપકો છે,

અને ઉપરની સંપદામાં બતાવી એ ઉપયોગસંપદાની હેતુસંપદા આ પાંચ આલાપકોથી કહેવાઈ; કેમ કે લોકોત્તમાદિ પાંચ ભાવોવાળા ભગવાન પરનો ઉપકાર કરનારા છે, માટે પરને ઉપયોગી છે, અને પરને ઉપયોગી એવા ભગવાન અભય આદિ પાંચના દાન દ્વારા પરનો ઉપકાર કરનારા છે, તેથી ભગવાન પરનો ઉપકાર કઈ રીતે કરે છે ? તે પ્રસ્તુત સંપદાથી બતાવેલ છે, આથી અભયદયાણં આદિ પાંચ પદોથી ઉપયોગસંપદાની જ હેતુસંપદા પ્રાપ્ત થાય છે.

(૬) धम्मदयाणं धम्मदेसयाणं धम्मनायगाणं धम्मसारहीणं धम्मवरचाउरंतचक्कवट्टीणं આ પાંચ આલાપકોની વિશેષથી ઉપયોગસંપદા છે :

(૧) धम्मदयाणं (૨) धम्मदेसयाणं (૩) धम्मनायगाणं (૪) धम्मसारहीणं (૫) धम्मवरचाउरंतचक्कवट्टीणं આ પાંચ આલાપકો છે, અને તેનાથી સ્તોતવ્યસંપદાની જ વિશેષથી ઉપયોગસંપદા કહેવાઈ; કેમ કે ધર્મદત્વ આદિ પાંચ ભાવોથી જ સ્તોતવ્ય એવા ભગવાનનો જીવોને વિશેષ પ્રકારનો ઉપયોગ થાય છે. આથી धम्मदयाणं આદિ પાંચ પદોથી સ્તોતવ્યસંપદાની જ વિશેષથી ઉપયોગસંપદા પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુતમાં ચોથી સંપદામાં સામાન્યથી ઉપયોગસંપદા બતાવી અને છઠ્ઠી સંપદામાં વિશેષથી ઉપયોગસંપદા બતાવી; કેમ કે ભગવાન લોકોત્તમત્વ આદિ દ્વારા યોગ્ય જીવોને સામાન્યથી ઉપયોગી છે અને ધર્મદત્વ આદિ દ્વારા યોગ્ય જીવોને વિશેષથી ઉપયોગી છે.

(૭) अप्पडिहयवरनाणदंसणधराणं वियट्टछउमाणं આ બે આલાપકની સકારણ એવી સ્વરૂપસંપદા છે :

(૧) अप्पडिहयवरनाणदंसणधराणं (૨) वियट्टछउमाणं : આ બે આલાપક છે, અને તેનાથી સ્તોતવ્યસંપદાની જ સકારણ એવી હેતુસંપદા કહેવાઈ; કેમ કે ભગવાન અપ્રતિહત એવા જ્ઞાન અને દર્શનને ધારણ કરનારા છે, તેમજ છદ્મસ્થભાવ વગરના છે, માટે જ અરિહંત-ભગવંત છે, તેથી આ સંપદા સ્તોતવ્ય એવા ભગવાનનું સકારણ સ્વરૂપ બતાવનાર છે, આથી अप्पडिहयवरनाणदंसणधराणं આદિ બે પદોથી સ્તોતવ્યસંપદાની જ સકારણ એવી સ્વરૂપસંપદા પ્રાપ્ત થાય છે.

(૮) जिणाणं-जावयाणं तिण्णाणं-तारयाणं बुद्धाणं-बोहयाणं मुत्ताणं-मोयगाणं આ ચાર આલાપકોની આત્મતુલ્યપરફલકર્તૃત્વસંપદા છે :

(૧) जिणाणं-जावयाणं (૨) तिण्णाणं-तारयाणं (૩) बुद्धाणं-बोहयाणं (૪) मुत्ताणं-मोयगाणं : એ ચાર આલાપકો છે, અને તેનાથી ભગવાનની આત્મતુલ્યપરફલકર્તૃત્વસંપદા કહેવાઈ; કેમ કે ભગવાન પોતે જિન છે અર્થાત્ કર્મોને જીતેલા છે, તીર્ણ છે અર્થાત્ સંસારથી તરેલા છે, બુદ્ધ છે અર્થાત્ બોધ પામેલા છે અને મુક્ત છે અર્થાત્ કર્મોથી મુકાયેલા છે, તેમજ પોતાના આલંબનથી યોગ્ય જીવોને પણ જીતાવનારા છે, તારનારા છે, બોધ પમાડનારા છે અને મુકાવનારા છે. આ રીતે ભગવાન પોતાના તુલ્ય ફળ બીજા જીવોને કરનારા છે, આથી जिणाणं-जावयाणं આદિ ચાર આલાપકોથી ભગવાનની આત્મતુલ્યપરફલકર્તૃત્વસંપદા પ્રાપ્ત થાય છે.

(૯) सव्वन्नूणं-सव्वदरिसीणंथी ठाणं संपत्ताणं नमो जिणाणं जिअभयाणं सुधी आ त्रण आलापकोनी प्रधानगुणापरिक्षयप्रधानफलाप्त्यभयसंपदा छे :

(१) सव्वन्नूणं-सव्वदरिसीणं (२) सिवमयलमरूअमणंतमक्खयमव्वाबाहमपुणरावित्तिसिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं (३) नमो जिणाणं जिअभयाणं : આ ત્રણ આલાપકો છે, અને તેનાથી પ્રધાનગુણઅપરિક્ષયપ્રધાનફલઆપ્તિ-અભયસંપદા કહેવાઈ, તેથી એ પ્રાપ્ત થાય કે આ ત્રણ આલાપકો ભગવાનની સિદ્ધાવસ્થાની ઉપસ્થિતિ કરાવે છે અને સિદ્ધાવસ્થામાં ભગવાન પ્રધાન એવા જ્ઞાન-દર્શન ગુણના અપરિક્ષયપૂર્વક પ્રધાન એવી સર્વ કર્મથી રહિત અવસ્થારૂપ ફળને પામેલા હોવાથી સર્વ ભયોથી મુક્ત છે; કેમ કે ભગવાન જ્યારે સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે આત્માનો પ્રધાન એવો જ્ઞાન અને દર્શન ગુણ છે તેનો નાશ થતો નથી અને આત્માની પૂર્ણસુખમય અવસ્થારૂપ પ્રધાન ફળની સિદ્ધાવસ્થામાં પ્રાપ્તિ થાય છે, અને મુક્તઅવસ્થામાં કોઈ પ્રકારનો ભય નથી, માટે ભગવાન અભયઅવસ્થા પામેલા છે. આથી सव्वन्नूणं-सव्वदरिसीणं આદિ ત્રણ આલાપકોથી ભગવાનની અભયસંપદા પ્રાપ્ત થાય છે.

આ રીતે નમુત્થુણં સૂત્રની નવ સંપદાઓ બતાવી, ત્યાં કોઈને શંકા થાય કે કોઈપણ વસ્તુનો કોઈ એક સ્વભાવ હોય છે, તેથી ભગવાન પણ એક સ્વભાવવાળા હોઈ શકે, પરંતુ આ નવ સંપદાઓ દ્વારા ભગવાનના અનેક સ્વભાવો દ્યોતિત થાય છે, માટે ભગવાનના અનેક સ્વભાવોનો આક્ષેપ કરનારી સ્તોતવ્યસંપદા આદિ નવ સંપદાઓ એક પુરુષરૂપ વસ્તુમાં કઈ રીતે સંગત થાય ? અર્થાત્ સંગત થઈ શકે નહીં, માટે આ સર્વ સંપદાઓ ઉપચારથી છે, વાસ્તવિક નથી. આ પ્રકારની શંકાને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાનરૂપ વસ્તુ અનંત ધર્માત્મક છે, એક ધર્માત્મક નથી, આથી ભગવાનરૂપ મુખ્ય વસ્તુમાં આ અનેક પ્રકારની સંપદા મુખ્ય વૃત્તિથી છે, ઉપચારવૃત્તિથી નથી આનાથી એ ફલિત થાય કે આ નવે સંપદાઓમાં બતાવેલા સર્વ ધર્મો ભગવાનમાં વિદ્યમાન છે, અવિદ્યમાન નથી, તેથી આ સૂત્ર ભગવાનના વાસ્તવિક સ્વરૂપનું પ્રતિપાદન કરનાર છે, કાલ્પનિક નથી.

અહીં પ્રશ્ન થાય કે નમુત્થુણં સૂત્રમાં આ જ ક્રમથી સંપદાઓ કેમ છે ? તેથી કહે છે –

વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા જીવોની આ પ્રકારે સ્તવમાં પ્રવૃત્તિ છે, એમ બતાવવા માટે નમુત્થુણં સૂત્રનો આ જ ક્રમથી ઉપન્યાસ કર્યો છે.

અહીં પ્રશ્ન થાય કે વિચારક પુરુષની ભગવાનના સ્તવમાં પ્રવૃત્તિ આ જ ક્રમથી કેમ છે ? તેથી કહે છે કે ભગવાન સ્તોતવ્ય છે, તેનું નિમિત્ત અરિહંતત્વ-ભગવંતત્વ ભગવાનમાં પ્રાપ્ત થાય, તો વિચારકને જિજ્ઞાસા થાય કે તેના નિમિત્તાદિ કોણ છે ? અર્થાત્ જેમ સ્તોતવ્યનું નિમિત્ત અરિહંત ભગવંત છે, તેમ અરિહંત-ભગવંતના નિમિત્તાદિ કોણ છે ? તેને સામે રાખીને જ પ્રસ્તુત સૂત્રમાં ઉત્તરોત્તર તે-તે પ્રકારની સંપદાઓ સંનિબદ્ધ છે.

અહીં સુધીનું કથન પ્રસ્તાવનારૂપ છે. આ રીતે પ્રસ્તાવના કર્યા પછી ગ્રંથકારશ્રી ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યાનો પ્રારંભ કરવાની પ્રતિજ્ઞા કરે છે.

સૂત્ર :-

'नमुत्थु णं अरिहंताणं' ।।१।।

સૂત્રાર્થ :-

અરિહંતોને નમસ્કાર થાઓ. ।।१।।

ललितविस्तरा :-

तल्लक्षणं च संहितादि, यथोक्तम्—

संहिता च पदं चैव, पदार्थः पदविग्रहः ।
चालना प्रत्यवस्थानं, व्याख्या तन्त्रस्य षड्विधा ।। **इति ।**

एतदङ्गानि तु जिज्ञासा, गुरुयोगो, विधि इत्यादीनि । अत्राप्युक्तम्—

जिज्ञासा गुरुयोगो, विधिपरता बोधपरिणतिः स्थैर्यम् ।
उक्तक्रियाऽल्पभवता, व्याख्याङ्गानीति समयविदः ।।

(१) तत्र 'नमोऽस्त्वर्हद्भ्य' इति संहिता। (२) पदानि तु 'नमः' 'अस्तु', 'अर्हद्भ्यः'। (३) पदार्थस्तु 'नमः' इति पूजार्थं, पूजा च द्रव्यभावसङ्कोचः, तत्र करशिरःपादादिसंन्यासो द्रव्यसङ्कोचः, भावसङ्कोचस्तु विशुद्धस्य मनसो नियोग इति, 'अस्तु' इति भवतु; प्रार्थनार्थोऽस्येति, 'णं' इति वाक्यालङ्कारे; प्राकृतशैल्या इति चेहोपन्यस्तः, 'अर्हद्भ्यः' इति देवादिभ्योऽतिशयपूजामर्हन्तीति अर्हन्तस्तेभ्यो; नमःशब्दयोगे चतुर्थी। (४) पदविग्रहस्तु यानि समासभाञ्जि पदानि तेषामेव भवतीति नेहोच्यते।

(५) चालना तु अधिकृतानुपपत्तिचोदना यथा, 'अस्तु' इति प्रार्थना न युज्यते, तन्मात्रादिष्टासिद्धेः। (६) प्रत्यवस्थानं तु नीतितस्तन्निरासः, यथा- युज्यते एव, इत्थमेवेष्टसिद्धेरिति। पदयोजनामात्रमेतद्, भावार्थं तु वक्ष्यामः।

व्याख्याङ्गानि तु जिज्ञासादीनि, तद्व्यतिरेकेण तदप्रवृत्तेः।

१. जिज्ञासा-'तत्र धर्मं प्रति मूलभूता वन्दना, अथ कोऽस्यार्थः' इति ज्ञातुमिच्छा जिज्ञासा, न सम्यग्ज्ञानाद् ऋते सम्यक्क्रिया, 'पढमं नाणं तओ दया' **इति वचनात्, विशिष्टक्षयक्षयोपशमनिमित्तेयं नासम्यग्दृष्टेर्भवतीति तन्त्रविदः।**

२. तथा गुरुणा यथार्थाभिधानेन स्वपरतन्त्रविदा परहितनिरतेन पराशयवेदिना सम्यक्सम्बन्धः; एतद्विपर्ययाद्विपर्ययसिद्धेः, तद्व्याख्यानमपि अव्याख्यानमेव। अभक्ष्यास्पर्शनीयन्यायेनाऽनर्थ-

फलमेतदितिपरिभावनीयमिति।

३. तथा विधिपरता-मण्डलिनिषद्याऽक्षादौ प्रयत्नः, ज्येष्ठानुक्रमपालनम्, उचितासनक्रिया, सर्वथा विक्षेपसंत्यागः, उपयोगप्रधानतेति श्रवणविधिः, हेतुरयं कल्याणपरम्परायाः, अतो हि नियमतः सम्यग्ज्ञानम्, न ह्युपाय उपेयव्यभिचारी, तद्भावानुपपत्तेरिति।

४. तथा बोधपरिणतिः-सम्यग्ज्ञानस्थिरता, रहिता कुतर्क्ककयोगेन, संवृतरत्नाधाराबाप्तिकल्पा, युक्ता मार्गानुसारितया, तन्त्रयुक्तिप्रधाना, स्तोकायामप्यस्यां न विपर्ययो भवति, अनाभोगमात्रं; साध्यव्याधिकल्पं तु तद्, वैद्यविशेषपरिज्ञानादिति।

५. तथा स्थैर्यं-ज्ञानदर्प्यनुत्सेकः, तदज्ञानुपहसनं, विवादपरित्यागः, अज्ञबुद्धिभेदाकरणं, प्रज्ञापनीये नियोगः, सेयं पात्रता नाम बहुमता गुणज्ञानां विग्रहवती शमश्रीः, स्वाश्रयो भावसम्पदामिति।

६. तथा उक्तस्य विज्ञातस्य तत्तत्कालयोगिनः तदासेवनसमये तथोपयोगपूर्वं शक्तितस्तथाक्रिया, नौषधज्ञानमात्रादारोग्यम्; क्रियोपयोग्येव तत्, न चेयं यादृच्छिकी शस्ता, प्रत्यपायसम्भवादिति।

७. तथा 'अल्पभवता' व्याख्याङ्गं, प्रदीर्घतरसंसारिणस्तत्त्वज्ञानायोगात्, तत्र अल्पः=पुद्गलपरावर्त्तादारतो, भवः=संसारो, यस्य तद्भावः-अल्पभवता, न हि दीर्घदौर्गत्यभाक् चिन्तामणिरत्नावाप्तिहेतुः, एवमेव नानेकपुद्गलपरावर्त्तभाजो व्याख्याङ्गमिति समयसारविदः, अतः साकल्यत एतेषां व्याख्यासिद्धिः, तस्याः सम्यग्ज्ञानहेतुत्वादिति सूक्ष्मधियाऽलोचनीयमेतत्।

ललितविस्तरार्थ :-

तेनुं लक्षण=व्याख्यानुं लक्षण, संहितादि छे. जे प्रमाणे कहेवायुं छे –

(१) संहिता (२) पद (३) पदार्थ (४) पदविग्रह (५) चालना (६) अने प्रत्यवस्थान. तंत्रनी=सूत्रनी, छ प्रकारनी व्याख्या छे. 'इति' उद्धरणनी समाप्तिमां छे.

वळी, आनां अंगो=व्याख्याना अवयवो, जिज्ञासा, गुरुयोग, विधि इत्यादि छे. अहीं पण=व्याख्यानां अंगोमां पण, कहेवायुं छे –

(१) जिज्ञासा (२) गुरुयोग (३) विधिपरता (४) बोधपरिणति (५) स्थैर्य (६) उक्तक्रिया (७) अल्पभवता व्याख्यानां अंगो छे, એ प्रमाणे समयविद्=शास्त्रने जाणनारा पुरुषो कहे छे.

पूर्वे व्याख्यानां संहितादि छ लक्षणो बताव्यां, ते संहितादि लक्षणो नमुत्थुणं सूत्रमां कई रीते छे ? ते बतावे छे –

(१) त्यां=संहितादि छ लक्षणोमां, 'नमोऽस्त्वर्हद्भ्यः' એ संहिता छे अर्थात् 'अरिहंतने नमस्कार थाओ' એ संहिता छे.

(૨) વળી, પદો 'नमः', 'अस्तु', 'अर्हद्भ्यः' છે અર્થાત્ સંહિતામાં આ ત્રણ પદો છે.

(૩) વળી, પદાર્થ=પદનો અર્થ, 'नमः' એ પૂજા અર્થે છે અને પૂજા દ્રવ્ય-ભાવ સંકોચરૂપ છે, ત્યાં=બે પ્રકારના સંકોચમાં, કર-શિર-પાદાદિનો સંન્યાસ=હાથ-માથું-પગ વગેરેનું ચૈત્યવંદનની ક્રિયામાં અપેક્ષિત રીતે સમ્યગ્ સ્થાપન, દ્રવ્યસંકોચ છે, વળી, ભાવસંકોચ વિશુદ્ધ મનનો નિયોગ છે અર્થાત્ ભગવાનના ગુણોથી આવર્જિત થયેલા ચૈત્યવંદન કરનારના વિશુદ્ધ મનનું સૂત્રમાં, સૂત્રના અર્થોમાં અને જિનપ્રતિમાના આલંબનમાં નિયોજન છે, 'इति' नमः પદના અર્થના કથનની સમાપ્તિમાં છે, અસ્તુ એટલે થાઓ, આનો='अस्तु'નો, પ્રાર્થના અર્થ છે. 'इति' अस्तु પદના અર્થના કથનની સમાપ્તિમાં છે. 'णं' એ વાક્યાલંકારમાં છે, અને પ્રાકૃતશૈલીથી આ પ્રકારે=વાક્યાલંકારપણા રૂપે, અહીં=નમુત્થુણં સૂત્રમાં, ઉપન્યસ્ત છે, अर्हद्भ्यः એટલે દેવાદિથી અતિશયપૂજાને યોગ્ય છે એ અર્હંત, તેઓને, 'नमः' શબ્દના યોગથી ચતુર્થી છે=अर्हद्भ्यःમાં ચોથી વિભક્તિ છે.

(૪) વળી, પદવિગ્રહ જે સમાસને ભજનારાં પદો છે, તેઓનો જ થાય છે, એથી=અહીં સમાસ નથી એથી, અહીં='नमोऽस्त्वर्हद्भ्यः' રૂપ સંહિતામાં, કહેવાતો નથી=પદવિગ્રહ કહેવાતો નથી.

(૫) વળી, ચાલના અધિકૃત અર્થની અનુપપત્તિની ચોદના છે અર્થાત્ જે શબ્દ જે અર્થ બતાવતો હોય તે અર્થની અસંગતિનો પ્રશ્ન એ ચાલના છે, જે પ્રમાણે – अस्तु એ પ્રકારે પ્રાર્થના ઘટતી નથી; કેમ કે તે માત્રથી=પ્રાર્થનામાત્રથી, ઈષ્ટની અસિદ્ધિ છે=ઈષ્ટ ફળની અપ્રાપ્તિ છે.

(૬) વળી, પ્રત્યવસ્થાન નીતિથી=યુક્તિથી, તેનો નિરાસ છે=ચાલનામાં કરેલ અનુપપત્તિની ચોદનાનું નિરાકરણ છે, જે પ્રમાણે – ઘટે જ છે=अस्तु એ પ્રકારની પ્રાર્થના ઘટે જ છે; કેમ કે આ રીતે જ=નમસ્કાર કરવાનું સામર્થ્ય ન હોય ત્યારે નમસ્કાર કરવાની ઇચ્છા કરવારૂપ પ્રાર્થના કરાય એ રીતે જ, ઈષ્ટની સિદ્ધિ છે=ઈષ્ટ ફળની પ્રાપ્તિ છે.

આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, પદયોજનામાત્ર=સંહિતાદિ પદોના યોજનમાત્રરૂપ, આ છે=પૂર્વનું વર્ણન છે, વળી, ભાવાર્થને અમે કહીશું=ગ્રંથકારશ્રી આગળમાં કહેશે.

વળી, વ્યાખ્યાનાં અંગો જિજ્ઞાસા આદિ છે; કેમ કે તેના વ્યતિરેકથી=જિજ્ઞાસા આદિના અભાવથી, તેમાં અપ્રવૃત્તિ છે=વ્યાખ્યાના શ્રવણમાં પરમાર્થથી અપ્રવૃત્તિ છે.

(૧) જિજ્ઞાસા='तत्र' શબ્દ વ્યાખ્યાના પ્રસ્તાવમાં છે, ધર્મ પ્રતિ મૂલભૂત વંદના છે, અથ=તેથી, આનો=વંદન શબ્દનો, શું અર્થ છે. એ પ્રમાણે જાણવાની ઇચ્છા જિજ્ઞાસા છે.

અહીં પ્રશ્ન થાય કે ધર્મના અર્થીને ધર્મના મૂલભૂત વંદનને જાણવાની ઇચ્છા કેમ છે ? એથી કહે છે –

સમ્યગ્જ્ઞાન વગર સમ્યક્ ક્રિયા નથી; કેમ કે "પ્રથમ જ્ઞાન ત્યારપછી દયા" એ પ્રકારનું વચન છે, વિશિષ્ટ એવા ક્ષય-ક્ષયોપશમના નિમિત્તવાળી આ=કર્મના વિશિષ્ટ ક્ષય કે ક્ષયોપશમથી પ્રાપ્ત એવી વંદના, અસમ્યગ્દૃષ્ટિને થતી નથી, એમ તંત્રવિદ્=શાસ્ત્રને જાણનારાઓ કહે છે.

(૨) અને યથાર્થ અભિધાનવાળા="गृणाति शास्त्रतत्त्वं इति गुरुः" એ પ્રકારના યથાર્થ નામવાળા, સ્વ-પરતંત્રવિદ્=સ્વ અને પરના શાસ્ત્રોને જાણનારા, પરહિતનિરત=અન્ય જીવોનું હિત કરવામાં તત્પર, પરઆશયવેદી=અન્ય જીવોના આશયને જાણનારા, ગુરુ સાથે સમ્યક્ સંબંધ=આ ગુરુ મને સમ્યક્ ધર્મતત્ત્વના પરમાર્થ બતાવશે એવા બોધપૂર્વકનો સંબંધ ગુરુયોગ છે; કેમ કે આના વિપર્યયથી=આવા ગુણોવાળા ગુરુથી વિપરીત ગુરુના યોગથી, વિપર્યયની સિદ્ધિ છે=વિપરીત બોધની પ્રાપ્તિ છે. તેનું વ્યાખ્યાન પણ=તેવા વિપરીત ગુરુથી કરાયેલું સૂત્રનું વ્યાખ્યાન પણ, અવ્યાખ્યાન જ છે.

કેમ અવ્યાખ્યાન છે ? તે સ્પષ્ટ કરે છે –

અભક્ષ્ય-અસ્પર્શનીયના ન્યાયથી અનર્થના ફલવાળું આ છે=વિપરીત ગુરુથી કરાયેલું વ્યાખ્યાન છે, એ પ્રકારે પરિભાવન કરવું જોઈએ.

'इति' 'ગુરુયોગ' નામના વ્યાખ્યાના બીજા અંગના સ્વરૂપકથનની સમાપ્તિમાં છે.

(૩) અને માંડલી-નિષદ્યા-અક્ષાદિમાં પ્રયત્ન, જ્યેષ્ઠના અનુક્રમનું પાલન, ઉચિત એવી આસનની ક્રિયા=વ્યાખ્યાનશ્રવણ માટે આસનપૂર્વક બેસવાની ક્રિયા, સર્વથા વિક્ષેપનો સંત્યાગ=વ્યાખ્યાના શ્રવણકાળમાં સર્વ પ્રકારે ઇન્દ્રિયો અને મનના વિક્ષેપનો ત્યાગ, ઉપયોગની પ્રધાનતા=વ્યાખ્યાના શ્રવણકાળમાં બોલાતા અર્થોના પરમાર્થ જાણવા માટે માનસવ્યાપારની મુખ્યતા; આ પ્રકારે શ્રવણની વિધિ વિધિપરતા છે. આ=આવા પ્રકારની શ્રવણની વિધિ, કલ્યાણની પરંપરાનો હેતુ છે, આનાથી જ=આવા પ્રકારની શ્રવણની વિધિથી જ, નિયમથી સમ્યગ્જ્ઞાન થાય છે.

આનાથી જ સમ્યગ્જ્ઞાન કેમ થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

ખરેખર ઉપાય=શ્રવણની વિધિરૂપ ઉપાય, ઉપેયનો વ્યભિચારી=સમ્યગ્જ્ઞાનરૂપ ઉપેયનો વ્યભિચારી, નથી જ; કેમ કે તેના ભાવની અનુપપત્તિ છે=ઉપાય ઉપેયનો વ્યભિચારી હોય તો ઉપાયમાં ઉપાયના ભાવની અપ્રાપ્તિ છે.

'इति' 'વિધિપરતા' નામના વ્યાખ્યાના ત્રીજા અંગના સ્વરૂપકથનની સમાપ્તિમાં છે.

(૪) અને બોધની પરિણતિ કુતર્કના યોગથી રહિત, સંવૃત એવા રત્નના આધારની અવાપ્તિ કલ્પ=ઢંકાયેલા એવા રત્નોના કરંડિયાની પ્રાપ્તિતુલ્ય, માર્ગાનુસારીપણાથી યુક્ત, તંત્રની યુક્તિથી પ્રધાન એવી સમ્યગ્જ્ઞાનની સ્થિરતા છે, સ્તોક પણ આ હોતે છતે=થોડી પણ આવા પ્રકારની બોધની પરિણતિ હોતે છતે, વિપર્યય થતો નથી, અનાભોગમાત્ર હોય છે=કોઈક સ્થાનમાં બોધનો અભાવમાત્ર હોય છે, પરંતુ તે=અનાભોગમાત્ર, સાધ્ય વ્યાધિ કલ્પ છે=સાધ્ય એવા રોગ જેવો છે; કેમ કે વૈદ્યવિશેષ જેવું પરિજ્ઞાન છે.

'इति' 'બોધપરિણતિ' નામના વ્યાખ્યાના ચોથા અંગના સ્વરૂપકથનની સમાપ્તિમાં છે.

(૫) અને સ્થૈર્ય જ્ઞાનઋદ્ધિનો અનુત્સોક=જ્ઞાનની સમૃદ્ધિનું નિરભિમાન, તદ્જ્ઞાનું અનુપહસન=

પોતે જાણેલ પદાર્થને નહીં જાણનાર જીવ પર ઉપહાસનો અભાવ, વિવાદનો પરિત્યાગ, અજ્ઞાની બુદ્ધિના ભેદનું અકરણ, પ્રજ્ઞાપનીયમાં નિયોગ=પ્રજ્ઞાપનીય જીવમાં સમ્યગ્જ્ઞાનનું નિયોજન, તે આ પાત્રતા=જ્ઞાનના સ્થૈર્યરૂપ તે આ પાત્રતા, ગુણજ્ઞોને બહુમત છે, વિગ્રહવાળી શમશ્રી છે=દેહધારી શમપરિણામની લક્ષ્મી છે, ભાવસંપદાનો સુઆશ્રય છે=ભાવસંપત્તિનું સુંદર સ્થાન છે.

'इति' 'स्थैर्य' નામના વ્યાખ્યાના પાંચમા અંગના સ્વરૂપકથનની સમાપ્તિમાં છે.

(૬) અને ઉક્તની, તે તે કાળ સાથે યોગવાળા એવા વિજ્ઞાતની=શાસ્ત્રમાં કહેવાયેલ વિજ્ઞાત એવા, ચૈત્યવંદનાદિની, તેના આસેવનના સમયમાં=શાસ્ત્રમાં કહેવાયેલ ચૈત્યવંદનાદિને કરવાના કાળમાં, તે પ્રકારના ઉપયોગપૂર્વક=જે પ્રકારે શાસ્ત્રમાં કહેલ હોય તે પ્રકારના ઉપયોગપૂર્વક, શક્તિથી તે પ્રકારની ક્રિયા=સ્વશક્તિ અનુસારે શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ એ ઉક્તક્રિયા છે, ઔષધના જ્ઞાનમાત્રથી આરોગ્ય થતું નથી, ક્રિયામાં ઉપયોગી જ તે છે=ઔષધનું જ્ઞાન છે, અને આ યાદચ્છિકી શસ્ત નથી=ક્રિયા સ્વઈચ્છા અનુસાર કરાયેલી ઈષ્ટ સાધનારી નથી; કેમ કે પ્રત્યપાયનો સંભવ છે.

'इति' 'उक्तक्रिया' નામના વ્યાખ્યાના છઠ્ઠા અંગના સ્વરૂપકથનની સમાપ્તિમાં છે.

(૭) અને અલ્પભવતા વ્યાખ્યાનું અંગ છે; કેમ કે પ્રદીર્ઘતર સંસારીને=અત્યંત દીર્ઘ સંસારવાળા જીવને, તત્ત્વજ્ઞાનનો અયોગ છે, ત્યાં=વ્યાખ્યાના અંગભૂત 'અલ્પભવતા' શબ્દમાં, અલ્પ= પુદ્ગલપરાવર્તથી આરતઃ=એક પુદ્ગલપરાવર્તથી ઓછો, ભવ છે=સંસાર છે, જેનો તેનો ભાવ= અલ્પભવતા છે, દીર્ઘદૌર્ગત્યભાક્=દીર્ઘકાળ સુધી દરિદ્રતાને ભજનારો જીવ, ચિંતામણિરત્નની અવાપ્તિનો હેતુ થતો નથી જ, એ રીતે જ=દીર્ઘદૌર્ગત્યને ભજનારો જીવ દરિદ્રતાને ભજનારો જીવ ચિંતામણિરત્નની અવાપ્તિનો હેતુ થતો નથી એ રીતે જ, અનેક પુદ્ગલપરાવર્તને ભજનારા જીવો વ્યાખ્યાનનું અંગ થતા નથી. એ પ્રમાણે સમયસારવિદ્=શાસ્ત્રના રહસ્યને જાણનારાઓ કહે છે.

આથી=વ્યાખ્યાનાં સાત અંગો છે આથી, આમના સાકલ્યથી=સાત અંગોના સંપૂર્ણપણાથી, વ્યાખ્યાની સિદ્ધિ છે; કેમ કે તેનું=સાત અંગોથી પરિપૂર્ણ એવી વ્યાખ્યાનું, સમ્યગ્જ્ઞાનનું હેતુપણું છે, એ પ્રકારે આ=સાતેય અંગોથી વ્યાખ્યાની સિદ્ધિ છે એમ પૂર્વે કહ્યું એ, સૂક્ષ્મ બુદ્ધિથી આલોચન કરવું જોઈએ.

પંજિકા :-

'प्राकृतशैल्येति चेहोपन्यस्तः' इति प्राकृतशैल्या=प्राकृतग्रन्थस्वाभाव्येन, इति=एवं वाक्यालङ्कारतया, 'चः' समुच्चये, इह-सूत्रे, उपन्यस्तः, संस्कृते वाक्यालङ्कारतयाऽस्य प्रयोगादर्शनात्। प्राकृतशैल्येहोपन्यस्त इति पाठान्तरं व्यक्तं च।

'एतद्विपर्ययेत्यादि', ईदृशगुणविपरीताद् गुरोः 'विपर्ययसिद्धेः'=अव्याख्यानसिद्धेः, एतद्भावनार्थमाह

'तद्व्याख्यानम्' इत्यादि, 'अभक्ष्यास्पर्शनीयन्यायेने'ति, -भक्ष्यमपि गोमांसादि कुत्सितत्वादभक्ष्यं, तथा स्पर्शनीयमपि चाण्डालादि कस्यचित् कुत्सितत्वादेवस्पर्शनीयं, त एव न्यायो=दृष्टान्तः, तेन।

'तद्भावानुपपत्तेरि'ति-उपेयव्यभिचारिण उपायस्य उपायत्वं नोपपद्यते इति भावः।

'वैद्यविशेषपरिज्ञानादि'ति-वैद्यविशेष इव परिज्ञानं, तस्मात्, अयमत्र भावो- यथा वैद्यविशेषात् साध्यव्याधिर्निवर्तते, तथा परिज्ञानादनाभोगमात्रमिति।

'तदज्ञानुपहसनमि'ति-स्वयंज्ञातज्ञेयानभिज्ञानुपहसनम्, विवादपरित्यागः तदनभिज्ञैः सहेति गम्यते, 'अज्ञबुद्धिभेदाकरणमि'ति-सम्यक्चैत्यवन्दनाद्यजानतां तत्राऽप्रवृत्तिपरिणामाऽनापादनम्, 'प्रज्ञापनीये नियोग' इति-प्रज्ञापनीयमेव सम्यक्करणे नियुङ्क्त इति।

उक्तस्येत्यादि, उक्तस्य=वचनाऽदिष्टस्य चैत्यवन्दनादेः, तदेव विशिनष्टि 'विज्ञातस्य'=वचनानुसारेणैव विनिश्चितविषयविभागस्य, 'तत्तत्कालयोगिनः'=तेन तेन चित्ररूपेण कालेन तदवसरलक्षणेन सम्बन्धवतः, इत्थमुक्तं विशेषणम्, क्रियां विशेषयन्नाह-'तदासेवनसमये'=तस्योक्तस्य करणकाले, 'तथोपयोगपूर्वं'=आसेव्यमानानुरूप उपयोगः 'पूर्वो'-हेतुर्यत्र तद्यथा भवति 'शक्तितः'=स्वशक्तिमपेक्ष्य, न तु तदतिक्रमेणापि, तथाक्रिया=उक्तानुरूपप्रकारवान् व्यापारः। आह किमुक्तक्रियया? व्याख्याफलभूतादुक्तज्ञानादेवेष्टफलसिद्धिसम्भवादित्याशङ्क्याह न=नैव, 'औषधज्ञानमात्रात्'=क्रियारहितादौषधज्ञानात् केवलाद् 'आरोग्यं'=रोगाभावः, कुत इत्याह 'क्रियोपयोग्येव तत्', यतः क्रियायां चिकित्सालक्षणायाम् उपयुज्यते=उपकुरुते, तच्छीलं च यत्तत्तथा। नाऽरोग्योपयोगवदपीति एवकारार्थः, 'तद्' इति - औषधज्ञानमात्रं, क्रियाया एवारोग्योपयोगात्। तर्हि क्रियैवोपादेया, न ज्ञानम्? इत्याशङ्क्याह 'न चेय'मित्यादि, न च=नैव, इयं=वन्दनादिक्रिया, यादृशी तादृशी=यथा तथा कृता, शस्ता=इष्टसाधिका मता, किन्तु ज्ञानपूर्विकैव शस्ता भवतीति।

'चिन्तामणिरत्नावाप्तिहेतु'रिति, चिन्तामणिरेव रत्नं मणिजातिप्रधानत्वाच्चिन्तामणिरत्नं, पृथग्वा चिन्तामणिरत्ने, तस्य तयोर्वाऽवाप्तिहेतुः; अभाग्य इति कृत्वा।

पंजिकार्थ :-

'प्राकृतशैल्येति ..... इति कृत्वा ।। અને પ્રાકૃતશૈલીથી અહીં આ પ્રકારે ઉપન્યસ્ત છે એટલે પ્રાકૃતગ્રંથના સ્વભાવપણાથી આ રીતે=વાક્યાલંકારપણારૂપે, અહીં='नमुत्थुणं' સૂત્રમાં, 'णं' ઉપન્યસ્ત છે. 'च' સમુચ્ચયમાં છે.

પ્રાકૃતશૈલીથી વાક્યાલંકારપણારૂપે 'णं' શબ્દ કેમ ઉપન્યસ્ત છે, તેમાં હેતુ કહે છે –

સંસ્કૃતમાં વાક્યાલંકારપણારૂપે આના='णं' શબ્દના, પ્રયોગનું અદર્શન છે. प्राकृतशैल्या इह उपन्यस्तः એ પ્રકારે, પાઠાંતર છે=ललितविस्तरामां प्राकृतशैल्या इति चेहोपन्यस्तः એ પ્રકારના પાઠથી અન્ય પાઠ છે, અને વ્યક્ત છે=પૂર્વે પ્રથમ પાઠના કરેલ અર્થથી તે પાઠાંતરનો અર્થ સ્પષ્ટ છે.

હવે 'ગુરુયોગ' નામના વ્યાખ્યાના અંગમાં રહેલ एतद्विपर्ययाद्..... ઇત્યાદિનો અર્થ સ્પષ્ટ કરે છે –

આવા પ્રકારના ગુણોથી વિપરીત ગુરુથી=પૂર્વે લલિતવિસ્તરામાં વર્ણન કર્યા એવા પ્રકારના ગુણોથી રહિત ગુરુથી, વિપર્યયની સિદ્ધિ હોવાથી=અવ્યાખ્યાનની સિદ્ધિ હોવાથી, આવા પ્રકારના ગુણોવાળા ગુરુ સાથે સંબંધ એ ગુરુયોગ છે, એમ લલિતવિસ્તરા સાથે અન્વય છે. આના ભાવન અર્થે કહે છે=વિપરીત ગુરુથી અવ્યાખ્યાનની સિદ્ધિ છે એનું ભાવન કરવા માટે લલિતવિસ્તરાકાર કહે છે – तद्व्याख्यानम् ઇત્યાદિ.

અભક્ષ્ય-અસ્પર્શનીયના ન્યાયથી એટલે ભક્ષ્ય પણ ગોમાંસાદિ=ભક્ષણ કરી શકાય એવા પણ ગાયનું માંસ આદિ, કુત્સિતપણું હોવાથી અભક્ષ્ય છે, અને સ્પર્શનીય પણ=સ્પર્શ કરી શકાય એવા પણ, ચાંડાલ આદિ કોઈકને=ઉત્તમજાતિવાળા બ્રાહ્મણ આદિ કોઈકને, કુત્સિતપણું હોવાથી અસ્પર્શનીય છે, તે બે જ ન્યાય છે=દૃષ્ટાંત છે, તેનાથી=તે ન્યાયથી, આ અનર્થફલવાળું છે, એમ લલિતવિસ્તરા સાથે સંબંધ છે.

હવે 'વિધિપરતા' નામના વ્યાખ્યાના અંગમાં રહેલ तद्भावानुपपत्तेःનો અર્થ સ્પષ્ટ કરે છે –

તેના ભાવની અનુપપત્તિ હોવાથી એટલે ઉપેયમાં વ્યભિચારી એવા ઉપાયનું ઉપાયપણું ઘટતું નથી, એ પ્રકારનો ભાવ છે.

હવે 'બોધપરિણતિ' નામના વ્યાખ્યાના અંગમાં રહેલ वैद्यविशेषपरिज्ञानाद्નો અર્થ સ્પષ્ટ કરે છે –

વૈદ્યવિશેષપરિજ્ઞાનથી એટલે વૈદ્યવિશેષ જેવું પરિજ્ઞાન છે તેનાથી, તે સાધ્યવ્યાધિ કલ્પ છે, એમ લલિતવિસ્તરા સાથે યોગ છે. અહીં આ ભાવ છે – જે પ્રમાણે વૈદ્યવિશેષથી સાધ્યવ્યાધિ નિવર્તન પામે છે, તે પ્રમાણે પરિજ્ઞાનથી અનાભોગમાત્ર નિવર્તન પામે છે.

'इति' अयमत्र भावःથી કરેલ કથનની સમાપ્તિમાં છે.

હવે 'સ્થૈર્ય' નામના વ્યાખ્યાના અંગમાં રહેલ तदज्ञानुपहसनम् વગેરે પદોનો અર્થ સ્પષ્ટ કરે છે –

તદજ્ઞનું ઉપહસન એટલે સ્વયં જાણેલ એવા જ્ઞેયના અનભિજ્ઞ ઉપર અનુપહસન, વિવાદનો પરિત્યાગ 'તેના અનભિજ્ઞો સાથે' એ પ્રમાણે જણાય છે=અધ્યાહાર છે, અર્થાત્ પોતે જાણેલ જ્ઞેયને નહીં જાણનારા જીવો સાથે વિવાદનો પરિત્યાગ, અજ્ઞના બુદ્ધિભેદનું અકરણ એટલે સમ્યક્ચૈત્યવંદનાદિને નહીં જાણતા એવા જીવોને ત્યાં=ચૈત્યવંદનના વિષયમાં, અપ્રવૃત્તિના પરિણામનું અનાપાદન. પ્રજ્ઞાપનીયમાં નિયોગ છે=પ્રજ્ઞાપનીયને જ સમ્યક્કરણમાં નિયોજન કરે છે.

હવે 'ઉક્તક્રિયા' નામના વ્યાખ્યાના અંગમાં રહેલ उक्तस्यથી शस्ता સુધી અર્થ સ્પષ્ટ કરે છે –

ઉક્તની=વચનથી આદિષ્ટ એવા ચૈત્યવંદનાદિની, તેને જ વિશેષિત કરે છે – વિજ્ઞાત=વચનના અનુસારથી જ વિનિશ્ચિત એવા વિષયવિભાગવાળા, તે તે કાળ સાથે યોગી=તે તે ચિત્ર રૂપ તેના અવસરના લક્ષણવાળા કાળ સાથે સંબંધવાળા, એવા ઉક્તની;

આ રીતે વિશેષણ કહેવાયું='ઉક્તસ્ય' શબ્દનાં બે વિશેષણ કહેવાયાં, ક્રિયાને વિશેષ કરતાં કહે છે='ઉક્તક્રિયા'માં રહેલ 'ક્રિયા' શબ્દનાં વિશેષણ બતાવતાં ललितविस्तराકાર કહે છે –

તેના આસેવનના સમયમાં=તે ઉક્તના કરણના કાળમાં=તે શાસ્ત્રમાં કહેવાયેલા ચૈત્યવંદનાદિને કરવાના કાળમાં, તે પ્રકારે ઉપયોગપૂર્વ છે જેમાં અર્થાત્ આસેવ્યમાનને અનુરૂપ ઉપયોગપૂર્વ છે જેમાં=હેતુ છે જેમાં તે, શક્તિથી=સ્વશક્તિને અપેક્ષીને=પોતાની શક્તિને આશ્રયીને, જે પ્રકારે થાય છે, પરંતુ તેના અતિક્રમથી પણ નહીં=પોતાની શક્તિના ઉલ્લંઘનથી પણ નહીં, તે પ્રકારની ક્રિયા છે= ઉક્તને અનુરૂપ પ્રકારવાળો વ્યાપાર છે=શાસ્ત્રમાં કહેવાયેલ ચૈત્યવંદનાદિને અનુરૂપ પ્રકારવાળો ચૈત્યવંદનાદિનો વ્યાપાર છે.

કહે છે=કોઈ શંકા કરતાં કહે છે – ઉક્તની ક્રિયા વડે શું ? કેમ કે વ્યાખ્યાના ફળભૂત ઉક્તના જ્ઞાનથી જ=ગુરુએ કરેલ વ્યાખ્યાના ફળભૂત એવા શાસ્ત્રમાં કહેવાયેલી ચૈત્યવંદનવિધિના જ્ઞાનથી જ, ઇષ્ટ ફળની સિદ્ધિનો સંભવ છે, આ પ્રકારની આશંકા કરીને કહે છે=ગ્રંથકારશ્રી ललितविस्तराમાં કહે છે –

ઔષધના જ્ઞાનમાત્રથી=ક્રિયાથી રહિત અર્થાત્ ઔષધના સેવનરૂપ ક્રિયાથી રહિત, એવા કેવલ ઔષધના જ્ઞાનથી, આરોગ્ય=રોગનો અભાવ, નથી જ; કયા કારણથી ? એથી કહે છે – ક્રિયામાં ઉપયોગી જ તે છે=ઔષધનું જ્ઞાન છે, જે કારણથી ચિકિત્સાના લક્ષણવાળી ક્રિયામાં=ઔષધના સેવનસ્વરૂપ ક્રિયામાં, ઉપયોગી છે=ઉપકાર કરે છે, અને તેના શીલવાળું છે=ક્રિયામાં ઉપકાર કરવાના સ્વભાવવાળું છે જે તે તેવું છે=ક્રિયામાં ઉપયોગવાળું છે, આરોગ્યના ઉપયોગવાળું પણ તે=ઔષધનું જ્ઞાનમાત્ર, નથી, એ પ્રકારે એવકારનો અર્થ છે=क्रियोपयोग्येवમાં રહેલ એવકારનો અર્થ છે; કેમ કે ક્રિયાનો જ આરોગ્યમાં ઉપયોગ છે.

તો ક્રિયા જ ઉપાદેય છે, જ્ઞાન નહીં. એ પ્રકારે આશંકા કરીને કહે છે=ગ્રંથકારશ્રી ललितविस्तराમાં કહે છે – न चेयं ઇત્યાદિ.

આ=વંદનાદિ ક્રિયા, જેવી તેવી=જેમ તેમ કરાયેલી, શસ્ત નથી જ=ઇષ્ટને સાધનારી મનાયી નથી જ, પરંતુ જ્ઞાનપૂર્વિકા જ શસ્ત થાય છે=ઔષધના જ્ઞાનપૂર્વકની જ ઔષધના સેવનરૂપ ક્રિયા ઇષ્ટને સાધનારી થાય છે.

હવે 'અલ્પભવના' નામના વ્યાખ્યાના અંગમાં રહેલ चिन्तामणिरत्नावाप्तिहेतुः નો અર્થ સ્પષ્ટ કરે છે –

ચિંતામણિરત્નની અવાપ્તિનો હેતુ એટલે ચિંતામણિ જ રત્ન ચિંતામણિરત્ન છે.

અહીં પ્રશ્ન થાય કે ચિંતામણિને જ રત્ન કેમ કહ્યું ? તેથી કહે છે –

મણિજાતિનું પ્રધાનપણું હોવાથી=ચિંતામણિમાં મણિની જાતિનું શ્રેષ્ઠપણું હોવાથી, ચિંતામણિને જ પ્રસ્તુતમાં 'રત્ન' કહેલ છે. અથવા પૃથગ્=ચિંતામણિ અને રત્ન એમ જુદા, ચિંતામણિ-રત્ન છે. તેની=ચિંતામણિરત્નની અથવા તે બેની=ચિંતામણિની અને રત્નની, અવાપ્તિનો હેતુ.

દીર્ઘદૌર્ગત્યવાળો જીવ ચિંતામણિરત્નની પ્રાપ્તિનો હેતુ કેમ થતો નથી ? એથી કહે છે –

અભાગ્યવાળો છે, એથી કરીને.

ભાવાર્થ :-

પૂર્વે ગ્રંથકારશ્રીએ કહ્યું કે હવે ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યાનો પ્રારંભ કરાય છે, તેથી જિજ્ઞાસા થાય કે વ્યાખ્યાનું લક્ષણ શું છે ? તેથી કહ્યું કે સંહિતા આદિ વ્યાખ્યાનું લક્ષણ છે, અને તે સંહિતા આદિ છ પ્રકારે છે, તે છયે પ્રકારના લક્ષણથી સૂત્રનું વ્યાખ્યાન કરનાર ઉપદેશક યોગ્ય શિષ્યને સૂત્રનો બોધ કરાવે છે. ત્યારપછી વ્યાખ્યાનાં સાત અંગો બતાવે છે, અને તે વ્યાખ્યાના સાત અંગો જાણીને તે અંગોની મર્યાદા અનુસાર યોગ્ય ગુરુ પાસે યોગ્ય શિષ્ય વ્યાખ્યાનું શ્રવણ કરે તેનાથી તેને જે સમ્યગ્ બોધ થાય તે સમ્યગ્ બોધપૂર્વક સમ્યક્ ક્રિયા કરીને તે ક્રિયાના ફળને તે શિષ્ય પ્રાપ્ત કરે ત્યાં સુધી, તે વ્યાખ્યાનું શ્રવણ કરનાર શિષ્યને તે ફળ પ્રાપ્તિમાં જિજ્ઞાસા આદિ સાત વ્યાખ્યાનાં અંગો કારણીભૂત છે. તેનું કંઈક સ્પષ્ટીકરણ ગ્રંથકારશ્રી સ્વયં આગળ કરે છે. તેમાં પ્રથમ સંહિતાદિ છ રૂપ વ્યાખ્યાના લક્ષણને 'નમુત્થુણં અરિહંતાણં'માં યોજન કરીને ગ્રંથકારશ્રી બતાવે છે, તે યોજનના બળથી ઉપદેશકે ચૈત્યવંદનનાં સર્વ સૂત્રોમાં તે સંહિતાદિ છયેનું યોજન કરીને યોગ્ય શ્રોતાને સૂત્રોનું વ્યાખ્યાન કરવું જોઈએ, જેથી યોગ્ય શ્રોતાને સૂત્રોનો સમ્યગ્ બોધ થાય.

'नमोऽस्त्वर्हद्भ्यः' અહીં 'અરિહંતોને નમસ્કાર થાઓ' એ પ્રકારનાં ત્રણ પદો પરસ્પર એકઠાં થઈને એક વાક્યનો બોધ કરાવનાર છે, તેથી તે સંહિતા છે અને તેમાં ત્રણ પદો છે : (૧) નમઃ (૨) અસ્તુ (૩) અર્હદ્ભ્યઃ। આ રીતે એક વાક્યમાં રહેલાં ત્રણ પદો બતાવ્યા પછી તે ત્રણેય પદોના અર્થરૂપ પદાર્થ બતાવે છે.

નમઃ શબ્દ પૂજા અર્થમાં છે, તેથી એ પ્રાપ્ત થાય કે અરિહંતોની પૂજા થાઓ. ત્યાં પ્રશ્ન થાય કે પૂજા એટલે શું ? તેથી કહે છે કે પૂજા દ્રવ્યનો અને ભાવનો સંકોચ છે. તેમાં હાથ-મસ્તક-પગ આદિનો સમ્યગ્ ન્યાસ તે દ્રવ્યસંકોચ છે. તેથી એ પ્રાપ્ત થાય કે 'નમુત્થુણં અરિહંતાણં' બોલતી વખતે હાથ વગેરે શરીરનાં અંગો શાસ્ત્રોક્તવિધિ અનુસાર પ્રવર્તાવવાં તે દ્રવ્યસંકોચ છે. વળી, વિશુદ્ધ એવા મનનો નિયોગ તે ભાવસંકોચ છે. તેથી એ પ્રાપ્ત થાય કે 'નમુત્થુણં અરિહંતાણં' બોલતી વખતે "વીતરાગના ગુણોનું સ્તવન કરીને હું વીતરાગના ગુણને અનુકૂળ સંચિતવીર્યવાળો થાઉં" એવા અધ્યવસાયથી બોલાતા સૂત્રમાં, સૂત્રના અર્થમાં અને જિનપ્રતિમાના આલંબનમાં વિશુદ્ધ એવા મનનું નિયોજન કરવું તે ભાવસંકોચ છે.

અસ્તુ શબ્દ ભવતુ અર્થમાં છે અને ભવતુનો અર્થ પ્રાર્થના છે. તેથી એ પ્રાપ્ત થાય કે અરિહંતોની પૂજા કરવી અતિદુષ્કર છે; કેમ કે પરમાર્થથી અરિહંતોની પૂજા નિર્વિકલ્પ ઉપયોગ સ્વરૂપ છે, અને તેવી પૂજા કરવાની 'નમુત્થુણં અરિહંતાણં' બોલનાર પુરુષની શક્તિ નથી, તોપણ તેવી પૂજા કરવાનો અભિલાષ કરવારૂપ પ્રાર્થના અસ્તુ શબ્દથી કરાય છે.

અહીં વિશેષ એ છે કે વીતરાગના ગુણોને અવલંબીને વીતરાગભાવને અભિમુખ જતું ચિત્ત અવશ્ય વીતરાગની જેમ નિર્વિકલ્પ અવસ્થા પામે અર્થાત્ સવિકલ્પ સામાયિક અને નિર્વિકલ્પ સામાયિક રૂપ બે

પ્રકારની ચિત્તની અવસ્થા છે તેમાંથી જિનનું અવલંબન ગ્રહણ કરીને જિનતુલ્ય થવા નિર્વિકલ્પ સામાયિકના પરિણામને પ્રાપ્ત કરે તે પ્રકારનો ભાવસંકોચ પરમાર્થથી પૂજા છે, પરંતુ જે સાધુ કે શ્રાવક તે પ્રકારની ભગવાનની પૂજા કરવા સમર્થ નથી, તોપણ ભગવાનને અવલંબીને તે પ્રકારની પૂજા મને પ્રાપ્ત થાઓ એવો અભિલાષ અસ્તુ શબ્દથી કરે છે. આ પ્રકારનો બોધ વ્યાખ્યાન કરનાર ગુરુ યોગ્ય શ્રોતાને તે પદના અર્થોથી કરાવે.

णं શબ્દ વાક્યાલંકારમાં છે, અને પ્રાકૃતશૈલીથી અહીં णं શબ્દનો ઉપન્યાસ કરાયો છે.

अर्हद् એટલે દેવો અને મનુષ્યોથી અતિશય પૂજાને યોગ્ય છે તે અરિહંત, અને તેઓને નમસ્કાર થાઓ.

આ સર્વ પદાર્થ છે. વળી, પદવિગ્રહ સમાસવાળાં પદોમાં થાય છે અને नमोस्त्वर्हद्भ्यः માં કોઈ સમાસવાળું પદ નથી, તેથી અહીં પદવિગ્રહ ગ્રંથકારશ્રીએ બતાવ્યો નથી, છતાં ચૈત્યવંદનનાં સૂત્રોનાં જે જે સ્થાનોમાં સમાસવાળાં પદો હોય તેનો શ્રોતાને બોધ કરાવવા માટે તે તે સમાસવાળાં પદોનો વિગ્રહ કરીને ઉપદેશકે બતાવવાં જોઈએ.

વળી, ચાલના અને પ્રત્યવસ્થાન કરીને ઉપદેશકે શ્રોતાને સૂત્રનો સમ્યગ્ બોધ કરાવવો જોઈએ, તેમાં અધિકૃત અર્થની અનુપપત્તિ બતાવવી તે ચાલના છે અને તે અનુપપત્તિનો યુક્તિથી નિરાસ કરવો તે પ્રત્યવસ્થાન છે.

જેમ नमोस्त्वर्हद्भ्यः માં अस्तु શબ્દનો 'પ્રાર્થના' અર્થ કરતાં કહ્યું કે સૂત્ર બોલનાર પુરુષ પૂજા કરવાની પ્રાર્થના કરે છે, ત્યાં પ્રશ્ન કરતાં કહે છે કે अस्तुનો પ્રાર્થના અર્થ ઘટતો નથી; કેમ કે નમસ્કારની પ્રાર્થના માત્રથી ઇષ્ટ ફળની પ્રાપ્તિ થતી નથી, પરંતુ તે પ્રકારે નમસ્કાર કરવાથી ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે, માટે 'નમસ્કાર થાઓ' એમ કહેવું ઉચિત નથી, પરંતુ 'નમસ્કાર કરું છું' એમ કહેવું ઉચિત છે.

આશય એ છે કે કોઈપણ પ્રવૃત્તિની પ્રાર્થના કરવાથી તે પ્રવૃત્તિનું ફળ મળતું નથી, પરંતુ તે પ્રકારની પ્રવૃત્તિ કરવાથી તે પ્રવૃત્તિનું ફળ મળે છે. જેમ ઔષધના સેવનની ઇચ્છા કરવાથી રોગ મટતો નથી, પરંતુ ઔષધનું સેવન કરવાથી રોગ મટે છે, તેમ અરિહંતની પૂજા કરવાની ઇચ્છામાત્રથી પૂજાનું ફળ મળતું નથી, પરંતુ અરિહંતની પૂજા કરવાથી પૂજાનું ફળ મળે છે.

આ પ્રકારની અધિકૃત અર્થની અનુપપત્તિરૂપ જે ચાલના કરી તેનું યુક્તિથી નિરાકરણ કરતાં કહે છે કે પ્રાર્થના જ ઘટે છે; કેમ કે આ રીતે જ ઇષ્ટ ફળની સિદ્ધિ છે. આશય એ છે કે ભાવથી નમસ્કાર કરવો એ અતિદુષ્કર કાર્ય છે, અને તેવું દુષ્કર કાર્ય કરવાની શક્તિ ન હોય ત્યારે તે દુષ્કર કાર્ય કરવાની વારંવાર ઇચ્છા કરવામાં આવે તો તે ઇચ્છાના બળથી તે દુષ્કર કાર્ય કરવાની શક્તિનો સંચય થાય છે, પરંતુ શક્તિનો સંચય કર્યા વગર તે કાર્ય કરવામાં આવે તો ઇષ્ટ ફળની પ્રાપ્તિ થતી નથી. જેમ કોઈ સાધકની નિર્વિકલ્પ ઉપયોગરૂપ પૂજા કરવાની શક્તિ ન હોય અર્થાત્ ભગવાનના વીતરાગતાના ગુણોનાં વિકલ્પ વગર વીતરાગતાના ભાવને સ્પર્શે તેવો વીતરાગની સાથે લીનતાનો ઉપયોગ જેમાં હોય તેવી પૂજા કરવાની શક્તિ ન હોય, અને કહે કે "અરિહંતની પૂજા કરું છું", તો તેમ બોલવામાત્રથી પૂજાનું તેને ઇષ્ટ ફળ મળતું

નથી, પરંતુ તે સાધક વિચારે કે "નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિરૂપ પૂજા મારે કરવી છે, છતાં અત્યારે મારી તેવી પૂજા કરવાની શક્તિ નથી, તેથી અત્યારે હું પ્રતિદિન ચૈત્યવંદન કરીને તેવી પૂજા કરવાનો અભિલાષ કરીશ તો તે અભિલાષના બળથી અને તે અભિલાષકાળમાં વર્તતા તીવ્ર ઉપયોગના બળથી મારામાં તે પ્રકારની શક્તિ આવશે, જેથી હું ભગવાનને ભાવનમસ્કાર કરી શકીશ." આ પ્રકારના આશયપૂર્વક સાધક નમસ્કાર કરવાની પ્રાર્થના કરે તો ભાવનમસ્કાર કરવાની શક્તિના સંચયરૂપ ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. માટે નમસ્કારની પ્રાર્થના જ ઇષ્ટ ફળને સાધનારી છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ 'નમુત્થુણં અરિહંતાણં'માં વ્યાખ્યાનાં સંહિતાદિ છયે પદોની યોજના માત્ર બતાવી, વળી, 'નમુત્થુણં અરિહંતાણં' આદિ સર્વ પદોનો ભાવાર્થ ગ્રંથકારશ્રી આગળ બતાવશે. આનાથી એ ફલિત થયું કે આ રીતે સંહિતાદિ દ્વારા વ્યાખ્યાન કરવાથી માત્ર પદયોજના પ્રાપ્ત થાય છે, પરંતુ તેટલા કથનથી સૂત્રનો ભાવાર્થ પ્રાપ્ત થતો નથી, તેથી જેમ ગ્રંથકારશ્રીએ नमोस्त्वर्हद्भ्यःમાં સંહિતાદિ પદની યોજના કરી બતાવી, તેમ ઉપદેશકે શ્રોતાને સૂત્રના સર્વ પદોમાં સંહિતાદિ પદની યોજના કરીને બતાવવી જોઈએ અને ત્યારપછી જેમ ગ્રંથકારશ્રી તે સૂત્રનો ભાવાર્થ આગળ બતાવશે, તેમ ઉપદેશકે પણ શ્રોતાને સર્વ સૂત્રનો ભાવાર્થ બતાવવો જોઈએ, જેથી શ્રોતાને ચૈત્યવંદન સૂત્રના અર્થોનો પારમાર્થિક બોધ થાય.

વળી, વ્યાખ્યાનાં અંગો જિજ્ઞાસા આદિ સાત છે. અર્થાત્ ઉપદેશક અધિકારી શ્રોતા પાસે ચૈત્યવંદન સૂત્રનું વ્યાખ્યાન કરે તે વ્યાખ્યાનને સમ્યક્ પરિણમન પમાડવામાં કારણીભૂત એવાં આ જિજ્ઞાસા આદિ સાત અંગો છે; કેમ કે જિજ્ઞાસા આદિ વગર પરમાર્થથી વ્યાખ્યાનશ્રવણની પ્રવૃત્તિ થતી નથી.

આશય એ છે કે ચૈત્યવંદનના અધિકારી પણ શ્રોતાને જ્યાં સુધી ચૈત્યવંદનના પરમાર્થને જાણવાની જિજ્ઞાસા આદિ ન થાય ત્યાં સુધી તે શ્રોતા વ્યાખ્યાનના શ્રવણમાં પ્રવૃત્તિ કરતો નથી. અને કદાચ સ્થૂલથી પ્રવૃત્તિ કરે તો પણ તે વ્યાખ્યાનના શ્રવણના ફળને પ્રાપ્ત કરતો નથી, માટે અધિકારી શ્રોતાને આશ્રયીને વ્યાખ્યાનશ્રવણની પ્રવૃત્તિમાં જિજ્ઞાસા આદિ સાત અંગો છે અને તે સાત અંગો બતાવતાં કહે છે કે ધર્મ પ્રત્યે મૂલભૂત વંદના છે અર્થાત્ ધર્મનો અર્થી જીવ ધર્મ સાંભળવા માટે ઉપદેશક પાસે આવે અને ધર્મનો ઉપદેશ સાંભળીને ધર્મનું સેવન કરવા યત્ન કરે, તે માટે ઉપદેશક તે ધર્મના અર્થી જીવને કહે કે આત્મામાં ધર્મની નિષ્પત્તિ પ્રત્યે મૂલકારણ તીર્થંકરાદિ ગુણવાન પુરુષોની વંદના છે; કેમ કે તેવા ઉત્તમ પુરુષોને વંદન કરવાથી જ તેમના જેવા ઉત્તમગુણો આત્મામાં પ્રગટે છે, અને આ પ્રમાણે જણાવવા માટે ગ્રંથકારશ્રી મહાગુણસંપન્ન એવા તીર્થંકરોને વંદન કરવા માટે ઉપયોગી એવા ચૈત્યવંદનનાં સૂત્રોની વ્યાખ્યા પ્રસ્તુત ગ્રંથમાં કરે છે.

(૧) જિજ્ઞાસા : હવે 'જિજ્ઞાસા' નામનું વ્યાખ્યાનું પ્રથમ અંગ બતાવે છે –

યોગ્ય જીવો ધર્મ સાંભળવા આવેલ હોય અને તેને ઉપદેશક કહે કે ધર્મપ્રાપ્તિનું મૂળભૂત અંગ તીર્થંકરોની વંદના છે, તે સાંભળીને સ્થૂલબુદ્ધિવાળા જીવો હાથ જોડીને તીર્થંકરોને વંદન કરવાથી સંતોષ પામે છે, જ્યારે પ્રાજ્ઞજીવોને જિજ્ઞાસા થાય છે કે 'વંદન' શબ્દનો અર્થ શું છે ? જેથી તીર્થંકરોને વંદના કરવાથી આત્મામાં ધર્મ નિષ્પન્ન થાય છે ?

અહીં પ્રશ્ન થાય કે પ્રાજ્ઞ શ્રોતાને 'વંદન' શબ્દનો અર્થ જાણવાની ઇચ્છા કેમ થાય છે ? તેથી કહે છે –

વિચારક શ્રોતા વિચારે છે કે સમ્યગ્જ્ઞાન વગર સમ્યક્ ક્રિયા થતી નથી; કેમ કે શાસ્ત્રમાં કહ્યું છે કે પ્રથમ જ્ઞાન છે, પછી જીવદયાના પાલનરૂપ ધર્મની ક્રિયા છે, તેથી જો હું 'વંદન'નો અર્થ જાણીશ નહીં તો સમ્યક્ વંદન કરી શકીશ નહીં, તેથી યોગ્ય શ્રોતા 'વંદન' શબ્દના અર્થને જાણવાને અભિમુખ પરિણામવાળા થાય છે.

વળી, આવી જિજ્ઞાસા કોને થાય ? તે બતાવે છે –

આ જિજ્ઞાસા કર્મના વિશિષ્ટ ક્ષય-ક્ષયોપશમના નિમિત્તવાળી છે, તેથી મિથ્યાદૃષ્ટિ જીવોને આવી જિજ્ઞાસા થતી નથી, એમ શાસ્ત્ર જાણનારાઓ કહે છે.

આશય એ છે કે જે જીવોનો દર્શનમોહનીય કર્મનો વિશિષ્ટ પ્રકારે ક્ષય કે ક્ષયોપશમ થયો છે તે જીવોને જીવની કદર્થનારૂપ સંસાર દેખાય છે, અને સંસારથી પાર પામવાનો ઉપાય ધર્મ દેખાય છે, અને ધર્મની નિષ્પત્તિનું મૂળભૂત કારણ તીર્થંકરોને વંદનારૂપ ચૈત્યવંદનની ક્રિયા દેખાય છે, આમ છતાં તેઓને ચૈત્યવંદનની ક્રિયા કરવાથી ધર્મની નિષ્પત્તિ કઈ રીતે થાય ? તેનો સ્પષ્ટ નિર્ણય થયો નથી, તેથી તેઓને તે જાણવાની જિજ્ઞાસા થાય છે, અને ચૈત્યવંદનના પરમાર્થને જાણવાની તીવ્ર જિજ્ઞાસાથી તે નિર્મલદૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો ગુણવાન ગુરુ પાસેથી જાણવા યત્ન કરે છે, જેથી તેઓને ચૈત્યવંદનના પરમાર્થનો સમ્યક્ બોધ થાય છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિમાં વર્તતી જિજ્ઞાસા એ વ્યાખ્યાનું પ્રથમ અંગ છે.

(૨) ગુરુયોગ : ચૈત્યવંદન સૂત્રનો પરમાર્થ જાણવાની જિજ્ઞાસા થયા પછી તે યોગ્ય શ્રોતાને કેવા ગુરુનો યોગ થાય તો તેને સમ્યગ્ બોધ થાય ? તે બતાવવા હવે 'ગુરુયોગ' નામનું વ્યાખ્યાનું બીજું અંગ બતાવે છે.

गृणाति शास्त्रतत्त्वं इति गुरुः એ પ્રકારની ગુરુ શબ્દની વ્યુત્પત્તિ છે, અને તેવા યથાર્થ નામવાળા ગુરુ હંમેશાં સ્વ-પરનાં શાસ્ત્રો જાણનારા હોય છે, પારકાનું હિત કરવામાં નિરત હોય, શ્રોતાના આશયને જાણીને તેની યોગ્યતા અનુસાર સૂત્રોનું વ્યાખ્યાન કરનારા હોય, આવા ગુરુ સાથે જિજ્ઞાસુ શ્રોતાનો સંબંધ થાય તો તે ગુરુના વ્યાખ્યાનથી તે શ્રોતાને સમ્યગ્ બોધ થાય અને જો તેવા ગુરુથી વિપરીત ગુરુ સાથે સંબંધ થાય તો તે વિપરીત ગુરુના વ્યાખ્યાનથી તે શ્રોતાને વિપરીત બોધ થાય, માટે તેવા ગુરુ પાસેથી સાંભળેલું વ્યાખ્યાન અવ્યાખ્યાન જ છે.

આ વાતને દૃષ્ટાંતથી બતાવે છે – જેમ અભક્ષ્ય એવા માંસાદિ ખાવાથી અનર્થ ફળ મળે છે અથવા અસ્પૃશ્ય એવા ચાંડાલાદિને સ્પર્શવાથી અનર્થ ફળ મળે છે, તેમ ઉપરમાં કહેલા ગુણોથી રહિત ગુરુ પાસેથી વ્યાખ્યાનશ્રવણ કરાય નહીં છતાં તેઓ પાસેથી વ્યાખ્યાનશ્રવણ કરવાથી અનર્થ ફળ મળે છે, આ પ્રકારે પરિભાવન કરવું જોઈએ.

આનાથી એ ફલિત થાય કે જિજ્ઞાસુ શ્રોતાએ શાસ્ત્રનો પરમાર્થ જાણવા માટે એવા ગુરુની ગવેષણા કરવી જોઈએ કે જેઓ સ્વ-પર દર્શનના પરમાર્થને જાણનારા હોય, જેથી અન્ય સર્વ કરતાં જૈનદર્શન કઈ રીતે શ્રેષ્ઠ છે તે, શ્રોતાને શબ્દથી નહીં પણ યુક્તિયુક્ત પદાર્થ બતાવવા દ્વારા સ્પષ્ટ કરતા હોય, અને જગતમાં તીર્થંકરો સન્માર્ગ બતાવનારા છે એમ કહીને તીર્થંકરનું પારમાર્થિક સ્વરૂપ બતાવતા હોય. વળી,

પારકાનું હિત કરવામાં નિરત હોય, જેથી શ્રોતાની ભૂમિકા અનુસાર જે જે સ્થાનમાં શ્રોતાને સ્વયં જિજ્ઞાસા ન થતી હોય ત્યાં જિજ્ઞાસાનું ઉદ્‌ભાવન કરીને શાસ્ત્રનો પરમાર્થ બતાવનારા હોય. વળી, શ્રોતાની પૃચ્છાની પ્રવૃત્તિથી શ્રોતાના આશયો જાણીને તેના આશયને અનુરૂપ તેનું હિત થાય તે રીતે ઉપદેશ આપનારા હોય. તેવા ગુરુ પાસેથી ચૈત્યવંદનનાં સૂત્રોનું વ્યાખ્યાનશ્રવણ કરવામાં આવે તો તે જિજ્ઞાસુ શ્રોતાને પરમગુરુના સ્વરૂપનો અને તીર્થંકરોને કરાતી વંદનની ક્રિયા ધર્મનિષ્પત્તિનું કારણ કઈ રીતે છે ? તેનો પારમાર્થિક બોધ થાય છે.

(૩) વિધિપરતા : જિજ્ઞાસુ શ્રોતાને ગુણવાન ગુરુનો યોગ થયા પછી તે શ્રોતા કઈ રીતે વ્યાખ્યાનના શ્રવણની ક્રિયા કરે તો તેને ચૈત્યવંદન સૂત્રના પરમાર્થનો સમ્યગ્ બોધ થાય ? તે બતાવવા હવે 'વિધિપરતા' નામનું વ્યાખ્યાનું ત્રીજું અંગ બતાવે છે –

ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યાનું શ્રવણ કરતી વખતે શ્રવણવિધિનાં આઠ અંગો છે. (૧) વ્યાખ્યાનમાંડલીમાં પ્રયત્ન, (૨) ગુરુની અને અક્ષની નિષદ્યાના સ્થાપનમાં પ્રયત્ન, (૩) ઉચિત આસન ઉપર અક્ષના સ્થાપનમાં પ્રયત્ન, (૪) 'અક્ષાદૌ'માં રહેલ 'આદિ' પદથી ગુરુના વંદનમાં પ્રયત્ન, (૫) જ્યેષ્ઠના અનુક્રમનું પાલન, (૬) ઉચિત આસનની ક્રિયા, (૭) સર્વથા વિક્ષેપનો સંત્યાગ, (૮) ઉપયોગની પ્રધાનતા. આ શ્રવણની વિધિ છે.

જિજ્ઞાસુ શ્રોતા ચૈત્યવંદનનું વ્યાખ્યાન સાંભળતી વખતે શાસ્ત્રોક્ત મર્યાદાનુસાર માંડલીમાં બેસે, તે વખતે એક આસન ગુરુ માટે સ્થાપન કરે અને બીજું આસન સ્થાપનાચાર્યજી માટે સ્થાપન કરે, ત્યારપછી સ્થાપનાચાર્યજીના આસન ઉપર સ્થાપનાચાર્યજીનું સ્થાપન કરે, ત્યારપછી ગુણવાન એવા ગુરુને વંદન કરીને જ્યેષ્ઠ સાધુઓના અનુક્રમના પાલનપૂર્વક ઉચિત સ્થાને બેસે અને શ્રવણને અનુકૂળ ઉચિત આસનથી બેસે, પરંતુ યથા-તથા બેસે નહીં. વળી, શ્રવણકાળમાં સર્વપ્રકારના ઇન્દ્રિયોના અને ચિત્તના વિક્ષેપોનો પરિહાર કરે અને ચૈત્યવંદનના પરમાર્થને જાણવાને અનુકૂળ ઉપયોગની પ્રધાનતાપૂર્વક શ્રવણ કરે. આ પ્રકારની વ્યાખ્યાનશ્રવણની વિધિનું પાલન કરવાથી તે વ્યાખ્યાન સમ્યક્ પરિણમન પામે છે, અને આ પ્રકારની શ્રવણવિધિ કલ્યાણની પરંપરાનો હેતુ છે, માટે જે શ્રોતા આ વિધિપૂર્વક વ્યાખ્યાનું શ્રવણ કરે છે તેને નિયમથી ઉપદેશકના વચનથી સમ્યગ્જ્ઞાન થાય છે; કેમ કે આ પ્રકારની શ્રવણની વિધિ સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિનો ઉપાય છે, અને ઉપાય ઉપેયનો વ્યભિચારી હોય નહીં; કેમ કે જે શ્રવણવિધિરૂપ ઉપાયથી સમ્યગ્જ્ઞાનરૂપ ઉપેય પ્રાપ્ત થતું ન હોય તેને ઉપાય કહી શકાય નહીં, અને જે શ્રોતા આ સર્વ વિધિના પાલનપૂર્વક વ્યાખ્યાનના શ્રવણમાં યત્ન કરે છે, તે શ્રોતાને તેના ક્ષયોપશમને ધ્યાનમાં રાખીને ઉપદેશક તે જ પ્રમાણે સૂત્રના અર્થો આપે છે, જેથી સ્વશક્તિ અનુસારે તે શ્રોતાને અવશ્ય સમ્યગ્ બોધ થાય છે.

(૪) બોધપરિણતિ : જિજ્ઞાસુ શ્રોતા યોગ્ય ગુરુ પાસે વિધિપૂર્વક વ્યાખ્યાનનું શ્રવણ કરે તેનાથી તેનામાં બોધની પરિણતિ પ્રગટે છે, તેથી તે બોધની પરિણતિ કેવા પ્રકારની છે ? તે બતાવવા હવે બોધપરિણતિ નામનું વ્યાખ્યાનું ચોથું અંગ બતાવે છે –

બોધપરિણતિ સમ્યગ્જ્ઞાનની સ્થિરતારૂપ છે, તેથી બોધની પરિણતિવાળા શ્રોતાને ભગવાને જે ક્રિયાની

જે પ્રકારની વિધિ બતાવી છે તે પ્રકારનો જ તે ક્રિયાવિષયક બોધ થાય છે, અને આ ક્રિયા આ રીતે કરવાથી ઇષ્ટ ફળનું કારણ થાય છે એવો સ્થિર અને સ્પષ્ટ બોધ તેઓને થાય છે. વળી, તે બોધની પરિણતિ કુતર્કના યોગથી રહિત હોય છે અર્થાત્ સ્વમતિ અનુસાર પદાર્થોને જોડવા માટે થતા ઊહરૂપ કુતર્કથી રહિત હોય છે. વળી, બોધની પરિણતિ સંવૃત્ત એવા રત્નાધારની પ્રાપ્તિ તુલ્ય છે અર્થાત્ જેમ કોઈકને ઢાંકેલો એવો રત્નોથી ભરેલો કરંડિયો પ્રાપ્ત થયો હોય અને તે કરંડિયાને ઉઘાડવામાં આવે તો તેમાંથી રત્નોની પ્રાપ્તિ થાય, તેમ આ સમ્યગ્જ્ઞાનની સ્થિરતાથી ચૈત્યવંદનની ક્રિયા કરવામાં આવે તો ઉત્તમ રત્નો તુલ્ય મોક્ષને અનુકૂળ એવા ભાવોની પ્રાપ્તિ થાય છે, માટે આ બોધપરિણતિ રત્નોના ઢાંકેલા કરંડિયાની પ્રાપ્તિ તુલ્ય છે. વળી, આ બોધપરિણતિ માર્ગાનુસારીપણાથી યુક્ત છે અર્થાત્ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગને અનુસારનારી છે. વળી, આ બોધપરિણતિ તંત્ર યુક્તિથી પ્રધાન છે અર્થાત્ સર્વજ્ઞના શાસનમાં આવેલી યુક્તિઓને આગળ કરીને પદાર્થનો બોધ કરવા સ્વરૂપ છે, પરંતુ સ્વમતિ અનુસાર પદાર્થનું યોજન કરવા સ્વરૂપ નથી. વળી, આ બોધપરિણતિ શાસ્ત્રના શ્રવણથી સર્વ જીવોને સમાન થતી નથી, પરંતુ પટુ પ્રજ્ઞાવાળા જીવોને ઘણી થાય છે અને અલ્પપ્રજ્ઞાવાળા જીવોને અલ્પ થાય છે, તોપણ અલ્પ એવી પણ બોધપરિણતિમાં વિપર્યય હોતો નથી. કોઈક સ્થાનમાં અનાભોગ માત્ર હોય છે અર્થાત્ સૂક્ષ્મ ઊહશક્તિ નહીં હોવાથી શ્રોતાને ક્યારેક ઉપદેશકના વચનથી પદાર્થનો કોઈક સ્થાનમાં સ્પષ્ટ બોધ થતો ન હોય તો તે સ્થાનમાં અનાભોગ માત્ર હોય છે તોપણ શ્રોતાનો તે અનાભોગ સાધ્યવ્યાધિ જેવો છે.

જેમ વૈદ્યવિશેષ પ્રાપ્ત થાય તો સાધ્યવ્યાધિ અવશ્ય મટે છે, તેમ આવા યોગ્ય જીવોને પરિજ્ઞાન છે કે જિનવચનાનુસાર કરાયેલું ચૈત્યવંદન જ ઇષ્ટ ફળનું સાધક છે, તેથી તેવા પરિજ્ઞાનને કારણે તેઓને જે સ્થાનમાં અનાભોગ વર્તે છે, તે સ્થાનમાં પણ તેઓ વારંવાર ઊહ કરીને અને ગુરુ આદિને ઉચિત રીતે પૃચ્છા કરીને તે અનાભોગનું અવશ્ય નિવર્તન કરે છે, પરંતુ જેઓમાં નિર્મળ બોધની પરિણતિ નથી અને જેઓ સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરનારા છે, તેઓનો ઉચિત સ્થાનમાં બોધનો અભાવ અનાભોગમાત્ર નથી, પરંતુ વિપરીત રુચિવાળો છે, તેથી તેઓનો અનાભોગ સાધ્યવ્યાધિ જેવો નથી, આથી જ તેઓમાં વર્તતા વિપરીત રુચિથી યુક્ત એવા બોધના અભાવનું નિવર્તન થતું નથી, જ્યારે અધિકારી જીવોનો વિધિપૂર્વક શ્રવણક્રિયાથી કરાયેલો બોધ યથાર્થ જ હોય છે અને કોઈક સ્થાનમાં અનાભોગ હોય છે તે પણ અવશ્ય નિવર્તન પામે છે.

(૫) સ્થૈર્ય : જિજ્ઞાસુ શ્રોતામાં બોધપરિણતિ પ્રગટ્યા પછી તે બોધપરિણતિનું સ્થૈર્ય થાય છે, તેથી તે સ્થૈર્ય કેવા પ્રકારનું છે ? તે બતાવવા હવે 'સ્થૈર્ય' નામનું વ્યાખ્યાનું પાંચમું અંગ બતાવે છે –

શ્રોતાને ઉપદેશક પાસેથી ચૈત્યવંદનના પારમાર્થિક સ્વરૂપનો બોધ થયા પછી 'હું ચૈત્યવંદનના કંઈક પરમાર્થને જાણી શકું છું' એ પ્રકારનો જ્ઞાનની ઋદ્ધિનો ઉત્સેક થતો નથી, પરંતુ પ્રગટ થયેલા યથાર્થ જ્ઞાનને જીવનમાં ઉતારીને આત્મહિત કરવાને અનુકૂળ ઉત્તમપરિણતિ પ્રગટે તેવું જ્ઞાનનું સ્થૈર્ય પ્રાપ્ત થાય છે, અને તેવા જ્ઞાનના સ્થૈર્યને કારણે તે શ્રોતાને જેઓ પોતાનાથી મંદપ્રજ્ઞાવાળા છે અને ઉપદેશ દ્વારા ચૈત્યવંદન સૂત્રના પરમાર્થને જાણી શકતા નથી, તેવા અજ્ઞ જીવો પ્રત્યે ઉપહાસ કરવાનો પરિણામ થતો નથી, પરંતુ

પોતાની શક્તિ હોય તો તેઓને માર્ગાનુસારી બોધ કરાવવાનો પરિણામ થાય છે. વળી, કેટલાક જીવો શાસ્ત્રો ભણીને પણ શાસ્ત્રના પરમાર્થને પામતા નથી, પરંતુ સ્વમતિ અનુસાર શાસ્ત્રોના અર્થો કરીને "પોતે શાસ્ત્રો જાણે છે" એ પ્રકારનો ભ્રમ ધરાવે છે, તેવા અસદ્ગ્રહવાળા જીવો અનભિજ્ઞ છે અને તેવા અનભિજ્ઞ જીવો સાથે આવી સ્થૈર્યપરિણતિવાળા મહાત્મા વિવાદ કરતા નથી; કેમ કે તે મહાત્મા જાણતા હોય છે કે આવા અનભિજ્ઞ જીવો સાથે ચર્ચા કરવાથી કોઈ ફળની પ્રાપ્તિ થતી નથી, કેવલ ક્લેશની જ પ્રાપ્તિ થાય છે. વળી, એવા અનભિજ્ઞ જીવો સાથે વિવાદ કરવાથી તે અનભિજ્ઞ જીવો પોતાના વિપરીત બોધમાં દૃઢ પરિણામવાળા થાય છે, જેના કારણે તેઓનું અહિત થાય છે. માટે પણ સ્થૈર્યપરિણતિવાળા મહાત્મા તેવા અનભિજ્ઞ જીવો સાથે વિવાદ કરતા નથી. વળી, સ્થૈર્યપરિણતિવાળા મહાત્મા અજ્ઞ જીવોની બુદ્ધિનો ભેદ કરતા નથી અર્થાત્ કેટલાક જીવો ચૈત્યવંદનના પરમાર્થને તો જાણતા નથી અને તે પ્રકારની પ્રજ્ઞાના અભાવને કારણે તેઓને ચૈત્યવંદનના પરમાર્થને જાણવાની જિજ્ઞાસા પણ થતી નથી. આવા જીવોને કહેવામાં આવે કે "આ પ્રકારની ચૈત્યવંદનની પ્રવૃત્તિથી કોઈ ફળ પ્રાપ્ત થતું નથી," તો તે સાંભળીને તેઓને ચૈત્યવંદનની અપ્રવૃત્તિનો પરિણામ થાય છે, અને આવા જીવોમાં આ પ્રકારનું અપ્રવૃત્તિના પરિણામનું આપાદન સ્થૈર્યપરિણતિવાળા મહાત્મા કરતા નથી, પરંતુ તેવા અજ્ઞ પણ યોગ્ય જીવોને ચૈત્યવંદનના પરમાર્થને જાણવાની જિજ્ઞાસા થાય તે પ્રકારે તેઓને બોધ કરાવવા પ્રયત્ન કરે છે. વળી, જ્ઞાનની સ્થૈર્યપરિણતિવાળા મહાત્મા યોગ્ય પણ જીવો અજ્ઞાનને કારણે શાસ્ત્રથી વિપરીત રીતે ચૈત્યવંદનની પ્રવૃત્તિ કરતા હોય અને જો તે જીવો પ્રજ્ઞાપનીય હોય તો તેઓને ચૈત્યવંદનની સમ્યક્ વિધિ બતાવીને ચૈત્યવંદનવિષયક સમ્યક્ પ્રવૃત્તિ કરવાના વ્યાપારવાળા કરે છે.

આવા પ્રકારની બોધના સ્થૈર્યની પરિણતિ જેઓમાં વર્તે છે તેઓનો ગુરુના ઉપદેશથી થયેલો બોધ સ્થૈર્યભાવવાળો થાય છે, અને આવો જ્ઞાનના સ્થૈર્યનો પરિણામ એ જીવની પાત્રતા છે, તે પાત્રતા ગુણવાન મહાત્માઓને બહુમત છે, અને આવી પાત્રતા સમપરિણામના દેહસ્વરૂપ છે અર્થાત્ તે જીવમાં વર્તતા સમભાવના પરિણામસ્વરૂપ છે. વળી, આવો જ્ઞાનનો સ્થૈર્યભાવ ભાવસંપત્તિનો સુંદર આશ્રય છે; કેમ કે સ્થિરભાવવાળી જ્ઞાનની પરિણતિ ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ દ્વારા વીતરાગતાનું સાક્ષાત્ કારણ છે.

(૬) **ઉક્તક્રિયા :** જિજ્ઞાસુ શ્રોતા બોધની પરિણતિ દ્વારા ચૈત્યવંદનના પરમાર્થને જાણ્યા પછી શાસ્ત્રમાં બતાવેલ વિધિપૂર્વક ચૈત્યવંદનની ક્રિયા કરે એ ઉક્તક્રિયા છે, તેથી તે ઉક્તક્રિયાનું સ્વરૂપ શું છે ? તે બતાવવા હવે 'ઉક્તક્રિયા' નામનું વ્યાખ્યાનું છઠ્ઠું અંગ બતાવે છે –

તે તે કાળના યોગથી તે તે પ્રકારે ક્રિયા કરવી જોઈએ, એ પ્રકારની વિજ્ઞાત ગુણવાળી ચૈત્યવંદનની ક્રિયાને ચૈત્યવંદનના સેવનના સમયમાં વીતરાગના ગુણોના પ્રણિધાનપૂર્વક સૂત્ર-અર્થ-આલંબનમાં જે પ્રકારે યત્ન કરવાનું શાસ્ત્રમાં વિહિત છે તે પ્રકારના ઉપયોગપૂર્વક પોતાની શક્તિ અનુસાર જેવો સેવે છે, તેઓની તે ક્રિયાનું આસેવન એ ઉક્તક્રિયા છે.

આશય એ છે કે ચૈત્યવંદનને સમ્યક્ કરવાનો અર્થી જીવ યોગ્ય ગુરુ પાસેથી ચૈત્યવંદનની વ્યાખ્યાનું શ્રવણ કરે, બોધની પરિણતિ પ્રાપ્ત કરે અને તે બોધપરિણતિને પોતાના આત્મામાં સ્થિર કરે, ત્યારપછી તે

જીવ પરમગુરુ એવા ભગવાનના ચૈત્યવંદનની ક્રિયા શાસ્ત્રમાં જે જે કાળે જે જે પ્રકારે કરવાની કહી છે તે તે કાળે તે તે પ્રકારે સેવવા માટે અપ્રમાદથી યત્ન કરે, જેથી તેને તે ચૈત્યવંદનના ફળની પ્રાપ્તિ થાય.

વળી, ઉક્તક્રિયા સ્વશક્તિ અનુસાર કરવાની કહી. એનાથી એ પ્રાપ્ત થાય કે સાધુએ કે શ્રાવકે પોતાની ભૂમિકા અનુસાર ચૈત્યવંદનની ક્રિયા કરવી જોઈએ, પરંતુ પોતાની શક્તિને અતિક્રમીને નહીં.

જેમ શ્રાવક ચૈત્યવંદન કરતાં પૂર્વે જે ભુવનગુરુની ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરે છે તે સર્વ પોતાની આર્થિક-સાંયોગિક શક્તિનો વિચાર કરીને કરે અને પરમાત્માના ગુણોને ચિત્તમાં સ્થાપીને પરમાત્મા પ્રત્યેના અંતરંગ બહુમાન ભાવની વૃદ્ધિ થાય તે રીતે કરે. ત્યારપછી અત્યંત પ્રણિધાનપૂર્વક શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદનની ક્રિયા કરે; તેમજ સાધુ સ્વશક્તિ અનુસાર સ્તોત્રપૂજા કરીને, સર્વ વિધિમાં અત્યંત ઉપયુક્ત થઈને ચૈત્યવંદનની ક્રિયા કરે. આ પ્રકારની સ્વશક્તિનો વિચાર કર્યા વગર પોતાની શક્તિનો અતિક્રમ કરીને ચૈત્યવંદનની ક્રિયા કરવાથી ભાવનો પ્રકર્ષ થવાને બદલે અપકર્ષ થાય છે; કેમ કે પોતાની શક્તિને ઉલ્લંઘીને બાહ્ય ક્રિયા કરવાથી ચિત્ત વ્યાઘાત પામે છે તેથી ચૈત્યવંદનથી પણ વીતરાગતાના ગુણોને સ્પર્શવામાં શક્તિ અનુસાર ઉદ્યમ થતો નથી.

અહીં પ્રશ્ન થાય કે વ્યાખ્યાનશ્રવણથી બોધની પ્રાપ્તિ જ અપેક્ષિત છે, ક્રિયા પણ નહીં, તેથી કહે છે –

જેમ ઔષધના જ્ઞાનમાત્રથી આરોગ્ય પ્રાપ્ત થતું નથી, પરંતુ તે ઔષધનું જ્ઞાન ઔષધના સેવનરૂપ ક્રિયામાં જ ઉપયોગી છે, તેમ ચૈત્યવંદનની વિધિના સમ્યગ્બોધમાત્રથી ધર્મની નિષ્પત્તિરૂપ આરોગ્ય પ્રાપ્ત થતું નથી, પરંતુ તે ચૈત્યવંદનની વિધિનું જ્ઞાન ચૈત્યવંદનની વિધિના સેવનરૂપ ક્રિયામાં જ ઉપયોગી છે, તેથી બોધપરિણતિ પ્રગટ થાય પછી તે બોધનું અવશ્ય ક્રિયામાં યોજન કરવું જોઈએ. વળી, જેમ ઔષધના સમ્યગ્જ્ઞાન વગર કરાયેલી ઔષધના સેવનરૂપ ક્રિયા આરોગ્યપ્રાપ્તિનું કારણ બનતી નથી, ઊલટું અનર્થકારી બને છે, તેમ ચૈત્યવંદનની વિધિના સમ્યગ્બોધ વગર કરાયેલી ચૈત્યવંદનના સેવનરૂપ ક્રિયા ઇષ્ટ ફળ-પ્રાપ્તિનું કારણ બનતી નથી, ઊલટું યથાતથા સેવાયેલી તે ક્રિયા અનર્થકારી બને છે. માટે કલ્યાણના અર્થી જીવે યોગ્ય ગુરુ પાસેથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને તે જ્ઞાન અનુસાર જ ચૈત્યવંદનની ક્રિયા કરવી જોઈએ, જેથી પોતાને ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય.

(૭) અલ્પભવતા : યોગ્ય જીવો વ્યાખ્યાના શ્રવણથી બોધની પરિણતિ પ્રાપ્ત કરે, તે બોધપરિણતિને સ્થિર કરીને તે બોધ અનુસાર સમ્યક્ ક્રિયા કરે તો તે વ્યાખ્યાનશ્રવણના ફળને પ્રાપ્ત કરે, પરંતુ વ્યાખ્યાનશ્રવણ કરનારા સર્વ જીવો સમ્યગ્બોધની પ્રાપ્તિ આદિના ક્રમથી સમ્યક્ ક્રિયા કરવા કેમ સમર્થ થતા નથી ? તે બતાવવા હવે 'અલ્પભવતા' નામનું વ્યાખ્યાનું સાતમું અંગ બતાવે છે –

સંસારમાં પ્રદીર્ઘતર પરિભ્રમણ કરનારા જીવોને ચૈત્યવંદનનાં સૂત્રોની વ્યાખ્યાના શ્રવણથી પણ તત્ત્વજ્ઞાનનો અયોગ હોવાથી તેઓમાં અલ્પભવતા નામનું વ્યાખ્યાનું અંગ નથી; જ્યારે જે જીવો સંસારમાં પરિભ્રમણ કરનારા હોવા છતાં પ્રદીર્ઘતર સંસારવાળા નથી, તેઓ સંસારના ઉચ્છેદના અર્થી હોય છે અને અત્યંત અવધાનપૂર્વક ચૈત્યવંદનનાં સૂત્રોની વ્યાખ્યાનું શ્રવણ કરે છે, તેથી તેવા જીવોને ચૈત્યવંદનનાં સૂત્રોના

વ્યાખ્યાના શ્રવણથી તત્ત્વજ્ઞાનનો યોગ થવાને કારણે તેઓમાં અલ્પભવતા નામનું વ્યાખ્યાનું અંગ છે.

'અલ્પભવતા' શબ્દનો અર્થ કરે છે. એક પુદ્ગલપરાવર્તની અંદર જેઓનો સંસાર છે તે અલ્પભવવાળા કહેવાય અને અલ્પભવનો ભાવ એ અલ્પભવતા.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેઓને ભવ પ્રત્યે અત્યંત ઉદ્વેગ થયો છે, આત્મકલ્યાણના જેઓ અત્યંત અર્થી છે, તત્ત્વને જાણવા માટે ગંભીરતાપૂર્વક ઉદ્યમ કરે તેવા છે, તેઓના ભવો અલ્પ છે, તેથી તેવા જીવોને આ ચૈત્યવંદનની વ્યાખ્યાના શ્રવણથી તત્ત્વજ્ઞાનનો યોગ થાય છે, અને તેવા જીવોને જો ચૈત્યવંદનને સમ્યક્ સેવવામાં યત્ન કરે તો થોડાક ભવોમાં સંસારનો અંત કરે છે, પરંતુ તેવા પણ યોગ્ય જીવો કોઈક નિમિત્તને પામીને પ્રમાદવાળા થાય, અને ભગવાનના માર્ગથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરે, તોપણ એક પુદ્ગલપરાવર્તથી અધિક સંસારવાળા થતા નથી; કેમ કે તે જીવોનો ભાવમલ ઘણો અલ્પ થઈ ચૂક્યો છે, માટે તેવા જીવો વિપરીતમાર્ગમાં ન ચાલે અને ચૈત્યવંદનનો સમ્યગ્બોધ કરીને ચૈત્યવંદનની સમ્યગ્ આરાધના કરે, તો ઉત્તરોત્તર ઉત્તમ ભવોની પ્રાપ્તિ દ્વારા થોડા જ ભવોમાં સંસારનો અંત કરે છે.

અહીં પ્રશ્ન થાય કે દીર્ઘ સંસારવાળા જીવોને વ્યાખ્યાનના શ્રવણથી તત્ત્વજ્ઞાન કેમ થતું નથી ? તેથી કહે છે –

સંસારમાં જેઓ દીર્ઘકાળ સુધી દરિદ્ર અવસ્થાને પ્રાપ્ત કરે તેવા છે, તેઓ ચિંતામણિરત્નની પ્રાપ્તિના હેતુ થતા નથી, તે જ રીતે જેઓ અનેક પુદ્ગલપરાવર્ત સુધી સંસારમાં પરિભ્રમણ કરે તેવા છે, તેઓ વ્યાખ્યાના અંગને પ્રાપ્ત કરતા નથી, એમ શાસ્ત્રનો સાર જાણનારા પુરુષો કહે છે.

વ્યાખ્યાનાં જિજ્ઞાસા આદિ સાતેય અંગોથી શું ફલિત થાય ? તે બતાવે છે –

વ્યાખ્યાનાં જિજ્ઞાસા આદિ સાતેય અંગોથી ચૈત્યવંદનની વ્યાખ્યાની સિદ્ધિ થાય છે, અર્થાત્ જિજ્ઞાસુ યોગ્ય શ્રોતા ગુણવાન ગુરુ પાસેથી ચૈત્યવંદનના પરમાર્થને જાણીને સમ્યક્ ચૈત્યવંદન કરે તો, તેવા યોગ્ય જીવમાં આ સાતેય અંગોની પ્રાપ્તિ થવાથી ચૈત્યવંદનની વ્યાખ્યાના શ્રવણના ફળભૂત નિર્જરાની પ્રાપ્તિ થાય છે, અને તેવી વ્યાખ્યાની સિદ્ધિ સમ્યગ્જ્ઞાનનો હેતુ છે અર્થાત્ માત્ર બોધરૂપ સમ્યગ્જ્ઞાન નહીં, પરંતુ બોધ અને આસેવનરૂપ સમ્યગ્જ્ઞાનનો હેતુ છે. એ પ્રમાણે સૂક્ષ્મ બુદ્ધિથી આલોચન કરવું જોઈએ.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ વ્યાખ્યાનાં સંહિતા આદિ છ પદોની યોજના બતાવેલ અને અંતે કહેલ કે ભાવાર્થને અમે આગળ કહીશું. તેથી હવે તે સંહિતા આદિ છ પદોનો ભાવાર્થ બતાવે છે –

ललितविस्तरा :-

तत्र 'नमोऽस्त्वर्हद्भ्यः' इत्यत्र 'अस्तु'=भवत्वित्यादौ प्रार्थनोपन्यासः, 'दुरापो भावनमस्कारः तत्त्वधर्म्मत्वात्, अत इत्थं बीजाधानसाध्य' इति ज्ञापनार्थम्, उक्तं च,

'विधिनोप्ताद्यथा बीजादङ्कुराद्युदयः क्रमात् ।
फलसिद्धिस्तथा धर्म्मबीजादपि विदुर्बुधाः ।।१।।

वपनं धर्म्मबीजस्य सत्प्रशंसादि तद्गतम् ।
तच्चिन्ताद्यङ्कुरादि स्यात्फलसिद्धिस्तु निर्वृतिः ।।२।।
चिन्तासत्श्रुत्यऽनुष्ठानं, देवमानुषसम्पदः ।
क्रमेणाऽङ्कुरसत्काण्डनालपुष्पसमा मताः ।।३।।
फलं प्रधानमेवाहुर्नानुषङ्गिकमित्यपि ।
पलालादिपरित्यागात् कृषौ धान्याप्तिवद् बुधाः ।।४।।
अत एव च मन्यन्ते तत्त्वभावितबुद्धयः ।
मोक्षमार्ग्गक्रियामेकां पर्यन्तफलदायिनीम् ।।५।।' इत्यादि।

ललितविस्तरार्थ :-

त्यां=नमुत्थुणं सूत्रमां, 'अरिहंतने नमस्कार थाओ' એ प्रકारे अहीं=संहितामां, अस्तु=थाओ, એ प्रકारे आदिमां=प्रणिपातदंडક सूत्रना प्रारंभमां, प्रार्थनानो उपन्यास, "तत्त्वधर्मपणुं होवाथी= भावनमस्कारनुं जीवना पारमार्थिक स्वરूपરूप धर्मपणुं होवाथी, भावनमस्कार दुराप छे=प्राप्त કरवो दुष्કर छे, आथी=भावनमस्कार दुराप छे आथी, आ प्रકारे=सूत्रना प्रारंभमां प्रार्थना કरी એ प्रકारे, बीजाधानथी साध्य छे=नमस्कारनी प्रार्थनाथी उत्पन्न थयेला भावनमस्कारनी ईच्छाना संस्કारनी प्राप्ति स्वરूप बीजाधानथी भावनमस्कार साध्य छे," એ प्रमाणे ज्ञापन अर्थे छे=जणाववा माटे छे.

अने कहेवायुं छे=भावनमस्कार बीजाधानथी साध्य छे એ अन्यत्र कहेवायुं छे –

"જે પ્રમાણે વિધિ વડે વાવેલા બીજથી અંકુરાદિનો ઉદય થાય છે, ક્રમથી ફળની સિદ્ધિ થાય છે, તે પ્રમાણે ધર્મબીજથી પણ થાય છે, એમ બુધો કહે છે.

तद्गत=धर्मगत, सत्प्रशंसा आदि धर्मबीजनुं वपन छे, तत्चिंता आदि=धर्मनिष्पत्तिना चिंतन आदि, अंकुरादि छे, वळी, ફળની સિદ્ધિ નિર્વૃતિ છે=મોક્ષ છે.

ચિંતા-સત્શ્રુતિ-અનુષ્ઠાન-દેવ-માનુષની સંપત્તિ=ધર્મનિષ્પત્તિનું ચિંતવન-ધર્મનું શ્રવણ-ધર્મનું આચરણ-ધર્મના ફળરૂપ દેવભવ-મનુષ્યભવની સંપ્રાપ્તિ, ક્રમથી અંકુર-સત્કાંડ-નાલ-પુષ્પની સમાન મનાઈ છે.

કૃષિમાં=ખેતીમાં, પલાલાદિના પરિત્યાગથી ધાન્યની પ્રાપ્તિની જેમ બુધો=પંડિત પુરુષો, પ્રધાન જ ફળને ફળ કહે છે, આનુષંગિક છે એમ પણ નહીં=આનુષંગિક ફળ છે એમ પણ પંડિત પુરુષો કહેતા નથી.

અને આથી જ તત્ત્વથી ભાવિત બુદ્ધિવાળા જીવો પર્યંતના ફળને દેનારી એક મોક્ષમાર્ગની ક્રિયાને માને છે."

'इत्यादि'थी योगदृष्टि समुच्चय ग्रंथना आगळना श्लोकोनो संग्रह छे.

પંજિકા :-

નમો૦ 'વપન'મિત્યાદિશ્લોકઃ, વપનં=નિક્ષેપણં, ધર્મ્મસ્ય શ્રુતચારિત્રરૂપસ્ય બીજં=ફલનિષ્પત્તિહેતુઃ, ધર્મ્મબીજં, 'તસ્યાઽત્મક્ષેત્રે' ઇતિ ગમ્યમ્, કિં તદિત્યાહ- 'સત્પ્રશંસાદિ', સત્=સંશુદ્ધં, તચ્ચેત્થંલક્ષણં-

'ઉપાદેયધિયાઽત્યન્તં સંજ્ઞાવિષ્કમ્ભણાન્વિતં। ફલાભિસન્ધિરહિતં સંશુદ્ધં હ્યેતદીદૃશમ્।।'

પ્રશંસાદિ=વર્ણવાદકુશલચિત્તોચિતકૃત્યકરણલક્ષણમ્, તદ્ગતં=ધર્મ્મગતમ્, 'તચ્ચિન્તાદિ', તસ્ય=ધર્મ્મસ્ય, ચિન્તા=અભિલાષઃ, આદિશબ્દાત્ સત્શ્રુત્યાદિ વક્ષ્યમાણમ્, અંકુરાદિ=અંકુરસત્કાણ્ડાદિ વક્ષ્યમાણમેવ, ફલસિદ્ધિસ્તુ નિર્વૃતિરિતિ પ્રતીતાર્થમેવ, 'ચિન્તા' ઇત્યાદિ શ્લોકો ભાવિતાર્થ એવ, 'ફલં' ઇત્યાદિ શ્લોકઃ, ફલં=સાધ્યં, કિં તદિત્યાહ-પ્રધાનમેવ=જ્યેષ્ઠમેવ, ફલમિતિ પુનઃ સમ્બધ્યતે, તતઃ પ્રધાનમેવ ફલં ફલમાહુઃ, અવધારણફલમાહ-નાનુષઙ્ગિકમિત્યપિ=નોપસર્જનભવમપીતિ, દૃષ્ટાન્તમાહ-'પલાલાદિપરિત્યાગાત્'=પલાલપુષ્પે પરિત્યજ્ય, કૃષૌ=કર્ષણે, ધાન્યાપ્તિમિવ બુધાઃ=સુધિયઃ, 'અત એવ' ઇત્યાદિ, અત એવ=ફલં પ્રધાનમેવેત્યાદેરેવ હેતોઃ, 'ચકારો'ઽર્થપ્રાપ્તમિદમુચ્યત ઇતિ સૂચનાર્થઃ, મન્યન્તે-પ્રતિપદ્યન્તે, તત્ત્વભાવિતબુદ્ધયઃ=પરમાર્થદર્શિધિયઃ, મોક્ષમાર્ગક્રિયાં સમ્યગ્દર્શનાદ્યવસ્થાં એકાં અદ્વિતીયાદિરૂપાં મોક્ષમાર્ગત્વેન, 'પર્યન્તફલદાયિની' મિત્યાદિ= મોક્ષરૂપચરમકાર્યકારિણીં શૈલેશ્યવસ્થામિત્યર્થઃ, અન્યાવસ્થાભ્યો હ્યનન્તરમેવ ફલાન્તરભાવેન મોક્ષાભાવાત્।

પંજિકાર્થ :-

નમો૦ ..... મોક્ષાભાવાત્ ।। 'નમોત્થુણં અરિહંતાણં' એ પદની વ્યાખ્યામાં વપનં ઇત્યાદિ શ્લોકનો અર્થ કરતાં પંજિકાકાર કહે છે –

શ્રુત-ચારિત્રરૂપ ધર્મનું બીજ=ફલનિષ્પત્તિનો હેતુ, ધર્મબીજ છે, તેનું આત્મક્ષેત્રમાં=ધર્મબીજનું આત્મારૂપી ખેતરમાં, વપન=નિક્ષેપણ.

શ્લોકમાં આત્મક્ષેત્રે એ પ્રકારનો શબ્દ અધ્યાહાર છે, એ બતાવવા આત્મક્ષેત્ર ઇતિ ગમ્યમ્ એમ કહેલ છે.

તે શું છે ?=ધર્મબીજનું વપન શું છે ? એથી કહે છે –

સત્પ્રશંસા આદિ છે.

હવે સત્પ્રશંસાદિનો અર્થ કરે છે –

સત્=સંશુદ્ધ, અને તે=સંશુદ્ધ, આવા લક્ષણવાળું છે –

"અત્યંત ઉપાદેયબુદ્ધિને કારણે સંજ્ઞાના વિષ્કંભણથી અન્વિત=આહારાદિ દસ સંજ્ઞાઓના તિરોધાનથી યુક્ત, ફલની અભિસંધિથી રહિત=આલોક-પરલોકના ફળની આશંસાથી રહિત, એવું આ=પ્રશંસાદિ કાળમાં વર્તતું ચિત્ત, આવા પ્રકારનું સંશુદ્ધ છે=ફળપાકના આરંભ સદૃશ સંશુદ્ધ છે=વીતરાગભાવરૂપ ફળને પ્રગટ કરવાની ક્રિયાના પ્રારંભ રૂપ શુદ્ધ છે."

'सत्प्रशंसादि' શબ્દમાંથી 'सत्' શબ્દનો અર્થ યોગદૃષ્ટિસમુચ્ચયગ્રંથના વચનથી પંજિકાકારે કર્યો, હવે 'प्रशंसादि' શબ્દનો અર્થ કરે છે.

वर्णवाद, कुशलचित्त अने उचितकृत्यना करणलक्षण प्रशंसा आदि छे=वर्णवादादि करवास्वरूप छे.

પ્રશંસાદિ કોના વિષયક છે ? તે બતાવે છે –

तद्गत=धर्मगत=धर्मविषयक प्रशंसादि छे.

ततचिंता आदि एटले तेनी=धर्मनी, चिंता=अभिलाष=हुं शुं यत्न करुं ? जेथी मारामां आ धर्म प्रगट थाय ? ए प्रकारनो अभिलाष, आदि शब्दथी="चिन्तादि"मां रहेल आदि शब्दथी, वक्ष्यमाण एवा सत्श्रुति आदि अंकुरादि वक्ष्यमाण ज अंकुर-सत्कांडादि छे. वळी, फळसिद्धि निर्वृति छे ए प्रतीत अर्थ ज छे=निर्वृति शब्दनो अर्थ स्पष्ट ज छे.

चिन्ता इत्यादि श्लोक भावित अर्थवाळो ज छे.

तच्चिंतादि वगेरे शब्दोनो अर्थ कर्यो तेनाथी बतावायेल अर्थवाळो ज छे.

फलं इत्यादि श्लोकनो अर्थ करे छे –

फल=साध्य, ते=साध्य, शुं छे ? एथी कहे छे –

प्रधान ज=ज्येष्ठ ज, 'फल' ए प्रकारे फरी संबंध कराय छे अर्थात् श्लोकमां 'फलं' शब्द एक वखत छे तेनो फरी बीजी वखत संबंध कराय छे, तेथी='फलं' शब्दनो फरी संबंध कराय छे तेथी, प्रधान ज फळने फळ कहे छे, एम अर्थ प्राप्त थाय.

अवधारणना फळने कहे छे=प्रधानमेवमां रहेल 'एव'कारथी शुं प्राप्त थाय ते बतावे छे – आनुषंगिक छे एम पण नहीं=उपसर्जनभव पण नहीं=देव-मनुजनी संपत्तिरूप गौणरूपे प्राप्त थनारुं फळ पण फळ नथी.

दृष्टांतने कहे छे – पलालादिना परित्यागथी=पलाल अने पुष्पने त्यजीने, कृषिमां=कर्षणमां=खेतीमां, धान्यनी प्राप्तिनी जेम बुधो=सुधीवाळा=पंडित पुरुषो, प्रधान ज फळने फळ कहे छे एम अन्वय छे.

अत एव इत्यादिनो अर्थ करे छे –

आथी ज=फल प्रधान ज छे इत्यादिरूप ज हेतुथी, तत्त्वथी भावित बुद्धिवाळा=परमार्थने जोनारी बुद्धिवाळा, मोक्षमार्गपणारूपे अद्वितीयादिरूप एक सम्यग्दर्शनादिनी अवस्थारूप मोक्षमार्गनी क्रियाने माने छे=स्वीकारे छे.

વળી, તે મોક્ષમાર્ગની ક્રિયા કેવી છે ? તે સ્પષ્ટ કરે છે –

पर्यंतना फळने देनारी=मोक्षरूप चरम कार्यने करनारी एवी शैलेशी अवस्थारूप मोक्षमार्गनी क्रिया छे; केम के अन्य अवस्थाओथी=शैलेशी अवस्था करतां अन्य एवी पूर्वनी अवस्थाओथी, अनंतर ज=तरत ज, फलांतरना भावने कारणे=मोक्षरूप फळथी अन्य फळना सद्भावने कारणे=देव-

મનુષ્યની સંપત્તિરૂપ કે ઉત્તરોત્તરની અવસ્થાની પ્રાપ્તિરૂપ ફલાંતરના સદ્‌ભાવને કારણે, મોક્ષનો અભાવ છે.

'च'કાર=શ્લોકમાં अत एव પછી રહેલ 'च' શબ્દ, "અર્થથી પ્રાપ્ત એવું આ કહેવાય છે" એ પ્રમાણે સૂચનના અર્થવાળો છે.

ભાવાર્થ :-

નમુત્થુણં સૂત્રમાં અસ્તુ શબ્દ ભવતુ અર્થમાં છે, અને સૂત્રના પ્રારંભમાં અસ્તુ શબ્દથી પ્રાર્થનાનો ઉપન્યાસ કરાયો છે, તેથી એ પ્રાપ્ત થાય કે નમુત્થુણં સૂત્ર બોલીને અરિહંતોને નમસ્કાર કરવાની પ્રાર્થના કરાય છે.

અહીં પ્રશ્ન થાય કે અરિહંતોને નમસ્કાર કરવાને બદલે નમસ્કાર કરવાની પ્રાર્થના કેમ કરાઈ છે ? તેથી કહે છે કે અરિહંતોને ભાવનમસ્કાર કરવો દુષ્કર છે, તેથી ભાવનમસ્કાર પોતાના પ્રયત્નથી અસાધ્ય જણાવાને કારણે પ્રસ્તુત સૂત્રમાં તેવો ભાવનમસ્કાર પોતાને પ્રાપ્ત થાઓ, એવી પ્રાર્થના કરાઈ છે.

અહીં પ્રશ્ન થાય કે ભાવનમસ્કાર કરવો દુષ્કર કેમ છે ? તેથી કહે છે કે ભાવનમસ્કાર તત્ત્વધર્મરૂપ છે, માટે દુષ્કર છે. આશય એ છે કે જીવરૂપ વસ્તુનું તત્ત્વ સર્વત્ર સંગ વગરનો પરિણામ છે, તેથી જેઓ અરિહંતના સ્વરૂપને અવલંબીને અરિહંતતુલ્ય અસંગપરિણામને સ્ફુરણ કરી શકે છે, તેઓ તત્ત્વધર્મને પામેલા છે, અને તેઓ જ અરિહંતોને ભાવનમસ્કાર કરી શકે છે, અન્ય જીવો નહીં. આમ છતાં જેઓ જાણે છે કે વીતરાગને ભાવનમસ્કાર કરવાથી વીતરાગની જેમ સંસારસાગરથી તરી શકાય છે, તોપણ વીતરાગને ભાવનમસ્કાર કરવાની પોતાનામાં શક્તિ નથી, તેઓ વીતરાગને ભાવનમસ્કાર કરવાની પ્રાર્થના કરે છે. અને આ રીતે ભાવનમસ્કારની પ્રાર્થના કરવાથી પોતાના આત્મામાં ભાવનમસ્કાર કરવા પ્રત્યેના પક્ષપાતરૂપ બીજનું આધાન થાય છે, અને તે બીજાધાન જેમ જેમ દૃઢ થાય છે તેમ તેમ તે બીજાધાનના બળથી આત્મામાં ભાવનમસ્કાર કરવાની શક્તિનો સંચય થાય છે, આથી તે બીજાધાન દ્વારા ભાવનમસ્કાર સાધ્ય છે. આમ ભાવનમસ્કારની પ્રાર્થના દ્વારા બીજાધાન થાય છે અને બીજાધાન દ્વારા ભાવનમસ્કાર સાધ્ય છે, એ પ્રમાણે જણાવવા માટે પ્રસ્તુત સૂત્રમાં અસ્તુ શબ્દનો પ્રયોગ કરેલ છે, અને આ કથનને उक्तं चथी ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

જેમ વિધિપૂર્વક વાવેલા બીજથી અંકુરા વગેરેનો ઉદય થાય છે, અને ક્રમે કરીને ફળની પ્રાપ્તિ થાય છે, તેમ ધર્મબીજથી પણ તત્ચિંતાદિરૂપ અંકુરા વગેરેનો ઉદય થાય છે, અને ક્રમે કરીને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે કોઈ સાધક અત્યંત ઉપયોગપૂર્વક અને સૂત્ર અનુસાર મન-વચન-કાયાના દૃઢ પ્રવર્તનપૂર્વક નમુત્થુણં સૂત્ર બોલતો હોય ત્યારે તેને અરિહંતોને ભાવનમસ્કાર કરવાનો તીવ્ર અભિલાષ થાય છે, અને તે ભાવનમસ્કારની નિષ્પત્તિના ઉપાયરૂપે તે સાધક ભાવનમસ્કારની પ્રાર્થના કરે છે, તેનાથી તેનામાં ભાવનમસ્કારરૂપ ધર્મના બીજનું વપન થાય છે અને તે બીજથી ક્રમે કરીને તેને ભાવનમસ્કારની પ્રાપ્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે ધર્મબીજનું વપન શું છે ? તેથી કહે છે –

ધર્મવિષયક સત્પ્રશંસા આદિ ધર્મબીજનું વપન છે. વળી, ધર્મવિષયક ચિંતા આદિ અંકુરા આદિ છે અને ફળની સિદ્ધિ મોક્ષ છે.

આનાથી એ નક્કી થાય કે જેમ કોઈ સાધકમાં વર્તતા ધર્મને જોઈને તે ધર્મની પ્રશંસા આદિ કરવામાં આવે તો ધર્મબીજનું વપન થાય છે, તેમ ભગવાનમાં વર્તતા વીતરાગતા આદિ ભાવોને જોઈને તેમના જેવા વીતરાગ થવાના પરિણામપૂર્વક તેમને ભાવનમસ્કાર કરવાનો અભિલાષ કરવામાં આવે તો ધર્મબીજનું વપન થાય છે, અને ભગવાનને ભાવનમસ્કાર કરવાનો કરાયેલો તે અભિલાષ ભગવાનવિષયક ગુણોની પ્રશંસા આદિ રૂપ છે, આથી જ પંજિકામાં કહ્યું કે વચનથી વર્ણવાદનું કરણ, મનથી કુશલ ચિત્તનું કરણ અને કાયાથી ઉચિત કૃત્યનું કરણ : એ સર્વ ધર્મનાં બીજ છે. તેથી નમુત્થુણં સૂત્ર બોલતી વખતે સાધકમાં જે કુશલ ચિત્ત થાય છે તે ધર્મબીજના વપનરૂપ છે, ધર્મબીજનું વપન થયા પછી સાધકને ચિંતા થાય કે હું કઈ રીતે યત્ન કરું ? જેથી મારામાં ભાવનમસ્કાર કરવાનું સામર્થ્ય પ્રગટ થાય ? તે અંકુરારૂપ છે, આવી ચિંતા થયા પછી તે સાધક ભાવનમસ્કારની નિષ્પત્તિના ઉપાયોનું યોગીઓ પાસેથી શ્રવણ કરે તે સત્કાંડરૂપ છે, શ્રવણ કર્યા પછી તે સાધક ભાવનમસ્કારની નિષ્પત્તિને અનુરૂપ સંયમના અનુષ્ઠાનોનું સેવન કરે તે નાલરૂપ છે. વળી, તે અનુષ્ઠાનોના સેવનકાળમાં તે સાધકનો યત્કિંચિત્ ભાવનમસ્કાર થયેલો છે તોપણ પરિપૂર્ણ ભાવનમસ્કાર તો તે સાધક વીતરાગ થાય ત્યારે જ થાય છે, તેથી તે અનુષ્ઠાનના સેવનના ફળરૂપે તે સાધકને દેવ-મનુષ્યભવની સંપત્તિ પ્રાપ્ત થાય છે તે પુષ્પરૂપ છે, અને તે ધર્મબીજના વપનનું અંતિમ ફળ તો મોક્ષ જ છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રાર્થનાના ફળરૂપે મોક્ષને ગ્રહણ કર્યો, પરંતુ મોક્ષપ્રાપ્તિની પૂર્વે પ્રાપ્ત થતા દેવાદિભવની સંપત્તિને પ્રાર્થનાના ફળરૂપે ગ્રહણ કેમ ન કર્યું ? તેથી કહે છે –

બુધપુરુષો પ્રધાન ફળને જ ફળ કહે છે, આનુષંગિક ફળને ફળ કહેતા નથી. આશય એ છે કે ભાવનમસ્કાર કરવાની ઇચ્છાવાળા સાધકને જેમ વીતરાગ સર્વ કર્મોથી રહિત થયા તેમ સર્વ કર્મોથી રહિત થવું છે, અને તેના ઉપાયરૂપે જ તે સાધક ભાવનમસ્કાર કરવાની પ્રાર્થના કરે છે; તોપણ જેમ ખેતીમાં ધાન્યની પ્રાપ્તિ મુખ્ય ફળ છે અને આનુષંગિક પ્રાપ્ત થતા પલાલાદિ મુખ્ય ફળ નથી, તેમ ભગવાનને અસ્તુથી કરાયેલી પ્રાર્થનાથી થયેલા બીજાધાનનું મુખ્ય ફળ મોક્ષની પ્રાપ્તિ છે અને આનુષંગિક પ્રાપ્ત થતી દેવ-મનુષ્યાદિની સંપત્તિ મુખ્ય ફળ નથી.

વળી, આ કથનની જ પુષ્ટિ કરવા કહે છે કે આથી જ તત્ત્વથી ભાવિત બુદ્ધિવાળા મહાત્માઓ શૈલેશી અવસ્થાને જ મોક્ષમાર્ગની ક્રિયા સ્વીકારે છે, અન્ય અવસ્થાઓને મોક્ષમાર્ગની ક્રિયા સ્વીકારતા નથી; કેમ કે શૈલેશી અવસ્થાથી અન્ય સર્વ અવસ્થાઓ અનંતર ઉત્તરની અવસ્થારૂપ જ ફળની પ્રાપ્તિ કરાવે છે, અને આયુષ્ય પૂર્ણ થાય તો અનંતર દેવ-મનુષ્યભવની સંપદારૂપ ફળની પ્રાપ્તિ કરાવે છે, પરંતુ અનંતર મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ કરાવતા નથી, આથી જ કેવલજ્ઞાન પણ ઉત્તર અવસ્થારૂપ શૈલેશી અવસ્થા આપીને ચરિતાર્થ

થાય છે, તેથી કેવલજ્ઞાન મોક્ષરૂપ ફળ આપનાર નથી, પરંતુ શૈલેશી અવસ્થા જ મોક્ષરૂપ ફળ આપનારી છે. માટે તત્ત્વથી ભાવિતમતિવાળા જીવો મોક્ષમાર્ગની ક્રિયારૂપ શૈલેશી અવસ્થાને જ મોક્ષના ઉપાયરૂપે સ્વીકારે છે.

આશય એ છે કે વિવેકી એવા મોક્ષના અર્થી જીવોને બોધ હોય છે કે "મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય-યોગ આ પાંચેય કારણો સંસારનું કારણ છે અને આ પાંચેય કારણોનો અભાવ એ મોક્ષનું કારણ છે, અને આ પાંચેય કારણોનો અભાવ શૈલેશી અવસ્થામાં જ થાય છે, તેથી મોક્ષપ્રાપ્તિનો ઉપાય શૈલેશી અવસ્થા જ છે." આમ છતાં વિવેકી જીવો પોતે જે ભૂમિકામાં હોય તે ભૂમિકા અનુસાર સમ્યગ્ યત્ન કરીને સંસારનાં પાંચેય કારણોમાંથી પોતાનામાં જે જે કારણ વિદ્યમાન હોય તેનો અભાવ કરવા માટે યત્ન કરે છે, તોપણ તે વિવેકી જીવોની મતિ વચલા કોઈપણ સ્થાનમાં મોક્ષના ઉપાયરૂપે નિવિષ્ટ નથી, ફક્ત શૈલેશી અવસ્થામાં જ તેઓની મતિ મોક્ષના ઉપાયરૂપે નિવિષ્ટ છે, આથી આવા જીવો સંસારનાં કારણોનો ક્રમસર ઉચ્છેદ કરતા હોય તોપણ તેઓને પ્રધાન ફળ જ ફળરૂપે અભિમત છે, અવાંતર ફળ ફળરૂપે અભિમત નથી.

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ મોક્ષનાં કારણો છે, પરંતુ શૈલેશી અવસ્થા પૂર્વેની સર્વ અવસ્થાઓમાં વર્તતા સમ્યગ્દર્શનાદિ પ્રકર્ષવાળા નથી; કેમ કે જીવને કેવલજ્ઞાન થાય છે ત્યારે જીવમાં ક્ષાયિકદર્શન-ક્ષાયિકજ્ઞાન-ક્ષાયિકચારિત્ર હોવા છતાં સર્વસંવર નથી, અને શૈલેશી અવસ્થામાં ભવના કારણરૂપ યોગોનો નિરોધ થાય છે ત્યારે જીવને સર્વસંવર પ્રાપ્ત થાય છે, અને તે વખતે જીવને અદ્વિતીય એવાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થાય છે, અને તેવી અદ્વિતીયરૂપ સમ્યગ્દર્શનાદિની અવસ્થાને તત્ત્વથી ભાવિત બુદ્ધિવાળા જીવો મોક્ષના ઉપાયરૂપે સ્વીકારે છે.

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે ભાવનમસ્કાર દુષ્કર છે, તેથી તે દુષ્કાર એવા ભાવનમસ્કારની નિષ્પત્તિ માટે નમુત્થુણં સૂત્રમાં અસ્તુ શબ્દનો 'પ્રાર્થના' અર્થમાં ઉપન્યાસ કરાયો છે. ત્યાં કોઈ આહથી શંકા કરે છે.

ललितविस्तरा :-

आह, यद्येवं न सामान्येनैवं पाठो युक्तः, भावनमस्कारवतस्तद्भावेन तत्साधनायोगात्, एवमपि पाठे मृषावादः 'असदभिधानं मृषा' **इतिवचनात्, असदभिधानं च भावतः सिद्धे तत्प्रार्थनावचः, तद्भावेन तद्भवनायोगादिति।**

उच्यते, यत्किञ्चिदेतत्, तत्तत्त्वापरिज्ञानात्, भावनमस्कारस्यापि उत्कर्षादिभेदोऽस्त्येवेति तत्त्वम्, एवं च भावनमस्कारवतोऽपि तथा तथा उत्कर्षादिभावेनास्य तत्साधनाऽयोगोऽसिद्धः, तदुत्कर्षस्य साध्यत्वेन तत्साधनोपपत्तेरिति, एवं च, 'एवमपि पाठे मृषावादः' इत्याद्यपार्थकमेव, 'असिद्धे तत्प्रार्थनावच' इति न्यायोपपत्तेः।

तत्प्रकर्षवांस्तु वीतरागो न चैवं पठतीति, न चान्यस्तत्प्रकर्षवान्, भावपूजायाः प्रधानत्वात्, तस्याश्च प्रतिपत्तिरूपत्वात्, उक्तं चान्यैरपि-'पुष्पाऽमिषस्तोत्रप्रतिपत्तिपूजानां यथोत्तरं प्राधान्यम्', प्रतिपत्तिश्च वीतरागे, पूजार्थं च नम इति, 'पूजा च द्रव्यभावसंकोच' इत्युक्तम्, अतः स्थितमेतदनवद्यं 'नमोऽस्त्वर्हद्भ्य' इति ।

ललितविस्तरार्थ :-

કહે છે=પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે –

જો આમ છે=ભાવનમસ્કારની નિષ્પત્તિ માટે અસ્તુ એ પ્રકારના પ્રાર્થનાવચનનો ઉપન્યાસ કરાયો છે એમ છે, તો સામાન્યથી=સાધુ-શ્રાવકાદિ સર્વ જીવો માટે સામાન્યથી, આ પ્રકારનો પાઠ='નમસ્કાર થાઓ' એ પ્રકારનો પાઠ, યુક્ત નથી; કેમ કે ભાવનમસ્કારવાળાને તેનો ભાવ હોવાથી=ભાવ-નમસ્કારનો સદ્ભાવ હોવાથી, તેના સાધનનો અયોગ છે=ભાવનમસ્કારની નિષ્પત્તિના સાધન એવા પ્રાર્થનાવચનનું અઘટન છે; આમ છતાં પણ=ભાવનમસ્કારવાળા મહાત્માને 'નમસ્કાર થાઓ' એ પ્રકારના પ્રાર્થનાવચનનો અયોગ હોવા છતાં પણ, પાઠમાં='नमुत्थुणं अरिहंताणं' એ પ્રકારનો પાઠ કરવામાં, મૃષાવાદ થાય=ભાવનમસ્કારવાળા મહાત્માને મૃષાવાદ પ્રાપ્ત થાય; કેમ કે "असत् એવું અભિધાન મૃષા છે" એ પ્રકારનું વચન છે, અને ભાવથી સિદ્ધ થયે છતે=ભાવનમસ્કાર સિદ્ધ થયે છતે, તેની પ્રાર્થનાનું વચન=ભાવનમસ્કાર પ્રાપ્તિની પ્રાર્થનાનું વચન, અસદ્અભિધાન છે; કેમ કે તેનો ભાવ હોવાથી=ભાવનમસ્કારનો સદ્ભાવ હોવાથી, તેના ભવનનો અયોગ છે= ભાવનમસ્કારના ભવનનો અયોગ છે.

'इति' આહથી કરેલ શંકાના કથનની સમાપ્તિમાં છે.

કહેવાય છે=પૂર્વપક્ષીની શંકાનો ગ્રંથકારશ્રી વડે ઉત્તર અપાય છે –

આ=પૂર્વપક્ષીએ કહ્યું કે સામાન્યથી 'नमुत्थुणं अरिहंताणं' એ પ્રકારનો પાઠ યુક્ત નથી એ, યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે; કેમ કે તેના તત્ત્વનું અપરિજ્ઞાન છે=ભાવનમસ્કારના પરમાર્થનું અપરિજ્ઞાન છે.

અહીં પ્રશ્ન થાય કે ભાવનમસ્કારનો પરમાર્થ શું છે ? તેથી કહે છે –

ભાવનમસ્કારના પણ ઉત્કર્ષાદિ ભેદ છે જ એ તત્ત્વ છે=ભાવનમસ્કારનો પરમાર્થ છે.

અને આ રીતે=ભાવનમસ્કારના ઉત્કર્ષાદિ ભેદ છે એ રીતે, ભાવનમસ્કારવાળાને પણ તે તે પ્રકારના ઉત્કર્ષાદિનો ભાવ હોવાથી=જે જે પ્રકારનો પોતાને ભાવનમસ્કાર પ્રાપ્ત થયો છે તેનાથી ઉપર ઉપરના પ્રકારના ઉત્કર્ષાદિનો સદ્ભાવ હોવાથી, આને=પ્રાર્થનાવચનને, તેના સાધનનો અયોગ=ભાવનમસ્કારના સાધનનો અયોગ, અસિદ્ધ છે; કેમ કે તેના ઉત્કર્ષનું સાધ્યપણું હોવાને કારણે=પોતાનામાં રહેલા ભાવનમસ્કારના ઉત્કર્ષનું પ્રાર્થનાવચનથી સાધ્યપણું હોવાને

કારણે, તેના સાધનની ઉપપત્તિ છે=ઉત્કર્ષવાળા ભાવનમસ્કારના સાધનરૂપ પ્રાર્થનાવચનની સંગતિ છે.

'इति' उच्यते થી આપેલ ઉત્તરના કથનની સમાપ્તિમાં છે.

અને આ રીતે=ગ્રંથકારશ્રીએ ઉત્તર આપ્યો કે ઉત્કર્ષવાળા ભાવનમસ્કારની પ્રાપ્તિ અર્થે પ્રાર્થનાવચન યુક્ત છે એ રીતે, "આમ છતાં પણ પાઠમાં મૃષાવાદ છે" ઇત્યાદિ અપાર્થક જ છે= પૂર્વપક્ષીએ શંકા કરેલ કે આમ છતાં પણ 'નમુત્થુણં અરિહંતાણં' એ પ્રકારનો પાઠ કરવામાં મૃષાવાદ છે એ વગેરે કથન અર્થ વગરનું જ છે; કેમ કે "અસિદ્ધમાં=પોતાને અસિદ્ધ એવા ઉત્કર્ષવાળા ભાવનમસ્કારના વિષયમાં, તેની પ્રાર્થનાનું વચન છે=ઉત્કર્ષવાળા ભાવનમસ્કારની પ્રાર્થનાનું વચન છે." એ પ્રકારના ન્યાયની ઉપપત્તિ છે.

❖ 'उत्कर्षादिभावेन'માં રહેલ 'આદિ' શબ્દથી ઉત્કર્ષતર અને ઉત્કર્ષતમનો સંગ્રહ છે.

❖ 'इत्यादि' શબ્દથી 'असदभिधानं'થી માંડીને 'तद्भवनायोगाद्' સુધીના કથનનો સંગ્રહ છે.

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે ભાવનમસ્કારના ઉત્કર્ષાદિ ભેદ છે, માટે ભાવનમસ્કારવાળા મહાત્માને પણ ઉત્કર્ષવાળા ભાવનમસ્કારનું કારણ એવું પ્રાર્થનાવચન યુક્ત છે, તેથી 'નમુત્થુણં અરિહંતાણં' એ પ્રકારનો પાઠ સર્વ જીવો માટે સામાન્યથી યુક્ત છે. ત્યાં પ્રશ્ન થાય કે ભાવનમસ્કારના પ્રકર્ષવાળા મહાત્માને 'નમસ્કાર થાઓ' એ પ્રકારનો પાઠ અસંગત થશે ? તેથી કહે છે –

વળી, તેના પ્રકર્ષવાળા=ભાવનમસ્કારના પ્રકર્ષવાળા, વીતરાગ છે અને આ પ્રકારે='નમસ્કાર થાઓ' એ પ્રકારે, બોલતા નથી, એથી દોષ નથી. અને અન્ય તેના પ્રકર્ષવાળા નથી=વીતરાગથી અન્ય મહાત્મા ભાવનમસ્કારના પ્રકર્ષવાળા નથી, માટે ભાવનમસ્કારના પ્રકર્ષ અર્થે 'નમો અસ્તુ' એ પ્રકારનો વચનપ્રયોગ અન્ય મહાત્માને ઉચિત છે.

આ રીતે 'નમુત્થુણં અરિહંતાણં' એ પ્રકારનું પ્રાર્થનાવચન જેઓને ભાવનમસ્કાર પ્રાપ્ત નથી થયો તેઓને પણ ઉચિત છે અને જેઓને ભાવનમસ્કાર પ્રાપ્ત થયો છે તેઓને પણ ઉચિત છે, એમ સ્થાપન થયું. ત્યાં પ્રશ્ન થાય કે નમઃ શબ્દથી ભાવનમસ્કાર જ ગ્રહણ કેમ કર્યો ? દ્રવ્યનમસ્કાર પણ ગ્રહણ કેમ ન કર્યો ? જો દ્રવ્યનમસ્કાર અને ભાવનમસ્કાર એમ બંને નમસ્કાર ગ્રહણ કર્યા હોત તો અસ્તુ શબ્દનો પ્રયોગ કરવાની આવશ્યકતા રહેત નહીં. તેના સમાધાન માટે કહે છે –

ભાવપૂજાનું પ્રધાનપણું હોવાથી અને તેનું=ભાવપૂજાનું, પ્રતિપત્તિરૂપપણું હોવાથી, પ્રતિપત્તિરૂપ ભાવપૂજાની પ્રાપ્તિની પ્રાર્થના અર્થે અસ્તુ શબ્દનો પ્રયોગ કરાયો છે એમ અન્વય છે.

તેની પુષ્ટિ કરવા માટે ઉક્તં ચથી અન્યદર્શનકારોના વચનની સાક્ષી આપે છે –

અને અન્યો વડે પણ=અન્યદર્શનકારો વડે પણ, કહેવાયું છે –

પુષ્પ, આમિષ=નૈવેદ્ય, સ્તોત્ર, પ્રતિપત્તિરૂપ પૂજાઓનું યથોત્તર પ્રાધાન્ય છે=આ ચારેય પ્રકારની પૂજાઓનું ઉત્તરોત્તર પ્રધાનપણું છે. અને પ્રતિપત્તિ વીતરાગમાં છે=ચારેય પ્રકારની પૂજામાંથી ચોથી

प्रतिपत्तिરૂપ પૂજા ઉપશાંતમોહવાળા કે ક્ષીણમોહવાળા વીતરાગમાં છે.

પૂર્વમાં સ્થાપન કર્યું કે ભાવપૂજા પ્રધાન છે અને ભાવપૂજા પ્રતિપત્તિરૂપ છે. અને તેમાં અન્યની સાક્ષી આપી, એમ સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે આ પ્રકારનો પૂજાનો ક્રમ છે અને પ્રકર્ષવાળી ભાવપૂજા વીતરાગમાં છે, તોપણ પ્રસ્તુત નમુત્થુણં સૂત્રમાં નમસ્કારનો વિચાર છે, પૂજાનો વિચાર નથી, તેથી પ્રસ્તુતમાં કરાયેલો પૂજાનો ઉપન્યાસ અયુક્ત છે. એ પ્રકારની શંકાના સમાધાન માટે કહે છે –

અને પૂજા અર્થે નમસ્કાર છે એ પ્રકારે અને પૂજા દ્રવ્ય-ભાવનો સંકોચ છે એ પ્રકારે કહેવાયું છે=ગ્રંથકારશ્રી વડે પૂર્વે કરાયેલા સંહિતાના વર્ણનમાં બતાવાયું છે.

આથી=પૂર્વે આહથી કરેલ શંકાનું અત્યાર સુધી સમાધાન કરીને સ્થાપન કર્યું કે ભાવપૂજા પ્રધાન છે અને તે પ્રતિપત્તિરૂપ છે અને તે પ્રતિપત્તિરૂપ ભાવપૂજાની નિષ્પત્તિ અર્થે 'નમો અસ્તુ' એ પ્રકારના પ્રાર્થનાવચનનો ઉપન્યાસ કરાયો છે આથી, આ અનવદ્ય સ્થિત છે=નિર્દોષ સિદ્ધ છે.

અહીં પ્રશ્ન થાય કે 'આ' એટલે શું તે સ્પષ્ટ કરે છે –

'नमः अस्तु अर्हद्भ्यः' એ.

पंजिका :-

'तत्साधनायोगादिति' तस्य=सिद्धस्य नमस्कारस्य, यत् साधनं=निर्वर्त्तनं प्रार्थनया, तस्य अयोगात्=अघटनात्, असदभिधानमिति, असतो=अयुज्यमानस्य, अभिधानं=भणनमिति, 'तद्भावेने'त्यादि तद्भावेन=भावनमस्कारभावेन, तद्भवनायोगात्=आशंसनीयभावनमस्कारभवनायोगात्, अनागतस्येष्टार्थस्य लाभेनाविष्करणमाशीः, सा च प्रार्थनेति।

'भावनमस्कारस्यापी'ति किं पुनर्नामादिनमस्कारस्य इति 'अपि' शब्दार्थः, 'तत्साधनोपपत्ते'रिति, तस्य=उत्कर्षानन्यरूपस्य नमस्कारस्य प्रार्थनया साधनस्य, 'उपपत्तेः'=घटनात्।

'न चैवं पठती'ति, एवमिति प्रार्थनम्, 'नमस्तीर्थाये'ति निराशंसमेव तेन पठनात्, 'पुष्पामिषस्तोत्रप्रतिपत्तिपूजानामि'त्यादि, तत्र 'आमिष' शब्देन मांसभोग्यवस्तुरुचिरवर्णादिलाभसंचयलाभरुचिररूपादिशब्दनृत्यादिकामगुणभोजनादयोऽर्थाः यथासम्भवं प्रकृतभावे योज्याः, देशविरतौ चतुर्विधाऽपि, सरागसर्वविरतौ तु स्तोत्रप्रतिपत्ती द्वे पूजे समुचिते, भवतु नामैवं यथोत्तरं पूजानां प्राधान्यं तथापि वीतरागे का सम्भवतीत्याह-'प्रतिपत्तिश्च वीतरागे' इति; प्रतिपत्तिः अविकलाप्तोपदेशपालना 'चः' समुच्चये, वीतरागे उपशान्तमोहादौ पूजाकारके। यदि नामैवं पूजाक्रमो, वीतरागे च तत्सम्भवः, तथापि नमस्कारविचारे तदुपन्यासोऽयुक्त इत्याह– 'पूजार्थं चे'त्यादि, प्रतिपत्तिरपि द्रव्यभावसंकोच एवेति भावः।

पंजिकार्थ :-

'तत्साधनायोगादिति' ..... एवेति भावः ।। ललितविस्तरामां रहेल तत्साधनायोगाद्नो अर्थ करे छे –

તત્સાધનનો અયોગ હોવાથી એટલે તેનું=સિદ્ધ એવા નમસ્કારનું=ભાવનમસ્કારવાળા મહાત્માને સિદ્ધ એવા ભાવનમસ્કારનું, જે સાધન=પ્રાર્થના વડે નિર્વર્તન=નિષ્પાદન, તેનો અયોગ હોવાથી=અઘટન હોવાથી=અસંગતિ હોવાથી, આ પ્રકારનો પાઠ યુક્ત નથી, એમ અન્વય છે.

અસદભિધાન એટલે અસત્નું=અયુજ્યમાનનું=નહીં ઘટતા એવા વચનનું, અભિધાન=ભણન=કથન.

तद्भावेन ઇત્યાદિનો અર્થ કરે છે –

તેના ભાવથી=ભાવનમસ્કારના ભાવથી, તેના ભવનનો અયોગ હોવાથી=આશંસનીય એવા ભાવનમસ્કારના ભવનનો અયોગ હોવાથી=પ્રાર્થના દ્વારા ઇચ્છનીય એવા ભાવનમસ્કારના ભવનની અસંગતિ હોવાથી, તેનું પ્રાર્થનાવચન અસદભિધાન છે, એમ અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રાર્થના શું છે ? એથી કહે છે –

અનાગત એવા ઇષ્ટ અર્થનું લાભરૂપે આવિષ્કરણ આશીઃ છે=નહીં પ્રાપ્ત થયેલ એવા ઇચ્છિત પદાર્થનું 'પ્રાપ્તિ થાઓ' એ રૂપે પ્રગટ કરવું એ આશીર્વચન છે, અને તે=આ પ્રકારનું આશીર્વચન, પ્રાર્થના છે.

લલિતવિસ્તરામાં રહેલ 'भावनमस्कारस्यापि'માં 'अपि' શબ્દનો સમુચ્ચય બતાવે છે –

નામાદિ નમસ્કારનું વળી, શું ? અર્થાત્ નામ અને દ્રવ્યનમસ્કારના તો ઉત્કર્ષાદિ ભેદ છે જ, પરંતુ ભાવનમસ્કારના પણ ઉત્કર્ષાદિ ભેદ છે, એ પ્રકારે अपि શબ્દનો અર્થ છે.

તેના સાધનની ઉપપત્તિ હોવાથી એટલે તેના=ઉત્કર્ષ સાથે અનન્યરૂપ નમસ્કારના, પ્રાર્થનારૂપે સાધનભાવની ઉપપત્તિ હોવાથી=ઘટન હોવાથી, અર્થાત્ ભાવનમસ્કારવાળા મહાત્મા જે પ્રકારનો ભાવનમસ્કાર કરે છે તેનાથી ઉત્કર્ષવાળા ભાવનમસ્કાર સાથે અનન્યરૂપ એવા સાધ્ય ભાવનમસ્કારનો પ્રાર્થનારૂપે સાધન એવો નમસ્કાર ઘટતો હોવાથી, તેના સાધનનો અયોગ અસિદ્ધ છે, એમ અન્વય છે.

લલિતવિસ્તરામાં રહેલ न चैवं પઠતિનો અર્થ કરે છે –

एवं એટલે પ્રાર્થન, અર્થાત્ નમસ્કારની પ્રાર્થના થાય એ રીતે વીતરાગ नमः શબ્દ બોલતા નથી જ; કેમ કે 'नमः तीर्थाय' એ પ્રકારે નિરાશંસ જ=પ્રાર્થનારૂપ આશંસાથી રહિત જ, તેમના વડે પઠન છે= વીતરાગ વડે બોલાય છે.

पुष्पामिषस्तोत्रप्रतिपत्तिपूजानाम् ઇત્યાદિ તેમાં=ચાર પ્રકારની પૂજામાં, 'आमिष' શબ્દથી માંસ, ભોજ્ય વસ્તુ, રુચિર વર્ણાદિનો લાભ=સુંદર વર્ણાદિની પ્રાપ્તિ, સંચયનો લાભ, રુચિર રૂપાદિ=સુંદર રૂપ વગેરે, શબ્દ, નૃત્યાદિ કામગુણ=નૃત્ય વગેરે પાંચ ઇન્દ્રિયોના વિષયો, ભોજન આદિ અર્થો યથાસંભવ=સંભવ પ્રમાણે, પ્રકૃતભાવમાં=પ્રકૃત એવી આમિષ પૂજામાં, યોજવા. દેશવિરતિમાં ચાર પ્રકારની પણ પૂજા છે, વળી, સરાગ એવી સર્વવિરતિમાં, સ્તોત્ર અને પ્રતિપત્તિ બે પૂજા સમુચિત છે=કરવી ઉચિત છે.

હવે प्रतिपत्तिश्च વીતરાગે એ કથનનું પંજિકાકાર ઉત્થાન કરે છે –

આ પ્રમાણે=ચાર પ્રકારની પૂજા બતાવી અને ચારેય પૂજાઓનું યથોત્તર પ્રાધાન્ય છે એમ કહ્યું એ પ્રમાણે, પૂજાઓનું યથોત્તર પ્રાધાન્ય હો, તોપણ વીતરાગમાં કઈ પૂજા સંભવે છે ? એથી કહે છે –

અને પ્રતિપત્તિ વીતરાગમાં છે એટલે અવિકલ એવી આપ્તના ઉપદેશની પાલનારૂપ=આપ્ત એવા ભગવાનના ઉપદેશનું સંપૂર્ણ પાલન કરવા રૂપ, પ્રતિપત્તિ ઉપશાંતમોહાદિરૂપ પૂજાકારક એવા વીતરાગમાં છે. ચ સમુચ્ચયમાં છે.

જો આ પ્રકારે=ઉપરમાં બતાવ્યો એ પ્રકારે, પૂજાનો ક્રમ છે. અને વીતરાગમાં તેનો સંભવ છે= ઉપશાંત મોહવાળા કે ક્ષીણમોહવાળા વીતરાગમાં પ્રતિપત્તિ પૂજાનો સંભવ છે, તોપણ નમસ્કારના વિચારમાં તેનો ઉપન્યાસ=પૂજાનો ઉપન્યાસ, અયુક્ત છે, એથી કહે છે=લલિતવિસ્તરામાં કહે છે – પૂજાર્થં ચ ઇત્યાદિ.

વળી, લલિતવિસ્તરામાં કહ્યું કે 'પૂજા દ્રવ્ય-ભાવનો સંકોચ છે' તેને સ્પષ્ટ કરતાં પંજિકાકાર કહે છે –

પ્રતિપત્તિ પણ=ચાર પ્રકારની પૂજામાંથી ચોથી પ્રતિપત્તિ પૂજા પણ, દ્રવ્ય-ભાવનો સંકોચ જ છે, એ પ્રકારનો ભાવ છે.

ભાવાર્થ :-

પૂર્વે 'નમુત્થુણં અરિહંતાણં' પદનો અર્થ કરતાં કહ્યું કે અસ્તુ શબ્દ 'પ્રાર્થના' અર્થમાં છે, તેથી ભાવનમસ્કારની પ્રાર્થના માટે નમો અસ્તુ એવો પ્રયોગ કરાય છે. ત્યાં કોઈ શંકા કરતાં કહે છે –

જેઓને ભાવનમસ્કાર પ્રાપ્ત નથી થયો તેઓને દુષ્કર એવા ભાવનમસ્કારની પ્રાપ્તિ અર્થે નમો અસ્તુ બોલવું ઉચિત છે, પરંતુ સામાન્યથી સર્વને અસ્તુ બોલવું ઉચિત નથી; કેમ કે જેઓ ભાવનમસ્કાર પામેલા છે તેઓને ભાવનમસ્કાર સિદ્ધ હોવાથી ભાવનમસ્કારની પ્રાપ્તિના સાધનરૂપ પ્રાર્થના સંગત નથી, આમ છતાં તે પ્રકારનું સૂત્ર હોવાથી ભાવનમસ્કારવાળા પણ મહાત્મા નમો અસ્તુ બોલે તો તેઓને મૃષાવાદની પ્રાપ્તિ થાય; કેમ કે 'અસદભિધાન એ મૃષાવાદ છે' એ પ્રકારનું શાસ્ત્રનું વચન છે, અને ભાવનમસ્કાર સિદ્ધ થયો છે તેવા મહાત્મા 'મને ભાવનમસ્કાર થાઓ' એમ બોલે તે અસદભિધાન છે.

અહીં પ્રશ્ન થાય કે ભાવનમસ્કારવાળા મહાત્મા નમો અસ્તુ બોલે તે અસદભિધાન કેમ છે ? તેથી કહે છે–

પોતાનામાં ભાવનમસ્કારનો સદ્‌ભાવ હોવાને કારણે પ્રાર્થના દ્વારા ઇચ્છનીય એવો ભાવનમસ્કાર પોતાનામાં પ્રાપ્ત થવો ઘટતો નથી. છતાં 'મને ભાવનમસ્કાર પ્રાપ્ત થાઓ' એ પ્રકારે પ્રાર્થના કરવામાં આવે તો મૃષાવાદની પ્રાપ્તિ થાય.

આ પ્રકારની પૂર્વપક્ષીની આશંકામાં ગ્રંથકારશ્રી ઉત્તર આપતાં કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન અર્થ વગરનું છે; કેમ કે પૂર્વપક્ષીને ભાવનમસ્કારના પરમાર્થનું જ્ઞાન નથી. વળી, ભાવનમસ્કારનો પરમાર્થ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

ભાવનમસ્કારના પણ ઉત્કર્ષાદિ ભેદ છે જ, એ પ્રકારનો ભાવનમસ્કારનો પરમાર્થ છે, તેથી એ પ્રાપ્ત થાય કે નામનમસ્કાર અને દ્રવ્યનમસ્કારના તો ઉત્કર્ષાદિ ભેદ છે જ, પરંતુ ભાવનમસ્કારના પણ ઉત્કર્ષાદિ ભેદ છે.

આશય એ છે કે જેઓ લોગસ્સ સૂત્રથી ચોવીશ ભગવાનનાં નામનું કીર્તન કરે છે તે નામસ્તવ છે, જે નામનમસ્કારરૂપ છે, જેઓ ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરે છે તે દ્રવ્યસ્તવ છે, જે દ્રવ્યનમસ્કારરૂપ છે, તેમજ જેઓ વીતરાગના વચનનું અવલંબન લઈને વીતરાગ થવા માટે સર્વ ઉદ્યમથી ભગવાનના વચનનું પૂર્ણ પાલન કરે છે તે ભાવસ્તવ છે, જે ભાવનમસ્કારરૂપ છે.

તે રીતે કોઈ સાધક ભગવાનનું નામસ્મરણ કરતા હોય ત્યારે તે નામનમસ્કારકાળમાં વર્તતા ભાવોની તરતમતાને આશ્રયીને તે નામનમસ્કાર નિર્જરારૂપ કાર્યનો ભેદ કરે છે, તેથી નામનમસ્કારના પણ ઉત્કર્ષાદિ ભેદ છે અર્થાત્ ઉત્કર્ષ-ઉત્કર્ષતર-ઉત્કર્ષતમરૂપ ભેદ છે. વળી, કોઈ શ્રાવક ઉત્તમ સામગ્રીથી ભગવાનની પૂજા કરતા હોય ત્યારે તે દ્રવ્યનમસ્કારકાળમાં વર્તતા ભાવોની તરતમતાને આશ્રયીને તે દ્રવ્યનમસ્કાર નિર્જરારૂપ કાર્યનો ભેદ કરે છે, તેથી દ્રવ્યનમસ્કારના પણ ઉત્કર્ષાદિ ભેદ છે. વળી, કોઈ મુનિ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યથી સર્વવિરતિનું પાલન કરતા હોય ત્યારે તે ભાવનમસ્કારકાળમાં વર્તતા ભાવોની તરતમતાને આશ્રયીને તે ભાવનમસ્કાર નિર્જરારૂપ કાર્યનો ભેદ કરે છે, તેથી ભાવનમસ્કારના પણ ઉત્કર્ષાદિ ભેદ છે. આમ, નામનમસ્કાર-દ્રવ્યનમસ્કાર-ભાવનમસ્કાર ભાવોની તરતમતાના ભેદથી ઉત્કર્ષ આદિ ભેદવાળા છે.

વળી, પૂર્વમાં કહ્યું કે ભાવનમસ્કાર પણ ઉત્કર્ષાદિ ભેદવાળો છે એ રીતે ભાવનમસ્કારવાળા સાધુ પણ તે તે પ્રકારના ઉત્કર્ષવાળા ભાવનમસ્કારની પ્રાપ્તિ માટે 'અરિહંતોને નમસ્કાર થાઓ' એવા પ્રાર્થનાવચનનો પ્રયોગ કરે છે, તે અસંગત નથી; કેમ કે ઉત્કર્ષવાળો ભાવનમસ્કાર પ્રાર્થના દ્વારા સાધ્ય હોવાને કારણે તે ઉત્કર્ષવાળા ભાવનમસ્કારના સાધનરૂપે 'નમસ્કાર થાઓ' એ પ્રકારનું પ્રાર્થનાવચન ઘટે છે.

આશય એ છે કે ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા મહાત્મા પણ સંપૂર્ણ અસંગભાવ કે વીતરાગભાવ પામેલા નથી, પરંતુ તે અસંગભાવ કે વીતરાગભાવને પ્રગટ કરવા માટે સર્વશક્તિથી ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે, તેથી તેવા મહાત્મા જ્યારે પ્રતિમાનું આલંબન લઈને ચૈત્યવંદન કરે છે અને 'અરિહંતોને નમસ્કાર થાઓ' એવું પ્રાર્થનાવચન બોલે છે ત્યારે તેઓને પણ જ્ઞાન હોય છે કે "હું ભગવાનની આજ્ઞાનું પાલન કરું છું, પરંતુ ઉત્કર્ષવાળી ભગવાનની આજ્ઞાનું પાલન કરતો નથી, તેથી તે ઉત્કર્ષવાળી ભગવાનની આજ્ઞાના પાલન માટે હું ભગવાનને પ્રાર્થના કરું છું." આથી તેઓનું પ્રાર્થનાવચન અસંગત નથી; કેમ કે આ પ્રકારની પ્રાર્થનાથી જ ઉત્કર્ષવાળી ભગવાનની આજ્ઞાનું પાલન થાય તેવા સત્ત્વનો પ્રકર્ષ થાય છે, આથી ભાવનમસ્કારવાળા મહાત્માને પણ નમસ્કારની પ્રાર્થના સંગત છે.

વળી, ગ્રંથકારશ્રીએ આ પ્રમાણે સ્થાપન કર્યું, તેનાથી પૂર્વપક્ષીએ જે કહેલું કે આમ છતાં પણ પાઠમાં મૃષાવાદ છે અર્થાત્ ભાવનમસ્કારવાળા પણ મહાત્મા 'મને ભાવનમસ્કાર પ્રાપ્ત થાઓ' એવી પ્રાર્થના કરે તો મૃષાવાદ છે, ઇત્યાદિ પૂર્વપક્ષીનું કથન અર્થ વગરનું છે; કેમ કે તે મહાત્માનું પ્રાર્થનાવચન અસિદ્ધ એવા

ઉત્કર્ષવાળા ભાવનમસ્કારની પ્રાપ્તિ માટે છે, તેથી કોઈ દોષ નથી.

અહીં પ્રશ્ન થાય કે આ રીતે ભાવનમસ્કારના ઉત્કર્ષાદિ ભેદો સ્વીકારીને ભાવનમસ્કારવાળા મહાત્માને પણ 'નમોત્થુણં અરિહંતાણં' એ પ્રકારનું પ્રાર્થનાવચન સંગત છે એમ સ્થાપન કર્યું, તોપણ ભાવનમસ્કારના પ્રકર્ષવાળા મહાત્માને આ પ્રકારનું પ્રાર્થનાવચન સંગત થશે નહીં, તેથી કહે છે –

ભાવનમસ્કારના પ્રકર્ષવાળા વીતરાગ 'नमो अस्तु' એ પ્રકારે બોલતા નથી જ, તો શું બોલે છે ? તે સ્પષ્ટ કરવા પંજિકાકાર કહે છે –

'તીર્થને નમસ્કાર કરું છું' એ પ્રકારે આશંસા વગર જ વીતરાગ બોલે છે, અને વીતરાગ સિવાય બીજા જીવો ભાવનમસ્કારના પ્રકર્ષવાળા નથી, માટે તેઓને પ્રકર્ષવાળા ભાવનમસ્કારની પ્રાપ્તિ માટે 'नमो अस्तु' એ પ્રકારનું પ્રાર્થનાવચન સંગત જ છે.

આ રીતે ફલિત થયું કે 'नमुत्थुणं अरिहंताणं' એ પ્રકારનું પ્રાર્થનાવચન ભાવનમસ્કાર સિદ્ધ નથી થયો તેવા જીવોને પણ યુક્ત છે અને ભાવનમસ્કાર સિદ્ધ થયો છે તેવા મહાત્માઓને પણ યુક્ત છે, ત્યાં પ્રશ્ન થાય કે પ્રસ્તુત સૂત્રમાં નમઃ શબ્દથી ભાવનમસ્કાર જ કેમ ગ્રહણ કર્યો ? દ્રવ્યનમસ્કાર પણ કેમ ગ્રહણ ન કર્યો ? જો બંને પ્રકારના નમસ્કાર ગ્રહણ કર્યા હોત તો પ્રસ્તુત સૂત્રમાં अस्तु શબ્દનો ઉપન્યાસ કરવો પડત નહીં, તેના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

નામપૂજા, દ્રવ્યપૂજા અને ભાવપૂજામાં ભાવપૂજાનું જ પ્રધાનપણું છે, તેથી તે ભાવપૂજાની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરવી આવશ્યક છે, તેમ જણાવવા માટે પ્રસ્તુત સૂત્રમાં ભાવપૂજાને ઉદ્દેશીને अस्तु એ પ્રકારના પ્રાર્થનાવચનનો ઉપન્યાસ કરેલ છે, અને ભાવપૂજા પ્રતિપત્તિરૂપ છે અર્થાત્ ભગવાનની સંપૂર્ણ આજ્ઞાના પાલનરૂપ છે, તેથી જેઓને પ્રતિપત્તિરૂપ ભાવપૂજા પ્રાપ્ત થઈ નથી તેવા શ્રાવકો તે ભાવપૂજાની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે, અને અપ્રમાદભાવથી ભગવાનના વચનાનુસાર સર્વ ઉચિત ક્રિયાઓ કરનારા સાધુઓને પ્રતિપત્તિરૂપ ભાવપૂજા પ્રાપ્ત થઈ છે, તોપણ તે ભાવપૂજાનો ઉત્કર્ષ અસંગભાવમાં થાય છે અને તે ભાવપૂજાના ઉત્કર્ષની નિષ્ઠા વીતરાગભાવમાં થાય છે, તેથી સાધુઓ પણ પોતાને જે ભાવપૂજા પ્રાપ્ત થઈ છે તેનાથી ઉત્કર્ષવાળી ભાવપૂજાની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે.

વળી, ભાવપૂજા પ્રતિપત્તિરૂપ છે તે બતાવવા માટે ગ્રંથકારશ્રી અન્યદર્શનકારોની સાક્ષી આપે છે –

અન્યદર્શનકારો પણ ચાર પ્રકારની પૂજા કહે છે : (૧) પુષ્પપૂજા (૨) આમિષપૂજા (૩) સ્તોત્રપૂજા (૪) પ્રતિપત્તિપૂજા. આ ચારેય પ્રકારની પૂજામાં પ્રથમ પૂજા કરતાં બીજી પૂજા અધિક શ્રેષ્ઠ છે, બીજી પૂજા કરતાં ત્રીજી પૂજા અધિક શ્રેષ્ઠ છે અને ત્રીજી પૂજા કરતાં ચોથી પૂજા અધિક શ્રેષ્ઠ છે, તે આ રીતે –

પુષ્પ શબ્દથી પ્રાપ્ત એવી પુષ્પ વગેરે ઉત્તમ સામગ્રી દ્વારા ભગવાનની ભક્તિ કરતી વખતે શ્રાવકમાં "હું ઉત્તમ સામગ્રીથી ભગવાનની ભક્તિ કરીને સંયમની શક્તિનો સંચય કરું" તેવો અધ્યવસાય વર્તે છે; કેમ કે ભગવાન વીતરાગ-સર્વજ્ઞ છે, તેથી તેમના પ્રત્યેનો બહુમાનભાવ વીતરાગ થવાને અનુકૂળ એવી સર્વવિરતિનું

કારણ છે, અને આ રીતે ભગવાનની પુષ્પપૂજા કર્યા પછી સંચિત વીર્યવાળા શ્રાવકો ઉત્તમ ફળ, નૈવેદ્ય, નૃત્ય આદિ દ્વારા જે અગ્રપૂજા કરે છે તેનાથી તેમનામાં વીતરાગ પ્રત્યેનો બહુમાનભાવ અતિશય પ્રકર્ષવાળો થાય છે, આથી પુષ્પપૂજા કરતાં આમિષપૂજા અધિક શ્રેષ્ઠ છે.

વળી, ત્યારપછી શ્રાવકો ભગવાનના ગુણગાનરૂપ ચૈત્યવંદન કરે છે કે સ્તુતિ-સ્તવનાદિ બોલે છે તે સર્વ સ્તોત્રપૂજા છે. તેના દ્વારા વીતરાગના ગુણોના સ્મરણપૂર્વક વીતરાગના ગુણોને અભિમુખ જવાનો મહાઉદ્યમ થાય છે, તેથી પૂર્વની બે પૂજા કરતાં આ સ્તોત્રપૂજા વિશેષ નિર્જરાનું કારણ હોવાથી અધિક શ્રેષ્ઠ છે.

વળી, પ્રતિપત્તિપૂજા ભગવાનના ઉપદેશની અવિકલ એવી પાલનારૂપ છે, તેથી ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા મુનિ દેહથી માંડીને સર્વ બાહ્ય પદાર્થોથી નિરપેક્ષ થઈને વીતરાગના વચનાનુસાર સમભાવની વૃદ્ધિમાં ઉદ્યમ કરે છે તે પ્રતિપત્તિપૂજા છે, જે સર્વથી શ્રેષ્ઠ પૂજા છે, અને પરિપૂર્ણ પ્રકર્ષવાળી પ્રતિપત્તિપૂજા વીતરાગમાં છે; કેમ કે વીતરાગનું વચન વીતરાગ થવાનો ઉપદેશ આપે છે અને તે વીતરાગવચનનું પૂર્ણ પાલન ઉપશાંતમોહવાળા કે ક્ષીણમોહવાળા વીતરાગ એવા મુનિ કરે છે, અને તેથી તેવી પ્રતિપત્તિપૂજાની પ્રાપ્તિ માટે ભાવનમસ્કારવાળા મુનિ પણ 'નમો અસ્તુ' એ પ્રકારની પ્રાર્થના કરે છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે પૂજાનો ઉપરમાં બતાવ્યો એ ક્રમ છે અને છેલ્લી પ્રતિપત્તિપૂજાનો પ્રકર્ષ ઉપશાંતમોહવાળા કે ક્ષીણમોહવાળા વીતરાગમાં સંભવ છે. તોપણ પ્રસ્તુત નમુત્થુણં સૂત્રમાં નમસ્કારનો વિચાર ચાલે છે ત્યાં પૂજાનો વિચાર કરવો અસંગત છે, તેથી કહે છે –

પૂજા અર્થે નમઃ શબ્દ છે અને પૂજા દ્રવ્ય-ભાવના સંકોચરૂપ છે, એમ પૂર્વે કહેવાયું છે, તેથી એ ફલિત થાય કે વીતરાગના ગુણોને અવલંબીને મન-વચન-કાયાનો સંકોચ કરવો એ દ્રવ્યસંકોચ છે અને અવીતરાગભાવથી ચિત્તનો સંકોચ કરીને વીતરાગભાવને અભિમુખ માનસવ્યાપાર પ્રવર્તાવવો એ ભાવસંકોચ છે, અને તે પૂજાનો અર્થ છે અને નમસ્કારનો પણ તે જ અર્થ છે; કેમ કે વીતરાગના ગુણોને અવલંબીને વીતરાગભાવને અભિમુખ ગમનને અનુકૂળ વ્યાપાર એ નમસ્કાર છે અને પૂજા પણ વીતરાગના ગુણોને અવલંબીને વીતરાગભાવને અભિમુખ ગમનને અનુકૂળ વ્યાપાર રૂપ જ છે. માટે નમસ્કારને પૂજા કહેવામાં અસંગતતા નથી.

'નમુત્થુણં અરિહંતાણં' પદનું ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી સ્પષ્ટીકરણ કર્યું, તે સર્વ કથનનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

આથી 'નમુત્થુણં અરિહંતાણં' એ પ્રકારે નમસ્કાર પ્રાર્થનાવચન અનવદ્ય છે અર્થાત્ નમુત્થુણં સૂત્રમાં રહેલ અસ્તુ શબ્દના પ્રયોગથી યુક્ત એવું અરિહંતોને નમસ્કારનું વચન યુક્તિયુક્ત છે, માટે જ ગણધરોએ સૂત્રમાં તે પ્રકારે રચના કરેલ છે, એમ સિદ્ધ થાય છે.

ललितविस्तरा :–

इह च प्राकृतशैल्या चतुर्थ्यर्थे षष्ठी, उक्तं च-'बहुवयणेण दुवयणं, छट्ठिविभत्तीए भण्णइ चउत्थी।

जह हत्था तह पाया, णमोऽत्थु देवाहिदेवाणं ।।' बहुवचनं तु अद्वैतव्यवच्छेदेनार्हद्बहुत्वख्यापनार्थं, विषयबहुत्वेन नमस्कर्त्तुः फलातिशयज्ञापनार्थं च, इत्येतच्चरमालापके 'नमो जिणाणं जियभयाण'मित्यत्र सप्रतिपक्षं भावार्थमधिकृत्य दर्शयिष्यामः।

ललितविस्तरार्थ :-

અને અહીં='नमुत्थुणं अरिहंताणं' એ પ્રકારના પદમાં, પ્રાકૃતશૈલીથી ચતુર્થીના અર્થમાં ષષ્ઠી છે=છટ્ઠી વિભક્તિ છે.

અને કહેવાયું છે=પ્રાકૃતભાષાના વિષયમાં કહેવાયું છે.

"બહુવચન વડે દ્વિવચન, છટ્ઠી વિભક્તિ વડે ચોથી વિભક્તિ કહેવાય છે."

આને જ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે – હાથ તથા પાદ અર્થાત્ બે હાથ અને બે પગ બતાવવા માટે બહુવચનનો પ્રયોગ કરેલ છે. દેવાધિદેવોને નમસ્કાર થાઓ અર્થાત્ ચતુર્થી વિભક્તિ બતાવવા માટે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કરેલ છે.

આ રીતે 'अरिहंताणं' પદમાં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કેમ કરેલ છે ? તેની સ્પષ્ટતા કરી. હવે 'अरिहंताणं' પદમાં બહુવચનનો પ્રયોગ કેમ કરેલ છે ? એકવચનનો પ્રયોગ કેમ કરેલ નથી ? તે સ્પષ્ટ કરે છે –

વળી, બહુવચન='अरिहंताणं' પદમાં કરેલ બહુવચનનો પ્રયોગ, અદ્વૈતના વ્યવચ્છેદથી= આત્માદ્વૈતના વ્યવચ્છેદથી, અર્હદ્ના બહુત્વના ખ્યાપન અર્થે છે=અરિહંતોના બહુપણાને જણાવવા માટે છે, અને વિષયનું બહુપણું હોવાથી=બહુવચનના પ્રયોગનો વિષય ઘણા તીર્થંકરો હોવાથી, નમસ્કાર કરનારને ફલના અતિશયના જ્ઞાપન અર્થે છે=ઘણા અરિહંતોને નમસ્કાર કરનાર જીવને પ્રાપ્ત થતી ફળની અધિકતાને જણાવવા માટે છે, એ પ્રમાણે આ=આત્માદ્વૈતના વ્યવચ્છેદથી અર્હદ્બહુત્વના ખ્યાપન અર્થે અને વિષયના બહુત્વથી ફલાતિશયના જ્ઞાપન અર્થે બહુવચનનો પ્રયોગ કરેલ છે એ, ચરમ આલાપકમાં='नमो जिणाणं जियभयाणं' એ પ્રકારના આમાં, સપ્રતિપક્ષ ભાવાર્થને=પૂર્વપક્ષની શંકાપૂર્વકના ભાવાર્થને, આશ્રયીને અમે દર્શાવશું.

પંજિકા :-

'अद्वैतव्यवच्छेदेने'ति, द्वौ प्रकारावितं द्वीतं, तस्य भावो द्वैतं, तद्विपर्ययेण अद्वैतं=एकप्रकारत्वम्, तदाहुरेके- 'एक एव हि भूतात्मा, देहे देहे प्रतिष्ठितः। एकधा बहुधा चापि, दृश्यते जलचन्द्रवत्।।' ज्ञानशब्दाद्यद्वैतबहुत्वेऽप्यात्माद्वैतमेवेह व्यवच्छेद्यम्, अर्हद्बहुत्वेन तस्यैव व्यवच्छेद्यत्वोपपत्तेः, 'फलातिशयज्ञापनार्थं चे'ति, फलातिशयो= भावनोत्कर्ष इति।

પંજિકાર્થ :-

'अद्वैतव्यवच्छेदेने'ति ..... भावनोत्कर्ष इति ।। અદ્વૈતના વ્યવચ્છેદથી એટલે બે પ્રકારને ઈત=પ્રાપ્ત, દ્વૈત છે, તેનો ભાવ દ્વૈત છે, તેના વિપર્યયથી=દ્વૈતના વિપર્યયથી, અદ્વૈત=એક પ્રકારપણું.

તેને એક કહે છે=અદ્વૈતને કેટલાક દર્શનકારો કહે છે –

ખરેખર એક જ ભૂતાત્મા દેહ દેહમાં=દરેક શરીરમાં, પ્રતિષ્ઠિત છે=રહેલો છે, અને એકધા અથવા બહુધા પણ=આત્મા એક પ્રકારનો અથવા બહુ પ્રકારનો પણ, જલમાં ચંદ્રની જેમ દેખાય છે. જ્ઞાનશબ્દ આદિ અદ્વૈતનું બહુત્વ હોતે છતે પણ આત્મા-અદ્વૈત જ, અહીં વ્યવચ્છેદ્ય છે=પ્રસ્તુત નમુત્થુણં સૂત્રમાં રહેલ 'અરિહંતાણં' પદથી વ્યવચ્છેદ કરવા યોગ્ય છે; કેમ કે અર્હદ્બહુત્વથી='અરિહંતાણં' પદથી પ્રાપ્ત એવા અરિહંતોના બહુપણાથી, તેના જ=આત્માદ્વૈતના જ, વ્યવચ્છેદ્યપણાની ઉપપત્તિ છે.

અને ફલાતિશયના જ્ઞાપનાર્થે એટલે ફલનો અતિશય=ભાવનાનો ઉત્કર્ષ, તેને જણાવવા માટે બહુવચન છે, એમ અન્વય છે.

ભાવાર્થ :-

નમુત્થુણં સૂત્રમાં કરેલ અસ્તુ શબ્દનો પ્રયોગ ઉચિત છે, તેનું ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું. હવે નમઃ શબ્દના યોગમાં ચતુર્થી વિભક્તિ વપરાય છે, છતાં પ્રસ્તુત 'નમુત્થુણં અરિહંતાણં' પદમાં ષષ્ઠી વિભક્તિ કેમ વાપરી છે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પ્રસ્તુત સૂત્ર પ્રાકૃતભાષામાં છે, અને પ્રાકૃતભાષાની શૈલી પ્રમાણે પ્રસ્તુત પદમાં ચતુર્થી વિભક્તિના અર્થમાં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કરેલ છે. વળી, તેમાં ગ્રંથકારશ્રી સાક્ષી આપે છે કે પ્રાકૃતમાં દ્વિવચનનો પ્રયોગ બહુવચનથી થાય છે અને ચતુર્થી વિભક્તિનો પ્રયોગ ષષ્ઠી વિભક્તિથી થાય છે. વળી, તેમાં દૃષ્ટાંત આપે છે કે 'બે હાથ અને બે પગ' એમ બતાવવા પ્રાકૃતમાં हत्था तह पाया એમ બહુવચનનો પ્રયોગ થાય છે, પરંતુ દ્વિવચનનો પ્રયોગ થતો નથી, તેમજ 'દેવાધિદેવને નમસ્કાર થાઓ' એ વાક્યમાં નમઃના યોગમાં ચતુર્થી વિભક્તિ બતાવવા પ્રાકૃતમાં देवाहिदेवाणं એમ ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થાય છે, તે રીતે પ્રસ્તુત સૂત્રમાં अरिहंताणं પદમાં નમઃના યોગમાં ચતુર્થી વિભક્તિ બતાવવા ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કરેલ છે.

વળી, 'અરિહંતાણં' પદમાં બહુવચનનો પ્રયોગ બે અર્થ બતાવવા માટે છે : (૧) આત્માદ્વૈતના પરિહાર માટે (૨) નમસ્કાર કરનારને પ્રાપ્ત થતો ફળનો અતિશય બતાવવા માટે.

હવે 'અદ્વૈત' શબ્દનો અર્થ સ્પષ્ટ કરતાં પંજિકાકાર કહે છે કે જેમાં બે પ્રકાર હોય તે દ્વૈત કહેવાય અને તેનો ભાવ દ્વૈત કહેવાય અને તેનાથી વિપરીત અદ્વૈત કહેવાય અર્થાત્ અદ્વૈત એટલે એકપ્રકારપણું. અને તેમાં પંજિકાકાર સાક્ષી આપે છે કે કેટલાક દર્શનકારો આત્માનો અદ્વૈત માને છે અર્થાત્ આ જગતમાં એક જ આત્મા છે એમ માને છે, અને તેઓ કહે છે કે એક ભૂતાત્મા જુદા જુદા દેહમાં પ્રતિષ્ઠિત છે, જેમ પાણીમાં પ્રતિબિંબિત થતો ચંદ્ર એક અથવા અનેક પણ દેખાય છે, તેમ દેહમાં પ્રતિષ્ઠિત એવો આત્મા એક અથવા

અનેક પણ દેખાય છે અર્થાત્ સાધના દ્વારા મુક્ત થયેલા આત્મા એક દેખાય છે અને જુદા જુદા દેહને આશ્રયીને આત્મા અનેક દેખાય છે, પરંતુ પરમાર્થથી આત્મા અનેક નથી પણ એક છે.

આ પ્રકારના આત્માના દ્વૈતના વ્યવચ્છેદ માટે પ્રસ્તુત સૂત્રમાં બહુવચનનો પ્રયોગ છે અર્થાત્ ભિન્ન ભિન્ન દર્શનકારોમાંથી કેટલાક દર્શનકારો જ્ઞાનાદ્વૈત માને છે, કેટલાક શબ્દાદ્વૈત માને છે, અને કેટલાક બ્રહ્માદ્વૈત માને છે અર્થાત્ આત્માદ્વૈત માને છે, તેમાંથી આત્માદ્વૈત મતના વ્યવચ્છેદ માટે 'अरिहंताणं' પદમાં બહુવચનનો પ્રયોગ છે; કેમ કે 'ઘણા અરિહંતોને નમસ્કાર થાઓ' એમ કહેવાથી 'આત્મા એક છે.' એ પ્રકારના આત્માદ્વૈતનો વ્યવચ્છેદ ઘટે છે, પરંતુ જ્ઞાનાદ્વૈત કે શબ્દાદ્વૈતનો વ્યવચ્છેદ ઘટતો નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે જગતમાં અત્યાર સુધી ઘણા તીર્થંકરો થયા, વર્તમાનમાં પણ ઘણા તીર્થંકરો વિદ્યમાન છે અને ભવિષ્યમાં પણ ઘણા તીર્થંકરો થશે, તેથી અરિહંતો ઘણા છે, અને જ્યારે અરિહંતો જ ઘણા હોય ત્યારે જગતમાં એક જ આત્મા છે એ મતનો વ્યવચ્છેદ થાય છે.

વળી, ઘણા તીર્થંકરોને નમસ્કાર કરવામાં આવે તો ભાવનો પ્રકર્ષ થવાથી નમસ્કાર કરનાર મહાત્માને ફળનો અતિશય થાય છે, તે બતાવવા માટે પણ પ્રસ્તુત સૂત્રમાં 'अरिहंताणं' પદમાં બહુવચનનો પ્રયોગ કરેલ છે. આશય એ છે કે સામાન્યથી જેમ એક ભગવાનની પૂજા કરવા કરતાં અનેક ભગવાનની પૂજા કરવામાં આવે તો ભાવનો પ્રકર્ષ થાય છે, તેમ એક તીર્થંકરને નમસ્કાર કરવા કરતાં અનેક તીર્થંકરોને નમસ્કાર કરવામાં આવે તો ભાવનો ઉત્કર્ષ થાય છે, તેથી 'ઘણા તીર્થંકરોને નમસ્કાર થાઓ' એમ બોલવાથી નમસ્કાર કરનારને ફળનો અતિશય પ્રાપ્ત થાય છે, એમ બતાવવા માટે પ્રસ્તુત પદમાં બહુવચનનો પ્રયોગ છે.

વળી, બહુવચનનો પ્રયોગ અદ્વૈતના વ્યવચ્છેદ માટે અને ફલાતિશય જણાવવા માટે છે, તે વિષયમાં નયવાદની દૃષ્ટિરૂપ પ્રતિપક્ષના વિકલ્પપૂર્વક ભાવાર્થને આશ્રયીને ગ્રંથકારશ્રી 'नमो जिणाणं जियभयाणं' એ પ્રકારના ચરમ આલાવામાં સ્પષ્ટતા કરશે, તેથી પ્રસ્તુતમાં તેની ચર્ચા કરેલ નથી.

પૂર્વે ગ્રંથકારશ્રીએ 'नमुत्थुणं अरिहंताणं' પદનો અર્થ કરતાં કહ્યું કે अस्तु શબ્દનો પ્રાર્થના અર્થ છે, અને પ્રાર્થના કરવાથી દુઃસાધ્ય એવો ભાવનમસ્કાર પ્રાપ્ત થાય છે, તેના વિષયમાં અન્ય આચાર્યો શું કહે છે ? તે બતાવે છે –

ललितविस्तरा :-

अन्ये त्वाहुः 'नमोऽस्त्वर्हद्भ्यः' इत्यनेन प्रार्थनावचसा तत्त्वतो लोकोत्तरयानवतां तत्साधनं प्रथममिच्छायोगमाह– ततः शास्त्रसामर्थ्ययोगभावात्, सामर्थ्ययोगश्चानन्तर्येण महाफलहेतुरिति योगाचार्याः। अथ क एते इच्छायोगादयः? उच्यते, अमी खलु न्यायतन्त्रसिद्धा इच्छादिप्रधानाः क्रियया विकलाविकलाधिकास्तत्त्वधर्म्मव्यापाराः। उक्तं च,

"कर्तुमिच्छोः श्रुतार्थस्य ज्ञानिनोऽपि प्रमादतः ।
विकलो धर्मयोगो यः, स इच्छायोग उच्यते ।।१।।

शास्त्रयोगस्त्विह ज्ञेयो, यथाशक्त्यप्रमादिनः ।
श्राद्धस्य तीव्रबोधेन, वचसाऽविकलस्तथा ।।२।।

शास्त्रसंदर्शितोपायस्तदतिक्रान्तगोचरः ।
शक्त्युद्रेकाद् विशेषेण सामर्थ्याख्योऽयमुत्तमः ।।३।।

सिद्ध्याख्यपदसंप्राप्तिहेतुभेदा न तत्त्वतः ।
शास्त्रादेवावगम्यन्ते सर्वथैवेह योगिभिः ।।४।।

सर्वथा तत्परिच्छेदात्साक्षात्कारित्वयोगतः ।
तत्सर्वज्ञत्वसंसिद्धेस्तदा सिद्धिपदाप्तितः ।।५।।

न चैतदेवं यत् तस्मात्, प्रातिभज्ञानसंगतः ।
सामर्थ्ययोगोऽवाच्योऽस्ति, सर्वज्ञत्वादिसाधनम् ।।६।।

द्विधाऽयं धर्म्मसंन्यासयोगसंन्याससंज्ञितः ।
क्षायोपशमिका धर्म्माः, योगाः कायादिकर्म्म तु ।।७।।

द्वितीयापूर्वकरणे, प्रथमस्तात्त्विको भवेत् ।
आयोज्यकरणादूर्ध्वं, द्वितीय इति तद्विदः ।।८।।

अतस्त्वयोगो योगानां, योगः पर उदाहृतः ।
मोक्षयोजनभावेन, सर्वसंन्यासलक्षणः" ।।९।। **इत्यादि (योगदृष्टिसमुच्चयः ३-११)**

तत्र 'नमोऽस्त्वर्हद्भ्यः' इत्यनेनेच्छायोगाभिधानम्, 'नमो जिनेभ्यो जितभयेभ्य' इत्यनेन तु वक्ष्यमाणेन शास्त्रयोगस्य, निर्विशेषेण सम्पूर्णनमोमात्राभिधानात्; विशेषप्रयोजनं चास्य स्वस्थान एव वक्ष्याम इति। तथा, 'इक्कोऽवि नमुक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स। संसारसागराओ, तारेइ नरं व नारिं वा।।१।।' इत्यनेन तु पर्यन्तवर्तिना सामर्थ्ययोगस्य, कारणे कार्योपचारात्, न संसारतरणं सामर्थ्ययोगमन्तरेणेति कृत्वा।

आह—'अयं प्रातिभज्ञानसङ्गत' इत्युक्तं, तत्किमिदं प्रातिभं नाम? असदेतत्, मत्यादिपञ्चकातिरेकेणास्याश्रवणात्,' उच्यते—चतुर्ज्ञानप्रकर्षोत्तरकालभावि केवलज्ञानादधः तदुदये सवित्रालोककल्पमिति न मत्यादिपञ्चकातिरेकेणास्य श्रवणम्, अस्ति चैतद्; अधिकृतावस्थोपपत्तेरिति, एतद्विशेष एव प्रातिभमिति कृतं विस्तरेण।१।

ललितविस्तरार्थ :-

વળી, અન્ય કહે છે –

'અરિહંતોને નમસ્કાર થાઓ' એ પ્રકારના આ પ્રાર્થનાવચનથી તત્ત્વથી=પરમાર્થથી, લોકોત્તર યાનવાળા મહાત્માઓને તેના સાધનરૂપ=વિશિષ્ટ એવા લોકોત્તરયાનના સાધનરૂપ, પ્રથમ ઇચ્છાયોગને કહે છે=નમુત્થુણં સૂત્ર બતાવે છે; કેમ કે તેનાથી=ઇચ્છાયોગથી, શાસ્ત્રયોગનો અને સામર્થ્યયોગનો ભાવ છે.

ઉપર કહ્યું કે પ્રાર્થનાવચનથી ઇચ્છાયોગને કહે છે અને તેમાં હેતુ બતાવ્યો કે ઇચ્છાયોગથી શાસ્ત્રયોગનો અને સામર્થ્યયોગનો ભાવ છે, ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે નમસ્કાર કરવાની ઇચ્છા એ ઇચ્છાયોગ છે અને નમસ્કારની શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ એ શાસ્ત્રયોગ છે, એટલો અર્થ સામાન્યથી પ્રાપ્ત થાય, પરંતુ સામર્થ્યયોગ શું છે ? આ પ્રકારની જિજ્ઞાસાથી તે બે યોગ કરતાં સામર્થ્યયોગ પૃથગ્ બતાવવા કહે છે –

અને સામર્થ્યયોગ અનંતરપણાથી મહાફળનો હેતુ છે, એ પ્રમાણે યોગાચાર્યો કહે છે.

પૂર્વના કથનથી ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ-સામર્થ્યયોગ એમ ત્રણ યોગોની પ્રાપ્તિ થઈ, તેથી જિજ્ઞાસા થાય કે ઇચ્છાયોગાદિ શું છે ? તે પ્રકારે પ્રશ્ન કરીને તેનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

અથથી પ્રશ્ન કરે છે – આ ઇચ્છાયોગાદિ શું છે ? કહેવાય છે=તે પ્રશ્નનો ગ્રંથકારશ્રી દ્વારા ઉત્તર અપાય છે, ખરેખર આ=ઇચ્છાયોગાદિ, ન્યાયતંત્રમાં સિદ્ધ, ઇચ્છાદિ પ્રધાન, ક્રિયાથી વિકલ-અવિકલ-અધિક એવા તત્ત્વધર્મના વ્યાપારો છે=આત્માના પારમાર્થિક સ્વરૂપની નિષ્પત્તિને અનુકૂળ એવા ધર્મના વ્યાપારો છે.

અને કહેવાયું છે=ઇચ્છાયોગાદિનું સ્વરૂપ યોગદૃષ્ટિસમુચ્ચયગ્રંથમાં કહેવાયું છે –

"શ્રુતાર્થવાળા=સાંભળેલ છે આગમ જેણે એવા, કરવાની ઇચ્છાવાળા=ધર્મનાં અનુષ્ઠાનો કરવાની ઇચ્છાવાળા, જ્ઞાનીનો પણ પ્રમાદથી વિકલ=અસંપૂર્ણ, એવો જે ધર્મયોગ=ધર્મનો વ્યાપાર, તે ઇચ્છાયોગ કહેવાય છે. ॥૧॥

વળી, અહીં=યોગશાસ્ત્ર વિષયક, યથાશક્તિ અપ્રમાદી એવા શ્રાદ્ધનો તીવ્ર બોધને કારણે તે પ્રકારે વચનથી અવિકલ=શાસ્ત્રવચનથી સંપૂર્ણ, એવો શાસ્ત્રયોગ જાણવો. ॥૨॥

શાસ્ત્રમાં સંદર્શિત ઉપાયવાળો, શક્તિના ઉદ્રેકને કારણે=શક્તિની પ્રબળતાને કારણે, વિશેષથી તેનાથી અતિક્રાંત ગોચરવાળો=શાસ્ત્રથી અતિક્રાંત વિષયવાળો, સામર્થ્ય આખ્ય ઉત્તમ એવો આ છે=સામર્થ્ય નામનો સર્વમાં પ્રધાન એવો યોગ છે. ॥૩॥

અહીં=લોકમાં, સિદ્ધિ આખ્ય પદની સંપ્રાપ્તિના હેતુભેદો=મોક્ષ નામના પદની પ્રાપ્તિના કારણ-વિશેષો, તત્ત્વથી=પરમાર્થથી, યોગીઓ વડે શાસ્ત્રથી જ સર્વથા જ જણાતા નથી. ॥૪॥

સર્વથા તેના પરિચ્છેદથી=સર્વ પ્રકારે મોક્ષપદની પ્રાપ્તિના હેતુભેદોના જ્ઞાનથી, સાક્ષાત્કારિત્વનો યોગ થવાને કારણે તેને સર્વજ્ઞત્વની સંસિદ્ધિ હોવાથી=શ્રોતૃયોગીને સર્વજ્ઞપણાની પ્રાપ્તિ હોવાથી, ત્યારે=શ્રવણકાળમાં જ, સિદ્ધિપદની પ્રાપ્તિ હોવાથી મોક્ષપદની પ્રાપ્તિના હેતુભેદો શાસ્ત્રથી જ સર્વથા જ જણાતા નથી, એમ

પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૫॥

અને જે કારણથી આ=પૂર્વશ્લોકમાં કહ્યું એ, આ પ્રમાણે નથી=શાસ્ત્રશ્રવણથી જ સિદ્ધિ થાય છે એ પ્રમાણે નથી, તે કારણથી પ્રાતિભજ્ઞાનથી સંગત, સર્વજ્ઞત્વાદિનું સાધન, અવાચ્ય એવો સામર્થ્યયોગ છે. ॥૬॥

ધર્મસંન્યાસની અને યોગસંન્યાસની સંજ્ઞાવાળો આ=સામર્થ્યયોગ, બે પ્રકારે છે. ધર્મો ક્ષયોપશમિક છે, વળી, યોગો કાયાદિનું કર્મ છે. ॥૭॥

પ્રથમ=ધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગ, દ્વિતીય અપૂર્વકરણમાં તાત્ત્વિક થાય, દ્વિતીય=યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ, આયોજ્યકરણથી ઊર્ધ્વ થાય, એ પ્રમાણે તેના જાણનારાઓ કહે છે. ॥૮॥

આથી જ મોક્ષ સાથે યોજનનો ભાવ હોવાને કારણે સર્વસંન્યાસલક્ષણ=સર્વના ત્યાગ સ્વરૂપ, અયોગ=મન-વચન-કાયાના યોગોનો અભાવ, યોગોની=મૈત્ર્યાદિરૂપ યોગોની, મધ્યમાં પર યોગ ઉદાહૃત છે=શ્રેષ્ઠ યોગ કહેવાયો છે.” ॥૯॥

‘ઇત્યાદિ’ શબ્દથી યોગદૃષ્ટિસમુચ્ચયગ્રંથના આગળના અન્ય શ્લોકોનો સંગ્રહ છે.

ત્યાં=પૂર્વે ઇચ્છાયોગાદિ ત્રણ યોગો બતાવ્યા ત્યાં, ‘નમુત્થુણં અરિહંતાણં’ એ પ્રકારના આના દ્વારા=પદ દ્વારા, ઇચ્છાયોગનું અભિધાન છે=ઇચ્છાયોગનું કથન છે. વળી, ‘નમો જિણાણં જિયભયાણં’ એ પ્રકારના વક્ષ્યમાણ આના દ્વારા=આગળ કહેવાનાર પદ દ્વારા, શાસ્ત્રયોગનું કથન છે; કેમ કે નિર્વિશેષથી=અસ્તુ રૂપ વિશેષણ વગર, સંપૂર્ણ એવા નમો માત્રનું અભિધાન છે=‘નમસ્કાર કરું છું’ એમ સંપૂર્ણ નમસ્કાર સામાન્યનું કથન છે, અને આનું=‘નમો જિણાણં’ પદમાં સંપૂર્ણ નમસ્કારમાત્રના કથનનું, વિશેષ પ્રયોજન સ્વસ્થાનમાં જ=‘નમો જિણાણં જિયભયાણં’ પદના વર્ણનના સ્થાનમાં જ, અમે કહીશું. ‘ઇતિ’ શાસ્ત્રયોગના સ્થાનના કથનની સમાપ્તિમાં છે. અને ‘ઈક્કો વિ નમુક્કારો જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ સંસારસાગરાઓ તારેઈ નરં વ નારિં વા’. વળી, એ પ્રકારના પર્યંતવર્તી એવા આના દ્વારા=ચૈત્યવંદન સૂત્રના અંતમાં વર્તનારા વચન દ્વારા, સામર્થ્યયોગનું કથન છે.

અહીં પ્રશ્ન થાય કે ‘ઈક્કો વિ નમુક્કારો’ આદિ પાઠ દ્વારા ‘એક પણ નમસ્કાર સંસારસાગરથી તારે છે’ એ પ્રકારનું કથન પ્રાપ્ત થાય છે, પરંતુ ‘અરિહંતોને નમસ્કાર કરું છું’ એ પ્રકારનું કથન પ્રાપ્ત થતું નથી; છતાં ગ્રંથકારશ્રીએ ‘ઈક્કો વિ’ ઇત્યાદિ પાઠ દ્વારા સામર્થ્યયોગના નમસ્કારનું કથન કેમ કરેલ છે ? એથી કહે છે –

કારણમાં કાર્યનો ઉપચાર હોવાથી અર્થાત્ સંસારસાગર તરવાનું કારણ એવા સામર્થ્યયોગના નમસ્કારમાં સંસારસાગરથી તરવારૂપ કાર્યનો ઉપચાર હોવાથી, ‘ઈક્કો વિ’ ઇત્યાદિ પાઠ દ્વારા સામર્થ્યયોગના નમસ્કારનું કથન કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે કારણમાં કાર્યનો ઉપચાર કેમ છે ? એથી કહે છે –

સંસારનું તરણ સામર્થ્યયોગ વગર નથી, એથી કરીને કારણમાં કાર્યનો ઉપચાર છે.

આહથી કોઈ શંકા કરે છે – "આ=સામર્થ્યયોગ, પ્રાતિભજ્ઞાનથી સંગત છે." એ પ્રમાણે કહેવાયું=ઉદ્ધરણની ગાથા-૬માં કહેવાયું, તે કારણથી આ પ્રાતિભ શું છે ? અર્થાત્ આ અસત્ છે=આ પ્રાતિભજ્ઞાન અવિધમાન છે.

કેમ પ્રાતિભજ્ઞાન અસત્ છે ? તેમાં હેતુ આપે છે –

મત્યાદિ પંચકના અતિરેકથી=મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાન કરતાં અતિરિક્તપણાથી, આનું= પ્રાતિભજ્ઞાનનું, અશ્રવણ છે=શાસ્ત્રમાં સંભળાતું નથી.

ઉચ્યતેથી ગ્રંથકારશ્રી જવાબ આપે છે –

ચાર જ્ઞાનના પ્રકર્ષના ઉત્તરના કાળમાં થનારું, કેવલજ્ઞાનથી નીચે, તેના ઉદયમાં=કેવલજ્ઞાન ઉત્પન્ન થવામાં, સવિતૃના આલોક કલ્પ છે=સૂર્યના પ્રકાશ જેવું છે=અરુણોદય જેવું પ્રાતિભજ્ઞાન છે; એથી મત્યાદિપંચકના અતિરેકથી આનું=પ્રાતિભજ્ઞાનનું, શ્રવણ નથી અને આ છે=આ પ્રાતિભજ્ઞાન વિધમાન છે; કેમ કે અધિકૃત અવસ્થાની ઉપપત્તિ છે=સૂર્યોદય પૂર્વેની અરુણોદયની અવસ્થા જેવી કેવલજ્ઞાન પૂર્વેની ચારજ્ઞાનનો પ્રકર્ષ થયા પછીના કાળમાં થનારી એવી અધિકૃત અવસ્થાની સંગતિ છે, એથી આના વિશેષરૂપ જ પ્રાતિભ છે=ચારજ્ઞાનના પ્રકર્ષના ભેદરૂપ જ પ્રાતિભજ્ઞાન છે. એથી વિસ્તાર વડે સર્યું. ।૧।

પંજિકા :-

'न्यायतन्त्रसिद्धाः' इति; न्यायो=युक्तिः, स एव तन्त्रम्=आगमः, तेन सिद्धाः=प्रतिष्ठिताः, सूत्रतः समये क्वचिदपि तदश्रवणात्, वक्ष्यति च 'आगमश्चोपपत्तिश्चे'त्यादि।

कर्त्तुमित्यादिश्लोकनवकम्। अथास्य व्याख्या, – कर्त्तुमिच्छोः कस्यचिन्निर्व्याजमेव तथाविधकर्म्मक्षयोपशमभावेन, अयमेव विशिष्यते- श्रुतार्थस्य=श्रुतागमस्य, 'अर्थ'शब्द आगमवचनः, अर्यते(पाठान्तरे 'अर्थ्यते')ऽनेन तत्त्वमिति कृत्वा, अयमपि कदाचिदज्ञान्येव भवति, क्षयोपशमवैचित्र्यात्, अत आह- ज्ञानिनोऽपि= अवगतानुष्ठेयतत्त्वस्यापि इति। एवंभूतस्यापि सतः किम्? इत्याह-प्रमादतः=प्रमादेन विकथादिना, विकलः= असम्पूर्णः, कालादिवैकल्यमाश्रित्य, धर्म्मयोगो=धर्म्मव्यापारो, 'यः' इति-वन्दनादिविषयः, 'स इच्छायोग उच्यते' इच्छाप्रधानत्वं चास्य तथाकालादावकरणादिति।।१।।

शास्त्रयोगस्वरूपाभिधित्सयाऽह–'शास्त्रयोगस्तु' इति, शास्त्रप्रधानो योगः शास्त्रयोगः, प्रक्रमादेतद्विषयव्यापार एव, स पुनः, इह=योगतन्त्रे ज्ञेयः। कस्य कीदृगित्याह- यथाशक्ति-शक्त्यनुरूपम्, अप्रमादिनो= विकथादिप्रमादरहितस्य, अयमेव विशिष्यते श्राद्धस्य=तथाविधमोहापगमात् स्वसंप्रत्ययात्मिकादिश्रद्धावतः, तीव्रबोधेन हेतुभूतेन, वचसा=आगमेन, अविकलः=अखण्डः, तथा=कालादिवैकल्याबाधया, न ह्यपटवोऽतिचारदोषज्ञाः, इति कालादिवैकल्येनाबाधायां तीव्रबोधो हेतुतयोपन्यस्तः।।२।।

अथ सामर्थ्ययोगलक्षणमाह- शास्त्रसंदर्शितोपायः=सामान्येन शास्त्राभिहितोपायः, सामान्येन शास्त्रे

तदभिधानात्, तदतिक्रान्तगोचरः=शास्त्रातिक्रान्तविषयः, कुत इत्याह शक्त्युद्रेकात्=शक्तिप्राबल्यात्, विशेषेण, न सामान्येन शास्त्रातिक्रान्तगोचरः, सामान्येन फलपर्यवसानत्वाच्छास्त्रस्य, सामर्थ्याख्योऽयं=सामर्थ्ययोगाभिधानोऽयं योगः, उत्तमः=सर्वप्रधानो, अक्षेपेण प्रधानफलकारणत्वादिति।।३।।

एतत्समर्थनायैवाह— 'सिद्ध्याख्यपदसंप्राप्तिहेतुभेदा' इति=मोक्षाभिधानपदसंप्राप्तिकारणविशेषाः सम्यग्दर्शनादयः, किमित्याह न तत्त्वतो=न परमार्थतः, शास्त्रादेव=आगमादेव अवगम्यन्ते, न चैवमपि शास्त्रवैयर्थ्यमित्याह- सर्वथैवेह योगिभिः-सर्वैरेव प्रकारैः, इह=लोके, साधुभिः, अनन्तभेदत्वात् तेषामिति।।४।।

सर्वथा तत्परिच्छेदे शास्त्रादेवाभ्युपगम्यमाने दोषमाह- सर्वथा=सर्वैः प्रकारैः, अक्षेपफलसाधकत्वादिभिः तत्परिच्छेदात्=शास्त्रादेव सिद्ध्याख्यपदसंप्राप्तिहेतुपरिच्छेदात्, किमित्याह- साक्षात्कारित्वयोगतः-केवलेनेव साक्षात्कारित्वयोगात् कारणात्, 'तत्सर्वज्ञत्वसंसिद्धेः'-श्रोतृयोगिसर्वज्ञत्वसंसिद्धेः, अधिकृतहेतुभेदानामनेन सर्वथा परिच्छेदयोगात्, ततश्च तदा=श्रवणकाले एव, सिद्धिपदाप्तितः-मुक्तिपदाप्तेः, अयोगिकेवलित्वस्यापि शास्त्रादेवायोगिकेवलिस्वभावभवनेनावगतिप्रसङ्गाद्, अविषयेऽपि शास्त्रसामर्थ्याभ्युपगमे इत्थमपि शास्त्रसामर्थ्यप्रसङ्गात्।।५।।

स्यादेतत्-अस्त्वेवमपि, का नो बाधेत्यत्राऽह- न चैतदेवं (न 'एतद्'-) अनन्तरोदितम् (एवं); शास्त्रादयोगिकेवलित्वावगमेऽपि सिद्ध्यसिद्धेः, यस्मादेवं, तस्मात् प्रातिभज्ञानसंगतो=मार्गानुसारिप्रकृष्टोहज्ञानयुक्तः, किमित्याह सामर्थ्ययोगः=सामर्थ्यप्रधानो योगः सामर्थ्ययोगः, प्रक्रमाद्धर्मव्यापार एव क्षपकश्रेणिगतो गृह्यते, अयमवाच्योऽस्ति तद्योगिस्वसंवेदनसिद्धः सर्वज्ञत्वादिसाधनं, अक्षेपेणातः सर्वज्ञत्वसिद्धेः।।६।।

सामर्थ्ययोगभेदाभिधानायाऽह- द्विधा=द्विप्रकारो, अयं=सामर्थ्ययोगः, कथमित्याह— 'धर्म्मसंन्यासयोगसंन्याससंज्ञितः', 'संन्यासो'-निवृत्तिरुपरम इत्येकोऽर्थः, ततो धर्म्मसंन्याससंज्ञा सञ्जाताऽस्येति धर्म्मसंन्याससंज्ञितः 'तारकादिभ्य इतच्'। एवं योगसंन्याससंज्ञा सञ्जाताऽस्येति योगसंन्याससंज्ञितः। क एते धर्म्माः? के वा योगाः? इत्याह- क्षायोपशमिका धर्म्माः=क्षयोपशमनिर्वृत्ताः क्षान्त्यादयो। योगाः कायादिकर्म्म तु= योगाः पुनः कायादिव्यापाराः कायोत्सर्ग्गकरणादयः, एवमेव द्विधा सामर्थ्ययोग इति।।७।।

यो यदा भवति तं तदाऽभिधातुमाह— 'द्वितीयापूर्वकरण' इति, ग्रन्थिभेदनिबन्धनप्रथमापूर्वकरणव्यवच्छेदार्थं 'द्वितीय'ग्रहणं, प्रथमेऽधिकृतसामर्थ्ययोगासिद्धेः, 'अपूर्वकरणं' त्वपूर्वपरिणामः शुभोऽनादावपि भवे तेषु तेषु धर्म्मस्थानेषु वर्तमानस्य तथाऽसंजातपूर्वो ग्रन्थिभेदादिफल उच्यते।

तत्र प्रथमे अस्मिन् ग्रन्थिभेदः फलम्; अयं च सम्यग्दर्शनफलः, सम्यग्दर्शनं च प्रशमादिलिङ्ग आत्मपरिणामः, यथोक्तम्-'प्रशमसंवेगनिर्वेदाऽनुकम्पाऽस्तिक्याभिव्यक्तिलक्षणं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' इति। यथाप्रधानमयमुपन्यासो, लाभस्तु पश्चानुपूर्व्येति समयविदः।

द्वितीये त्वस्मिंस्तथाविधकर्म्मस्थितेस्तथाविधसङ्ख्येयसागरोपमातिक्रमभाविनि, किम्? इत्याह- 'प्रथम-

स्तात्त्विको भवेद्' इति, 'प्रथमो'=धर्म्मसंन्याससंज्ञितः सामर्थ्ययोगः, 'तात्त्विकः=पारमार्थिको भवेत्, क्षपक-श्रेणियोगिनः क्षायोपशमिकक्षान्त्यादिधर्म्मनिवृत्तेः, अतोऽयमित्थमुपन्यास इति। अतात्त्विकस्तु प्रव्रज्याकालेऽपि भवति सावद्यप्रवृत्तिलक्षणधर्म्मसंन्यासयोगः, प्रव्रज्याया ज्ञानयोगप्रतिपत्तिरूपत्वात्। 'आयोज्यकरणादूर्ध्वम्' इति केवलाभोगेनाचिन्त्यवीर्यतया आयोज्य=ज्ञात्वा, तथातथातत्तत्कालक्षपणीयत्वेन भवोपग्राहिकर्म्मणस्तथा-ऽवस्थानभावेन करणं=कृतिः, आयोज्यकरणं; शैलेश्यवस्थाफलमेतत्, अत एवाह 'द्वितीय इति तद्विदः' योगसंन्याससंज्ञितः सामर्थ्ययोग इति तद्विदोऽभिदधति शैलेश्यवस्थायामस्य भावात्।।८।।

यतः आयोज्यकरणादूर्ध्वं तु द्वितीयः। 'अतस्तु' इत्यादि, अत एव-शैलेश्यवस्थायां योगसंन्यासात् कारणात्, अयोगो=योगाभावो, योगानां मैत्र्यादीनां 'मध्ये' इति गम्यते, योगः परः=प्रधानः, उदाहृतः, कथमित्याह— 'मोक्षयोजनभावेन' हेतुना, 'योजनाद् योग' इति कृत्वा, स्वरूपमस्याह, 'सर्वसंन्यासलक्षणो', अधर्म्मधर्म्मसंन्यासयोरप्यत्र परिशुद्धिभावादिति। 'आदि' शब्दाद्-

एतत्त्रयमनाश्रित्य, विशेषेणैतदुद्भवाः।
योगदृष्टय उच्यन्ते, अष्टौ सामान्यतस्तु ताः।।१।।
मित्रा तारा बला दीप्रा, स्थिरा कान्ता प्रभा परा।
नामानि योगदृष्टीनां, लक्षणं च निबोधत।।२।। इत्यादि ग्रन्थो दृश्यः।।९।।

पंजिकार्थ :-

'न्यायतन्त्रसिद्धाः' ..... ग्रन्थो दृश्यः ।। न्यायतंत्रसिद्ध એટલે न्याय=युक्ति, તે જ तंत्र=આગમ, તેનાથી=તે ન્યાયરૂપ તંત્રથી, સિદ્ધ=પ્રતિષ્ઠિત, ઇચ્છાયોગાદિ છે; કેમ કે સમયમાં=શાસ્ત્રમાં, સૂત્રથી=સૂત્રના વચનથી, ક્યાંય પણ=કોઈપણ શાસ્ત્રમાં, તેમનું અશ્રવણ છે=ઇચ્છાયોગાદિનું અશ્રવણ છે, અને आगमश्चोपपतिश्च ઇત્યાદિને કહેશે=ગ્રંથકારશ્રી આગળ યુક્તિરૂપ જ આગમ છે એમ સ્વીકારવા માટે કહેશે.

कर्तुं ઇત્યાદિ શ્લોકનવક છે=ઇચ્છાયોગાદિના સ્વરૂપને બતાવનારા નવ શ્લોકો છે, હવે એની=એ શ્લોકનવકની, વ્યાખ્યા કરાય છે —

શ્લોક-૧ની વ્યાખ્યા :

તે પ્રકારના કર્મના ક્ષયોપશમના ભાવને કારણે નિર્વ્યાજ જ=શાસ્ત્રમાં જે રીતે ધર્માનુષ્ઠાન કરવાનાં કહ્યા છે તે રીતે જ, કરવાની ઇચ્છાવાળા કોઈકનો=ધર્માનુષ્ઠાન કરવાની ઇચ્છાવાળા કોઈક જીવનો.

આ જ વિશેષ કરાય છે=કરવાની ઇચ્છાવાળો જીવ જ વિશેષણથી વિશેષિત કરાય છે — શ્રુત અર્થવાળાનો=સાંભળેલ આગમવાળા કરવાની ઇચ્છાવાળા જીવનો.

અહીં પ્રશ્ન થાય કે શ્રુતાર્થસ્ય શબ્દમાં 'અર્થ'નો અર્થ 'આગમ' કેમ કર્યો ? તેથી કહે છે —

આના દ્વારા=આગમ દ્વારા, તત્ત્વ જણાય છે, એથી કરીને 'અર્થ' શબ્દ 'આગમ'ના વચનવાળો છે='અર્થ' શબ્દ 'આગમ'ને કહેનારો છે.

ક્ષયોપશમના વૈચિત્ર્યથી આ પણ ક્યારેક અજ્ઞાની જ હોય છે=જીવના કર્મના ક્ષયોપશમના વિવિધપણાથી સાંભળેલ આગમવાળો અને નિર્વ્યાજ કરવાની ઇચ્છાવાળો જીવ પણ કોઈક વખત અજ્ઞાની જ હોય છે, આથી કહે છે –

જ્ઞાનીનો પણ=અવગત અનુષ્ઠેય તત્ત્વવાળાનો પણ=જાણ્યું છે આચરવા યોગ્ય તત્ત્વ જેણે એવા કરવાની ઇચ્છાવાળા જીવનો પણ.

આવા પ્રકારના છતાનો પણ=સાંભળેલ અર્થવાળા, જ્ઞાની, એવા પ્રકારના કરવાની ઇચ્છાવાળા જીવનો પણ, શું ? એથી કહે છે –

પ્રમાદથી=વિકથા આદિરૂપ પ્રમાદથી, વિકલ=કાલાદિના વિકલપણાને આશ્રયીને અસંપૂર્ણ, એવો જે=વંદનાદિના વિષયવાળો, ધર્મનો યોગ=ધર્મનો વ્યાપાર, તે ઇચ્છાયોગ કહેવાય છે.

પૂર્વે કહ્યું કે ઇચ્છાપ્રધાન એવો યોગ એ ઇચ્છાયોગ છે, તેથી પ્રશ્ન થાય કે ઇચ્છાયોગમાં ઇચ્છાનું પ્રધાનપણું શું છે ? તે સ્પષ્ટ કરવા હેતુ આપે છે –

અને આનું=ઇચ્છાયોગનું, ઇચ્છાપ્રધાનપણું, તે પ્રકારના કાલાદિમાં અકરણથી છે=જે પ્રકારના કાલાદિમાં વંદનાદિ વિષયક ધર્મનો વ્યાપાર કરવાનો કહ્યો છે તે પ્રકારના કાલાદિમાં ધર્મનો વ્યાપાર નહીં કરવાથી છે.

'ઇતિ' ઉદ્ધરણના પ્રથમ શ્લોકની વ્યાખ્યાની સમાપ્તિમાં છે. ॥૧॥

શ્લોક-૨ની વ્યાખ્યા :

શાસ્ત્રયોગના સ્વરૂપને કહેવાની ઇચ્છાથી કહે છે –

વળી, શાસ્ત્રયોગ એટલે શાસ્ત્રપ્રધાન યોગ શાસ્ત્રયોગ છે, પ્રક્રમથી આના વિષયવાળો વ્યાપાર જ=શાસ્ત્રના વિષયવાળો વ્યાપાર જ, શાસ્ત્રયોગ છે એમ જાણવું, એમ અન્વય છે. વળી, તે=શાસ્ત્રયોગ, અહીં=યોગતંત્ર વિષયક=યોગશાસ્ત્ર વિષયક યથાશક્તિ=શક્તિને અનુરૂપ, અપ્રમાદીનો=વિકથા આદિ પ્રમાદથી રહિતનો,

આ જ વિશેષ કરાય છે=યથાશક્તિ અપ્રમાદી જીવ જ વિશેષિત કરાય છે –

શ્રાદ્ધનો=તે પ્રકારના મોહના અપગમથી સ્વના સંપ્રત્યયાત્મિકાદિ શ્રદ્ધાવાળાનો, હેતુભૂત એવા તીવ્રબોધને કારણે તે પ્રકારે=કાલાદિના વૈકલ્યની અબાધારૂપે, વચનથી=આગમથી, અવિકલ=અખંડ જાણવો.

અહીં તે પ્રકારે વચનથી અવિકલ ધર્મવ્યાપારને શાસ્ત્રયોગ કહેવામાં તીવ્રબોધને હેતુપણારૂપે કેમ મૂક્યો ? એમાં યુક્તિ આપે છે –

ખરેખર અપટુ=પટુબોધ વગરના જીવો, અતિચારોના દોષોને જાણનારા હોતા નથી, એથી કાલાદિના વૈકલ્યથી અબાધામાં તીવ્રબોધ હેતુપણારૂપે ઉપન્યસ્ત છે=પ્રસ્તુત શ્લોકમાં મુકાયો છે. ॥૨॥

શ્લોક-૩ની વ્યાખ્યા :

હવે સામર્થ્યયોગના લક્ષણને=સ્વરૂપને, કહે છે –

શાસ્ત્રમાં સંદર્શિત ઉપાયવાળો=સામાન્યથી શાસ્ત્રમાં અભિહિત ઉપાયવાળો; કેમ કે સામાન્યથી શાસ્ત્રમાં તેઓનું અભિધાન છે=સામાન્યથી મોહના ઉચ્છેદના ઉપાયોનું કથન છે. તેનાથી અતિક્રાંત ગોચરવાળો=શાસ્ત્રથી અતિક્રાંત વિષયવાળો,

કયા કારણથી ? અર્થાત્ સામર્થ્યયોગ શાસ્ત્રથી અતિક્રાંત વિષયવાળો કયા કારણથી છે ? એથી કહે છે –

શક્તિના ઉદ્રેકને કારણે=શક્તિના પ્રાબલ્યને કારણે, વિશેષથી શાસ્ત્રથી અતિક્રાંતગોચરવાળો, પરંતુ સામાન્યથી શાસ્ત્રથી અતિક્રાંતગોચરવાળો નહીં; કેમ કે શાસ્ત્રનું સામાન્યથી ફળમાં પર્યવસાનપણું છે.

સામર્થ્યાખ્ય આ=સામર્થ્યયોગના અભિધાનવાળો આ યોગ, ઉત્તમ છે=સર્વમાં પ્રધાન છે; કેમ કે અક્ષેપથી=ક્ષેપ વગર, પ્રધાન ફળનું કારણપણું છે.

ઇતિ ઉદ્ધરણના ત્રીજા શ્લોકની વ્યાખ્યાની સમાપ્તિ માટે છે. ॥૩॥

શ્લોક-૪ની વ્યાખ્યા :

આના સમર્થન માટે જ કહે છે=પૂર્વશ્લોકમાં કહ્યું કે સામર્થ્યયોગ વિશેષથી શાસ્ત્રથી અતિક્રાંત વિષયવાળો છે એનું સમર્થન કરવા માટે જ કહે છે –

સિદ્ધિ આખ્યપદની સંપ્રાપ્તિના હેતુભેદો=મોક્ષના અભિધાનવાળા પદની સંપ્રાપ્તિના કારણવિશેષરૂપ સમ્યગ્દર્શનાદિ, તત્ત્વથી=પરમાર્થથી, શાસ્ત્રથી જ=આગમથી જ, જણાતા નથી.

અને આ રીતે પણ શાસ્ત્રનું વૈયર્થ્ય નથી=મોક્ષપ્રાપ્તિના ઉપાયવિશેષો તત્ત્વથી શાસ્ત્રથી જ જણાતા નથી એ રીતે પણ શાસ્ત્રનું વ્યર્થપણું નથી, એથી કહે છે –

અહીં=લોકમાં, યોગીઓ વડે=સાધુઓ વડે, સર્વથા જ=સર્વ જ પ્રકારો વડે, મોક્ષપ્રાપ્તિના ઉપાયવિશેષો શાસ્ત્રથી જ જણાતા નથી, એમ અન્વય છે; કેમ કે તેઓનું=મોક્ષપ્રાપ્તિના ઉપાયવિશેષોનું, અનંત ભેદપણું છે. 'ઇતિ' ઉદ્ધરણના ચોથા શ્લોકની વ્યાખ્યાની સમાપ્તિ માટે છે. ॥૪॥

શ્લોક-૫ની વ્યાખ્યા :

સર્વથા તેઓનો પરિચ્છેદ શાસ્ત્રથી જ અભ્યુપગમ કરાતે છતે=સર્વ પ્રકારો વડે મોક્ષપ્રાપ્તિના ઉપાયવિશેષોનો બોધ શાસ્ત્રથી જ સ્વીકારાતે છતે, દોષને કહે છે –

સર્વથા=અક્ષેપફળસાધકત્વ આદિ સર્વ પ્રકારો વડે, તેના પરિચ્છેદથી=શાસ્ત્રથી જ સિદ્ધિ આખ્યપદની

સંપ્રાપ્તિના હેતુભેદોના પરિચ્છેદથી, શું થાય ? એથી કહે છે – સાક્ષાત્કારિત્વના યોગથી અર્થાત્ કેવલની જેમ=શ્રોતાને કેવલજ્ઞાનની જેમ, સાક્ષાત્કારિત્વના યોગરૂપ કારણથી, તેને સર્વજ્ઞત્વની સંસિદ્ધિ હોવાથી=શ્રોતૃયોગીને સર્વજ્ઞત્વની સંસિદ્ધિ હોવાથી, મોક્ષપ્રાપ્તિના ઉપાયવિશેષો શાસ્ત્રથી જ સર્વથા જણાતા નથી, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

અહીં પ્રશ્ન થાય કે મોક્ષપ્રાપ્તિના ઉપાયવિશેષો શાસ્ત્રથી જ સર્વથા જણાય છે એમ સ્વીકારીએ તો શ્રોતૃયોગીને સર્વજ્ઞત્વની સંસિદ્ધિ થાય, એમ કેમ સ્વીકારવું પડે ? તેમાં હેતુ બતાવે છે –

અધિકૃત એવા હેતુભેદોનો=મોક્ષપ્રાપ્તિના અધિકૃત એવા ઉપાયવિશેષોનો, આના દ્વારા=શાસ્ત્ર દ્વારા, સર્વથા પરિચ્છેદનો યોગ છે=સર્વ પ્રકારો વડે બોધની પ્રાપ્તિ છે, અને તેથી=મોક્ષપ્રાપ્તિના ઉપાયવિશેષોનો શાસ્ત્ર દ્વારા સર્વથા પરિચ્છેદનો યોગ થવાથી, ત્યારે=શ્રવણકાળમાં જ=યોગમાર્ગનાં શાસ્ત્રો સાંભળતી વખતે જ, સિદ્ધિપદની આપ્તિ હોવાથી=મુક્તિપદની પ્રાપ્તિ હોવાથી, મોક્ષપ્રાપ્તિના ઉપાયવિશેષો શાસ્ત્રથી જ સર્વથા જણાતા નથી, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

પૂર્વમાં કહ્યું તેમ મોક્ષપ્રાપ્તિના ઉપાયવિશેષો શાસ્ત્રથી જ સર્વથા જણાય છે એમ સ્વીકારીએ તો શ્રોતૃયોગીને શ્રવણકાળમાં જ સિદ્ધિપદની પ્રાપ્તિ થાય, એમ કેમ સ્વીકારવું પડે ? તેમાં હેતુ કહે છે –

અયોગીકેવલીપણાની પણ શાસ્ત્રથી જ અયોગીકેવલીરૂપ સ્વભાવના ભવનરૂપે અવગતિનો પ્રસંગ છે; કેમ કે અવિષયમાં પણ=શાસ્ત્ર જે પ્રકારના યોગમાર્ગનો બોધ કરાવી શકતું નથી તે પ્રકારના બોધના અવિષયમાં પણ, શાસ્ત્રના સામર્થ્યનો અભ્યુપગમ કરાયે છતે=શાસ્ત્રના તે અવિષયભૂત યોગમાર્ગનો બોધ કરાવવાના સામર્થ્યનો સ્વીકાર કરાયે છતે, આ રીતે પણ=અયોગીકેવલી સ્વભાવના ભવનરૂપે પણ, શાસ્ત્રના સામર્થ્યનો પ્રસંગ છે. ॥૫॥

શ્લોક-૬ની વ્યાખ્યા :

આ થાય=પૂર્વપક્ષના મતે હવે કહે છે એ થાય –

આમ પણ હો=શ્રોતૃયોગીને શ્રવણકાળમાં જ સર્વજ્ઞત્વની સંસિદ્ધિ અને સિદ્ધિપદની પ્રાપ્તિ થાય એમ પણ હો, અમને કઈ બાધા છે ? અર્થાત્ અમને કોઈ બાધા નથી, આ પ્રકારના અહીં=પૂર્વપક્ષના મતમાં, કહે છે=ગ્રંથકારશ્રી ઉત્તર આપતાં કહે છે –

અને આ=અનંતરઉદિત=પૂર્વશ્લોકમાં કહેવાયું એ, આમ નથી=પૂર્વશ્લોકમાં કહેવાયું એમ નથી; કેમ કે શાસ્ત્રથી અયોગીકેવલીત્વનો અવગમ થયે છતે પણ સિદ્ધિની અસિદ્ધિ છે, જે કારણથી આમ છે=શાસ્ત્રથી અયોગીકેવલીપણાનો બોધ થયે છતે પણ સિદ્ધિની અસિદ્ધિ છે એમ છે, તે કારણથી પ્રાતિભજ્ઞાનથી સંગત=માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહરૂપ જ્ઞાનથી યુક્ત, સામર્થ્યયોગ છે=સામર્થ્યપ્રધાન યોગ સામર્થ્યયોગ છે, પ્રકમથી ક્ષપકશ્રેણીગત ધર્મનો વ્યાપાર જ ગ્રહણ કરાય છે, તેના યોગીને સ્વસંવેદનથી સિદ્ધ=સામર્થ્યયોગવાળા યોગીને સ્વઅનુભવથી સિદ્ધ, એવો આ=સામર્થ્યયોગ, અવાચ્ય

સર્વજ્ઞત્વ આદિનું સાધન છે; કેમ કે આનાથી=સામર્થ્યયોગથી, અક્ષેપ વડે=કાળના વિલંબન વગર, સર્વજ્ઞત્વની સિદ્ધિ છે. ॥૬॥

શ્લોક-૭ની વ્યાખ્યા :

સામર્થ્યયોગના ભેદના અભિધાન માટે કહે છે –

આ=સામર્થ્યયોગ, દ્વિધા છે=બે પ્રકારવાળો છે. કઈ રીતે બે પ્રકારવાળો છે ? એથી કહે છે – ધર્મસંન્યાસ-યોગસંન્યાસસંજ્ઞિત, સંન્યાસ, નિવૃત્તિ, ઉપરમ, એ પ્રકારે એક અર્થ છે, ત્યારપછી=સંન્યાસ શબ્દનો અર્થ કર્યા પછી, ધર્મસંન્યાસરૂપ સંજ્ઞા થઈ છે આની એ ધર્મસંન્યાસસંજ્ઞિત, "तारकादिभ्य इतच्" એ પ્રકારના વ્યાકરણના સૂત્રથી અહીં 'संज्ञा' શબ્દને इतच् પ્રત્યય લાગ્યો છે. એ રીતે યોગસંન્યાસરૂપ સંજ્ઞા થઈ છે આની એ યોગસંન્યાસસંજ્ઞિત.

આ ધર્મો કયા છે ? અને યોગો કયા છે ? એથી કહે છે –

ક્ષાયોપશમિક=ક્ષયોપશમથી નિવૃત્ત એવા ક્ષાંતિ આદિ, ધર્મો છે, વળી, યોગો કાયાદિના કર્મ છે= વળી, યોગો કાયોત્સર્ગકરણાદિ કાયાદિના વ્યાપારો છે. આ રીતે જ=ઉપર બતાવ્યું એ રીતે જ, સામર્થ્યયોગ દ્વિધા છે=બે પ્રકારનો છે.

'इति' ઉદ્ધરણના સાતમા શ્લોકની વ્યાખ્યાની સમાપ્તિમાં છે. ॥૭॥

શ્લોક-૮ની વ્યાખ્યા :

પૂર્વશ્લોકમાં વર્ણન કરેલ બે પ્રકારના સામર્થ્યયોગમાંથી જે સામર્થ્યયોગ જ્યારે=જે કાળમાં, થાય છે, તેને=તે સામર્થ્યયોગને, ત્યારે=તે કાળમાં, અભિધાન કરવા માટે કહે છે –

દ્વિતીયાપૂર્વકરણેનો અર્થ કરે છે –

ગ્રંથિભેદના નિબંધન એવા પ્રથમ અપૂર્વકરણના વ્યવચ્છેદ માટે 'દ્વિતીય'નું ગ્રહણ છે=દ્વિતીયાપૂર્વકરણેમાં દ્વિતીય શબ્દનું ગ્રહણ કરેલ છે; કેમ કે પ્રથમમાં=પ્રથમ અપૂર્વકરણમાં, અધિકૃત એવા સામર્થ્યયોગની અસિદ્ધિ છે, વળી, અપૂર્વકરણ અનાદિ પણ ભવમાં તે તે ધર્મસ્થાનોમાં વર્તતા એવા જીવને તે પ્રકારે અસંજાતપૂર્વ=જે પ્રકારનો શુભ પરિણામ અત્યારે થયેલો છે તે પ્રકારે પૂર્વમાં નહીં થયેલો, ગ્રંથિભેદાદિના ફળવાળો, શુભ એવો અપૂર્વ પરિણામ કહેવાય છે, ત્યાં=બે પ્રકારના અપૂર્વકરણમાં, પ્રથમ આમાં=પ્રથમ અપૂર્વકરણમાં, ગ્રંથિભેદ ફળ છે, અને આ=ગ્રંથિભેદ, સમ્યગ્દર્શનરૂપ ફળવાળો છે, અને સમ્યગ્દર્શન પ્રશમાદિ લિંગવાળો આત્માનો પરિણામ છે.

જે પ્રમાણે કહેવાયું છે –

"પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્યની અભિવ્યક્તિના લક્ષણવાળું તત્ત્વાર્થનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે."

'इति' यथोक्तंથી બતાવેલ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

ઉદ્ધરણમાં પ્રશમાદિ ક્રમ બતાવ્યો તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

યથાપ્રધાન=પ્રધાનના ક્રમ પ્રમાણે, આ ઉપન્યાસ છે=ઉપર બતાવ્યું એ પ્રશમાદિ લિંગોના ક્રમનું કથન છે, અને લાભ પશ્ચાનુપૂર્વીથી છે=આ પ્રશમાદિ લિંગોની પ્રાપ્તિ પશ્ચાનુપૂર્વીથી થાય છે, એ પ્રમાણે સમયવિદ્=શાસ્ત્રને જાણનારાઓ કહે છે.

આ રીતે અપૂર્વકરણનું સ્વરૂપ બતાવીને પ્રથમ અપૂર્વકરણ કેવું છે ? તે બતાવ્યું, હવે દ્વિતીય અપૂર્વકરણ કેવું છે ? તે બતાવીને તે બીજા અપૂર્વકરણમાં તાત્ત્વિક સામર્થ્યયોગ થાય છે, એમ બતાવે છે –

વળી, તે પ્રકારની કર્મસ્થિતિના તે પ્રકારના સંખ્યેય સાગરોપમોના અતિક્રમથી થનારા દ્વિતીય અપૂર્વકરણમાં પ્રથમ=તાત્ત્વિક થાય છે=પ્રથમ ધર્મસંન્યાસની સંજ્ઞાવાળો સામર્થ્યયોગ તાત્ત્વિક અર્થાત્ પારમાર્થિક, થાય છે; કેમ કે ક્ષપકશ્રેણિવાળા યોગીને ક્ષાયોપશમિક એવા ક્ષાંત્યાદિ ધર્મોની નિવૃત્તિ છે, આથી=ક્ષપકશ્રેણિવાળા યોગીને ક્ષયોપશમભાવના ક્ષાંત્યાદિ ધર્મનો ત્યાગ થાય છે આથી, આ રીતે=દ્વિતીય અપૂર્વકરણમાં પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે એ રીતે, આ ઉપન્યાસ છે=પ્રથમ સામર્થ્યયોગનું કથન છે. 'ઇતિ' કથનની સમાપ્તિમાં છે.

વળી, અતાત્ત્વિક એવો સાવદ્યપ્રવૃત્તિના લક્ષણવાળો ધર્મસંન્યાસયોગ પ્રવ્રજ્યાકાળમાં પણ થાય છે; કેમ કે પ્રવ્રજ્યાનું જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપપણું છે.

આ રીતે પ્રથમ પ્રકારનો સામર્થ્યયોગ ક્યારે તાત્ત્વિક થાય છે અને ક્યારે અતાત્ત્વિક થાય છે ? તે બતાવ્યું, હવે બીજા પ્રકારનો સામર્થ્યયોગ ક્યારે થાય છે ? તે બતાવે છે –

આયોજ્યકરણથી ઊર્ધ્વ દ્વિતીય સામર્થ્યયોગ થાય છે, એ પ્રકારના લલિતવિસ્તરાના કથનમાં આયોજ્યકરણાદૂર્ધ્વંનો અર્થ કરે છે –

કેવલ આભોગથી=કેવલજ્ઞાનના ઉપયોગથી, આયોજન કરીને=જાણીને, અચિંત્યવીર્યપણાને કારણે, તે તે પ્રકારથી તે તે કાળમાં ક્ષપણીયતારૂપે ભવોપગ્રાહી કર્મનું તથાઅવસ્થાનભાવથી=કર્મો જે જે ક્રમથી નાશ પામે તેમ હોય તે તે ક્રમથી યોગનિરોધના ભિન્ન ભિન્ન ક્ષણના તે તે કાળમાં ખપાવવા યોગ્યપણારૂપે ભવનો ઉપગ્રહ કરનારા કર્મનું જે પ્રકારે સર્વ કર્મોનો નાશ થાય તે પ્રકારના અવસ્થાનભાવથી, કરણ=કૃતિ=રચવું, એ આયોજ્યકરણ. આ=આયોજ્યકરણ, શૈલેશી અવસ્થાના ફળવાળું છે.

આથી જ કહે છે=આયોજ્યકરણ શૈલેશી અવસ્થાના ફળવાળું છે આથી જ મૂળશ્લોકમાં ગ્રંથકારશ્રી કહે છે –

દ્વિતીય છે એ પ્રમાણે તદ્દ્વિદ્=યોગસંન્યાસની સંજ્ઞાવાળો સામર્થ્યયોગ છે એ પ્રમાણે તેના જાણનારાઓ કહે છે; કેમ કે આનો=બીજા સામર્થ્યયોગનો, શૈલેશી અવસ્થામાં ભાવ છે. ॥૮॥

શ્લોક-૯ની વ્યાખ્યા :

વળી, જે કારણથી આયોજ્યકરણથી ઊર્ધ્વ દ્વિતીય=બીજો સામર્થ્યયોગ, થાય છે,

અતસ્તુ ઇત્યાદિનો અર્થ કરે છે –

આથી જ=શૈલેશી અવસ્થામાં યોગસંન્યાસરૂપ કારણથી જ, અયોગ=યોગનો અભાવ=મન-વચન-કાયા રૂપ યોગોનો અભાવ, મૈત્રી આદિ યોગોની મધ્યમાં=મિત્રા આદિ આઠ યોગદૃષ્ટિઓની મધ્યમાં, પર=પ્રધાન યોગ ઉદાહત છે=કહેવાયો છે.

કેમ યોગનો અભાવ પ્રધાન યોગ કહેવાયો છે ? એથી કહે છે –

"યોજન કરનાર હોવાથી યોગ છે", એથી કરીને મોક્ષ સાથે યોજનના ભાવરૂપ હેતુથી, યોગનો અભાવ પ્રધાન યોગ કહેવાયો છે, એમ અન્વય છે.

આના=અયોગરૂપ પ્રધાન યોગના, સ્વરૂપને કહે છે – સર્વસંન્યાસલક્ષણ છે=અયોગરૂપ પ્રધાન યોગ સર્વના ત્યાગ સ્વરૂપ છે; કેમ કે અધર્મ-ધર્મના સંન્યાસની પણ અહીં=અયોગરૂપ પ્રધાન યોગમાં, પરિશુદ્ધિનો ભાવ છે. 'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

'आदि' શબ્દથી "एतत्त्रयं અનાશ્રય કરીને=ઇચ્છાયોગાદિ ત્રણનો આશ્રય કર્યા વગર, વિશેષથી આનાથી ઉદ્ભવવાળી=ઇચ્છાયોગાદિ ત્રણથી ઉત્પન્ન થનારી, યોગદૃષ્ટિઓ કહેવાય છે, વળી, તેઓ=તે યોગદૃષ્ટિઓ, સામાન્યથી આઠ છે.

મિત્રા-તારા-બલા-દીપ્રા-સ્થિરા-કાંતા-પ્રભા-પરા : યોગદૃષ્ટિઓનાં નામો છે, અને લક્ષણને=આ આઠ યોગદૃષ્ટિઓના સ્વરૂપને, તમે સાંભળો."

ઇત્યાદિ ગ્રંથ દૃશ્ય છે=યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથનો પાઠ જાણવો.

અહીં 'इत्यादि' શબ્દથી આઠ યોગદૃષ્ટિઓ સાથે સંલગ્ન અન્ય શ્લોકો ગ્રહણ કરવા. ॥૯॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'નમુત્થુણં અરિહંતાણં' પદમાં अस्तु શબ્દ પ્રાર્થના અર્થમાં છે, અને તેનાથી સ્થાપન કર્યું કે આ રીતે પ્રાર્થનાથી જ ભાવનમસ્કાર સાધ્ય છે. હવે ચૈત્યવંદન સૂત્રમાં સંપૂર્ણ યોગમાર્ગનો સંગ્રહ કયા કયા નમસ્કારના વચનથી થાય છે ? એના વિષયમાં અન્ય આચાર્યો શું કહે છે ? તે બતાવે છે.

નમુત્થુણં સૂત્રમાં દ્વારા બતાવેલ પ્રાર્થનાવચનને 'નમુત્થુણં અરિહંતાણં' પદ દ્વારા લોકોત્તરયાનવાળા સાધુઓને અને શ્રાવકોને વિશિષ્ટ લોકોત્તરયાનની પ્રાપ્તિના સાધન એવા પ્રથમ ઇચ્છાયોગને કહે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુઓ કે શ્રાવકો લોકોત્તર એવા ભગવાનના માર્ગને સેવી રહ્યા છે, અને તેના બળથી સંસારસાગરને તરી રહ્યા છે, તેવા જીવોને પોતાને જે લોકોત્તરમાર્ગ પ્રાપ્ત થયો છે તેના કરતાં વિશિષ્ટ એવા લોકોત્તરમાર્ગની પ્રાપ્તિનું સાધન એવો ત્રણ યોગોમાંથી પ્રથમ ઇચ્છાયોગ છે, અને તેવો ઇચ્છાયોગ શાસ્ત્રમાં 'નમુત્થુણં અરિહંતાણં' પદ દ્વારા બતાવાયો છે.

અહીં પ્રશ્ન થાય કે 'નમુત્થુણં અરિહંતાણં' પદ દ્વારા વિશિષ્ટ લોકોત્તરયાન પ્રાપ્તિનું સાધન એવો પ્રથમ ઇચ્છાયોગ બતાવાયો છે એવું કઈ રીતે નક્કી થાય ? તેથી કહે છે –

પ્રાર્થનારૂપ ઇચ્છાયોગથી ક્રમે કરીને શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનો ભાવ છે, માટે ઇચ્છાયોગ શાસ્ત્રયોગની

અને સામર્થ્યયોગની પ્રાપ્તિનું કારણ છે, એમ નક્કી થાય છે.

આશય એ છે કે 'અરિહંતોને નમસ્કાર થાઓ' એ પ્રકારની પ્રાર્થના અરિહંતોને શાસ્ત્રાનુસારી નમસ્કાર કરવાની ઇચ્છાસ્વરૂપ છે, અને તે રૂપ ઇચ્છાયોગના બળથી સાધુઓ કે શ્રાવકો સંચિતવીર્યવાળા થાય, ત્યારે શાસ્ત્રયોગ પ્રાપ્ત કરી શકે છે અને શાસ્ત્રયોગના બળથી સંચિતવીર્યવાળા થાય ત્યારે સામર્થ્યયોગ પ્રાપ્ત કરી શકે છે.

આનાથી એ ફલિત થાય કે કોઈ શ્રાવક શાસ્ત્રને પરિપૂર્ણ પરતંત્ર થઈને શ્રાવકાચારનું પાલન કરી શકતા ન હોય તોપણ વારંવાર પરિપૂર્ણ શાસ્ત્રાનુસારે શ્રાવકાચારનું પાલન કરવાની જે ઇચ્છા કરે છે તે દેશવિરતિવિષયક ઇચ્છાયોગસ્વરૂપ છે અને તે ઇચ્છાયોગના બળથી સંચિતવીર્યવાળા થઈને પોતે સ્વીકારેલ શ્રાવકાચારનું સંપૂર્ણ યથાર્થ પાલન કરવા સમર્થ બને છે ત્યારે તેને દેશવિરતિવિષયક શાસ્ત્રયોગ પ્રાપ્ત થાય છે, અને શાસ્ત્રયોગ પ્રાપ્ત થયા પછી તે શ્રાવક સર્વવિરતિ સેવવાની વારંવાર ઇચ્છા કરે છે આથી જ તેવા શ્રાવકો વારંવાર સર્વવિરતિના સૂક્ષ્મ સૂક્ષ્મ ભાવોને જાણવા યત્ન કરે છે. ત્યારે તેમને સર્વવિરતિવિષયક ઇચ્છાયોગ પ્રાપ્ત થાય છે, આથી જ શાસ્ત્રયોગને સેવનારા શ્રાવક પ્રસંગે પ્રસંગે 'હું ક્યારે સંયમ ગ્રહણ કરીશ ?' ઇત્યાદિની ઇચ્છા કરીને સર્વવિરતિવિષયક ઇચ્છાયોગને સેવે છે અને ઇચ્છાયોગના બળથી સર્વવિરતિ ગ્રહણ કર્યા પછી તે સાધુ સર્વવિરતિનું પાલન પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી કરી ન શકે તો વારંવાર પરિપૂર્ણ શાસ્ત્રાનુસારે સર્વવિરતિનું પાલન કરવાની ઇચ્છા કરીને ઇચ્છાયોગને સેવે છે, અને જ્યારે પરિપૂર્ણ શાસ્ત્રાનુસાર સર્વવિરતિનું પાલન કરવા સમર્થ થાય ત્યારે શાસ્ત્રયોગને સેવે છે, અને શાસ્ત્રયોગના સેવન દ્વારા મહાશક્તિના પ્રકર્ષવાળા થાય ત્યારે સામર્થ્યયોગને પ્રાપ્ત કરે છે, તેથી શાસ્ત્રયોગની પ્રાપ્તિનું અને સામર્થ્યયોગની પ્રાપ્તિનું કારણ પ્રથમ ઇચ્છાયોગ છે, એમ ફલિત થાય.

અહીં પ્રશ્ન થાય કે પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી ક્રિયા કરવારૂપ શાસ્ત્રયોગથી અતિરિક્ત એવો સામર્થ્યયોગ શું છે ? તેથી કહે છે –

સામર્થ્યયોગ અનંતરપણાથી મહાફળનો હેતુ છે અર્થાત્ શાસ્ત્રયોગ અનંતર મોહનો નાશ કે કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરાવતો નથી, જ્યારે સામર્થ્યયોગ અનંતર મોહનો નાશ અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે, તેમજ બીજા પ્રકારનો સામર્થ્યયોગ તો અનંતર મોક્ષની પ્રાપ્તિ કરાવે છે, માટે શાસ્ત્રયોગ કરતાં સામર્થ્યયોગ વિશેષ પ્રકારનો યોગ છે, એ પ્રમાણે યોગાચાર્યો કહે છે.

અહીં પ્રશ્ન થાય કે ઇચ્છાયોગાદિનું સ્વરૂપ શું છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

યુક્તિરૂપી આગમથી સિદ્ધ, ઇચ્છાપ્રધાન અને ક્રિયાથી વિકલ એવા તત્ત્વધર્મનો વ્યાપાર અર્થાત્ જીવના અસંગભાવરૂપ તત્ત્વધર્મની નિષ્પત્તિને અનુકૂળ એવો ઉચિત વ્યાપાર, એ ઇચ્છાયોગ છે.

શાસ્ત્રપ્રધાન અને ક્રિયાથી અવિકલ એવો તત્ત્વધર્મનો વ્યાપાર એ શાસ્ત્રયોગ છે.

સામર્થ્યપ્રધાન અને ક્રિયાથી અધિક અર્થાત્ શાસ્ત્રમાં કહેલ મર્યાદા કરતાં વિશુદ્ધ મર્યાદાવાળો, તત્ત્વધર્મનો વ્યાપાર એ સામર્થ્યયોગ છે.

આનાથી એ ફલિત થાય કે આ ત્રણેય યોગો શાસ્ત્રમાં બતાવાયા નથી, તોપણ યુક્તિયુક્ત છે અને યુક્તિયુક્ત પદાર્થ હંમેશાં શાસ્ત્રસંમત હોય, માટે આ ત્રણેય યોગો યુક્તિરૂપી આગમથી સિદ્ધ છે, તેમાંથી (૧) પ્રથમ યોગમાં ધર્માનુષ્ઠાનને પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી કરવાની ઇચ્છાની પ્રધાનતા છે, છતાં પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી ધર્માનુષ્ઠાન કરવાની શક્તિ નહીં હોવાના કારણે ક્રિયાથી વિકલ એવો ધર્મનો વ્યાપાર છે. (૨) બીજા યોગમાં ધર્માનુષ્ઠાનને પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી કરવારૂપ શાસ્ત્રની પ્રધાનતા છે. અને પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી ધર્માનુષ્ઠાન કરવાને કારણે ક્રિયાથી અવિકલ એવો ધર્મનો વ્યાપાર છે. (૩) ત્રીજા યોગમાં સામર્થ્યની પ્રધાનતા છે, અને શક્તિની પ્રબળતાને કારણે શાસ્ત્રોક્ત મર્યાદાથી અધિક એવો ધર્મનો વ્યાપાર છે.

આશય એ છે કે કોઈ મહાત્મા શાસ્ત્રવિહિત અનુષ્ઠાનને સ્વભૂમિકાનુસાર સેવતા હોય, ત્યારે તે અનુષ્ઠાનસેવનવિષયક શાસ્ત્રમાં જે બહિરંગ વિધિ બતાવી છે અને તે બહિરંગ વિધિમાં યત્ન દ્વારા જે અંતરંગ અસંગપરિણતિને અનુકૂળ વીર્યવ્યાપાર અપેક્ષિત છે, તેવો વીર્યવ્યાપાર સમ્યક્ પ્રવર્તતો ન હોય, તો તે મહાત્માનો તે ધર્મવ્યાપાર ઇચ્છાયોગસ્વરૂપ છે.

વળી, કોઈ શ્રાવક ભગવાનની પૂજામાં ત્રણ ગુપ્તિમાં યત્નપૂર્વક, પાંચેય ઇન્દ્રિયના સંવરપૂર્વક, વીતરાગના ગુણોના સ્મરણપૂર્વક, સર્વવિરતિની શક્તિના સંચયને અનુકૂળ એવા અંતરંગ વીર્યવ્યાપારના પ્રણિધાનપૂર્વક ઉદ્યમ કરતાં હોય, આમ છતાં પાંચ ઇન્દ્રિયના સંવરભાવમાં કે તે પ્રકારના અંતરંગ વીર્યવ્યાપારમાં પરિપૂર્ણ શાસ્ત્રાનુસારે નિયંત્રણ રાખી શકતા ન હોય, ત્યારે તે શ્રાવકમાં પૂર્ણ શાસ્ત્રાનુસારી પૂજા કરવાની ઇચ્છાની પ્રધાનતા હોવાથી તે શ્રાવકનો તે પૂજાની પ્રવૃત્તિરૂપ ધર્મવ્યાપાર ઇચ્છાયોગસ્વરૂપ છે.

વળી, તે શ્રાવક આ રીતે ઇચ્છાયોગનું સેવન કરી કરીને સંચિતવીર્યવાળા થાય, અને શાસ્ત્રની પ્રધાનતાવાળો, ક્રિયાથી અવિકલ એવો તત્ત્વધર્મનો વ્યાપાર કરે, ત્યારે તે શ્રાવકનો તે પૂજાની પ્રવૃત્તિરૂપ ધર્મવ્યાપાર શાસ્ત્રયોગ સ્વરૂપ બને છે, અને તે વખતે તે શ્રાવકની પૂજાની પ્રવૃત્તિકાળમાં પાંચેય ઇન્દ્રિયો સંવૃત્ત વર્તે છે, તેમજ ચિત્ત તે પ્રકારના પ્રશાંત ભાવવાળું વર્તે છે, જેથી તે ક્રિયાના પ્રારંભથી માંડીને નિષ્ઠા સુધી જિનગુણના પ્રણિધાનપૂર્વક અવિકલ શાસ્ત્રાનુસાર ક્રિયા કરવા દ્વારા તે શ્રાવકમાં વિશિષ્ટ પ્રકારનો વીતરાગ પ્રત્યેનો બહુમાનભાવ નિષ્પન્ન થાય છે.

વળી, કોઈ મહાસાત્ત્વિક શ્રાવક આ રીતે શાસ્ત્રાનુસારી પૂજા કરી રહ્યા હોય, ત્યારે જો તેઓમાં શક્તિનો પ્રકર્ષ થાય તો તે પૂજાકાળમાં વર્તતા શાસ્ત્રયોગના બળથી જ સામર્થ્યયોગને પામીને કેવલજ્ઞાનને પણ પ્રાપ્ત કરે, આથી સામર્થ્યયોગમાં સામર્થ્ય પ્રધાન છે અને ક્રિયાથી શાસ્ત્રમર્યાદા કરતાં અધિક એવો તત્ત્વધર્મનો વ્યાપાર છે, તેથી આત્માના અસંગભાવને અનુકૂળ એવા મહાવ્યાપારના બળથી તે મહાત્મા વીતરાગ બને છે, જેમ નાગકેતુને પૂજાકાળમાં ભગવાનની પૂજાના અવલંબનના બળથી શાસ્ત્રમર્યાદાથી અધિક એવો આત્માના અસંગભાવરૂપ તત્ત્વધર્મનો વ્યાપાર પ્રાપ્ત થયો, માટે તે નાગકેતુને સામર્થ્યયોગ પ્રાપ્ત થયો, તેના કારણે પૂજા કરતાં કરતાં જ નાગકેતુને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

વળી, અહીં ગ્રંથકારશ્રીએ સાક્ષીપાઠ તરીકે જે યોગદૃષ્ટિસમુચ્ચયના ઇચ્છાયોગાદિ ત્રણ યોગોના સ્વરૂપને

બતાવનારા નવ શ્લોકો મૂક્યા છે, તેમજ અંતે 'ઇત્યાદિ' શબ્દથી પ્રાપ્ત એવા યોગદૃષ્ટિસમુચ્ચયના અન્ય બે શ્લોકો પંજિકાકારે પંજિકામાં બતાવ્યા છે, તે સર્વ શ્લોકોનો ભાવ પ્રસ્તુત ભાવાર્થમાં ખોલ્યો નથી, તેથી જિજ્ઞાસુઓએ અમારા વડે વિવેચિત એવા યોગદૃષ્ટિસમુચ્ચયગ્રંથમાંથી જાણી લેવો.

વળી, ચૈત્યવંદનની ક્રિયામાં ઇચ્છાયોગાદિ ત્રણેય યોગો બતાવ્યા, તેમાં પ્રથમ 'નમુત્થુણં અરિહંતાણં' પદ દ્વારા ઇચ્છાયોગનું અભિધાન છે, તેથી એ પ્રાપ્ત થાય કે ચૈત્યવંદનનો પ્રારંભ કરતી વખતે ચૈત્યવંદન કરનારા મહાત્માને ઉપસ્થિત થાય કે ચૈત્યવંદનની ક્રિયા પરમાર્થથી ભાવનમસ્કારસ્વરૂપ છે, અને ભાવનમસ્કાર વીતરાગની જેમ સર્વઉદ્યમથી વીતરાગ થવાને અનુકૂળ વ્યાપારસ્વરૂપ છે અને આવો ભાવનમસ્કાર કરવાની જેઓની શક્તિ નથી તેઓ નમસ્કારની પ્રાર્થના કરીને ભાવનમસ્કારનો શક્તિસંચય કરે છે.

વળી, નમુત્થુણં સૂત્રમાં 'નમો જિણાણં જિયભયાણં' પદ દ્વારા શાસ્ત્રયોગનું અભિધાન છે, તેથી તે પદ બોલતી વખતે નમસ્કાર કરનાર સાધકને ઉપસ્થિત થાય કે ખરેખર શાસ્ત્રમાં જે રીતે તીર્થંકરોને નમસ્કાર કરવાનો કહ્યો છે તે રીતે જ મારે નમસ્કાર કરવો જોઈએ, અને તે પદ બોલતાં બોલતાં તે પ્રકારની સ્મૃતિના બળથી વીર્યનો પ્રકર્ષ થાય તો તે પ્રકારના વચનપ્રયોગકાળમાં જ તે સાધકને શાસ્ત્રયોગના નમસ્કારની પ્રાપ્તિ થઈ શકે છે.

અહીં પ્રશ્ન થાય કે આ બીજો નમસ્કાર શાસ્ત્રયોગનો નમસ્કાર છે તેમ કઈ રીતે નક્કી થાય ? તેથી કહે છે –

નિર્વિશેષથી સંપૂર્ણ 'નમો' માત્રનું અભિધાન છે, તેથી એ ફલિત થાય કે नमोऽस्तु अर्हद्भ्यःમાં પ્રાર્થનારૂપ વિશેષણથી વિશિષ્ટ એવા નમસ્કારનું કથન છે, જ્યારે नमो जिनेभ्यो जितभयेभ्यःમાં પ્રાર્થનારૂપ વિશેષણથી રહિત એવા સંપૂર્ણ નમસ્કારનું કથન છે. અર્થાત્ પ્રથમ પ્રકારના પ્રાર્થનારૂપ વિશેષણપૂર્વકના નમસ્કાર કરવાથી વિકલ નમસ્કાર થાય છે; કેમ કે તેવા નમસ્કાર વાસ્તવિક નમસ્કાર નથી, પરંતુ નમસ્કારની ઇચ્છારૂપ છે, જ્યારે બીજા પ્રકારના વિશેષણ વગરના નમસ્કાર કરવાથી સંપૂર્ણ નમસ્કાર થાય છે.

વળી, સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં 'ઈક્કો વિ નમુક્કારો જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ સંસારસાગરાઓ તારેઈ નરં વ નારિં વા' પદ દ્વારા સામર્થ્યયોગનું અભિધાન છે, તેથી એ ફલિત થાય કે ઋષભદેવ અને મહાવીર ભગવાનનું અવલંબન લઈને વીર્યના પ્રકર્ષથી કરાયેલો નમસ્કાર તે તે ભગવાનની જેમ મોહનો નાશ કરીને વીતરાગતાનિષ્પત્તિનું કારણ છે, અને 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્રથી ચૈત્યવંદન કરનારા મહાત્માને બોધ હોય છે કે "આ ચૈત્યવંદનની ક્રિયા સામાન્ય નથી, પણ જો વીર્યના પ્રકર્ષથી પરમાત્માને નમસ્કારને અનુકૂળ વ્યાપાર કરવામાં આવે તો તત્કાલ જીવને એકાંતે ઇષ્ટ એવા કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે." અને આવા બોધના બળથી સંચિત વીર્યવાળા થયેલા મહાત્મા અતિચારોના અત્યંત પરિહારપૂર્વક ચૈત્યવંદનનાં સૂત્રોમાં યત્ન કરી શકે છે.

લલિતવિસ્તરામાં ઉદ્ધરણની ગાથા-૬માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે પ્રાતિભજ્ઞાનથી સંગત એવો સામર્થ્યયોગ છે, ત્યાં વિચારકને શંકા થાય કે શાસ્ત્રમાં મતિ આદિ પાંચ જ્ઞાન સંભળાય છે, પરંતુ પ્રાતિભ

નામનું છટ્ઠું જ્ઞાન સંભળાતું નથી, તેથી ગ્રંથકારશ્રીએ પ્રાતિભજ્ઞાનથી સંગત એવો સામર્થ્યયોગ છે, એમ કેમ કહ્યું ?

તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે મતિ આદિ ચાર જ્ઞાનનો પ્રકર્ષ થયા પછી અને કેવલજ્ઞાન થવાની પૂર્વે આ પ્રાતિભજ્ઞાન થાય છે, અને તે પ્રાતિભજ્ઞાન ઉદયમાં સૂર્યના આલોક જેવું છે અર્થાત્ સૂર્યોદય પૂર્વે થતા સૂર્યના પ્રકાશ જેવું છે. તેથી એ નક્કી થાય કે શાસ્ત્રમાં જે પાંચ જ્ઞાન કહ્યાં છે, તેમાંથી કોઈ મહાત્માને મતિજ્ઞાન પ્રકર્ષવાળું થાય, ચૌદપૂર્વનું ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન થાય, અવધિજ્ઞાન પણ ઉત્કૃષ્ટ થાય, વિપુલમતી નામનું ઉત્કૃષ્ટ મનઃપર્યવજ્ઞાન થાય, ત્યારપછી તે ચાર જ્ઞાનના પ્રકર્ષવાળા મહાત્માને કેવલજ્ઞાન થતા પૂર્વે જે ચાર જ્ઞાનનો પ્રકર્ષ થાય છે, તે જ્ઞાનના પ્રકર્ષરૂપ જ પ્રાતિભજ્ઞાન છે, તેથી ચાર જ્ઞાનથી પૃથગ્ પ્રાતિભજ્ઞાન નથી માટે શાસ્ત્રમાં મતિ આદિ પાંચ જ્ઞાનો જ કહ્યા છે. તેનો વિરોધ નથી. અને તે પ્રાતિભજ્ઞાન જેમ સૂર્યોદય પૂર્વે અરુણોદય થતી વખતે આકાશમાં દિવસ જેવો ઘણો પ્રકાશ દેખાય છે તેની જેમ આત્માનું વિશેષ પ્રકારનું જ્ઞાન છે, જે જીવના માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહથી ઉત્પન્ન થયેલ છે; અને આ પ્રાતિભજ્ઞાનકાળમાં જીવને કેવલજ્ઞાનની જેમ અરૂપી એવા આત્માનું સ્વરૂપ સ્પષ્ટ દેખાતું નથી, તોપણ અરૂપી એવા આત્માના પારમાર્થિક સ્વસ્થતાના સ્વરૂપનો ઘણો બોધ વર્તે છે, અને ચિત્ત અરૂપી એવા આત્માના નિરાકુળભાવમાં નિવેશવાળું બને છે, જેના કારણે દ્રવ્યથી દેહાદિનો સંગ હોવા છતાં તે મહાત્માનું ચિત્ત સામર્થ્યયોગકાળમાં દેહાદિ પદાર્થો સાથે સંગવાળું થતું નથી, પરંતુ સંપૂર્ણ સામર્થ્યથી આત્માના નિરાકુળભાવમાં વિશ્રાંત થાય છે, આથી જ સામર્થ્યયોગકાળમાં તે મહાત્માના દેહને અગ્નિ આદિનો સ્પર્શ થાય તોપણ તેમનું ચિત્ત તે દેહકૃત પીડામાં જોડાતું નથી, કે તે મહાત્માને ઉપસર્ગ થાય તોપણ તે ઉપસર્ગકૃત પીડાનું તેઓને ઉપયોગરૂપે સંવેદન થતું નથી, ફક્ત તેઓને ઉપયોગરૂપે શુદ્ધ આત્માના સ્વભાવનું જ સંવેદન હોય છે, આમ છતાં દેહ સાથે દ્રવ્ય સંગ હોવાને કારણે દેહકૃત અશાતાનું વેદન થાય છે, તોપણ ઉપયોગના સંગથી જેવો દેહકૃત પીડાનો ઉત્કર્ષ અનુભવાય તેવો પીડાનો ઉત્કર્ષ તે મહાત્માને વેદન થતો નથી; કેમ કે તેઓનું ચિત્ત આત્માના નિરાકુળભાવમાં દૃઢયત્નપૂર્વક પ્રવર્તે છે. ॥૧॥

अवतरणिका :-

एते चार्हन्तो नामाद्यनेकभेदाः, 'नामस्थापनाद्रव्यभावतः तदुपन्यासः' इति वचनात्।

तत्र भावोपकारकत्वेन भावार्हत्संपरिग्रहार्थमाह-'भगवद्भ्यः' इति।

અવતરણિકાર્થ :-

અને આ અરિહંતો નામાદિ અનેક ભેદોવાળા છે; કેમ કે "નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવથી તેનો ઉપન્યાસ છે='અરિહંત' પદનું કથન છે" એ પ્રકારનું વચન છે. ત્યાં='અરિહંત' પદથી ઉપસ્થિત થનારા ચાર પ્રકારના નામાદિ અરિહંતોમાં, ભાવનું ઉપકારકપણું હોવાથી=ચરમભવમાં વર્તતા અરિહંતોની છદ્મસ્થાવસ્થાના ભાવોનું કે કેવલજ્ઞાનાવસ્થાના ભાવોનું આત્માને ઉપકારકપણું હોવાથી, ભાવઅરિહંતના સંપરિગ્રહ અર્થે 'भगवद्भ्यः' એ પ્રકારે કહે છે=નમુત્થુણં સૂત્રમાં કહે છે–

સૂત્ર :-

ભગવંતાણં ।।૨।।

સૂત્રાર્થ :-

ભગવંતોને નમસ્કાર થાઓ. ।।૨।।

ललितविस्तरा :-

तत्र 'भगः' समग्रैश्वर्यादिलक्षणः, उक्तं च—

'ऐश्वर्यस्य समग्रस्य रूपस्य यशसः श्रियः।

धर्म्मस्याथ प्रयत्नस्य षण्णां भग इतीङ्गना।।१।।'

(१) समग्रं चैश्वर्यं - भक्तिनम्रतया त्रिदशपतिभिः शुभानुबन्धिमहाप्रातिहार्यकरणलक्षणम्। (२) रूपं पुनः-सकलसुरस्वप्रभावविनिर्म्मिताङ्गुष्ठ(स्व)रूपाङ्गारनिदर्शनातिशयसंसिद्धम्। (३) यशस्तु-रागद्वेषपरीषहोपसर्ग्गपराक्रमसमुत्थं त्रैलोक्यानन्दकार्याकालप्रतिष्ठम्। (४) श्रीः पुनः-घातिकर्म्मोच्छेद-(प्र.च्छेदन)-विक्रमावाप्तकेवलालोकनिरतिशयसुखसम्पत्समन्वितता परा। (५) धर्म्मस्तु सम्यग्दर्शनादि-रूपो दानशीलतपोभावनामयः साश्रवानाश्रवो महायोगात्मकः। (६) प्रयत्नः पुनःपरमवीर्यसमुत्थ एकरात्रिक्यादिमहाप्रतिमाभावहेतुः समुद्घातशैलेश्यवस्थाव्यङ्ग्यः समग्र इति। अयमेवंभूतो भगो विद्यते येषां ते भगवन्तः, तेभ्यो भगवद्भ्यो नमोऽस्त्विति एवं सर्वत्र क्रिया योजनीया, तदेवंभूता एव प्रेक्षावतां स्तोतव्या इति स्तोतव्यसम्पत् ।।२।।

ललितविस्तरार्थ :-

ત્યાં='भगवंताणं' પદમાં, 'भग' સમગ્રઐશ્વર્યાદિના લક્ષણવાળો છે.

અને કહેવાયું છે —

"સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ, પ્રયત્નરૂપ છની 'ભગ' એ પ્રકારે ઇંગના છે=સંજ્ઞા છે."

(૧) અને સમગ્ર ઐશ્વર્ય - ભક્તિથી નમ્રપણાને કારણે ત્રિદશપતિઓ વડે=ઇન્દ્રો વડે, શુભના અનુબંધવાળું મહાપ્રાતિહાર્યોના કરણ સ્વરૂપ છે.

(૨) વળી, રૂપ - સકલ સુરો વડે પોતાના પ્રભાવથી વિનિર્માણ કરાયેલા અંગૂઠાના રૂપને અંગારાના નિદર્શનથી અતિશયવાળું સિદ્ધ છે.

(૩) વળી, યશ - રાગ-દ્વેષ પરિષહ-ઉપસર્ગમાં પરાક્રમથી સમુત્થ=પરાક્રમ ફોરવવાથી ઉત્પન્ન થયેલું, ત્રૈલોક્યના આનંદને કરનારું, આકાલ પ્રતિષ્ઠ છે=સદાકાલ રહેનારું છે.

(૪) વળી, ઘાતીકર્મોના ઉચ્છેદમાં વિક્રમથી અવાપ્ત કેવલાલોક-નિરતિશય સુખસંપત્થી સમન્વિત=ઘાતીકર્મોનો નાશ કરવામાં પરાક્રમ ફોરવવાથી પ્રાપ્ત થયેલ એવા કેવલજ્ઞાન અને નિરતિશય એવા સુખરૂપી સંપત્તિથી યુક્ત, એવી પરા શ્રી=લક્ષ્મી, છે=શ્રેષ્ઠ કોટિની અરિહંતોની શ્રી છે.

(૫) વળી, ધર્મ - સમ્યગ્દર્શનાદિરૂપ, દાન-શીલ-તપ-ભાવનામય, સાશ્રવ-અનાશ્રવ એવા મહાયોગાત્મક છે=મહાન યોગસ્વરૂપ છે.

(૬) વળી, પ્રયત્ન - પરમવીર્યથી સમુત્થ, એકરાત્રિકી આદિ મહાપ્રતિમાના ભાવનો હેતુ, સમુદ્‌ઘાત-શૈલેશી અવસ્થાથી વ્યંગ્ય=અભિવ્યક્ત થતો, એવો સમગ્ર છે.

'इति' 'भग' શબ્દના છ અર્થોના સ્વરૂપ કથનની સમાપ્તિમાં છે.

આવા પ્રકારનો=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારનો આ=છ અર્થોવાળો, ભગ વિદ્યમાન છે જેઓને તેઓ ભગવાળા છે=ભગવંત છે, તે ભગવંતોને, 'નમસ્કાર થાઓ' એ પ્રકારની ક્રિયા સર્વત્ર યોજવી='નમુત્થુણં અરિહંતાણં' રૂપ પ્રથમ પદમાં રહેલ 'નમોઽસ્તુ' એ પ્રકારના ક્રિયાપદનું 'ભગવંતાણં' આદિ સર્વ પદોમાં યોજન કરવું.

તે કારણથી પ્રેક્ષાવાનને આવા પ્રકારના જ સ્તોતવ્ય છે=વિચારકપુરુષોને ઉપર બતાવ્યા એવા પ્રકારના ભગવાળા અરિહંતો જ સ્તુતિ કરવા યોગ્ય છે. આ પ્રમાણે 'સ્તોતવ્ય'સંપદા છે. ॥૨॥

ભાવાર્થ :-

'નમુત્થુણં અરિહંતાણં' પદના ઉચ્ચારણમાં 'અરિહંત' પદથી નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ અરિહંત વાચ્ય છે; કેમ કે શાસ્ત્રનાં સર્વ પદો સામાન્યથી નામાદિ ચાર નિક્ષેપાનાં વાચક છે, તેથી એ ફલિત થાય કે 'અરિહંત' એ પ્રકારના નામનું ઉચ્ચારણ એ નામઅરિહંત છે, અરિહંતની પ્રતિમા એ સ્થાપનાઅરિહંત છે, જેમણે તીર્થંકરનામકર્મ બાંધેલું છે અને ભવિષ્યમાં તીર્થંકર થવાના છે એ દ્રવ્યઅરિહંત છે, તેમજ કેવલજ્ઞાન પામેલા અને તીર્થની સ્થાપના કરનારા તીર્થંકરો એ ભાવઅરિહંત છે. આ સર્વની ઉપસ્થિતિ 'અરિહંતાણં' પદથી થાય છે, પરંતુ નમુત્થુણં સૂત્રમાં ભાવઅરિહંતને જ નમસ્કાર કરવા છે, તેથી તે અરિહંતના ચારેય નિક્ષેપામાંથી ભાવઅરિહંતને નમસ્કાર કરવા માટે પ્રથમ સંપદામાં 'અરિહંતાણં' પછી 'ભગવંતાણં' શબ્દનો પ્રયોગ કરેલ છે, અને આથી જ લલિતવિસ્તરામાં કહે છે કે ચાર પ્રકારના અરિહંતમાંથી ભાવનું ઉપકારકપણું હોવાથી ભાવઅરિહંતને ગ્રહણ કરવા માટે નમુત્થુણં સૂત્રમાં અરિહંતાણં પદ પછી ભગવંતાણં પદ મૂકેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે 'નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં' પદ દ્વારા આવા ઐશ્વર્યાદિ ભગવાળા અરિહંતોને નમસ્કાર થાઓ. વળી, 'ભગવંતાણં'માં રહેલ 'ભગ' શબ્દ સમગ્ર ઐશ્વર્યાદિ છ અર્થો સ્વરૂપ છે. તે આ પ્રમાણે –

(૧) ભગ એટલે સમગ્ર ઐશ્વર્ય : ભગવાનને ઇન્દ્રો ભક્તિપૂર્વક નમે છે, અને ભગવાનના શુભઅનુબંધવાળા આઠ મહાપ્રાતિહાર્યો રચે છે, તે ભગવાનનું સમગ્ર ઐશ્વર્ય છે.

અહીં ઐશ્વર્યને 'શુભાનુબંધી' કહેવાથી એ પ્રાપ્ત થાય કે દેવો ભગવાનના જે આઠ પ્રાતિહાર્યો કરે છે, તે ઘણા જીવોને સન્માર્ગપ્રાપ્તિનું કારણ છે, માટે શુભઅનુબંધવાળા છે, અને અહીં 'અનુબંધ' શબ્દ 'પ્રવાહ' અર્થમાં નથી, પરંતુ 'ફળ' અર્થમાં છે, આથી નક્કી થાય કે ઇન્દ્રો જેઓને ભક્તિથી નમે છે અને આવા શુભફલવાળા મહાપ્રાતિહાર્યો રચીને જેઓનું ઐશ્વર્ય જગતમાં પ્રગટ કરે છે, તેવા ઐશ્વર્યરૂપ ભગવાળા અરિહંતો છે.

(૨) **ભગ એટલે રૂપ :** સર્વ દેવો પોતાના પ્રભાવથી કોઈ એક દેવના અંગૂઠામાં રૂપના અતિશયનું નિર્માણ કરે ત્યારે તે અંગૂઠાનું રૂપ સર્વ દેવોના રૂપ કરતાં અતિશયવાળું દેખાય, તેવું પણ અંગૂઠાનું રૂપ ભગવાનના રૂપ આગળ અંગારા જેવું અસાર લાગે. એ દૃષ્ટાંતથી ભગવાનનું રૂપ અતિશયવાળું સિદ્ધ છે, અને તેવા રૂપસ્વરૂપ ભગવાળા અરિહંતો છે.

(૩) **ભગ એટલે યશ :** રાગ-દ્વેષાદિ જીતવા અતિદુષ્કર છે, તેથી કોઈ મહાત્મા રાગ-દ્વેષાદિ જીતવા માટે પરાક્રમ ફોરવતા હોય ત્યારે ઉપસર્ગ-પરિષહ આવે તો તેઓ ક્યારેક સ્ખલના પણ પામે, જ્યારે તીર્થંકરો ચરમભવમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે રાગ-દ્વેષ અને ઉપસર્ગ-પરિષહ જીતવા માટે મહાપરાક્રમ ફોરવે છે, માટે તેવા પરાક્રમથી ઉત્પન્ન થયેલો ભગવાનનો યશ વિવેકી એવા ત્રણ લોકવર્તી જીવોને આનંદ કરનારો છે અને સદાકાલ રહેનારો છે; કેમ કે સર્વ તીર્થંકરો સદા આવું પરાક્રમ ફોરવે છે, માટે તીર્થંકરોનો આવો યશ જગતમાં સદા વર્તે છે અને તેવા યશરૂપ ભગવાળા અરિહંતો છે.

(૪) **ભગ એટલે શ્રી :** વળી, ભગવાનની લક્ષ્મી ઘાતીકર્મનો ઉચ્છેદ કરવા માટે કરેલા પરાક્રમથી પ્રાપ્ત થયેલા કેવલજ્ઞાન અને નિરતિશય સુખની સંપત્તિથી યુક્ત એવી પરા છે, તેથી એ પ્રાપ્ત થાય કે તીર્થંકરોએ ચાર ઘાતીકર્મોનો નાશ કરીને કેવલજ્ઞાન રૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરી, તેમજ તેઓનો આત્મા પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત હોવાને કારણે લેશ પણ મોહની આકુળતાવાળા નથી, માટે તેઓમાં નિરાકુળ ચેતનાનું સુખ વર્તે છે, અને તેવા શ્રેષ્ઠ લક્ષ્મીરૂપ ભગવાળા અરિહંતો છે.

(૫) **ભગ એટલે ધર્મ :** વળી, ધર્મ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર સ્વરૂપ છે, અને ભગવાને તે ધર્મની પરાકાષ્ઠા પ્રાપ્ત કરી છે, માટે ભગવાનનો ધર્મ મહાયોગાત્મક છે, અથવા ધર્મ દાન-શીલ-તપ-ભાવ સ્વરૂપ છે, અને તે ચારેય પ્રકારનો ધર્મ તીર્થંકરોએ પરાકાષ્ઠાનો પ્રાપ્ત કર્યો છે, માટે ભગવાનનો ધર્મ મહાયોગાત્મક છે, અથવા ધર્મ આશ્રવ-અનાશ્રવ સ્વરૂપ છે. તેમાં જે ધર્મના સેવનથી ઉત્તમકોટિના પુણ્યાનુબંધી પુણ્યનું આશ્રવણ થાય તે સાશ્રવ ધર્મ છે અને જે ધર્મના સેવનથી કર્મબંધનો સર્વથા અભાવ થાય, તે અનાશ્રવ ધર્મ છે. આ બંને પ્રકારનો ધર્મ ભગવાને પરાકાષ્ઠાનો સેવ્યો છે, માટે ભગવાનનો ધર્મ મહાયોગાત્મક છે. અને તેવા ધર્મરૂપ ભગવાળા અરિહંતો છે.

(૬) **ભગ એટલે પ્રયત્ન :** ભગવાન છદ્મસ્થાવસ્થામાં સંયમ પાળતા હતા, ત્યારે પ્રકૃષ્ટ વીર્યથી એક રાત્રિકી આદિ મહાપ્રતિમાને સેવેલી; વળી, કેવલજ્ઞાન પ્રાપ્ત થયું, ત્યારપછી સમુદ્ઘાતમાં અને શૈલેશી અવસ્થામાં મહાવીર્ય ફોરવેલું, અને તેનાથી વ્યંગ્ય એવો સમગ્ર ભગવાનનો પ્રયત્ન છે, અને તેવા પ્રયત્નરૂપ

ભગવાળા અરિહંતો છે.

આવા પ્રકારના ભગવાળા એવા અરિહંતોને નમસ્કાર થાઓ, એમ પ્રથમ પદમાં રહેલા નમોઽસ્તુનું 'ભગવંતાણં' આદિ સર્વ પદોમાં યોજન કરવું.

અને આવા પ્રકારના ભગવંત અરિહંતો જ પ્રેક્ષાવાન પુરુષોને સ્તોતવ્ય છે, એથી 'નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં' એ પદથી સ્તોતવ્યસંપદાની પ્રાપ્તિ છે અર્થાત્ સ્તોતવ્ય એવા ભગવાનની આવી ઉત્તમ સંપત્તિની પ્રાપ્તિ છે. ॥२॥

अवतरणिका :-

एतेऽपि भगवन्तः प्रत्यात्मप्रधानवादिभिर्मौलिकसांख्यैः सर्वथाऽकर्त्तारोऽभ्युपगम्यन्ते, 'अकर्त्ताऽत्मे'ति वचनात्, तद्व्यपोहेन कथंचित् कर्त्तृत्वाभिधित्सयाह- 'आदिकरेभ्यः' इति।

अवतरणिकार्थ :-

આ પણ ભગવંતો=સ્તોતવ્યસંપદામાં બતાવ્યા એ પણ અરિહંત ભગવંતો, પ્રતિઆત્મપ્રધાનવાદી એવા મૌલિક સાંખ્યો વડે સર્વથા અકર્તા સ્વીકારાય છે; કેમ કે 'અકર્તા આત્મા છે' એ પ્રકારનું વચન છે=મૌલિક સાંખ્યોનું વચન છે, તેના વ્યપોહથી=મૌલિક સાંખ્યોના તે વચનના નિરાકરણથી, કથંચિત્ કર્તૃત્વની અભિધિત્સાથી=ભગવંતમાં કોઈક નયદૃષ્ટિથી કર્તાપણાને કહેવાની ઇચ્છાથી, 'आदिकरेभ्यः' એ પ્રકારે કહે છે=નમુત્થુણં સૂત્રમાં કહે છે –

पंजिका :-

'प्रत्यात्मप्रधानवादिभिरि'ति; सत्त्वरजस्तमसां साम्यावस्था प्रकृतिः, सैव प्रधानं, ततः आत्मानमात्मानं प्रति प्रधानं वदितुं शीलं येषां ते प्रत्यात्मप्रधानवादिनः, तैः, उत्तरे हि साङ्ख्या 'एकं नित्यं सर्वात्मसु प्रधानमि'ति प्रतिपन्नाः(प्रपन्नाः), तद्व्यवच्छेदार्थं मौलिकसाङ्ख्यैरित्युक्तं, तद्ग्रहणमपि च प्रत्यात्मकर्म्मभेदवादिनां जैनानां कर्तृत्वमात्रविषयैव तैः सह विप्रतिपत्तिरित्यभिप्रायात् कृतम्।

पंजिकार्थ :-

'प्रत्यात्मप्रधान ..... प्रायात् कृतम् ।। प्रत्यात्मप्रधानवादिभिःનો અર્થ કરે છે –

સત્ત્વ-રજસ્-તમસ્ની સામ્ય અવસ્થા પ્રકૃતિ છે, તે જ પ્રધાન છે=તે પ્રકૃતિ જ પ્રધાન છે, તેથી આત્મા આત્મા પ્રતિ=દરેક આત્મા પ્રત્યે પ્રધાનને કહેવા માટેનો શીલ છે=સ્વભાવ છે, જેઓનો તેઓ પ્રતિઆત્મપ્રધાનવાદી છે, તેઓ વડે=પ્રતિઆત્મપ્રધાનવાદીઓ વડે, આત્મા સર્વથા અકર્તા સ્વીકારાય છે એમ અન્વય છે.

જે કારણથી ઉત્તર એવા સાંખ્યો "સર્વ આત્માઓમાં પ્રધાન એક છે, નિત્ય છે" એ પ્રકારે પ્રતિપન્ન છે=સ્વીકારનારા છે, તેના વ્યવચ્છેદ અર્થે=તે ઉત્તર સાંખ્યોના વ્યવચ્છેદ માટે, 'મૌલિક સાંખ્યો વડે' એ

પ્રમાણે કહેવાયું છે="મૌલિક સાંખ્યો વડે આત્મા સર્વથા અકર્તા સ્વીકારાય છે" એ પ્રમાણે લલિતવિસ્તરામાં ગ્રંથકારશ્રી વડે કહેવાયું છે અને તેનું ગ્રહણ પણ=મૌલિક સાંખ્યોનું ગ્રહણ પણ, પ્રતિઆત્મકર્મભેદવાદી એવા જૈનોની=દરેક આત્મામાં ભિન્ન ભિન્ન કર્મને કહેનારા જૈનોની, તેઓ સાથે=મૌલિક સાંખ્યો સાથે, કર્તૃત્વમાત્ર વિષયવાળી જ વિપ્રતિપત્તિ છે, એ પ્રકારના અભિપ્રાયથી કરાયું છે.

ભાવાર્થ :-

સાંખ્યદર્શનમાં બે મત છે : (૧) મૌલિક સાંખ્યદર્શન (૨) ઉત્તર સાંખ્યદર્શન. તેમાં મૌલિક સાંખ્યોની માન્યતા છે કે પ્રકૃતિરૂપ પ્રધાન દરેક આત્માને આશ્રયીને ભિન્ન ભિન્ન છે, તેથી જેમ આત્મા અનંત છે, તેમ દરેક આત્માને આશ્રયીને પ્રધાન પણ અનંત છે અને ઉત્તર સાંખ્યોની માન્યતા છે કે આત્મા અનંત છે, પરંતુ સર્વ આત્માઓ સાથે સંબંધિત એવું પ્રકૃતિરૂપ પ્રધાન એક છે અને નિત્ય છે. વળી, આ ઉત્તર સાંખ્યો સાથે જૈનોને બે પ્રકારે વિરોધ છે : (૧) તેઓ આત્મામાં કર્તૃત્વ માનતા નથી, (૨) પ્રકૃતિરૂપ પ્રધાન દરેક આત્માને આશ્રયીને ભિન્ન ભિન્ન માનતા નથી; અને તે ઉત્તર સાંખ્યોનો વ્યવચ્છેદ કરવા માટે ગ્રંથકારશ્રીએ મૌલિક સાંખ્યોનું ગ્રહણ કરેલ છે. વળી, તે મૌલિક સાંખ્યો સાથે જૈનોને એક પ્રકારે જ વિરોધ છે : (૧) તેઓ આત્મામાં કર્તૃત્વ માનતા નથી; કેમ કે જૈનો જેમ દરેક આત્માને આશ્રયીને ભિન્ન ભિન્ન કર્મ માને છે, તેમ મૌલિક સાંખ્યો પણ દરેક આત્માને આશ્રયીને ભિન્ન ભિન્ન પ્રધાન માને છે; પરંતુ જૈનો આત્મામાં કર્તૃત્વ માને છે, જ્યારે મૌલિક સાંખ્યો આત્મામાં સર્વથા અકર્તૃત્વ માને છે, માટે માત્ર આત્માના કર્તૃત્વના વિષયમાં જ જૈનોને મૌલિક સાંખ્યો સાથે વિપરીત પ્રતિપત્તિ છે, અને તેના નિરાકરણ માટે જ ગ્રંથકારશ્રીએ મૌલિક સાંખ્યોનું ગ્રહણ કરેલ છે, અને આઇગરાણં પદનો "ભગવાન આદિમાં જન્માદિપ્રપંચને કરવાના સ્વભાવવાળા છે" એ પ્રકારનો અર્થ કરીને ગ્રંથકારશ્રીએ મૌલિક સાંખ્યોના અકર્તૃત્વમતનું નિરાકરણ કરેલ છે.

સૂત્ર :-

આઇગરાણં ।।૩।।

સૂત્રાર્થ :-

આદિમાં કરનારા ભગવાનને નમસ્કાર થાઓ. ।।3।।

લલિતવિસ્તરા :-

इहादौ करणशीला 'आदिकराः', अनादावपि भवे तदा तदा तत्तत्कर्म्माण्वादिसम्बन्धयोग्यतया विश्वस्यात्मादिगामिनो जन्मादिप्रपञ्चस्येति हृदयम्।

अन्यथाऽधिकृतप्रपञ्चासम्भवः, प्रस्तुतयोग्यतावैकल्ये प्रक्रान्तसम्बन्धासिद्धेः, अतिप्रसङ्गदोषव्याघातात्, मुक्तानामपि जन्मादिप्रपञ्चापत्तेः, प्रस्तुतयोग्यताऽभावेपि प्रक्रान्तसम्बन्धाविरोधादिति परिभावनीयमेतत्।

न च तत्तत्कर्माण्वादेरेव तत्स्वभावतयाऽत्मनस्तथासम्बन्धसिद्धिः, द्विष्ठत्वेन अस्योभयोस्तथास्वभावापेक्षित्वात्, अन्यथा कल्पनाविरोधात्, न्यायानुपपत्तेः, न हि कर्माण्वादेस्तथाकल्पनायामप्यलोकाकाशेन सम्बन्धः, तस्य तत्सम्बन्धस्वभावत्वायोगात्, अतत्स्वभावे चालोकाकाशे विरुध्यते कर्म्माण्वादेस्तत्स्वभावताकल्पनेतिन्यायानुपपत्तिः, तत्स्वभावताङ्गीकरणे चास्यास्मदभ्युपगतापत्तिः।

न चैवं स्वभावमात्रवादसिद्धिः, तदन्यापेक्षित्वेन सामग्र्याः फलहेतुत्वात्, स्वभावस्य च तदन्तर्गतत्वेनेष्टत्वात्, निर्लोठितमेतदन्यत्रेति आदिकरत्वसिद्धिः ।।३।।

ललितविस्तरार्थ :-

અહીં=आइगराणं પદમાં, આદિમાં=સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિની પૂર્વમાં, કરણશીલ=કરવાના સ્વભાવવાળા, આદિકર છે.

અહીં પ્રશ્ન થાય કે આદિમાં કોને કરવાના સ્વભાવવાળા આદિકર છે ? તેથી કહે છે –

અનાદિ પણ ભવમાં ત્યારે ત્યારે=તે તે કાળમાં, તે તે કર્માણુ આદિ સાથે સંબંધના યોગ્યપણાથી આત્માદિગામી, જન્માદિપ્રપંચવાળા વિશ્વને આદિમાં કરવાના સ્વભાવવાળા આદિકર છે, એમ અન્વય છે, એ પ્રમાણે હૃદય છે=તાત્પર્ય છે.

અન્યથા અધિકૃત પ્રપંચનો અસંભવ છે=જો ભગવાનનો આત્મા આદિમાં કરનારો ન હોત તો ભગવાનના આત્માને મોક્ષની પ્રાપ્તિ પૂર્વે પ્રાપ્ત થયેલ ભવોની પરંપરારૂપ અધિકૃત પ્રપંચનો અસંભવ છે; કેમ કે પ્રસ્તુત યોગ્યતાના વૈકલ્યમાં=ભગવાનના આત્મામાં મોક્ષપ્રાપ્તિ પૂર્વે તે તે કાળમાં તે તે કર્માણુ આદિ સાથે સંબંધ થવામાં નિમિત્તભૂત એવા કર્તૃત્વરૂપ યોગ્યતાના અભાવમાં, પ્રકાંત સાથે સંબંધની અસિદ્ધિ છે=ભગવાનના આત્માને આદિમાં પ્રાપ્ત થયેલા જન્માદિપ્રપંચમાં કારણીભૂત એવા પ્રતિવિશિષ્ટ કર્માણુ આદિ સાથે સંબંધની અનિષ્પત્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાન જન્માદિપ્રપંચ કરનારા નથી એમ માનીએ તો શું વાંધો ? તેથી હેતુ આપે છે –

અતિ પ્રસંગ દોષ વડે વ્યાઘાત છે=તેમ માનવામાં અતિપ્રસંગદોષ બાધ કરનાર છે.

કેવા પ્રકારનો અતિપ્રસંગદોષ છે ? તે સ્પષ્ટ કરે છે –

મુક્તોને પણ=મોક્ષે ગયેલા જીવોને પણ, જન્માદિપ્રપંચની આપત્તિ હોવાથી અતિપ્રસંગદોષ વડે વ્યાઘાત છે, એમ અન્વય છે.

મુક્ત જીવોને જન્માદિપ્રપંચની આપત્તિ કેમ છે ? તેથી કહે છે –

પ્રસ્તુત યોગ્યતાનો અભાવ હોતે છતે પણ=ભગવાનને જન્માદિપ્રપંચના અકર્તા સ્વીકારવામાં આવે તો ભગવાનમાં તે તે કર્માણુ આદિ સાથે સંબંધની યોગ્યતાનો અભાવ હોવા છતાં પણ,

પ્રકાંત સંબંધનો અવિરોધ હોવાથી=ભગવાનમાં સિદ્ધાવસ્થાની પ્રાપ્તિની પૂર્વમાં તે તે કર્માણુ આદિ સાથે સંબંધનો અવિરોધ હોવાથી, ભગવાનની જેમ મુક્ત જીવોને પણ જન્માદિપ્રપંચની આપત્તિ છે, એમ અન્વય છે.

આ પ્રકારે આ=ભગવાનને આદિમાં કરવાના સ્વભાવવાળા ન સ્વીકારીએ તો મુક્ત જીવોને પણ ભગવાનની જેમ જન્માદિપ્રપંચ માનવાની આપત્તિ આવે એ, પરિભાવન કરવું જોઈએ.

આ રીતે आदिकरेभ्यः પદ દ્વારા ભગવાન આદિમાં જન્માદિપ્રપંચ કરનારા છે, એમ યુક્તિથી સ્થાપન કર્યું. ત્યાં આત્માને અકર્તા માનનારા મૌલિક સાંખ્યોનું કથન બતાવીને તેનું ગ્રંથકારશ્રી નિરાકરણ કરે છે –

તે તે કર્માણુ આદિનું જ તે સ્વભાવપણું હોવાથી=આત્મા સાથે સંબંધિત થવાનું સ્વભાવપણું હોવાથી, આત્માના તે પ્રકારે સંબંધની સિદ્ધિ નથી જ=જે પ્રકારે આત્માનો સંસારમાં કર્માણુ આદિ સાથે સંબંધ પ્રાપ્ત થતો દેખાય છે તે પ્રકારના સંબંધની સિદ્ધિ નથી જ; કેમ કે દ્વિષ્ઠપણાને કારણે=સંબંધનું બંનેમાં આશ્રયપણું હોવાને કારણે, આનું=સંબંધનું, ઉભયના=આત્માના અને કર્માણુ આદિના, તથાસ્વભાવનું અપેક્ષીપણું છે. અન્યથા=આત્મામાં સંબંધયોગ્ય સ્વભાવ નથી અને કર્માણુ આદિમાં સંબંધયોગ્ય સ્વભાવ છે એમ સ્વીકારવામાં, કલ્પનાનો વિરોધ હોવાથી=કર્માણુ આદિમાં સંબંધયોગ્ય સ્વભાવ હોવાને કારણે આત્મા સાથે કર્માણુ આદિના સંબંધની સિદ્ધિ છે એ પ્રકારની કલ્પનાનો વ્યાઘાત હોવાથી સંબંધનું ઉભયના તથાસ્વભાવનું અપેક્ષીપણું છે, એમ અન્વય છે.

કલ્પનાનો વિરોધ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

ન્યાયની અનુપપત્તિ છે=શાસ્ત્રસિદ્ધ દૃષ્ટાંતની અસંગતિ છે.

તે શાસ્ત્રસિદ્ધ દૃષ્ટાંત જ સ્પષ્ટ કરે છે –

જે કારણથી કર્માણુ આદિની તથા કલ્પનામાં પણ=કર્માણુ આદિના અલોકાકાશ સાથે સંબંધની કલ્પના કરવામાં પણ, અલોકાકાશ સાથે સંબંધ નથી=કર્માણુ આદિનો અલોકાકાશ સાથે સંબંધ થતો નથી જ; કેમ કે તેના=અલોકાકાશના, તત્સંબંધના સ્વભાવત્વનો અયોગ છે=કર્માણુ આદિ સાથે સંબંધ થવાના સ્વભાવપણાનો અયોગ છે અને અતત્સ્વભાવવાળા=કર્માણુ આદિ સાથે સંબંધ નહીં પામવાના સ્વભાવવાળા, અલોકાકાશમાં કર્માણુ આદિની તત્સ્વભાવતાની કલ્પના=અલોકાકાશ સાથે સંબંધિત થવાના સ્વભાવપણાની કલ્પના, વિરોધ પામે છે અર્થાત્ કલ્પનારૂપ બને છે પરંતુ કાર્યની નિયામિકા બનતી નથી. એ પ્રકારના ન્યાયની અનુપપત્તિ છે= શાસ્ત્રસિદ્ધ દૃષ્ટાંતની અસંગતિ છે.

પૂર્વમાં કહ્યું કે આત્મા અને કર્માણુ આદિ એ બંનેમાં સંબંધ થવાનો સ્વભાવ સ્વીકારવામાં ન આવે અને માત્ર કર્માણુ આદિનો જ આત્મા સાથે સંબંધ થવાનો સ્વભાવ સ્વીકારવામાં આવે તો કર્માણુ આદિની તત્સ્વભાવતાની કલ્પનાનો વિરોધ પ્રાપ્ત થાય. અને વિરોધ પ્રાપ્ત કેમ થાય ? તે બતાવવા હેતુ આપેલ કે

ન્યાયની અનુપપત્તિ છે, અને તે ન્યાયની અનુપપત્તિનું ગ્રંથકારશ્રીએ ન હિથી માંડીને અત્યાર સુધી સ્પષ્ટીકરણ કર્યું, તેથી હવે પૂર્વપક્ષી આત્માનો કર્માણુ આદિ સાથે સંબંધિત થવાનો સ્વભાવ સ્વીકારીને આત્માનો જન્માદિપ્રપંચને કરવાનો સ્વભાવ સ્વીકારે તો શું પ્રાપ્ત થાય ? તે જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

અને આના તત્સ્વભાવતાના અંગીકરણમાં=આત્માના કર્માણુ આદિ સાથે સંબંધિત થવાના સ્વભાવપણાના સ્વીકારમાં, અમારા વડે અભ્યુગતની આપત્તિ છે=અમારા વડે સ્વીકારાયેલ આત્માના કર્તૃત્વની મૌલિક સાંખ્યોને પ્રાપ્તિ છે.

આ રીતે=આત્માનો અને કર્માણુ આદિનો પરસ્પર સંબંધિત થવાનો સ્વભાવ હોવાને કારણે ભગવાનનો આત્મા આદિમાં જન્માદિપ્રપંચ કરવાના સ્વભાવવાળો હતો એમ પૂર્વે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું એ રીતે, સ્વભાવમાત્રવાદની સિદ્ધિ નથી જ=પાંચ કારણોમાંથી માત્ર એક સ્વભાવવાદના સ્વીકારની આપત્તિ નથી જ; કેમ કે તેનાથી અન્યનું અપેક્ષીપણું હોવાને કારણે=સ્વભાવરૂપ કારણથી અન્ય ચાર કારણોનું કાર્યની નિષ્પત્તિ પ્રત્યે અપેક્ષીપણું હોવાને કારણે, સામગ્રીનું=પાંચ કારણોના સમુદાયનું, ફલ પ્રત્યે હેતુપણું છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાનને આદિમાં કરવાના સ્વભાવવાળા સ્વીકારીને ભગવાનના આત્માનો સ્વભાવ જ આદિમાં જન્માદિપ્રપંચનો હેતુ હતો, એમ કેમ પૂર્વે સ્થાપન કર્યું ? તેમાં હેતુ કહે છે –

અને સ્વભાવનું તદંતર્ગતપણું હોવાથી=પાંચ કારણોના સમુદાયની અંતર્ગતપણું હોવાથી, ઈષ્ટપણું છે=કારણ રૂપે ઈષ્ટપણું છે, આ=સામગ્રીનું ફળ પ્રત્યે હેતુપણું છે એ, અન્યત્ર નિર્લોઠિત છે=અન્ય ગ્રંથોમાં સ્પષ્ટ કરાયેલ છે, એથી=અત્યાર સુધી વર્ણન કર્યું એથી, આદિકરત્વની સિદ્ધિ છે=ભગવાનમાં આદિકરપણાની પ્રાપ્તિ છે. ॥3॥

પંજિકા :-

'अने'त्यादि, अनादावपि प्रवाहापेक्षया, किं पुनः प्रतिनियतव्यक्त्यपेक्षया आदिमतीति 'अपि' शब्दार्थः, भवे=संसारे, तदा तदा=तत्र तत्र काले, तत्तत्कर्म्माण्वादिसम्बन्धयोग्यतया, तत्तत्=चित्ररूपं कर्म्माणवो=ज्ञानावरणादिकर्म्मपरिणामार्हाः पुद्गलाः; 'आदि'शब्दात् तेषामेव बन्धोदयोदीरणादिहेतवो द्रव्यक्षेत्रकालभावा गृह्यन्ते, तेन संबन्धः=परस्परानुवृत्तिचेष्टारूपः संयोगः, तस्य योग्यता=तं प्रति प्रह्वता तया, विश्वस्य समग्रस्य एवंविधयोग्यतैवात्मनः कर्त्तृत्वशक्तिरिति, आत्मादिगामिनः=आत्मपरतदुभयगतस्य, जन्मादिप्रपञ्चस्य प्रतीतस्य, 'इति हृदयमि'ति=एष सूत्रगर्भः।

પંજિકાર્થ :-

'अने'त्यादि ..... एष सूत्रगर्भः ।। अनादौ ઈત્યાદિનો અર્થ કરે છે –

તેમાં પ્રથમ 'अनादावपि'માં રહેલ अपि શબ્દનો અર્થ કરે છે –

પ્રવાહની અપેક્ષાથી અનાદિ એવા પણ ભવમાં, વળી, પ્રતિનિયત વ્યક્તિની અપેક્ષાથી=આત્માના

દરેક નિયત એવા તે તે ભવરૂપ વ્યક્તિની અપેક્ષાથી, આદિમાન એવા ભવમાં શું ? અર્થાત્ ભગવાનનો આત્મા મોક્ષપ્રાપ્તિની પૂર્વે, તે તે ભવને આશ્રયીને આદિમાન એવા ભવમાં તો જન્માદિપ્રપંચને કરવાના સ્વભાવવાળો હતો, પરંતુ ભવોની પરંપરાને આશ્રયીને અનાદિમાન એવા પણ ભવમાં જન્માદિપ્રપંચને કરવાના સ્વભાવવાળો હતો. એ પ્રકારે અપિ શબ્દનો અર્થ છે.

ભવમાં=સંસારમાં=પ્રવાહની અપેક્ષાથી અનાદિ એવા પણ સંસારમાં, ત્યારે ત્યારે=તે તે કાળમાં, તે તે કર્માણુ આદિ સાથે સંબંધની યોગ્યતાથી અર્થાત્ ચિત્રરૂપવાળા તે તે કર્માણુઓ=જ્ઞાનાવરણાદિ કર્મના પરિણામને યોગ્ય પુદ્ગલો, તેની સાથે=તે કર્માણુઓ સાથે, સંબંધ=પરસ્પર અનુવૃત્તિની ચેષ્ટારૂપ સંયોગ, તેની યોગ્યતા=તે પ્રતિ પ્રહ્વતા=તે સંયોગ પ્રત્યે યોગ્યતા, તેનાથી=તે યોગ્યતાથી, આત્માદિગામી=આત્મ-પર-તદુભયગત=આત્માવિષયક-પરવિષયક અને આત્મ-પર તે બંને વિષયક, પ્રતીત એવા જન્માદિપ્રપંચરૂપ સમગ્ર વિશ્વને આદિમાં કરવાના સ્વભાવવાળા છે, એમ અન્વય છે. આવા પ્રકારની યોગ્યતારૂપ જ આત્માની કર્તૃત્વશક્તિ છે, એથી आइगराणं પદ દ્વારા મૌલિક સાંખ્યોના મતનું નિરાકરણ થાય છે. એ પ્રકારે હૃદય છે=આ સૂત્રનો ગર્ભ છે=आदिकर શબ્દની વ્યુત્પત્તિ બતાવીને પૂર્વમાં જે અર્થ કર્યો એ નમુત્થુણં સૂત્રમાં રહેલા 'आइगराणं' પદનો ગર્ભિત અર્થ છે.

આદિ શબ્દથી=કર્મ્માણ્વાદિમાં રહેલ આદિ શબ્દથી, તેઓના જ=કર્માણુઓના જ, બંધ-ઉદય-ઉદીરણાદિના હેતુ એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ ગ્રહણ કરાય છે.

ભાવાર્થ :-

જગતમાં કાર્મણવર્ગણાઓ પડેલી છે, તે કાર્મણવર્ગણાઓ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોના પરિણામ માટે યોગ્ય છે, અને તેવા કાર્મણવર્ગણાઓના પરમાણુઓ સાથે આત્મા તે તે ભવમાં સંબંધવાળો થાય છે, તેથી આત્મામાં તે તે ભવમાં તે તે કર્માણુઓ સાથે સંબંધ પામવાની યોગ્યતા છે. વળી, કર્માણુઓ સાથે આત્માનો સંબંધ થાય પછી આત્મા તે કર્મો બાંધે છે, તે કર્મો આત્માને ઉદયમાં આવે છે, તે કર્મોની આત્મા ઉદીરણા કે ઉદ્વર્તના કે અપવર્તના આદિ કરે છે, તે સર્વમાં નિમિત્તકારણ એવાં તે તે દ્રવ્ય, તે તે ક્ષેત્ર, તે તે કાળ અને તે તે ભાવ છે. તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાથે સંબંધિત થવાની આત્મામાં યોગ્યતા છે, તેથી આત્મા તે તે કર્માણુ, તે તે દ્રવ્યાદિ સાથે સંબંધિત થઈને આત્માદિગામી એવા વિશ્વને કરે છે.

અહીં 'તે તે કાળમાં' એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે ભગવાન ચરમાવર્તની બહાર હતા, ત્યારે દીર્ઘ સંસાર ચલાવે તેવા કર્માણુ આદિ સાથે સંબંધની યોગ્યતાવાળા હતા, ચરમાવર્તમાં આવ્યા પછી ક્રમસર દીર્ઘકાળ સંસાર ચલાવે નહીં તેવા કર્માણુ આદિ સાથે સંબંધની યોગ્યતાવાળા હતા તે બતાવવા માટે પ્રસ્તુતમાં ~~'तदा तदा'~~ શબ્દ ગ્રહણ કરેલ છે.

અહીં 'ચિત્રરૂપવાળા તે તે કર્માણુ આદિ' એમ કહેવાથી એ ફલિત થાય કે ભગવાને પૂર્વે જે જે ભવમાં જે જે પ્રકારના કર્માણુ આદિ બાંધ્યા, તે તે પ્રકારના ચિત્રરૂપવાળા કર્માણુ આદિ સાથે સંબંધ પામવાની યોગ્યતાવાળા ભગવાન હતા, આથી જ ભગવાને ચરમભવમાં જેવા પ્રકારના કર્માણુ આદિ ગ્રહણ કરેલા

તેવા પ્રકારના કર્માણુ આદિ પૂર્વના ભવોમાં ગ્રહણ કરેલા નહીં.

વળી, પંજિકામાં 'સંબંધ'નો અર્થ 'પરસ્પર અનુવૃત્તિની ચેષ્ટારૂપ સંયોગ' કર્યો, તેનું તાત્પર્ય એ છે કે સિદ્ધાત્માઓને પણ ત્યાં રહેલા કર્મપુદ્ગલો સાથે એક આકાશપ્રદેશમાં અવગાહનરૂપ સંયોગ છે, પરંતુ પરસ્પર અનુવૃત્તિની ચેષ્ટારૂપ સંયોગ નથી; જ્યારે ભગવાન આદિમાં તે તે કર્માણુ આદિ સાથે પરસ્પર અનુવૃત્તિની ચેષ્ટારૂપ સંયોગવાળા હતા. આથી જ સંસારીજીવોની ચેષ્ટા માત્ર આત્માજન્ય નથી, માત્ર કર્મજન્ય પણ નથી, પરંતુ આત્મા અને કર્મ એ ઉભયજન્ય છે, અને તેવી ચેષ્ટારૂપ કર્મ સાથે ભગવાનનો સંયોગ પૂર્વે સંસારાવસ્થામાં હતો.

વળી, સંસારમાં પરિભ્રમણ કરતી વખતે આત્મા જે જે ભવમાં જે જે પ્રકારનાં જ્ઞાનાવરણીયાદિ કર્મો બાંધે છે, તે તે પ્રકારનાં કર્મો સાથે સંબંધ પામવાની યોગ્યતા આત્મામાં તે તે ભવમાં છે, માટે જ કાર્મણ-વર્ગણાના પુદ્ગલો અને જીવપ્રદેશો એકબીજા સાથે પરસ્પર એકમેકભાવ પ્રાપ્ત કરે તેવો આત્માનો સંયોગ કર્મપુદ્ગલો સાથે થાય છે, અને કર્મપુદ્ગલો સાથે તેવો સંયોગ થવામાં આત્મા સાથે સંબંધિત થનારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હેતુ છે, અર્થાત્ જે જીવ જે પ્રકારનાં કર્મો બાંધે છે અને તેને અનુરૂપ જે પ્રકારના અધ્યવસાયો કરે છે, તે સર્વમાં નિમિત્તકારણ તે જીવને તે વખતે પ્રાપ્ત થયેલ દ્રવ્ય બને છે, તે વખતે પ્રાપ્ત થયેલ ક્ષેત્ર બને છે, તે વખતે વર્તતો કાળ બને છે, તેમજ તે વખતે પ્રાપ્ત થયેલ બાહ્ય પદાર્થોના કેટલાક ભાવો બને છે. આથી નક્કી થાય કે આત્માનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાથે પણ કોઈક વિશિષ્ટ પ્રકારનો સંબંધ થાય છે, જે સંબંધને કારણે આત્મા કર્મો બાંધે છે, કર્મોના ઉદય, ઉદીરણાદિને પ્રાપ્ત કરે છે. વળી, આ કર્માણુ, દ્રવ્યાદિ સર્વ સાથે સંસારીજીવોને સંબંધ થાય છે, સિદ્ધાત્માઓને સંબંધ થતો નથી; કેમ કે સિદ્ધાત્માઓ કોઈ દ્રવ્ય, કોઈ ક્ષેત્ર, કોઈ કાળ કે કોઈ ભાવના નિમિત્તને પ્રાપ્ત કરીને કર્માણુઓ સાથે બંધાદિ કરતા નથી, એમ જણાવવા માટે પંજિકાકારે "કર્માણુ આદિ"માં 'આદિ' પદથી 'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ'નું ગ્રહણ કરેલ છે.

અહીં વિશેષ એ છે કે જે મહાત્માઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રત્યે સર્વથા પ્રતિબંધ વગરના છે તેઓને વીતરાગની જેમ જગતનાં સર્વ દ્રવ્યો, સર્વ ક્ષેત્રો, સર્વ કાળ, સર્વ ભાવો કર્મના બંધાદિનાં કારણ બનતાં નથી, તેથી જ તેઓનો તે તે દ્રવ્યાદિ સાથે સંબંધ થતો નથી; જ્યારે સંસારીજીવો તે તે દ્રવ્યાદિ નિમિત્તને પામીને તે તે દ્રવ્યાદિ સાથે સંશ્લેષના પરિણામરૂપ સંબંધ કરે છે, માટે જ સંસારીજીવોને તે તે દ્રવ્યાદિ કર્મના બંધાદિનાં કારણ બને છે, આથી સંસારીજીવોમાં મન-વચન-કાયાના યોગોના વ્યાપાર દ્વારા કર્માણુઓ સાથે સંબંધની યોગ્યતા છે અને સંશ્લેષના પરિણામ દ્વારા દ્રવ્યાદિ સાથે સંબંધની યોગ્યતા છે; જ્યારે સિદ્ધના જીવોમાં વીર્યવ્યાપાર નથી, માટે કર્માણુ આદિ સાથે સંબંધની યોગ્યતા પણ નથી અને કોઈ દ્રવ્યાદિ સાથે સંશ્લેષનો પરિણામ પણ નથી, માટે દ્રવ્યાદિ સાથે સંબંધની યોગ્યતા પણ નથી.

અહીં જન્માદિપ્રપંચવાળા વિશ્વનું 'આત્માદિગામી' વિશેષણ આપ્યું, તેનાથી એ દ્યોતિત થાય કે આત્મા દ્વારા કરાતું જન્માદિપ્રપંચરૂપ વિશ્વ માત્ર આત્મગામી નથી, માત્ર પરગામી નથી, પરંતુ આત્મગામી પણ

છે, પરગામી પણ છે અને આત્મ-પર એ ઉભયગામી પણ છે. તે આ રીતે – (૧) જન્માદિપ્રપંચના કેટલાક ભાવો જીવમાં થાય છે, જેમ જ્ઞાનાવરણીયાદિ કર્મોના ઉદયને કારણે આત્માનું કેટલુંક જ્ઞાન આવૃત્ત છે અને જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમને કારણે આત્માનું કેટલુંક જ્ઞાન પ્રગટ છે, તેથી આત્માનું તે કંઈક અજ્ઞાન અને કંઈક જ્ઞાન આત્મગામી છે. (૨) જન્માદિપ્રપંચના કેટલાક ભાવો પુદ્ગલમાં થાય છે. જેમ દેહનું સુંદર રૂપ, સુંદર આકાર વગેરે પરગામી છે. (૩) જન્માદિપ્રપંચના કેટલાક ભાવો જીવ અને પુદ્ગલ બંનેમાં થાય છે. જેમ સુખ-દુઃખનાં સંવેદનો ઉભયગામી છે; કેમ કે અગ્નિના સ્પર્શથી દેહના પુદ્ગલોમાં વિકૃતિ થાય છે, તે પરગામી છે અને આત્માને દુઃખરૂપ પીડાનું વેદન થાય છે, તે આત્મગામી છે.

પંજિકા :-

વિપક્ષે બાધકમાહ–

અન્યથા=અકર્તૃત્વે, અધિકૃતપ્રપञ્चાસમ્ભવઃ=વિશ્વસ્યાત્માદિગામિનો જન્માદિપ્રપञ્चસ્યાનુપપત્તિઃ, કુત ઇત્યાહ- પ્રસ્તુતયોગ્યતાવૈકલ્યે=પ્રસ્તુતાયાઃ અનાદાવપિ ભવે તદા તદા તત્તત્કર્મ્માણ્વાદિસંબન્ધનિમિત્તાયા યોગ્યતાયાઃ કર્ત્તૃત્વલક્ષણાયાઃ, અભાવે, પ્રક્રાન્તસંબન્ધાસિદ્ધેઃ=પ્રક્રાન્તૈઃ પ્રતિવિશિષ્ટૈઃ કર્મ્માણ્વાદિભિઃ, સમ્બન્ધસ્ય ઉક્તરૂપસ્ય અનિષ્પત્તેઃ, એતદપિ કુત ઇત્યાહ- અતિપ્રસङ્ગદોષવ્યાઘાતાદ્=એવમભ્યુપગમે યોઽતિપ્રસङ્ગઃ-અતિવ્યાપ્તિઃ, સ એવ દોષઃ અનિષ્ટત્વાત્, તેન વ્યાઘાતો=(નિવારણં)અનિવારણં પ્રકૃતયોગ્યતા-વૈકલ્યે પ્રસ્તુતસમ્બન્ધસ્ય, તસ્માત્, અતિપ્રસङ્ગમેવ ભાવયતિ- મુક્તાનામપિ=નિવૃતાનામપિ, આસ્તામન્યેષાં, જન્માદિપ્રપञ્चાપત્તેઃ=જન્માદિપ્રપञ્चસ્યાનિષ્ટસ્ય પ્રાપ્તેઃ, કુત ઇત્યાહ- પ્રસ્તુતયોગ્યતાઽભાવેઽપિ=પ્રસ્તુતયોગ્યતા-મન્તરેણાપિ, પ્રક્રાન્તસમ્બન્ધાવિરોધાત્=તત્તત્કર્માણ્વાદિભિઃ સમ્બન્ધસ્યાદોષાદ્, આત્માઽકર્ત્તૃત્વવાદિનામ્, ઇત્યેવમન્વયવ્યતિરેકાભ્યાં ભાવનીયમેતત્।

પંજિકાર્થ :-

વિપક્ષે બાધકમાહ ..... ભાવનીયમેતત્ ।। વિપક્ષમાં બાધકને કહે છે અર્થાત્ પૂર્વે આઇગરાણં શબ્દની વ્યુત્પત્તિથી ભગવાનનો આત્મા આદિમાં જન્માદિપ્રપંચને કરનારો હતો એમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું, હવે મૌલિક સાંખ્યોના મત પ્રમાણે આત્માને જન્માદિપ્રપંચનો કર્તા ન સ્વીકારીએ તો શું બાધક દોષ પ્રાપ્ત થાય ? તે બતાવે છે –

અન્યથા=અકર્તૃત્વમાં=આત્માને જન્માદિપ્રપંચનો અકર્તા સ્વીકારવામાં, અધિકૃત પ્રપંચનો અસંભવ છે=આત્માદિગામી એવા જન્માદિપ્રપંચરૂપ વિશ્વની અનુપપત્તિ છે.

કયા કારણથી ? અર્થાત્ આત્માને અકર્તા સ્વીકારવામાં જન્માદિપ્રપંચરૂપ વિશ્વની અનુપપત્તિ કયા કારણથી છે ? એથી કહે છે –

પ્રસ્તુત યોગ્યતાના વૈકલ્યમાં=પ્રસ્તુત એવી અનાદિ પણ ભવમાં ત્યારે ત્યારે તે તે કર્માણુ આદિ સાથે સંબંધના નિમિત્તરૂપ કર્તૃત્વના લક્ષણવાળી યોગ્યતાના અભાવમાં, પ્રકાંત સંબંધની અસિદ્ધિ

હોવાથી=પ્રતિવિશિષ્ટ કર્માણુ આદિરૂપ પ્રકાંત સાથે ઉક્તરૂપવાળા સંબંધની અનિષ્પત્તિ હોવાથી, જન્માદિપ્રપંચરૂપ વિશ્વની અનુપપત્તિ છે, એમ અન્વય છે.

આ પણ કયા કારણથી છે ? અર્થાત્ આત્માને અકર્તા સ્વીકારવાથી પ્રસ્તુત યોગ્યતાના વૈકલ્યમાં પ્રકાંત સાથે સંબંધની અસિદ્ધિ છે એમ ઉપર કહ્યું, એ પણ કયા કારણથી છે ? એથી કહે છે –

અતિપ્રસંગદોષ વડે વ્યાઘાત હોવાથી=આ રીતે અભ્યુપગમમાં અર્થાત્ આત્મા અકર્તા છે એ રીતે સ્વીકારવામાં, જે અતિપ્રસંગ છે અર્થાત્ અતિવ્યાપ્તિ છે, તે જ અર્થાત્ તે અતિપ્રસંગ જ, અનિષ્ટપણું હોવાને કારણે દોષ છે, તેના વડે=તે દોષ વડે, વ્યાઘાત છે=પ્રકૃત યોગ્યતાના વૈકલ્યમાં પ્રસ્તુત સંબંધનું અનિવારણ છે, તે કારણથી પ્રકાંત સંબંધની અસિદ્ધિ છે એમ અન્વય છે, અતિપ્રસંગને જ ભાવન કરે છે –

અન્યને તો દૂર રહો, મુક્તોને પણ=નિર્વૃતોને પણ=મોક્ષે ગયેલા જીવોને પણ, જન્માદિપ્રપંચની આપત્તિ હોવાથી=જન્માદિપ્રપંચરૂપ અનિષ્ટની પ્રાપ્તિ હોવાથી, અતિપ્રસંગદોષથી વ્યાઘાત છે એમ અન્વય છે.

કયા કારણથી ? અર્થાત્ મુક્તોને જન્માદિપ્રપંચની આપત્તિ કયા કારણથી છે ? એથી કહે છે –

પ્રસ્તુત યોગ્યતાના અભાવમાં પણ=પ્રસ્તુત યોગ્યતા વગર પણ=આત્માને અકર્તા સ્વીકારીએ તો આત્મામાં જન્માદિપ્રપંચને કરવાની યોગ્યતા વગર પણ, પ્રકાંત સાથે સંબંધનો અવિરોધ હોવાથી=તે તે કર્માણુ આદિ સાથે સંબંધનો અદોષ હોવાથી, આત્મા અકર્તૃત્વવાદીઓને મુક્તોને પણ જન્માદિપ્રપંચની આપત્તિ છે, એમ અન્વય છે.

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, આ=અત્યાર સુધી બતાવ્યું એ, અન્વય-વ્યતિરેક દ્વારા ભાવન કરવું જોઈએ અર્થાત્ જેમ સંસારીઆત્મામાં કર્તૃત્વસ્વભાવ નહીં હોવા છતાં જન્માદિપ્રપંચ થાય છે તેમ સિદ્ધઆત્મામાં પણ કર્તૃત્વસ્વભાવ નહીં હોવા છતાં જન્માદિપ્રપંચ થવો જોઈએ, એ રૂપ અન્વય દ્વારા અને જેમ સિદ્ધઆત્મામાં કર્તૃત્વસ્વભાવ નહીં હોવાથી તેઓને જન્માદિપ્રપંચ થતો નથી તેમ સંસારીઆત્મામાં પણ કર્તૃત્વસ્વભાવ ન હોય તો તેઓને જન્માદિપ્રપંચ થવો જોઈએ નહીં, એ રૂપ વ્યતિરેક દ્વારા ભાવન કરવું જોઈએ.

ભાવાર્થ :-

મૌલિક સાંખ્યો સ્વીકારે છે એ રીતે આત્માને સર્વથા અકર્તા સ્વીકારવામાં આવે તો, ભગવાન મોક્ષે ગયા તે પૂર્વે ભગવાનના આત્માને અનાદિ કાળમાં જે આત્માદિગામી જન્માદિપ્રપંચની પ્રાપ્તિ થઈ તે સંગત થાય નહીં; કેમ કે ભગવાનમાં અનાદિમાન ભવમાં ત્યારે ત્યારે તે તે કર્માણુ આદિ સાથે સંબંધ થવામાં નિમિત્તભૂત એવી કર્તૃત્વસ્વરૂપ યોગ્યતાનો અભાવ હોય તો મોક્ષપ્રાપ્તિ પૂર્વેના દરેક ભવમાં ભગવાનના આત્માને પ્રતિવિશિષ્ટ કર્માણુ આદિ સાથે જે પ્રકારે સંબંધ થયો તે પ્રકારના સંબંધની નિષ્પત્તિ થાય નહીં. કેમ સંબંધની નિષ્પત્તિ થાય નહીં ? તે બતાવવા કહે છે કે ભગવાનનો આત્મા અકર્તા હોવા છતાં પૂર્વે

ભગવાનના આત્મામાં જન્માદિપ્રપંચ સ્વીકારીએ તો, મુક્ત થયેલા આત્માઓમાં પણ જન્માદિપ્રપંચ સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે જેમ ભગવાનનો આત્મા અકર્તા હોવાથી તેઓમાં જન્માદિપ્રપંચ કરવાની યોગ્યતા નથી, છતાં ભગવાનના આત્માએ મુક્તિની પ્રાપ્તિ પૂર્વે જન્માદિપ્રપંચ કર્યો, તેમ સિદ્ધાત્મા પણ અકર્તા હોવાથી તેઓમાં જન્માદિપ્રપંચ કરવાની યોગ્યતા નથી, છતાં સિદ્ધાત્માને જન્માદિપ્રપંચની આપત્તિ આવે, આ પ્રકારનો અતિપ્રસંગદોષ આત્માને સર્વથા અકર્તા માનનારા મૌલિક સાંખ્યોને પ્રાપ્ત થાય, આ વસ્તુને બુદ્ધિમાન પુરુષે અન્વય દ્વારા અને વ્યતિરેક દ્વારા ભાવન કરવી જોઈએ, જેથી નક્કી થાય કે આત્મા કર્તૃત્વ સ્વભાવવાળો છે. માટે ભગવાનના આત્માએ મુક્તિની પ્રાપ્તિ પૂર્વે આત્માદિગામી જન્માદિપ્રપંચને પ્રાપ્ત કરેલો.

પંજિકા :-

अथ पराशङ्कां परिहरन्नाह—

न च=नैव, तत् यदुत तत्तत्कर्म्माण्वादेरेवोक्तरूपस्य, तत्स्वभावतया=स आत्मना सह सम्बन्धयोग्यतालक्षणः स्वभावो यस्य तत्तथा तद्भावस्तत्ता तया, आत्मनो=जीवस्य, 'तथा'-सम्बन्धयोग्यतायामिवास्मदभ्युपगतायां, सम्बन्धसिद्धिः कर्म्माण्वादिनेति, कुत इत्याह- द्विष्ठत्वेन=द्व्याश्रयत्वेन; अस्य=सम्बन्धस्य, उभयोः=आत्मनः कर्म्माण्वादेश्च; तथास्वभावापेक्षितत्वात्=संबन्धयोग्यस्वरूपापेक्षितत्वात्। विपक्षे बाधकमाह-अन्यथा= आत्मनः सम्बन्धयोग्यस्वभावाभावे, कल्पनाविरोधात्-कर्म्माण्वादेरेव स्वसम्बन्धयोग्यस्वभावेन आत्मना सम्बन्धसिद्धिरिति कल्पनाया व्याघातात्, कुत इत्याह- न्यायानुपपत्तेः=न्यायस्यशास्त्रसिद्धदृष्टान्तस्यानुपपत्तेः, न च तथासम्बन्ध-सिद्धिरिति योज्यं, न्यायानुपपत्तिमेव भावयन्नाह-न=नैव, हिः=यस्मात्, कर्म्माण्वादेः उक्तरूपस्य तथाकल्पना-यामपि-अलोकाकाशे सम्बन्धयोग्यस्वभावकल्पनायामपि, किं पुनस्तदभाव इत्यपिशब्दार्थः, किमित्याह- अलोकाकाशेन प्रतीतेन सम्बन्धः अवगाह्यावगाहकलक्षणः, कुत एवं इत्याह- तस्य तत्सम्बन्धस्वभावत्वायोगात्, तस्य=अलोकाकाशस्य, तेन=कर्म्माण्वादिना, सम्बन्धस्वभावत्वं तस्यायोगात्। भवतु नामैवं, तथापि कथं प्रकृतकल्पनाविरोध इत्याह- अतत्स्वभावे च=कर्माण्वादिना सम्बन्धायोग्यस्वभावे च, अलोकाकाशे विरुध्यते-असम्बन्धद्वारायातया अतत्स्वभावताकल्पनया निराक्रियते कर्माण्वादेस्तत्स्व-भावताकल्पना इति=एवं, न्यायानुपपत्तिः=न्यायस्योक्तलक्षणस्यानुपपत्तिः, प्रयोगश्च - यो येन स्वयमसम्बन्ध-योग्यस्वभावो भवति, स तेन कल्पितसम्बन्धयोग्यस्वभावेनापि न सम्बन्ध्यते, यथाऽलोकाकाशं कर्माण्वादिना, तथा चात्मा कर्म्माण्वादिनैवेति व्यापकानुपलब्धिः। एवं तर्हि तत्स्वभावोऽप्ययमङ्गीकरिष्यते इत्याह- तत्स्वभावताङ्गीकरणे च=कर्म्माण्वादिसम्बन्धयोग्यरूपतत्स्वभावताभ्युपगमे च, अस्य=आत्मनः, अस्मदभ्युपगतापत्तिः=अस्माभिर-भ्युपगतस्य कर्तृत्वस्यापत्तिः=प्रसङ्गः।

પંજિકાર્થ :-

अथ पराशङ्कां ..... प्रसङ्गः ।। પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે આત્માને સર્વથા જન્માદિપ્રપંચનો

અકર્તા સ્વીકારે તો મુક્તાત્માઓને પણ જન્માદિપ્રપંચની આપત્તિ આવે, ત્યાં પૂર્વપક્ષીની આશંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

તે નથી જ. શું નથી ? તે યદુતથી બતાવે છે – ઉક્તરૂપવાળા તે તે કર્માણુ આદિની જ તત્સ્વભાવતાથી=આત્મા સાથે સંબંધની યોગ્યતાના લક્ષણવાળો તે સ્વભાવ જેનો છે તે તેવો છે અર્થાત્ તત્સ્વભાવ છે, તેનો ભાવ તે પણું છે અર્થાત્ તત્સ્વભાવનો ભાવ તત્સ્વભાવપણું છે, તેનાથી અર્થાત્ તત્સ્વભાવપણાથી, આત્માના=જીવના, તથા સંબંધની યોગ્યતામાં જેમ અર્થાત્ આત્મા અને કર્માણુ આદિ એ ઉભયના સંબંધની યોગ્યતામાં જેમ તથાસંબંધની સિદ્ધિ છે, તેમ અમારા વડે અભ્યુપગતમાં અર્થાત્ મૌલિક સાંખ્યો વડે સ્વીકારાયેલ કર્માણુ આદિ એકના સંબંધની યોગ્યતામાં, કર્માણુ આદિ સાથે તથા સંબંધની સિદ્ધિ છે. તે નથી જ, એમ પૂર્વ સાથે અન્વય છે.

કયા કારણથી ? અર્થાત્ આત્માના તથા સંબંધની સિદ્ધિ કયા કારણથી નથી જ ? એથી કહે છે.

આનું=સંબંધનું, દ્વિષ્ઠપણું હોવાને કારણે=બેમાં આશ્રયપણું હોવાને કારણે, ઉભયના=આત્માના અને કર્માણુ આદિના, તથાસ્વભાવનું અપેક્ષીપણું હોવાથી=સંબંધને યોગ્ય સ્વરૂપનું અપેક્ષીપણું હોવાથી, આત્માના તથાસંબંધની સિદ્ધિ નથી જ, એમ અન્વય છે.

વિપક્ષમાં બાધકને કહે છે અર્થાત્ આત્માનો સંબંધયોગ્ય સ્વભાવ નહીં સ્વીકારવામાં ગ્રંથકારશ્રી બાધક હેતુ આપે છે –

અન્યથા=આત્માના સંબંધને યોગ્ય સ્વભાવના અભાવમાં, કલ્પનાનો વિરોધ છે=કર્માણુ આદિનો જ સ્વનો સંબંધને યોગ્ય સ્વભાવ હોવાથી આત્મા સાથે સંબંધની સિદ્ધિ છે એ પ્રકારની કલ્પનાનો વ્યાઘાત છે.

કયા કારણથી કલ્પનાનો વિરોધ છે ? એથી કહે છે –

ન્યાયની અનુપપત્તિ હોવાથી=ન્યાયની અર્થાત્ શાસ્ત્રમાં સિદ્ધ એવા દૃષ્ટાંતની અનુપપત્તિ હોવાથી, તથાસંબંધની સિદ્ધિ નથી જ=જે પ્રકારે સંસારમાં આત્માનો કર્માણુ આદિ સાથે સંબંધ પ્રાપ્ત થતો દેખાય છે તે પ્રકારના સંબંધની સિદ્ધિ નથી જ, એ પ્રમાણે યોજન કરવું, ન્યાયની અનુપપત્તિને જ ભાવન કરતાં કહે છે –

જે કારણથી કહેવાયેલ સ્વરૂપવાળા કર્માણુ આદિની તથાકલ્પનામાં પણ=અલોકાકાશ સાથે સંબંધને યોગ્ય સ્વભાવની કલ્પનામાં પણ, વળી, તેના અભાવમાં શું ?=તે પ્રકારની કલ્પનાના અભાવમાં તો શું ? એ પ્રકારે અપિ શબ્દનો અર્થ છે.

શું ?=કર્માણુ આદિની તે પ્રકારની કલ્પનામાં પણ શું થાય ? એથી કહે છે –

પ્રતીત એવા અલોકાકાશ સાથે અવગાહ્ય-અવગાહકના લક્ષણવાળો સંબંધ થતો નથી જ.

કયા કારણથી આવું છે ?=તે પ્રકારની કલ્પનામાં પણ કર્માણુ આદિનો અલોકાકાશ સાથે સંબંધ

થતો નથી, એવું કયા કારણથી છે ? એથી કહે છે –

તેના તત્સંબંધના સ્વભાવત્વનો અયોગ હોવાથી અર્થાત્ તેના=અલોકાકાશના, તેની સાથે=કર્માણુ આદિ સાથે, સંબંધનું સ્વભાવપણું, તેનો=તે સ્વભાવપણાનો, અયોગ હોવાથી, કર્માણુ આદિનો અલોકાકાશ સાથે સંબંધ થતો નથી, એમ અન્વય છે.

આમ થાઓ=અલોકાકાશનો કર્માણુ આદિ સાથે સંબંધને યોગ્ય સ્વભાવ નહીં હોવાથી તે પ્રકારની કલ્પનામાં પણ કર્માણુ આદિનો અલોકાકાશ સાથે સંબંધ થતો નથી એમ થાઓ, તોપણ પ્રકૃત કલ્પનાનો વિરોધ કઈ રીતે છે ? એથી કહે છે –

અને અતત્સ્વભાવવાળા અલોકાકાશમાં=કર્માણુ આદિ સાથે સંબંધને અયોગ્ય સ્વભાવવાળા અલોકાકાશમાં, કર્માણુ આદિની તત્સ્વભાવતાની કલ્પના=અલોકાકાશ સાથે સંબંધને યોગ્ય સ્વભાવપણાની કલ્પના, વિરોધ પામે છે=અસંબંધ દ્વારથી આવેલી અતત્સ્વભાવતાની કલ્પના વડે નિરાકરણ કરાય છે=અલોકાકાશના સંબંધને અયોગ્ય સ્વભાવ દ્વારા પ્રાપ્ત થયેલી કર્માણુ આદિની સંબંધને અયોગ્ય સ્વભાવપણાની કલ્પના વડે કર્માણુ આદિની સંબંધને યોગ્ય સ્વભાવપણાની કલ્પના નિરાકૃત થાય છે. એ પ્રકારે ન્યાયની અનુપપત્તિ છે=કહેવાયેલ લક્ષણવાળા ન્યાયની અનુપપત્તિ છે.

અને પ્રયોગ – "જે જેની સાથે સ્વયં અસંબંધને યોગ્ય સ્વભાવવાળો છે, તે તેની સાથે કલ્પિત સંબંધને યોગ્ય સ્વભાવથી પણ સંબંધ પામતો નથી." જે પ્રમાણે અલોકાકાશ કર્માણુ આદિ સાથે અર્થાત્ કર્માણુ આદિના અલોકાકાશ સાથે કલ્પના કરાયેલ સંબંધને યોગ્ય સ્વભાવથી અલોકાકાશ કર્માણુ આદિ સાથે સંબંધને પામતો નથી અને તે પ્રમાણે આત્મા કર્માણુ આદિ સાથે જ અર્થાત્ જેમ અલોકાકાશ કર્માણુ આદિ સાથે સંબંધ પામતો નથી, તેમ કર્માણુ આદિના આત્મા સાથે કલ્પના કરાયેલ સંબંધને યોગ્ય સ્વભાવથી પણ આત્મા કર્માણુ આદિ સાથે સંબંધ પામતો નથી, એ પ્રકારના વ્યાપકની અનુલબ્ધિ છે.

પૂર્વમાં કહ્યું કે આત્માને અકર્તા સ્વીકારીએ અને આત્મામાં કર્માણુ આદિ સાથે સંબંધયોગ્ય સ્વભાવ ન સ્વીકારીએ તો, કર્માણુ આદિની આત્મા સાથે સંબંધયોગ્ય સ્વભાવની કલ્પનામાં પણ આત્મા કર્માણુ આદિ સાથે સંબંધ પામતો નથી, આ પ્રકારના વ્યાપકની અનુપલબ્ધિરૂપ દોષ હોવાથી સંસારમાં દેખાતો એવો આત્માનો જન્માદિપ્રપંચ સંગત થાય નહીં, તે દોષના નિવારણ માટે મૌલિક સાંખ્યો કહે છે –

આ રીતે તો=પૂર્વમાં બતાવ્યું એ રીતે તો, તેના સ્વભાવવાળો પણ આ અંગીકરાશે=કર્માણુ આદિ સાથે સંબંધને યોગ્ય સ્વભાવવાળો પણ આત્મા સ્વીકારાશે. એથી કહે છે –

અને તત્સ્વભાવતાના અંગીકરણમાં=કર્માણુ આદિ સાથે સંબંધને યોગ્યરૂપતત્સ્વભાવપણાના અભ્યુપગમમાં, આને=આત્માને, અસ્મદભ્યુપગતની આપત્તિ છે=અમારા વડે સ્વીકારાયેલ કર્તૃત્વની આપત્તિ છે=પ્રસંગ છે.

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પૂર્વે સ્થાપન કર્યું કે ભગવાનનો આત્મા આદિમાં જન્માદિપ્રપંચને કરવાના સ્વભાવવાળો હતો, અને મૌલિક સાંખ્યોના મતાનુસાર આત્માને સર્વથા અકર્તા સ્વીકારીએ તો ભગવાનના આત્માને આદિમાં પ્રાપ્ત થયેલો જન્માદિપ્રપંચ સંગત થાય નહીં; કેમ કે આત્મા અકર્તૃત્વ સ્વભાવવાળો હોવા છતાં તેને જન્માદિપ્રપંચ સ્વીકારીએ તો મુક્ત થયેલા આત્માઓને પણ જન્માદિપ્રપંચના સ્વીકારની આપત્તિ આવે, ત્યાં મૌલિક સાંખ્યો આશંકા કરે છે –

આત્મામાં કર્માણુ આદિ સાથે સંબંધને યોગ્ય સ્વભાવ નથી, પરંતુ તે તે કર્માણુ આદિનો જ આત્મા સાથે સંબંધિત થવાનો સ્વભાવ છે, માટે કર્માણુ આદિના સંબંધને યોગ્ય સ્વભાવથી ભગવાનના આત્માનો આદિમાં જન્માદિપ્રપંચ થયેલો.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે સંબંધ હંમેશાં બેમાં આશ્રય કરનારો હોય, અને પ્રસ્તુતમાં આત્મા અને કર્માણુ આદિનો સંબંધ પ્રકૃત છે, તેથી સંબંધને યોગ્ય સ્વભાવ આત્મા અને કર્માણુ આદિ એ બંનેમાં માનવો જોઈએ. માટે જો સંબંધને યોગ્ય સ્વભાવ આત્મામાં માનવામાં ન આવે અને માત્ર કર્માણુ આદિમાં માનવામાં આવે તો, આત્માનો જન્માદિપ્રપંચ સંગત થાય નહીં.

વળી, આ પ્રકારના પોતાના કથનને સ્થિર કરવા ગ્રંથકારશ્રી વિપક્ષમાં બાધક દોષ આપતાં કહે છે કે જો આત્માનો સંબંધયોગ્ય સ્વભાવ ન હોય તો, કર્માણુ આદિમાં સંબંધયોગ્ય સ્વભાવ હોવાથી આત્માના કર્માણુ આદિ સાથે સંબંધની સિદ્ધિ છે, એવી કલ્પનાનો વ્યાઘાત છે, અને તેવી કલ્પનાનો વ્યાઘાત કેમ છે ? તે બતાવવા ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે કે શાસ્ત્રસિદ્ધ દૃષ્ટાંતની અનુપપત્તિ છે, અને તે શાસ્ત્રસિદ્ધિ દૃષ્ટાંત સ્પષ્ટ કરતાં કહે છે કે કર્માણુ આદિ અલોકાકાશમાં અવગાહ્ય-અવગાહક સંબંધથી રહેલા નથી, છતાં કલ્પના કરવામાં આવે કે કર્માણુ આદિનો અલોકાકાશ સાથે સંબંધને યોગ્ય સ્વભાવ છે, તેટલામાત્રથી કર્માણુ આદિનો અલોકાકાશ સાથે અવગાહ્ય-અવગાહકરૂપ સંબંધ થતો નથી, તે રીતે કલ્પના કરવામાં આવે કે કર્માણુ આદિનો આત્મા સાથે સંબંધને યોગ્ય સ્વભાવ છે, તેટલામાત્રથી કર્માણુ આદિનો આત્મા સાથે સંબંધ થઈ શકે નહીં. આ કથનથી વ્યાપ્તિ કઈ રીતે પ્રાપ્ત થાય ? તે બતાવવા પંજિકાકાર પ્રયોગ બતાવે છે –

"જે આત્મા કર્માણુ આદિ સાથે સ્વયં સંબંધયોગ્ય સ્વભાવ વગરનો છે, તે આત્મા કર્માણુ આદિના કલ્પના કરાયેલ આત્મા સાથે સંબંધયોગ્ય સ્વભાવથી પણ કર્માણુ આદિ સાથે સંબંધ પામતો નથી". આ પ્રકારની વ્યાપ્તિથી જેમ કલ્પિત સંબંધયોગ્ય સ્વભાવથી પણ અલોકાકાશ કર્માણુ આદિ સાથે સંબંધ પામતું નથી, તેમ કલ્પિત સંબંધયોગ્ય સ્વભાવથી પણ આત્મા કર્માણુ આદિ સાથે સંબંધ પામતો નથી, આ પ્રકારના વ્યાપકની મૌલિક સાંખ્યોના મત પ્રમાણે અનુપલબ્ધિ છે, તેથી કર્માણુ આદિમાં સંબંધિત થવાનો સ્વભાવ સ્વીકારવા છતાં આત્મા સાથે કર્માણુ આદિનો સંબંધ થતો નથી અને આત્મા સાથે કર્માણુ આદિનો સંબંધ થાય નહીં તો આત્માને પ્રાપ્ત થતો જન્માદિપ્રપંચ સંગત થાય નહીં, પરંતુ સંસારીજીવોને જન્માદિપ્રપંચ

પ્રાપ્ત થતો દેખાય છે અને ભગવાનના આત્માને પણ મુક્તિની પ્રાપ્તિ પૂર્વે સંસારીજીવોની જેમ જ જન્માદિપ્રપંચ પ્રાપ્ત થયેલો, તેથી ભગવાનના આત્માને પણ પ્રાપ્ત થયેલો જન્માદિપ્રપંચ સંગત કરવો હોય તો આત્માનો કર્માણુ આદિ સાથે સંબંધને યોગ્ય સ્વભાવ મૌલિક સાંખ્યોને સ્વીકારવો પડે, અને મૌલિક સાંખ્યો તે પ્રમાણે સ્વીકારે તો આત્માનો કર્માણુ આદિ સાથે સંબંધને યોગ્ય સ્વભાવ હોવાથી આત્માને જન્માદિપ્રપંચનો કર્તા સ્વીકારવાની મૌલિક સાંખ્યોને આપત્તિ આવે, આથી મૌલિક સાંખ્યોએ આત્માને કર્તા સ્વીકારવો જોઈએ.

પંજિકા :-

अत्रैव शङ्काशेषनिराकरणायाह-

न च=नैव, एवं=एतत्स्वभावताङ्गीकरणे, स्वभावमात्रवादसिद्धिः, स्वभावमात्रवादस्य-'कः कण्टकानां प्रकरोति तैक्ष्ण्यं, विचित्रभावं मृगपक्षिणां च। स्वभावतः सर्वमिदं प्रवृत्तं, न कामचारोऽस्ति कुतः प्रयत्नः।।१।।' एवं लक्षणस्य सिद्धिः, कुत इत्याह- तदन्यापेक्षित्वेन=स्वभावव्यतिरिक्तकालाद्यपेक्षितत्वेन, सामग्र्याः कालः, स्वभावो, नियतिः, पूर्वकृतं, पुरुषश्चेत्येवंलक्षणायाः, फलहेतुत्वात्- फलं कार्यं प्रति निमित्तत्वात्, कथं तर्हि प्राक् स्वभाव एव फलहेतुरुपन्यस्त इत्याह- स्वभावस्य च, तदन्तर्गतत्वेन=सामग्र्यन्तर्गतत्वेन, इष्टत्वात् फलहेतुतया, निर्लोठितं=निर्णीतम्, एतद्=सामग्र्याः फलहेतुत्वम्, 'अन्यत्र'-उपदेशपदादौ।।३।।

પંજિકાર્થ :-

अत्रैव ..... उपदेशपदादौ ।। અહીં જ=પૂર્વે આઇગરાણંનો અર્થ કર્યો કે ભગવાન આદિમાં જન્માદિપ્રપંચ કરનારા છે એમાં જ, શંકાશેષના નિરાકરણ માટે કહે છે અર્થાત્ મૌલિક સાંખ્યોએ શંકા કરેલ કે કર્માણુ આદિનો આત્મા સાથે સંયોગ થવાનો સ્વભાવ હોવા છતાં આત્માનો કર્માણુ આદિ સાથે સંબંધયોગ્ય સ્વભાવ નથી, માટે આત્માને અકર્તા સ્વીકારાશે. તે શંકાનું ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી નિરાકરણ કર્યું, હવે શેષ રહેલ અન્ય શંકાનું નિરાકરણ કરવા માટે કહે છે —

આ રીતે=આ સ્વભાવતાના અંગીકરણમાં=આત્માના જન્માદિપ્રપંચ કરવાના સ્વભાવપણાના સ્વીકારમાં, સ્વભાવમાત્રવાદની સિદ્ધિ નથી જ અર્થાત્ "કંટકોની તીક્ષ્ણતાને કોણ કરે છે ? મૃગપક્ષીઓના વિવિધભાવને કોણ કરે છે ? સ્વભાવથી આ સર્વ પ્રવૃત્ત છે. કામચાર નથી=સ્વભાવ વ્યભિચારી નથી, પ્રયત્ન કયાંથી ?=કાર્યની નિષ્પત્તિ પ્રત્યે કારણ રૂપે પ્રયત્ન કયાંથી હોય ?" આ પ્રકારના લક્ષણવાળા સ્વભાવમાત્રવાદની સિદ્ધિ નથી જ.

કયા કારણથી ? અર્થાત્ આ રીતે સ્વભાવમાત્રવાદની સિદ્ધિ કયા કારણથી નથી ? એથી કહે છે—

તેનાથી અન્યનું અપેક્ષીપણું હોવાને કારણે=સ્વભાવથી વ્યતિરિક્ત એવા કાલાદિનું અપેક્ષીપણું હોવાને કારણે, કાલ-સ્વભાવ-નિયતિ-પૂર્વકૃત=કર્મ અને પુરુષ=પુરુષકાર, આ પ્રકારના લક્ષણવાળી

સામગ્રીનું ફળહેતુપણું હોવાથી=ફલરૂપ કાર્ય પ્રત્યે નિમિત્તપણું હોવાથી, સ્વભાવમાત્રવાદની સિદ્ધિ નથી જ, એમ અન્વય છે.

તો પ્રાક્=પહેલાં=પૂર્વે આદિકરનો અર્થ કર્યો કે ભગવાન આદિમાં જન્માદિપ્રપંચ કરવાના સ્વભાવવાળા છે ત્યાં, કેમ સ્વભાવ જ ફળનો હેતુ ઉપન્યસ્ત છે ? એથી કહે છે –

અને સ્વભાવનું તદંતર્ગતપણું હોવાને કારણે=સામગ્રીની અંતર્ગતપણું હોવાને કારણે, ફળની હેતુતારૂપે ઇષ્ટપણું હોવાથી પૂર્વે સ્વભાવ જ ફળના હેતુરૂપે ઉપન્યસ્ત છે, એમ અન્વય છે. આ=સામગ્રીનું ફળ પ્રત્યે હેતુપણું, અન્યત્ર=ઉપદેશપદ આદિમાં, નિર્લોઠિત છે=નિર્ણીત છે=યુક્તિ દ્વારા સ્પષ્ટ કરાયેલ છે. ॥૩॥

ભાવાર્થ :-

નમુત્થુણં સૂત્રમાં નમુત્થુ ણં અરિહંતાણં ભગવંતાણં એ પદો દ્વારા ભગવાનની સ્તોતવ્યસંપદા બતાવેલ છે, અને આઇગરાણં તિત્થયરાણં સયંસંબુદ્ધાણં એ પદો દ્વારા ભગવાનની સ્તોતવ્યસંપદાની જ પ્રધાન એવી સાધારણ અને અસાધારણ હેતુસંપદા બતાવેલ છે, તેમાં આઇગરાણં પદથી સાધારણ હેતુસંપદા બતાવી છે અને તિત્થયરાણં સયંસંબુદ્ધાણં એ બે પદ દ્વારા અસાધારણ હેતુસંપદા બતાવી છે.

વળી, આઇગરાણં પદ દ્વારા સ્તોતવ્યસંપદાની સાધારણ હેતુસંપદા બતાવવાથી આત્માને સર્વથા અકર્તા માનનારા મૌલિક સાંખ્યોના મતનું નિરાકરણ થાય છે; કેમ કે આદિકર શબ્દથી "ભગવાનનો આત્મા મોક્ષપ્રાપ્તિની આદિમાં આત્માદિગામી જન્માદિપ્રપંચરૂપ વિશ્વને કરવાના સ્વભાવવાળો હતો" એવો અર્થ પ્રાપ્ત થાય છે, તેથી આત્મા જન્માદિપ્રપંચરૂપ વિશ્વનો કર્તા છે, અકર્તા નથી, એમ સિદ્ધ થાય.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે ભગવાન ગુણોને કારણે સ્તુતિ કરવા યોગ્ય છે, માટે ભગવાન તીર્થને સ્થાપનારા છે. સ્વયંસંબોધ પામેલા છે. ઇત્યાદિ ગુણો દ્વારા ભગવાનની સ્તુતિ કરવી ઉચિત છે, પરંતુ ભગવાન આદિમાં જન્માદિપ્રપંચ કરનારા હતા, એના દ્વારા પ્રસ્તુત સૂત્રમાં ભગવાનની સ્તુતિ કેમ કરેલ છે?

તેનું તાત્પર્ય એ છે કે જે પ્રમાણે મૌલિક સાંખ્યો આત્માને અકર્તા સ્વીકારે છે તે પ્રમાણે આત્માને અકર્તા સ્વીકારવામાં આવે તો એમ પ્રાપ્ત થાય કે, ભગવાનનો આત્મા અનાદિ કાળથી શુદ્ધ છે, અને જો ભગવાનનો આત્મા અનાદિથી શુદ્ધ સ્વીકારવામાં આવે તો અનાદિથી શુદ્ધ એવા ભગવાનની સ્તુતિ કરવા દ્વારા અનાદિથી અશુદ્ધ એવો આપણો આત્મા તેમના જેવો શુદ્ધ થઈ શકે નહીં; કેમ કે અનાદિથી શુદ્ધ એવા ભગવાનની સ્તુતિ કરીએ તો ભગવાન પ્રસન્ન થઈને આપણા આત્માને કર્મોથી મુક્ત કરે છે, એવું જૈનદર્શન સ્વીકારતું નથી, વળી જેમ ભીંત જેવું આત્માનું સ્વરૂપ નહીં હોવાથી ભીંતના ધ્યાનમાં તન્મય બને તોપણ આત્મા ભીંતરૂપ બનતો નથી, તેમ અનાદિશુદ્ધ એવા પરમાત્મા જેવું આપણા આત્માનું સ્વરૂપ નહીં હોવાથી અનાદિથી શુદ્ધ એવા ભગવાનની સ્તુતિ દ્વારા તેઓના ધ્યાનમાં તન્મય બને તોપણ આપણો આત્મા અનાદિશુદ્ધ બની શકે નહીં, તેમ માનવું પડે. વળી, મૌલિક સાંખ્યોની માન્યતા પ્રમાણે જેમ ભગવાનનો આત્મા જન્માદિપ્રપંચનો કર્તા નથી અને અનાદિશુદ્ધ છે, તેમ આપણો આત્મા પણ જન્માદિપ્રપંચનો કર્તા ન

હોય અને અનાદિશુદ્ધ હોય, તો ભગવાનની સ્તુતિ કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી; કેમ કે શુદ્ધ એવા આત્માને શુદ્ધ એવા પરમાત્માની સ્તુતિ દ્વારા કોઈ પ્રયોજનની નિષ્પત્તિ થતી નથી.

વસ્તુતઃ જૈનદર્શનની માન્યતા પ્રમાણે ભગવાનનો આત્મા આદિમાં જન્માદિપ્રપંચનો કર્તા હતો અને અનાદિઅશુદ્ધ હતો, તેમજ સ્વપરાક્રમથી જન્માદિપ્રપંચનો નાશ કરીને શુદ્ધ થયો, તેમ સ્વીકારવામાં આવે તો, આઇગરાણં પદ દ્વારા ઉપસ્થિત થાય કે જેમ ભગવાનના આત્માએ આદિમાં જન્માદિપ્રપંચ કર્યો, તેમ આપણો પણ આત્મા વર્તમાનમાં જન્માદિપ્રપંચ કરી રહ્યો છે, અને ભગવાનના આત્માએ જેમ સ્વપરાક્રમ દ્વારા પોતાના જન્માદિપ્રપંચનો નાશ કર્યો, તેમ આપણે પણ સ્વપરાક્રમ દ્વારા આપણા જન્માદિપ્રપંચનો નાશ કરી શકીએ તેમ છીએ, અને તેવું જન્માદિપ્રપંચના નાશનું પરાક્રમ આદિમાં જન્માદિપ્રપંચ કરનારા અને વર્તમાનમાં જન્માદિપ્રપંચથી રહિત એવા પરમાત્માએ કરેલ છે તેથી તેવા પરમાત્માની સ્તુતિ કરવાથી પોતાનામાં પણ જન્માદિપ્રપંચના નાશનું પરાક્રમ પ્રગટ થાય છે; કેમ કે ભગવાન વર્તમાનમાં જન્માદિપ્રપંચથી રહિત એવા શુદ્ધભાવવાળા છે, અને તે શુદ્ધભાવ પ્રત્યેનો પક્ષપાત ભગવાનની સ્તુતિ દ્વારા થાય છે અને સ્તુતિકાળમાં તે પ્રકારનો વીર્યનો પ્રકર્ષ થાય તો ભગવાનના તે શુદ્ધભાવ સાથે પોતાનો આત્મા તન્મયતા પ્રાપ્ત કરે છે, જે તન્મયતાને કારણે પોતાનો આત્મા પોતાના શુદ્ધભાવના પ્રતિબંધક કર્મોનો નાશ કરીને તદ્રૂપતાને પ્રાપ્ત કરે છે અર્થાત્ ભગવાન જેવું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. જેમ ભમરીથી ભય પામેલી ઇયળ ભમરીના ધ્યાનથી ભમરી થાય છે, તેમ આપણો પણ આત્મા સ્તુતિ દ્વારા પરમાત્માના ધ્યાનથી પરમાત્મા થાય છે, આથી તીર્થંકર જેવું સ્વરૂપ પોતાનામાં પ્રગટ કરવા માટે આદિકર એવા ભગવાનની નમુત્થુણં સૂત્રમાં આઇગરાણં પદ દ્વારા સ્તુતિ કરેલ છે.

વળી, ભગવાન આદિમાં જન્માદિપ્રપંચ કરવાના સ્વભાવવાળા છે, તેવી આદિકર શબ્દની વ્યુત્પત્તિ કર્યા પછી ગ્રંથકારશ્રીએ કહ્યું કે અનાદિમાન પણ સંસારમાં ભગવાનના આત્મામાં ત્યારે ત્યારે તે તે કર્માણુ આદિ સાથે સંબંધ કરવાની યોગ્યતા હોવાને કારણે ભગવાન મોક્ષપ્રાપ્તિની આદિમાં આત્માદિગામી જન્માદિપ્રપંચરૂપ વિશ્વને કરવાના સ્વભાવવાળા હતા, તેનાથી એ પ્રાપ્ત થાય કે જેમ જેમ ચરમાવર્તકાળથી દૂર-દૂરતરના ભવોમાં ભગવાનના આત્માનું સ્વરૂપ જોવામાં આવે તેમ તેમ ભગવાનનો આત્મા તે તે કાળમાં તે તે ભવમાં દીર્ઘ-દીર્ઘતર સંસાર ચલાવે તેવા તે તે કર્માણુ આદિ સાથે સંબંધને યોગ્ય સ્વભાવવાળા હતા, માટે ભગવાનના આત્માનો તે તે કાળમાં દીર્ઘ-દીર્ઘતર સંસાર ચાલ્યો, અને ભગવાનનો આત્મા ચરમાવર્તકાળમાં આવ્યા પછી જેમ જેમ ચરમભવની નજીક-નજીકતર આવ્યો, તેમ તેમ સાધના કરીને ભગવાને પોતાના આત્મામાં ગુણસંપત્તિનો વિકાસ કર્યો, અને તે વખતે ભગવાનનો આત્મા તે તે કર્માણુ આદિ સાથે સંબંધને યોગ્ય સ્વભાવવાળો હોવા છતાં દીર્ઘ-દીર્ઘતર સંસાર ચલાવે તેવા તે તે કર્માણુ આદિ સાથે સંબંધની યોગ્યતાવાળો ન હતો; કેમ કે જન્માદિપ્રપંચ માત્ર જીવના કર્મ સાથે સંબંધયોગ્ય સ્વભાવથી થતો નથી કે માત્ર કર્માણુ આદિના જીવ સાથે સંબંધયોગ્ય સ્વભાવથી થતો નથી, પરંતુ જીવ અને કર્માણુ આદિ એ ઉભયના તે પ્રકારના સંબંધયોગ્ય સ્વભાવથી થાય છે, તેથી ભગવાનનો આત્મા જ્યારે ચરમાવર્તની બહાર હતો ત્યારે ભગવાનના આત્માનો અને ભગવાનના આત્માથી ગ્રહણ કરાતાં કર્મોનો તેવો જ સ્વભાવ હતો,

જેથી ભગવાનનો આત્મા અને તે તે કર્મો એ બંનેના તે પ્રકારના સંયોગથી ભગવાનનો તે પ્રકારનો દીર્ઘ સંસાર થયો, અને ભગવાનનો આત્મા ચરમાવર્તમાં આવ્યા પછી સાધનાના ક્ષેત્રમાં પ્રવેશ્યો ત્યારે ભગવાનના આત્માનો અને ભગવાનના આત્માથી ગ્રહણ કરાતાં કર્મોનો તેવો જ સ્વભાવ થયો, જેથી ભગવાનનો આત્મા અને તે તે કર્મો એ બંનેના સંયોગથી ભગવાને અલ્પકાળમાં સંસારનો ઉચ્છેદ કરીને સંસારનો અંત કર્યો.

આ પ્રકારનો અર્થ કરવા માટે ગ્રંથકારશ્રીએ કહ્યું કે ભગવાનના આત્મામાં ત્યારે ત્યારે તે તે ભવમાં તે તે કર્માણુ આદિ સાથે સંબંધને યોગ્ય સ્વભાવતા હતી, તેથી ફલિત થાય કે ભગવાન પણ આદિમાં આપણી જેમ જ જન્માદિપ્રપંચને કરનારા હતા, છતાં કોઈક તીર્થંકરથી પ્રરૂપાયેલ માર્ગની તેઓને પ્રાપ્તિ થઈ અને તેઓમાં માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટ થઈ, જેના દ્વારા તેઓએ તે તીર્થંકરના માર્ગની ઉપાસના કરીને પોતાના સંસારનો અંત કર્યો. આથી आइगराणं પદ દ્વારા ભગવાનની સ્તુતિ કરવાથી આપણને વર્તમાનમાં પણ ઉપસ્થિતિ થાય છે કે ભગવાન આદિમાં અનાદિકાળથી ભવપ્રપંચ કરનારા હતા, પરંતુ વર્તમાનમાં ભવપ્રપંચ કરનારા નથી; જ્યારે આપણે અનાદિકાળથી ભવપ્રપંચ કરનારા છીએ, અને વર્તમાનમાં પણ ભવપ્રપંચ કરનારા છીએ, અને આપણે જ્યારે ભગવાનની જેમ સાધના કરીને મુક્તિને પ્રાપ્ત કરશું, ત્યારે આપણે પણ ભગવાનની જેમ આદિમાં ભવપ્રપંચ કરનારા થઈશું, આથી ભગવાનને 'આદિકર' કહેવાથી ભગવાનનો આત્મા પ્રયત્ન દ્વારા વર્તમાનમાં શુદ્ધ થયેલો છે એ પ્રકારની ઉપસ્થિતિ થાય છે, તેમજ આવા ભગવાનની સ્તુતિ કરીને પોતાને તે પ્રકારના પ્રયત્ન દ્વારા શુદ્ધ થવું છે, એ પ્રકારનું પ્રણિધાન થાય છે, જે પ્રણિધાનના બળથી જો આદિમાં ભવપ્રપંચ કરનાર અને વર્તમાનમાં ભવપ્રપંચથી રહિત એવા પરમાત્મા સાથે આપણા આત્માનો તન્મયભાવ પ્રગટે તો આપણા આત્માનું પણ ભગવાનના આત્માની જેમ સંસારના ઉચ્છેદને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થાય, અને તદર્થે જ आइगराणं વિશેષણ દ્વારા પ્રસ્તુત સૂત્રમાં ભગવાનની સ્તુતિ કરાયેલ છે.

વળી, જો આત્મામાં જન્માદિપ્રપંચ કરવાનો સ્વભાવ ન સ્વીકારીએ તો, શાસ્ત્રોમાં જે ભગવાનના પૂર્વના ભવોનું વર્ણન પ્રાપ્ત થાય છે તે ઘટે નહીં; કેમ કે ભગવાનમાં ભવપ્રપંચ કરવાની શક્તિ ન હોય તો ભગવાનને તે પ્રકારનો ભવનો પ્રપંચ પ્રાપ્ત થઈ શકે નહીં, અને ભવપ્રપંચ કેમ પ્રાપ્ત થઈ શકે નહીં ? તેમાં યુક્તિ આપતાં કહે છે કે અતિપ્રસંગદોષની પ્રાપ્તિ હોવાથી તેમ સ્વીકારવામાં વ્યાઘાત થાય છે. અહીં પ્રશ્ન થાય કે અતિપ્રસંગદોષ કઈ રીતે પ્રાપ્ત થાય ? તેથી કહે છે –

જો ભગવાનના આત્માનો જન્માદિપ્રપંચ કરવાનો સ્વભાવ ન હતો, છતાં ભગવાનના આત્માને મોક્ષપ્રાપ્તિની પૂર્વે જન્માદિપ્રપંચ પ્રાપ્ત થયો, તેમ સ્વીકારીએ તો, મુક્ત આત્માઓનો પણ જન્માદિપ્રપંચ કરવાનો સ્વભાવ નથી, છતાં તેઓને જન્માદિપ્રપંચ પ્રાપ્ત થવો જોઈએ, અને મુક્તાત્માઓને જન્માદિપ્રપંચ પ્રાપ્ત થતો નથી, એવું સર્વદર્શનકારો સ્વીકારે છે, માટે નક્કી થાય કે જેમ મુક્તાત્માઓનો જન્માદિપ્રપંચ કરવાનો સ્વભાવ નથી માટે તેઓને જન્માદિપ્રપંચ પ્રાપ્ત થતો નથી, તેમ જો ભગવાનના આત્માનો આદિમાં જન્માદિપ્રપંચ કરવાનો સ્વભાવ ન હોત તો તેઓને આદિમાં જન્માદિપ્રપંચ પ્રાપ્ત થાત નહીં. પણ

ભગવાનના આત્માને મોક્ષપ્રાપ્તિની આદિમાં જન્માદિપ્રપંચ પ્રાપ્ત થયો છે, તેથી નક્કી થાય કે ભગવાનના આત્માનો જન્માદિપ્રપંચ કરવાનો સ્વભાવ હતો, માટે ભગવાનને આદિમાં જન્માદિપ્રપંચ પ્રાપ્ત થયેલો, અને ભગવાનના આત્માએ સાધના કરીને તે સ્વભાવનો ઉચ્છેદ કર્યો, માટે ભગવાનને વર્તમાનમાં જન્માદિપ્રપંચ પ્રાપ્ત થતો નથી.

અહીં મૌલિક સાંખ્યો કહે કે આત્માનો અકર્તા સ્વભાવ હોવાથી આત્મામાં જન્માદિપ્રપંચનો સ્વભાવ માની શકાય નહીં, પરંતુ તે તે કર્માણુ આદિનો જ તેવો સ્વભાવ છે જે કર્માણુ આદિ આત્મા સાથે સંબંધિત થઈને આત્માનો જન્માદિપ્રપંચ કરે છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે સંબંધ હંમેશાં બંનેમાં થાય છે, તેથી કર્માણુ આદિ અને આત્મા બંનેમાં સંબંધયોગ્ય સ્વભાવ માનવો પડે, અને બંનેનો પરસ્પર સંબંધયોગ્ય સ્વભાવ ન માનીએ અને માત્ર કર્માણુ આદિનો જ આત્મા સાથે સંબંધયોગ્ય સ્વભાવ માનીએ તો, આત્મા સાથે કર્માણુ આદિનો સંબંધ ઘટે નહીં. કેમ ન ઘટે ? તેમાં શાસ્ત્રસિદ્ધ દૃષ્ટાંત ગ્રંથકારશ્રી બતાવે છે –

શાસ્ત્રમાં કહેલ છે કે અલોકાકાશમાં માત્ર આકાશદ્રવ્ય જ છે, અન્ય કોઈ દ્રવ્ય નથી, તેથી કર્માણુ આદિ જેમ લોકાકાશમાં અવગાહ્ય-અવગાહક સંબંધથી રહેલા છે, તેમ અલોકાકાશમાં અવગાહ્ય-અવગાહક સંબંધથી રહેલા નથી; આમ છતાં કોઈ કલ્પના કરે કે કર્માણુ આદિનો અલોકાકાશ સાથે સંબંધિત થવાનો સ્વભાવ છે, તેટલામાત્રથી કર્માણુ આદિ અલોકાકાશ સાથે સંબંધિત થતા નથી; કેમ કે અલોકાકાશનો કર્માણુ આદિ સાથે સંબંધયોગ્ય સ્વભાવ નથી, તે રીતે મૌલિક સાંખ્યો કલ્પના કરે કે કર્માણુ આદિનો આત્મા સાથે સંબંધિત થવાનો સ્વભાવ છે, તેટલામાત્રથી કર્માણુ આદિ આત્મા સાથે સંબંધિત થતા નથી; કેમ કે મૌલિક સાંખ્યોના મતાનુસાર આત્મા સર્વથા અકર્તા હોવાથી આત્માનો કર્માણુ આદિ સાથે સંબંધયોગ્ય સ્વભાવ તેઓ સ્વીકારી શકે નહીં; કેમ કે કર્માણુ સાથે સંબંધયોગ્ય સ્વભાવ સ્વીકારે તો તે સંબંધના કર્તા આત્મા સિદ્ધ થાય. વળી જો આત્માનો કર્માણુ આદિ સાથે સંબંધયોગ્ય સ્વભાવ ન હોય તો ભગવાનના આત્માને મોક્ષપ્રાપ્તિની આદિમાં પ્રાપ્ત થયેલો જન્માદિપ્રપંચ સંગત થાય નહીં, અને આત્માનો કર્માણુ આદિ સાથે સંબંધયોગ્ય સ્વભાવ સ્વીકાર્યા વગર જન્માદિપ્રપંચ સંગત નહીં થતો હોવાથી, તેની સંગતિ કરવા માટે મૌલિક સાંખ્યો આત્માનો કર્માણુ આદિ સાથે સંબંધયોગ્ય સ્વભાવ સ્વીકારે તો, મૌલિક સાંખ્યોને આત્માને કર્તારૂપે સ્વીકારવાની આપત્તિ પ્રાપ્ત થાય.

આ રીતે ગ્રંથકારશ્રીએ આइगराणं પદથી મૌલિક સાંખ્યોના મતના નિરાકરણપૂર્વક ભગવાન આદિમાં જન્માદિપ્રપંચ કરવાના સ્વભાવવાળા હતા, એમ સ્થાપન કર્યું. ત્યાં કોઈક વિચારકને પ્રશ્ન થાય કે જૈનદર્શન તો કાર્યની નિષ્પત્તિ પ્રત્યે પાંચેય કારણોના સમુદાયરૂપ સામગ્રીને હેતુ સ્વીકારે છે, તે પ્રમાણે ભગવાને જે આદિમાં જન્માદિપ્રપંચ કર્યો તે રૂપ કાર્ય પ્રત્યે ભગવાનમાં રહેલા પાંચેય કારણોના સમુદાયને હેતુ માનવો જોઈએ, તેના બદલે ભગવાને તે પ્રકારના સ્વભાવથી જન્માદિપ્રપંચ કર્યો, તેમ સિદ્ધ કરવાથી સ્વભાવમાત્રવાદની પ્રાપ્તિ થાય છે.

આ પ્રકારની કોઈકની શંકાનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે "ભગવાન આદિમાં જન્માદિપ્રપંચ કરવાના સ્વભાવવાળા હતા" એવો આઇગરાણંનો અર્થ કરવાથી સ્વભાવમાત્રવાદની સિદ્ધિ થતી નથી; કેમ કે જન્માદિપ્રપંચરૂપ કાર્ય સ્વભાવરૂપ કારણથી અન્ય ચાર કારણોની પણ અપેક્ષા રાખે છે, ફક્ત તે પાંચ કારણો અંતર્ગત સ્વભાવરૂપ કારણ છે, તેથી તેને પણ કારણરૂપે બતાવવા માટે આઇગરાણંનો અર્થ ભગવાન આદિમાં જન્માદિપ્રપંચ કરવાના સ્વભાવવાળા હતા, તેમ કરેલ છે.

વસ્તુતઃ પ્રસ્તુત નમુત્થુણં સૂત્ર ગણધરોએ રચેલ છે અને તેઓ સ્યાદ્વાદનું સ્થાપન કરનારા છે, તેથી તેઓને ભગવાનનો જન્માદિપ્રપંચ પાંચે કારણોના સમુદાયથી થયેલો હતો, તે પ્રમાણે અભિમત છે; તોપણ આત્માને સર્વથા અકર્તા માનનારા મૌલિક સાંખ્યો ભગવાનને અનાદિકાળથી શુદ્ધ સ્વભાવવાળા સ્વીકારે છે, અને ભગવાનનો જન્માદિપ્રપંચ કરવાનો સ્વભાવ નથી તેમ સ્વીકારે છે, તેથી તે મૌલિક સાંખ્યોના મતના નિરાકરણ માટે ગ્રંથકારશ્રીએ ભગવાનનો તે પ્રકારના સ્વભાવથી જન્માદિપ્રપંચ થયો, તેમ સિદ્ધ કરેલ છે.

વળી, કાર્ય પાંચેય કારણોથી થાય છે, એ વસ્તુને ગ્રંથકારશ્રીએ ઉપદેશપદાદિ અન્ય ગ્રંથોમાં વિસ્તારથી સિદ્ધ કરેલ છે, માટે તેનો વિસ્તાર ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં કરેલ નથી. આ પ્રકારે ભગવાનમાં આદિકરપણાની સિદ્ધિ થાય છે. ॥૩॥

अवतरणिका :-

एवमादिकरा अपि कैवल्यावाप्त्यनन्तरापवर्गवादिभिरागमधार्म्मिकैरतीर्थकरा एवेष्यन्ते, 'अकृत्स्नकर्म्मक्षये कैवल्याभावाद्' **इतिवचनात्, तन्निरासेनैषां तीर्थकरत्वप्रतिपादनायाह- 'तीर्थकरेभ्यः' इति।**

अवतरणिकार्थ :-

આ રીતે=આઇગરાણં પદમાં કહ્યું એ રીતે, આદિકર એવા પણ અરિહંતો કૈવલ્યની અવાપ્તિની અનંતર અપવર્ગવાદી એવા આગમધાર્મિકો વડે અતીર્થકર જ ઇચ્છાય છે; કેમ કે "અકૃત્સ્ન કર્મક્ષયમાં કૈવલ્યનો અભાવ હોવાથી=સંપૂર્ણ કર્મક્ષયના અભાવમાં કેવલજ્ઞાનનો અભાવ હોવાથી, કૈવલ્યની પ્રાપ્તિ પછી તરત અપવર્ગની પ્રાપ્તિ થાય છે." એ પ્રકારે વચન છે=આગમધાર્મિકોનું વચન છે, તેના નિરાસ દ્વારા=તે આગમધાર્મિકોના મતના નિરાકરણ દ્વારા, આમના=આદિકર એવા અરિહંતોના, તીર્થકરપણાના પ્રતિપાદન માટે તીર્થકરેભ્યઃ એ પ્રમાણે કહે છે=નમુત્થુણં સૂત્રમાં કહે છે –

पंजिका :-

'आगमधार्म्मिकै'रिति आगमप्रधाना धार्म्मिका आगमधार्म्मिकाः वेदवादिनस्तैः, ते हि धर्माधर्म्मादिके-ऽतीन्द्रियार्थे आगममेव प्रमाणं प्रतिपद्यन्ते, न प्रत्यक्षादिकमपि; यदाहुस्ते–

'अतीन्द्रियाणामर्थानां साक्षाद्द्रष्टा न विद्यते ।
वचनेन हि नित्येन, यः पश्यति स पश्यति ।।१।।' **इति।**

પંજિકાર્થ :-

'आगमधार्म्मिकै'रिति ..... पश्यति ।।१।।' इति ।। आगमधार्म्मिकैःનો અર્થ કરે છે –

આગમપ્રધાન ધાર્મિક આગમધાર્મિક વેદવાદીઓ છે, તેઓ વડે, અરિહંતો અતીર્થંકર સ્વીકારાય છે, એમ અન્વય છે, ખરેખર તેઓ=આગમધાર્મિક એવા વેદવાદીઓ, ધર્મ-અધર્માદિક અતીંદ્રિય અર્થમાં આગમને જ પ્રમાણ સ્વીકારે છે, પ્રત્યક્ષાદિકને પણ નહીં=પ્રત્યક્ષાદિને પણ પ્રમાણ સ્વીકારતા નથી; જે કારણથી તેઓ=આગમધાર્મિકો, કહે છે –

"અતીંદ્રિય અર્થોનો સાક્ષાદ્ દ્રષ્ટા=જોનારો, વિદ્યમાન નથી, નિત્ય એવા વચનથી જ જે જુએ છે, તે જુએ છે= અતીંદ્રિય અર્થોને જુએ છે."

'इति' ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

ભાવાર્થ :-

પૂર્વમાં आइगराणं પદથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે અરિહંતો આદિમાં જન્માદિપ્રપંચ કરવાના સ્વભાવવાળા હતા, એ રીતે આદિકર પણ અરિહંતોને, "કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી તરત મોક્ષ થાય છે" એમ માનનારા આગમધાર્મિક એવા વેદવાદીઓ અતીર્થંકર જ માને છે; કેમ કે તેઓનું વચન છે કે "સંપૂર્ણ કર્મક્ષય થયા વગર કેવલજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, અને સંપૂર્ણ કર્મક્ષય થયા પછી તરત જીવ મોક્ષમાં જાય છે." તેથી આગમધાર્મિકો ભગવાન કેવલજ્ઞાન પામ્યા પછી તીર્થની સ્થાપના કરનારા છે, તેમ માનતા નથી.

આનાથી ફલિત થાય કે ભગવાનનો આત્મા આદિમાં જન્માદિપ્રપંચને કરનારો હતો અને સાધના કરીને જન્માદિપ્રપંચથી મુક્ત થાય છે, પરંતુ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી ભગવાન તીર્થની સ્થાપના કરતા નથી. આ પ્રકારના આગમધાર્મિકોના મતના નિરાકરણ માટે નમુત્થુણં સૂત્રમાં तित्थयराणं પદ મૂકેલ છે.

વળી, 'આગમધાર્મિક' શબ્દનો પંજિકાકારે અર્થ કર્યો, તેનાથી એ પ્રાપ્ત થાય કે જેઓ વેદરૂપ આગમને જ પ્રધાન માને છે તેઓ આગમધાર્મિક છે. તે આગમધાર્મિકો કહે છે કે સંસારીજીવો જે કૃત્યો કરે છે તેનાથી તેઓના આત્મામાં ધર્મ અને અધર્મ નિષ્પન્ન થાય છે, અને આ ધર્મ છે, આ અધર્મ છે, ધર્મનું આ ફળ છે, અધર્મનું આ ફળ છે, એ સર્વ પદાર્થ ઇન્દ્રિયોથી દેખાતો નથી, માટે કયા કૃત્યથી ધર્મ થાય છે ? અને કયા કૃત્યથી અધર્મ થાય છે, તેમજ ધર્મનું ફળ શું છે ? અને અધર્મનું ફળ શું છે ? એના વિષયમાં આગમ જ પ્રમાણ છે, પરંતુ પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણ નથી.

જોકે આગમધાર્મિકો જેમ આગમને જ પ્રમાણ માને છે, તેમ જૈનો પણ આગમને જ પ્રમાણ માને છે, પરંતુ જૈનો આગમના મૂળ નિષ્પાદક તીર્થંકરોને માને છે, જ્યારે આગમધાર્મિકો આગમને અપૌરુષેય માને છે; કેમ કે તેઓ કહે છે કે "ધર્મ-અધર્મ આદિ અતીંદ્રિય પદાર્થોને સાક્ષાત્ જોનારા કોઈ વિદ્યમાન નથી, પરંતુ તે સર્વ પદાર્થોને અપૌરુષેય એવું આગમ જ બતાવે છે, તેથી તે અપૌરુષેય એવા આગમના વચનથી જે પુરુષ ધર્મ-અધર્મ આદિના સ્વરૂપને જાણે છે, તે જ અતીંદ્રિય પદાર્થોને જુએ છે." આ પ્રકારના આગમધાર્મિકોના મત અનુસાર જે જીવો ધર્મ-અધર્માદિ અતીંદ્રિય પદાર્થોનો વેદવચનથી યથાર્થ બોધ કરે

છે, અને તે બોધ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે, તે જીવોને તે યથાર્થ બોધ અને ઉચિત પ્રવૃત્તિના બળથી સર્વ કર્મોનો ક્ષય થાય છે, તેથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને સર્વ કર્મોનો ક્ષય થયેલ હોવાથી તે જીવો કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી તરત જ મુક્તિને પામે છે, તેથી ભગવાન આદિમાં જન્માદિપ્રપંચ કરનારા છે, પરંતુ તીર્થની સ્થાપના કરનારા નથી; માટે ભગવાન 'આદિકર' છે એ રૂપે ઉપાસ્ય છે, પરંતુ ભગવાન 'તીર્થંકર' છે એ રૂપે ઉપાસ્ય નથી, એમ માનનારા આગમધાર્મિક વેદવાદીઓના મતનો નિરાસ કરવા માટે નમુત્થુણં સૂત્રમાં तित्थयराणं પદ દ્વારા ભગવાનની સ્તુતિ કરાયેલ છે.

સૂત્ર :-

तित्थयराणं ।।४।।

સૂત્રાર્થ :-

તીર્થંકર એવા ભગવાનને નમસ્કાર થાઓ. ।।४।।

ललितविस्तरा :-

तत्र तीर्थकरणशीलाः तीर्थकराः, अचिन्त्यप्रभावमहापुण्यसंज्ञिततन्नामकर्म्मविपाकतः, तस्यान्यथा वेदनाऽयोगात्, तत्र येनेह जीवा जन्मजरामरणसलिलं मिथ्यादर्शनाविरतिगम्भीरं महाभीषणकषायपातालं सुदुर्लङ्घ्यमोहावर्त्तरौद्रं विचित्रदुःखौघदुष्टश्वापदं रागद्वेषपवनविक्षोभितं संयोगवियोगवीचीयुक्तं प्रबलमनोरथवेलाकुलं सुदीर्घं संसारसागरं तरन्ति तत्तीर्थमिति, एतच्च यथावस्थितसकलजीवादिपदार्थप्ररूपकम्, अत्यन्तानवद्यान्याविज्ञातचरणकरणक्रियाऽधारं, त्रैलोक्यगतशुद्धधर्मसंपद्युक्तमहासत्त्वाश्रयम्, अचिन्त्यशक्तिसमन्वितावितथादिपरमबोहित्थकल्पं प्रवचनं सङ्घो वा, निराधारस्य प्रवचनस्यासम्भवात्, उक्तं च—'तित्थं भंते! तित्थं? तित्थगरे तित्थं?' 'गोयमा! अरहा (प्र.अरिहा) ताव नियमा तित्थंकरे, तित्थं पुण चाउव्वण्णो समणसङ्घो'।

ततश्चैतदुक्तं भवति-घातिकर्म्मक्षये ज्ञानकैवल्ययोगात्तीर्थकरनामकर्म्मोदयतस्तत्स्वभावतया आदित्यादिप्रकाशनिदर्शनतः, शास्त्रार्थप्रणयनात्, मुक्तकैवल्ये तदसम्भवेनागमानुपपत्तेः, भव्यजनधर्म्मप्रवर्त्तकत्वेन परम्परानुग्रहकरास्तीर्थकरा इति तीर्थकरत्वसिद्धिः।४।

ललितविस्तरार्थ :-

ત્યાં=तित्थयराणं પદમાં, અચિંત્ય પ્રભાવવાળા મહાપુણ્યથી સંજ્ઞિત એવા તે નામકર્મના વિપાકથી= તીર્થંકરનામકર્મના ઉદયથી, તીર્થના કરણશીલ=તીર્થને કરવાના સ્વભાવવાળા, તીર્થંકરો છે; કેમ કે તેનો અન્યથા વેદનનો અયોગ છે=તીર્થંકરનામકર્મનો તીર્થને કર્યા વગર વેદનની અપ્રાપ્તિ છે.

ત્યાં='તીર્થંકર' શબ્દમાં, જેના વડે અહીં=જગતમાં, જીવો જન્મ-જરા-મરણરૂપી પાણીવાળા,

મિથ્યાદર્શન અને અવિરતિથી ગંભીર, મહાભયંકર કષાયોરૂપી પાતાલવાળા, અત્યંત દુર્લંઘ્ય એવા મોહરૂપી આવર્તોથી ભયાનક, વિવિધ દુઃખોના સમૂહરૂપી દુષ્ટ એવા જળચરપ્રાણીઓવાળા, રાગ-દ્વેષરૂપી પવનથી ખળભળાટવાળા, સંયોગ-વિયોગરૂપી તરંગોથી યુક્ત, પ્રબળ મનોરથોરૂપી ભરતીઓથી વ્યાપ્ત, અત્યંત દીર્ઘ, એવા સંસારરૂપી સાગરને તરે છે તે તીર્થ છે.

'इति' 'તીર્થ' શબ્દના કથનની સમાપ્તિમાં છે.

અને આ=સંસારસાગરથી તારનારું તીર્થ, યથાવસ્થિત એવી સમગ્ર જીવાદિ પદાર્થોની પ્રરૂપણા કરનાર, અત્યંત અનવદ્ય અન્યથી અવિજ્ઞાત એવી ચરણ-કરણ ક્રિયા તેનો આધાર=અત્યંત નિષ્પાપ અને તીર્થંકરો સિવાય અન્ય છદ્મસ્થ જીવોથી નહીં જણાયેલી એવી ચરણ-કરણરૂપ ક્રિયાનો આધાર, ત્રણલોકમાં રહેલા શુદ્ધધર્મરૂપી સંપત્તિથી યુક્ત એવા મહાસત્ત્વોના આશ્રયવાળું, અચિંત્ય શક્તિથી યુક્ત અને અવિસંવાદી એવા શ્રેષ્ઠ વહાણતુલ્ય એવું પ્રવચન છે અથવા સંઘ છે.

અહીં પ્રશ્ન થાય કે અથવા તીર્થ સંઘ છે, એમ કેમ કહ્યું ? તેથી કહે છે –

નિરાધાર એવા પ્રવચનનો અસંભવ હોવાથી તીર્થ સંઘ છે, એમ અન્વય છે.

અને કહેવાયું છે –

હે ભદંત ! તીર્થ તીર્થ છે ?=તીર્થ સંસારસાગરથી તારનારું છે ? કે તીર્થંકરો તીર્થ છે ?=તીર્થંકરો સંસારસાગરથી તારનારા છે ? એ પ્રમાણે પુછાતા ગૌતમસ્વામીને ભગવાન કહે છે – હે ગૌતમ ! અરિહંતો નિયમથી તીર્થંકર છે, વળી, તીર્થ ચાતુર્વર્ણ=સાધુ આદિ ચાર વર્ણવાળો, શ્રમણસંઘ છે.

અને તેનાથી=પૂર્વમાં 'તીર્થંકર' શબ્દની વ્યુત્પત્તિ કરી તેનાથી, આ=હવે કહે છે એ, કહેવાયેલું થાય છે – ઘાતીકર્મોનો ક્ષય થયે છતે જ્ઞાનકૈવલ્યના યોગથી=કેવલજ્ઞાનના અને કેવલદર્શનના સંબંધને પામીને, તીર્થંકરનામકર્મના ઉદયથી તેની સ્વભાવતાને કારણે=તીર્થ કરવાના સ્વભાવપણાને કારણે, આદિત્યાદિના પ્રકાશના નિદર્શનથી=સૂર્ય આદિના પ્રકાશના દૃષ્ટાંતથી, શાસ્ત્રના અર્થના પ્રણયનથી ભવ્યજનોને ધર્મમાં પ્રવર્તકપણારૂપે પરંપરા વડે અનુગ્રહને કરનારા તીર્થંકરો છે.

અહીં પ્રશ્ન થાય કે કેવલજ્ઞાન-દર્શન પ્રગટ્યા પછી તીર્થંકરનામકર્મના ઉદયથી તીર્થંકરો શાસ્ત્રના અર્થનું પ્રણયન કરે છે, એમ ન માનીએ તો શું વાંધો ? તેમાં હેતુને કહે છે –

મુક્તકૈવલ્યમાં=મોક્ષમાં ગયેલા જીવના કેવલજ્ઞાનમાં, તેનો અસંભવ હોવાથી=શાસ્ત્રના અર્થના પ્રણયનનો અભાવ હોવાથી, આગમની અનુપપત્તિ છે, આ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી અરિહંતો શાસ્ત્રાર્થના પ્રણયનથી તીર્થને કરનારા છે એ રીતે, તીર્થંકરત્વની સિદ્ધિ છે= અરિહંતોમાં તીર્થંકરપણાની પ્રાપ્તિ છે. ॥૪॥

ભાવાર્થ :-

અરિહંતો અચિંત્ય પ્રભાવવાળા, મહાપુણ્યની સંજ્ઞાવાળા, તીર્થંકરનામકર્મના વિપાકથી તીર્થને કરવાના

સ્વભાવવાળા છે, આનાથી એ પ્રાપ્ત થાય કે તીર્થંકરો સંસારવર્તી પ્રભાવવાળા સર્વ પુણ્ય કરતાં વિશેષ કોટિના પ્રભાવવાળું મહાપુણ્ય બાંધે છે, અને તે મહાપુણ્ય તીર્થંકરનામકર્મરૂપ છે, અને તેવું તીર્થંકરનામકર્મ ભગવાનને જ્યારે ઉદયમાં આવે છે ત્યારે તીર્થંકરો તીર્થને કરવાના સ્વભાવવાળા થાય છે; કેમ કે તીર્થંકરનામકર્મનું વેદન તીર્થ કરવા દ્વારા જ થાય છે, અન્ય પ્રકારે થતું નથી.

આ રીતે 'તીર્થંકર' શબ્દની વ્યુત્પત્તિ બતાવી ત્યાં જિજ્ઞાસા થાય કે 'તીર્થ' શું છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે કે જેના દ્વારા જીવો સંસારસાગરથી તરે છે તેને તીર્થ કહેવાય. આ પ્રકારની વ્યુત્પત્તિથી તીર્થ જગતના જીવોને તારનારું છે, એવો અર્થ પ્રાપ્ત થાય.

વળી, સંસારસાગર કેવો છે ? તે બતાવવા માટે ગ્રંથકારશ્રી ભીષણ એવા સમુદ્રની ઉપમા દ્વારા સંસારનું સ્વરૂપ બતાવે છે –

(૧) જેમ સમુદ્ર પાણીથી ભરપૂર હોય છે, તેમ જીવમાં વર્તતો સંસારસાગર જન્મ-જરા-મરણરૂપ પાણીથી ભરપૂર છે, આના દ્વારા એ દ્યોતિત થાય કે સમુદ્રમાં પડેલા જીવોને સમુદ્ર રમ્યદૃશ્યરૂપે દેખાતો નથી, પરંતુ ભયરૂપે દેખાય છે; કેમ કે સમુદ્ર અફાટ જલના પ્રવાહથી વ્યાપ્ત છે, તેમ સંસારસાગર પણ સર્વ ભવોમાં જન્મ-જરા-મરણથી વ્યાપ્ત છે, તેથી વિચારક જીવને જન્માદિ ત્રણ ભાવોથી સંસાર ભયાવહ દેખાય છે.

(૨) જેમ સમુદ્ર અતિઊંડાણવાળો હોય છે, તેથી સમુદ્રમાં પડેલા જીવો સમુદ્રમાંથી બહાર નીકળી શકતા નથી, તેમ જીવવર્તી સંસાર મિથ્યાદર્શન અને અવિરતિથી અતિઊંડાણવાળો છે, તેથી સંસારીજીવો વિપરીતબોધરૂપ મિથ્યાત્વને કારણે અને આરંભ-સમારંભની પ્રવૃત્તિરૂપ અવિરતિને કારણે ઊંડાણવાળા સંસારસાગરમાંથી બહાર નીકળવા યત્ન કરી શકતા નથી.

(૩) જેમ સમુદ્રમાં મહાભીષણ એવા ચાર પાતાળકળશો હોય છે, તેથી જ્યારે પાતાળકળશોના સંક્ષોભથી સમુદ્ર તોફાનવાળો બને છે ત્યારે સમુદ્રમાં ડૂબેલા જીવો અનેક વિડંબણા પામે છે, તેમ સંસારસાગરમાં મહાભીષણ એવા ચાર કષાયો છે, તેથી જ્યારે કષાયોના સંક્ષોભથી જીવો વ્યાકુળ બને છે ત્યારે સંસારમાં રહેલ જીવો અનેક વિડંબણા પામે છે.

(૪) જેમ સમુદ્ર અત્યંત દુઃખે કરીને ઉલ્લંઘી શકાય તેવા પાણીના આવર્તોથી રૌદ્ર હોય છે, તેમ જીવોમાં વર્તતો સંસારસાગર અત્યંત દુર્લંઘ્ય એવા મોહના આવર્તોથી રૌદ્ર છે.

(૫) જેમ સમુદ્રમાં વિવિધ પ્રકારનાં દુષ્ટ જળચર પ્રાણીઓ હોય છે, અને તેઓથી સમુદ્રમાં પડેલા જીવોને સતત ઉપદ્રવ થાય છે, તેમ સંસારસાગરમાં વિવિધ પ્રકારનાં દુઃખોનો સમૂહ છે, અને તેનાથી સંસારીજીવોને અનેક દુઃખની પરંપરા પ્રાપ્ત થાય છે.

(૬) જેમ સમુદ્ર પવનથી વિક્ષોભ પામે છે ત્યારે સમુદ્ર અત્યંત ભયાવહ બને છે, તેમ જીવવર્તી સંસાર રાગ-દ્વેષના પરિણામો રૂપ પવનથી વિક્ષોભ પામે છે ત્યારે સંસારસાગર અત્યંત ભયાવહ બને છે.

(૭) જેમ સમુદ્રમાં અનેક પ્રકારનાં મોજાં ઊછળે છે, તેથી સમુદ્ર અતિભયરૂપ છે, તેમ જીવવર્તી સંસાર

સંયોગ-વિયોગથી યુક્ત છે, તેથી સંસારસાગર અતિભયરૂપ છે.

(૮) જેમ સમુદ્રમાં ભરતી આવે છે ત્યારે સમુદ્ર અતિઆકુળ બને છે, તેમ જીવવર્તી સંસારમાં પ્રબળ મનોરથો પેદા થાય છે ત્યારે જીવનો સંસારસાગર અતિઆકુળ બને છે.

(૯) જેમ સમુદ્ર અત્યંત દીર્ઘ હોય છે, માટે સમુદ્રનો પાર પામી શકાતો નથી, તેમ જીવવર્તી સંસાર પણ અત્યંત દીર્ઘ છે, માટે અનાદિકાળથી સંસારમાં ભટકતા જીવો સંસારસાગરનો પાર પામી શકતા નથી.

આવા પ્રકારના સંસારસાગરથી જે તારે તેને તીર્થ કહેવાય અર્થાત્ જેમ અતિભયંકર પણ સમુદ્રમાં પડેલા જીવને કોઈ તરવાનું સાધન મળે તો તે સાધન તેને માટે તીર્થ છે, તેમ અતિભયંકર પણ સંસારમાં પડેલા જીવોને ભગવાનનું પ્રવચન તરવાનું સાધન છે, માટે તે પ્રવચન તીર્થ છે.

આ રીતે 'તીર્થંકર' શબ્દની વ્યુત્પત્તિ બતાવીને 'તીર્થ' શબ્દનું સામાન્ય સ્વરૂપ બતાવ્યું. હવે આવા પ્રકારનું પણ તીર્થ કેવા વિશેષ સ્વરૂપવાળું છે ? તે બતાવે છે –

ભગવાનનું તીર્થરૂપ પ્રવચન સમગ્ર પદાર્થોની યથાવસ્થિત પ્રરૂપણા કરનાર છે અર્થાત્ જગતવર્તી જીવાદિ પદાર્થો કેવા સ્વરૂપવાળા છે ? તેનો યથાર્થ બોધ કરાવનાર છે, જેના દ્વારા યથાર્થ બોધ કરીને યોગ્ય જીવો પોતાને શું કરવું ઉચિત છે ? અને શું કરવું અનુચિત છે ? તેનો નિર્ણય કરી શકે છે.

વળી, ભગવાનનું પ્રવચન અત્યંત અનવદ્ય અને તીર્થંકરો સિવાય અન્ય છદ્મસ્થ જીવોથી નહીં જણાતી એવી ચારિત્રના પાલનરૂપ ક્રિયાનો આધાર છે. આનાથી એ પ્રાપ્ત થાય કે સમ્યક્ પ્રકારની ચારિત્રની ક્રિયા સંસારસાગરથી તરવાનો ઉપાય છે, અને તે ચારિત્રની ક્રિયા અત્યંત અનવદ્ય છે, અને આથી અનવદ્ય ક્રિયાનું પારમાર્થિક સ્વરૂપ સર્વજ્ઞ જ જાણી શકે છે, છદ્મસ્થ જાણી શકતા નથી, અને તેવી ચારિત્રની ક્રિયાનો આધાર પ્રવચન છે અર્થાત્ તેવી ક્રિયાના સ્વરૂપનો યથાર્થ બોધ કરાવવા દ્વારા અને બોધ કરીને તેવી ક્રિયાના સેવન દ્વારા જીવોને સંસારસાગરથી તારનારું પ્રવચન છે.

અહીં ચરણકરણ ક્રિયાને 'અત્યંત અનવદ્ય' અને 'અન્ય અવિજ્ઞાત' વિશેષણ આપ્યું, તેનું તાત્પર્ય એ છે કે જીવ પોતાનામાં વર્તતા સંગના પરિણામને કારણે બાહ્ય પદાર્થો પ્રત્યે સંગ કરીને અનેક પ્રકારની સાવદ્ય ક્રિયાઓ કરે છે અને અનેક પ્રકારનાં પાપો બાંધે છે, તેના ફળરૂપે સંસારમાં સર્વ કદર્થનાઓ પ્રાપ્ત કરે છે. આથી સંસારની સર્વ વિડંબણાઓનું બીજ સાવદ્ય ક્રિયા છે; જ્યારે ભગવાનનું પ્રવચન જે ક્રિયાઓ બતાવે છે, તે સર્વ ક્રિયાઓ જીવના સંગના પરિણામના ઉચ્છેદને અનુકૂળ એવી ઉચિત ક્રિયા છે, માટે તેવી ક્રિયા અત્યંત અનવદ્ય છે. વળી, આ ચારિત્રની ક્રિયા ભૂમિકાના ભેદથી અનેક પ્રકારની સૂક્ષ્મ યતનાથી યુક્ત છે, તેથી સર્વજ્ઞ સિવાય કોઈ છદ્મસ્થ જીવ તે ક્રિયાનો પરમાર્થ જાણી શકતો નથી, ફક્ત છદ્મસ્થ જીવ સર્વજ્ઞના વચનના બળથી યથાર્થ બોધ કરે તો જ તે ચારિત્રની ક્રિયાના પરમાર્થને કંઈક જાણનાર બને છે, અને આવી ક્રિયા જ અત્યંત અનવદ્ય છે, અન્ય નહીં. આથી જ ચારિત્રની ક્રિયા કરનારા પણ સાધુ જો ભગવાનના વચનના પરમાર્થને જાણનાર ન હોય તો તેઓ જે ચારિત્રાચારની ક્રિયાઓ કરે છે તે અત્યંત અનવદ્ય બનતી નથી, અને જેઓ સર્વજ્ઞકથિત એવી અત્યંત અનવદ્ય ક્રિયા કરે છે, તેઓને તે ક્રિયાના બળથી ભગવાનનું

પ્રવચન તારનાર બને છે.

વળી, પ્રવચન એટલે પ્રકૃષ્ટ વચન અને ભગવાનનું પ્રવચન ભગવાન વિદ્યમાન હતા તે કાળમાં હતું; વસ્તુતઃ ભગવાનનું પ્રવચન ભાષાવર્ગણાના પુદ્ગલોથી બનેલ શ્રુતજ્ઞાનરૂપ છે, અને તેવું પ્રવચન ત્રણલોકમાં રહેલા શુદ્ધધર્મરૂપ સંપત્તિથી યુક્ત એવા મહાસત્ત્વવાળા જીવોના આશ્રયવાળું છે. આનાથી એ ફલિત થાય કે ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોક એમ ત્રણ લોક છે, તે રૂપ ત્રૈલોક્યમાં રહેલા જે નિર્મળદૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો છે, તેઓમાં શુદ્ધધર્મરૂપી સંપત્તિ વર્તે છે, અને તેવી શુદ્ધધર્મસંપત્તિથી યુક્ત એવા તે મહાસત્ત્વશાળી જીવોમાં ભગવાનનું પ્રવચન આશ્રય કરનાર છે.

વળી, ભગવાનનું પ્રવચન અચિંત્ય શક્તિવાળા, અવિસંવાદી એવા શ્રેષ્ઠ તરવાના સાધન જેવું છે; કેમ કે જિનવચનાનુસાર થયેલો યથાર્થ બોધ જીવને ઉચિત પ્રવૃત્તિ કરાવીને આ સંસારસાગરથી તારનાર છે.

આ રીતે 'તીર્થ' શબ્દથી ગ્રંથકારશ્રીએ જીવમાં વર્તતું શ્રુતજ્ઞાનરૂપ પ્રવચન ગ્રહણ કર્યું અથવા તે પ્રવચનનો આધાર એવો ચતુર્વિધ સંઘ ગ્રહણ કર્યો.

અહીં પ્રશ્ન થાય કે તીર્થને મહાસત્ત્વશાળી જીવોના આશ્રયવાળું કેમ કહ્યું ? અથવા તો તીર્થને ચતુર્વિધ સંઘરૂપ કેમ કહ્યું ? તેથી કહે છે –

નિરાધાર એવા પ્રવચનનો અસંભવ છે, તેથી નક્કી થાય કે જીવમાં રહેલું પ્રવચન જ જીવને સંસારસાગરથી તારે છે અથવા ચતુર્વિધ સંઘરૂપ પ્રવચનનું અવલંબન લેનારા જીવોને પ્રવચન સંસારસાગરથી તારે છે, અને આવા પ્રવચનરૂપ તીર્થને કરવાના સ્વભાવવાળા તીર્થંકરો છે.

વળી, તીર્થ સંઘરૂપ છે તેમાં ગ્રંથકારશ્રી સાક્ષીપાઠ આપે છે –

ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે "હે ભગવંત ! તીર્થ તારનારું છે ? કે તીર્થંકરો તારનારા છે ?" તેના ઉત્તર રૂપે ભગવાન ગૌતમસ્વામીને કહે છે કે "હે ગૌતમ ! તીર્થંકરો નિયમથી તીર્થને કરનારા છે. વળી, તીર્થ ચતુર્વિધ શ્રમણપ્રધાન સંઘ છે."

આ રીતે ગ્રંથકારશ્રીએ તીર્થંકરનું અને તીર્થનું સ્વરૂપ બતાવ્યું, તેનાથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે.

તીર્થંકરના જીવો ચરમભવમાં જે સંયમ ગ્રહણ કરીને સાધના કરે છે, તેનાથી તેઓનાં ઘાતીકર્મોનો ક્ષય થાય ત્યારે તેઓને કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થાય છે, અને તે કેવલજ્ઞાન અને કેવલદર્શનના સંબંધને પામીને તેઓમાં તીર્થંકરનામકર્મનો ઉદય થાય છે; કેમ કે કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થયા પૂર્વે તીર્થંકરના જીવમાં તીર્થંકરનામકર્મ પ્રદેશોદયરૂપે વર્તતું હોય છે, વિપાકોદયરૂપે વર્તતું નથી, અને તીર્થંકરનામકર્મના વિપાકોદયને કારણે તે તીર્થંકરના જીવમાં તીર્થ કરવાનો સ્વભાવ પ્રગટે છે, અને તે તીર્થ કરવાના સ્વભાવને કારણે તીર્થનું પ્રવર્તન કરવા માટે તેઓ શાસ્ત્રના અર્થનો ઉપદેશ આપે છે, તે ઉપદેશથી તીર્થની રચના થાય છે.

તીર્થંકરો તીર્થ કરવાના સ્વભાવને કારણે શાસ્ત્રના અર્થનો ઉપદેશ કેમ આપે છે ? તે ગ્રંથકારશ્રી દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ સૂર્ય તે પ્રકારના સ્વભાવને કારણે જ લોકનું પ્રકાશન કરે છે, તેમ તીર્થંકર તે પ્રકારના સ્વભાવને કારણે જ તીર્થનું પ્રવર્તન કરે છે.

વળી, તીર્થંકરો ભવ્યજીવોને ધર્મમાં પ્રવર્તકપણારૂપે પરંપરાએ અનુગ્રહ કરનારા છે, તેનાથી એ પ્રાપ્ત થાય કે તીર્થની સ્થાપના કર્યા પછી તીર્થંકરોએ મોક્ષગમનકાળ સુધી ભવ્યજીવોને ધર્મમાં પ્રવર્તક બનવા દ્વારા પરંપરાએ જગતના ભવ્યજીવો પર અનુગ્રહ કર્યો, અને તે રીતે તીર્થંકરો તીર્થની સ્થાપના કરીને જગતનું કલ્યાણ કરનારા છે.

વળી, આગમધાર્મિકોની માન્યતા અનુસાર ભગવાન આદિમાં જન્માદિપ્રપંચ કરનારા હતા, અને સર્વ કર્મના ક્ષયથી કેવલજ્ઞાન પામ્યા પછી તરત ભગવાનને મોક્ષની પ્રાપ્તિ થઈ એમ સ્વીકારવામાં આવે અને ભગવાનને તીર્થ કરવાના સ્વભાવવાળા સ્વીકારવામાં ન આવે તો, મુક્ત એવા કૈવલ્યમાં તીર્થની રચનાનો અસંભવ હોવાને કારણે સંસારસાગરથી તારનારા આગમોનો અભાવ પ્રાપ્ત થાય, અને મોક્ષવાદી એવા આગમધાર્મિકો પણ અતીંદ્રિય પદાર્થમાં પ્રમાણ સ્વીકારે છે, તેથી ભગવાનનો તીર્થને કરવાનો સ્વભાવ સ્વીકાર્યા વગર આગમ ઘટે નહીં; કેમ કે કેવલજ્ઞાન પછી જીવની તરત મુક્તિ થતી હોય તો આગમને કહેનારા કોઈ કેવલીની પ્રાપ્તિ થાય નહીં, અને છદ્મસ્થથી કહેવાયેલ આગમ પ્રમાણ બને નહીં, માટે સંસારસાગરથી તરવાના ઉપાયભૂત આગમની પ્રાપ્તિ તીર્થંકરોથી થાય છે અને આગમરૂપ તીર્થને કરનારા અરિહંતો છે, એ પ્રકારે तित्थयराणं પદથી ઉપસ્થિતિ થાય છે અને તીર્થંકર પ્રત્યે બહુમાન થાય છે કે "તીર્થંકરોએ તીર્થની સ્થાપના કરીને સંસારસાગરથી તરવાનો ઉપાય બતાવ્યો છે, માટે તેઓની ભક્તિ કરીને હું તેઓના પ્રવચનના પરમાર્થને જાણું અને તે પરમાર્થના બોધ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને મહાભીષણ એવા સંસારસાગરથી તરું," તદર્થે નમુત્થુણં સૂત્રમાં तित्थयराणं પદ દ્વારા અરિહંતોની સ્તુતિ કરાયેલ છે. આ રીતે ભગવાન તીર્થંકરપણાની સિદ્ધિ થાય છે. **॥४॥**

પંજિકા :-

'महाभीषणकषायपाताल'मिति, पातालप्रतिष्ठितत्वात् तद्वद्गम्भीरत्वाच्च पातालानि, योजनलक्षप्रमाणाश्चत्वारो महाकलशाः, यथोक्तम्,

'पणनउई उ सहस्सा, ओगाहित्ता चउद्दिसिं लवणं।
चउरोऽलिंजरसंठाणसंठिया होंति पायाला।।१।।'

ततो महाभीषणाः कषाया एव पातालानि यत्र स तथा तम्, 'त्रैलोक्यगतशुद्धधर्म्मसम्पद्युक्तमहासत्त्वाश्रयमिति', त्रैलोक्यगता=भुवनत्रयवर्त्तिनः, शुद्धया=निर्दोषया, धर्म्मसम्पदा=सम्यक्त्वादिरूपया, समन्विताः=युक्ताः, महासत्त्वाः=उत्तमप्राणिनः, आश्रयः=आधारो यस्य तत्तथा।

'घातिकर्म्मेत्यादि', घातिकर्म्मक्षये=ज्ञानावरणाद्यदृष्टचतुष्टयप्रलये, ज्ञानकैवल्ययोगात्=ज्ञानकैवल्यस्य केवलज्ञानदर्शनलक्षणस्य योगात्- सम्बन्धं प्राप्य, तीर्थकरनामकर्म्मोदयात्=तीर्थंकरनाम्नः कर्म्मणो

विपाकाद्धेतोः, तत्स्वभावतया=तीर्थकरणस्वाभाव्येन, कथमित्याह—

'आदित्यादिप्रकाशनिदर्शनतः' इति—

'तत्स्वाभाव्यादेव प्रकाशयति भास्करो यथा लोकम्।
तीर्थप्रवर्त्तनाय प्रवर्त्तते तीर्थकर एवम्'।।१।। (तत्त्वार्थभाष्ये कारिका ९)

आदिशब्दाच्चन्द्रमण्यादिनिदर्शनग्रहः, किमित्याह-शास्त्रार्थप्रणयनात्=शास्त्रार्थस्य मातृकापदत्रयलक्षणस्य, प्रणयनाद् उपदेशनात्, तीर्थकरा इति वक्ष्यमाणेन सम्बन्धः। विपक्षे बाधकमाह-मुक्तकैवल्ये अपवर्गलक्षणे तदसम्भवेन=शास्त्रार्थप्रणयनाघटनेनाशरीरतया प्रणयनहेतुमुखाद्यभावाद्, आगमानुपपत्तेः=आगमस्य परैरपि प्रतिपन्नस्य अनुपपत्तेः=अयोगात्, न चासावकेवलिप्रणीतो, व्यभिचारसम्भवात्, नाप्यपौरुषेयस्तस्य निषेत्स्यमानत्वात्, कीदृशाः सन्तः इत्याह- भव्यजनधर्म्मप्रवर्तकत्वेन=योग्यजीवधर्म्मावतारकत्वेन, परम्परानुग्रहकराः, परम्परया=व्यवधानेन, अनुग्रहकरा=उपकारकराः, कल्याणयोग्यतालक्षणो हि जीवानां स्वपरिणाम एव क्षायोपशमिकादिरनन्तरमनुग्रहहेतुः तद्धेतुतया च भगवन्तो; अथवा परम्परया=अनुबन्धेन स्वतीर्थानुवृत्तिकालं यावत् सुदेवत्वसुमानुषत्वादिकल्याणलाभलक्षणया वाऽनुग्रहकरा इति।।४।।

पंजिकार्थ :-

'महाभीषणकषाय ..... वाऽनुग्रहकरा इति ।। महाभीषणकषायपातालम्'नो अर्थ करे छे —

પાતાલમાં પ્રતિષ્ઠિતપણું હોવાથી=મહાકળશોનું પાતાલમાં રહેલપણું હોવાથી, અને તેની જેમ ગંભીરપણું હોવાથી=મહાકળશોનું પાતાલની જેમ ઊંડાણપણું હોવાથી, યોજન લક્ષના પ્રમાણવાળા ચાર મહાકળશો પાતાલ છે.

જે પ્રમાણે કહેવાયું છે —

"વળી, લવણને=લવણસમુદ્રને, ચાર દિશાને વિષે પંચાણુ હજાર (યોજનો) અવગાહન કરીને અલિંજરના સંસ્થાનથી સંસ્થિત=અલિંજર ફળના આકારથી રહેલા, ચાર પાતાલો=ચાર પાતાળકળશો, હોય છે. તેથી=ચાર મહાકળશો પાતાળ છે તેથી, મહાભીષણ=મહાભયંકર, એવા કષાયોરૂપ જ પાતાલો છે=પાતાળકળશો છે, જેમાં તે=સંસારસાગર, તેવો છે=મહાભીષણકષાયપાતાલવાળો છે, તેને=તેવા સંસારસાગરને, જેના વડે તરે છે તે તીર્થ છે, એમ અન્વય છે.

त्रैलोक्यगतशुद्धधर्म्मसम्पद्युक्तमहासत्त्वाश्रयम्'નો અર્થ કરે છે —

ત્રૈલોક્યગત=ભુવનત્રયવર્તી=ત્રણ ભુવનમાં રહેનારા, શુદ્ધ એવી=નિર્દોષ એવી, સમ્યક્ત્વાદિ રૂપ ધર્મસંપદાથી યુક્ત=સમન્વિત, એવાં મહાસત્ત્વો=ઉત્તમપ્રાણીઓ, આશ્રય છે=આધાર છે, જેનો તે=પ્રવચન, તેવું છે=ત્રૈલોક્યગત શુદ્ધધર્મ સંપત્તિથી યુક્ત મહાસત્ત્વોના આશ્રયવાળું છે.

घातिकर्म्मक्षये ઈત્યાદિનો અર્થ કરે છે —

ઘાતીકર્મોનો ક્ષય થયે છતે=જ્ઞાનાવરણાદિ અદૃષ્ટચતુષ્ટયનો પ્રલય થયે છતે=જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મોનો નાશ થયે છતે, જ્ઞાનકૈવલ્યના યોગથી=કેવલજ્ઞાન-દર્શનના લક્ષણવાળા જ્ઞાનકૈવલ્યના યોગથી અર્થાત્ સંબંધને પામીને, તીર્થંકરનામકર્મના ઉદયથી=તીર્થંકર નામવાળા કર્મના વિપાકરૂપ હેતુથી, તત્સ્વભાવતાને કારણે=તીર્થને કરવાના સ્વભાવપણાને કારણે, કઈ રીતે ? અર્થાત્ તીર્થંકરમાં તીર્થને કરવાનું સ્વભાવપણું કઈ રીતે છે ? એથી કહે છે – આદિત્યાદિના પ્રકાશના નિદર્શનથી=સૂર્ય આદિના પ્રકાશના દૃષ્ટાંતથી, આ પ્રમાણે છે=તીર્થંકરોનો તીર્થ કરવાનો સ્વભાવ છે.

આદિત્યાદિના પ્રકાશનું દૃષ્ટાંત સ્પષ્ટ કરે છે –

તેના સ્વાભાવ્યથી જ=પ્રકાશ કરવાના સ્વભાવપણાથી જ, જે પ્રમાણે ભાસ્કર=સૂર્ય, લોકને પ્રકાશે છે, એ પ્રમાણે તીર્થંકર તીર્થના પ્રવર્તન માટે પ્રવર્તે છે. **આદિ શબ્દથી="આદિત્યાદિ"માં રહેલ 'આદિ' શબ્દથી, ચંદ્રમણિ આદિના નિદર્શનનો ગ્રહ છે=પરિગ્રહ છે.**

શું ? અર્થાત્ તીર્થંકરોના તીર્થને કરવાના સ્વભાવપણાને કારણે શું ? એથી કહે છે –

શાસ્ત્રાર્થના પ્રણયનથી=માતૃકા પદત્રયના લક્ષણવાળા શાસ્ત્રાર્થના પ્રણયનથી અર્થાત્ ઉપદેશનથી, તીર્થંકરો છે, એ પ્રમાણે વક્ષ્યમાણ સાથે સંબંધ છે=લલિતવિસ્તરામાં આગળ કહેવાનારા કથન સાથે સંબંધ છે.

વિપક્ષમાં બાધકને કહે છે=શાસ્ત્રાર્થના પ્રણયનથી તીર્થંકરો છે એમ નહીં સ્વીકારવામાં ગ્રંથકારશ્રી બાધક દોષને કહે છે – અપવર્ગરૂપ મુક્તકૈવલ્યમાં તેનો અસંભવ હોવાથી=અશરીરપણાથી પ્રણયનના હેતુ એવા મુખાદિના અભાવને કારણે શાસ્ત્રાર્થના પ્રણયનનું અઘટન હોવાથી, આગમની અનુપપત્તિ થવાથી=પર વડે પણ સ્વીકારાયેલ એવા આગમની અનુપપત્તિ થવાથી અર્થાત્ અયોગ થવાથી, તીર્થંકરોને શાસ્ત્રાર્થનું પ્રણયન કરનારા સ્વીકારવા જોઈએ, એમ અન્વય છે, અને આ=આગમ, અકેવલી પ્રણીત નથી; કેમ કે વ્યભિચારનો સંભવ છે, અપૌરુષેય પણ નથી; કેમ કે તેનું નિષેત્સ્યમાનપણું છે=અપૌરુષેય એવા આગમનું આગળમાં નિષેધ કરાનારપણું છે.

કેવા પ્રકારના છતા તીર્થંકરો છે ? એથી કહે છે – ભવ્યજનોને ધર્મમાં પ્રવર્તકપણારૂપે=યોગ્ય જીવોને ધર્મમાં અવતારકપણારૂપે, પરંપરઅનુગ્રહકર છે અર્થાત્ પરંપરા વડે=વ્યવધાન વડે, અનુગ્રહને કરનારા છે=ઉપકારને કરનારા છે.

ભગવાન વ્યવધાન વડે અનુગ્રહ કરનારા કઈ રીતે છે ? તે સ્પષ્ટ કરે છે –

ખરેખર જીવોનો કલ્યાણની યોગ્યતાસ્વરૂપ ક્ષાયોપશમિકાદિરૂપ પોતાનો પરિણામ જ અનંતર=અંતર વગર, અનુગ્રહનો હેતુ છે, અને તેની હેતુતારૂપે ભગવાન છે=જીવોના સ્વપરિણામરૂપ અનંતર અનુગ્રહના હેતુના હેતુપણારૂપે ભગવાન અનુગ્રહ કરનારા છે. માટે ભગવાન વ્યવધાન વડે અનુગ્રહ કરનારા છે, એમ અન્વય છે.

પંજિકાકારે પરમ્પરયા શબ્દનો એક અર્થ કર્યો, હવે અન્ય બે અર્થો કરે છે –

અથવા પરંપરા વડે=પોતાના તીર્થના અનુવૃત્તિ કાળ સુધી અનુબંધ વડે, તીર્થંકરો અનુગ્રહ કરનારા છે. અથવા સુદેવત્વ-સુમાનુષત્વ આદિરૂપ કલ્યાણના લાભસ્વરૂપ પરંપરા વડે અનુગ્રહને કરનારા છે. ॥૪॥

ભાવાર્થ :-

સંસારરૂપી સાગરનું સ્વરૂપ બતાવતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે મહાભીષણ કષાયોરૂપી પાતાળવાળો સંસારસાગર છે, તેનાથી એ પ્રાપ્ત થાય કે સંસારસાગરમાં વર્તતા કષાયો પાતાળસ્થાનીય છે; વસ્તુતઃ સમુદ્રમાં રહેલા ચાર પાતાળકળશો સ્થાને સંસારમાં રહેલા ચાર કષાયો છે, તેથી પંજિકાકાર સ્પષ્ટતા કરતાં કહે છે કે સમુદ્રમાં ચાર મહાકળશો પાતાળમાં પ્રતિષ્ઠિત છે અને પાતાળની જેમ અતિગંભીર છે, માટે સમુદ્રમાં ચાર મહાકળશોને 'પાતાળ' કહેલ છે, અને તે ચાર પાતાળકળશો એક લાખ યોજનના પ્રમાણવાળા છે, અને તેમાં સાક્ષી આપતાં પંજિકાકાર કહે છે કે લવણસમુદ્રમાં ચારેય દિશામાં પંચાણુ હજાર યોજન અવગાહન કરીને 'અલિંજર' નામના ફળ જેવા આકારવાળા ચાર મહાકળશો રહેલા છે, અને તે મહાભીષણ એવા કષાયોરૂપી જ પાતાળવાળો સંસારરૂપી સાગર છે.

આનાથી એ બોધ થાય છે કે જેમ સમુદ્રમાં રહેલા તે ચાર પાતાળકળશોમાં પવન ભરાવાથી જ્યારે સમુદ્રમાં ભરતી આવે છે ત્યારે સમુદ્ર મહાતોફાનવાળો થાય છે, તેમ જીવમાં જ્યારે ચાર કષાયોનો ઉદ્રેક થાય છે ત્યારે જીવનો સંસાર અત્યંત ખળભળાટવાળો બને છે, માટે સંસારસમુદ્ર ચાર કષાયોથી અતિભયાવહ છે. આ પ્રકારનો બોધ કરાવવા માટે સંસારસાગરને 'મહાભીષણકષાયપાતાળવાળો' એવું વિશેષણ આપેલ છે.

વળી, પ્રવચનનું સ્વરૂપ બતાવતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ત્રૈલોક્યગત શુદ્ધધર્મસંપત્તિથી યુક્ત મહાસત્ત્વવાળા જીવોના આશ્રયવાળું પ્રવચન છે, તેનાથી એ પ્રાપ્ત થાય કે ત્રણેય લોકમાં રહેલા અને નિર્દોષ એવી સમ્યક્ત્વાદિરૂપ ધર્મસંપત્તિથી યુક્ત એવા જે જીવો છે તે મહાસત્ત્વવાળા છે, અને તેવા જીવોના આધારવાળું આ પ્રવચન છે, અને જગતવર્તી આવા ઉત્તમ જીવોમાં આશ્રય કરીને રહેલું પ્રવચન છે અને તે પ્રવચનરૂપ તીર્થને જેઓ કરે છે તે તીર્થંકરો છે, એ પ્રકારનો બોધ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે તીર્થંકરો તીર્થની સ્થાપના કરે છે તેમાં કારણ શું છે ? તેથી પંજિકાકાર સ્પષ્ટતા કરે છે કે જીવમાં જ્ઞાનાવરણીયાદિ ચાર અદૃષ્ટ એવાં ઘાતીકર્મો છે, તેનો ક્ષય થાય ત્યારે જીવમાં કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટે છે અને તે કેવલજ્ઞાન અને કેવલદર્શનના સંબંધને પ્રાપ્ત કરીને તીર્થંકરનામકર્મનો વિપાક પ્રાપ્ત થાય ત્યારે ભગવાનના આત્મામાં તીર્થને કરવાનો સ્વભાવ પ્રગટ થાય છે, તે સ્વભાવથી ભગવાન તીર્થના પ્રવર્તન માટે "उपमेइ वा, विगमेइ वा, धुवेइ वा" એ પ્રકારના ત્રણ માતૃકાપદ દ્વારા શાસ્ત્રના અર્થનો ઉપદેશ આપે છે, અને તે ઉપદેશથી તીર્થની સ્થાપના થાય છે.

વળી, જો આગમધાર્મિક વેદવાદીઓની માન્યતા પ્રમાણે ભગવાન કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી તરત મોક્ષ પ્રાપ્ત કરે છે અને તીર્થની સ્થાપના કરતા નથી, તેમ સ્વીકારવામાં આવે તો, મુક્ત થયેલા કેવલીમાં શરીર નહીં હોવાને કારણે શાસ્ત્રના અર્થનો ઉપદેશ આપવામાં કારણીભૂત એવા મુખાદિનો અભાવ પ્રાપ્ત થાય,

માટે મુક્તકેવલી શાસ્ત્રાર્થનો ઉપદેશ આપે છે તેમ કહી શકાય નહીં, અને તેમ સ્વીકારવામાં આવે તો બીજાઓ પણ જે આગમ સ્વીકારે છે તે આગમ પ્રાપ્ત થાય નહીં; કેમ કે આગમની પ્રાપ્તિ કેવલીથી જ થાય છે અને મુક્તકેવલી ઉપદેશ આપી શકે નહીં, માટે તીર્થંકરો જ આગમનો ઉપદેશ આપનારા છે, એમ માનવું જોઈએ.

અહીં કોઈ કહે કે આગમને અકેવલીપ્રણીત સ્વીકારીએ તો શું વાંધો ? તેથી પંજિકાકાર કહે છે – આગમને અકેવલીપ્રણીત સ્વીકારીએ તો વ્યભિચારનો સંભવ છે અર્થાત્ છદ્મસ્થપુરુષથી શાસ્ત્રાર્થની વિપરીત પ્રરૂપણા થવાનો સંભવ છે, માટે આગમને અકેવલીપ્રણીત સ્વીકારી શકાય નહીં.

અહીં પૂર્વપક્ષી કહે કે આગમને અપૌરુષેય સ્વીકારીએ તો શું વાંધો ? તેથી પંજિકાકાર કહે છે – આગમને અપૌરુષેય કેમ સ્વીકારી શકાય નહીં ? તેનું કારણ ગ્રંથકારશ્રી સ્વયં આગળ બતાવશે.

વળી, ગ્રંથકારશ્રીએ કહ્યું કે તીર્થંકરો ભવ્યજીવોને ધર્મમાં અવતારણ કરનારપણારૂપે પરંપરાએ અનુગ્રહ કરનારા છે, તેથી એ પ્રાપ્ત થાય કે તીર્થંકરો ભવ્ય એવા પણ સર્વ જીવોને ધર્મમાં પ્રવર્તન કરનારા થઈ શકતા નથી, ચરમાવર્તમાં આવેલા પણ સર્વ ભવ્યજીવોને ધર્મમાં અવતારણ કરનારા થઈ શકતા નથી, પરંતુ જે જીવોના કર્મમલનો તે પ્રકારે અપગમ થયો છે, જેથી તેઓ તીર્થંકરનાં વચનોને ઝીલી શકે તેમ છે, તેવા યોગ્ય જીવોને તીર્થંકરો ધર્મમાં પ્રવર્તન કરનારા થઈ શકે છે, અર્થાત્ યોગ્ય જીવોને ઉપદેશ દ્વારા તે પ્રકારનો ક્ષયોપશમ કરાવીને ધર્મમાં પ્રવર્તન કરનારા છે આથી તીર્થંકરો જીવોને પરંપરાએ અનુગ્રહ કરનારા છે.

વળી, પરમ્પરયા શબ્દના પંજિકાકારે ત્રણ અર્થ કરેલ છે :

(૧) પરંપરા એટલે વ્યવધાન=અંતર. જીવમાં કલ્યાણની યોગ્યતારૂપ જે ક્ષાયોપશમિકાદિ ભાવવાળો પોતાનો પરિણામ છે તે પરિણામ જીવને અંતર વગર અનુગ્રહનો હેતુ છે, અર્થાત્ મિથ્યાત્વમોહનીય કર્મના ક્ષયોપશમને કારણે કે મિથ્યાત્વમોહનીય કર્મની મંદતાને કારણે જીવમાં જે ધર્મ કરવાને અભિમુખ પરિણામ પ્રગટે છે, તે પરિણામ જીવના અંતર વગર ઉપકારનું કારણ છે, અને જીવમાં તેવો અંતરંગ પરિણામ તીર્થંકરના ઉપદેશથી પ્રગટે છે, તેથી તીર્થંકરનો ઉપદેશ વ્યવધાનથી=અંતરથી, જીવના ઉપકારનું કારણ છે. માટે તીર્થંકર તે જીવોને વ્યવધાનરૂપ પરંપરાથી અનુગ્રહ કરનાર છે.

(૨) પરંપરા એટલે અનુબંધ=પ્રવાહ, તીર્થંકર લોકને સન્માર્ગ બતાવીને ભવ્યજીવો પર અનુગ્રહ કરે છે અને તે અનુગ્રહ પ્રવાહથી તે તીર્થંકરના તીર્થના અનુવૃત્તિકાળ સુધી તે તીર્થનું અવલંબન લેનારા સર્વ ભવ્યજીવોને થાય છે. માટે તીર્થંકર તે જીવોને અનુબંધરૂપ પરંપરાથી અનુગ્રહ કરનારા છે.

(૩) પરંપરા એટલે કલ્યાણનો લાભ=સુદેવત્વાદિની પ્રાપ્તિ તીર્થંકરે પ્રરૂપેલ સન્માર્ગને સ્વીકારીને જે જીવો ધર્મનું સેવન કરે છે તે જીવોને ધર્મસેવનના ફળરૂપે સુદેવત્વ આદિની પ્રાપ્તિ થાય છે, અને ક્રમે કરીને મોક્ષની પ્રાપ્તિ થાય છે, તે રૂપ કલ્યાણનો લાભ તે તે જીવને તીર્થંકરના ઉપદેશથી થાય છે. માટે તીર્થંકર તે જીવોને તત્કાલ ધર્મની પ્રાપ્તિ દ્વારા સુદેવત્વાદિની પ્રાપ્તિરૂપ પરંપરાથી અનુગ્રહ કરનારા છે. ॥૪॥

अवतरणिका :-

एतेऽप्यप्रत्ययानुग्रहबोधतन्त्रैः सदाशिववादिभिस्तदनुग्रहबोधवन्तोऽभ्युपगम्यन्ते 'महेशानुग्रहाद् बोध-नियमौ' इतिवचनात्, एतद्व्यपोहायाह-'स्वयंसम्बुद्धेभ्यः' इति।

अवतरणिकार्थ :-

आ पण=तीर्थंकर એવા અરિહંતો પણ, અપ્રત્યયઅનુગ્રહબોધતંત્રવાળા સદાશિવવાદીઓ વડે તેના અનુગ્રહથી બોધવાળા=મહેશની કૃપાથી બોધવાળા, સ્વીકારાય છે; કેમ કે મહેશના અનુગ્રહથી બોધ અને નિયમ છે, એ પ્રકારે વચન છે=સદાશિવવાદીઓનું વચન છે. એના વ્યપોહ માટે= સદાશિવવાદીઓના મતના નિરાકરણ માટે, स्वयंसम्बुद्धेभ्यः એ પ્રમાણે કહે છે –

❖ દરેક પદોની અવતરણિકામાં इति મૂકેલ છે, તે પ્રમાણે પ્રસ્તુત પદમાં પણ स्वयंसम्बुद्धेभ्यः પછી इति હોવું જોઈએ.

पंजिका :-

'अप्रत्ययानुग्रहबोधतन्त्रैरिति', 'अप्रत्ययो'-हेतुनिरपेक्षात्मलाभत्वेन महेशः, तस्य 'अनुग्रहो'-बोधयोग्यस्वरूप-सम्पादनलक्षण उपकारस्तेन 'बोधः'-सदसत्प्रवृत्तिनिवृत्तिहेतुर्ज्ञानविशेषस्तत्प्रधानः 'तन्त्र'-आगमो येषां ते तथा तैः, 'सदाशिववादिभिः'-ईश्वरकारणिकैः, तन्त्रमेव दर्शयति-'महेशानुग्रहाद् बोधनियमावि'ति, 'बोधो' उक्तरूपो 'नियम'श्च-सदसदाचारप्रवृत्तिनिवृत्तिलक्षणः, बोधनियमादिति तु पाठे बोधस्य 'नियमः'-प्रतिनियतत्वं तस्मात्।

पंजिकार्थ :-

अप्रत्ययानुग्रहबोधतन्त्रैः**નો અર્થ કરે છે –**

અપ્રત્યય=હેતુનિરપેક્ષ એવું આત્મલાભપણું હોવાથી મહેશ, તેનો=મહેશનો, અનુગ્રહ=બોધને યોગ્ય સ્વરૂપના સંપાદનના લક્ષણવાળો ઉપકાર, તેનાથી=તે ઉપકારથી, બોધ=સત્-અસત્માં પ્રવૃત્તિ-નિવૃત્તિનો હેતુ એવું જ્ઞાનવિશેષ, તેના પ્રધાનવાળું=તે બોધના મુખ્યવાળું, તંત્ર છે=આગમ છે, જેઓનું તેઓ તેવા છે=અપ્રત્યયઅનુગ્રહબોધતંત્રવાળા છે, તે સદાશિવવાદીઓ વડે=ઈશ્વરકારણિકો વડે, અરિહંતો મહેશના અનુગ્રહથી બોધવાળા સ્વીકારાય છે, એમ અન્વય છે.

તંત્રને જ દર્શાવે છે=સદાશિવવાદીઓના આગમને જ બતાવે છે –

મહેશના અનુગ્રહથી બોધ-નિયમ છે અર્થાત્ ઉક્તરૂપવાળો બોધ છે=પૂર્વમાં કહેવાયેલ સ્વરૂપવાળું સત્-અસત્માં પ્રવૃત્તિ-નિવૃત્તિનો હેતુ એવું જ્ઞાનવિશેષરૂપ બોધ છે અને સત્-અસત્ એવા આચારમાં પ્રવૃત્તિ-નિવૃત્તિના લક્ષણવાળો નિયમ છે.

ललितविस्तरामां रहेल महेशानुग्रहाद् बोधनियमौ इति वचनात् એ પ્રકારના પાઠના સ્થાને કોઈ પ્રતમાં महेशानुग्रहाद् बोधनियमाद् એ પ્રકારનો પાઠ છે. તેથી હવે તે અન્ય પાઠને આશ્રયીને પંજિકાકાર અર્થ સ્પષ્ટ કરે છે –

વળી, बोधनियमाद् એ પ્રકારના પાઠમાં બોધનો નિયમ=પ્રતિનિયતપણું, તેનાથી=તે બોધનું પ્રતિનિયતપણું હોવાથી, અરિહંતો મહેશના અનુગ્રહથી બોધવાળા છે, એમ અન્વય છે.

ભાવાર્થ :-

પ્રત્યય એટલે હેતુ અને પ્રત્યય નથી જેને તે અપ્રત્યય. તેથી એ પ્રાપ્ત થાય કે હેતુ નિરપેક્ષ એવો આત્માના સ્વરૂપનો લાભ છે જેને તે અપ્રત્યય છે અને તેવા અપ્રત્યય મહેશ છે; કેમ કે મહેશ અનાદિકાળથી શુદ્ધ આત્માની પ્રાપ્તિવાળા છે, પરંતુ મહેશ સાધનારૂપ હેતુથી શુદ્ધ આત્માની પ્રાપ્તિવાળા નથી, આથી 'અપ્રત્યય' શબ્દથી 'મહેશ' વાચ્ય બને છે, અને તેવા મહેશના અનુગ્રહથી જીવ બોધવાળો થાય છે.

વળી, મહેશનો અનુગ્રહ કેવો છે ? તે સ્પષ્ટ કરતાં પંજિકાકાર કહે છે કે બોધને યોગ્ય સ્વરૂપ પ્રાપ્ત કરાવવા રૂપ ઉપકાર એ મહેશનો અનુગ્રહ છે, તેથી એ ફલિત થાય કે જેના પર મહેશનો અનુગ્રહ થાય તે જીવને બોધને યોગ્ય સ્વરૂપ પ્રાપ્ત થાય છે, જેના કારણે જીવને બોધ થાય છે, અને તે બોધ સત્પ્રવૃત્તિનો હેતુ અને અસત્પ્રવૃત્તિની નિવૃત્તિનો હેતુ એવું જ્ઞાનવિશેષ છે.

આ પ્રમાણે માનનારા સદાશિવવાદીઓ કહે છે કે તીર્થંકરનો આત્મા પણ અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરનાર હતો, પરંતુ તેઓના આત્મા પર મહેશનો અનુગ્રહ થયો, તેથી તેઓને બોધ થયો, અને તે બોધને કારણે તેઓનો આત્મા સાધના કરીને તીર્થંકર થાય છે, માટે તીર્થંકર એવા પણ ભગવાન સ્વયં બોધવાળા નથી, પરંતુ મહેશના અનુગ્રહથી બોધવાળા છે.

વળી, સદાશિવવાદીઓનું શાસ્ત્રવચન બતાવતાં પંજિકાકાર કહે છે કે મહેશના અનુગ્રહથી બોધ અને નિયમ થાય છે, એ પ્રકારના વચનમાં બોધ સત્ની પ્રવૃત્તિ અને અસત્ની નિવૃત્તિના કારણીભૂત એવા જ્ઞાનવિશેષરૂપ છે, તેમજ નિયમ સદ્આચારની પ્રવૃત્તિ અને અસદ્આચારની નિવૃત્તિરૂપ છે, આનાથી દ્યોતિત થાય કે મહેશના અનુગ્રહથી તીર્થંકરના આત્મામાં બોધની યોગ્યતા પ્રગટ થઈ, ત્યારપછી તેઓને બોધ પ્રાપ્ત થયો, અને ત્યારપછી તેઓને નિયમની પ્રાપ્તિ થઈ, જેના કારણે તેઓ તીર્થંકર બન્યા. વળી, પાઠાંતર પ્રમાણે મહેશના અનુગ્રહથી બોધનો નિયમ હોવાથી અર્થાત્ બોધ પ્રતિનિયત હોવાથી ભગવાન મહેશના અનુગ્રહથી બોધવાળા છે, તેનાથી દ્યોતિત થાય કે ભગવાનના આત્મામાં અત્યાર સુધી બોધ ન હતો અને મહેશનો અનુગ્રહ થવાથી ભગવાનના આત્મામાં બોધનું પ્રતિનિયતપણું થયું, જેના કારણે તેઓ તીર્થંકર બન્યા.

આ પ્રકારે ભગવાનને મહેશના અનુગ્રહથી બોધવાળા માનનારા સદાશિવવાદીઓના મતનું નિરાકરણ કરવા માટે નમુત્થુણં સૂત્રમાં सयंसंबुद्धाणं પદથી ભગવાનની સ્તુતિ કરાયેલ છે.

सूत्र :-

सयंसंबुद्धाणं ।।५।।

सूत्रार्थ :-

स्वयं बोध पामेला भगवानने नमस्कार थाओ. ।।५।।

ललितविस्तरा :-

तथाभव्यत्वादिसामग्रीपरिपाकतः प्रथमसम्बोधेऽपि, स्वयोग्यताप्राधान्यात्, त्रैलोक्याधिपत्यकारणाचिन्त्यप्रभावतीर्थकरनामकर्म्मयोगे चापरोपदेशेन स्वयं=आत्मनैव, सम्यग्वरबोधिप्राप्त्या संबुद्धा मिथ्यात्वनिद्रापगमसम्बोधेन स्वयंसम्बुद्धाः।

न वै कर्म्मणो योग्यताऽभावे तत्र क्रिया क्रिया, स्वफलाप्रसाधकत्वात्, प्रयासमात्रत्वात् अश्वमाषादौ शिक्षापक्त्याद्यपेक्षया, सकललोकसिद्धमेतदिति नाभव्ये सदाशिवानुग्रहः, सर्वत्र तत्प्रसङ्गाद्, अभव्यत्वाविशेषादिति परिभावनीयं।

बोधिभेदोऽपि तीर्थकरातीर्थकरयोर्न्याय्य एव, विशिष्टेतरफलयोः परम्पराहेत्वोरपि भेदात्, एतदभावे तद्विशिष्टेतरत्वानुपपत्तेः, भगवद्बोधिलाभो हि परम्परया भगवद्भावनिर्वर्त्तनस्वभावो, न त्वन्तकृत्केवलिबोधिलाभवदतत्स्वभावः, तद्वत् ततस्तद्भावासिद्धेरिति, तत्तत्कल्याणाक्षेपकानादितथाभव्यताभावभाज एते इति स्वयंसम्बुद्धत्वसिद्धिः।।५।। एवमादिकर्तृणां तीर्थकरत्वमन्यासाधारणस्वयंसम्बोधेनेति स्तोतव्यसम्पद एव प्रधाना साधारणासाधारणरूपा हेतुसम्पदिति।।२।।

ललितविस्तरार्थ :-

तथाभव्यत्वादिरूप सामग्रीना परिपाकथी=कार्यनी निष्पत्ति प्रत्ये जीवमां रहेली तेवा प्रकारना भव्यत्व आदि पांच कारणोना समुदायरूप सामग्रीना विपाकथी, प्रथम संबोधमां पण=प्रथम सम्यक्त्वादिनी प्राप्तिमां पण, स्वयोग्यताना प्राधान्यथी अने त्रैलोक्यना आधिपत्यनुं कारण एवा अचिंत्य प्रभाववाळा तीर्थंकरनामकर्मना योगमां अपरोपदेशथी=अन्य कोईना उपदेश वगर, स्वयं=आत्मा वडे ज=पोते ज, सम्यग् एवी वरबोधिनी प्राप्तिरूपे मिथ्यात्वरूप निद्राना अपगमथी संबोधरूपे संबुद्ध स्वयंसंबुद्ध छे.

આ રીતે 'स्वयंसंबुद्ध' શબ્દનો ગ્રંથકારશ્રીએ અર્થ બતાવ્યો. હવે જેઓ ભગવાનને સ્વયં સંબોધવાળા સ્વીકારતા નથી પરંતુ મહેશના અનુગ્રહથી બોધવાળા સ્વીકારે છે, તે સદાશિવવાદીઓના મતનો નિરાસ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

કર્મની યોગ્યતાના અભાવમાં=મહેશના અનુગ્રહની ક્રિયાના કર્મભૂત એવા તીર્થંકરના આત્માની

અનુગ્રહ ગ્રહણને અનુકૂળ યોગ્યતાના અભાવમાં, ત્યાં=તીર્થંકરના આત્મામાં, ક્રિયા ક્રિયા થતી નથી જ=મહેશના અનુગ્રહની ક્રિયા અનુગ્રહને અનુકૂળ વ્યાપારરૂપ બનતી નથી જ; કેમ કે સ્વ-ફળનું અપ્રસાધકપણું છે=મહેશના અનુગ્રહની ક્રિયાનું અનુગ્રહના સંપાદનરૂપ ફળનું અસાધકપણું છે.

સ્વફળનું અપ્રસાધકપણું કેમ છે ? તેમાં હેતુ કહે છે –

પ્રયાસમાત્રપણું છે=મહેશના અનુગ્રહની ક્રિયાનું ફળનિરપેક્ષ એવું પ્રયત્નમાત્રપણું છે.

અહીં પ્રશ્ન થાય કે જીવમાં યોગ્યતાના અભાવમાં મહેશની અનુગ્રહને અનુકૂળ ક્રિયાનું પ્રયાસમાત્રપણું કેમ છે ? તેથી કહે છે –

અશ્વમાષાદિમાં શિક્ષા-પક્તિ આદિની અપેક્ષાથી આ=અનુગ્રહની ક્રિયાનું પ્રયાસમાત્રપણું, સકલ લોકમાં સિદ્ધ છે, એથી=કર્મની યોગ્યતાના અભાવમાં ક્રિયા સ્વફળસાધક નહીં હોવાથી ક્રિયા નથી એથી, અભવ્યમાં=અનુગ્રહની ક્રિયા દ્વારા અનુગ્રહ પામવા રૂપ ફળના સંપાદનને અયોગ્ય એવા જીવમાં, સદાશિવનો અનુગ્રહ થતો નથી=મહેશ અનુગ્રહની ક્રિયા કરતા નથી.

અહીં પ્રશ્ન થાય કે અશ્વ-માષાદિમાં શિક્ષા-પક્તિ આદિ પામવાની યોગ્યતા ન હોય તો તેના વિષયક તે તે ક્રિયા થઈ શકે નહીં, પરંતુ મહેશમાં અચિંત્ય શક્તિ હોવાથી તે અનુગ્રહ પામવાની યોગ્યતા વગરના જીવમાં પણ અનુગ્રહની ક્રિયા કરી શકે છે, તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે –

સર્વત્ર તેનો પ્રસંગ છે અર્થાત્ અયોગ્ય જીવમાં પણ મહેશ અનુગ્રહ કરતા હોય તો, જે જીવો પર મહેશનો અનુગ્રહ થતો નથી એવા અભવ્યજીવોમાં મહેશનો અનુગ્રહ થવાનો પ્રસંગ છે.

સર્વ જીવો સદાશિવના અનુગ્રહનો પ્રસંગ કેમ છે ? તેથી હેતુને કહે છે –

અભવ્યત્વનો અવિશેષ છે=સર્વ જીવોમાં અયોગ્યત્વ સમાન છે, અર્થાત્ જે જીવોમાં મહેશનો અનુગ્રહ થાય છે અને જે જીવોમાં મહેશનો અનુગ્રહ થતો નથી એ સર્વ જીવોમાં મહેશના અનુગ્રહથી અનુગ્રહ પામવાની યોગ્યતાના અભાવરૂપ અભવ્યપણું સમાન છે, તેથી જેઓ પર મહેશનો અનુગ્રહ થયો, તેનાથી અન્ય જીવો પર પણ મહેશનો અનુગ્રહ થવાનો પ્રસંગ છે, આ= કર્મની યોગ્યતાના અભાવમાં ક્રિયા ક્રિયા કેમ નથી ? તેનું ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી સ્પષ્ટીકરણ કર્યું એ, પરિભાવન કરવું જોઈએ.

❖ પ્રસ્તુત પદાર્થનું યોજન લલિતવિસ્તરાકારે જે રીતે કર્યું છે તેનાથી પંજિકાકારે કંઈક ભિન્ન રીતે કર્યું છે. છતાં અર્થથી બંનેમાં કોઈ ભેદ નથી. તેથી અમે પદાર્થની સુગમ ઉપસ્થિતિ થાય તે માટે લલિતવિસ્તરા પ્રમાણે અર્થનું યોજન કરેલ છે અને પંજિકાર્થમાં પંજિકા પ્રમાણે અર્થનું યોજન કરેલ છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સયંસંબુદ્ધાણં શબ્દનો અર્થ કર્યો કે ભગવાનને પ્રથમ સંબોધમાં પણ સ્વયોગ્યતાનું પ્રાધાન્ય છે અને ચરમભવમાં તો ભગવાન પરના ઉપદેશ વગર જ વરબોધિની પ્રાપ્તિ દ્વારા સંબોધ પામે છે, તેથી ભગવાન મહેશના અનુગ્રહથી બોધ પામનારા નથી, તેથી હવે ભગવાનમાં વરબોધિની પ્રાપ્તિ કઈ રીતે છે ? તેની સિદ્ધિ કરવા માટે હેતુ કહે છે –

તીર્થંકર-અતીર્થંકરમાં બોધિનો ભેદ પણ ન્યાય્ય જ છે; કેમ કે વિશિષ્ટ-ઇતર ફળના=ચરમભવમાં તીર્થંકર થવારૂપ વિશિષ્ટ ફળના અને તીર્થંકર નહીં થવારૂપ સામાન્ય ફળના, પરંપરા હેતુનો પણ=બોધિરૂપ બંને પરંપરકારણનો પણ, ભેદ છે.

અહીં પ્રશ્ન થાય કે વિશિષ્ટ-અવિશિષ્ટ ફળના પરંપરા હેતુ એવા બંને બોધિનો પરસ્પર ભેદ ન સ્વીકારીએ તો શું વાંધો ? તેમાં હેતુ આપે છે –

આના અભાવમાં=પરંપરા હેતુના ભેદના અભાવમાં, તેના વિશિષ્ટ-ઇતરત્વની અનુપપત્તિ છે= ચરમભવમાં તીર્થંકર થવારૂપ ફળના વિશિષ્ટપણાની અને તીર્થંકર નહીં થવારૂપ ફળના અવિશિષ્ટ-પણાની અસંગતિ છે.

તીર્થંકર-અતીર્થંકરત્વરૂપ ફળભેદ પ્રત્યે કારણ એવો બોધિનો ભેદ સ્વીકારવાનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

ખરેખર ભગવાનનો બોધિલાભ પરંપરાથી ભગવદ્‌ભાવના નિર્વર્તનના સ્વભાવવાળો છે= તીર્થંકરપણાને કરવાના સ્વભાવવાળો છે, પરંતુ અંતકૃત્કેવલીના બોધિલાભની જેમ અતત્સ્વભાવવાળો નથી=તીર્થંકરપણાને કર્યા વગર મોક્ષપ્રાપ્ત કરાવે તેવા સ્વભાવવાળો નથી; કેમ કે તેની જેમ= અંતકૃત્કેવલીના બોધિલાભની જેમ, તેનાથી=ભગવાનના બોધિલાભથી, તેના ભાવની અસિદ્ધિ છે=તીર્થંકરપણાની અપ્રાપ્તિ છે, એથી=ભગવાનનો બોધિલાભ અંતકૃત્કેવલીના બોધિલાભ કરતાં વિશિષ્ટ છે એથી, તે તે કલ્યાણના આક્ષેપક એવા અનાદિ તથાભવ્યતાનાભાવને ભજનારા આ છે=સ્વયંસંબુદ્ધ એવા અરિહંતો છે. આ રીતે=ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી સ્થાપન કર્યું એ રીતે, સ્વયંસંબુદ્ધત્વની સિદ્ધિ છે=અરિહંતોમાં સ્વયંસંબોધપણાની પ્રાપ્તિ છે. ।।૫।।

આ રીતે=આઇગરાણં તિત્થયરાણં સયંસંબુદ્ધાણં એ પદોનું અત્યાર સુધી નિરૂપણ કર્યું એ રીતે, આદિમાં કરનારા એવા અરિહંતોનું તીર્થંકરત્વ અન્યઅસાધારણ એવા સ્વયંસંબોધથી છે. આ પ્રકારે સ્તોતવ્યસંપદાની જ પ્રધાન એવી સાધારણ-અસાધારણરૂપ હેતુસંપદા છે. 'ઇતિ' બીજી સંપદાની સમાપ્તિ માટે છે. ।।૨।।

ભાવાર્થ :-

અરિહંતો સ્વયંસંબુદ્ધ છે. કઈ અપેક્ષાએ સ્વયંસંબુદ્ધ છે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાનના આત્મામાં રહેલા તથાભવ્યત્વાદિ પાંચ કારણોરૂપ સામગ્રીના પરિપાકથી ભગવાનનો આત્મા જે પ્રથમ વખત સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરે છે, તેમાં પણ ભગવાનના આત્માની સંબોધ પામવાની યોગ્યતાનું જ પ્રાધાન્ય હોય છે; વળી, ત્રણ લોકના અધિપતિપણાનું કારણ એવા અચિંત્ય પ્રભાવવાળા તીર્થંકરનામકર્મના યોગ વખતે તો ભગવાન પરના ઉપદેશ વગર સંબોધ પામનારા છે; કેમ કે ચરમભવમાં ભગવાનના આત્મામાં સમ્યગ્ એવી વરબોધિની પ્રાપ્તિને કારણે મિથ્યાત્વરૂપી નિદ્રાનો અપગમ કોઈના ઉપદેશ વગર જ થાય છે, આથી ભગવાન સ્વયંસંબુદ્ધ છે.

આનાથી એ ફલિત થાય કે જે જે જીવમાં જે જે પ્રકારનાં કાર્યો થાય છે, તે તે કાર્ય પ્રત્યે તે તે જીવમાં રહેલી કાર્યનિષ્પત્તિને અનુકૂળ એવી યોગ્યતા તથાભવ્યત્વ છે, અને ભગવાનના આત્મામાં વર્તતું તથાભવ્યત્વ અન્ય જીવોમાં વર્તતા તથાભવ્યત્વ કરતાં વિશિષ્ટ હોય છે, માટે ભગવાનને ઉપદેશકના પ્રયત્નથી પ્રથમ વખત સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થાય છે ત્યારે પણ ઉપદેશકના પ્રયત્નની પ્રધાનતા નથી; કેમ કે ભગવાનનું તથાભવ્યત્વ વિશિષ્ટ પ્રકારનું હોવાને કારણે ભગવાન પ્રથમ સંબોધને પણ ઉપદેશકના અલ્પ આયાસથી પ્રાપ્ત છે, અને તે પ્રથમ સંબોધ થવામાં પણ માત્ર તથાભવ્યત્વનો પરિપાક જ કારણ નથી, પરંતુ તે વખતનો કાળ, ભગવાનના આત્માનો પુરુષકાર, ભગવાનના આત્મામાં વર્તતાં તે તે પ્રકારનાં કર્મો, આદિ સર્વ સામગ્રીનો પરિપાક કારણ છે, તેમજ ભગવાન ચરમભવમાં જે પરના ઉપદેશ વગર વરબોધિની પ્રાપ્તિથી સંબોધ પામે છે તેમાં પણ તથાભવ્યત્વાદિ પાંચેય કારણોના સમુદાયરૂપ સામગ્રીનો પરિપાક કારણ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનનો આત્મા પ્રથમ વખત અન્યના ઉપદેશથી સંબોધ પામે છે, તે અપેક્ષાએ ભગવાન પર મહેશનો અનુગ્રહ છે, તોપણ તે અનુગ્રહ ગૌણ છે; કેમ કે ભગવાનના આત્માને જે મહાત્માના ઉપદેશથી પ્રથમ સંબોધ થયો તે મહાત્મા કોઈક તીર્થંકરના તીર્થમાં વર્તે છે, અને તે ઉપદેશક મહાત્માને તે તીર્થંકરે પ્રવર્તાવેલા તીર્થથી યોગમાર્ગની પ્રાપ્તિ થઈ છે, તેથી જેમ તે મહાત્મા પર તે તીર્થંકરનો અનુગ્રહ છે, તેમ તે મહાત્માના ઉપદેશ દ્વારા પ્રથમ સંબોધ પામનારા ભગવાનના આત્મા પર પણ તે તીર્થંકરનો પરંપરાએ અનુગ્રહ છે, જેમ કે નયસારના ભવમાં ભગવાન મહાવીર સ્વામીનો આત્મા કોઈ મહાત્માના ઉપદેશથી સમ્યક્ત્વ પામ્યો, તે વખતે જે તીર્થંકરનું તીર્થ પ્રવર્તતું હતું તે તીર્થંકરના અનુગ્રહથી ભગવાનના આત્માને પ્રથમ વખત સમ્યક્ત્વપ્રાપ્તિરૂપ સંબોધ થયેલો, માટે તે તીર્થંકરરૂપ મહેશના અનુગ્રહથી ભગવાનના આત્માને પ્રથમ સંબોધ પ્રાપ્ત થાય છે, તોપણ પ્રથમ સંબોધ થવામાં ભગવાનના આત્માની સંબોધની યોગ્યતાનું પ્રાધાન્ય છે, આથી પ્રથમ સંબોધની અપેક્ષાએ પણ ભગવાન ઉપચારથી સ્વયંસંબુદ્ધ છે. વળી, ભગવાન ચરમભવમાં તો કોઈ તીર્થંકરના શાસનથી સંબોધ પામતા નથી, પરંતુ સ્વયં જ સંબોધ પામે છે, અને સંયમ ગ્રહણ કરીને કેવલજ્ઞાન પામીને તીર્થ પ્રવર્તાવે છે, આથી ચરમભવની અપેક્ષાએ ભગવાન મહેશના અનુગ્રહથી સંબોધ પામતા નથી, માટે ભગવાન સ્વયંસંબુદ્ધ છે, એ પ્રમાણે સ્થાપન થાય છે.

વળી, મહેશના અનુગ્રહથી બોધ માનનારા સદાશિવવાદીઓ બોધ અને નિયમ મહેશના અનુગ્રહથી જ થાય છે, જીવની યોગ્યતાથી થતા નથી, એમ સ્વીકારે છે, તે યુક્તિસંગત નથી, એ જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે–

કર્મમાં યોગ્યતાનો અભાવ હોય તો ત્યાં ક્રિયા ક્રિયા નથી. આશય એ છે કે પ્રથમ સંબોધ પામતી વખતે ભગવાનના આત્મા પર જે મહેશનો અનુગ્રહ થયો તે અનુગ્રહની ક્રિયાનું કર્મ ભગવાનનો આત્મા હતો, અને તે ભગવાનના આત્મામાં અનુગ્રહ પામવાની યોગ્યતા ન હોય તો મહેશ વડે કરાતી ભગવાનના આત્મા પર અનુગ્રહની ક્રિયા પણ અનુગ્રહને અનુકૂળ વ્યાપારરૂપ ક્રિયા બની શકે નહીં; કેમ કે તે ક્રિયા

સ્વફળની સાધક નથી અર્થાત્ અનુગ્રહ પામવાની યોગ્યતા વગરના ભગવાનના આત્મા પર મહેશના અનુગ્રહને અનુકૂળ યત્નથી પણ ભગવાનના આત્માને બોધપ્રાપ્તિરૂપ અનુગ્રહ થાય નહીં, તેથી યોગ્યતાના અભાવમાં મહેશની અનુગ્રહની ક્રિયા, માત્ર અનુગ્રહને અનુકૂળ વ્યાપારરૂપ બને, પરંતુ અનુગ્રાહ્ય એવા જીવને બોધપ્રાપ્તિરૂપ ફળને સાધનાર બને નહીં.

અહીં પ્રશ્ન થાય કે મહેશ અચિંત્યસામર્થ્યવાળા છે, તેથી ભગવાનના આત્મામાં અનુગ્રહ પામવાની યોગ્યતા ન હોય તોપણ મહેશને તેમના પર અનુગ્રહ કરવાની ઇચ્છા થાય તો અનુગ્રહ કરી શકે છે, તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી સર્વ લોકમાં પ્રસિદ્ધ એવું દૃષ્ટાંત આપે છે –

જેમ શિક્ષા પામી ન શકે તેવા સ્વભાવવાળા અશ્વને કોઈ વ્યક્તિ શિક્ષા આપવાની ક્રિયા કરે તોપણ તેનામાં શિક્ષા પામવાની યોગ્યતા ન હોવાથી તે શિક્ષા પામી શકે નહીં, અથવા જેમ પાક પામી ન શકે તેવા સ્વભાવવાળા કોરડા અડદને કોઈ વ્યક્તિ પકાવવાની ક્રિયા કરે તોપણ તેનામાં પાક પામવાની યોગ્યતા ન હોવાથી તે રંધાઈ શકે નહીં, એ વાત લોકમાં પ્રસિદ્ધ છે; તેમ ભગવાનના આત્મામાં બોધ પામવાની યોગ્યતા ન હોય તો મહેશના અનુગ્રહથી પણ તેમનામાં બોધને યોગ્ય એવું સ્વરૂપ પ્રાપ્ત થઈ શકે નહીં, આથી નક્કી થાય કે અયોગ્ય જીવમાં સદાશિવનો અનુગ્રહ થતો નથી. આમ છતાં અયોગ્ય જીવમાં સદાશિવનો અનુગ્રહ થાય છે એમ સ્વીકારીએ તો, સર્વ જીવોમાં સદાશિવનો અનુગ્રહ માનવાનો પ્રસંગ આવે; કેમ કે જે જીવોમાં સદાશિવનો અનુગ્રહ થાય છે, તે જીવોમાં પણ અનુગ્રહ પામવાનો સ્વભાવ નથી અને જે જીવોમાં સદાશિવનો અનુગ્રહ થતો નથી, તે જીવોમાં પણ અનુગ્રહ પામવાનો સ્વભાવ નથી, માટે અનુગ્રહ નહીં પામવાના સ્વભાવરૂપ અયોગ્યત્વ સર્વ જીવોમાં સમાન છે, તેથી અનુગ્રહની યોગ્યતા નહીં હોવા છતાં જેમ કોઈક જીવ પર સદાશિવનો અનુગ્રહ થાય છે તેમ સર્વ જીવો પર પણ સદાશિવનો અનુગ્રહ થવો જોઈએ, એ પ્રમાણે માનવાનો પ્રસંગ આવે. આ રીતે પરિભાવન કરવું જોઈએ.

આનાથી એ સિદ્ધ થયું કે જે જીવ પર મહેશનો અનુગ્રહ થાય છે તે જીવમાં પણ અનુગ્રહને અનુકૂળ યોગ્યત્વ છે, માટે તે જીવનો મહેશથી અનુગ્રહ થઈ શકે છે, પરંતુ મહેશે અનુગ્રહ કર્યો, માટે તે જીવમાં યોગ્યત્વ નહીં હોવા છતાં અનુગ્રહ થાય છે એમ સ્વીકારી શકાય નહીં, આથી મહેશના અનુગ્રહથી બોધ થતો હોવા છતાં જીવમાં બોધ પામવાની યોગ્યતા પણ છે, માટે યોગ્ય જીવમાં મહેશનો અનુગ્રહ થઈ શકે છે, પરંતુ અયોગ્ય જીવમાં મહેશનો અનુગ્રહ થતો નથી, અને પ્રથમ સંબોધમાં ભગવાનના આત્મા પર મહેશનો અનુગ્રહ થતો હોવા છતાં ભગવાનના આત્માની સ્વયોગ્યતાનું પ્રાધાન્ય હોવાથી તે પ્રથમ ભવની અપેક્ષાએ પણ ભગવાન સ્વયંસંબુદ્ધ છે અને ચરમભવમાં તો વરબોધિને કારણે ભગવાન મહેશના અનુગ્રહ વગર જ સંબોધ પામનારા હોવાથી સ્વયંસંબુદ્ધ છે, આથી એકાંતે મહેશના અનુગ્રહથી જ બોધ માનનારા સદાશિવવાદીઓના મતનું सयंसंबुद्धाणं પદથી નિરાકરણ થાય છે.

વળી, જીવો સામાન્ય રીતે સ્વયોગ્યતાથી બોધિ પામે છે અને તે બોધિના ફળરૂપે મોક્ષ પ્રાપ્ત કરે છે, તોપણ તે બોધિની પ્રાપ્તિ અને મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે પરનો ઉપદેશ કારણ છે, માટે તેવા જીવોને મહેશના અનુગ્રહથી બોધિની અને મોક્ષની પ્રાપ્તિ થઈ છે તેમ કહી શકાય, પરંતુ ભગવાનના આત્માને બોધિની

પ્રાપ્તિ અને મોક્ષની પ્રાપ્તિ મહેશના અનુગ્રહથી થઈ છે તેમ કહી શકાય નહીં; કેમ કે અન્ય જીવોને પ્રાપ્ત થયેલ બોધિ કરતાં ભગવાનના આત્માને પ્રાપ્ત થયેલ બોધિ જુદા પ્રકારની છે, તેથી ભગવાનની બોધિ અન્ય જીવો કરતાં વિશિષ્ટ કઈ રીતે છે ? તે સિદ્ધ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

તીર્થંકરનો અને અતીર્થંકરનો બોધિભેદ પણ ન્યાય્ય જ છે; કેમ કે તીર્થંકરના આત્માને જે બોધિની પ્રાપ્તિ થાય છે તે બોધિ દ્વારા તેઓ રત્નત્રયીની આરાધના કરીને તીર્થંકર થઈને મોક્ષે જાય છે, જ્યારે અતીર્થંકરના આત્માને જે બોધિની પ્રાપ્તિ થાય છે તે બોધિ દ્વારા તેઓ રત્નત્રયીની આરાધના કરીને તીર્થંકર થયા વગર મોક્ષે જાય છે. તેથી ચરમભવમાં તીર્થંકર થઈને મોક્ષે જવારૂપ વિશિષ્ટ ફળની પ્રાપ્તિમાં અને ચરમભવમાં તીર્થંકર થયા વગર મોક્ષે જવારૂપ સામાન્ય ફળની પ્રાપ્તિમાં, પરંપરાએ કારણ જીવને પ્રથમ ભવમાં પ્રાપ્ત થયેલો તે તે પ્રકારનો બોધિનો ભેદ જ છે, અને જો પરંપરાકારણરૂપ બંને બોધિનો પરસ્પર ભેદ ન હોય તો, તે બોધિની પ્રાપ્તિના કાર્યરૂપ વિશિષ્ટ અને અવિશિષ્ટ ફળનો ભેદ થાય નહીં.

આથી ફલિત થાય કે ચરમભવમાં કોઈક તીર્થંકરના તીર્થને આરાધીને મોક્ષે જનારા જીવોને પ્રથમ ભવમાં પ્રાપ્ત થયેલ બોધિ કરતાં ચરમભવમાં અનેક જીવોના કલ્યાણનું કારણ બનીને મોક્ષે જનારા ભગવાનને પ્રથમ ભવમાં પ્રાપ્ત થયેલ બોધિ, જુદા પ્રકારની છે. માટે જ તીર્થંકરના આત્માનો બોધિલાભ અનેક જીવોમાં બોધિની નિષ્પત્તિનું કારણ બને છે, જ્યારે તીર્થંકર સિવાયના જીવોનો બોધિલાભ માત્ર સ્વકલ્યાણનું કારણ બને છે.

આ કથનને યુક્તિથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે ભગવાનનો બોધિલાભ પરંપરાએ તીર્થંકરપણાને નિષ્પન્ન કરવાના સ્વભાવવાળો છે, જ્યારે અંતકૃત્કેવલીનો બોધિલાભ તીર્થંકરપણાને નિષ્પન્ન કરવાના સ્વભાવવાળો નથી, આથી જ તીર્થંકરના અને અતીર્થંકરના બોધિલાભમાં ભેદ છે.

અહીં અન્ય પ્રકારના કેવલી ગ્રહણ ન કરતાં 'અંતકૃત્' કેવલીને જ ગ્રહણ કર્યા, તેનું તાત્પર્ય એ જણાય છે કે કેવલજ્ઞાન પામ્યા પછી જે રીતે ભગવાન તીર્થ પ્રવર્તાવીને અન્ય જીવો પર ઉપકાર કરે છે, તે રીતે અન્ય કેવલીઓ પણ સ્વભૂમિકા અનુસાર ઉપદેશાદિ દ્વારા યોગ્ય જીવો પર ઉપકાર કરે છે, પરંતુ મરુદેવામાતા જેવા અંતકૃત્કેવલીઓ કેવલજ્ઞાન પામ્યા પછી તરત યોગનિરોધ કરીને મોક્ષે જાય છે, તેથી અંતકૃત્કેવલીઓ કોઈ જીવ પર લેશ પણ ઉપકાર કરતા નથી, આથી તીર્થંકરના બોધિલાભ અને અંતકૃત્કેવલીના બોધિલાભ વચ્ચે ઘણો ભેદ બતાવવા માટે પ્રસ્તુતમાં અન્ય કેવલીઓનું ગ્રહણ ન કરતાં અંતકૃત્કેવલીનું ગ્રહણ કરેલ છે.

આનાથી શું સિદ્ધ થાય ? તે બતાવે છે ——

ભગવાનનો આત્મા તે તે કલ્યાણના આક્ષેપક એવા અનાદિના તથાભવ્યત્વને ધરાવનારા છે, તેથી ભગવાનનું ભવ્યત્વ અનાદિકાળથી તેવા પ્રકારનું હતું કે જેના કારણે બોધિની પ્રાપ્તિ થયા પછી ભગવાને ઉત્તમ ભાવોની પ્રાપ્તિ કરી અને ચરમભવમાં તીર્થસ્થાપના કરીને અનેક જીવો પર ઉપકાર કર્યો. આ રીતે અરિહંતો મહેશના અનુગ્રહથી બોધ પામનારા નથી, પરંતુ સ્વયં જ બોધ પામનારા છે, આથી ભગવાનમાં સ્વયંસંબુદ્ધપણાની સિદ્ધિ થાય છે.

આમ, आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं આ ત્રણ પદોનું અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે આદિમાં જન્માદિપ્રપંચને કરનારા ભગવાનનું તીર્થંકરપણું અન્ય જીવો સાથે અસાધારણ એવા સ્વયં સંબોધ દ્વારા છે, એથી નમુત્થુણં સૂત્રમાં આ ત્રણ પદો દ્વારા ભગવાનની સ્તોતવ્યસંપદાની પ્રધાન એવી સાધારણ-અસાધારણ હેતુસંપદા બતાવાઈ; કેમ કે ભગવાન આદિમાં કરનારા હોવાથી સ્તોતવ્ય છે, એ સ્તોતવ્યસંપદાનો પ્રધાન એવો સાધારણ હેતુ છે અને ભગવાન તીર્થને કરનારા હોવાથી અને સ્વયંસંબોધવાળા હોવાથી સ્તોતવ્ય છે, એ બે સ્તોતવ્યસંપદાના પ્રધાન એવા અસાધારણ હેતુ છે. ॥૫॥

પંજિકા :-

'तथे'त्यादि तथा=तेन प्रकारेण, प्रतिविशिष्टं भव्यत्वमेव तथाभव्यत्वं, आदिशब्दात् तदन्यकालादि-सहकारिकारणपरिग्रहः, तेषां सामग्री=संहतिः, तस्या यः परिपाकः=विपाकः=अव्याहता स्वकार्यकरणशक्तिः तस्मात्, प्रथमसम्बोधेऽपि=प्रथमसम्यक्त्वादिलाभेऽपि, किं पुनस्तीर्थकरभवप्राप्तावपरोपदेशेनाप्रथमसम्बोध इति 'अपि'शब्दार्थः, स्वयंसंबुद्धा इति योगः, कुत इत्याह— 'स्वयोग्यताप्राधान्यात्'=स्वयोग्यताप्रकर्षो हि भगवतां प्रथमबोधे प्रधानो हेतुः, लूयते केदारः स्वयमेवेत्यादाविव केदारादेर्ल्लवने।

'न वै' इत्यादि-'न वै' नैव कर्मणः-क्रियाविषयस्य कर्म्मकारकस्येत्यर्थो, योग्यताऽभावे=क्रियां प्रति विषयतया परिणतिस्वभावाभावे, तत्र=कर्मणि, क्रिया=सदाशिवानुग्रहादिका, क्रिया भवति, किन्तु? क्रियाभासैव, कुत इत्याह- स्वफलाप्रसाधकत्वाद्=अभिलषितबोधादिफलाप्रसाधकत्वाद्; एतदपि कुत इत्याह- प्रयासमात्रत्वात् क्रियायाः, कथमेतत्सिद्धमित्याह-अश्वमाषादौ कर्म्मणि, आदिशब्दात् कर्प्पासमदि-परिग्रहः, शिक्षापक्त्याद्यपेक्षया शिक्षां, पक्तिम्, आदिशब्दाल्लाक्षारागादि वाऽपेक्ष्य सकललोकसिद्धमेतत् क्रियायाः प्रयासमात्रत्वं, भवतु नामापरकर्तृकायाः क्रियायाः इत्थमक्रियात्वं, न पुनः सदाशिवकर्तृकायाः, तस्या अचिन्त्यशक्तित्वादित्याशङ्क्याह- 'इति' एवं कर्म्मणो योग्यताऽभावे क्रियायाः अक्रियात्वे एकान्तिके सार्वत्रिके च सकललोकसिद्धे, न=नैव, अभव्ये=निर्वाणायोग्ये प्राणिनि सदाशिवानुग्रहः, यदि हि स्वयोग्यता-मन्तरेणापि सदाशिवानुग्रहः स्यात्, ततोऽसावभव्यमप्यनुगृह्णीयात्, न चानुगृह्णाति, कुत इत्याह-सर्वत्र= अभव्ये, तत्प्रसङ्गात्=सदाशिवानुग्रहप्रसङ्गाद्, एतदपि कुत इत्याह- अभव्यत्वाविशेषात् को हि नामाभव्यत्वे समेऽपि विशेषो? येनैकस्यानुग्रहो नान्यस्येति, एतत्परिभावनीयं यथास्वयोग्यतैव सर्वत्रफलहेतुरिति।

પંજિકાર્થ :-

'तथे'त्यादि ..... सर्वत्रफलहेतुरिति ।। तथाभव्यत्वा..... ઈત્યાદિનો અર્થ કરે છે —

तथा=તે પ્રકારથી, प्रतिविशिष्ट એવું ભવ્યત્વ જ=તે તે જીવમાં વર્તતા જે પ્રકારના ભવ્યત્વથી તે તે પ્રકારનું કાર્ય થાય છે તે તે પ્રકારના કાર્યને આશ્રયીને વિશિષ્ટ એવું ભવ્યત્વ જ, तथाभव्यत्व છે, आदि શબ્દથી="तथाभव्यत्वादि"માં રહેલ आदि શબ્દથી, તેનાથી અન્ય=તથાભવ્યત્વથી અન્ય, એવા કાલાદિરૂપ સહકારી કારણનો પરિગ્રહ છે, તેઓની=તથાભવ્યત્વાદિની, સામગ્રી=સંહતિ, તેનો=તે

સામગ્રીનો, જે પરિપાક=વિપાક=અવ્યાહત એવી પોતાના કાર્યને કરવાની શક્તિ, તેનાથી=તે તથાભવ્યત્વાદિની સામગ્રીના પરિપાકથી, પ્રથમ સંબોધમાં પણ=પ્રથમ સમ્યક્ત્વાદિના લાભમાં પણ= સંસારમાં ભટકતા ભગવાનના આત્માને સમ્યક્ત્વાદિની પ્રથમ વખત પ્રાપ્તિમાં પણ, ભગવાન સ્વયંસંબુદ્ધ છે, એ પ્રમાણે યોગ છે=આગળના કથન સાથે યોજન છે.

"प्रथमसम्बोधेऽपि"માં રહેલ અપિનો અર્થ કરે છે –

વળી, તીર્થંકર ભવની પ્રાપ્તિમાં અપરોપદેશથી અપ્રથમ સંબોધમાં શું ? અર્થાત્ ભગવાનને ચરમભવમાં અન્યના ઉપદેશ વગર પ્રાપ્ત થતા અપ્રથમ સંબોધમાં તો ભગવાન સ્વયંસંબુદ્ધ છે, પરંતુ પ્રથમ ભવમાં ભગવાનને અન્યના ઉપદેશથી પ્રાપ્ત થતા પ્રથમ સંબોધમાં પણ ભગવાન સ્વયંસંબુદ્ધ છે, એ પ્રમાણે अपि શબ્દનો અર્થ છે.

કયા કારણથી ? અર્થાત્ ભગવાન પ્રથમ સંબોધમાં પણ સ્વયંસંબુદ્ધ કયા કારણથી છે ? એથી કહે છે –

સ્વયોગ્યતાનું પ્રાધાન્ય હોવાથી=ખરેખર સ્વયોગ્યતાનો પ્રકર્ષ ભગવાનના પ્રથમ સંબોધમાં પ્રધાન હેતુ છે એથી ભગવાન પ્રથમ સંબોધમાં પણ સ્વયંસંબુદ્ધ છે.

તેમાં પંજિકાકાર દૃષ્ટાંત આપે છે –

કેદારાદિના લવનમાં=કેદાર નામનું ઘાસ વગેરે કાપવામાં, કેદાર સ્વયં જ કપાય છે, ઈત્યાદિમાં જેમ સ્વયોગ્યતાનો પ્રકર્ષ પ્રધાન હેતુ છે તેમ ભગવાનના પ્રથમ સંબોધમાં પણ સ્વયોગ્યતાનો પ્રકર્ષ પ્રધાન હેતુ છે એમ અન્વય છે.

नवै ઈત્યાદિનો અર્થ કરે છે –

કર્મની=ક્રિયાના વિષય એવા કર્મકારકની, યોગ્યતાના અભાવમાં=ક્રિયા પ્રત્યે વિષયપણારૂપે પરિણતિના સ્વભાવના અભાવમાં, ત્યાં=કર્મમાં=ભગવાનના આત્મારૂપ કર્મકારકમાં, સદાશિવના અનુગ્રહાદિક ક્રિયા ક્રિયા થતી નથી જ, પરંતુ ક્રિયાભાસ જ થાય છે.

કયા કારણથી ક્રિયાભાસ જ થાય છે ? એથી કહે છે –

સ્વફળનું અપ્રસાધકપણું હોવાથી=અભિલષિત એવા બોધાદિરૂપ ફળનું અપ્રસાધકપણું હોવાથી=મહેશને ઈચ્છિત એવા બોધાદિ થવારૂપ ફળનું યોગ્યતાના અભાવવાળા કર્મમાં અપ્રસાધકપણું હોવાથી, મહેશના અનુગ્રહની ક્રિયા ક્રિયાભાસ જ થાય છે, એમ અન્વય છે.

આ પણ કયા કારણથી છે ?=મહેશના અનુગ્રહની ક્રિયા ક્રિયાભાસ જ થાય છે એ પણ કયા કારણથી છે ? એથી કહે છે –

ક્રિયાનું પ્રયાસમાત્રપણું હોવાથી=મહેશના અનુગ્રહની ક્રિયાનું ફળ નિષ્પત્તિનું કારણ ન બને તેવું પ્રયત્નમાત્રપણું હોવાથી, અનુગ્રહની ક્રિયા ક્રિયાભાસ જ થાય છે એમ અન્વય છે.

આ=યોગ્યતાના અભાવમાં ક્રિયાનું પ્રયાસમાત્રપણું છે એ, કઈ રીતે સિદ્ધ છે ? એથી કહે છે –

કર્મરૂપ અશ્વ-માષાદિમાં, શિક્ષા-પક્તિ આદિની અપેક્ષાથી=શિક્ષાને, પક્તિને, અથવા આદિ શબ્દથી="पक्त्यादि"માં રહેલ આદિ શબ્દથી, લાક્ષારાગાદિને અપેક્ષીને, અર્થાત્ ઘોડામાં શિક્ષણને, અડદમાં પાકને અને કપાસાદિમાં લાખના રંગ આદિને આશ્રયીને, આ=ક્રિયાનું પ્રયાસમાત્રપણું, સકલ લોકમાં સિદ્ધ છે.

આદિ શબ્દથી="अश्वमाषादौ"માં રહેલા આદિ શબ્દથી, કપાસાદિનો પરિગ્રહ છે.

અપરકર્તૃક એવી ક્રિયાનું આ રીતે=પૂર્વે અશ્વાદિના દૃષ્ટાંતથી બતાવ્યું એ રીતે, અક્રિયાપણું થાઓ, પરંતુ સદાશિવકર્તૃક એવી ક્રિયાનું નહીં; કેમ કે તેનું=સદાશિવનું અચિંત્ય શક્તિપણું છે, એ પ્રકારની આશંકા કરીને કહે છે –

આ રીતે=કર્મની યોગ્યતાના અભાવમાં ક્રિયાનું એકાંતિક અને સાર્વત્રિક એવું અક્રિયાત્વ સકલ લોકમાં સિદ્ધ હોતે છતે, અભવ્યમાં=નિર્વાણને અયોગ્ય એવા પ્રાણીમાં, સદાશિવનો અનુગ્રહ થતો નથી જ.

આ રીતે પંજિકાકારે આશંકા કરીને તેનું સમાધાન કર્યું કે કર્મની યોગ્યતાના અભાવમાં ક્રિયાનું અક્રિયાપણું એકાંતિક છે અને સાર્વત્રિક છે, આથી સદાશિવનો અભવ્યજીવમાં અનુગ્રહ થતો નથી એ જ કથનને સ્પષ્ટ કરતાં પંજિકાકાર કહે છે –

ખરેખર જો સ્વયોગ્યતા વગર પણ સદાશિવનો અનુગ્રહ થાય, તો આ=સદાશિવ, અભવ્યનો પણ અનુગ્રહ કરે, અને અનુગ્રહ કરતા નથી=સદાશિવ અભવ્યનો અનુગ્રહ કરતા નથી, એથી અચિંત્ય શક્તિ હોવાથી સદાશિવકર્તૃક ક્રિયાનું અક્રિયાપણું નથી એમ સ્વીકારી શકાય નહીં.

કયા કારણથી ? અર્થાત્ સદાશિવ અભવ્યમાં અનુગ્રહ કયા કારણથી કરતા નથી ? એથી કહે છે–

સર્વત્ર અભવ્યમાં=જો સદાશિવ અચિંત્ય શક્તિને કારણે યોગ્યતાના અભાવમાં પણ અનુગ્રહ કરતા હોય તો સર્વ અભવ્યમાં, તેનો પ્રસંગ હોવાથી=સદાશિવના અનુગ્રહનો પ્રસંગ હોવાથી, સદાશિવ અભવ્યમાં અનુગ્રહ કરતા નથી, એમ અન્વય છે.

આ પણ કયા કારણથી છે ? અર્થાત્ સદાશિવ અચિંત્ય શક્તિને કારણે યોગ્યતા વગર પણ અનુગ્રહ કરે છે, એમ સ્વીકારીએ તો, સર્વ અભવ્યજીવોમાં સદાશિવના અનુગ્રહનો પ્રસંગ આવે, એ પણ કયા કારણથી છે ? એથી કહે છે –

અભવ્યત્વનો અવિશેષ હોવાથી=સદાશિવ જેઓ પર અનુગ્રહ કરે છે એ જીવોમાં અને જેઓ પર અનુગ્રહ કરતા નથી એ જીવોમાં અનુગ્રહ પામવાની યોગ્યતાના અભાવરૂપ અભવ્યત્વ સમાન હોવાથી સર્વ અભવ્યજીવોમાં સદાશિવના અનુગ્રહનો પ્રસંગ આવે એમ અન્વય છે.

જે કારણથી અભવ્યત્વ સમાન હોતે છતે પણ=સર્વ જીવોમાં અનુગ્રહ પામવાની યોગ્યતાનો અભાવ સમાન હોતે છતે પણ, શું વિશેષ છે ?=શું ભેદ છે ? જેથી એકનો અનુગ્રહ, અન્યનો નહીં ?=સદાશિવ દ્વારા એક જીવ પર અનુગ્રહ થાય છે, અને અન્ય જીવ પર અનુગ્રહ થતો નથી ? 'इति' આ પ્રકારના પ્રશ્નની સમાપ્તિમાં છે.

આટલા લલિતવિસ્તરાના કથનથી શું ફલિત થાય છે ? તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

આ=યથાથી પંજિકાકાર બતાવે છે એ, પરિભાવન કરવું જોઈએ, જે રીતે સ્વયોગ્યતા જ સર્વત્ર ફળનો હેતુ છે, એ પરિભાવન કરવું જોઈએ, એમ અન્વય છે.

ભાવાર્થ :-

પંજિકાકારે તથાભવ્યત્વનો અર્થ કર્યો કે તે પ્રકારે પ્રતિવિશિષ્ટ એવું ભવ્યત્વ જ તથાભવ્યત્વ છે, તેથી એ પ્રાપ્ત થાય કે સિદ્ધિગમનને અનુકૂળ એવા પ્રારંભિક યોગમાર્ગથી માંડીને ચરમભવ સુધીમાં જે જે યોગમાર્ગો જીવમાં આવિર્ભાવ થાય છે તે તે યોગમાર્ગને અનુકૂળ એવું પ્રતિવિશિષ્ટ ભવ્યત્વ જ તથાભવ્યત્વ છે, તેથી પ્રથમ સંબોધના ભવથી માંડીને ચરમભવ સુધીમાં વચ્ચેના જીવના જેટલા ભવો થાય છે તે સર્વ ભવોમાં જે જે પ્રકારનું જીવનું ભવ્યત્વ છે, તે તે પ્રકારના ભવ્યત્વને અનુકૂળ જીવમાં યોગમાર્ગની નિષ્પત્તિરૂપ કાર્ય થાય છે.

વળી, "तथाभव्यत्वादि"માં રહેલ आदि શબ્દથી કાર્યનિષ્પત્તિ પ્રત્યેના તથાભવ્યત્વથી અન્ય કાલાદિ સહકારી કારણોનું ગ્રહણ કર્યું, તેથી એ પ્રાપ્ત થાય કે જીવનું તે પ્રકારનું ભવ્યત્વ કાલાદિ સહકારી કારણોને પ્રાપ્ત કરીને પરિપાક પામે છે, માટે પ્રથમ સંબોધથી માંડીને ચરમભવની પ્રાપ્તિ સુધી થતાં કાર્યો પ્રત્યે તે તથાભવ્યત્વાદિ સામગ્રીનો પરિપાક કારણ છે.

વળી, પરિપાકનો અર્થ કર્યો 'વિપાક' અને વિપાકનો અર્થ કર્યો 'અવ્યાહતસત્કાર્ય કરવાની શક્તિ', તેથી એ પ્રાપ્ત થાય કે સામગ્રી જ્યારે કાર્ય કરવામાં વ્યાપારવાળી હોય ત્યારે તે સામગ્રીમાં પોતાનું કાર્ય કરવાની શક્તિ અવ્યાહત હોવાથી તે સામગ્રી અવશ્ય પોતાનું કાર્ય કરે છે, તેથી તે સામગ્રીમાં વર્તતી કાર્યને અવશ્ય નિષ્પન્ન કરવાની શક્તિને પરિપાક કહેવાય છે.

વળી, પ્રથમ સંબોધનો અર્થ કર્યો કે પ્રથમ સમ્યક્ત્વાદિનો લાભ. તેથી એ પ્રાપ્ત થાય કે સંસારમાં ભટકતા જીવને પ્રથમ વખતે ઉપદેશકરૂપ સામગ્રી મળે ત્યારે તે ઉપદેશકના બળથી પ્રથમ જે સમ્યગ્બોધ થાય છે અને તે બોધને કારણે સમ્યગ્ રુચિ થાય છે, તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનરૂપ પ્રથમ સંબોધ કહેવાય. અથવા કોઈક જીવને ઉપદેશકના બળથી પ્રથમ સમ્યગ્બોધ થાય છે, તે બોધને કારણે સમ્યગ્ રુચિ થાય છે અને તે બોધ અને રુચિને કારણે ચારિત્ર ગ્રહણ કરે તો તે જીવનો સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્રરૂપ પ્રથમ સંબોધ કહેવાય.

વળી, 'કર્મ'નો અર્થ 'કર્મકારક' કર્યો, તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ પણ કાર્ય પ્રત્યે છ કારક હોય છે, તેમાંથી ક્રિયાનો જે વિષય હોય તેને કર્મકારક કહેવાય. જેમ કુંભાર ઘટ બનાવવાની ક્રિયા કરે છે, ત્યાં

કુંભારની બનાવવાની ક્રિયાનો વિષય ઘટ છે, માટે ઘટને કર્મકારક કહેવાય; તેમ મહેશ અનુગ્રહ કરવાની ક્રિયા કરે છે, ત્યાં મહેશની અનુગ્રહ કરવાની ક્રિયાનો વિષય આત્મા છે, માટે આત્માને કર્મકારક કહેવાય, તેથી તે આત્મારૂપ કર્મકારકમાં અનુગ્રહ પામવાની યોગ્યતા ન હોય, તો તે આત્મા પર મહેશ દ્વારા કરાયેલી અનુગ્રહની ક્રિયા ક્રિયાભાસ જ છે; કેમ કે જેમ માટીમાં ઘટરૂપે પરિણમન પામવાનો સ્વભાવ ન હોય તો કુંભારના ઘટ બનાવવાના પ્રયત્નથી પણ માટી ઘટરૂપે પરિણમન પામે નહીં, તેમ આત્મામાં બોધરૂપે પરિણમન પામવાનો સ્વભાવ ન હોય તો મહેશના અનુગ્રહ કરવાના પ્રયત્નથી પણ આત્મા બોધરૂપે પરિણમન પામે નહીં, આથી અયોગ્ય એવા કર્મકારકરૂપ આત્મામાં મહેશની અનુગ્રહની ક્રિયા ક્રિયાભાસ જ છે.

કર્મકારકમાં બોધ પામવાની યોગ્યતા ન હોય તો મહેશના અનુગ્રહથી પણ કર્મકારકમાં બોધરૂપ ફળ થાય નહીં, જેમ અશ્વમાં શિક્ષણ પામવાની અને અડદમાં પાક પામવાની યોગ્યતા ન હોય તો અશ્વને શિક્ષણ આપવાની કે અડદને પકાવવાની ક્રિયાથી પણ તેમાં તે તે શિક્ષણ કે પાક રૂપ ફળ થતું નથી, આ વસ્તુ સમગ્ર લોકમાં પ્રસિદ્ધ છે.

અહીં પ્રશ્ન થાય કે કર્મકારકમાં યોગ્યતા ન હોય તો સંસારીજીવોથી કરાતી ક્રિયા અક્રિયા થાઓ, પરંતુ મહેશથી કરાતી ક્રિયા અક્રિયા ન થાઓ; કેમ કે મહેશ અચિંત્ય શક્તિવાળા છે, તેથી તેઓ કર્મકારકમાં યોગ્યતા ન હોય તોપણ ફળ પ્રાપ્તિરૂપ કાર્ય કરી શકે છે, માટે જીવમાં બોધ પામવાની યોગ્યતા ન હોય તોપણ મહેશની અનુગ્રહની ક્રિયાથી જીવમાં બોધ પ્રગટે છે, એમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. આ પ્રકારની શંકાને સામે રાખીને પંજિકાકાર કહે છે –

પૂર્વમાં અશ્વાદિનું દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, કર્મકારકની યોગ્યતાના અભાવમાં કરાતી ક્રિયા અક્રિયા છે, એ નિયમ એકાંતિક અને સાર્વત્રિક સકલ લોકમાં પ્રસિદ્ધ હોય તો અયોગ્ય જીવમાં મહેશનો અનુગ્રહ થાય નહીં. આશય એ છે કે જો મહેશમાં અચિંત્ય શક્તિ હોય તો મોક્ષપ્રાપ્તિ માટે અયોગ્ય જીવ પર પણ મહેશનો અનુગ્રહ થવો જોઈએ, પરંતુ કર્મકારકની યોગ્યતાના અભાવમાં કરાયેલી ક્રિયા અક્રિયા છે, એવો નિયમ એકાંતે છે અને સર્વત્ર છે, આથી જ મોક્ષપ્રાપ્તિ માટે અયોગ્ય જીવમાં મહેશનો અનુગ્રહ થતો નથી.

વળી, આ જ કથનને સ્પષ્ટ કરતાં પંજિકાકાર કહે છે કે જો મહેશની અચિંત્ય શક્તિથી સ્વયોગ્યતા ન હોવા છતાં પણ જીવમાં મહેશનો અનુગ્રહ થતો હોય તો, મહેશ અભવ્યજીવ પર પણ અનુગ્રહ કરે અને મહેશ અભવ્યજીવ પર અનુગ્રહ કરતા નથી. એથી નક્કી થાય છે કે કર્મકારકની યોગ્યતાના અભાવમાં કરાયેલ ક્રિયા અક્રિયા એકાંતે છે અને સર્વત્ર છે.

અહીં પ્રશ્ન થાય કે અભવ્યજીવમાં યોગ્યતા નહીં હોવાથી મહેશ અભવ્યજીવ પર અનુગ્રહ કરતા નથી, એવું કઈ રીતે નક્કી થાય ? એથી કહે છે –

જો મહેશ યોગ્યતા વગર પણ અનુગ્રહ કરતા હોય તો, જેમ મહેશ ભવ્યજીવમાં અનુગ્રહ કરે છે તેમ સર્વત્ર અભવ્યજીવમાં અનુગ્રહ માનવાનો પ્રસંગ આવે.

અહીં પ્રશ્ન થાય કે મહેશનો સર્વત્ર અભવ્યજીવમાં અનુગ્રહનો પ્રસંગ કેમ છે ? એથી કહે છે કે મહેશ જેના પર અનુગ્રહ કરે છે તે જીવમાં અને જેના પર અનુગ્રહ કરતા નથી તે જીવમાં અનુગ્રહ નહીં પામવારૂપ અભવ્યત્વ સમાન છે, તેથી ભવ્યની જેમ અભવ્યમાં પણ મહેશનો અનુગ્રહ માનવાનો પ્રસંગ છે.

વળી, આ જ કથનને સ્પષ્ટ કરતાં પંજિકાકાર કહે છે કે મહેશ જેના પર અનુગ્રહ કરે છે તે જીવમાં અને જેના પર અનુગ્રહ નથી કરતા તે જીવમાં, અભવ્યત્વ સમાન હોવા છતાં પણ બંને પ્રકારના જીવોમાં શું ભેદ છે ? જેથી મહેશ એક જીવ પર અનુગ્રહ કરે છે અને અન્ય જીવ પર અનુગ્રહ કરતા નથી, આ પરિભાવન કરવું જોઈએ અને તે પરિભાવન જ પંજિકાકાર યથાર્થ સ્પષ્ટ કરતાં બતાવે છે કે સ્વયોગ્યતા જ સર્વ કાર્યોમાં ફળનો હેતુ છે અર્થાત્ જ્યાં જ્યાં જે જે ફળ પ્રાપ્ત થાય છે તે દરેક ફળપ્રાપ્તિ પ્રત્યે ઉપાદાનકારણમાં રહેલી યોગ્યતા જ કારણ છે. પુરુષકાર કરનાર જીવ અને અનુગ્રહ કરનાર મહેશ તો ફળપ્રાપ્તિ પ્રત્યે નિમિત્તમાત્ર છે. એ પ્રમાણે પરિભાવન કરવું જોઈએ.

पंजिका :-

वरबोधिप्राप्त्येत्युक्तं, तत्सिद्ध्यर्थमाह –

बोधिभेदोऽपि=सम्यक्त्वादिमोक्षमार्ग्गभेदोऽपि, आस्तां तदाश्रयस्य विभूत्यादेः, तीर्थकरातीर्थकरयोः न्याय्य एव=युक्तियुक्त एव, युक्तिमेवाह-विशिष्टेतरफलयोः परम्पराहेत्वोरपि=विशिष्टफलस्येतरफलस्य च परम्पराहेतोः=व्यवहितकारणस्य, किं पुनरनन्तरकारणस्येत्यपिशब्दार्थः भेदात्=परस्परविशेषात्, कुत इत्याह-एतदभावे परम्पराहेत्वोर्भेदोभावे तद्विशिष्टेतरत्वानुपपत्तेः तस्य=फलस्य यद्विशिष्टत्वमितरत्वं चाविशिष्टत्वं तयोरयोगाद्, एतदेव भावयति-भगवद्बोधिलाभो हि परम्परया=अनेकभवव्यवधानेन, भगवद्भावनिर्वर्त्तन-स्वभावो भगवद्भावः=तीर्थकरत्वं, व्यतिरेकमाह-न तु=न पुनः, अन्तकृत्केवलिबोधिलाभवत्=अन्तकृतो-मरुदेव्यादिकेवलिनो बोधिलाभ इव, अतत्स्वभावो=भगवद्भावानिर्वर्त्तनस्वभावः, एतदपि कथमित्याह-'तद्वदिति' तस्मादिवान्तकृत्केवलिबोधिलाभादिवत्, ततः=तीर्थकरबोधिलाभात्, 'तद्भावासिद्धेः, तीर्थकरभावा-सिद्धेरिति स्वयंसम्बुद्धत्वसिद्धिः।।५।।

पंजिकार्थ :-

वरबोधिप्राप्त्ये ..... 'स्वयंसम्बुद्धत्वसिद्धिः' ।। 'वरબોધિની પ્રાપ્તિથી' એ પ્રમાણે કહેવાયું=પૂર્વે ललितविस्तरामां કહેવાયું, તેની સિદ્ધિ માટે કહે છે – તીર્થંકર અને અતીર્થંકરનો બોધિનો ભેદ પણ= સમ્યક્ત્વાદિરૂપ મોક્ષમાર્ગનો ભેદ પણ, ન્યાય્ય જ છે=યુક્તિયુક્ત જ છે, તેના આશ્રય એવા વિભૂતિ આદિનો દૂર રહો=તીર્થંકર અને અતીર્થંકરમાં આશ્રય કરનાર એવા ઐશ્વર્ય આદિનો ભેદ તો દૂર રહો.

યુક્તિને જ કહે છે=તીર્થંકર અને અતીર્થંકરના બોધિનો ભેદ સ્વીકારવામાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે.

વિશિષ્ટ-ઇતર ફળનો પરંપરા એવા બે હેતુનો પણ=વિશિષ્ટ ફળના અને ઇતર ફળના પરંપરા

હેતુનો અર્થાત્ વ્યવહિત કારણનો, ભેદ હોવાથી=પરસ્પર વિશેષ હોવાથી, બોધિનો ભેદ પણ ન્યાય્ય જ છે, એમ અન્વય છે.

હેત્વોરપિમાં રહેલ અપિનો અર્થ કરે છે –

વળી, અનંતર કારણનો તો શું ? અર્થાત્ વિશિષ્ટ અને ઇતર ફળના અનંતર કારણનો તો ભેદ હોય, પરંતુ પરંપરકારણનો પણ ભેદ હોય, એ પ્રમાણે अपि શબ્દનો અર્થ છે.

કયા કારણથી ? અર્થાત્ વિશિષ્ટ અને ઇતર ફળના પરંપરા એવા બે હેતુનો ભેદ કયા કારણથી છે ? એથી કહે છે –

આના અભાવમાં=પરંપરા એવા બે હેતુના ભેદના અભાવમાં, તેના વિશિષ્ટ ઇતરત્વની અનુપપત્તિ હોવાથી અર્થાત્ તેનું=ફળનું, જે વિશિષ્ટપણું અને ઇતરપણું=અવિશિષ્ટપણું, તે બેનો=વિશિષ્ટપણાનો અને અવિશિષ્ટપણાનો, અયોગ હોવાથી, પરંપરા એવા બે હેતુનો ભેદ છે, એમ અન્વય છે.

આને જ ભાવન કરે છે=તીર્થંકરરૂપ વિશિષ્ટ ફળના અને અતીર્થંકરરૂપ અવિશિષ્ટ ફળના પરંપરા એવા બે હેતુનો ભેદ છે, એને જ ભાવન કરતાં ગ્રંથકારશ્રી ललितविस्तरामां કહે છે –

ખરેખર ભગવાનનો બોધિલાભ પરંપરાથી=અનેક ભવના વ્યવધાનથી, ભગવદ્ભાવના નિર્વર્તનના સ્વભાવવાળો છે. ભગવદ્ભાવ એટલે તીર્થંકરપણું.

વ્યતિરેકને કહે છે – પરંતુ અંતકૃત્કેવલીના બોધિલાભની જેમ=અંતકૃત્ એવા મરુદેવી આદિ કેવલીના બોધિલાભ જેવો, અતત્સ્વભાવવાળો નથી=ભગવદ્ભાવના અનિર્વર્તનના સ્વભાવવાળો નથી.

આ પણ કેમ છે ?=ભગવાનનો બોધિલાભ અંતકૃત્કેવલીના બોધિલાભ જેવો અતત્સ્વભાવવાળો નથી એ પણ કેમ છે ? એથી કહે છે –

તદ્વદ્=તેની જેમ=અંતકૃત્કેવલીના બોધિલાભની જેમ, તેનાથી=તીર્થંકરના બોધિલાભથી, તેના ભાવની અસિદ્ધિ હોવાથી=તીર્થંકર ભાવની અસિદ્ધિ હોવાથી, ભગવાનનો બોધિલાભ અંતકૃત્કેવલીના બોધિલાભની જેમ અતત્સ્વભાવવાળો નથી, એમ અન્વય છે. આ રીતે=ગ્રંથકારશ્રીએ ભગવાનમાં સ્વયંસંબુદ્ધપણું સ્થાપન કર્યું એ રીતે, સ્વયંસંબુદ્ધત્વની સિદ્ધિ છે=ભગવાનમાં સ્વયંસંબુદ્ધપણાની પ્રાપ્તિ છે. ॥૫॥

ભાવાર્થ :-

ભગવાનનો બોધિલાભ અન્ય જીવોના બોધિલાભ કરતાં વિશિષ્ટ પ્રકારનો છે, એમ સ્વીકારવું યુક્તિયુક્ત છે, અને તે રીતે તે બોધિલાભને આશ્રયીને ચરમભવમાં ભગવાનને પ્રાપ્ત થતી અષ્ટમહાપ્રાતિહાર્યાદિ વિભૂતિ આદિનો પણ અન્ય જીવો કરતાં ભેદ સ્વીકારવો યુક્તિયુક્ત છે.

કેમ યુક્તિયુક્ત છે ? તે બતાવતાં કહે છે કે હંમેશાં કારણના ભેદથી કાર્યનો ભેદ થાય છે, અને

સામાન્યથી કોઈપણ જીવને પ્રાપ્ત થયેલો બોધિલાભ ચરમભવની પ્રાપ્તિનું પરંપરાએ કારણ છે, તેથી જેઓને તીર્થંકરરૂપે ચરમભવ પ્રાપ્ત થયો તેઓના તે ચરમભવપ્રાપ્તિના પરંપરકારણ એવા બોધિલાભ કરતાં, જેઓને અતીર્થંકરરૂપે ચરમભવ પ્રાપ્ત થયો તેઓના તે ચરમભવપ્રાપ્તિના પરંપરકારણ એવા બોધિલાભનો ભેદ છે; કેમ કે તીર્થંકરનો બોધિલાભ અન્ય જીવોના કલ્યાણનું કારણ બને તેવા ઉત્તમ અધ્યવસાયથી સંવલિત એવા સ્વના કલ્યાણના અધ્યવસાયવાળો હોવાથી ઉત્તરોત્તર યોગમાર્ગની પ્રાપ્તિ દ્વારા અનેક જીવોના બોધિલાભનું કારણ બને એવા તીર્થંકરપણારૂપે ચરમભવની પ્રાપ્તિનું કારણ બને છે; જ્યારે અતીર્થંકરોનો બોધિલાભ માત્ર સ્વકલ્યાણના વિશુદ્ધ આશયવાળો હોવાથી ઉત્તરોત્તર યોગમાર્ગની પ્રાપ્તિ દ્વારા અતીર્થંકરપણારૂપે ચરમભવની પ્રાપ્તિનું કારણ બને છે, આથી જો બંને પરંપરાકારણમાં સમાનતા હોય તો તેના ફળરૂપ કાર્ય પણ સમાન થાય, જ્યારે તીર્થંકરરૂપે અને અતીર્થંકરરૂપે ચરમભવની પ્રાપ્તિરૂપ કાર્ય અસમાન હોવાથી તે કાર્યનિષ્પત્તિ પ્રત્યે કારણ એવો પ્રથમ સંબોધ પણ કંઈક ભિન્ન પ્રકારના અધ્યવસાયથી સંવલિત છે, એમ પ્રાપ્ત થાય, આથી જ ભગવાનના બોધિલાભને 'વરબોધિલાભ' કહેવાયો છે. ॥૫॥

અવતરણિકા :-

एते च सर्वसत्त्वैवंभाववादिभिर्बौद्धविशेषैः सामान्यगुणत्वेन न प्रधानतयाङ्गीक्रियन्ते, 'नास्तीह कश्चिदभाजनं सत्त्वः' इतिवचनात्, तदेतन्निराचिकीर्षयाऽह-

पुरुषोत्तमेभ्यः' इति ।।

અવતરણિકાર્થ :-

અને આ=અરિહંતો, સર્વસત્ત્વ એવંભાવવાદી એવા બૌદ્ધવિશેષો વડે સામાન્યગુણપણાને કારણે પ્રધાનપણારૂપે સ્વીકારાતા નથી; કેમ કે "અહીં કોઈ સત્ત્વ અભાજન નથી=લોકમાં કોઈ જીવ ભગવાન થવા માટે અયોગ્ય નથી," એ પ્રકારે વચન છે=બૌદ્ધવિશેષોનું વચન છે, તે આના=બૌદ્ધવિશેષો સ્વીકારે છે તે આ કથનના, નિરાકરણની ઇચ્છાથી પુરુષોત્તમેભ્યઃ એ પ્રમાણે કહે છે=નમુત્થુણં સૂત્રમાં કહે છે –

પંજિકા :-

'सर्वसत्त्वेत्यादि' सर्वसत्त्वानां=निखिलजीवानाम्, एवंभावं=विवक्षितैकप्रकारत्वं, वदन्तीत्येवंशीलास्तैर्बौद्ध-विशेषैः सौगतभेदैर्वैभाषिकैरिति सम्भाव्यते, तेषामेव निरुपचरितसर्वास्तित्वाभ्युपगमात्, सामान्याः= साधारणगुणाः-परोपकारकरणादयो येषां ते तथा तद्भावस्तत्त्वं तेन, न=नैव, प्रधानतया=अतिशायितया, अङ्गीक्रियन्ते=इष्यन्ते, कुत इत्याह-नास्ति=न विद्यते, इह=लोके, कश्चिन् नरनारकादिः अभाजनो अपात्रमयोग्य इत्यर्थः, सत्वः=प्राणी, इति वचनाद्, एवंरूपाप्तोपदेशात्।

પંજિકાર્થ :-

'सर्वसत्त्वेत्यादि' ..... पदेशात् ।। सर्वसत्त्व ઇત્યાદિનો અર્થ કરે છે –

સર્વસત્ત્વોના=નિખિલ જીવોના=સમગ્ર જીવોના, એવંભાવને=વિવક્ષિત એકપ્રકારપણાને=સાધના કરીને ભગવાન થઈ શકે એવા એક સ્વરૂપપણાને, કહે છે, એવો શીલ છે=સ્વભાવ છે, જેઓનો તે બૌદ્ધવિશેષો વડે=સૌગતના ભેદ એવા વૈભાષિકો વડે, ભગવાન અન્ય જીવો કરતાં પ્રધાનપણારૂપે સ્વીકારાતા નથી, એમ અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે બૌદ્ધવિશેષો કોણ છે ? તેથી પંજિકાકાર સ્પષ્ટ કરે છે –

બૌદ્ધવિશેષો સૌગતના ભેદ એવા વૈભાષિકો છે, એ પ્રકારે સંભાવના કરાય છે; કેમ કે તેઓનો જ=વૈભાષિક બૌદ્ધવિશેષોનો જ, નિરુપચરિત સર્વ અસ્તિત્વનો અભ્યુપગમ છે.

તેવા વૈભાષિક બૌદ્ધવિશેષો વડે શું સ્વીકારાતું નથી ? તે સ્પષ્ટ કરે છે –

સામાન્ય=સાધારણ એવા પરોપકારકરણાદિ ગુણો જેઓના છે તેઓ તેવા છે=સામાન્ય ગુણોવાળા છે, તેનો ભાવ=સામાન્યગુણવાળાનો ભાવ, તે પણું છે=સામાન્યગુણવાળાપણું છે, તેનાથી= સામાન્યગુણવાળાપણાથી, પ્રધાનપણારૂપે=અતિશાયિપણારૂપે, અંગીકાર કરાતા નથી=ઇચ્છાતા નથી જ=ભગવાન અન્ય જીવો કરતાં શ્રેષ્ઠપણારૂપે સ્વીકારાતા નથી જ.

કયા કારણથી ?=ભગવાન પ્રધાનપણારૂપે કયા કારણથી અંગીકાર કરાતા નથી ? એથી કહે છે–

અહીં=લોકમાં, નર-નારકાદિ કોઈ સત્ત્વ=પ્રાણી=જીવ, અભાજન=અપાત્ર=અયોગ્ય, વિદ્યમાન નથી. એ પ્રકારે વચન છે=આવા રૂપવાળો આપ્તનો ઉપદેશ છે=સર્વ જીવો ભગવાન થવા માટે પાત્ર છે એવા સ્વરૂપવાળો આપ્તપુરુષોનો ઉપદેશ છે.

ભાવાર્થ :-

સર્વ જીવો સાધના કરે તો ભગવાન થઈ શકે એવા ભાવવાળા છે, એમ કહેનારા બૌદ્ધવિશેષો ભગવાનમાં સર્વ જીવો જેવો પરોપકાર કરવા આદિ સામાન્ય ગુણો હોવાથી ભગવાનને અન્ય જીવો કરતાં પ્રધાનપણારૂપે સ્વીકારતા નથી; કેમ કે તેઓનું વચન છે કે જે જીવો પરોપકારાદિ કરીને સાધના કરે તેઓ ભગવાન થાય છે, આ પ્રકારના તેઓના મતનું નિરાકરણ કરવા માટે नमुत्थुणं સૂત્રમાં पुरिसुत्तमाणं પદથી ભગવાનની સ્તુતિ કરાયેલ છે.

વળી, પંજિકાકાર 'બૌદ્ધવિશેષ' કોણ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે કે બૌદ્ધમતમાં ચાર ભેદો છે, તેમાંથી વૈભાષિક નામના બૌદ્ધવિશેષની આ પ્રકારની માન્યતા છે, એથી પંજિકાકાર સંભાવના કરે છે, તેથી નક્કી થાય કે પંજિકાકારને સ્પષ્ટ નિર્ણય નથી કે આ પ્રકારની માન્યતા વૈભાષિકોની જ છે. વળી, પંજિકાકાર તેમાં યુક્તિ આપે છે કે તેઓનો જ નિરુપચરિત સર્વ અસ્તિત્વનો અભ્યુપગમ છે, તેથી એ પ્રાપ્ત થાય છે કે ભગવાનના જીવમાં જેવું નિરુપચરિત અસ્તિત્વ છે તેવું જ નિરુપચરિત અસ્તિત્વ સર્વ જીવોમાં છે, એમ વૈભાષિક બૌદ્ધવિશેષો માને છે.

આશય એ છે કે સાધના કરીને પૂર્ણ શુદ્ધ થયેલા આત્મામાં અન્ય ઉપાધિના ઉપચાર વગરનું જેવું સ્વાભાવિક અસ્તિત્વ છે, તેવું જ સ્વાભાવિક અસ્તિત્વ સંસારી સર્વ જીવોમાં છે, તેથી સંસારાવસ્થામાં રહેલા જે જીવો તેનું નિરુપચરિત અસ્તિત્વ પ્રગટ કરવા માટે સાધના કરે છે, તે જીવો તેવા નિરુપચરિત અસ્તિત્વવાળા થાય છે, એ પ્રમાણે વૈભાષિક બૌદ્ધવિશેષો માને છે, તેથી નિરુપચરિત એવું અસ્તિત્વ સર્વ જીવોમાં સમાન છે, પરંતુ વૈભાષિક બૌદ્ધવિશેષો કોઈ જીવમાં વિશેષ પ્રકારનું નિરુપચરિત અસ્તિત્વ માનતા નથી; જ્યારે જૈનદર્શન સંસારમાં રહેલા સર્વ જીવોના અસ્તિત્વ કરતાં વિશેષ પ્રકારનું અસ્તિત્વ તીર્થંકરોના આત્મામાં માને છે, આથી જ જૈનો દરેક જીવનું તથાભવ્યત્વ ભિન્ન ભિન્ન સ્વીકારે છે, જ્યારે વૈભાષિકો દરેક જીવનું તથાભવ્યત્વ ભિન્ન ભિન્ન સ્વીકારતા નથી, તેથી આ પ્રકારની માન્યતા વૈભાષિક એવા બૌદ્ધવિશેષોની છે, તેમ પંજિકાકાર સંભાવના કરે છે, માટે જેમ ભગવાન ભગવદ્‌ભાવના ભાજન થયા, તેમ જો સર્વ જીવો પરોપકારકરણાદિ સામાન્ય ગુણો વિકસાવે તો સર્વ જીવો ભગવદ્‌ભાવના ભાજન થાય. માટે ઉપાસ્ય એવા ભગવાન મોક્ષે જનારા અન્ય જીવો કરતાં વિશેષ પ્રકારના છે, એમ વૈભાષિકોને માન્ય નથી તે બૌદ્ધવિશેષોના મતનું નિરાકરણ કરવા માટે ભગવાનને 'પુરુષોત્તમ' વિશેષણ આપેલ છે.

સૂત્ર :-

पुरिसुत्तमाणं ।।६।।

સૂત્રાર્થ :-

પુરુષોમાં ઉત્તમ એવા ભગવાનને નમસ્કાર થાઓ. ।।૬।।

ललितविस्तरा :-

पुरि शयनात् पुरुषाः-सत्त्वा एव, तेषां उत्तमाः-सहजतथाभव्यत्वादिभावतः प्रधानाः पुरुषोत्तमाः, तथाहि-आकालमेते परार्थव्यसनिन, उपसर्ज्जनीकृतस्वार्था, उचितक्रियावन्तः, अदीनभावाः, सफलारम्भिणः, अदृढानुशयाः, कृतज्ञतापतयः, अनुपहतचित्ताः, देवगुरुबहुमानिनस्तथा गम्भीराशया इति।

न सर्व एव एवंविधाः, खडुङ्कानां व्यत्ययोपलब्धेः, अन्यथा खडुङ्काभाव इति।

नाशुद्धमपि जात्यरत्नं समानमजात्यरत्नेन, न चेतरदितरेण, तथा संस्कारयोगे सत्युत्तरकालमपि तद्‌भेदोपपत्तेः, न हि काचः पद्मरागी भवति, जात्यनुच्छेदेन गुणप्रकर्षभावात्, इत्थं चैतदेवं प्रत्येकबुद्धादि-वचनप्रामाण्यात्, तद्‌भेदानुपपत्तेः, न तुल्यभाजनतायां तद्‌भेदो न्याय्य इति।

न चात एव मुक्तावपि विशेषः, कृत्स्नकर्म्मक्षयकार्यत्वात्, तस्य चाविशिष्टत्वात् दृष्टश्च दरिद्रेश्वर-योरप्यविशिष्टो मृत्युः, आयुःक्षयाविशेषात्, न चैतावता तयोः प्रागप्यविशेषः, तदन्यहेतुविशेषात्, निदर्शनमात्रमेतद् इति पुरुषोत्तमाः।।६।।

ललितविस्तरार्थ :-

પુરુષોત્તમ શબ્દની વ્યુત્પત્તિ કરે છે –

પુરમાં=દેહમાં, શયન કરનાર હોવાથી પુરુષો સત્ત્વો જ=સંસારવર્તી જીવો જ, તેઓમાં ઉત્તમ=સહજ એવા તથાભવ્યત્વાદિ ભાવથી પ્રધાન, પુરુષોત્તમ છે.

ભગવાનમાં રહેલા પુરુષોત્તમપણાને તથાહિથી સ્પષ્ટ કરે છે –

આકાલ=સર્વકાળ, આ=ભગવાન, પરાર્થવ્યસનવાળા, ઉપસર્જનીકૃત સ્વાર્થવાળા, ઉચિત ક્રિયાવાળા, અદીનભાવવાળા, સફળ આરંભવાળા, અદૃઢ અનુશયવાળા, કૃતજ્ઞતાના પતિ, અનુપહત ચિત્તવાળા, દેવ-ગુરુના બહુમાનવાળા, અને ગંભીર આશયવાળા છે.

'इति' ભગવાનના પુરુષોત્તમપણાના સ્પષ્ટીકરણની સમાપ્તિમાં છે.

આ રીતે ભગવાન પુરુષોત્તમ કેમ છે ? તે સ્પષ્ટ કર્યું, હવે અન્ય સર્વ જીવો ભગવાન જેવા નથી, તે સ્પષ્ટ કરે છે –

સર્વ જ આવા પ્રકારવાળા નથી=મોક્ષે જનારા ભગવાનના જીવોથી અન્ય સર્વ જ જીવો ભગવાનના જીવો જેવા ગુણોવાળા નથી; કેમ કે ખડુંકોમાં વ્યત્યયની ઉપલબ્ધિ છે=તીર્થંકર થનારા જીવોથી અન્ય મોક્ષે જનારા જીવોમાં તીર્થંકરના જીવોના ગુણો કરતાં વિપરીત ગુણોની પ્રાપ્તિ છે, અન્યથા=મોક્ષે જનારા અન્ય જીવોમાં તીર્થંકરના જીવોના ગુણો કરતાં વિપરીત ગુણોનો અભાવ ન હોય તો, ખડુંકોનો અભાવ થાય, એથી મોક્ષે જનારા અન્ય સર્વ જીવો ભગવાનના જીવો જેવા ગુણોવાળા નથી, એમ અન્વય છે.

મોક્ષે જનારા અન્ય સર્વ જીવો ભગવાનના જીવો જેવા ગુણોવાળા કેમ નથી ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

અશુદ્ધ એવું પણ જાત્યરત્ન અજાત્યરત્ન સાથે સમાન નથી, અને ઇતર=અશુદ્ધ અજાત્યરત્ન, ઇતર સાથે નહીં=અશુદ્ધ જાત્યરત્ન સાથે સમાન નથી.

કેમ અશુદ્ધ જાત્યરત્ન અને અશુદ્ધ અજાત્યરત્ન સમાન નથી ? તેમાં હેતુ આપે છે –

તે પ્રકારે હોતે છતે=અશુદ્ધ અવસ્થામાં પણ જાત્યરત્ન અને અજાત્યરત્ન અસમાન હોતે છતે, સંસ્કારના યોગમાં=અશુદ્ધ એવા જાત્યરત્ન અને અજાત્યરત્નની શુદ્ધિની પ્રક્રિયાના સંયોગમાં, ઉત્તરકાળને વિષે પણ=અશુદ્ધ એવા જાત્યરત્નની અને અજાત્યરત્નની શુદ્ધિની પ્રક્રિયા થયા પછી પણ, તેના ભેદની ઉપપત્તિ છે=જાત્યરત્નના અને અજાત્યરત્નના ભેદની સંગતિ છે.

અશુદ્ધ અવસ્થામાં રહેલ જાત્યરત્નનો અને અજાત્યરત્નનો ભેદ છે, એને જ સ્પષ્ટ કરે છે –

ખરેખર કાચ પદ્મરાગવાળો થતો નથી; કેમ કે જાતિના અનુચ્છેદથી ગુણના પ્રકર્ષનો ભાવ છે. આ રીતે જ આ છે=જાતિના અનુચ્છેદથી જ ગુણના પ્રકર્ષના ભાવવાળી વસ્તુ છે; કેમ કે આ રીતે=

વસ્તુમાં જાતિના અનુચ્છેદથી ગુણનો ઉત્કર્ષ થાય છે એ રીતે, પ્રત્યેકબુદ્ધાદિના વચનનું પ્રામાણ્ય છે=પ્રત્યેકબુદ્ધાદિને જુદા જુદા સ્વરૂપે નિરૂપણ કરનાર વચનનું પ્રમાણપણું છે.

આનો જ વ્યતિરેકથી હેતુ બતાવે છે –

તેના ભેદની અનુપપત્તિ છે=જાતિના અનુચ્છેદથી ગુણના પ્રકર્ષનો ભાવ ન સ્વીકારીએ તો પ્રત્યેકબુદ્ધાદિના ભેદની અસંગતિ છે.

જાતિના અનુચ્છેદથી ગુણના પ્રકર્ષનો ભાવ ન સ્વીકારીએ તો પ્રત્યેકબુદ્ધાદિના ભેદની અનુપપત્તિ કેમ છે ? તે સ્પષ્ટ કરે છે –

તુલ્ય ભાજનતામાં=મોક્ષે જનારા સર્વ જીવોની તુલ્ય યોગ્યતામાં, તેનો ભેદ ન્યાય્ય નથી=પ્રત્યેકબુદ્ધાદિનો ભેદ યુક્તિયુક્ત નથી.

'इति' ગ્રંથકારશ્રીએ જાત્યરત્ન-અજાત્યરત્નના અને કાચ-પદ્મરાગમણિના દૃષ્ટાંતથી તીર્થંકરના જીવો અને અતીર્થંકરના જીવોમાં ભેદની સિદ્ધિ કરી, તેની સમાપ્તિમાં છે.

અને આથી જ=તીર્થંકરના જીવો અને અતીર્થંકરના જીવોમાં ભેદ છે એથી જ, મુક્તિમાં પણ વિશેષ છે એમ નથી=તીર્થંકરના જીવો અને અતીર્થંકરના જીવો વચ્ચે મોક્ષમાં પણ ભેદ છે એમ નથી.

તીર્થંકર-અતીર્થંકરના જીવો વચ્ચે જેમ પૂર્વાવસ્થામાં ભેદ છે તેમ મુક્તાવસ્થામાં પણ કેમ ભેદ નથી ? તેમાં હેતુ આપે છે –

કૃત્સ્ન કર્મક્ષયનું કાર્યપણું છે=મુક્તિ સર્વ કર્મોના ક્ષયનું કાર્ય છે, અને તેનું અવિશિષ્ટપણું છે=કૃત્સ્ન કર્મક્ષયનું મોક્ષે જનારા સર્વ જીવોમાં સમાનપણું છે, અને દરિદ્ર-ઈશ્વરનું પણ મૃત્યુ અવિશિષ્ટ જોવાયું છે; કેમ કે આયુક્ષયનો અવિશેષ છે=દરિદ્ર-ઈશ્વરમાં આયુષ્યના ક્ષયની સમાનતા છે, અને આટલા વડે=દરિદ્ર-ઈશ્વરમાં આયુષ્યનો ક્ષય અવિશેષ છે એટલા માત્ર વડે, તે બેમાં=દરિદ્ર અને ઈશ્વરમાં, પ્રાક્ પણ અવિશેષ નથી=મૃત્યુ પામતાં પહેલાં પણ સમાનતા નથી; કેમ કે તેનાથી અન્ય હેતુ વડે વિશેષ છે=દરિદ્રમાં અને ઈશ્વરમાં આયુષ્યક્ષયના ભેદ રૂપ હેતુથી અન્ય હેતુઓ વડે ભેદ છે.

આ નિદર્શનમાત્ર છે=દરિદ્ર પુરુષ અને ઈશ્વર પુરુષમાં મૃત્યુ સમાન છે એ, તીર્થંકરાદિ સર્વ જીવો મુક્તાવસ્થામાં સમાન છે એના સ્થાપનમાં દૃષ્ટાંતમાત્ર છે, એથી પુરુષોત્તમ છે=પુરુષોત્તમ શબ્દની વ્યુત્પત્તિ બતાવીને ભગવાન પુરુષોત્તમ કેમ છે ? તેનું ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી યુક્તિથી સ્થાપન કર્યું એથી ભગવાન પુરુષોત્તમ છે. ॥૬॥

પંજિકા :-

'पुरुषोत्तमेभ्य इति' 'अदृढानुशया इति' अदृढः-अनिबिडोऽपकारिण्यपि अनुशयः-अपकारबुद्धिर्येषां ते तथा,

'न सर्वेत्यादि', न=नैव, 'सर्व एव' सत्त्वाः, 'एवंविधाः'-भाविभगवद्भावसत्त्वसमाः, कुत इत्याह-

'खडुड्कानां'=सम्यक् शिक्षाऽनर्हाणां 'व्यत्ययोपलब्धेः'=प्रकृतविपरीतगुणदर्शनाद्, व्यतिरेकमाह, 'अन्यथा'-प्रकृतगुणवैपरीत्याभावे, 'खडुड्काभावः'=खडुड्कानामुक्तलक्षणानामभावः, स्वलक्षणस्यैव अभावात् न च न सन्ति ते, सर्वेषामविगानात्।

अस्तु तीर्थकरत्वहेतुबोधिलाभे भगवतामन्यासमानता, इतरावस्थायां तु कथमित्याशङ्क्य प्रतिवस्तूपमया साधयितुमाह-

न=नैव, 'अशुद्धमपि'=मलग्रस्तमपि, 'जात्यरत्नं'=पद्मरागादि, 'समानं'=तुल्यम्, 'अजात्यरत्नेन'=काचादिना, शुद्धं सत् समानं न भवत्येवेति 'अपि'शब्दार्थः, 'न चेतरद्' इति, 'इतरद्'=अजात्यरत्नं, 'इतरेण'-जात्यरत्नेन, कुत इत्याह 'तथा'-अशुद्धावस्थायामसमानतायां सत्यां 'संस्कारयोगे'=शुद्ध्युपाय-क्षारमृत्पुटपाकसंयोगे, 'उत्तरकालमपि' किं पुनः पूर्वकालमिति 'अपे'रर्थः, 'तद्भेदोपपत्ते', तयोः=जात्याजात्य-रत्नयोः ('भेदोपपत्तेः-)' असादृश्यघटनात्, तद्भेदोपपत्तिमेव भावयति 'न हि काचः पद्मरागीभवति' संस्कार-योगेऽपीति गम्यते। हेतुमाह 'जात्यनुच्छेदेन'-काचादिस्वभावानुल्लङ्घनेन, 'गुणप्रकर्षभावात्'-गुणानां कान्त्यादीनां वृद्धिभावात्। इदमेव तन्त्रयुक्त्या साधयितुमाह 'इत्थं च'-इत्थमेवजात्यनुच्छेदेनैव, चकारस्याव-धारणार्थत्वात् 'एतत्'-गुणप्रकर्षभावलक्षणं वस्तु, कुत इत्याह 'एवम्'-अनेन जात्यनुच्छेदेन गुणप्रकर्षभाव-लक्षणप्रकारेण, 'प्रत्येकबुद्धादिवचनप्रामाण्यात्'-प्रत्येकबुद्धबुद्धबोधितस्वयंबुद्धादीनां पृथग्भिन्नस्वरूपाणां 'वचनानि'=निरूपका ध्वनयः, तेषां 'प्रामाण्यम्'-आप्तोपदिष्टत्वेनाभिधेयार्थाव्यभिचारि-भावः, तस्मात्। अस्यैव व्यतिरेकेण समर्थनार्थमाह 'तद्भेदानुपपत्तेः' इह 'अन्यथा' शब्दाध्यारोपाद् 'अन्यथा तद्भेदानुपपत्ते'रिति योज्यम्। तद्भेदानुपपत्तिमेव भावयति, 'न'=नैव, 'तुल्य-भाजनतायां'=तुल्ययोग्यतायां, 'तद्भेदः'=प्रत्येक-बुद्धादिभेदो, 'न्याय्यो'=युक्तिसंगतः, 'इति'।

एवं सत्त्वभेदसिद्धौ मुक्तावपि तद्भेदप्रसङ्ग इति पराशङ्कापरिहारायाह-

न च=नैव, 'अत एव'-इह सत्त्वभेदसिद्धेरेव हेतुतः, 'मुक्तावपि'=मोक्षेऽपि, न केवलमिह, 'विशेषो'-भेदः, तत्रापि सत्त्वमात्रभावात्। कुत इत्याह 'कृत्स्नकर्म्मक्षयकार्यत्वात्'-ज्ञानावरणादिनिखिलकर्म्मक्षयानन्तर-भावित्वान्मुक्तेः, एवमपि किम् इत्याह 'तस्य च'=कृत्स्नकर्म्मक्षयस्य, 'अविशिष्टत्वात्'=सर्वमुक्ता-नामेकादृशत्वात्। तदेवार्थान्तरदर्शनेन भावयति, 'दृष्टश्च'=उपलब्धश्च, 'दरिद्रेश्वरयोरपि'=पुरुषविशेषयोरपि, किं पुनरन्ययोरविशिष्टयोरिति 'अपि' शब्दार्थः, 'अविशिष्टः'=एकरूपो 'मृत्युः'=प्राणोपरमः, कुत इत्याह 'आयुःक्षयाविशेषात्'-'आयुःक्षयस्य'=प्राणोपरमकारणस्य, 'अविशेषाद्'=अभेदात्, कारणविशेषपूर्वकश्च कार्यविशेष इति। तर्हि तयोः प्रागप्यविशेषो भविष्यतीत्याह 'न च'-'एतावता'=मृत्योरविशेषेण, 'तयोः'=दरिद्रेश्वरयोः, 'प्रागपि'-मृत्युकालाद् 'अविशेषः' उक्तरूपः, कुत इत्याह 'तदन्यहेतुविशेषात्', तस्माद्-आयुःक्षयाद् अन्येये विभवसत्त्वासत्त्वादयो हेतवस्तैः, विशेषात्=विशिष्टीकरणात्। 'निदर्शनमात्रमेतदिति'-

क्षीणसर्वकर्म्मणां मुक्तानां क्षीणायुःकर्म्मांशविशेषाभ्यां दरिद्रेश्वराभ्यां न किञ्चित्साम्यं परमार्थतः, इति दृष्टान्तमात्रमिदम्। इति पुरुषोत्तमत्वसिद्धिः।।६।।

पंजिकार्थ :-

'पुरुषोत्तमेभ्य इति' 'अदृढानुशया इति' ..... पुरुषोत्तमत्वसिद्धिः।। पुरुषोत्तमेभ्य इति એ ललितविस्तरानું પ્રતીક છે, अदृढानुशया इति એ ललितविस्तरानું પ્રતીક છે, તેનો અર્થ કરે છે – अदृढ=અનિબિડ, અપકારીમાં પણ અનુશય=અપકારબુદ્ધિ છે જેઓને તે તેવા છે=अदृढ અનુશયવાળા છે.

न सर्वेत्यादि ललितविस्तरानું પ્રતીક છે, સર્વ જ જીવો આવા પ્રકારના=ભાવિમાં ભગવાનનો ભાવ છે જેમાં એવા જીવની સમાન સર્વ જ જીવો નથી જ, કયા કારણથી નથી ? એથી કહે છે=કયા કારણથી બધા જીવો આવા નથી એમાં હેતુ કહે છે – ખડુંકોને=સમ્યક્ શિક્ષાને અયોગ્ય જીવોને, વ્યત્યયની ઉપલબ્ધિ છે=પ્રકૃત ગુણોથી વિપરીત ગુણોનું દર્શન છે=પરાર્થ વ્યસની આદિ જે દશ ગુણો કહ્યા તેનાથી વિપરીત ગુણોનું દર્શન છે.

વ્યતિરેકને કહે છે=ક્ષુદ્ર જીવોને વ્યત્યયની ઉપલબ્ધિ કેમ છે તે વ્યતિરેકથી કહે છે – અન્યથા=પ્રકૃત ગુણના વૈપરીત્યના અભાવમાં=પરાર્થ વ્યસની આદિ દશ ગુણોથી વૈપરીત્યના અભાવમાં, ખડુંકનો અભાવ છે=ઉક્ત લક્ષણવાળા ખડુંકોનો અભાવ છે; કેમ કે સ્વલક્ષણનો જ અભાવ છે અને તે= પરાર્થ વ્યસની આદિ દશ ગુણો, નથી એમ નહિ=ભગવાનમાં નથી એમ નહિ; કેમ કે સર્વને અવિગાન છે=સંમત છે=ભગવાનમાં પરાર્થ વ્યસની આદિ દશ ગુણો બધાને સંમત છે.

તીર્થંકરત્વના હેતુ એવા બોધિલાભમાં ભગવાનની અન્ય અસમાનતા હો, પરંતુ ઈતર અવસ્થામાં= તીર્થંકરત્વનું કારણ એવા બોધિલાભની પૂર્વ અવસ્થામાં કેવી રીતે થાય ?=પરાર્થ વ્યસની આદિ દશ ગુણો થાય ? એ પ્રકારની આશંકા કરીને પ્રતિવસ્તુની ઉપમાથી=સદશ દૃષ્ટાંતથી, સાધવા માટે કહે છે – અશુદ્ધ પણ=મલગ્રસ્ત પણ, જાત્યરત્ન=પદ્મરાગાદિ, અજાત્યરત્નની સાથે=કાચ આદિની સાથે, તુલ્ય નથી જ, શુદ્ધ છતું જાત્યરત્ન સમાન થતું નથી જ એ अपि શબ્દનો અર્થ છે અને न चेतरद् इति એ ललितविस्तरानું પ્રતીક છે, ઈતરની સાથે=જાત્યરત્નની સાથે, ઈતર=અજાત્યરત્ન, સમાન નથી, કયા કારણથી ? એથી કહે છે=કયા કારણથી સમાન નથી ? એથી હેતુ કહે છે – તે પ્રકારે સંસ્કારના યોગમાં ઉત્તરકાલમાં પણ તેના ભેદની ઉપપત્તિ છે=અશુદ્ધ અવસ્થામાં અસમાનતા હોતે છતે શુદ્ધિનો ઉપાય ક્ષાર-માટીના પુટ અને પાકનો સંયોગ થયે છતે ઉત્તરકાલમાં પણ જાત્યરત્ન અને અજાત્યરત્ન બંનેના અસાદૃશ્યનું ઘટન છે, શું વળી, પૂર્વકાલમાં ? એ उत्तरकालमपिમાં રહેલા अपि શબ્દનો અર્થ છે, તેના ભેદની ઉપપત્તિને જ=જાત્યરત્ન અને અજાત્યરત્નના ભેદની સંગતિને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે – સંસ્કારના યોગમાં પણ કાચ પદ્મરાગ થતો નથી, ललितविस्तरामां संस्कारयोगेऽपि એ શબ્દ અધ્યાહાર છે એ બતાવવા માટે संस्कारयोगेऽपीति गम्यते એમ કહેલ છે, હેતુને કહે છે=સંસ્કારના યોગમાં પણ કાચ પદ્મરાગ કેમ થતો નથી તેમાં હેતુને કહે છે – જાતિના

અનુચ્છેદથી ગુણના પ્રકર્ષનો ભાવ છે=કાચાદિ સ્વભાવના અનુલંઘનથી કાંતિ આદિ ગુણોની વૃદ્ધિનો ભાવ છે.

આને જ=જાત્યરત્નના દૃષ્ટાંતને જ, તંત્રયુક્તિથી સાધવાને માટે કહે છે=શાસ્ત્રયુક્તિથી સ્પષ્ટ કરવા માટે કહે છે – આ રીતે જ આ છે=જાતિના અનુચ્છેદથી જ ગુણપ્રકર્ષના ભવનરૂપ વસ્તુ છે; કેમ કે इत्थं ચમાં રહેલા च શબ્દનું અવધારણપણું છે. કયા કારણથી=જાતિના અનુચ્છેદથી જ ગુણપ્રકર્ષના ભવનરૂપ વસ્તુ કયા કારણથી છે ? એમાં હેતુ કહે છે – આ રીતે પ્રત્યેકબુદ્ધાદિ વચનનું પ્રામાણ્ય છે=આ જાતિના અનુચ્છેદથી ગુણપ્રકર્ષના ભાવરૂપ પ્રકારથી પ્રત્યેકબુદ્ધ-બુદ્ધિબોધિત-સ્વયંબુદ્ધ આદિ પૃથગ્ ભિન્નરૂપવાળાઓના નિરૂપક ધ્વનિરૂપ વચનો તેઓનું પ્રામાણ્ય છે અર્થાત્ આપ્ત ઉપદિષ્ટપણાને કારણે અભિધેય અર્થનો અવ્યભિચારી ભાવ છે.

આને જ=પ્રત્યેકબુદ્ધાદિ વચનના પ્રામાણ્યથી જાતિના અનુચ્છેદથી ગુણપ્રકર્ષ થાય છે એને જ, વ્યતિરેકથી સમર્થન માટે કહે છે=સમર્થન માટે હેતુ કહે છે – તેના ભેદની અનુપપત્તિ છે, અહીં=તેના ભેદની અનુપપત્તિ છે એ સ્થાનમાં, अन्यथा શબ્દનો અધ્યારોપ હોવાથી અન્યથા તેના ભેદની અનુપપત્તિ છે તે પ્રમાણે યોજન કરવું=પ્રત્યેકબુદ્ધ આદિ ભેદો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તે જાતિના અનુચ્છેદથી ગુણપ્રકર્ષ ભાવરૂપ વસ્તુ ન સ્વીકારવામાં આવે તો સંગત થાય નહિ માટે જાતિના અનુચ્છેદથી જ ગુણપ્રકર્ષ થાય છે એમ સ્વીકારવું જોઈએ, તેના ભેદની અનુપપત્તિને જ=પ્રત્યેકબુદ્ધ આદિના ભેદની અનુપપત્તિને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે – તુલ્ય ભાજનતામાં=મોક્ષમાં જનારા બધા જીવોની તુલ્ય યોગ્યતામાં, પ્રત્યેકબુદ્ધાદિનો ભેદ ન્યાય્ય નથી જ=યુક્તિસંગત નથી જ.

આ રીતે=પૂર્વમાં દૃષ્ટાંત દ્વારા તીર્થંકર અને પ્રત્યેકબુદ્ધાદિનો ભેદ બતાવ્યો એ રીતે, સત્ત્વભેદ સિદ્ધ થયે છતે=તીર્થંકર-પ્રત્યેકબુદ્ધ આદિ જીવોનો પરસ્પર વૈલક્ષણ્યનો ભેદ સિદ્ધ થયે છતે, મુક્તિમાં પણ તેના ભેદનો પ્રસંગ છે=મોક્ષમાં ગયેલા જીવોમાં પરસ્પર વૈલક્ષણ્યરૂપ ભેદનો પ્રસંગ છે, એ પ્રકારની પરની આશંકાના પરિહાર માટે કહે છે –

આથી જ=અહીં સત્ત્વભેદની સિદ્ધિરૂપ જ હેતુથી=ચરમભવમાં પ્રત્યેકબુદ્ધ આદિરૂપ જીવના ભેદની સિદ્ધિરૂપ જ હેતુથી, મુક્તિમાં પણ વિશેષ=ભેદ, છે; કેમ કે ત્યાં પણ=મોક્ષમાં પણ, જીવમાત્રનો ભાવ છે, એમ નથી જ કેવલ અહીં નહિ, મોક્ષમાં પણ વિશેષ છે એ પ્રકારે अपि શબ્દનો અર્થ છે, કયા કારણથી=અહીં પ્રત્યેક બુદ્ધાદિરૂપ ભેદ હોવા છતાં મુક્ત અવસ્થામાં કયા કારણથી ભેદ નથી ? એથી હેતુ કહે છે – કૃત્સ્ન કર્મક્ષયનું કાર્યપણું છે=મુક્તિનું જ્ઞાનાવરણ આદિ સંપૂર્ણ કર્મક્ષયના અનંતર ભાવિપણું છે, આ રીતે પણ શું ?=મુક્તિ સર્વ કર્મના ક્ષયનું કાર્ય છે એ રીતે પણ શું છે જેના કારણે મુક્ત અવસ્થામાં પ્રત્યેકબુદ્ધ આદિ જીવોનો પરસ્પર વિલક્ષણતારૂપ ભેદ નથી એથી હેતુ કહે છે – અને તેનું=કૃત્સ્ન કર્મક્ષયનું, અવિશિષ્ટપણું છે=સર્વ મુક્ત જીવોનું એકસરખાપણું છે, તેને જ=સર્વ મુક્ત જીવોને સંપૂર્ણ કર્મક્ષયમાં એકસરખાપણું છે તેને જ, અર્થાંતરના દર્શનથી ભાવન કરે છે=સ્પષ્ટ

કરે છે – દરિદ્ર અને ધનાઢ્ય એવા પુરુષવિશેષમાં પણ મૃત્યુ=પ્રાણનો નાશ, અવિશિષ્ટ=એકરૂપવાળો, જોવાયો છે=ઉપલબ્ધ છે, શું ? વળી, અન્ય એવા અવિશિષ્ટનું પણ=બે દરિદ્રનું કે બે શ્રીમંતનું પણ, અવિશિષ્ટ છે એ અપિ શબ્દનો અર્થ છે, કયા કારણથી દરિદ્ર અને ધનાઢ્યનું મૃત્યુ સમાન છે ? એથી હેતુ કહે છે – આયુષ્ય ક્ષયનો અવિશેષ છે=પ્રાણના ઉપરમનું કારણ એવા આયુષ્ય ક્ષયનો અભેદ છે, અને કારણવિશેષપૂર્વક કાર્યવિશેષ છે.

(તેથી આયુષ્ય ક્ષયરૂપ કારણમાં ભેદ ન હોય તો મૃત્યુરૂપ કાર્યમાં ભેદ થાય નહિ, તેમ સર્વ કર્મક્ષયરૂપ કારણમાં ભેદ ન હોય તો સિદ્ધના જીવોમાં પરસ્પર વૈલક્ષણ્યરૂપ ભેદ પ્રાપ્ત થાય નહિ.)

તો તે બંનેનો=દરિદ્ર અને શ્રીમંતનો, પૂર્વમાં પણ=મૃત્યુથી પૂર્વમાં પણ, અવિશેષ થશે, એથી કહે છે – અને આટલાથી=મૃત્યુમાં અવિશેષ છે એટલાથી, તે બેનો=દરિદ્ર અને શ્રીમંતનો, મૃત્યુકાલથી પૂર્વમાં પણ ઉક્તરૂપવાળો અવિશેષ નથી, કયા કારણથી ? એથી કહે છે=કયા કારણથી મૃત્યુ પૂર્વે દરિદ્ર અને શ્રીમંતમાં અવિશેષનો અભાવ છે? તેમાં હેતુ કહે છે – તેના અન્ય હેતુનો વિશેષ છે=તે આયુષ્ય ક્ષયથી અન્ય જે વિભવ સત્ત્વ અસત્ત્વ આદિ હેતુઓ છે તેનાથી વિશેષ છે અર્થાત્ વિશિષ્ટીકરણ છે, આ દૃષ્ટાંતમાત્ર છે=ક્ષીણ સર્વ કર્મવાળા મુક્તોનું ક્ષીણ આયુષ્ય કર્માંશ વિશેષવાળા દરિદ્ર અને ઈશ્વરની સાથે પરમાર્થથી કંઈ સામ્ય નથી એથી આ દૃષ્ટાંતમાત્ર છે, એથી પુરુષોત્તમત્વની સિદ્ધિ છે=પ્રત્યેક બુદ્ધાદિ કરતાં તીર્થંકરના આત્મામાં પરાર્થ વ્યસની આદિ વિશિષ્ટ ગુણો હોવાથી તીર્થંકરના પુરુષોત્તમત્વની સિદ્ધિ છે. ॥૬॥

ભાવાર્થ :-

'પુરુષોત્તમ'માં રહેલ 'પુરુષ' શબ્દની ગ્રંથકારશ્રી વ્યુત્પત્તિ બતાવે છે –

જે દેહમાં શયન કરે તેને પુરુષ કહેવાય. તેથી એ પ્રાપ્ત થાય કે સંસારવર્તી જીવો દેહમાં રહેનારા છે, માટે પુરુષ છે, અને સિદ્ધના જીવો દેહમાં રહેનારા નથી માટે પુરુષ નથી, અને તેવા પુરુષોમાં ભગવાન ઉત્તમ છે; કેમ કે સહજ એવા તથાભવ્યત્વાદિ ભાવને કારણે ભગવાન અન્ય જીવો કરતાં પ્રધાન છે, તેથી પુરુષોત્તમ છે.

અહીં તથાભવ્યત્વાદિને 'સહજ' વિશેષણ આપવાનું તાત્પર્ય એ છે કે, તથાભવ્યત્વ એ જીવનો કર્મકૃત ભાવ નથી, પરંતુ જીવમાં જેમ અનાદિકાળથી સહજ એવો જીવત્વરૂપ પારિણામિક ભાવ વર્તે છે, તેમ તે તે જીવમાં સહજ એવો તથાભવ્યત્વરૂપ પણ પારિણામિક ભાવ વર્તે છે, અને તથાભવ્યત્વ એટલે તે પ્રકારનું યોગ્યત્વ અને તે પ્રકારનું યોગ્યત્વ એટલે જીવ જે જે પ્રકારે યોગમાર્ગને પ્રાપ્ત કરીને જે જે પ્રકારે મોક્ષ પ્રાપ્ત કરે છે તે તે પ્રકારનું તે જીવમાં યોગ્યત્વ વર્તે છે. અને તીર્થંકરોના આત્માનું તથાભવ્યત્વ મોક્ષે જનારા અન્ય જીવો કરતાં જુદા પ્રકારનું હોય છે, તેથી જ તીર્થંકરના જીવો તીર્થંકર થઈને મોક્ષે જાય છે, જ્યારે અન્ય જીવો તીર્થંકર થયા વગર મોક્ષે જાય છે. આથી તીર્થંકરો તથાભવ્યત્વને કારણે અન્ય જીવો કરતાં પ્રધાન છે. વળી, "तथाभव्यत्वादि"માં રહેલ 'આદિ' પદથી એ પ્રાપ્ત થાય કે તીર્થંકરના જીવોનું તથાભવ્યત્વ

જ્યારે પરિપાક અવસ્થાને પામે છે ત્યારે તીર્થંકરના જીવો યોગમાર્ગમાં જે પ્રયત્ન કરે છે તે પ્રયત્ન અન્ય જીવોના યોગમાર્ગમાં કરાતા પ્રયત્ન કરતાં વિશેષ પ્રકારનો હોય છે, તેમજ તીર્થંકરો યોગમાર્ગની પ્રાપ્તિ વખતે વરબોધિને પ્રાપ્ત કરે છે, જ્યારે અન્ય જીવો યોગમાર્ગની પ્રાપ્તિ વખતે બોધિને પ્રાપ્ત કરે છે. આ સર્વ ભાવોને કારણે મોક્ષે જનારા સર્વ જીવો કરતાં તીર્થંકરોના જીવો પ્રધાન છે, માટે ભગવાન પુરુષોત્તમ છે.

વળી, તે તથાભવ્યત્વાદિને કારણે તીર્થંકરના જીવો જ્યારે યોગમાર્ગ પ્રાપ્ત કરે છે ત્યારે તેઓમાં પરાર્થવ્યસનતા આદિ વિશેષ પ્રકારના ગુણો પ્રગટે છે, જે ગુણો તેઓમાં યોગમાર્ગની પ્રાપ્તિ પૂર્વે વિદ્યમાન હતા, તે બોધિલાભકાળમાં પ્રગટ થાય છે, અને તે જ સ્પષ્ટ કરવા ગ્રંથકારશ્રી કહે છે કે તીર્થંકરના જીવોમાં આકાલ આ ગુણો રહેલા છે, અર્થાત્ પરાર્થવ્યસનતા આદિ ગુણો બોધિલાભકાળમાં અભિવ્યક્ત થાય છે, પરંતુ સહજ એવા તથાભવ્યત્વ આદિને કારણે શક્તિરૂપે અનાદિકાળથી તીર્થંકરના આત્મામાં વિદ્યમાન હોય છે, આથી જ તે સર્વ ગુણો ભગવાનમાં સર્વ કાળ રહેલા છે એમ ગ્રંથકારશ્રીએ કહેલ છે. તે પરાર્થ-વ્યસનતા આદિ દસ ગુણો આ પ્રમાણે છે :

(૧) તીર્થંકરના જીવો પરાર્થવ્યસનવાળા હોય છે. આશય એ છે કે તીર્થંકરોના આત્મા સંસારના યથાર્થ સ્વરૂપને જાણીને સંસારથી વિરક્ત થાય છે અને કોઈક તીર્થંકરના તીર્થને પ્રાપ્ત કરીને બોધિને પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓમાં અધ્યવસાય પ્રગટે છે કે "આ વિષમ સંસારથી નિસ્તાર પામવાનો શ્રુતધર્મરૂપ ઉત્તમ માર્ગ વિદ્યમાન છે, છતાં જીવોને તે પ્રાપ્ત નહીં થયો હોવાથી જીવો સંસારમાં અનેક પ્રકારની વિડંબણા પામે છે. તેથી હું સંસારવર્તી સર્વ જીવોને આ ઉત્તમ એવો યોગમાર્ગ બતાવું, જેથી સર્વ જીવો હિત પ્રાપ્ત કરે." આ પ્રકારના ઉત્તમ અધ્યવસાયને નિષ્પન્ન કરે તેવો તીર્થંકરોના આત્માનો સ્વભાવ હોય છે, તેથી તેઓ અન્ય જીવોનો ઉપકાર કરવાના વ્યસનવાળા છે.

(૨) તીર્થંકરના જીવો ઉપસર્જનીકૃતસ્વાર્થવાળા હોય છે. આશય એ છે કે તીર્થંકરોના આત્મા યોગમાર્ગને પ્રાપ્ત કર્યા પછી સ્વયં યોગમાર્ગમાં દૃઢ યત્ન કરનારા હોવા છતાં પોતાના સ્વાર્થને ગૌણ કરીને પરાર્થ કરનારા હોય છે અર્થાત્ અન્ય જીવોના હિતની પ્રવૃત્તિ કરનારા હોય છે.

(૩) તીર્થંકરના જીવો ઉચિત ક્રિયાવાળા હોય છે. આશય એ છે કે તીર્થંકરોના આત્મા ચરમભવમાં ગર્ભાવતરણથી માંડીને અત્યંત ઉચિત ક્રિયા કરનારા હોય છે.

(૪) તીર્થંકરના જીવો અદીનભાવવાળા હોય છે અર્થાત્ તીર્થંકરોના આત્મા ચરમભવમાં અદીનભાવથી ઉપસર્ગો અને પરિષહોને સહન કરનારા હોય છે.

(૫) તીર્થંકરના જીવો સફળ આરંભવાળા હોય છે. આશય એ છે કે તીર્થંકરોના આત્મા યોગમાર્ગ પામ્યા પછી પોતાને ઉચિત ભૂમિકાનો નિર્ણય કરીને તે ભૂમિકા અનુસાર ઉચિત જ પ્રવૃત્તિ કરનારા હોય છે, જેથી તેઓ જે કાંઈ યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે તે સર્વ તેઓની ગુણવૃદ્ધિનું કારણ બને છે, આથી તેઓની સેવાયેલી યોગમાર્ગની પ્રવૃત્તિ ફળસાધક બને છે.

(૬) તીર્થંકરના જીવો અદૃઢ અનુશયવાળા હોય છે. આશય એ છે કે તીર્થંકરોના આત્માને ક્યારેક કોઈક

અપકારી પ્રત્યે અપકારની બુદ્ધિ થાય તોપણ, જેમ અન્ય જીવો પોતાના અપકારી પ્રત્યે દૃઢ અપકારની બુદ્ધિ કરે છે, તેમ તેઓ દૃઢ અપકારની બુદ્ધિ કરતા નથી.

(૭) તીર્થંકરના જીવો કૃતજ્ઞતાના સ્વામી હોય છે. આશય એ છે કે તીર્થંકરોના આત્મા કોઈએ પણ પોતાના પર ઉપકાર કર્યો હોય તો ક્યારેય ભૂલે નહીં તેવી વિશિષ્ટ પ્રકૃતિવાળા હોય છે, તેથી તેઓ કૃતજ્ઞતા ગુણના સ્વામી છે.

(૮) તીર્થંકરના જીવો અનુપહતચિત્તવાળા હોય છે. આશય એ છે કે યોગમાર્ગને પ્રાપ્ત કર્યા પછી તીર્થંકરોના આત્માનું ચિત્ત યોગમાર્ગની પ્રવૃત્તિ કરવામાં ક્યારેય હણાતું નથી, પરંતુ તેઓ શક્તિ અનુસાર ઉત્સાહપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે.

(૯) તીર્થંકરના જીવો દેવ-ગુરુ પ્રત્યે બહુમાનવાળા હોય છે. આશય એ છે કે તીર્થંકરોના આત્મા પોતે જે તીર્થમાં યોગમાર્ગ પામ્યા હોય, તે તીર્થને પ્રરૂપનારા તીર્થંકર પ્રત્યે અને પોતાને માર્ગ બતાવનારા ગુરુ પ્રત્યે અત્યંત બહુમાનવાળા હોય છે, તેથી તેઓ હંમેશાં દેવ-ગુરુનું સ્મરણ કરીને ઉચિત હિત સાધનારા બને છે.

(૧૦) તીર્થંકરના જીવો ગંભીર આશયવાળા હોય છે. આશય એ છે કે તીર્થંકરોના આત્મા ગંભીર આશયવાળા હોવાથી યોગમાર્ગને પામીને, યોગમાર્ગનાં રહસ્યોને યથાર્થ જાણીને સ્વ-પરનું કલ્યાણ કરી શકે તેવી ઉત્તમ પ્રકૃતિવાળા હોય છે.

આ રીતે આવા પ્રકારના દસ ગુણો તીર્થંકરના જીવોમાં પ્રાયઃ ચરમભવની નજીકના ભવોમાં વ્યક્તરૂપે પ્રગટ થાય છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

સર્વ જ જીવો આવા પ્રકારના હોતા નથી; કેમ કે તીર્થંકરના જીવોથી અન્ય જીવોમાં વ્યત્યયની પ્રાપ્તિ છે, અને જો સર્વ જીવોમાં આવા દસ ગુણોથી વિપરીત ગુણોની પ્રાપ્તિ ન હોય તો ખડુંકોનો અભાવ પ્રાપ્ત થાય.

આશય એ છે કે તીર્થંકરના આત્મા તથાભવ્યત્વના પરિપાકથી યોગમાર્ગને પામે છે ત્યારે તેઓમાં ઉપર બતાવ્યા એવા પરાર્થવ્યસનતા આદિ ગુણો અભિવ્યક્ત થાય છે, અને ચરમભવમાં તે તે ગુણો તીર્થંકરના આત્મામાં અત્યંત અતિશયવાળા હોય છે; જ્યારે અન્ય જીવો તથાભવ્યતાના પરિપાકથી યોગમાર્ગને પામે છે ત્યારે તેઓમાં ઉપર બતાવ્યા એવા પરાર્થવ્યસનતા આદિ ગુણો હોતા નથી, પરંતુ તે ગુણોથી વિપરીત ગુણો દેખાય છે, આથી જ ચરમશરીરી એવા અર્જુનમાળી આદિ જીવો ચરમભવમાં પણ પાપની પ્રવૃત્તિ કરનારા હતા; જ્યારે તીર્થંકરો તો ચરમભવમાં અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. વળી, જો તીર્થંકરના જીવોની જેમ સર્વ જીવોમાં તે પ્રકારના ગુણોની યોગ્યતા હોય તો, યોગમાર્ગને પામ્યા પછી અને વિશેષથી ચરમભવમાં સર્વ જીવોને પણ તીર્થંકરના જીવો જેવી ઉત્તમ પ્રકૃતિ પ્રાપ્ત થવી જોઈએ; પરંતુ સર્વ જીવોમાં યોગમાર્ગ પામ્યા પછી પણ અને ચરમભવમાં પણ તીર્થંકરના જીવોથી વિપરીત પ્રકૃતિ દેખાય છે. તેથી નક્કી થાય છે કે આવા દસ ગુણો તીર્થંકરના જીવોમાં જ હોય છે, અન્ય જીવોમાં હોતા નથી.

વળી, આ જ કથનને ગ્રંથકારશ્રી દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ જાત્યરત્ન અને અજાત્યરત્ન અશુદ્ધ અવસ્થામાં રહેલ હોય તે વખતે પણ બંનેનું મૂળ સ્વરૂપ સમાન હોતું નથી, તેમ જાત્યરત્ન જેવા તીર્થંકરના જીવો અને અજાત્યરત્ન જેવા અન્ય જીવો કર્મયુક્ત અવસ્થામાં પણ સમાન હોતા નથી, પરંતુ બંને પ્રકારના જીવોનાં તથાભવ્યત્વાદિ પૂર્વ અવસ્થામાં પણ અસમાન જ હોય છે. વળી, જો જાત્યરત્ન અને અજાત્યરત્ન અશુદ્ધ અવસ્થામાં પણ સમાન હોય, તો તે બંનેની શુદ્ધિની પ્રક્રિયા દ્વારા સંસ્કાર કર્યા પછી પણ જાત્યરત્ન અને અજાત્યરત્નનો ભેદ પ્રાપ્ત થાય નહીં.

તેથી ફલિત થાય કે જેમ શુદ્ધિની પ્રક્રિયા પછી શુદ્ધ થયેલા જાત્યરત્ન અને અજાત્યરત્નમાં ભેદ દેખાય છે, તેમ બોધિ આદિની પ્રાપ્તિ પછી તીર્થંકરના જીવો અને અન્ય જીવોમાં ભેદ દેખાય છે; અને જેમ શુદ્ધિની પ્રક્રિયા પૂર્વે જાત્યરત્ન અને અજાત્યરત્ન સંપૂર્ણ મલથી આવૃત્ત હોવાથી બાહ્યથી સમાન દેખાય છે, તોપણ બંનેમાં તે પ્રકારની યોગ્યતાના ભેદથી ભેદ છે, તેમ બોધિ આદિની પ્રાપ્તિ પૂર્વે કે અચરમાવર્તકાળમાં તીર્થંકરના જીવો અને અન્ય જીવો અતિશય કર્મમલથી આવૃત્ત હોવાથી બાહ્યથી સમાન દેખાય છે, તોપણ બંને પ્રકારના જીવોમાં તથાભવ્યત્વાદિના ભેદથી ભેદ છે.

વળી, આ જ કથનને ગ્રંથકારશ્રી દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

કાચ ક્યારેય પદ્મરાગમણિ બનતો નથી; કેમ કે જાતિના અનુચ્છેદથી જ ગુણનો પ્રકર્ષ થાય છે.

આશય એ છે કે કાચ મલિન હોય અને તેને શુદ્ધ કરવામાં આવે તોપણ તે કાચ શુદ્ધ થયા પછી પદ્મરાગમણિ જેવા ગુણોવાળો બની જતો નથી, પરંતુ કાચના ગુણના પ્રકર્ષથી જ કાચરૂપે પ્રગટ થાય છે; વળી, પદ્મરાગમણિ મલિન હોય અને તેને શુદ્ધ કરવામાં આવે તોપણ તે પદ્મરાગમણિ શુદ્ધ થયા પછી કાચ જેવા ગુણોવાળો બની જતો નથી, પરંતુ પદ્મરાગમણિના ગુણના પ્રકર્ષથી જ પદ્મરાગમણિરૂપે પ્રગટ થાય છે, તે જ રીતે કાચ જેવા અન્ય જીવો કર્મમલથી શુદ્ધિ પામે તોપણ તેઓ પોતાની ભૂમિકા અનુસાર જ સામાન્ય ગુણોના ઉત્કર્ષને પ્રાપ્ત કરે છે, પરંતુ તીર્થંકરના જીવો જેવા ઉત્તમ ગુણોના ઉત્કર્ષને પ્રાપ્ત કરતા નથી; અને પદ્મરાગમણિ જેવા તીર્થંકરના જીવો કર્મમલથી શુદ્ધિ પામે તોપણ તેઓ પોતાની ભૂમિકા અનુસાર જ ઉત્તમ ગુણોના ઉત્કર્ષને પ્રાપ્ત કરે છે, પરંતુ અન્ય જીવો જેવા સામાન્ય ગુણોના ઉત્કર્ષને પ્રાપ્ત કરતા નથી.

આ રીતે જ આ છે અર્થાત્ જે રીતે કાચ ક્યારેય પદ્મરાગ બનતો નથી; કેમ કે કાચ અને પદ્મરાગમાં શુદ્ધિની પ્રક્રિયા થયા પછી પણ કાચ પોતાની કાચત્વ જાતિના ઉચ્છેદ વગર કાચના ગુણના પ્રકર્ષવાળો બને છે અને પદ્મરાગ પોતાની પદ્મરાગત્વ જાતિના ઉચ્છેદ વગર પદ્મરાગમણિના ગુણના પ્રકર્ષવાળો બને છે, એ રીતે જ તીર્થંકર-અતીર્થંકરના જીવોને આશ્રયીને છે; કેમ કે એ રીતે સ્વીકારીએ તો જ પ્રત્યેકબુદ્ધાદિના વચનનું પ્રામાણ્ય સિદ્ધ થઈ શકે અર્થાત્ શાસ્ત્રમાં જે વચન છે કે કેટલાક જીવો ચરમભવમાં પ્રત્યેકબુદ્ધ થઈને સિદ્ધ થાય છે, તો કેટલાક જીવો ચરમભવમાં બુદ્ધબોધિત થઈને સિદ્ધ થાય છે, તો કેટલાક જીવો ચરમભવમાં સ્વયંસંબુદ્ધ થઈને સિદ્ધ થાય છે, તે વચન જાતિના અનુચ્છેદથી ગુણનો પ્રકર્ષ સ્વીકારવામાં આવે તો પ્રમાણ બને. તેથી ફલિત થાય કે પ્રત્યેકબુદ્ધાદિ થઈને મોક્ષે જનારા જીવોમાં તે પ્રકારનું જ ભવ્યત્વ

હતું, જેથી તેઓ પોતાના તથાભવ્યત્વને અનુરૂપ પ્રત્યેકબુદ્ધાદિના ભેદથી ચરમભવને પ્રાપ્ત કર્યો અને જો જાતિના અનુચ્છેદથી જ વસ્તુ પોતાના ગુણના પ્રકર્ષને પ્રાપ્ત કરે છે એમ ન સ્વીકારીએ અને વસ્તુ પ્રયત્નને આધીન પોતાના ગુણના પ્રકર્ષને પ્રાપ્ત કરે છે એમ સ્વીકારીએ, તો પ્રત્યેકબુદ્ધાદિના ભેદથી જીવોને પ્રાપ્ત થતો મોક્ષ ઘટે નહીં.

વળી, આ જ કથનને યુક્તિથી સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે દરેક જીવ તુલ્ય યોગ્યતાવાળા છે એમ સ્વીકારીએ તો મોક્ષે જનારા જીવોમાં ચરમભવમાં જે પ્રત્યેકબુદ્ધાદિ ભેદો પડે છે તે ઘટે નહીં; કેમ કે જેમ કાચ શુદ્ધિની પ્રક્રિયાથી શુદ્ધ થાય તોપણ કાચ જ પ્રાપ્ત થાય છે, પરંતુ પદ્મરાગમણિરૂપે અભિવ્યક્ત થતો નથી; અને પદ્મરાગમણિ શુદ્ધિની પ્રક્રિયાથી શુદ્ધ થાય તોપણ પદ્મરાગમણિ જ પ્રાપ્ત થાય છે, પરંતુ કાચરૂપે અભિવ્યક્ત થતો નથી, તેમ ભવ્યજીવો યોગમાર્ગને સેવવારૂપ શોધનની પ્રક્રિયાથી કર્મમલથી શુદ્ધ થાય તોપણ જે ભવ્યજીવો પ્રત્યેકબુદ્ધરૂપ જાતિવાળા છે તેઓ પ્રત્યેકબુદ્ધરૂપે જ ગુણનો પ્રકર્ષ પામીને મોક્ષે જાય છે, જે ભવ્યજીવો બુદ્ધબોધિતરૂપ જાતિવાળા છે તેઓ બુદ્ધબોધિતરૂપે જ ગુણનો પ્રકર્ષ પામીને મોક્ષે જાય છે, અને જે ભવ્યજીવો સ્વયંસંબુદ્ધરૂપ જાતિવાળા છે તેઓ સ્વયંસંબુદ્ધરૂપે જ ગુણનો પ્રકર્ષ પામીને મોક્ષે જાય છે, આથી નક્કી થાય કે તે પ્રકારની જાતિના ભેદને કારણે જ મોક્ષે જનારા જીવોમાં તે પ્રકારના પ્રત્યેકબુદ્ધાદિરૂપ ભેદો પ્રાપ્ત થાય છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ કાચ અને પદ્મરાગના દૃષ્ટાંતથી સ્થાપન કર્યું કે શુદ્ધિની પ્રક્રિયા પછી પણ વસ્તુ પોતાની જાતિને અનુરૂપ જ ગુણનો પ્રકર્ષ પ્રાપ્ત કરે છે, તેથી પ્રશ્ન થાય કે જેમ પૂર્ણ શુદ્ધ થયા પછી પણ જાતિના ભેદથી કાચમાં અને પદ્મરાગમણિમાં પરસ્પર ભેદ પ્રાપ્ત થાય છે તેમ પૂર્ણ શુદ્ધ થઈને મોક્ષમાં ગયેલા જીવોમાં પણ જાતિના ભેદથી પરસ્પર ભેદ પ્રાપ્ત થશે અર્થાત્ તીર્થંકરના જીવો પદ્મરાગતુલ્ય છે અને અતીર્થંકરના જીવો કાચતુલ્ય છે, તેથી સર્વ કર્મ રહિત એવી સિદ્ધ અવસ્થામાં પણ તીર્થંકરના જીવો અતીર્થંકરના જીવોથી જુદા પ્રાપ્ત થશે, તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

તથાભવ્યત્વાદિને કારણે સંસારઅવસ્થામાં તીર્થંકરના અને અતીર્થંકરના જીવો વચ્ચે ભેદ છે, આથી જ સિદ્ધ અવસ્થામાં પણ તીર્થંકરના અને અતીર્થંકરના જીવો વચ્ચે ભેદ છે, એમ ન કહેવું; કેમ કે સિદ્ધ અવસ્થા એ સર્વ કર્મના ક્ષયનું કાર્ય છે, અને સિદ્ધ અવસ્થા જીવો સર્વ કર્મના ક્ષયથી જ પ્રાપ્ત કરે છે, તેથી મોક્ષમાં તેવો કોઈ ભેદ નથી.

આશય એ છે કે ગ્રંથકારશ્રીએ જે કાચ અને પદ્મરાગમણિનું દૃષ્ટાંત બતાવ્યું તે ચરમભવમાં રહેલ તીર્થંકરના અને અતીર્થંકરના જીવો વચ્ચે ભેદ બતાવવા માટે જ સમર્થ છે, પરંતુ મોક્ષમાં રહેલ પણ તે સર્વ જીવો વચ્ચે ભેદ બતાવવા માટે સમર્થ નથી; કેમ કે સંસારવર્તી સર્વ જીવો કર્મવાળા છે, અને તે કર્મવાળી અવસ્થામાં પણ કેટલાક જીવોમાં અમુક પ્રકારના વિશિષ્ટ ગુણો હોય છે, જે ગુણોને કારણે તે જીવો ચરમભવમાં અન્ય ઘણા જીવો પર ઉપકાર કરે છે, જ્યારે તે તીર્થંકરના જીવોથી અન્ય જીવોમાં તેવા પ્રકારના વિશિષ્ટ ગુણો હોતા નથી, જેથી તે જીવોને ચરમભવમાં તેવી વિશેષતા પ્રાપ્ત થતી નથી, તેથી સંસારાવસ્થામાં દરેક જીવની તે પ્રકારની ભવ્યતામાં ભેદ છે; જેના કારણે અન્ય અન્ય પ્રકારનો ચરમભવ

પ્રાપ્ત થાય છે જ્યારે સિદ્ધાવસ્થામાં તે પ્રકારનો ભેદ નથી; કેમ કે સિદ્ધાવસ્થા સર્વ કર્મોથી રહિત એવી આત્માની શુદ્ધ અવસ્થા છે, તેથી ત્યાં રહેલા સર્વ જીવો કેવલ આત્માસ્વરૂપ છે, પરંતુ કર્મયુક્ત આત્માસ્વરૂપ નથી, અને કેવલ આત્માના સ્વરૂપમાં કોઈ ભેદ નથી.

વળી, આ કથનમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે કે મોક્ષ એ સંપૂર્ણ કર્મક્ષયનું કાર્ય છે, અને તે કાર્ય સર્વ જીવોમાં અવિશિષ્ટ છે અર્થાત્ મોક્ષે ગયેલા સર્વ જીવોમાં સમાન છે; કેમ કે મોક્ષમાં સર્વ જીવો સંપૂર્ણ કર્મનો નાશ કરીને જ જાય છે, પરંતુ સંપૂર્ણ કર્મનો નાશ કર્યા વગર કોઈ જીવ મોક્ષે જતો નથી.

આ કથનને ગ્રંથકારશ્રી દૃષ્ટાંત દ્વારા દૃઢ કરતાં કહે છે કે દરિદ્ર અને ધનવાન એ બંનેનું મૃત્યુ અવિશિષ્ટ જ દેખાય છે; કેમ કે બંનેના આયુષ્યક્ષયનો અવિશેષ છે. આશય એ છે કે તીર્થંકરના જીવો ચરમભવમાં પુણ્યના પ્રકર્ષવાળા હોવાથી ધનવાન જેવા છે અને અતીર્થંકરના જીવો ચરમભવમાં તે પ્રકારના પુણ્યના પ્રકર્ષ વગરના હોવાથી દરિદ્ર જેવા છે, આમ છતાં જેમ દરિદ્ર અને ધનવાન બંનેનું આયુષ્યના ક્ષયથી મૃત્યુ સમાન જ થાય છે, તેમ તીર્થંકરના જીવો અને અતીર્થંકરના જીવો બંનેનો સર્વ કર્મના ક્ષયથી મોક્ષ સમાન જ થાય છે. વળી, સમાન આયુષ્યક્ષયથી દરિદ્ર અને ધનવાનનું મૃત્યુ સમાન થાય છે, એટલા માત્રથી મૃત્યુની પૂર્વે પણ દરિદ્ર અને ધનવાનમાં ભેદ નથી એમ નહીં અર્થાત્ મૃત્યુ પૂર્વે બંનેમાં ભેદ છે; કેમ કે પૂર્વે દરિદ્રપુરુષની પાપપ્રકૃતિ વિદ્યમાન હતી અને ધનવાન પુરુષની પુણ્યપ્રકૃતિ વિદ્યમાન હતી, તેથી મૃત્યુ પૂર્વે બંને પુરુષ વચ્ચે પરસ્પર ભેદ છે, તે રીતે સમાન કર્મક્ષયથી તીર્થંકર અને અતીર્થંકરના જીવોનો મોક્ષ સમાન થાય છે, એટલા માત્રથી મોક્ષપ્રાપ્તિ પૂર્વે પણ તીર્થંકરના અને અતીર્થંકરના જીવોમાં ભેદ નથી એમ નહીં અર્થાત્ મોક્ષપ્રાપ્તિ પૂર્વે બંનેમાં ભેદ છે; કેમ કે તીર્થંકરના જીવો ચરમભવમાં પુણ્યના પ્રકર્ષવાળા હોય છે, જ્યારે અતીર્થંકરના જીવો ચરમભવમાં તેવા પુણ્યના પ્રકર્ષવાળા હોતા નથી, માટે કર્મક્ષયથી અન્ય એવા પુણ્યના પ્રકર્ષ અને અપ્રકર્ષરૂપ હેતુનો ભેદ છે, તેથી મોક્ષપ્રાપ્તિ પૂર્વે તીર્થંકર અને અતીર્થંકર એ બંને પ્રકારના જીવો વચ્ચે પરસ્પર ભેદ છે. આમ છતાં જેમ આયુષ્યના ક્ષયથી થનારા બંનેના મૃત્યુમાં કોઈ ભેદ નથી, તેમ સર્વ કર્મના ક્ષયથી થનારા બંને પ્રકારના જીવોના મોક્ષમાં કોઈ ભેદ નથી.

અહીં દરિદ્ર અને ધનવાનના મૃત્યુની સમાનતાના દૃષ્ટાંતથી તીર્થંકર અને અતીર્થંકરના જીવોની મુક્તિની સમાનતા સ્થાપન કરી, એ દૃષ્ટાંતમાત્ર છે, વસ્તુતઃ મૃત્યુની સમાનતાથી દરિદ્ર-ધનવાનની સમાનતા પ્રાપ્ત થતી હોય એટલા માત્રથી મુક્તિમાં ગયેલા સર્વ જીવોની સમાનતા જ છે તેવી નિયત વ્યાપ્તિ બાંધી શકાય નહીં. પરંતુ સર્વ કર્મ રહિત સિદ્ધાવસ્થા સર્વ જીવોની સમાન છે તેવું કેવલી સાક્ષાત્ જોનારા છે અને તે કેવલીના વચનથી પ્રમાણસિદ્ધ છે તેને સમજાવવા માટે દરિદ્ર-ધનવાનના મૃત્યુનું દૃષ્ટાંત આપેલ છે જેથી દૃષ્ટાંતના બળથી પદાર્થનો કંઈક બોધ થાય. ॥૬॥

अवतरणिका :-

एतेऽपि बाह्यार्थसंवादिसत्यवादिभिः साङ्कृत्यैरुपमावैतथ्येन निरुपमस्तवार्हा एवेष्यन्ते, 'हीनाधिकाभ्यामुपमामृषे'ति **वचनात्। एतद्व्यवच्छेदार्थमाह —**

અવતરણિકાર્થ :-

બાહ્ય અર્થ સંવાદિ સત્યવાદિ એવા સાંકૃત્યો વડે ઉપમાનું વૈતથ્ય હોવાથી આ પણ=ભગવાન પણ, નિરુપમ સ્તવ યોગ્ય જ ઈચ્છાય છે; કેમ કે 'હીનાધિક દ્વારા ઉપમા મૃષા છે' એ પ્રકારનું વચન છે=પુરુષસિંહ કહ્યું ત્યાં હીન એવા પશુની ઉપમા આપી અથવા ચંદ્ર જેવું મુખ કહ્યું ત્યાં અધિક એવા ચંદ્રની ઉપમા આપી તેવા પ્રકારની ઉપમા મૃષા છે એ પ્રકારનું વચન છે, આના વ્યવચ્છેદ માટે='ઉપમા મૃષા છે' એના વ્યવચ્છેદ માટે, કહે છે=સૂત્રમાં કહે છે –

પંજિકા :-

'बाह्ये'इत्यादि। सम्यक्शुभभावप्रवर्त्तकमितरनिवर्त्तकं च वचनं सत्यमसत्यं वा निश्चयतः सत्यं, तत्प्रतिषेधेन बाह्यार्थसंवाद्येव=अभिधेयार्थाव्यभिचार्येव, सत्यवादिभिः=व्यवहाररूपं सत्यं वक्तव्यमिति वदितुं शीलं येषां ते तथा तैः साङ्कृत्यैः=सङ्कृताभिधानप्रवादिशिष्यैः, उपमावैतथ्येन=सिंहपुण्डरीकादिसादृश्यालीकत्वेन, निरुपमस्तवार्हाः एव=सर्वासादृश्येन वर्णनयोग्याः, इष्यन्ते, कुत इत्याह हीनाधिकाभ्यां=हीनेन=उपमेयार्थान्नीचेन, अधिकेन च-उत्कृष्टेन, उपमेयार्थादेव; उपमा=सादृश्यं, मृषा=असत्या, इतिवचनात्=एवंप्रकाराऽऽगमात्।

પંજિકાર્થ :-

'बाह्ये'इत्यादि ..... एवंप्रकाराऽऽगमात् ।। 'બાહ્ય' ઈત્યાદિ પ્રતીક છે – સમ્યક્ શુભભાવનું પ્રવર્તક વચન અને ઈતરનું નિવર્તક વચન=અશુભભાવનું નિવર્તક વચન, સત્ય અથવા અસત્ય નિશ્ચયથી સત્ય છે, તેના પ્રતિષેધથી=નિશ્ચયનયને અભિમત સત્ય વચનના અસ્વીકારથી, બાહ્ય અર્થ સંવાદિને જ=અભિધેય અર્થના અવ્યભિચારીને જ, સત્યવાદિ વડે=વ્યવહારરૂપ સત્ય કહેવું જોઈએ એ પ્રમાણે કહેવાનો સ્વભાવ છે જેઓનો તે તેવા છે=બાહ્ય અર્થ સંવાદિ સત્યવાદી છે, તેઓ વડે=તેવા સાંકૃત્ય વડે=સંકૃત નામના પ્રવાદિના શિષ્યો વડે, ઉપમાનું વૈતથ્ય હોવાથી=સિંહ-પુંડરીક આદિના સાદૃશ્યનું મૃષાપણું હોવાથી, નિરુપમ સ્તવનયોગ્ય જ=સર્વના અસાદૃશ્યથી વર્ણનયોગ્ય, ભગવાન ઈચ્છાય છે.

કેમ નિરુપમ સ્તવનયોગ્ય ભગવાન ઈચ્છાય છે ? એથી કહે છે –

હીન-અધિક દ્વારા=હીન વડે અર્થાત્ ઉપમેય અર્થથી નીચ વડે અને અધિક વડે અર્થાત્ ઉપમેય અર્થથી જ ઉત્કૃષ્ટ વડે, ઉપમા=સાદૃશ્ય, મૃષા છે=અસત્ય વચન છે, એ પ્રકારનું વચન હોવાથી=એ પ્રકારનું આગમ હોવાથી, ભગવાન નિરુપમ સ્તવનયોગ્ય જ છે એમ અન્વય છે.

ભાવાર્થ :-

બાહ્ય અર્થ જે પ્રમાણે સંસ્થિત હોય તે પ્રમાણે જ તેનું સ્વરૂપ કહેવામાં આવે તો તે વચન સત્ય કહેવાય, પરંતુ બાહ્ય અર્થ જેવો નથી તેવા શબ્દો દ્વારા કોઈનું વર્ણન કરવામાં આવે તે મૃષાવચન છે તેમ સંકૃત નામના પ્રવાદીના શિષ્યો વડે કહેવાય છે, તેથી તેઓ ઉપમા દ્વારા ભગવાનનું વર્ણન કરવું ઉચિત નથી તેમ કહે છે અને કહે છે કે ભગવાન જેવા સ્વરૂપવાળા છે તેવા સ્વરૂપથી જ તેમનું વર્ણન કરી શકાય, પરંતુ

ભગવાનને પુરુષસિંહ ઉપમા આપવી ઉચિત નથી તેમ તે વાદીઓ કહે છે.

વસ્તુતઃ શુભભાવનું પ્રવર્તક અને અશુભભાવનું નિવર્તક વચન સત્ય હોય કે અસત્ય હોય તોપણ નિશ્ચયથી સત્ય છે, જેમ ભગવાનને સિંહની ઉપમા આપી તેથી સિંહ જેમ શત્રુનો નાશ કરવામાં શૂરવીર હોય તેમ અંતરંગ શત્રુનો નાશ કરવામાં ભગવાન શૂરવીર છે, તે પ્રકારે ભગવાનના વાસ્તવિક સ્વરૂપનો બોધ થવાથી ભગવાન પ્રત્યે જે ભક્તિ થાય છે તે રૂપ શુભભાવનો પ્રવર્તક પુરુષસિંહ શબ્દ છે, તેથી ભગવાન પશુ જેવા નથી એ અપેક્ષાએ તે વચન અસત્ય હોવા છતાં તે વચન શુભભાવનું પ્રવર્તક હોવાને કારણે નિશ્ચયથી સત્ય વચન છે, તેનો અપલાપ કરનારા સંકૃતવાદીઓ છે, તેના નિરાસ માટે સૂત્રમાં ભગવાનને પુરુષસિંહની ઉપમા દ્વારા ઓળખાવ્યા છે, જેથી યોગ્ય જીવને બોધ થાય કે માત્ર બાહ્ય પદાર્થ જેવો હોય તેવું જ કહેવું તે સત્ય વચન છે તેમ નથી, પરંતુ જે વચનથી શુભભાવ થતો હોય અને અશુભ-ભાવનું નિવર્તન થતું હોય તેવું વચન હિતકારી હોવાથી સત્ય વચન જ છે; કેમ કે સત્ય વચન બોલવાનું પ્રયોજન મૃષાવચન બોલીને થતા સંક્લેશનો પરિહાર કરવાનું છે, આથી કોઈક લાભના પ્રયોજનથી બોલાયેલું મૃષાવચન પણ સંક્લેશના પરિહારનું કારણ બનતું હોય તો તે વચન સત્ય જ છે અને બાહ્યથી પદાર્થ જેવો હોય તેવું સત્ય વચન પણ કોઈના અહિતનું કારણ થતું હોય તો તે વચન મૃષા જ છે તેમ ભગવાનને સિંહ જેવા કહેવાથી ભગવાન પશુરૂપે સિંહ જેવા નથી તોપણ તેના દ્વારા ભગવાનના વાસ્તવિક સ્વરૂપનો બોધ થતો હોવાથી તે પ્રકારે ઉપમા દ્વારા ભગવાનના સ્વરૂપનો બોધ કરાવવો ઉચિત છે એ બતાવવા અર્થે કહે છે –

सूत्र :-

पुरिससीहाणं ।।७।।

सूत्रार्थ :-

ભગવાન સિંહની જેમ અંતરંગ શત્રુનો નાશ કરવામાં સમર્થ હોવાથી પુરુષરૂપ સિંહ છે, પુરુષરૂપ સિંહ એવા ભગવાનને નમસ્કાર થાઓ. ।।૭।।

ललितविस्तरा :-

पुरुषाः प्राग्व्यावर्णितनिरुक्ताः, ते सिंहा इव प्रधानशौर्यादिगुणभावेन ख्याताः पुरुषसिंहाः, ख्याताश्च कर्म्मशत्रून् प्रति शूरतया, तदुच्छेदनं प्रति क्रौर्येण, क्रोधादीन् प्रति त्वसहनतया, रागादीन् प्रति वीर्ययोगेन, तपःकर्म्म प्रति वीरतया, अवज्ञैषां परीषहेषु, न भयमुपसर्गेषु, न चिन्तापीन्द्रियवर्गे, न खेदः संयमाध्वनि, निष्प्रकम्पता सद्ध्यान इति।

ललितविस्तरार्थ :-

પૂર્વમાં વ્યાવર્ણિત વ્યુત્પત્તિવાળા પુરુષો છે=पुरिसुत्तमाणं પદના વર્ણનમાં વર્ણન કરાયેલી વ્યુત્પત્તિ-

વાળા પુરુષો છે, તે=પુરુષો, સિંહની જેમ પ્રધાન એવા શૌર્યાદિ ગુણના સદ્ભાવને કારણે પ્રસિદ્ધ છે અને કર્મશત્રુ પ્રત્યે શૂરપણાથી તેના ઉચ્છેદ પ્રત્યે ક્રૂરપણાથી, ક્રોધાદિ પ્રત્યે અસહનપણાથી, રાગાદિ પ્રત્યે વીર્યના યોગથી, તપકર્મ પ્રત્યે વીરપણાથી ખ્યાત છે=ભગવાન પુરુષસિંહ તરીકે પ્રસિદ્ધ છે, પરિષહોમાં આમની=ભગવાનની, અવજ્ઞા છે, ઉપસર્ગોમાં ભગવાનને ભય નથી, ઇન્દ્રિયના સમૂહમાં ચિંતા પણ નથી, સંયમમાર્ગમાં ખેદ નથી, સદ્ધ્યાનમાં નિષ્પ્રકંપતા છે.

ભાવાર્થ :-

જે દેહધારી જીવો હોય તે પુરુષો કહેવાય છે અને તે પુરુષરૂપ સિંહ ભગવાન છે, ભગવાનને સિંહ કેમ કહ્યા ? તેથી કહે છે –

સિંહ પશુ હોવા છતાં અન્ય પશુ કરતાં શૌર્યાદિ ગુણભાવથી પ્રધાન છે, તેથી પશુરૂપે અન્ય પશુઓ પણ છે, પરંતુ સર્વ પશુઓમાં શૌર્યાદિ ગુણો હોતા નથી, જ્યારે સિંહમાં શૌર્યાદિ ગુણો હોય છે, તેમ દેહધારી સર્વ જીવોમાં શૌર્યાદિ ગુણો હોતા નથી, પરંતુ દેહધારી એવા ભગવાનમાં સિંહની જેવા શૌર્યાદિ ગુણો છે તે બતાવવા માટે ભગવાનની સ્તુતિ કરતાં ભગવાનને પુરુષસિંહ કહેલ છે, ફક્ત સિંહમાં બાહ્ય શૌર્યાદિ ગુણો છે, ભગવાનમાં અંતરંગ કર્મજન્ય ભાવોને નાશ કરવામાં શૌર્યાદિ ગુણો છે, તેથી ભગવાનમાં સિંહતુલ્ય કેવા પ્રકારના શૌર્યાદિ ગુણો છે તે બતાવતાં કહે છે –

ભગવાનનું કર્મશત્રુ પ્રત્યે શૂરપણું હોવાથી ભગવાન પુરુષસિંહ છે, તેથી એ પ્રાપ્ત થાય કે અનાદિથી આત્મામાં ઘાતિકર્મો સ્થિર થયેલા છે અને તે ઘાતિકર્મો સદા જીવને પીડા કરનારા છે, છતાં સંસારીજીવો તેને નાશ કરવા માટે શૂર નથી, આથી જ ઘાતિકર્મોને પરવશ થઈને સંસારની સર્વ વિડંબના પામે છે અને ભગવાને નિર્મળ કોટિના જ્ઞાનના બળથી જાણ્યું કે આત્માના પારમાર્થિક શત્રુ ઘાતિકર્મો જ છે, તેથી સંયમ ગ્રહણ કરીને તે શત્રુને નાશ કરવા માટે અંતરંગ મહાપરાક્રમ કરીને પોતાના વીતરાગભાવને પ્રગટ કરી શક્યા, માટે ભગવાન પુરુષસિંહ છે, આ પ્રકારે સ્મરણ થવા માત્રથી ભગવાન પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય છે અને તેમની જેમ શત્રુનો નાશ કરવાને અનુકૂળ બળનો સંચય થાય છે.

વળી, જેમ સિંહ શત્રુને નાશ કરવા માટે શૂર હોય છે તેમ શત્રુનો ઉચ્છેદ કરવામાં ક્રૂર પણ હોય છે, તેમ ભગવાન પણ કર્મના ઉચ્છેદ પ્રત્યે ક્રૂર હતા અર્થાત્ કર્મ જીવને પોતાને વશ થવા પ્રેરણા કરે છે અને કર્મ પ્રત્યે દયાળુ સ્વભાવવાળા જીવો કર્મની પ્રેરણાનો ક્યારેય તિરસ્કાર કરતા નથી, પરંતુ તેની પ્રેરણા પ્રમાણે જ સર્વકૃત્યો કરે છે, તેથી સંસારીજીવો કર્મનાશ પ્રત્યે ક્રૂરભાવ ધારણ કરતા નથી, પરંતુ ભગવાન સંયમ ગ્રહણ કર્યા પછી કર્મોના પ્રત્યે સ્હેજ પણ મૃદુભાવવાળા થયા નહિ, પરંતુ કર્મની પ્રેરણાનો સદા તિરસ્કાર કરીને કર્મ પ્રત્યે ક્રૂરભાવ ધારણ કરનારા હતા અને ક્રૂરભાવથી કર્મનો નાશ કરીને આત્માની મૂળભૂત સંપત્તિને કર્મએ આવૃત્ત કરેલી તે સંપત્તિને પ્રાપ્ત કરી.

સંસારીજીવોને ક્રોધાદિ કષાયો વારંવાર રંજાડતા હોય છે, છતાં સંસારીજીવો સત્ત્વહીન હોવાથી તે કષાયોને સહન કરે છે, પરંતુ જેમ સિંહને કોઈ અડપલું કરે તો સિંહ સહન કરી શકે નહિ તેમ ભગવાન

પુરુષોમાં સિંહ જેવા હોવાથી ક્રોધાદિ કષાયોને સહન કરી શકતા નથી, આથી પોતાનામાં અનાદિથી સંસ્કારરૂપે સ્થિર થયેલા અને કર્મના ઉદયના નિમિત્તને પામીને ઉદયમાં આવે તેવા ક્રોધાદિ કષાયો પ્રત્યે અસહન સ્વભાવવાળા હોવાથી ક્રોધાદિ આપાદક કર્મોને અને સંસ્કારોને લેશ પણ ઉદ્ભવ થવા દેતા નથી, તેથી ભગવાન ક્રોધાદિના સંસ્કારો સતત ક્ષીણ-ક્ષીણતર કરે છે અને ક્રોધાદિ આપાદક કર્મોને સતત ક્ષયોપશમભાવરૂપે પરિણમન પમાડીને ક્ષમાદિ ભાવોની વૃદ્ધિને જ કરે છે, તેથી ભગવાનમાં સિંહની જેમ અસહનગુણ હોવાને કારણે ભગવાન પુરુષસિંહ છે, આ પ્રકારે સ્તુતિ કરવાથી પોતાનામાં પણ ભગવાનની જેવો અસહનગુણ કંઈક કંઈક અંશથી પ્રગટ થાય છે; કેમ કે સ્તુત્યની સ્તુતિ કરવાથી સ્તુત્યસદૃશગુણની પ્રાપ્તિને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય છે.

વળી, સિંહ પોતાના શત્રુઓ સાથે યુદ્ધ કરવામાં વીર્યના યોગવાળો હોય છે, આથી જ શત્રુ સાથે યુદ્ધ કરતાં શ્રાંતતાનો=થાકનો અનુભવ કરતો નથી, પરંતુ થાક્યા વગર શત્રુના નાશ માટે અસ્ખલિત ઉદ્યમ કરે છે, તેમ ભગવાન પણ દીક્ષા ગ્રહણ કર્યા પછી રાગાદિ શત્રુઓના નાશ પ્રત્યે વીર્યના યોગવાળા હોવાથી લેશ પણ થાક્યા વગર તેના ઉચ્છેદ માટે જ સતત યત્ન કરે છે, તેથી શત્રુ સામે યુદ્ધમાં ચડેલા ભગવાનને શત્રુનું મહાબળ જોઈને લેશ પણ અધૃતિ થતી નથી, તેથી રાગાદિ પ્રત્યે સિંહની જેમ વીર્યના યોગવાળા હોવાથી ભગવાન પુરુષસિંહ છે.

વળી, તપકૃત્ય પ્રત્યે ભગવાનનું વીરપણું છે, તેથી ભગવાન પુરુષસિંહ છે.

વળી, પરિષહોમાં ભગવાનને અવજ્ઞા છે, તેથી જેમ અન્ય પશુઓ ત્યાં ફરતા હોય તેનાથી સિંહ સ્હેજ પણ ભય પામતો નથી, પરંતુ તેઓના પ્રત્યે અવજ્ઞાવાળો હોય છે, તેમ ભગવાનને પરિષહો પ્રત્યે અવજ્ઞા વર્તે છે.

વળી, સિંહને કોઈનાથી ભય હોતો નથી, તેમ ભગવાનને ઉપસર્ગોમાં ભય નથી, જો કે સામાન્ય શક્તિવાળા સાધકો ઉપસર્ગો પ્રાપ્ત થાય તો યોગમાર્ગથી સ્ખલના પામે છે, પરિષહો પ્રાપ્ત થાય ત્યારે અતિચારો પ્રાપ્ત કરે છે, પરંતુ સિંહની જેમ મહાસાત્ત્વિક એવા ભગવાન પરિષહોથી પોતાનું રક્ષણ કરવા કોઈ યત્ન કરતા નથી અને ઉપસર્ગોમાં લેશ ભય પામતા નથી, પરંતુ પરિષહો અને ઉપસર્ગોના પ્રાપ્તિકાળમાં પણ અસ્ખલિતપણે ઘાતિકર્મોના નાશમાં દૃઢ યત્નવાળા હોય છે, માટે ભગવાન પુરુષસિંહ છે.

વળી, સિંહને કોઈ શત્રુથી ક્યારેય ચિંતા હોતી નથી, તેમ ભગવાનને ઇન્દ્રિયોના સમૂહ પ્રત્યે ચિંતા હોતી નથી, જો કે સામાન્યથી યોગીઓને પણ ચિંતા હોય છે કે આ ઇન્દ્રિયો મને ઉત્પથમાં લઈ જઈને વિનાશનું સર્જન કરશે, તેથી સતત પ્રતિપક્ષના ભાવન દ્વારા ઇન્દ્રિયોનું દમન કરે છે, પરંતુ ભગવાને તે પ્રકારના અંતરંગ સત્ત્વને પ્રગટ કરેલ છે, જેથી નિમિત્તોને પામીને પણ કોઈ ઇન્દ્રિય કોઈ પ્રકારનો અંતરંગ કોલાહલ કરી શકતી નથી, તેથી ઇન્દ્રિયોની ચિંતા કર્યા વગર નિર્ભયતાથી શત્રુની સામે લડે છે. જેમ સિંહને કોઈ બલવાન પશુનો ભય હોતો નથી, તેથી પોતાના સ્થાને નિશ્ચિંત થઈને બેઠો હોય છે, તેમ ભગવાનને મોક્ષપથમાં જતાં ઇન્દ્રિયવર્ગની ચિંતા નથી, માટે ભગવાન પુરુષસિંહ છે.

વળી, સિંહને પોતાના શિકારની પ્રાપ્તિ માટે ખેદ વર્તતો નથી, તેમ ભગવાન પણ સંયમમાર્ગમાં યત્ન કરે છે ત્યારે ખેદ વર્તતો નથી, પરંતુ જેમ સિંહ ખેદ રહિત પોતાના શિકારને પ્રાપ્ત કરવા યત્ન કરે છે, તેમ ભગવાન પણ ખેદ રહિત પોતાનું કાર્ય સાધવા માટે યત્નશીલ હતા, માટે ભગવાન પુરુષસિંહ છે.

વળી, સિંહને પોતાના શિકારની પ્રાપ્તિમાં નિષ્પ્રકંપતા હોય છે, પરંતુ અન્ય પ્રાણીઓની જેમ લેશ પણ ભય હોતો નથી તેમ ભગવાનને પોતાના ઇષ્ટ એવા અંતરંગ સામ્રાજ્યની પ્રાપ્તિમાં ઉપાયભૂત સદ્ધ્યાનમાં નિષ્પ્રકંપતા વર્તે છે, માટે ભગવાન પુરુષસિંહ છે.

આ પ્રકારે સિંહની ઉપમા દ્વારા જે મહાત્મા ભગવાનના ગુણોનું પુનઃ પુનઃ ભાવન કરીને તે રીતે પ્રતિસંધાન કરે, જેથી 'પુરિસસીહાણં' એ પ્રકારનો શબ્દ બોલતી વખતે સિંહના સ્મરણ સાથે સિંહના તે પ્રકારના સર્વ ગુણોની સ્મૃતિ થાય અને તેવા ગુણો ભગવાનમાં કઈ રીતે છે તેનું પ્રતિસંધાન થાય તો પુરુષસિંહ શબ્દ બોલતાની સાથે જ ભગવાનના તે સર્વ ભાવો પ્રત્યે પોતાને બહુમાનભાવ થાય છે અને જે અંશથી જે ભાવો પ્રત્યે બહુમાનભાવ થાય તે ભાવોની પ્રાપ્તિનાં બાધક કર્મો શિથિલ થાય છે અને તે ભાવોની પ્રાપ્તિને અનુકૂળ પુણ્યપ્રકૃતિનો બંધ થાય છે, તેથી જેઓ દૃઢ પ્રણિધાનપૂર્વક ભગવાનના ગુણોનું સ્મરણ કરે છે તેઓને તે તે ગુણોની પ્રાપ્તિ સુલભ બને છે.

ललितविस्तरा :-

न चैवमुपमा मृषा, तद्द्वारेण तत्त्वतः तदसाधारणगुणाभिधानात्, विनेयविशेषानुग्रहार्थमेतत्, इत्थमेव केषाञ्चिदुक्तगुणप्रतिपत्तिदर्शनात्, चित्रो हि सत्त्वानां क्षयोपशमः; ततः कस्यचित् कथंचिदाशय-शुद्धिभावात्।

ललितविस्तरार्थ :-

અને આ રીતે=ભગવાનને સિંહ સદૃશ ગુણોના કારણે પુરુષસિંહ કહ્યા એ રીતે, ઉપમા મૃષા નથી; કેમ કે તેના દ્વારા=સિંહની ઉપમા દ્વારા, તત્ત્વથી=પરમાર્થથી, તેના અસાધારણ ગુણોનું અભિધાન છે=ભગવાનના અસાધારણ ગુણોનું અભિધાન છે, વિનેયવિશેષના=શિષ્યવિશેષના, અનુગ્રહ માટે આ છે='પુરિસસીહાણં' એ પ્રકારના સૂત્રનું કથન છે; કેમ કે આ રીતે જ=ભગવાનને પુરુષસિંહ ઉપમા દ્વારા કહેવામાં આવે એ રીતે જ, કેટલાક જીવોને ઉક્ત ગુણોની=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારના ગુણોની, પ્રતિપત્તિનું દર્શન છે=એ પ્રકારના ગુણોની ઉપસ્થિતિનું દર્શન છે, હિ= જે કારણથી, જીવોનો ચિત્ર પ્રકારનો ક્ષયોપશમ છે; કેમ કે તેથી=જીવોનો ચિત્ર પ્રકારનો ક્ષયોપશમ છે તેથી, કોઈકને કોઈક પ્રકારે આશયની શુદ્ધિનો ભાવ છે.

પંજિકા :-

'न चैवम्' इत्यादि, -न च=नैव, एवम्=उक्तप्रकारेण, उपमा सिंहसादृश्यलक्षणा, मृषा=अलीका, कुत इत्याह- तद्द्वारेण=सिंहोपमाद्वारेण, तत्त्वतः=परमार्थमाश्रित्य, न शाब्दव्यवहारतः, 'तदसाधारणगुणाभि-

धानात्'-तेषां=भगवताम्, असाधारणाः-सिंहादौ क्वचिदन्यत्र अवृत्ता (प्रत्यन्तरे 'अप्रवृत्ता') ये गुणाः-शौर्यादयस्तेषाम्, अभिधानात्=प्रत्यायनात्, ननु तदसाधारणगुणाभिधायिन्युपायान्तरे सत्यपि किमर्थमित्थमुपन्यासः कृतः ? इत्याह विनेयविशेषानुग्रहार्थमेतत्-विनेयविशेषानुग्रहीतुमिदं सूत्रमुपन्यस्तम्। एतदेव भावयति- इत्थमेव=प्रकृतोपमोपन्यासेनैव, केषाञ्चिद्=विनेयविशेषाणाम्, 'उक्तगुणप्रतिपत्तिदर्शनात्', उक्तगुणाः-असाधारणाः शौर्यादयः, तेषां ('प्रतिपत्तिदर्शनात्'-) प्रतीतिदर्शनात्। कुत एतदेवमित्याह चित्रो=नैकरूपो, हिः=यस्मात्, सत्त्वानां=प्राणिनां, क्षयोपशमः=ज्ञानावरणादिकर्म्मणां क्षयविशेषलक्षणः, ततः=क्षयोपशमवैचित्र्यात्, कस्यचिद्विनेयस्य कथञ्चित्=प्रकृतोपमोपन्यासादिना प्रकारेण, आशयशुद्धिभावात्=चित्तप्रसादभावात्, नैवमुपमा मृषा इति योगः।

पंजिकार्थ :-

'न चैवम्' ..... मृषा इति योगः ।। 'न चैवम्' ईत्यादि प्रतीक छे, आ रीते=उक्त प्रकारथी=पूर्वमां वर्णन कर्युं ए प्रकारथी, सिंहना सादृश्यरूप उपमा मृषा नथी ज, केम मृषा नथी ? एथी कहे छे –

तेना द्वारा=सिंहनी उपमा द्वारा, तत्त्वथी=परमार्थने आश्रयीने, शाब्द व्यवहारथी नहि=सिंहमां जेवा बाह्य क्रूर आदि भावो छे ते रूप शब्दव्यवहारथी नहि परंतु अंतरंग शत्रुओ प्रत्ये भगवानना जे क्रूर आदि भावो छे ते रूप परमार्थने आश्रयीने, तेमना असाधारण गुणोनुं अभिधान होवाथी= भगवानना असाधारण गुणो अर्थात् अन्यत्र कोईक स्थानमां अप्रवृत्त अर्थात् सिंहथी के भगवानथी अन्य स्थानमां अप्रवृत्त एवा सिंहादिमां जे शौर्यादि गुणो तेओनुं अभिधान होवाथी अर्थात् पुरुषसिंह शब्दथी उपस्थिति होवाथी, उपमा मृषा नथी एम अन्वय छे.

'ननु'थी शंका करे छे – तेमना असाधारण गुणना कहेनारा उपायांतर विद्यमान होते छते पण= भगवानना असाधारण गुणो उपमा वगर साक्षात् तद्वाचक शब्दोरूप उपायांतरथी कही शकाय एवा होवा छतां पण, केम आ प्रमाणे=सिंहनी उपमा द्वारा कह्युं ए प्रकारे, उपन्यास कराायो छे ? एथी कहे छे – शिष्य विशेषोना अनुग्रह माटे आ छे=श्रोताविशेषोने अर्थात् सिंहनी उपमा द्वारा भगवानना ते गुणोने सुखपूर्वक प्रतिसंधान करीने ते गुणोथी आत्माने भावित करी शके तेवा श्रोताविशेषोने उपकार करवा माटे आ सूत्र उपन्यस्त छे=प्रस्तुत नमुत्थुणं सूत्र उपन्यस्त छे.

आने ज=प्रस्तुत सूत्रथी विनेयविशेषने अनुग्रह थाय छे एने ज, भावन करे छे अर्थात् स्पष्ट करे छे.

आ रीते ज=प्रकृत उपमाना उपन्यासथी ज=सिंहनी उपमाना उपन्यासथी ज, केटलाक शिष्यविशेषोने उक्त गुणनी प्रतिपत्तिनुं दर्शन छे अर्थात् उक्त एवा असाधारण शौर्यादि गुणो तेओनी प्रतीतिनुं दर्शन छे, तेथी आ प्रमाणे उपन्यास छे एम अन्वय छे. केम आ प्रमाणे छे ?=पुरुषसिंह शब्द द्वारा ते जीवोने भगवानना शौर्यादि गुणोनी प्रतीति छे, अन्य रीते नथी. ए प्रमाणे केम छे ? एथी कहे छे–

ચિત્ર=એક રૂપ નહિ અનેક રૂપ, જે કારણથી જીવોનો ક્ષયોપશમ છે=જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષયવિશેષ છે, તેના કારણે=ક્ષયોપશમના વૈચિત્ર્યને કારણે, કોઈક શ્રોતાને કોઈક રીતે=પ્રકૃત ઉપમાના ઉપન્યાસ આદિ પ્રકારથી=ભગવાનને પુરુષસિંહ કહ્યા એ પ્રકારના ઉપમાના ઉપન્યાસ આદિ પ્રકારથી, આશયની શુદ્ધિનો ભાવ હોવાને કારણે=ચિત્તના પ્રસાદનો ભાવ થવાને કારણે=ભગવાનના તે પ્રકારના ગુણોથી ચિત્તરંજિત થવાને કારણે, તે જીવોને મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે, તેથી આ રીતે ઉપમા મૃષા નથી=સિંહની ઉપમા પ્રસ્તુતમાં આપી એ રીતે ઉપમા મૃષા નથી, એ પ્રમાણે સંબંધ છે= લલિતવિસ્તરામાં સંબંધ છે.

ભાવાર્થ :-

યોગ્ય જીવોને સુખપૂર્વક ભગવાનના ગુણોની ઉપસ્થિતિ થાય, જેથી તે જીવો ભગવાનના તે ગુણોથી વાસિત અંતઃકરણવાળા બને અને નિર્જરાની પ્રાપ્તિ કરે એ નમુત્થુણં સૂત્ર રચવાનું પ્રયોજન છે, તેથી ભગવાનની પુરુષસિંહની ઉપમા દ્વારા સ્તુતિ કરીને ભગવાનના વાસ્તવિક સ્વરૂપને બતાવેલ છે, માટે ઉપમા મૃષા નથી; કેમ કે સિંહની ઉપમા દ્વારા જ ભગવાનમાં વર્તતા કર્મનાશને અનુકૂળ શૌર્યાદિ ગુણોની ઉપસ્થિતિ થાય છે, ફક્ત સિંહના તે શૌર્યાદિ ગુણો બાહ્ય શત્રુના નાશ માટે વર્તે છે, જ્યારે ભગવાનના તે ગુણો આત્માના અંતરંગ ગુણોનો ઘાત કરનારા ઘાતિકર્મોને આશ્રયીને વર્તે છે અને તે ગુણોનું કથન પુરુષસિંહ શબ્દથી થાય છે અને પ્રાજ્ઞપુરુષને ભગવાનના તે પારમાર્થિક ગુણોનું પ્રતિસંધાન પુરુષસિંહ શબ્દથી થાય છે, માટે ઉપમા મૃષા નથી.

અહીં પ્રશ્ન થાય કે હીન જાતિવાળા એવા પશુની ઉપમા દ્વારા ભગવાનના ગુણોનો બોધ કરાવવા કરતાં સાક્ષાત્ તે ગુણોના વાચક શબ્દોરૂપ ઉપાયાંતરથી ભગવાનના ગુણોનો બોધ કેમ ન કરાવ્યો ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

કેટલાક જીવવિશેષોને આ રીતે જ કહેવાથી ભગવાનના ગુણોની સુખપૂર્વક ઉપસ્થિતિ થાય છે; કેમ કે સિંહના શૌર્યાદિ ગુણોનો બોધ તે જીવોએ અનેક રીતે અનુભવ દ્વારા સ્થિર કરેલો છે, તેથી તેવા ગુણોની ઉપસ્થિતિ તે શબ્દથી શીઘ્ર થાય છે અને તે રીતે સિંહના શૌર્યાદિ ગુણોની શીઘ્ર ઉપસ્થિતિ થવાથી તે જીવો સુખપૂર્વક ભગવાનના અંતરંગ શત્રુના નાશને અનુકૂળ શૌર્યાદિ ગુણોને સ્પષ્ટ રીતે ઉપસ્થિત કરી શકે છે, તેથી તે જીવોના ઉપકાર માટે સિંહની ઉપમા આપવી તે મૃષા નથી; કેમ કે જીવોના ઉપકાર માટે જ ભગવાનની સ્તુતિ કરવામાં આવે છે અને યોગ્ય જીવો સિંહના સ્વ-અનુભૂત શૌર્યાદિ ગુણોને સિંહ શબ્દથી શીઘ્ર ઉપસ્થિત કરીને ભગવાનના પારમાર્થિક ગુણોને સ્પર્શી શકતા હોય છતાં તે ઉપમાને છોડીને અન્ય રીતે ભગવાનના ગુણોનું વર્ણન કરવામાં આવે તો તે જીવોને શીઘ્ર તે રીતે ભગવાનના ગુણોની ઉપસ્થિતિ થાય નહિ, તેથી વિશેષ નિર્જરાને પ્રાપ્ત કરી શકે નહિ, માટે સિંહની ઉપમા મૃષા નથી, પરંતુ ઉચિત જ છે.

અહીં પ્રશ્ન થાય કે કેટલાક જીવોને સિંહની ઉપમા દ્વારા જ કેમ ભગવાનના ગુણોની સુખપૂર્વક તે રીતે ઉપસ્થિતિ થાય છે ? અન્ય રીતે થતી નથી ? તેથી કહે છે –

જીવોનો વિચિત્ર પ્રકારનો ક્ષયોપશમ છે, તેથી જે જીવોએ સંસારના પોતાના અનુભવના બળથી સિંહનાં પરાક્રમોને સાક્ષાત્ જોયાં હોય, સાંભળ્યાં હોય કે ગ્રંથોમાં વાંચ્યાં હોય ત્યારે તે પ્રકારના તેના પરમાર્થને સ્પર્શે તેવા ક્ષયોપશમવાળા બનેલા હોય છે અને તે પ્રકારના ક્ષયોપશમથી તે જીવો પુરુષસિંહ શબ્દ દ્વારા ભગવાનના ગુણોને ઉપસ્થિત કરવા યત્ન કરે તો તત્કાલ જ ભગવાનના અંતરંગ શૌર્યાદિ ગુણોને તે શબ્દથી ઉપસ્થિત કરી શકે છે. ભગવાનના તેવા ગુણોની ઉપસ્થિતિ થવાથી ભગવાન પ્રત્યે પ્રવર્ધમાન ભક્તિનો પરિણામ થાય છે, તેથી ભગવાન જેવા શૌર્યાદિ ગુણોની પ્રાપ્તિમાં બાધક કર્મોને સ્વ-ઉપયોગના પ્રકર્ષને અનુસાર તેઓ નાશ કરી શકે છે, માટે તેવા જીવોના ઉપકારના પ્રયોજનથી આ પ્રકારે ઉપમા આપવી એ દોષરૂપ નથી, પરંતુ યોગ્ય જીવોના ઉપકારનું પ્રબળ કારણ હોવાથી અત્યંત ઉચિત છે.

पंजिका :-

यदि नाम हीनोपमयापि सिंहादिरूपया कस्यचिद् भगवद्गुणप्रतिपत्तिर्भवति तथापि सा न सुन्दरेति (अतः) आह –

पंजिकार्थ :-

यदि नाम ..... सुन्दरेति (अतः) आह ।। જો સિંહાદિરૂપ હીન ઉપમાથી પણ કોઈક જીવને ભગવાનના ગુણની પ્રતિપત્તિ થાય છે=ભગવાનના ગુણોની ઉપસ્થિતિ થાય છે, તોપણ તે=હીન ઉપમા, સુંદર નથી, એથી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે યોગ્ય એવા કેટલાક જીવોના ઉપકાર માટે સિંહની ઉપમા દ્વારા ભગવાનની સ્તુતિ કરી છે, ત્યાં કોઈકને પ્રશ્ન થાય કે સિંહ મનુષ્યની અપેક્ષાએ હીન છે, તેથી સિંહાદિરૂપ હીન ઉપમા દ્વારા કોઈક જીવને ભગવાનના શૌર્યાદિ ગુણોની ઉપસ્થિતિ થતી હોય તોપણ ભગવાન પશુ નથી, તેથી હીન એવા પશુની સાથે તેમની તુલના કરી એ ઉચિત નથી, આ પ્રકારની કોઈને શંકા થાય એથી કહે છે –

ललितविस्तरा :-

यथाभव्यं व्यापकश्चानुग्रहविधिः, उपकार्यात् प्रत्युपकारलिप्साऽभावेन महतां प्रवर्त्तनात्, महापुरुष-प्रणीतश्चाधिकृतदण्डकः आदिमुनिभिरर्हच्छिष्यैर्गणधरैः प्रणीतत्वात्, अत एवैष महागम्भीरः, सकलन्या-याकरो, भव्यप्रमोदहेतुः, परमार्षरूपो, निदर्शनमन्येषाम्, इति न्याय्यमेतद् यदुत 'पुरुषसिंहा' इति।।७।।

ललितविस्तरार्थ :-

અને યથાભવ્ય વ્યાપક અનુગ્રહની વિધિ છે; કેમ કે ઉપકાર્યથી=સ્તવનરચના કરીને તેનાથી જે જીવોનો ઉપકાર થવાનો છે તેવા ઉપકાર્યથી, પ્રત્યુપકારની લિપ્સાના અભાવથી મહાપુરુષોનું પ્રવર્તન છે અને મહાપુરુષપ્રણીત અધિકૃત દંડક છે=મહાપુરુષથી રચાયેલું નમુત્થુણં સૂત્ર દંડક છે;

કેમ કે આદિ મુનિ એવા અરિહંતના શિષ્ય ગણધરો વડે રચિતપણું છે, આથી જ=મહાપ્રાજ્ઞ એવા ગણધરો વડે આ સૂત્ર રચાયું છે આથી જ, આ=પ્રસ્તુત સૂત્ર, મહાગંભીર છે, સકલ ન્યાયનો આકર છે=સર્વ તત્ત્વને જોનારી દૃષ્ટિઓની ખાણ છે, ભવ્યજીવોના પ્રમોદનો હેતુ છે, પરમ આર્ષરૂપ છે, અન્યોને દૃષ્ટાંત છે, એથી આ ન્યાય્ય છે, શું ન્યાય્ય છે તે 'યદુત'થી સ્પષ્ટ કરે છે. પુરુષસિંહ એ પ્રકારની ઉપમા ન્યાય્ય છે. ।।૭।।

પંજિકા :-

'યથાભવ્યં'=યો યથાભવ્યોઽનુગ્રહીતું યોગ્યો, યથાભવ્યં=યોગ્યતાનુસારઃ, તેન, 'વ્યાપકશ્ચ'=સર્વાનુયાયી, પુનઃ, 'અનુગ્રહવિધિઃ'=ઉપકારકરણમ્, અત્ર હેતુઃ 'ઉપકાર્યાદ્'=ઉપક્રિયમાણાત્, 'પ્રત્યુપકારલિપ્સાઽભાવેન'=ઉપકાર્યં પ્રતીત્યોપકર્ત્તુરનુગ્રહકરણં પ્રત્યુપકારઃ, તત્ર 'લિપ્સાઽભાવેન'-અભિલાષનિવૃત્ત્યા, 'મહતાં'=સતાં, 'પ્રવર્ત્તનાત્', અત ઇત્થમેવ કેચિદનુગૃહ્યન્તે, ઇત્યેવમપ્યુપમાપ્રવૃત્તિરદુષ્ટેતિ, 'પરમાર્ષરૂપ' ઇતિ, 'પરમં' પ્રમાણભૂતં યદ્ 'આર્ષં' ઋષિપ્રણીતં, તદ્રૂપઃ, 'ઇતિ'-ઇત્યેવં 'પુરુષસિંહા' ઇત્યેતદુપમાનં 'ન્યાય્યં'=યુક્તિયુક્તમ્।।૭।।

પંજિકાર્થ :-

'યથાભવ્યં' ..... યુક્તિયુક્તમ્ ।। યથાભવ્ય=જે ભવ્ય જે પ્રકારે અનુગ્રહ કરવા માટે યોગ્ય છે તે, યથાભવ્ય છે=યોગ્યતા અનુસાર છે, તેનાથી=તે જીવોની યોગ્યતા અનુસારથી, વ્યાપક=સર્વ અનુયાયી= સર્વને અનુગ્રહ થાય એ પ્રકારની સર્વ અનુયાયી, વળી, અનુગ્રહની વિધિ છે=ઉપકારનું કરણ છે, આમાં=પુરિસસીહાણં શબ્દ દ્વારા વ્યાપક ઉપકારનું કરણ છે એમાં, હેતુ કહે છે – ઉપકાર્યથી=ઉપકાર કરાતા જીવ પાસેથી, પ્રત્યુપકારની લિપ્સાનો અભાવ હોવાથી=ઉપકાર્યને આશ્રયીને ઉપકર્તૃનું અનુગ્રહકરણ પ્રત્યુપકાર છે તેમાં લિપ્સાનો અભાવ હોવાથી અર્થાત્ અભિલાષની નિવૃત્તિ હોવાથી, મોટાપુરુષોનું પ્રવર્તન છે=ગણધરોનો પ્રયત્ન છે, આથી=ઉપકાર્ય પાસેથી પ્રત્યુપકારની લિપ્સા નહિ હોવાથી, આ રીતે જ=પુરુષસિંહ શબ્દ દ્વારા સર્વ યોગ્ય જીવોને વ્યાપક અનુગ્રહ થાય એ રીતે જ, કેટલાક જીવો અનુગ્રહને પામે છે અર્થાત્ જો આ રીતે ઉપન્યાસ ન કરવામાં આવ્યો હોત તો કેટલાક જીવોનો ઉપકાર થાત નહિ, એથી આ રીતે પણ=સર્વ યોગ્ય જીવોને ઉપકાર થાય એ રીતે પણ, ઉપમાની પ્રવૃત્તિ અદૂષ્ટ છે=ઉચિત છે, પરમ આર્ષરૂપ છે=પરમ એવું પ્રમાણભૂત જે ઋષિપ્રણીત આર્ષ તે રૂપ છે, એ રીતે પુરુષસિંહ એ ઉપમાન ન્યાય્ય છે=યુક્તિયુક્ત છે. ।।૭।।

ભાવાર્થ :-

અવતરણિકામાં કહ્યું કે હીન એવા સિંહની ઉપમા ભગવાનને આપવી ઉચિત નથી તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

પ્રસ્તુત સૂત્ર રચતી વખતે ગણધરોને જે જીવોની જે પ્રકારની યોગ્યતા હોય તે યોગ્યતા અનુસારે તે જીવોને વ્યાપક અનુગ્રહ થાય તેવો આશય હતો, તેથી તેઓએ કોઈ યોગ્ય જીવને ઉપકારની પ્રાપ્તિ ન થાય

તેવું ન બને, પરંતુ સર્વ યોગ્ય જીવોને તેમની યોગ્યતા અનુસાર ઉપકાર થાય તેને સામે રાખીને પ્રસ્તુતમાં પુરુષસિંહની ઉપમા આપેલી છે; કેમ કે જો પુરુષસિંહની ઉપમા આપેલી ન હોત તો અને અન્ય અન્ય શબ્દો દ્વારા ભગવાનના ગુણોનું વર્ણન કર્યું હોત તો જે જીવોને સિંહ શબ્દનો અત્યંત સ્પષ્ટ બોધ છે અને તેના કારણે સિંહના શૌર્યાદિ ગુણોને શબ્દમાત્રથી ઉપસ્થિત કરી શકે તેવા છે તે જીવોને તે શબ્દના પ્રયોગના અભાવમાં ભગવાનના અંતરંગ શૌર્યાદિ ગુણોનો તે પ્રકારે સ્પષ્ટ બોધ થાય નહિ અથવા ઘણા પ્રયત્નથી બોધ થાય, તેથી તે બોધની તેવા પ્રકારની તીવ્રતાના અભાવને કારણે ભગવાનના શૌર્યાદિ ગુણોની વિશિષ્ટ ઉપસ્થિતિ નહિ થવાથી તે સ્તુતિ દ્વારા તે યોગ્ય જીવોને વિશિષ્ટ નિર્જરાની પ્રાપ્તિ થાય નહિ અને ગણધરો નિઃસ્પૃહી મુનિ હતા, તેથી યોગ્ય જીવોને કઈ રીતે વિશિષ્ટ ઉપકાર થશે તેને સ્મૃતિમાં રાખીને જ પ્રસ્તુત સૂત્રની રચના કરી છે. આથી જ ગ્રંથકારશ્રી કહે છે કે ઉપકાર્ય એવા જીવો પાસેથી પ્રત્યુપકારની લિપ્સાનો અભાવ હોવાથી ગણધરોની પ્રસ્તુત સૂત્રમાં પ્રવૃત્તિ છે, માટે વ્યાપક અનુગ્રહને લક્ષમાં રાખીને સૂત્રની રચના કરેલ છે, જો તેમને ઉપકાર્ય જીવો પાસેથી પ્રત્યુપકારની લિપ્સા હોત તો જે જીવોને ઉપકાર કરવાથી તેમના પાસેથી પોતાને કોઈ ફળ મળશે તેને સામે રાખીને જ સૂત્રની રચના કરત, પરંતુ પ્રાજ્ઞ એવા ગણધરોએ જોયું કે યોગ્ય પણ ઘણા જીવોને સિંહની ઉપમા દ્વારા જ ભગવાનના ગુણોની તે પ્રકારની ઉપસ્થિતિ થવાથી નિર્જરાની પ્રાપ્તિ થશે, માટે ગણધરોએ સિંહ પશુ છે તેમ વિચારીને તેની ઉપમા ન અપાય તેમ વિચાર કર્યો નહિ, પરંતુ સર્વ યોગ્ય જીવોને યોગ્યતા અનુસાર ઉપકાર થાય તેને સામે રાખીને જ પ્રસ્તુત સૂત્ર રચેલ છે, આથી જ આ સૂત્ર મહાગંભીર છે; કેમ કે સર્વ યોગ્ય જીવોને કઈ રીતે અધિક અધિક ઉપકાર થઈ શકે તેના પરમાર્થનો યથાર્થ નિર્ણય કરીને તે પ્રકારે રચના કરી છે, અન્ય યોગ્ય ઉપદેશક ગણધરો જેવા પ્રાજ્ઞ નહિ હોવાથી એ પ્રકારે વ્યાપક ઉપકારને લક્ષમાં રાખીને સૂત્ર રચના કરી શકે નહિ, માટે પ્રસ્તુત સૂત્ર મહાગંભીર છે.

વળી, પ્રાજ્ઞ એવા ગણધરો વડે રચાયેલું હોવાથી સકલ ન્યાયનો આકર છે=તત્ત્વને સ્પર્શનારી બધી યુક્તિઓ પ્રસ્તુત સૂત્રથી મળે છે, આથી જ પ્રસ્તુત સૂત્રની સંપદાઓ વગેરે પણ તે પ્રકારે અનેક યુક્તિઓથી સભર છે, તેથી પદાર્થના નિરૂપણમાં જે જે પ્રકારની યુક્તિઓની અપેક્ષા હોય તે સર્વ યુક્તિઓ પ્રસ્તુત સૂત્રથી પ્રાપ્ત થાય છે, માટે પ્રસ્તુત સૂત્ર સકલ યુક્તિઓની ખાણરૂપ છે.

વળી, જે જીવો મોક્ષમાં જવાની યોગ્યતાવાળા છે તે ભવ્યજીવોને ગુણોનો પક્ષપાત હોય છે, તેથી અત્યંત ગુણસંપન્ન વ્યક્તિથી કરાયેલ અને ગુણોના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શે તેવું પ્રસ્તુત સૂત્ર હોવાથી ભવ્યજીવોને અત્યંત પ્રમોદનું કારણ બને છે, આથી જ જે યોગ્ય જીવો છે તેઓ સ્વશક્તિ અનુસાર પ્રસ્તુત સૂત્રના અર્થોને યથાર્થ જાણે છે તેનાથી ભગવાનના ગુણોનો જે પ્રકારે યથાર્થ બોધ થાય છે તે પ્રકારે પ્રમોદનું કારણ પ્રસ્તુત સૂત્ર તેઓ માટે બને છે, ફક્ત મૂઢ જીવોને જ પ્રતિદિન સૂત્ર બોલવા છતાં પણ તે સૂત્રોના પરમાર્થને જાણવાની જિજ્ઞાસા માત્ર પણ થતી નથી, આથી જ મહાગંભીર એવા તે સૂત્રના ફળને લેશ પણ પામી શકતા નથી.

વળી, પ્રસ્તુત સૂત્ર પરમ આર્ષરૂપ છે અર્થાત્ ઋષિપ્રણીત અત્યંત પ્રમાણભૂત છે; કેમ કે ઋષિઓ ક્યારે

પણ વસ્તુની વાસ્તવિકતાનો અપલાપ કરતા નથી અને કોઈના ગુણોના વર્ણનમાં અતિશયોક્તિથી કથન પણ કરતા નથી અને તેવા ઋષિ ગણધરો હતા, તેથી પ્રસ્તુત સૂત્ર પ્રમાણભૂત છે, વળી ભગવાનના ગુણોનો લેશ પણ અપલાપ કરનાર કે મિથ્યા ગુણના આરોપણરૂપ પ્રસ્તુત સૂત્ર નથી અને જેઓ ગણધરો જેવા પ્રાજ્ઞ ઋષિ નથી તેઓ પોતાની મંદબુદ્ધિમાં અધિકબુદ્ધિના ભ્રમને કારણે કોઈના ગુણોનું વર્ણન કરે ત્યારે વાસ્તવિકતાના અપલાપને કરનારાં તેઓનાં વચનો બને છે તેવા પુરુષોના વચનો ક્યારેય આર્ષ બને નહિ, પરંતુ પ્રસ્તુત સૂત્ર તો પરમ આર્ષ છે. માટે અત્યંત પ્રમાણભૂત છે.

વળી, અન્ય જીવોને કોઈના ગુણોનું નિરૂપણ કઈ રીતે કરવું જોઈએ તેમાં પ્રસ્તુત સૂત્ર દૃષ્ટાંત છે; કેમ કે ગણધરોએ સ્વપ્રજ્ઞાથી જે પ્રકારના ભગવાનના ગુણો જોયા છે તે ગુણોનો યોગ્ય જીવોના યથાર્થ બોધ કરાવવા માટે જે રીતે સુબદ્ધરૂપે બતાવ્યા છે તે રીતે જ કોઈના પણ ગુણોને અભિવ્યક્ત કરવા જોઈએ, માટે જે પ્રકારે ગણધરોએ ભગવાનના વાસ્તવિક ગુણોને યથાર્થ જોઈને સૂત્રમાં નિબદ્ધ કર્યા છે, તે રીતે જ મારે પણ યોગ્ય જીવોના ગુણોને જોઈને યથાર્થ નિબદ્ધ કરવા જોઈએ એ પ્રકારનું દૃષ્ટાંત પ્રસ્તુત સૂત્ર પૂરું પાડે છે; કેમ કે મારે કોઈના ગુણગાન કરવાં છે તેવી બુદ્ધિથી તેમનાં ગુણગાન કરવાં માટે માત્ર સારા શબ્દોને ગ્રહણ કરીને તે તે શબ્દો દ્વારા તેમનું કથન કરવાથી વાસ્તવિક તેમના ગુણોનો બોધ થતો નથી, પરંતુ મિથ્યા પ્રલાપરૂપ થવાથી સ્વ-પરના અહિતનું જ કારણ બને છે.

આથી ભગવાનને પુરુષસિંહની ઉપમા આપી તે ન્યાય્ય છે; કેમ કે આ પ્રકારની ઉપમાથી જ યોગ્ય જીવોને વ્યાપક ઉપકાર થાય છે, યોગ્ય જીવોને સૂત્રની ગંભીરતાનો બોધ થાય છે, આથી જ ગણધરોએ ભગવાનને પુરુષસિંહની ઉપમા આપેલ છે. ॥૭॥

અવતરણિકા :-

एते चाविरुद्धधर्म्माध्यासितवस्तुवादिभिः सुचारुशिष्यैः विरुद्धोपमाऽयोगेनाभिन्नजातीयोपमार्हा एवाभ्युपगम्यन्ते; 'विरुद्धोपमायोगे तद्धर्मापत्त्या तदवस्तुत्वमितिवचनात्।' एतद्व्यपोहायाह –

અવતરણિકાર્થ :-

અને આ અવિરુદ્ધ ધર્મથી અધ્યાસિત વસ્તુને કહેનારા=વિરુદ્ધ ધર્મથી યુક્ત વસ્તુને કહેવી ઉચિત નથી પરંતુ અવિરુદ્ધ ધર્મથી યુક્ત વસ્તુને કહેવી ઉચિત છે એ પ્રકારનું કહેનારા, સુચારુ શિષ્યો વડે વિરુદ્ધ ઉપમાના અયોગથી અભિન્નજાતીય ઉપમાયોગ્ય જ ભગવાન ઇચ્છાય છે; કેમ કે વિરુદ્ધ ઉપમાના યોગમાં તેના ધર્મની આપત્તિ હોવાને કારણે તેનું અવસ્તુપણું છે અર્થાત્ તે સ્વરૂપે તે વસ્તુ નહિ હોવાથી તેનું અવસ્તુપણું છે એ પ્રકારે વચન છે, આના વ્યપોહ માટે=સુચારુ શિષ્યો વડે કરાયેલા કથનના નિરાકરણ માટે, કહે છે –

પંજિકા :-

'एते च' इत्यादि-एते च पूर्वसूत्रोक्तगुणभाजोऽपि.... 'अभिन्नजातीयोपमार्हा एवेष्यन्ते' इति योगः।

कैरित्याह अविरुद्धैः=एकजातीयैः, धर्म्मैः=स्वभावैः, अध्यासितं=आक्रान्तं, वस्तु=उपमेयादि, वदितुं शीलं येषां ते तथा तैः, सुचारुशिष्यैः=प्रवादिविशेषान्तेवासिभिः, विरुद्धोपमाऽयोगेन, विरुद्धायाः-उपमेयापेक्षया विजातीयायाः पुण्डरीकादिकाया उपमायाः=उपमानस्य, अयोगेन=अघटनेन, किमित्याह 'अभिन्न....' इत्यादि, अभिन्नजातीयाया एव=भगवत्तुल्यमनुष्यान्तररूपाया(एव) उपमायाः अर्हाः=योग्याः, इष्यन्ते= अभ्युपगम्यन्ते। कुतः ? इत्याह 'विरुद्ध....' इत्यादि, विरुद्धोपमायाः=पुण्डरिकादिरूपायाः, योगे=संबन्धे, तद्धर्म्मापत्त्या=विजातीयोपमाधर्म्मापत्त्या, ('तदवस्तुत्वं') तस्य=उपमेयस्य अर्हदादिलक्षणस्य, अवस्तुत्वं तादृशधर्म्मिणो वस्तुनोऽसम्भवात्, इतिवचनाद्=एवंरूपाऽगमात्।

न च वक्तव्यं, 'पूर्वसूत्रेणैवैतत्सूत्रव्यवच्छेद्याभिप्रायस्य सिंहोपमाया अपि विजातीयत्वेन व्यवच्छिन्नत्वात्, किमर्थमस्योपन्यासः इति?' तस्य निरुपमस्तव इत्येतावन्मात्रव्यवच्छेदकत्वेन चरितार्थस्य विवक्षितत्वात्।

पंजिकार्थ :-

'एते च' ..... विवक्षितत्वात् ।। 'एते च' इत्यादि ललितविस्तरानुं प्रतीक छे, आ पण=पूर्वसूत्रमां कहेवायेला गुणवाळा पण='पुरिसवरपुंडरीआणं' शब्दथी पूर्वना भागथी सूत्रमां कहेवायेला गुणवाळा पण, भगवान अभिन्नजातीय उपमा योग्य ज ईच्छाय छे=भगवान मनुष्य छे तेथी मनुष्यजातिनी उपमाथी ज कहेवा योग्य ईच्छाय छे ए प्रमाणे योग छे=ललितविस्तरामां संबंध छे.

कोना वडे ईच्छाय छे ? एथी कहे छे –

अविरुद्ध=एकजातीय, धर्मोथी=स्वभावोथी; अध्यासित=आक्रांत, वस्तु=उपमेयादि वस्तु, कहेवानो स्वभाव छे जेओने ते तेवा छे=अविरुद्धधर्म अध्यासित वस्तुवादी छे तेवा सुचारु शिष्यो वडे=प्रवादि-विशेषना अन्तेवासी वडे, विरुद्ध उपमानो अयोग होवाथी=विरुद्ध अर्थात् उपमेयनी अपेक्षाए विजातीय अर्थात् उपमेय एवा भगवाननी अपेक्षाए पुंडरीक एकेन्द्रिय होवाथी विजातीय एवा पुंडरीक आदिनी उपमाननो अयोग होवाथी अर्थात् अघटन होवाथी, शुं एथी कहे छे – अभिन्नजातीय ज=भगवानतुल्य मनुष्यांतररूप अभिन्नजातीयवाळी ज, उपमाने योग्य ईच्छाय छे=सुचारु शिष्यो वडे ईच्छाय छे.

कया कारणथी ? एथी कहे छे –

विरुद्ध उपमाना=पुंडरीक आदि रूप विरुद्ध उपमाना, योगमां=संबंधमां, तद्धर्मनी आपत्ति होवाथी=विजातीय उपमाना धर्मनी आपत्ति होवाथी=पुंडरीक आदि रूप एकेन्द्रिय जातिना धर्मनी आपत्ति होवाथी, तेनुं=अर्हदादि रूप उपमेयनुं, अवस्तुपणुं थाय; केम के तेवा धर्मवाळी वस्तुनो असंभव छे=पुंडरीक रूप एकेन्द्रिय धर्मवाळा अरिहंतरूप वस्तुनो असंभव छे, ए प्रकारनुं वचन होवाथी=आवा प्रकारनुं आगम होवाथी=विरुद्ध उपमाना योगमां तद्धर्मनी प्राप्ति छे एवा प्रकारनुं आगम होवाथी, भगवानने पुंडरीकनी उपमा योग्य नथी एम सुचारु शिष्यो कहे छे एम अन्वय छे.

અને કહેવું નહિ, શું કહેવું નહિ ? એથી કહે છે –

આ સૂત્રથી વ્યવચ્છેદ્ય એવા અભિપ્રાયનું=પુરુષ સિવાય અન્યની ઉપમા ન અપાય એ પ્રકારના આ સૂત્રથી વ્યવચ્છેદ્ય એવા અભિપ્રાયનું, સિંહની ઉપમાનું પણ વિજાતીયપણું હોવાને કારણે પૂર્વસૂત્રથી જ=પુરિસસીહાણં એ સૂત્રથી જ, વ્યવચ્છિન્નપણું હોવાથી શા માટે આનો ઉપન્યાસ છે?= સુચારુ શિષ્યોની માન્યતાના વ્યવચ્છેદ અર્થે 'પુરિસવર પુંડરીઆણં' સૂત્રનો ઉપન્યાસ છે ? એ પ્રમાણે ન કહેવું એમ 'ન ચ વક્તવ્ય'ની સાથે સંબંધ છે.

કેમ ન કહેવું ? તેમાં હેતુ કહે છે –

તેનું='પુરિસસીહાણં' સૂત્રનું, વિરુપમસ્તવ છે એટલા માત્રના વ્યવચ્છેદપણાથી=ઉપમાથી ગુણવાનનું સ્તવન થઈ શકે નહિ એટલી માત્ર સાંકૃતની જે માન્યતા હતી તેના વ્યવચ્છેદપણાથી, ચરિતાર્થનું વિવક્ષિતપણું છે.

ભાવાર્થ :-

સુચારુના શિષ્યો માને છે કે કોઈનું સ્વરૂપ ઉપમાથી બતાવવું હોય તો ભિન્નજાતીય ઉપમાથી બતાવી શકાય નહિ, પરંતુ સમાન જાતીયની ઉપમાથી બતાવી શકાય, જેમ ભગવાનને પુંડરીકની ઉપમા આપી ત્યાં ભગવાન પુંડરીક જેવા એકેન્દ્રિય જાતિવાળા નથી, પરંતુ પંચેન્દ્રિય જાતિવાળા છે અને મનુષ્ય જાતિવાળા છે, તેથી ભગવાન જેવા મનુષ્ય જાતિવાળા કોઈકની ઉપમાથી ભગવાનનું સ્વરૂપ બતાવી શકાય, પરંતુ ભિન્ન જાતીય એકેન્દ્રિય એવા કમળની ઉપમાથી ભગવાનનું સ્વરૂપ બતાવી શકાય નહિ; કેમ કે તેમ કહેવાથી ભગવાનમાં વિરુદ્ધ ઉપમાના યોગને કારણે એકેન્દ્રિયપણાના ધર્મની આપત્તિ હોવાથી ભગવાન તેવા નથી તેવી ઉપસ્થિતિ થવાથી પુરિસવરપુંડરીઆણં શબ્દ દ્વારા અવસ્તુની જ પ્રાપ્તિ થાય; કેમ કે પુંડરીકના બોધના વિષયભૂત એકેન્દ્રિયધર્મ ભગવાનમાં સાક્ષાત્ દેખાતો નથી, માટે ભગવાનને પુરુષવરપુંડરીકની ઉપમા આપવી ઉચિત નથી અર્થાત્ અવિરુદ્ધ ધર્મથી અધ્યાસિત વસ્તુને જ વસ્તુસ્વરૂપે કહી શકાય અને ભગવાનમાં એકેન્દ્રિયપણું નહિ હોવાથી પુરિસવરપુંડરીઆણં એમ કહેવાથી એકેન્દ્રિયરૂપ વિરુદ્ધ ધર્મથી ભગવાન અધ્યાસિત છે તેમ પ્રાપ્ત થાય અને ભગવાન એકેન્દ્રિય ધર્મવાળા નથી, માટે ભગવાનને પુરિસવર-પુંડરીઆણં એ ઉપમા આપવી ઉચિત નથી તેમ સિદ્ધ થાય, તેના વ્યપોહ માટે=સુચારુ શિષ્યોના કથનના નિરાકરણ માટે, ભગવાનને પુરુષવરપુંડરીક કહેલ છે.

અહીં પંજિકામાં શંકા કરેલ છે કે 'પુરિસસીહાણં' પદથી જ સિંહની ઉપમા આપી શકાય તેમ સિદ્ધ કર્યું, તેનાથી જ સુચારુ શિષ્યના મતનું પણ નિરાકરણ થઈ જાય છે; સિંહની ઉપમા મનુષ્યની ઉપમા નથી, તેથી હીન જાતિવાળા પશુની ઉપમાથી ભગવાનનું સ્વરૂપ કહી શકાય છે તેમ ભિન્ન જાતિવાળા કમળની ઉપમાથી પણ ભગવાનનું સ્વરૂપ કહી શકાય છે તેમ અર્થથી સિદ્ધ થાય છે, આમ છતાં લલિતવિસ્તરામાં સિંહની ઉપમાથી સાંકૃતવાદીના મતનું નિરાકરણ કર્યું તેમ કહ્યા પછી પુંડરીકની ઉપમા દ્વારા સુચારુ શિષ્યોના મતનું નિરાકરણ કરાય છે તેમ કેમ કહ્યું ? તેની સ્પષ્ટતા કરતાં પંજિકાકાર કહે છે –

સાંકૃત મતવાળા ભગવાનને ઉપમાથી ન કહી શકાય, પરંતુ ભગવાનનું જે સ્વરૂપ હોય તે સ્વરૂપથી જ બોધ કરાવવો જોઈએ તેમ માને છે, તેથી ભગવાનનું નિરુપમ સ્તવ જ થઈ શકે તેમ માને છે, તેનું નિરાકરણ પુરિસસીહાણં પદથી થાય છે અને સુચારુ શિષ્યોના મતનું નિરાકરણ પુરિસસીહાણં પદથી થતું હોવા છતાં ફરી પુરિસવરપુંડરીઆણં પદથી કરેલ છે.

તેથી એ ફલિત થાય કે સિંહની ઉપમા દ્વારા યોગ્ય જીવોના ઉપકાર માટે ભગવાનના સ્વરૂપનો બોધ કરાવવો જેમ ઉચિત છે તેમ પુંડરીકની ઉપમાથી ભગવાનના સ્વરૂપનો બોધ જેઓને શીઘ્ર થઈ શકે તેમ છે તેવા યોગ્ય જીવોના ઉપકાર માટે ભગવાનને શ્રેષ્ઠ પુંડરીકની ઉપમા આપવી તે પણ યોગ્ય જ છે; કેમ કે ઘણા યોગ્ય જીવોને પુંડરીકના સ્વરૂપનો સ્પષ્ટ બોધ હોય છે, તેથી તે ઉપમાથી ભગવાનના ગુણોનું કીર્તન કરવામાં આવે ત્યારે ભગવાનના પુંડરીક તુલ્ય શ્રેષ્ઠ સ્વરૂપથી તેઓને ભગવાનના સ્વરૂપની ઉપસ્થિતિ થાય છે અને તેના કારણે ભગવાન પ્રત્યેના ભક્તિના પ્રકર્ષને અનુરૂપ નિર્જરારૂપ ફળને પામે છે અને કોઈ વિવેકીપુરુષને ભગવાન એકેન્દ્રિય છે તે સ્વરૂપે પુરિસવરપુંડરીઆણં શબ્દથી પ્રાયઃ ઉપસ્થિત થતા નથી, માટે સુચારુ શિષ્યની માન્યતા છે કે વિરુદ્ધ ઉપમા ભગવાનને આપી શકાય નહિ, તેના નિરાકરણ માટે કહે છે–

સૂત્ર :–

पुरिसवरपुंडरीआणं ।।८।।

સૂત્રાર્થ :–

ભગવાન પુંડરીક જેવા અનેક ગુણોથી યુક્ત છે, માટે પુરુષવરપુંડરીક છે, પુરુષોમાં શ્રેષ્ઠ કમળ સમાન ભગવાનને નમસ્કાર થાઓ. ।।૮।।

ललितविस्तरा :–

पुरुषाः पूर्ववत्, ते वरपुण्डरीकाणीव संसारजलासङ्गादिना धर्म्मकलापेन पुरुषवरपुण्डरीकाणि, यथा पुण्डरीकाणि पङ्के जातानि, जले वर्धितानि, तदुभयं विहाय वर्तन्ते, प्रकृतिसुन्दराणि च भवन्ति; निवासो भुवनलक्ष्म्याः, 'हेतवः' चक्षुराद्यानन्दस्य, प्रवरगुणयोगतो विशिष्टतिर्यग्नरामरैः सेव्यन्ते, सुखहेतूनि च भवन्ति; तथैतेऽपि भगवन्तः कर्म्मपङ्के जाताः, दिव्यभोगजलेन वर्द्धिताः, तदुभयं विहाय वर्त्तन्ते, सुन्दराश्चातिशययोगेन, निवासो गुणसंपदां, हेतवो दर्शनाद्यानन्दस्य, केवलादि-गुणभावेन भव्यसत्त्वैः सेव्यन्ते, निर्वाणनिबन्धनं च जायन्ते इति।

ललितविस्तरार्थ :–

પુરુષો પૂર્વની જેમ છે=દેહધારી હોય તે પુરુષ કહેવાય તેમ ભગવાન પણ મનુષ્યદેહધારી હોવાથી પુરુષ છે, તેઓ=ભગવાન, સંસારરૂપી જલથી અસંગ આદિ ધર્મકલાપ દ્વારા શ્રેષ્ઠ

પુંડરીક જેવા પુરુષવરપુંડરીક છે, જે પ્રમાણે કમળો કાદવમાં ઉત્પન્ન થયેલા છે, જલમાં વધેલા છે, તે ઉભયને છોડીને=કાદવ-જલ ઉભયને છોડીને, વર્તે છે અને પ્રકૃતિથી સુંદર હોય છે=કમળો પ્રકૃતિથી સુંદર હોય છે, ભુવનલક્ષ્મીનો નિવાસ છે, ચક્ષુ આદિના આનંદનો હેતુ છે, શ્રેષ્ઠગુણના યોગથી વિશિષ્ટ તિર્યંચ, મનુષ્ય અને દેવતાઓ વડે સેવાય છે અને સુખના હેતુઓ થાય છે.

તે પ્રમાણે=જે પ્રમાણે પુંડરીકના ગુણો છે તે પ્રમાણે, આ પણ ભગવાન, કર્મરૂપી કાદવમાં જન્મેલા છે, દિવ્ય ભોગરૂપી જલથી વધેલા છે, તે ઉભયને છોડીને=કર્મરૂપ કાદવ અને દિવ્ય ભોગરૂપ જલને છોડીને, વર્તે છે અને અતિશયના યોગથી સુંદર છે, ગુણસંપત્તિઓનું નિવાસસ્થાન છે, દર્શનાદિથી આનંદના હેતુ છે, કેવલાદિ ગુણના સદ્‌ભાવથી ભવ્યજીવો વડે સેવાય છે અને નિર્વાણનું કારણ થાય છે.

ભાવાર્થ :-

ભગવાનને શ્રેષ્ઠ પુંડરીકની ઉપમા કેમ આપી છે ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

જેમ કમળો કાદવમાંથી ઉત્પન્ન થાય છે, જલમાં વૃદ્ધિ પામે છે અને કાદવ અને જલને છોડીને તળાવમાં ઉપર દેખાય છે તેમ ભગવાન પણ કર્મરૂપ કાદવમાં જ ઉત્પન્ન થયા છે અને કર્મ આત્માને મલિન કરનારો પરિણામ છે, તેથી જ પૂર્વના ભવમાંથી ચ્યવીને કર્મરૂપી કાદવમાં ભગવાન ઉત્પન્ન થાય છે અને જન્મ્યા પછી ભગવાનનું શરીર દિવ્ય ભોગરૂપી જલથી વધે છે.

વળી, ભગવાન સંયમ ગ્રહણ કરે છે ત્યારે અસંગ પરિણામવાળા હોય છે, તેથી કર્મરૂપી કાદવને અને દિવ્ય ભોગરૂપી જલને છોડીને નિર્લેપ વર્તે છે.

વળી, ભગવાન સંયમ અવસ્થામાં હોય છે ત્યારે પણ નિર્મળ કોટીનાં ચાર જ્ઞાનવાળા હોય છે, અનેક લબ્ધિવાળા હોય છે, તેથી અતિશયના યોગવાળા હોવાથી અન્ય જીવો કરતાં સુંદર જણાય છે અને જ્યારે કેવલજ્ઞાન થાય છે ત્યારે તો સર્વ પ્રકારના અતિશયના યોગથી સુંદર જણાય છે, માટે જેમ કમળો પ્રકૃતિથી સુંદર છે તેમ ભગવાન પણ અતિશયના યોગથી સુંદર છે.

વળી, જેમ કમળો ભુવનલક્ષ્મીનો નિવાસ છે તેમ ભગવાન પણ ગુણસંપત્તિના નિવાસ છે, આથી જ ઔદાર્ય, ગાંભીર્ય આદિ અનેક ગુણોથી યુક્ત ભગવાન છે.

વળી, કમળો ચક્ષુ આદિ ઇન્દ્રિયોના આનંદના હેતુ છે અને સુગંધથી આનંદના હેતુ છે તેમ ભગવાન પણ દર્શનાદિથી આનંદના હેતુ છે=ભગવાનની સૌમ્ય મુદ્રા આદિ જોવા માત્રથી જોનારને આનંદ થાય છે, ભગવાનનો મધુર કંઠ શ્રવણમાત્રથી આનંદનો હેતુ બને છે, તેથી દર્શનથી, શ્રવણથી કે અન્ય રીતે પણ ભગવાન આનંદના હેતુ છે.

વળી, શ્રેષ્ઠ કમળો ઉત્તમ ગુણના યોગને કારણે વિશિષ્ટ એવા તિર્યંચ, મનુષ્ય અને દેવો વડે સેવાય છે, આથી જ નંદનવન આદિ વનોમાં તિર્યંચો, વિદ્યાધરો અને વ્યંતર આદિ જાતિના દેવો કમળોને સેવતા હોય છે, તેમ ભગવાનમાં કેવળજ્ઞાન આદિ ગુણો પ્રગટે છે ત્યારે ભગવાન પાસે સન્માર્ગને જાણવા માટે આવેલા

ભવ્યજીવો વડે ભગવાન સેવાય છે ત્યારે યોગ્ય એવા તિર્યંચો, મનુષ્યો અને દેવતાઓની પર્ષદાથી ભગવાન સદા સેવાતા દેખાય છે.

વળી, જેમ કમળો સેવનારના સુખના હેતુ થાય છે તેમ ભગવાન પણ યોગ્ય જીવોના નિર્વાણના કારણ બને છે, તેથી ભગવાન પૂર્ણ સુખમય જીવની અવસ્થાની પ્રાપ્તિનું કારણ થાય છે.

ललितविस्तरा :-

नैवं भिन्नजातीयोपमायोगेऽप्यर्थतो विरोधाभावेन यथोदितदोषसंभव इति, एकानेकस्वभावं च वस्तु, अन्यथा तत्तत्त्वासिद्धेः, सत्त्वामूर्त्तत्वचेतनत्वादिधर्म्मरहितस्य जीवत्वाद्ययोग इति न्यायमुद्रा, न सत्त्वमेवामूर्त्तत्वादि, सर्वत्र तत्प्रसङ्गात्; एवं च मूर्त्तत्वाद्ययोगः।

सत्त्वविशिष्टताऽपि न, विशेषणमन्तरेणातिप्रसङ्गात्, एवं नाभिन्ननिमित्तत्वाद् ऋते विरोध इति पुरुषवरपुण्डरीकाणि।।८।।

ललितविस्तरार्थ :-

આ રીતે=ભગવાનને પુરુષવરપુંડરીકની ઉપમા આપી એ રીતે, ભિન્નજાતીય ઉપમાના યોગમાં પણ=મનુષ્ય જાતિ કરતાં ભિન્નજાતીય એવા એકેન્દ્રિયની ઉપમાના યોગમાં પણ, અર્થથી વિરોધનો અભાવ હોવાને કારણે=શબ્દથી ભગવાન પુંડરીક નથી તેથી વિરોધ છે પરંતુ અર્થથી ભગવાન પુંડરીક સદૃશ ગુણવાળા છે તેથી વિરોધનો અભાવ હોવાને કારણે, યથા ઉદિત દોષનો સંભવ નથી=સુચારુ શિષ્યોએ કહેલું કે ભિન્નજાતીયની ઉપમા આપવાથી તદ્ધર્મની આપત્તિ હોવાને કારણે તેના અવસ્તુત્વની પ્રાપ્તિ છે એ રૂપ યથા ઉદિત દોષનો સંભવ નથી અને એક-અનેક સ્વભાવવાળી વસ્તુ છે; કેમ કે અન્યથા તેના તત્ત્વની અસિદ્ધિ છે=ભગવાનરૂપ વસ્તુ એક-અનેક સ્વભાવવાળી ન હોય તો વસ્તુના વસ્તુત્વની અસિદ્ધિ છે, સત્ત્વ-અમૂર્ત્તત્વ-ચેતનત્વ આદિ ધર્મ રહિતના જીવત્વાદિનો અયોગ છે એ ન્યાયમુદ્રા છે, સત્ત્વ જ અમૂર્ત્તત્વાદિ છે એમ ન કહેવું; કેમ કે સર્વત્ર તેનો પ્રસંગ છે=અમૂર્ત્તત્વ આદિનો પ્રસંગ છે, અને એ રીતે=સત્ત્વમાત્ર સ્વીકારવામાં આવે એ રીતે, મૂર્ત્તત્વાદિનો અયોગ છે.

સત્ત્વવિશિષ્ટતા પણ નથી; કેમ કે વિશેષણ વગર=ભેદક વગર, અતિપ્રસંગ છે, એ રીતે=વિચિત્ર રૂપવાળી વસ્તુ સિદ્ધ થયે છતે, અભિન્ન નિમિત્તપણાને છોડીને વિરોધ નથી, એથી પુરુષવરપુંડરીક ભગવાન છે. ।।૮।।

પંજિકા :-

'एकानेकस्वभावं (च)' चकारः प्रकृतोपमाऽविरोधभावनासूचनार्थः द्रव्यपर्यायरूपत्वात् (प्रत्यन्तरे रूपतया) वस्तु-जीवादि इति पक्षः, अत्र हेतुः- अन्यथा=एकानेकस्वभावमन्तरेण ('तत्तत्त्वासिद्धेः') तस्य=वस्तुनः,

तत्त्वं=वस्तुत्वं, तस्यासिद्धेः, एतद्भावनायैवाह- सत्त्वामूर्त्तत्वचेतनत्वादिधर्म्मरहितस्य, सत्त्व=सत्प्रत्ययाभिधानकारित्वं, अमूर्त्तत्वं=रूपादिरहितत्वं, चेतनत्वं=चैतन्यवत्त्वं, 'आदि'शब्दात् प्रमेयत्वप्रदेशवत्त्वादिचित्रधर्म्मग्रहः, तैः रहितस्य=अविशिष्टीकृतस्य, वस्तुनो जीवत्वाद्ययोगः=परस्परविभिन्नजीवत्वादिचित्ररूपाभावः, इति=एषा, न्यायमुद्रा=युक्तिमर्यादा वर्तते, प्रज्ञाधनैरपि परैरुल्लङ्घितुमशक्यत्वात्। ननु सत्त्वरूपानतिक्रमादमूर्त्तत्वादीनां, कथं सति सत्त्वे जीवत्वाद्ययोग इत्याशङ्क्याह न=नैव, सत्त्वमेव=शुद्धसङ्ग्रहनयाभिमतं सत्तामात्रमेव, अमूर्त्तत्वादि=अमूर्त्तत्वचैतन्यादि जीवादिगतं, कुत इत्याह- सर्वत्र=सत्त्वे घटादौ, तत्प्रसङ्गात्=अमूर्त्तत्वचैतन्यादिप्राप्तेः, सत्त्वैकरूपात् सर्वथाऽव्यतिरेकात्, यदि नामैवं ततः किम्? इत्याह एवं च=सत्त्वमात्राभ्युपगमे च मूर्त्तत्वाद्ययोगो=मूर्त्तत्वाचैतन्याद्यभावः, तद्भावे च तत्प्रतिपक्षरूपत्वादमूर्त्तत्वादीनामप्यभावः प्रसजति, तथा च लोकप्रतीतिबाधा।

अत्रैव मतान्तरं निरस्यन्नाह—

'सत्त्वविशिष्टतापि न' विशिष्टं=स्वपरपक्षव्यावृत्तं, सत्त्वमपि-बौद्धाभिमतं, न=नैव, अमूर्त्तत्वादि, इत्यनुवर्तते, अविशिष्टं सत्त्वं प्रागुक्तयुक्तेरमूर्त्तत्वादि न भवत्येवेति 'अपि' शब्दार्थः, कुत इत्याह- विशेषणं=भेदकम्, अन्तरेण=विना, अतिप्रसङ्गाद्=अतिव्याप्तेः, विशिष्टतायाः सत्त्वैकरूपे जीवे भेदकरूपान्तराभावे चेतनादिविशिष्टरूपकल्पनायाम्, अजीवेऽपि तत्कल्पनाप्राप्तेरिति, एवं=एकस्वभावे वस्तुन्यनेकदोषोपनिपातेन विचित्ररूपवस्तुसिद्धौ न विरोधोविजातीयोपमार्प्पितधर्म्मपरस्परनिराकरणलक्षणो, विजातीयोपमायोगेऽपि किं सर्वथा न? इत्याह— अभिन्ननिमित्तत्वादृते=अभिन्ननिमित्तत्वं विना, यदि ह्येकस्मिन्नेवोपमेयवस्तुगते धर्म्मे निमित्ते (सति) उपमा सदृशी विसदृशी च प्रयुज्येत, ततः स्यादपि विरोधो, न तु विसदृशधर्म्मनिमित्तासूपमास्वनेकास्वपि, पुरुषवरपुण्डरीकेत्यनेन सदृशी विसदृशी चोपमा सिद्धेति।।८।।

पंजिकार्थ :-

'एकानेकस्वभावं ..... सिद्धेति ।। 'एकानेकस्वभावं' प्रतीक छे — चकारः=ललितविस्तरामां 'एकानेकस्वभाव' पछी जे च छे ते प्रकृत उपमाना अविरोधनी भावनाना सूचनार्थवाळो छे='पुरुषवरपुंडरीक' शब्द द्वारा भगवान वस्तुरूपे एक छे अने पुंडरीकना जेवा अनेक गुणोवाळा होवाथी अनेक स्वभाववाळा छे ए प्रकारनी प्रकृतमां उपमा आपी ते अविरोध भावनाने सूचन करे छे; केम के द्रव्य-पर्यायरूपपणुं छे=भगवानरूप वस्तुनुं द्रव्य-पर्यायरूपपणुं छे, माटे भगवान द्रव्यथी एक छे अने पर्यायथी पुंडरीक जेवा अनेक स्वभाववाळा छे तेनुं सूचन 'च' कार करे छे एम संबंध छे.

वस्तु जीवादि ~~अे~~ पक्ष छे=ललितविस्तरामां कह्युं के एक-अनेक स्वभाववाळी वस्तु छे त्यां वस्तु शब्दथी जीवादि वस्तुने पक्षरूपे ग्रहण करेल छे, आमां हेतु कहे छे=वस्तुना एक-अनेक स्वभावने सिद्ध करवामां हेतु कहे छे — अन्यथा=एक-अनेक स्वभाव वगर=वस्तु कोईक अपेक्षाअे एक स्वभाववाळी तो कोईक अपेक्षाअे अनेक स्वभाववाळी स्वीकार्या वगर, तेनुं=वस्तुनुं, तत्त्व=वस्तुत्व,

તેની=વસ્તુત્વની, અસિદ્ધિ છે અર્થાત્ આ કથનથી અનુમાનનો આકાર આ પ્રમાણે પ્રાપ્ત થાય, જીવાદિ વસ્તુ પક્ષ છે, એક-અનેક સ્વભાવ સાધ્ય છે અને અન્યથા તત્તત્ત્વની અસિદ્ધિ હોવાથી એ હેતુ છે, તેથી એ પ્રાપ્ત થાય કે વસ્તુને એક-અનેક સ્વભાવવાળી ન સ્વીકારવામાં આવે તો વસ્તુના વસ્તુત્વની અસિદ્ધિ થાય અને વસ્તુ છે માટે વસ્તુ એક-અનેક સ્વભાવવાળી છે અર્થાત્ દ્રવ્યરૂપે એક છે અને પર્યાયરૂપે અનેક છે.

આના ભાવન માટે જ=વસ્તુને એક-અનેક સ્વભાવવાળી સ્વીકાર્યા વગર વસ્તુત્વની અસિદ્ધિ છે એના ભાવન માટે જ, કહે છે=લલિતવિસ્તરામાં કહે છે –

સત્ત્વ-અમૂર્ત્તત્વ-ચેતનત્વાદિ ધર્મરહિત વસ્તુના જીવત્વાદિનો અયોગ છે એમ અન્વય છે, સત્ત્વનો અર્થ સ્પષ્ટ કરે છે – સત્ પ્રત્યયના અભિધાનનું કારીપણું સત્ત્વ છે=વસ્તુને જોઈને આ છે એ પ્રકારની પ્રતીતિને કરાવનાર જે ધર્મ વસ્તુમાં છે તે ધર્મ સત્ત્વ છે, અમૂર્ત્તત્વ=રૂપાદિ રહિતપણું, ચેતનત્વ=ચૈતન્યવાનપણું, 'આદિ' શબ્દથી=લલિતવિસ્તરામાં 'सत्त्वामूर्त्तत्वचेतनत्वादि'માં રહેલા આદિ શબ્દથી, પ્રમેયત્વ પ્રદેશત્વ આદિ અનેક ધર્મોનું ગ્રહણ છે, તેનાથી=સત્ત્વાદિ અનેક ધર્મોથી, રહિતના= અવિશિષ્ટકૃત વસ્તુના, જીવત્વાદિનો અયોગ છે=પરસ્પર વિભિન્ન એવા જીવત્વાદિ ચિત્રરૂપનો અભાવ છે, આ ન્યાયમુદ્રા=યુક્તિની મર્યાદા વર્તે છે; કેમ કે પ્રજ્ઞાધન એવા પણ પર વડે=તર્ક કરવામાં કુશળ બુદ્ધિવાળા પણ એકાંતવાદીઓ વડે, ઉલ્લંઘન કરવા માટે અશક્યપણું છે=સત્ત્વાદિ ધર્મથી રહિત વસ્તુના જીવત્વાદિનો અયોગ છે એ પ્રકારની ન્યાયમુદ્રાને ઉલ્લંઘન કરી શકે તેમ નથી.

'ननु'થી શંકા કરે છે – અમૂર્ત્તત્વાદિના સત્ત્વરૂપનો અનતિક્રમ હોવાથી કેવી રીતે વિદ્યમાન સત્ત્વ હોતે છતે જીવત્વાદિનો અયોગ છે ? અર્થાત્ વિદ્યમાન સત્ત્વ હોતે છતે જીવત્વાદિનો અયોગ સ્વીકારી શકાય નહિ એ પ્રકારની આશંકા કરીને કહે છે=લલિતવિસ્તરામાં કહે છે –

સત્ત્વ જ=શુદ્ધ સંગ્રહ નય અભિમત સત્તામાત્ર જ, અમૂર્ત્તત્વાદિ=જીવાદિગત અમૂર્ત્તત્વ-ચેતનત્વ આદિ, નથી જ, કેમ=સત્ત્વ જ અમૂર્ત્તત્વાદિ કેમ નથી ? એથી હેતુ કહે છે –

સર્વત્ર=સત્ત્વ એવા ઘટાદિમાં, તેનો પ્રસંગ છે=અમૂર્ત્તત્વ-ચેતનત્વાદિની પ્રાપ્તિ છે.

કેમ સત્ત્વને જ અમૂર્ત્તત્વાદિ સ્વીકારીએ તો સર્વત્ર અમૂર્ત્તત્વાદિની પ્રાપ્તિ છે ? તેમાં હેતુ કહે છે –

સત્ત્વનું એકરૂપપણું હોવાથી સર્વથા અવ્યતિરેકની પ્રાપ્તિ થવાથી=દરેક પદાર્થમાં સત્ત્વની સાથે સર્વથા અમૂર્ત્તત્વ ચેતનત્વ આદિનો અવ્યતિરેક હોવાથી, ઘટાદિમાં પણ અમૂર્ત્તત્વાદિની પ્રાપ્તિ છે, જો એમ છે તેનાથી શું પ્રાપ્ત થાય ? એથી કહે છે=લલિતવિસ્તરામાં કહે છે – અને આ રીતે=સત્ત્વમાત્ર સ્વીકાર કરાયે છતે=જગતમાં સત્ત્વમાત્ર છે અન્ય કાંઈ નથી એમ સ્વીકાર કરાયે છતે, મૂર્ત્તત્વ-અચૈતન્ય આદિનો અભાવ થાય અને તેના અભાવમાં=ઘટાદિ વસ્તુમાં મૂર્ત્તત્વ અચૈતન્ય આદિના અભાવમાં, તેનું પ્રતિપક્ષરૂપપણું હોવાથી અમૂર્ત્તત્વાદિનો પણ અભાવ પ્રાપ્ત થાય અને તે રીતે=પદાર્થમાં સત્ત્વથી અતિરિક્ત મૂર્ત્તત્વ અચેતનત્વ અને તેના પ્રતિપક્ષભૂત અમૂર્ત્તત્વાદિનો પણ અભાવ સિદ્ધ

થાય તે રીતે, લોકપ્રતીતિની બાધા છે=લોકમાં પ્રતીતિ છે કે ઘટાદિ મૂર્ત્ત છે અને અચેતન છે આત્માદિ અમૂર્ત્ત છે અને ચેતન છે એ પ્રકારની લોકપ્રતીતિની બાધા છે.

આમાં જ=પૂર્વમાં કહ્યું કે સત્ત્વ જ અમૂર્ત્તત્વાદિ રૂપ છે, સત્ત્વથી અતિરિક્ત અમૂર્ત્તત્વાદિ નથી એ કથનમાં જ, મતાંતરને નિરાસ કરતાં કહે છે –

સત્ત્વવિશિષ્ટતા પણ નથી, વિશિષ્ટ=સ્વપરપક્ષ વ્યાવૃત્ત એવું, સત્ત્વ પણ બૌદ્ધ અભિમત અમૂર્ત્તત્વાદિ નથી જ, અમૂર્ત્તત્વાદિ આગળના કથનથી અનુવર્તન પામે છે તે બતાવવા માટે પંજિકામાં કહ્યું કે 'अमूर्त्तत्वादि इत्यनुवर्तते', અવિશિષ્ટ એવું સત્ત્વ પૂર્વમાં કહેલી યુક્તિથી અમૂર્ત્તત્વાદિ થતું નથી જ એ 'अपि' શબ્દનો અર્થ છે અર્થાત્ અવિશિષ્ટ સત્ત્વ તો અમૂર્ત્તત્વાદિ થતા નથી, પરંતુ સત્ત્વવિશિષ્ટતા પણ અમૂર્ત્તત્વાદિ થતા નથી એ પ્રકારે લલિતવિસ્તરામાં યોજન છે.

કેમ સત્ત્વવિશિષ્ટતા પણ અમૂર્ત્તત્વાદિ થતા નથી ? એથી કહે છે –

વિશેષણ વગર=ભેદક વગર=સત્ત્વથી અમૂર્ત્તત્વાદિના ભેદક વગર, અતિપ્રસંગની પ્રાપ્તિ છે= અતિવ્યાપ્તિની પ્રાપ્તિ છે=જેમ ઘટમાં રહેલા સત્ત્વથી મૂર્ત્તત્વ અચેતનત્વ આદિનો ભેદ કરનાર કોઈ ન હોય તો ઘટના જેવું સત્ત્વ જીવમાં છે તેથી જીવમાં રહેલા સત્ત્વના બળથી જીવમાં પણ મૂર્ત્તત્વ અને અચેતનત્વના સ્વીકારનો અતિપ્રસંગ આવે.

પૂર્વમાં કહ્યું કે ભેદક વગર અતિપ્રસંગની પ્રાપ્તિ છે અર્થાત્ ઘટની જેમ જીવમાં પણ મૂર્ત્તત્વ અચેતનત્વ માનવાના અતિપ્રસંગની પ્રાપ્તિ છે તેના નિવારણ માટે કોઈક કહે તો શું દોષ પ્રાપ્ત થાય ? તે બતાવે છે –

વિશિષ્ટતાથી સત્ત્વ એકરૂપ હોતે છતે જીવમાં ભેદક રૂપાંતરનો અભાવ હોતે છતે ચેતનાદિ વિશિષ્ટરૂપ કલ્પના કરાયે છતે=ચેતનાદિ વિશિષ્ટરૂપ સત્ત્વ જીવમાં છે એ પ્રમાણે કલ્પના કરાયે છતે, અજીવમાં પણ તેની કલ્પનાની પ્રાપ્તિ છે=ચેતનાદિ વિશિષ્ટ સત્ત્વની કલ્પનાની પ્રાપ્તિ છે.

આ રીતે=પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું એ રીતે, એક સ્વભાવવાળી વસ્તુમાં અનેક દોષનો ઉપનિપાત હોવાથી વિચિત્ર રૂપ વસ્તુ સિદ્ધ થયે છતે વિરોધ નથી=વિજાતીય ઉપમાથી અર્પિત ધર્મનો પરસ્પર નિરાકરણરૂપ વિરોધ નથી. વિજાતીય ઉપમાના યોગમાં પણ શું સર્વથા વિરોધ નથી ? એથી કહે છે –

અભિન્નનિમિત્તપણાને છોડીને વિરોધ નથી=ભગવાન કમળ સાથે અભિન્ન એ પ્રકારના નિમિત્તને છોડીને ભગવાનને કમળની ઉપમા આપી તેમાં વિરોધ નથી, જો એક જ ઉપમેય વસ્તુગત ધર્મ નિમિત્ત હોતે છતે સદૃશ અથવા વિસદૃશ ઉપમા પ્રયોગ કરાય છે તો વિરોધ થાય પણ, પરંતુ વિસદૃશ ધર્મ નિમિત્તવાળી અનેક પણ ઉપમા હોતે છતે વિરોધ નથી, પુરુષવરપુંડરીક એ કથન દ્વારા સદૃશ અને વિસદૃશ ઉપમા સિદ્ધ છે. ॥૮॥

ભાવાર્થ :-

પૂર્વમાં પુંડરીકની ઉપમા દ્વારા ભગવાન કઈ રીતે પુંડરીક સદૃશ ધર્મવાળા છે તેનું સ્થાપન કર્યું, એ રીતે

સ્થાપન કરવાથી મનુષ્યજાતિથી ભિન્ન એકેન્દ્રિય જાતિની ઉપમાનો ભગવાનમાં યોગ થયો અને ભગવાન એકેન્દ્રિય નથી, તેથી સ્થૂલબુદ્ધિથી વિચારીએ તો શબ્દથી વિરોધ જણાય; કેમ કે ભગવાન પંચેન્દ્રિય છે અને કમળ એકેન્દ્રિય છે, તેથી ભગવાન કમળ જેવા છે તેમ કહી શકાય નહિ, પરંતુ અર્થથી પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે વિરોધ નથી; કેમ કે ભગવાન પુંડરીક જેવા છે તે કથન દ્વારા પુંડરીકની જેમ કાદવમાં થયા છે ઇત્યાદિ ધર્મોની જ ઉપસ્થિતિ કરાય છે, પરંતુ એકેન્દ્રિય ધર્મની ઉપસ્થિતિ ભગવાનમાં કરાતી નથી, તેથી તે વચન દ્વારા ભગવાનના સ્વરૂપના બોધમાં વિરોધનો અભાવ પ્રાપ્ત થાય છે, માટે સુચારુ શિષ્ય જે દોષ આપે છે તે દોષનો સંભવ નથી; કેમ કે જો પુરિસવરપુંડરીઆણં શબ્દ દ્વારા ભગવાનની એકેન્દ્રિયરૂપે ઉપસ્થિતિ થાય તો સુચારુ શિષ્ય કહે છે તેવા દોષની પ્રાપ્તિ થાય, પરંતુ બોધ કરનારા જીવોને 'પુરિસવર-પુંડરીઆણં' શબ્દથી ભગવાન એકેન્દ્રિય છે તેવી ઉપસ્થિતિ થતી નથી, માટે સાચારુ શિષ્યએ કહેલા દોષની પ્રાપ્તિ નથી.

વળી, ભગવાનને પુંડરીકની ઉપમા આપવાથી ભગવાન દ્રવ્યરૂપે એક છે અને પર્યાયરૂપે અનેક છે એ પ્રકારે સિદ્ધ થાય છે અને તે રીતે જગતમાં સર્વવસ્તુ એક-અનેક સ્વભાવવાળી છે તે બતાવવા માટે કહે છે.

વસ્તુતઃ કેટલાક વાદીઓ સ્થૂલથી પદાર્થને જોનારા હોય છે, તેથી તેઓને વસ્તુ એક સ્વભાવવાળી છે તેમ કહ્યા પછી તે જ વસ્તુ અનેક સ્વભાવવાળી છે તેમ કહેવામાં વિરોધ જણાય છે, તેથી સામાન્ય રીતે દરેક વસ્તુ એક-અનેક સ્વભાવવાળી જ છે તેમ ભગવાનરૂપ વસ્તુ પણ એક-અનેક સ્વભાવવાળી છે તેમ બતાવીને સ્યાદ્વાદ જ સ્વીકારવો યુક્તિયુક્ત છે તે સ્થાપન કરવા અર્થે કહે છે – તેમાં અનુમાન કરતાં કહે છે–

જીવાદિ વસ્તુ એક-અનેક સ્વભાવવાળી છે, અન્યથા તત્ત્વની અસિદ્ધિ છે=જીવાદિ વસ્તુને એક-અનેક સ્વભાવવાળી સ્વીકારવામાં ન આવે તો વસ્તુના વસ્તુત્વની અસિદ્ધિ છે, આનાથી શું ફલિત થાય તે સ્પષ્ટ કરતાં કહે છે –

સત્ત્વ, અમૂર્ત્તત્વ, ચેતનત્વ આદિ ધર્મ રહિત વસ્તુના જીવત્વાદિનો અયોગ છે એ ન્યાયમુદ્રા છે અર્થાત્ અનુમાનથી એ ન્યાય સિદ્ધ થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સત્ત્વરૂપે સર્વ વસ્તુ એક સ્વભાવવાળી છે તોપણ તે સત્ત્વ સ્વભાવવાળી વસ્તુમાં સત્ત્વથી અતિરિક્ત અમૂર્ત્તત્વ ચેતનત્વાદિ ધર્મો પણ છે, તેથી તે વસ્તુને જીવ-અજીવ આદિ રૂપે કહેવાય છે, જો દરેક વસ્તુમાં માત્ર સત્ત્વ જ હોત, અન્ય કોઈ ધર્મ ન હોત તો સર્વ વસ્તુ એક સ્વભાવવાળી છે તેમ કહી શકાય, પરંતુ સત્ત્વ ધર્મવાળી જ કેટલીક વસ્તુ અમૂર્ત્તત્વ ધર્મવાળી છે, ચેતનત્વ ધર્મવાળી છે, તેથી તે વસ્તુને જીવ કહેવાય છે, વળી, કેટલીક વસ્તુમાં સત્ત્વ ધર્મ છે, તો વળી, મૂર્ત્તત્વ અચેતનત્વ આદિ ધર્મો છે, તેથી તેને અજીવ કહેવાય છે, તેથી દરેક વસ્તુ સત્ત્વરૂપે એક સ્વભાવવાળી હોવા છતાં અન્ય અન્ય ધર્મોવાળી પણ હોવાથી અનેક સ્વભાવવાળી પણ છે, આથી જ જીવ સત્ત્વ સ્વભાવવાળો છે, તેથી એક સ્વભાવવાળો છે, વળી, અમૂર્ત્તત્વ, ચેતનત્વ, અનેક પ્રદેશત્વ આદિ ધર્મવાળો હોવાથી અનેક સ્વભાવવાળો

પણ છે, આથી જ ભગવાન પણ સત્ત્વ સ્વભાવરૂપે એક સ્વભાવવાળા હોવા છતાં પુંડરીકના જેવા અનેક ધર્મોવાળા હોવાથી અથવા સિંહ જેવા અનેક ધર્મોવાળા હોવાથી અનેક સ્વભાવવાળા પણ છે અને જે વસ્તુમાં એક-અનેક સ્વભાવ ન હોય તેવી વસ્તુમાં વસ્તુત્વની અસિદ્ધિ છે, જેમ શશશૃંગમાં એક સ્વભાવ પણ નથી, અનેક સ્વભાવ પણ નથી, વળી, માત્ર એક સ્વભાવવાળી જ વસ્તુ છે અનેક સ્વભાવવાળી નથી એમ જેઓ માને છે તે મતની યુક્તિ બતાવીને તેનું નિરાકરણ કરતાં કહે છે –

જેઓ વસ્તુને એક સ્વભાવવાળી જ માને છે તેઓ કહે છે કે પદાર્થમાં રહેલું સત્ત્વ જ અમૂર્ત્તત્વાદિરૂપ છે, તેથી આત્મામાં જે સત્ત્વ દેખાય છે એ સત્ત્વ જ અમૂર્ત્તત્વ ચેતનત્વાદિ સ્વરૂપ છે, પરંતુ સત્ત્વથી અતિરિક્ત અમૂર્ત્તત્વ, ચેતનત્વરૂપ વસ્તુ નથી, જેમ ઘટ અને પટ બે જુદા દેખાય છે તેમ દેખાતી વસ્તુમાં જે સત્ત્વ દેખાય છે તેનાથી અતિરિક્ત અમૂર્ત્તત્વ, ચેતનત્વ આદિ દેખાતું નથી, માટે સત્ત્વરૂપ જ વસ્તુ છે, તેથી વસ્તુ એક સ્વભાવવાળી છે અને અમૂર્ત્તત્વ, ચેતનત્વ આદિની પ્રતીતિ સત્ત્વ સ્વરૂપ જ છે તેને ગ્રંથકારશ્રી કહે છે–

એમ ન કહેવું; કેમ કે સત્ત્વ જ અમૂર્ત્તત્વાદિ રૂપ હોય તો સર્વત્ર=જ્યાં જ્યાં સત્ત્વ છે ત્યાં ત્યાં, અમૂર્ત્તત્વાદિની પ્રાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થાય, વસ્તુતઃ સત્ત્વ જેમ જીવમાં દેખાય છે તેમ ઘટ-પટાદિમાં પણ દેખાય છે, પરંતુ ત્યાં અમૂર્ત્તત્વ-ચેતનત્વાદિ નથી અને જીવમાં સત્ત્વ દેખાય છે અને અમૂર્ત્તત્વ-ચેતનત્વાદિ પણ દેખાય છે, માટે સત્ત્વને જ અમૂર્ત્તત્વાદિ સ્વીકારી શકાય નહિ.

વળી, સત્ત્વરૂપ જ અમૂર્ત્તત્વાદિ સ્વીકારીએ તો મૂર્ત્તત્વ, અચેતનત્વ પણ સત્ત્વરૂપ જ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારીએ તો જેમ આત્મામાં સત્ત્વ છે અને મૂર્ત્તત્વ, અચેતનત્વ નથી, છતાં સત્ત્વરૂપ જ મૂર્ત્તત્વ અને અચેતનત્વ સ્વીકારીએ તો આત્મામાં જેમ સત્ત્વ હોવા છતાં મૂર્ત્તત્વ અને અચેતનત્વનો અયોગ છે તેમ તેવા જ સત્ત્વવાળા ઘટાદિમાં પણ મૂર્ત્તત્વ, અચેતનત્વનો અયોગ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારીએ તો કેટલાક પદાર્થોમાં મૂર્ત્તત્વ આદિ ધર્મની પ્રાપ્તિ છે, તો કેટલાક પદાર્થોમાં અમૂર્ત્તત્વાદિ ધર્મની પ્રાપ્તિ છે તે લોકપ્રતીતિની બાધા થાય અને સત્ત્વરૂપ જ અમૂર્ત્તત્વાદિ સ્વીકારવામાં આવે તો સત્ત્વવાળા સર્વ પદાર્થોમાં અમૂર્ત્તત્વાદિ ધર્મો સર્વથા સમાન જ પ્રાપ્ત થવા જોઈએ અને લોકપ્રતીતિ અનુસાર સત્ત્વધર્મવાળા સર્વ પદાર્થો હોવા છતાં કેટલાક પદાર્થો મૂર્ત્તત્વાદિ ધર્મવાળા છે, તો કેટલાક પદાર્થો અમૂર્ત્તત્વાદિ ધર્મવાળા છે, તે પ્રકારની સર્વ લોકપ્રતીતિ અનુસાર વસ્તુ સત્ત્વરૂપે એક છે અને અમૂર્ત્તત્વાદિ ધર્મોથી અનેક સ્વરૂપવાળી છે એમ સ્વીકારવું જોઈએ, આ રીતે શુદ્ધસંગ્રહનય અભિમત સત્તામાત્રને સ્વીકારનાર વસ્તુને એક સ્વભાવવાળી કહે છે તે મતનું નિરાકરણ કર્યું, હવે બૌદ્ધમત સત્ત્વની વિશિષ્ટતા સ્વીકારીને પણ વસ્તુને એક સ્વભાવવાળી સ્વીકારે છે તેનું નિરાકરણ કરવા માટે કહે છે –

બૌદ્ધ ~~માને છે કે~~ સર્વ પદાર્થોમાં સત્ત્વવિશિષ્ટતા છે=સ્વપર પક્ષથી વ્યાવૃત્ત એવું વિશિષ્ટ સત્ત્વ છે અર્થાત્ દરેક વસ્તુ પોતાના સ્વરૂપે છે અને પરસ્વરૂપે નથી તે રૂપ જ તેનું વિશિષ્ટ સત્ત્વ છે, પરંતુ વસ્તુ એક-અનેક ધર્મવાળી નથી, તેથી એ ફલિત થાય કે ઘટ અન્ય ઘટથી વ્યાવૃત્ત અને પટાદિથી પણ વ્યાવૃત્ત પ્રતીત થાય છે તેવું વિશિષ્ટ સત્ત્વ જ દરેક પદાર્થમાં છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વિશેષણ વગર=ભેદકરૂપ વિશેષણ વગર, અતિપ્રસંગદોષની પ્રાપ્તિ છે, આશય એ છે કે બૌદ્ધ મતાનુસાર સર્વ પદાર્થ ક્ષણસ્થિતિ ધર્મવાળા છે અને જે ક્ષણમાં તે ઉત્પન્ન થાય છે તે વખતે તેમાં સત્ત્વવિશિષ્ટતા છે, તેથી તે સત્ત્વવિશિષ્ટતા સ્વપક્ષની વ્યાવૃત્તિ કરે છે અને પરપક્ષની વ્યાવૃત્તિ કરે છે, તેથી સ્વપક્ષ અને પરપક્ષની વ્યાવૃત્તિ કરે તેવું વિશિષ્ટ સત્ત્વ તે તે પદાર્થમાં છે, માટે વસ્તુ એક સ્વભાવવાળી છે અનેક સ્વભાવવાળી નથી, તેમ બૌદ્ધ મત કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વર્તમાન ક્ષણમાં અનેક પદાર્થો વિદ્યમાન છે તે સર્વમાં સત્ત્વ સમાન છે છતાં અન્યના સત્ત્વ કરતાં કોઈ એક વસ્તુનું સત્ત્વ વિશિષ્ટ છે, તેથી તે વિશિષ્ટ સત્ત્વ વિશેષણરૂપ ભેદકના બળથી જ પ્રાપ્ત થાય છે, જો ભેદક કોઈ ન હોય તો સર્વ વિદ્યમાન વસ્તુમાં 'આ સત્ છે', 'આ સત્ છે' એ પ્રકારની સમાન જ પ્રતીતિ થવી જોઈએ, પરંતુ આ વસ્તુમાં રહેલું સત્ત્વ અન્યમાં રહેલા સત્ત્વ કરતાં જુદું છે તેમ સ્વીકારવામાં કોઈ ભેદક ધર્મ સ્વીકારવો પડે, તો જ તે પદાર્થમાં રહેલું વિશિષ્ટ સત્ત્વ સ્વપક્ષની અને પરપક્ષની વ્યાવૃત્તિ કરે છે તેમ સ્વીકારી શકાય અને તેવો ભેદક કોઈ ન હોય તો જેવું સત્ત્વ વિવક્ષિત વસ્તુમાં છે તેવું સત્ત્વ અન્ય વસ્તુમાં પણ છે તેવું માનવાનો અતિપ્રસંગ આવે અને તેમ સ્વીકારીએ તો જીવ-અજીવ આદિ સર્વ પદાર્થો માત્ર સત્ત્વવાળા છે તેવી પ્રતીતિ થવી જોઈએ અને તેવી પ્રતીતિ નથી છતાં તેવી વસ્તુ સ્વીકારવાનો અતિપ્રસંગ આવે.

આ કથનને જ પંજિકાકાર સ્પષ્ટ કરતાં કહે છે –

એક સ્વભાવવાળી વસ્તુમાં વિશિષ્ટતાનું સત્ત્વની સાથે એકરૂપપણું હોય તો જીવમાં અજીવ કરતાં ભેદક રૂપાંતરનો અભાવ હોતે છતે ચેતનાદિ વિશિષ્ટ સત્ત્વ એક સ્વરૂપ છે તેમ સ્વીકારવું પડે અને તેમ સ્વીકારવામાં અજીવમાં પણ ચેતનાદિ વિશિષ્ટ સત્ત્વની કલ્પનાની પ્રાપ્તિ થાય અને જીવમાં સત્ત્વ છે તેના કરતાં અજીવમાં વિલક્ષણ સત્ત્વ છે, એ પ્રકારની લોકપ્રતીતિ છે તેથી તે વિલક્ષણતાનો નિયામક જીવમાં ચેતનત્વ ધર્મ છે અને અજીવમાં અચેતનત્વ ધર્મ છે તેમ સ્વીકારવું જોઈએ, તેથી વસ્તુ સત્ત્વરૂપે એક સ્વભાવવાળી હોવા છતાં તે સત્ત્વના ભેદક એવા ચેતનત્વ, મૂર્ત્તત્વ આદિ અનેક સ્વભાવ તે વસ્તુમાં છે તેમ સ્વીકારવું જોઈએ, માટે બૌદ્ધદર્શનવાદી વિશિષ્ટ સત્ત્વ સ્વીકારીને વસ્તુને એક સ્વભાવવાળી સ્વીકારે છે, અનેક સ્વભાવવાળી સ્વીકારતો નથી તે યુક્તિયુક્ત નથી.

આ સર્વ કથનથી શું ફલિત થાય તે બતાવતાં કહે છે – પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે વસ્તુને એક સ્વભાવવાળી સ્વીકારવામાં અનેક દોષોની આપત્તિ છે, માટે વિચિત્રરૂપ વસ્તુ સિદ્ધ થાય છે, તેથી વિજાતીય ઉપમાથી અર્પિત ધર્મનો પરસ્પર નિરાકરણરૂપ વિરોધ નથી અર્થાત્ ભગવાનને કમળની ઉપમાના અર્પણ દ્વારા ભગવાનને કમળ કહેવાની આપત્તિ આવશે એ પ્રકારનો વિરોધ નથી; કેમ કે ભગવાન સત્ત્વરૂપે એક હોવા છતાં કમળ જેવા અનેક ગુણોવાળા પણ છે જ.

અહીં પ્રશ્ન થાય કે વિજાતીય ઉપમાના યોગમાં પણ શું સર્વથા વિરોધ નથી ? અર્થાત્ ભગવાન મનુષ્ય છે અને ઉપમા એકેન્દ્રિય એવા કમળની આપી, તેના યોગમાં શું સર્વથા વિરોધ નથી ? તેથી કહે છે –

અભિન્ન નિમિત્તત્વને છોડીને વિરોધ નથી અર્થાત્ સર્વથા ભગવાનને કમળ જેવા એકેન્દ્રિય સ્વીકારી લઈએ તો વિરોધ છે, પરંતુ તે સિવાય એકેન્દ્રિયની ઉપમા દ્વારા ભગવાનમાં જે અન્ય ગુણો કહ્યા તે ગુણો સ્વીકારવામાં કોઈ વિરોધ નથી, આ કથનને સ્પષ્ટ કરતાં પંજિકાકાર કહે છે –

જો એક જ ઉપમેય વસ્તુગત ધર્મ નિમિત્ત હોતે છતે ઉપમા સદૃશી કે વિસદૃશી કહેવામાં આવે તો વિરોધ થાય, જેમ પુંડરીક વસ્તુના સદૃશ ધર્મ દ્વારા ભગવાન પણ સર્વથા પુંડરીક સદૃશ જ છે તેમ કહેવામાં આવે તો વિરોધ થાય, વળી, કેટલીક વખત વિસદૃશ ઉપમા આપવામાં આવે છે ત્યાં પણ તે વસ્તુ સર્વથા તેનાથી વિસદૃશ નથી, પરંતુ અંતે સત્ રૂપે પણ સદૃશ છે, છતાં સર્વથા વિસદૃશ જ છે તેમ કહેવામાં આવે તો વિરોધ થાય, અને ભગવાનને પુરુષવરપુંડરીક ઉપમા દ્વારા સદૃશી અને વિસદૃશી ઉપમા સિદ્ધ છે; કેમ કે ભગવાન પુંડરીકની જેમ કાદવમાં થયા છે ઇત્યાદિ ધર્મોથી ભગવાન સદૃશ છે અને પુંડરીક એકેન્દ્રિય છે અને ભગવાન પંચેન્દ્રિય છે એ રૂપ ધર્મથી ભગવાન પુંડરીક કરતાં વિસદૃશ છે એ પ્રમાણે સિદ્ધ થયું. ॥૮॥

અવતરણિકા :-

એતે ચ યથોત્તરં ગુણક્રમાભિધાનવાદિભિઃ સુરગુરુવિનેયૈર્હીનગુણોપમાયોગ એવાધિકગુણોપમાર્હા ઇષ્યન્તે, અભિધાનક્રમાભાવેઽભિધેયમપિ તથા, 'અક્રમવદસદ્' ઇતિ વચનાત્। એતન્નિરાસાયાહ –

અવતરણિકાર્થ :-

અને આ=ભગવાન, યથા ઉત્તર ગુણના ક્રમને કહેનારાવાદિ એવા સુરગુરુના શિષ્યો વડે હીનગુણની ઉપમાના યોગમાં જ અધિક ગુણની ઉપમાને યોગ્ય ઇચ્છાય છે; કેમ કે અભિધાન ક્રમના અભાવમાં અભિધેય પણ તે પ્રકારે થાય=અક્રમવાળું થાય, અને અક્રમવાળી વસ્તુ અસત્ છે એ પ્રકારે વચન છે, એના નિરાસ માટે કહે છે=સુરગુરુના શિષ્યના મતના નિરાકરણ માટે કહે છે –

પંજિકા :-

'યથોત્તર'મિત્યાદિ, 'યથોત્તરં ગુણાનાં=પુરુષાર્થોપયોગિજીવાજીવધર્મ્માણાં ગુણસ્થાનકાનામિવ ક્રમઃ ઉત્તરોત્તર-પ્રકર્ષલક્ષણઃ, તેન અભિધાનં=ભણનં, વદન્તીત્યેવંશીલાસ્તૈઃ, સુરગુરુવિનયૈઃ=બૃહસ્પતિશિષ્યૈઃ, હીનગુણોપમાયોગે એવ=હીનગુણોપમયોપમિત એવ ગુણે, હીનગુણ ઇત્યર્થઃ, અધિકગુણોપમાર્હા ઇષ્યન્તે-અધિકગુણોપમોપન્યાસેનાધિકો ગુણ ઉપમાતું યુક્ત ઇત્યર્થઃ, તથાહિ– ગન્ધગજોપમયા મહાપ્રભાવશક્રાદિપુરુષમાત્રસાધ્યે મારીતિદુર્ભિક્ષાદ્યુપદ્રવ-નિવર્ત્તકત્વે ભગવદ્વિહારસ્ય સાધિતે, પુણ્ડરીકોપમયા ભુવનાદ્ભુતભૂતાતિશયસમ્પત્કેવલજ્ઞાનશ્રીપ્રભૃતયો નિર્વાણ-પ્રાપ્તિપર્યવસાના ગુણા ભગવતામુપમાતું યુક્તા ઇતિ, કુત ઇત્યાહ- અભિધાનક્રમાભાવે=વાચકધ્વનિપરિપાટિ-વ્યત્યયે, અભિધેયમપિ=વાચ્યમપિ, તથા=અભિધાનવદ્, અક્રમવત્=પરિપાટિરહિતમ્, અસત્=અવિદ્યમાનં, ક્રમવૃત્તજન્મનોઽભિધેયસ્યાક્રમોક્તૌ તદ્રૂપેણાસ્થિતત્વાત્।

પંજિકાર્થ :-

'यथोत्तर' ..... तद्रूपेणास्थितत्वात् ।। 'यथोत्तरं' इत्यादि - ललितविस्तरानुं प्रतीक छे, यथा उत्तर गुणोनो क्रम=पुरुषार्थ उपयोगी जीवाजीव धर्मोरूप गुणोनो अर्थात् प्रयत्न करवा माटे उपयोगी एवा जीवना धर्मोरूप गुणोनो अने अजीवना धर्मोरूप गुणोनो, गुणस्थानकनी जेम उत्तर-उत्तरना प्रकर्ष स्वरूप क्रम, तेनाथी अभिधान=कथन, कहे छे एवा स्वभाववाळा ते सुरगुरुना शिष्यो वडे= बृहस्पतिना शिष्यो वडे, हीनगुणनी उपमाना योगमां ज=हीनगुणनी उपमाथी उपमित ज गुणवाळी वस्तुमां अर्थात् हीनगुणवाळी वस्तुमां, अधिकगुण उपमा योग्य ईच्छाय छे=अधिकगुण उपमाना उपन्यासथी अधिकगुण उपमा आपवा माटे युक्त छे=उचित छे, ते आ प्रमाणे – गंधगजनी उपमाथी महाप्रभाववाळा शक्रादि पुरुषमात्रथी साध्य मारि, ईति, दुर्भिक्ष आदि उपद्रवनुं निवर्त्तकपणुं भगवानना विहारनुं साधित थये छते पुंडरीकनी उपमाथी भुवनमां अद्भुत एवा अतिशयनी संपदा केवलज्ञाननी लक्ष्मी वगेरे निर्वाणप्राप्तिना पर्यवसानवाळा गुणो भगवानने उपमा आपवा माटे युक्त छे, केम ? एथी कहे छे – अभिधानना क्रमनो अभाव होते छते=वाचकना ध्वनिनी परीपाटिनो व्यत्यय होते छते, अभिधेय पण=वाच्य पण, ते प्रकारे=अभिधाननी जेम, अक्रमवाळुं=परिपाटी रहित, असत् छे=अविद्यमान छे; केम के क्रमवृत्ति जन्मवाळा अभिधेयना= भगवानमां शक्रादि साधारण गुणोनी उपमा थया पछी शक्रादिथी असाध्य एवा विशिष्ट गुणो होय छे तेवा क्रमवृत्ति जन्मवाळा अभिधेयरूप गुणोना, अक्रमथी उक्तिमां ते रूपथी अस्थितपणुं छे.

भावार्थ :-

सुरगुरुना शिष्यो माने छे के जेम गुणस्थानको क्रमसर थाय छे तेम जीवमां प्रथम हीनगुणो उत्पन्न थाय छे, त्यारपछी विशिष्ट गुणो उत्पन्न थाय छे, तेथी पदार्थमां प्रगट थता गुणो जे क्रमथी थता होय ते क्रमथी ज कहेवा जोईए, परंतु प्रथम विशिष्ट गुणो कहीने पछी हीनगुणो कहेवामां आवे तो ते कथनमां क्रमनो अभाव छे, तेथी अभिधेय पण ते क्रमना अभाववाळुं ज प्राप्त थाय अर्थात् प्रथम हीनगुणना अने पछी अधिगुणना क्रमथी न कहेवामां आवे तो अभिधेय एवी वस्तु प्रथम अधिक गुणवाळी छे, पछी हीनगुणवाळी छे ते स्वरूपे श्रोताने बोध थाय अने तेवी अक्रमवाळी वस्तु असत् छे, माटे ते प्रकारे उपमा आपवाथी वस्तु जेवी नथी तेवुं कथन थवाने कारणे उपमा द्वारा उपमेय वस्तुना असत्त्वनी प्राप्ति थाय.

आशय एछे के जीवमां गुणस्थानको क्रमसर उत्पन्न थाय छे तेम भगवानमां पण मारि, ईति, दुर्भिक्ष आदि उपद्रवनुं निवर्त्तन करे तेवी गुणसंपत्ति प्रथम प्रगटे छे; केम के महाप्रभावक शक्रादि पुरुषमात्रथी साध्य ते गुणो छे, तेथी तेवा सामान्य गुणो प्रथम प्रगटे छे अने त्यारपछी भगवान भुवनमां कोईनी पासे नथी तेवी उत्तम गुणसंपत्तिने प्राप्त करे छे, तेथी भगवाननी स्तुति करनारे प्रथम पुरुषवरगंधहस्तिनी उपमा आपवी जोईए अने त्यारपछी पुरुषवरपुंडरीकनी उपमा आपवी जोईए, जेथी भगवाननी गुणसंपत्ति जे क्रमथी प्रगट थई छे ते क्रमवाळा भगवानना स्वरूपनो बोध थाय अने प्रस्तुत सूत्रमां प्रथम

પુરુષવરપુંડરીકની ઉપમા આપી, ત્યારપછી તેનાથી હીનગુણવાળી પુરુષવરગંધહસ્તિની ઉપમા આપી અને તે ક્રમથી ગુણની ઉત્પત્તિવાળા ભગવાન નથી, તેથી પ્રસ્તુત ઉપમા દ્વારા કહેવાતા સ્વરૂપવાળા ભગવાન નહિ હોવાથી આ ઉપમા નિર્વિષયક છે, માટે તે પ્રકારે ઉપમાથી ભગવાનનું સ્વરૂપ કહેવું ઉચિત નથી એમ સુરગુરુના શિષ્યો કહે છે, તે મતના નિરાસ માટે કહે છે –

સૂત્ર :-

પુરિસવરગન્ધહત્થીણં ।।૯।।

સૂત્રાર્થ :-

ભગવાન શ્રેષ્ઠ ગંધહસ્તિના જેવા ગુણોથી યુક્ત છે, માટે પુરુષવરગંધહસ્તિ છે, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ સમાન ભગવાનને નમસ્કાર થાઓ. ।।૯।।

ललितविस्तरा :-

पुरुषवरगन्धहस्तिभ्यः इति। पुरुषाः पूर्ववदेव, ते वरगन्धहस्तिन इव=गजेन्द्रा इव, क्षुद्रगज-निराकरणादिना धर्म्मसाम्येन पुरुषवरगन्धहस्तिनः, यथा गन्धहस्तिनां गन्धेनैव तद्देशविहारिणः क्षुद्रगजा (प्र.क्षुद्रशेषगजाः) भज्यन्ते, तद्वदेतेऽपि परचक्रदुर्भिक्षमारिप्रभृतयः सर्व एवोपद्रवगजा अचिन्त्यपुण्यानुभावतो भगवद्विहारपवनगन्धादेव भज्यन्त इति।

ललितविस्तरार्थ :-

પુરુષો પૂર્વની જેમ છે=શરીરધારી સંસારીજીવો પુરુષ છે, તેઓ શ્રેષ્ઠ ગંધહસ્તિઓની જેમ=ગજેન્દ્રોની જેમ, ક્ષુદ્રગજના નિરાકરણ આદિ ધર્મના સામ્યથી પુરુષવરગંધહસ્તિ છે, જે પ્રમાણે ગંધહસ્તિઓની ગંધથી જ તે દેશમાં વિચરતા ક્ષુદ્રગજો ભગ્ન થાય છે=મદ રહિત થાય છે, તેની જેમ=ક્ષુદ્રગજોની જેમ, આ પણ પરચક્ર, દુર્ભિક્ષ, મારિ વગેરે સર્વ જ ઉપદ્રવરૂપી ગજો અચિંત્યપુણ્યના પ્રભાવથી ભગવાનના વિહારના પવનની ગંધથી જ ભગ્ન થાય છે=ઉપદ્રવો નાશ પામે છે.

ભાવાર્થ :-

જગતમાં હાથીઓ સામાન્ય પ્રકારના હોય છે અને વિશિષ્ટ પ્રકારના ગંધહસ્તિઓ હોય છે. ગંધહસ્તિ જે ક્ષેત્રમાં આવે તે ક્ષેત્રમાં રહેલા સામાન્ય હાથીઓ ક્ષુદ્રગજ કહેવાય છે, તેઓનો મદ ઝરી જાય છે, તેથી ગંધહસ્તિના આગમનપૂર્વે ક્ષુદ્રગજો પણ ઉન્માદવાળા થાય ત્યારે મહાન ઉપદ્રવ કરનારા બને છે, આથી જ ઉન્માર્ગમાં ચડેલો હાથી ઘણા મનુષ્યોનો વિનાશ કરે છે અને તેને નિયંત્રણમાં લાવવો પણ દુષ્કર બને છે, તેમ ક્ષુદ્રગજ જેવા જગતમાં મારિ, ઇતિ વગેરે ઉપદ્રવો ઉત્પન્ન થાય છે ત્યારે ઘણા લોકો પીડિત થાય છે, પરંતુ જ્યારે તે ક્ષુદ્રગજો જગતમાં ઉપદ્રવ કરતા હોય, પરંતુ ગંધહસ્તિનું આગમન થાય ત્યારે મદ વગરના થયેલા તે ગજો જગતમાં ઉપદ્રવ કરનારા થતા નથી, તેમ ગંધહસ્તિ જેવા ભગવાનના વિહારને કારણે

તેમના પવનની ગંધથી જ મારિ વગેરે ક્ષુદ્ર ઉપદ્રવરૂપી ગજો ભગ્ન થાય છે, જે લોકોત્તમ પુરુષની ઉત્તમતાને બતાવનારો ગુણ છે, તેથી પુરુષવરગંધહસ્તિ દ્વારા ભગવાનના તે લોકોત્તમ ગુણની સ્તુતિ કરાઈ છે.

ललितविस्तरा :-

न चैकानेकस्वभावत्वे वस्तुन एवमप्यभिधानक्रमाभावः, सर्वगुणानामन्योऽन्यसंवलितत्वात्, पूर्वानुपूर्व्याद्यभिधेयस्वभावत्वात्; अन्यथा तथाभिधानाप्रवृत्तेः।

ललितविस्तरार्थ :-

वस्तुनुं એક-અનેક સ્વભાવપણું હોતે છતે આ રીતે પણ=પૂર્વમાં ભગવાનને પુંડરીકની ઉપમા આપી અને ત્યારપછી ભગવાનને શ્રેષ્ઠ ગંધહસ્તિની ઉપમા આપી એ રીતે પણ, અભિધાનના ક્રમનો અભાવ નથી જ=અવતરણિકામાં સુરગુરુના શિષ્યોના વચન અનુસાર કહ્યું કે અભિધાનના ક્રમનો અભાવ છે તે અભિધાનના ક્રમનો અભાવ નથી જ; કેમ કે સર્વ ગુણોનું પરસ્પર સંવલિતપણું હોવાથી પૂર્વાનુપૂર્વી આદિ અભિધેય સ્વભાવપણું છે, અન્યથા=સર્વ ગુણોના પરસ્પર સંવલિતપણાને કારણે પૂર્વાનુપૂર્વી આદિ અન્ય ક્રમથી પણ અભિધેય સ્વભાવ ન હોય તો, તે પ્રકારના અભિધાનની અપ્રવૃત્તિ થાય.

પંજિકા :-

'न चे'त्यादि, न च=नैव, एकानेकस्वभावत्वे=एको द्रव्यतया, अनेकश्च पर्यायरूपतया, स्वभावः-स्वरूपं, यस्य तत्तथा तद्भावस्तत्त्वं, तस्मिन्, वस्तुनः-पदार्थस्य, एवमपि=अधिकगुणोपमायोगे हीनगुणोपमोपन्यासेऽपि, अभिधानक्रमाभावो=वाचकशब्दपरिपाटिव्यत्ययः, कुत इत्याह- सर्वगुणानां=यथास्वं जीवाजीवगतसर्वपर्यायाणाम्, अन्योन्यं=परस्परं, संवलितत्वात्=संसृष्टरूपत्वात्, किमित्याह– 'पूर्वानुपूर्व्याद्यभिधेयस्वभावत्वात्', पूर्वानुपूर्व्यादिभिः=व्यवहारनयमतादिभिः, 'आदि'शब्दात् पश्चानुपूर्व्यनानुपूर्वीग्रहः, अभिधेयः=अभिधानविषयभावपरिणतिमान् स्वभावो येषां ते तथा तद्भावस्तत्त्वं, तस्मात्, संवलितरूपत्वे हि गुणानां निश्चितस्य क्रमादेरेकस्य कस्यचिदभावात्।

व्यतिरेकमाह- अन्यथा=पूर्वानुपूर्व्यादिभिरनभिधेयस्वभावतायां गुणानां, तथा=पूर्वानुपूर्व्यादिक्रमेण, अभिधानाप्रवृत्तेः=अभिधायकानां ध्वनीनामभिधानस्य=भणनस्याप्रवृत्तेः, नैवमप्यभिधानक्रमाभाव इति योगः।

पंजिकार्थ :-

'न चे'त्यादि ..... इति योगः ।। 'न च' इत्यादि ललितविस्तरानुं प्रतीक छे, वस्तुनुं=पदार्थनुं, એક-અનેક સ્વભાવપણું હોતે છતે=દ્રવ્યપણાથી એક અને પર્યાયરૂપપણાથી અનેક સ્વભાવ અર્થાત્ સ્વરૂપ છે જેનું તે તેવું છે અર્થાત્ એક-અનેક સ્વભાવવાળું છે તેનો ભાવ અર્થાત્ એક-અનેક સ્વભાવવાળાનો ભાવ તે હોતે છતે, આ રીતે પણ=અધિક ગુણની ઉપમાના યોગમાં હીનગુણની

ઉપમાના ઉપન્યાસમાં પણ, અભિધાન ક્રમનો અભાવ નથી જ=વાચક શબ્દની પરિપાટીનો વ્યત્યય નથી જ.

કેમ વ્યત્યય નથી ? એથી કહે છે –

સર્વ ગુણોનું=યથાયોગ્ય જીવ-અજીવગત સર્વપર્યાયોનું, અન્યોન્ય=પરસ્પર, સંવલિતપણું હોવાથી= સંસૃષ્ટરૂપપણું હોવાથી=પરસ્પર એકમેકરૂપપણું હોવાથી, શું ?=સર્વ ગુણોનું પરસ્પર સંવલિતપણું હોવાથી શું ? એથી કહે છે – પૂર્વાનુપૂર્વી આદિ અભિધેય સ્વભાવપણું છે, માટે અભિધાન ક્રમનો અભાવ નથી એમ અન્વય છે.

પૂર્વાનુપૂર્વી આદિ અભિધેય સ્વભાવપણું શું છે ? તે સ્પષ્ટ કરે છે –

વ્યવહારનય મતાદિથી અભિધેય સ્વભાવ છે જેઓને=અભિધાનના વિષયભાવની પરિણતિવાળો સ્વભાવ છે જેઓને, તે તેવા છે=પૂર્વાનુપૂર્વી આદિ સ્વભાવવાળા છે તેનો ભાવ તત્ત્વ છે=પૂર્વાનુપૂર્વી આદિ અભિધેય સ્વભાવવાળાપણું છે તે કારણથી અભિધાન ક્રમનો અભાવ નથી એમ અન્વય છે, 'પૂર્વાનુપૂર્વ્યાદિ'માં રહેલા 'આદિ' શબ્દથી પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વીનું ગ્રહણ છે, હિ=જે કારણથી, ગુણોનું સંવલિતરૂપપણું હોતે છતે નિશ્ચિત કોઈક એક ક્રમનો અભાવ હોવાથી પશ્ચાનુપૂર્વી આદિથી પણ કથન થઈ શકે છે, માટે અભિધાન ક્રમનો અભાવ નથી એમ અન્વય છે.

વ્યતિરેકને કહે છે=અધિકગુણ કહ્યા પછી હીનગુણ કહેવામાં આવે તો અભિધાન ક્રમનો અભાવ નથી તેમ સ્વીકારવામાં વ્યતિરેકને કહે છે – અન્યથા=ગુણોના પૂર્વાનુપૂર્વી આદિથી અનભિધેય સ્વભાવપણામાં, તે પ્રકારે=પૂર્વાનુપૂર્વી આદિ ક્રમથી, અભિધાનની અપ્રવૃત્તિ હોવાથી=અભિધાયક એવા ધ્વનિઓના=અભિધાયક એવા શબ્દોના, અભિધાનની=કથનની, અપ્રવૃત્તિ હોવાથી આ રીતે પણ=અધિકગુણની ઉપમા આપ્યા પછી હીનગુણની ઉપમા આપી એ રીતે પણ, અભિધાન ક્રમનો અભાવ નથી એ પ્રમાણે યોગ છે=લલિતવિસ્તરામાં સંબંધ છે.

ભાવાર્થ :-

પદાર્થ દ્રવ્યરૂપે એક છે અને પર્યાયરૂપે અનેક છે, તેથી જગતવર્તી કોઈપણ વસ્તુને ગ્રહણ કરીને વિચારવામાં આવે તો તે વસ્તુ દ્રવ્યરૂપે એક છે અને પર્યાયરૂપે અનેક છે, તેથી વસ્તુનું એક-અનેક સ્વભાવપણું છે અને દ્રવ્યમાં વર્તતા સર્વ ગુણો પરસ્પર સંવલિત છે, તેથી દ્રવ્યમાં જે જે ગુણો પ્રગટ થાય છે તે તે ગુણો પ્રગટ થતા પૂર્વે દ્રવ્યમાં શક્તિરૂપે વિદ્યમાન હતા અને તે તે કાળમાં તે તે ગુણ પ્રગટ થાય છે, તેથી જે દ્રવ્યમાં જે ગુણો પૂર્વે કે પશ્ચાત્ પ્રગટ થાય છે તે ગુણો તે એક દ્રવ્યના જ પર્યાયરૂપ હોવાથી પરસ્પર સંશ્લેષ પરિણામવાળા છે, પરંતુ જેમ ઘટ અને પટ પૃથક્ દેખાય છે તેવા તે ગુણો પરસ્પર સંવલિતપણા વગર પૃથક્ દેખાતા નથી, પરંતુ એમ જ દેખાય છે કે આ દ્રવ્યમાં આ ગુણ પ્રગટ કરવાની શક્તિ હતી તે નિમિત્ત પામીને અભિવ્યક્ત થઈ છે, તેથી એક દ્રવ્યમાં પરસ્પર સંવલિત પૂર્વના અને પશ્ચાત્ના ગુણો હોવાથી તે વસ્તુનું કથન કરતી વખતે પૂર્વાનુપૂર્વીથી પણ કથન થઈ શકે અને પશ્ચાનુપૂર્વીથી

પણ કથન થઈ શકે અને અનાનુપૂર્વીથી પણ કથન થઈ શકે; કેમ કે તે વસ્તુમાં પૂર્વ-ઉત્તરના સર્વ ગુણો સર્વથા પૃથક્ નથી, પરંતુ એક દ્રવ્યની સાથે તે દ્રવ્યના પર્યાયરૂપે પરસ્પર સંવલિત થઈને રહે છે, તેથી તે દ્રવ્યનું સ્વરૂપ તેમાં વર્તતા પર્યાયો દ્વારા કહેવું હોય ત્યારે પશ્ચાનુપૂર્વીથી પણ કહી શકાય છે અને પૂર્વાનુપૂર્વીથી પણ કહી શકાય છે અને અનાનુપૂર્વીથી પણ કહી શકાય છે.

જેમ–કોઈ મહાત્માએ યોગનિરોધ કરીને સ્વકર્મનો નાશ કર્યો હોય ત્યારે કોઈ જિજ્ઞાસુને પ્રશ્ન થાય કે આ મહાત્મા કઈ રીતે સર્વ કર્મ રહિત થયા ? ત્યારે તે મહાત્માનું સ્વરૂપ કહેનાર વક્તા કહે કે આ મહાત્માએ યોગનિરોધ કર્યો, માટે સર્વ કર્મનો નાશ કર્યો, ત્યાં પ્રશ્ન થાય કે આ મહાત્માએ કઈ રીતે યોગનિરોધ કર્યો ? ત્યારે કહેવામાં આવે કે મહાત્માએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી, માટે યોગનિરોધ કર્યો, ત્યાં પ્રશ્ન થાય કે આ મહાત્માએ કઈ રીતે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, ત્યારે કહેવામાં આવે કે મહાત્મા વીતરાગ થયા, માટે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, આ રીતે ઉત્તર-ઉત્તરની જિજ્ઞાસામાં ચૌદમા ગુણસ્થાનકના તે મહાત્મામાં પ્રગટ થતા ગુણસ્થાનકોનું કથન પશ્ચાનુપૂર્વી ક્રમથી પણ થઈ શકે છે; કેમ કે તે મહાત્મારૂપ એક દ્રવ્યમાં ક્રમસર પ્રગટ થતા ચૌદે ગુણસ્થાનકો પરસ્પર સંવલિત છે, માટે તે મહાત્મામાં ચૌદે ગુણસ્થાનકો પૂર્વાનુપૂર્વીથી પણ કહી શકાય, પશ્ચાનુપૂર્વીથી પણ કહી શકાય અને અનાનુપૂર્વીથી પણ કહી શકાય, જે પ્રકારની શ્રોતાને જિજ્ઞાસા હોય કે શ્રોતાને બોધ કરાવવો આવશ્યક હોય તે પ્રકારે તેનું કથન થઈ શકે, તે રીતે પ્રસ્તુતમાં પણ એક ભગવાનરૂપ વ્યક્તિને આશ્રયીને અધિકગુણરૂપ પુંડરીકની ઉપમા આપ્યા પછી હીનગુણનું કથન કરવામાં આવે=પુરિસવરગંધહત્થીણં દ્વારા હીનગુણનું કથન કરવામાં આવે તેમાં અભિધાનના ક્રમના અભાવની પ્રાપ્તિ નથી; કેમ કે એક વસ્તુમાં પરસ્પર સંવલિત થયેલા ગુણો જિજ્ઞાસાને અનુરૂપ ઉત્પત્તિના ક્રમથી પણ કહી શકાય અને અન્ય ક્રમથી પણ કહી શકાય છે, માટે જ ચૌદે ગુણસ્થાનકો ઉત્પત્તિના ક્રમથી કહેવામાં આવે ત્યારે પ્રથમ, દ્વિતીય આદિ ગુણસ્થાનકના ક્રમથી નિરૂપણ થાય છે અને જ્યારે તેવી વિવક્ષા નથી ત્યારે પશ્ચાનુપૂર્વીથી પણ થઈ શકે છે તે પ્રકારનો બોધ કરાવવા માટે જ પ્રસ્તુત સૂત્રમાં પ્રથમ પુંડરીકની ઉપમા આપ્યા પછી ભગવાનને ગંધહસ્તિની ઉપમા આપેલ છે, જેથી ક્રમથી જ કથન કરવું જોઈએ એ પ્રકારના સુરગુરુ શિષ્યના એકાંત પક્ષનું નિરાકરણ થાય છે.

पंजिका :-

अभिधेयतयापरिणत्यपेक्षो ह्यभिधानव्यवहारः, ततः किं सिद्धमित्याह –

पंजिकार्थ :-

अभिधेय ..... सिद्धमित्याह ।। અભિધેયની તે પ્રકારની પરિણતિની અપેક્ષાવાળો અભિધાનનો વ્યવહાર છે=પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે અભિધેય એવી વસ્તુના ગુણો પરસ્પર સંવલિત છે તે પ્રકારની પરિણતિની અપેક્ષાવાળો અભિધેયને કહેનારા વચનપ્રયોગરૂપ અભિધાનનો વ્યવહાર છે, તેનાથી શું સિદ્ધ થયું ? એથી કહે છે=ललितविस्तरामां કહે છે –

ભાવાર્થ :-

અભિધેય એવી ભગવાનરૂપ વસ્તુની તે પ્રકારની પરિણતિની અપેક્ષાવાળો=ભગવાનમાં પરસ્પર સંવલિત થઈને પુંડરીક જેવા ગુણો કે ગંધહસ્તિ જેવા ગુણોરૂપ પરિણતિ પ્રગટ થાય છે તે અપેક્ષાએ, ભગવાનના ગુણોના કથનરૂપ વ્યવહાર થાય છે, તેથી હીનગુણ કહીને પણ અધિકગુણનું કથન કરી શકાય છે અને અધિકગુણનું કથન કરીને પણ હીનગુણનું કથન કરી શકાય છે તેમ પૂર્વમાં સ્થાપન કર્યું, તેનાથી શું સિદ્ધ થયું ? તે લલિતવિસ્તરામાં બતાવે છે –

ललितविस्तरा :-

नैवमभिधेयमपि तथाऽक्रमवदसदिति; उक्तवदक्रमवत्त्वासिद्धेः; क्रमाक्रमव्यवस्थाभ्युपगमाच्च, अन्यथा न वस्तुनिबन्धना शब्दप्रवृत्तिरिति स्तववैयर्थ्यमेव, ततश्चान्धकारनृत्तानुकारी प्रयास इति, पुरुषवरगन्धहस्तिन इति।।९।।

ललितविस्तरार्थ :-

આ રીતે=અભિધાનનું કથન કર્યું એ રીતે, અભિધેય પણ તે પ્રકારે અક્રમવાળું અસત્ નથી= અક્રમવાળું સુરગુરુના શિષ્યો કહે છે તે પ્રકારે અસત્ નથી; કેમ કે પૂર્વમાં કહ્યું એ રીતે અક્રમ-વત્ત્વની અસિદ્ધિ છે અને ક્રમ-અક્રમ વ્યવસ્થાનો સ્વીકાર હોવાથી અક્રમવાળી વસ્તુ અસત્ નથી, એમ અન્વય છે. અન્યથા=ક્રમ-અક્રમ વ્યવસ્થાનો અભાવ હોતે છતે અને પૂર્વાનુપૂર્વી આદિ અભિધેય સ્વભાવનો અભાવ હોતે છતે, શબ્દપ્રવૃત્તિ વસ્તુનિબંધનવાળી થાય નહિ, એથી સ્તવનનું વૈયર્થ્ય જ પ્રાપ્ત થાય અને તેથી=સ્તવન વ્યર્થ સિદ્ધ થાય છતાં ભગવાનનું સ્તવન કરવામાં આવે તેથી, અંધકારમાં નૃત્યને અનુરૂપ પ્રયાસ છે=ભગવાનના સ્તવનનો પ્રયાસ છે, એથી પુરુષવરગંધહસ્તિની ઉપમા છે. ।।૯।।

પંજિકા :-

न=नैव, एवम्-अभिधानन्यायेन 'अभिधेयमपि तथा अक्रमवदसद्' इति परोपन्यस्तं, कुत इत्याह- उक्तवत्=प्रतिपादितनीत्या, अक्रमवत्त्वासिद्धेः=अभिधानक्रमाक्षिप्तस्य क्रमवतोऽभिधेस्य क्रमोत्क्रमादिना प्रकारेणाभिधानार्हस्वभावपरिणतिमत्त्वात् सर्वथा क्रमरहितत्वासिद्धेः, एवमभिधेयपरिणतिमपेक्ष्याभिधानद्वारेण गुणानां क्रमाक्रमावुक्तौ, इदानीं स्वभावत एवाभिधातुमाह- क्रमाक्रमव्यवस्थाभ्युपगमाच्च-क्रमेणाक्रमेण च सामान्येन हीनादिगुणानां गुणिनि जीवादौ व्यवस्थायाः=विशिष्टाया अवस्थायाः स्वरूपलाभलक्षणाया अभ्युपगमात्=अङ्गीकरणात् स्याद्वादिभिः; चकारः पूर्व्वयुक्त्यपेक्षया समुच्चयार्थः, 'नाभिधेयमपि तथाऽक्रम-वदसदि'ति योगः, पुण्डरीकोपमोपनीतात्यन्तातिशायिगुणसिद्धौ गन्धगजोपमया विहारगुणार्प्पणं पराभिप्रेत-हीनादिगुणक्रमापेक्षयाऽक्रमवदपि नासदिति भावः।

अमुमेवार्थमनेनैवोपन्यासेन व्यतिरेकतः साधयितुमाह—

अन्यथा=क्रमाक्रमव्यवस्थायाः पूर्वानुपूर्व्याद्यभिधेयस्वभावस्य चाभावे, न=नैव, शब्दप्रवृत्तिः=प्रस्तुतोपमोपन्यासरूपा, वस्तुनिबन्धना=वाच्यगुणनिमित्ता, हीनादिक्रमेणैव हि गुणजन्मनियमे पूर्वानुपूर्व्यैवाभिधेयस्वभावत्वे च सति तन्निबन्धने च तथैव शब्दव्यवहारे कथमिव शब्दप्रवृत्तिरित्थं युज्यत इति भावः, 'इति'-अस्माद्धेतोर्वस्तुनिबन्धनशब्दप्रवृत्त्यभावलक्षणात् स्तववैयर्थ्यमेव=स्तवस्य अधिकृतस्यैव वैयर्थ्यमेव-निष्फलत्वमेव, असदर्थाभिधायितया स्तवधर्म्मातिक्रमेण स्तवकार्याकरणात्, ततश्च=स्तववैयर्थ्याच्च, अन्धकारनृत्तानुकारी=सन्तमसविहितनर्त्तनसदृशः, प्रयासः स्तवलक्षण इति; न चैवमसौ, सफलारम्भिमहापुरुषप्रणीतत्वादस्य; इति पुण्डरीकोपमेयकेवलज्ञानादिसिद्धौ गन्धगजोपमेयविहारगुणसिद्धिरदुष्टेति।।९।।

पंजिकार्थ :-

'न'-नैव ..... गुणसिद्धिरदुष्टेति ।। આ રીતે=પૂર્વમાં બતાવ્યું એ રીતે, અભિધાનના ન્યાયથી=વસ્તુમાં અન્યોન્ય સંવલિત ગુણોનું પૂર્વાનુપૂર્વી-પશ્ચાનુપૂર્વી કે અનાનુપૂર્વીથી કથન થઈ શકે એ પ્રકારના કથનના ન્યાયથી, અભિધેય પણ તે પ્રકારે અક્રમવાળું અસત્=પર વડે કહેવાયેલું અક્રમવાળું અસત્, નથી જ.

કેમ અભિધેય પણ અક્રમવાળું અસત્ નથી ? એથી કહે છે —

ઉક્તની જેમ=પ્રતિપાદિત નીતિથી=પૂર્વમાં બતાવ્યું કે પરસ્પર સંવલિત ગુણો હોવાથી અક્રમવાળા નથી એ નીતિથી, અક્રમવત્ત્વની અસિદ્ધિ હોવાને કારણે=અભિધાનના ક્રમથી આક્ષિપ્ત એવા ક્રમવાળા અભિધેયના ક્રમ-ઉત્ક્રમ આદિ પ્રકારથી અભિધાન યોગ્ય સ્વભાવની પરિણતિમાનપણું હોવાથી સર્વથા ક્રમ રહિતત્વની અસિદ્ધિ હોવાને કારણે, પર વડે કહેવાયેલું અક્રમવત્ અસત્ છે એ કથન બરાબર નથી જ એમ અન્વય છે, આ રીતે અભિધેય એવા દ્રવ્યની પરિણતિની અપેક્ષાએ=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે અભિધેય એવા દ્રવ્યની પરિણતિ પરસ્પર સંવલિત છે એ અપેક્ષાએ, અભિધાન દ્વારા ગુણોનો ક્રમ-અક્રમ કહેવાયો, હવે સ્વભાવથી જ કહેવા માટે કહે છે=લલિતવિસ્તરામાં કહે છે - અને ક્રમ-અક્રમ વ્યવસ્થાનો અભ્યુપગમ હોવાથી અક્રમવાળું અભિધેય અસત્ નથી એમ અન્વય છે.

ક્રમ-અક્રમ વ્યવસ્થાના અભ્યુપગમનો અર્થ સ્પષ્ટ કરે છે —

ક્રમરૂપ અને અક્રમરૂપ સામાન્યથી હીનાદિ ગુણોના ગુણી એવા જીવાદિમાં વ્યવસ્થાનો અભ્યુપગમ હોવાથી=વિશિષ્ટ અવસ્થાના સ્વરૂપલાભરૂપ વ્યવસ્થાનો સ્યાદ્વાદી વડે અંગીકાર કરાયેલો હોવાથી, અભિધેય પણ તે પ્રકારે અક્રમવાળું અસત્ નથી=અધિક ગુણ કહ્યા પછી હીનગુણ કહેવામાં આવે તો તે પ્રકારે અક્રમવાળું અસત્ નથી, એ પ્રમાણે યોગ છે, 'च'કાર=લલિતવિસ્તરામાં રહેલો 'च'કાર, પૂર્વયુક્તિની અપેક્ષાએ સમુચ્ચય અર્થવાળો છે, પુંડરીકની ઉપમાથી ઉપમિત એવા ભગવાનમાં અત્યંત અતિશાયિ ગુણની સિદ્ધિ હોતે છતે ગંધગજની ઉપમાથી વિહારગુણનું અર્પણ=ભગવાનના

વિહાર ગુણનું કથન, પર અભિપ્રેત હીનાદિ ગુણના ક્રમની અપેક્ષાએ અક્રમવાળું પણ અસદ્ નથી અર્થાત્ ક્રમ-અક્રમ વ્યવસ્થા સ્યાદ્વાદીએ સ્વીકારેલ હોવાને કારણે અક્રમવાળી પણ વસ્તુ અસત્ નથી એ પ્રકારનો ભાવ છે.

આ જ અર્થને=પૂર્વમાં કહ્યું કે ભગવાનમાં અક્રમવત્ત્વની અસિદ્ધિ છે અને ક્રમ-અક્રમ વ્યવસ્થામાં અભ્યુપગમ છે માટે અક્રમવાળું અસત્ છે એમ જે પૂર્વપક્ષી કહે છે તે બરાબર નથી એ જ અર્થને, આ જ ઉપન્યાસ દ્વારા=આગળ બતાવે છે એ જ ઉપન્યાસ દ્વારા, વ્યતિરેકથી સાધવા માટે કહે છે –

અન્યથા=ક્રમ-અક્રમ વ્યવસ્થાનો અભાવ હોતે છતે અર્થાત્ ક્રમ-અક્રમ વ્યવસ્થા સ્યાદ્વાદી સ્વીકાર કરે છે તેનો અસ્વીકાર કરાયે છતે અને પૂર્વાનુપૂર્વી આદિ અભિધેય સ્વભાવનો અભાવ હોતે છતે= પદાર્થમાં રહેલા ગુણોનો પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી કહી શકાય તે પ્રકારના સ્વભાવનો અભાવ હોતે છતે, વસ્તુનિબંધનવાળી શબ્દપ્રવૃત્તિ=વાચ્યગુણના નિમિત્તવાળી પ્રસ્તુત ઉપમાના ઉપન્યાસરૂપ શબ્દપ્રવૃત્તિ, થાય નહિ જ.

કેમ થાય નહિ તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

હિ=જે કારણથી, હીનાદિના ક્રમથી જ ગુણની ઉત્પત્તિના નિયમમાં પૂર્વાનુપૂર્વીથી જ અભિધેય સ્વભાવપણું હોતે છતે=અભિધેય વસ્તુનો સ્વભાવ પૂર્વાનુપૂર્વીથી જ વિદ્યમાન હોતે છતે, અને તદ્ નિબંધનમાં તે પ્રકારે જ શબ્દવ્યવહાર હોતે છતે=અભિધેય વસ્તુનિબંધન ગુણના કથનનો વ્યવહાર પણ પૂર્વાનુપૂર્વીથી જ હોતે છતે, કેવી રીતે આ પ્રકારે શબ્દપ્રવૃત્તિ ઘટે ? અર્થાત્ વસ્તુને જોઈને બોલનારા જીવો પશ્ચાનુપૂર્વીથી પણ કહે છે, અનાનુપૂર્વીથી પણ કહે છે, એ પ્રકારની શબ્દપ્રવૃત્તિ કેવી રીતે ઘટે ? અર્થાત્ ઘટે નહિ, એ હેતુથી=વસ્તુનિબંધન શબ્દપ્રવૃત્તિના અભાવરૂપ હેતુથી=વસ્તુને જોઈને વસ્તુના ગુણો પશ્ચાનુપૂર્વી આદિથી પણ કહેવાય છે તે પ્રવૃત્તિ થઈ શકે નહિ એ હેતુથી, સ્તવનનું વૈયર્થ્ય જ થાય=અધિકૃત જ એવા નમુત્થુણં સૂત્રરૂપ સ્તવનનું નિષ્ફલપણું જ થાય; કેમ કે અસદ્ અર્થ અભિધાયિપણું હોવાને કારણે અર્થાત્ અધિકગુણનું કથન કર્યા પછી હીનગુણનું કથન કર્યું એ રીતે વસ્તુ નહિ હોવાથી અસદ્ અર્થ અભિધાયિપણું હોવાને કારણે, સ્તવ ધર્મનો અતિક્રમ થવાથી સ્તવકાર્ય અકરણ છે અને તેથી=સ્તવનું વ્યર્થપણું થવાથી=પ્રસ્તુત નમુત્થુણંરૂપ સ્તવનું વ્યર્થપણું થવાથી, અંધકારમાં નૃત્યને અનુરૂપ=અંધકારમાં કરાયેલા નર્ત્તન જેવો, સ્તવલક્ષણ પ્રયાસ છે અને એ પ્રમાણે આ નથી=અંધકારમાં નર્ત્તનતુલ્ય સ્તવનો પ્રયાસ નથી; કેમ કે આનું=પ્રસ્તુત સ્તવનું, સફલ આરંભી મહાપુરુષથી પ્રણીતપણું છે એથી પુંડરીકથી ઉપમેય એવી કેવલજ્ઞાનાદિ સિદ્ધિ થયે છતે=ભગવાનમાં પુરિસવરપુંડરીઆણં શબ્દ દ્વારા પુંડરીકથી ઉપમેય એવા કેવલજ્ઞાનાદિ વિશિષ્ટ ગુણો સિદ્ધ થયે છતે, ગંધગજથી ઉપમેય=પુરિસવરગંધહત્થીણં એ પદ દ્વારા ઉપમેય, વિહારગુણની સિદ્ધિ=વિહારથી થતા મારિ આદિ દોષોની નિવૃત્તિરૂપ ગુણની સિદ્ધિ, અદુષ્ટ છે. ॥૯॥

ભાવાર્થ :-

લલિતવિસ્તરામાં પૂર્વમાં સ્થાપન કર્યું કે વસ્તુ દ્રવ્યરૂપે એક છે અને પર્યાયરૂપે અનેક છે, તેથી વસ્તુમાં રહેલા ગુણો પરસ્પર સંવલિત છે, માટે સુરગુરુના શિષ્ય કહે છે તેમ પ્રથમ હીનગુણનું કથન કરીને પછી જ અધિકગુણનું કથન કરવું જોઈએ એવો અભિધાનનો ક્રમ નથી, તેથી સુરગુરુના શિષ્યો કહે છે કે અક્રમવાળી વસ્તુ અસત્ છે તે કથન બરાબર નથી અર્થાત્ પ્રથમ હીનગુણ ઉત્પન્ન થાય છે, પછી અધિકગુણ ઉત્પન્ન થાય છે તે ક્રમવાળી વસ્તુ સત્ છે, પરંતુ તે ક્રમ રહિત કહેવાયેલી વસ્તુ સત્ નથી, તે કથન બરાબર નથી.

વળી, અન્ય પણ યુક્તિ આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

સ્યાદ્વાદીઓ ક્રમ-અક્રમની વ્યવસ્થાનો સ્વીકાર કરતા નથી અર્થાત્ કોઈ વસ્તુમાં જે ગુણો રહેલા હોય તે ગુણો ક્રમથી જ કહી શકાય, અક્રમથી ન કહી શકાય, એ પ્રકારની વ્યવસ્થા સ્યાદ્વાદી સ્વીકારતા નથી, પરંતુ પદાર્થમાં રહેલા જે ગુણો હોય તે ગુણોનો બોધ કરાવવા માટે જે પ્રકારે કથન ઉપકારક હોય તે પ્રકારે કથન કરવાથી શ્રોતાને તેના વિષયભૂત પદાર્થના સ્વરૂપનો યથાર્થ બોધ થાય છે, માટે પદાર્થમાં રહેલા ધર્મો ક્રમસર પણ રહેલા નથી, અક્રમથી પણ રહેલા નથી, ફક્ત દ્રવ્યમાં રહેલા તે ગુણો શક્તિરૂપે વિદ્યમાન હતા અને તે તે પ્રકારનાં નિમિત્તોથી તે તે ગુણો આવિર્ભાવ પામે છે, માટે સ્યાદ્વાદી પદાર્થના નિરૂપણમાં ક્રમથી જ કથન કરવું જોઈએ, અક્રમથી જ કથન કરવું જોઈએ તેવું સ્વીકારતા નથી, પરંતુ બોધ માટે જે પ્રકારે ઉપયોગી હોય તે પ્રકારે પદાર્થના સ્વરૂપનું કથન કરવામાં આવે તો તે પદાર્થના વિષયભૂત વસ્તુ અસત્ છે તેમ કહી શકાય નહિ, આ કથનને જ સ્પષ્ટ કરવા માટે કહે છે –

સ્યાદ્વાદની મર્યાદા અનુસાર ક્રમ-અક્રમની વ્યવસ્થાનો અભાવ ન સ્વીકારવામાં આવે અને પદાર્થનો પૂર્વાનુપૂર્વી આદિ ક્રમથી અભિધેય સ્વભાવ ન સ્વીકારવામાં આવે અર્થાત્ પૂર્વાનુપૂર્વીથી પણ પદાર્થનો અભિધેય સ્વભાવ છે, પશ્ચાનુપૂર્વીથી પણ પદાર્થનો અભિધેય સ્વભાવ છે અને અનાનુપૂર્વીથી પણ પદાર્થનો અભિધેય સ્વભાવ છે તેમ ન સ્વીકારવામાં આવે, તો પ્રસ્તુત સ્તવનમાં જે સ્તુતિ કરાઈ છે તે શબ્દપ્રવૃત્તિ વસ્તુનિબંધન નથી તેમ માનવું પડે; કેમ કે વસ્તુમાં જે ગુણો જે ક્રમથી હોય તે ક્રમથી જ કહેવામાં આવે તો તે શબ્દપ્રયોગો વસ્તુનિબંધન છે, અન્યથા વસ્તુનિબંધન નથી, તેમ સ્વીકારવામાં આવે તો પ્રસ્તુત સ્તવ વ્યર્થ છે તેમ માનવું પડે, જેમ કોઈ મહાત્મા કોઈકમાં વર્તતા ગુણોનું વર્ણન કરે ત્યારે જે ગુણો તે મહાત્મામાં ન હોય તેવા શબ્દોથી તે ગુણોનું વર્ણન કરે ત્યારે તે ગુણોનું કથન તે વસ્તુ સાથે સંબંધવાળું નથી, તેથી તે સ્તવન વ્યર્થ સિદ્ધ થાય.

જેમ–કોઈ છદ્મસ્થ મહાત્માના ગુણોની સ્તુતિ કરતાં કહે કે આ વીતરાગ છે, સર્વજ્ઞ છે, તો તેવા ગુણવાળા તે મહાત્મા નહિ હોવાથી તે મહાત્મારૂપ વસ્તુનિબંધન તે શબ્દપ્રવૃત્તિ નથી, તેથી તે મહાત્માની સ્તુતિ વ્યર્થ છે, તે રીતે જો અક્રમવાળી વસ્તુ અસત્ છે એમ સુરગુરુ શિષ્ય કહે છે તેમ સ્વીકારવામાં આવે તો પ્રસ્તુત નમુત્થુણં સૂત્રથી ગણધરોએ ભગવાનની જે સ્તુતિ કરી છે તે શબ્દપ્રવૃત્તિ પણ ભગવાનરૂપ વસ્તુ

સાથે સંબંધવાળી નથી તેમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો સ્તવનના વૈયર્થ્યનો પ્રસંગ આવે અને તેમ સ્વીકારીએ તો જેમ કોઈ મહાત્મામાં કોઈ ગુણો ન હોય અને તેવા ગુણોથી તેઓનું કથન કરવામાં આવે ત્યારે તે કથનની પ્રવૃત્તિ અંધકારમાં નૃત્યના અનુકારી પ્રયાસરૂપ છે, તેમ ગણધરોએ કરેલું પણ પ્રસ્તુત સ્તવ અંધકારમાં નૃત્યના અનુકારી પ્રયાસરૂપ સ્વીકારવું પડે અર્થાત્ નિરર્થક ચેષ્ટારૂપ સ્વીકારવું પડે અને ગણધરરૂપ મહાપુરુષો સફલ આરંભી જ હોય છે, તેથી તેઓ ક્યારે પણ તેવી નિરર્થક ચેષ્ટા કરે નહિ, માટે ગણધરના વચનરૂપ પ્રસ્તુત સૂત્રથી સિદ્ધ થાય છે કે સ્યાદ્વાદની મર્યાદાથી ક્રમ-અક્રમની વ્યવસ્થાનો અસ્વીકાર છે અને અભિધેય વસ્તુનો પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી પણ સ્વભાવ છે, માટે જ ગણધરોએ સ્યાદ્વાદની મર્યાદાનો બોધ કરાવવા માટે અને પશ્ચાનુપૂર્વી આદિથી પણ અભિધેયનું કથન થઈ શકે તેનો બોધ કરાવવા માટે પુંડરીકની ઉપમા દ્વારા કેવલજ્ઞાનાદિ ગુણોની સિદ્ધિ કર્યા પછી ગંધહસ્તિની ઉપમા દ્વારા ભગવાનના વિહારથી થતા ગુણોની સિદ્ધિ કરી છે. ॥૯॥

ઉત્થાન :- ચાર પદોની સંપદાનું તાત્પર્ય યોજન કરતાં કહે છે –

ललितविस्तरा :-

एवं पुरुषोत्तमसिंहपुण्डरीकगन्धहस्तिधर्म्मातिशययोगत एव एकान्तेनादिमध्यावसानेषु स्तोतव्यसम्पत्सिद्धिः, इति स्तोतव्यसम्पद एवासाधारणरूपा हेतुसम्पदिति। ।संपत्-३।।

ललितविस्तरार्थ :-

આ રીતે=પુરિસુત્તમાણંથી માંડીને પુરિસવરગંધહત્થીણં પદ સુધીનું વ્યાખ્યાન કર્યું એ રીતે, પુરુષોત્તમ-પુરુષસિંહ-પુરુષવરપુંડરીક-પુરુષવરગંધહસ્તિ ધર્મના અતિશયના યોગથી જ એકાંતથી આદિ-મધ્ય અને અંતમાં સ્તોતવ્યસંપદાની સિદ્ધિ છે, એથી સ્તોતવ્યસંપદાની જ=નમુત્થુણં-અરિહંતાણં-ભગવંતાણં રૂપ સ્તોતવ્યસંપદાની જ, અસાધારણરૂપ હેતુસંપદા છે=પ્રસ્તુત અસાધારણ-રૂપ હેતુસંપદા છે. ।।સંપદા-૩।।

પંજિકા :-

एकान्तेने'त्यादि, एकान्तेन=अव्यभिचारेण, आदिमध्यावसानेषु, आदौ=अनादौ भवे (प्र. भवेषु) पुरुषोत्तमतया, मध्ये=व्रतविधौ सिंहगन्धहस्तिधर्म्मभाक्त्वेन, अवसाने च=मोक्षे पुण्डरीकोपमतया स्तोतव्यसम्पत्सिद्धिः=स्तवनीयस्वभावसिद्धिरिति। ।संपत्-३।।

પંજિકાર્થ :-

'एकान्तेने'त्यादि ..... सिद्धिरिति ।। 'एकान्तेने' त्यादि, ललितविस्तरानું પ્રતીક છે, એકાંતથી=અવ્યભિચારથી, આદિમાં=અનાદિ સંસારમાં, પુરુષોત્તમપણું હોવાથી મધ્યમાં=વ્રતની વિધિમાં સિંહ-ગંધહસ્તિ ધર્મનું ભાજનપણું હોવાથી અને અવસાનમાં=મોક્ષમાં, પુંડરીકની ઉપમાથી સ્તોતવ્યસંપદાની સિદ્ધિ છે=ભગવાનના સ્તવનીય સ્વભાવની સિદ્ધિ છે. ॥૯॥

ભાવાર્થ :-

પ્રસ્તુતમાં સ્તોતવ્યસંપદાની જ અસાધારણીય હેતુસંપદારૂપે પુરિસુત્તમાણં આદિ ચાર પદો વડે ભગવાનની સ્તુતિ કરાઈ છે.

તેથી એ ફલિત થાય કે પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવરપુંડરીક, પુરુષવરગંધહસ્તિના ધર્મના અતિશયના યોગવાળા જ ભગવાન હોવાથી તેવા ભગવાનને હું નમસ્કાર કરું છું, એ પ્રકારે પ્રસ્તુત સંપદાથી સ્તુતિ કરાઈ છે અને તે સંપદામાં આદિ-મધ્ય અને અવસાનમાં ભગવાનના સ્તવનીય સ્વભાવની સિદ્ધિ છે તેનો નિર્દેશ કરાયેલો છે, જેમ ભગવાનને પુરુષોત્તમ કહ્યા તેનાથી ભગવાન ચરમભવથી પૂર્વે અનાદિ એવા ભવમાં પુરુષોત્તમ હોવાથી ભગવાન સ્તવનીય સ્વભાવવાળા છે, વળી, મધ્યમાં=ભગવાન સંયમ ગ્રહણ કરે છે ત્યારે, સિંહની જેમ આંતર શત્રુના નાશ માટે પરાક્રમ કરનારા છે અને ગંધહસ્તિની જેમ તેમના વિહાર આદિથી ક્ષુદ્ર ઉપદ્રવો નાશ પામે છે, તેથી વ્રતગ્રહણકાળમાં ભગવાનના સ્તવનીય સ્વભાવની સિદ્ધિ છે, વળી, ભગવાન જ્યારે મોક્ષમાં જાય છે ત્યારે પુંડરીકની ઉપમા દ્વારા ભવ્યજીવો વડે સેવનીય છે તેમ પૂર્વમાં બતાવ્યું, તેથી મોક્ષકાળમાં ભગવાનની તત્ત્વકાય અવસ્થા હોવાને કારણે ભગવાનના સ્તવનીય સ્વભાવની સિદ્ધિ છે, તેથી ભગવાનની જે નમુત્થુણં-અરિહંતાણં-ભગવંતાણં શબ્દ દ્વારા પ્રથમ સ્તોતવ્યસંપદા બતાવેલી તેની જ અસાધારણસ્વરૂપવાળી આ હેતુસંપદા છે; કેમ કે ભગવાન આદિમાં પુરુષોત્તમ હોવાને કારણે, મધ્યમાં સિંહ અને ગંધહસ્તિ જેવા હોવાને કારણે અને મોક્ષમાં પુંડરીકની ઉપમાવાળા હોવાને કારણે સ્તોતવ્ય બને છે. ॥૯॥

अवतरणिका :-

साम्प्रतं समुदायेष्वपि प्रवृत्ताः शब्दा अनेकधाऽवयवेष्वपि प्रवर्त्तन्ते, स्तवेष्वप्येवमेव वाचकप्रवृत्तिः इति न्यायसंदर्शनार्थमाह लोकोत्तमेभ्यः इत्यादि सूत्रपञ्चकम् –

અવતરણિકાર્થ :-

હવે સમુદાયોમાં પણ પ્રવૃત્ત શબ્દો અનેક પ્રકારે અવયવોમાં પણ પ્રવર્તે છે, સ્તવનોમાં પણ આ રીતે જ=સમુદાયમાં પ્રવૃત્ત શબ્દો અનેક પ્રકારે અવયવોમાં પ્રવર્તે છે એ રીતે જ, વાચકની પ્રવૃત્તિ છે=સ્તવનોમાં વપરાતા શબ્દોની પ્રવૃત્તિ છે, એ પ્રકારના ન્યાયને બતાવવા માટે 'लोकोत्तमेभ्यः' ઇત્યાદિ સૂત્રપંચકને કહે છે –

पंजिका :-

अनेकधा=अनेकप्रकारेषु, अवयवेष्वपि न केवलं समुदाय इति 'अपि'शब्दार्थः, शब्दाः प्रवर्त्तन्ते यथा 'सप्तर्षि' शब्दः सप्तसु ऋषिषु लब्धप्रवृत्तिः सन्नेकः सप्तर्षिः, द्वौ सप्तर्षी, त्रयः सप्तर्षय उद्गता इत्यादिप्रयोगे तदेकदेशेषु नानारूपेषु अविगानेन प्रवर्त्तते, तथा प्रस्तुतस्तवे लोकशब्द इति भावः।

પંજિકાર્થ :-

'अनेकधा' ..... इति भावः ।। અનેક પ્રકારોમાં=સમુદાયમાં પ્રવૃત્ત શબ્દો અવયવોમાં પણ અનેક પ્રકારોમાં વર્તે છે તે બતાવવા માટે અનેકધાનો અર્થ અનેક પ્રકારોમાં એમ કરેલ છે, અવયવોમાં પણ શબ્દો પ્રવર્તે છે, કેવલ સમુદાયમાં નહિ એ 'अपि' શબ્દનો અર્થ છે, જે પ્રમાણે સપ્તર્ષિ શબ્દ સાત ઋષિઓમાં લબ્ધ પ્રવૃત્તિવાળો છતો એક સપ્તર્ષિ, બે સપ્તર્ષિ, ત્રણ સપ્તર્ષિ ઉદય પામ્યા ઈત્યાદિ પ્રયોગમાં જુદા જુદા રૂપવાળા તેના એક દેશોમાં અવિગાનથી=વિરોધ વગર, પ્રવર્તે છે તે પ્રમાણે પ્રસ્તુત સ્તવમાં લોક શબ્દ છે એ પ્રકારનો ભાવ છે.

ભાવાર્થ :-

કેટલાક શબ્દો સમુદાયમાં પ્રવર્તતા હોય તે શબ્દો તેના એક દેશમાં પણ અનેક પ્રકારે પ્રવર્તે છે, તેવી રીતે સ્તવનમાં પણ લોક શબ્દ સમુદાયમાં પણ વ્યાપારવાળો છે અને તે સમુદાયના જુદા જુદા દેશોમાં પણ વ્યાપારવાળો છે અને તે પ્રકારે સ્તુતિ કરવી એ યુક્તિયુક્ત છે તે બતાવવા માટે જ લોકોત્તમ આદિ પાંચ સૂત્રોનો ઉપન્યાસ છે, તેથી જેમ લોકોત્તમ આદિ પદો દ્વારા ભગવાનનો તે તે સ્વરૂપે બોધ થાય છે તેમ સ્યાદ્વાદની મર્યાદા અનુસાર શબ્દપ્રયોગોની મર્યાદા શું છે તેનો બોધ કરાવવા માટે જ પ્રસ્તુતમાં લોક શબ્દ સમુદાયમાં ગ્રહણ કર્યા પછી તેના અવયવોમાં પણ ગ્રહણ થાય છે તે યુક્તિયુક્ત છે તે બતાવવા માટે કહે છે–

સૂત્ર :-

लोगुत्तमाणं ।।१०।।

સૂત્રાર્થ :-

લોકમાં ઉત્તમ એવા ભગવાનને નમસ્કાર થાઓ. ।।૧૦।।

ललितविस्तरा :-

इह यद्यपि 'लोक' शब्देन तत्त्वतः पञ्चास्तिकाया उच्यन्ते, 'धर्म्मादीनां वृत्तिर्द्रव्याणां भवति यत्र तत् क्षेत्रम्। तैर्द्रव्यैः सह लोकस्तद्विपरीतं ह्यलोकाख्यम्।।' **इति वचनात्, तथाप्यत्र 'लोक' ध्वनिना सामान्येन भव्यसत्त्वलोक एव गृह्यते; सजातीयोत्कर्ष एवोत्तमत्वोपपत्तेः, अन्यथाऽतिप्रसङ्गोऽभव्यापेक्षया सर्वभव्यानामेवोत्तमत्वात्, एवं च नैषामतिशय उक्तः स्यादिति परिभावनीयोऽयं न्यायः, ततश्च भव्यसत्त्वलोकस्य सकलकल्याणैकनिबन्धनतथाभव्यत्वभावेनोत्तमाः लोकोत्तमाः, भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वम्, अनादिपारिणामिको भावः, तथाभव्यत्वमिति च विचित्रमेतत्, कालादिभेदेनात्मनां बीजादिसिद्धिभावात्; सर्वथा योग्यताऽभेदे तदभावात्, तत्सहकारिणामपि तुल्यत्वप्राप्तेः, अन्यथा योग्यताऽभेदायोगात् तदुपनिपाताक्षेपस्यापि तन्निबन्धनत्वात्, निश्चयनयमतमेतदतिसूक्ष्मबुद्धिगम्यम्। इति लोकोत्तमाः।।१०।।**

ललितविस्तरार्थ :-

અહીં=લોકોત્તમ આદિ પદોમાં, જોકે 'લોક' શબ્દ વડે તત્ત્વથી=પરમાર્થથી, પંચાસ્તિકાયો કહેવાય છે; કેમ કે ધર્માદિ દ્રવ્યોની વૃત્તિ=વર્તન, છે જેમાં તે ક્ષેત્ર તે દ્રવ્યો સાથે લોક છે, તેનાથી વિપરીત= ધર્માદિ દ્રવ્યોના વર્તન વગરનું, ક્ષેત્ર અલોક નામનું છે. એ પ્રકારનું વચન છે, તોપણ=પૂર્વમાં કહ્યું કે અહીં લોક શબ્દથી પંચાસ્તિકાયોનું ગ્રહણ છે તોપણ, અહીં=લોગુત્તમાણં પદમાં, લોક ધ્વનિ દ્વારા સામાન્યથી ભવ્યજીવોરૂપ લોક જ ગ્રહણ કરાય છે; કેમ કે સજાતીયના ઉત્કર્ષમાં જ=ભવ્યજીવોરૂપ તીર્થંકરના સજાતીય જીવોના ઉત્કર્ષમાં જ, ઉત્તમત્વની ઉપપત્તિ છે=ભગવાનમાં ઉત્તમત્વની ઉપપત્તિ છે, અન્યથા=લોક શબ્દથી ભવ્ય સત્ત્વરૂપ લોક ગ્રહણ કરવામાં ન આવે અને લોક શબ્દથી સર્વ જીવોનું ગ્રહણ કરવામાં આવે તો, અતિપ્રસંગ છે=ભવ્યજીવોને પણ લોકોત્તમ કહેવાનો અતિપ્રસંગ છે; કેમ કે અભવ્યજીવોની અપેક્ષાએ સર્વ ભવ્યજીવોનું ઉત્તમત્વ છે અને આ રીતે=લોક શબ્દથી સર્વ જીવોને ગ્રહણ કરીને ભગવાનને લોકોત્તમ કહેવામાં આવે એ રીતે, આમનો=ભગવાનનો, અતિશય કહેવાયેલો થાય નહિ અર્થાત્ સર્વ ભવ્ય સાધારણ ઉત્તમત્વ હોવાથી લોકોત્તમ પદથી ભગવાનનો અતિશય કહેવાયેલો થાય નહિ, એ પ્રકારે આ ન્યાય પરિભાવન કરવો=પ્રસ્તુતમાં લોક શબ્દથી સર્વ જીવોનું ગ્રહણ નથી, ભવ્યજીવોનું જ ગ્રહણ છે તેમાં આ યુક્તિ પરિભાવન કરવી, અને તેથી=ભગવાન સર્વ ભવ્યજીવોથી ઉત્તમ છે તેથી, ભવ્ય સત્ત્વ લોકના બધા કલ્યાણનું એક કારણ તથાભવ્યપણું હોવાથી=ભગવાનમાં હોવાથી, ઉત્તમ= લોકોત્તમ ભગવાન છે.

ભવ્યત્વ એટલે સિદ્ધિગમન યોગ્યત્વ અનાદિ પારિણામિક ભાવ છે, તથાભવ્યત્વ એ વિચિત્ર આ જ છે=અનેક પ્રકારનું ભવ્યત્વ જ છે; કેમ કે કાલાદિના ભેદથી આત્માના બીજાદિની સિદ્ધિનો ભાવ છે=ભિન્ન ભિન્ન કાળ ભિન્ન ભિન્ન ક્ષેત્રના ભેદથી જીવોને બીજાદિની સિદ્ધિની પ્રાપ્તિ છે, સર્વથા યોગ્યતાનો અભેદ હોતે છતે, તેનો અભાવ છે=કાલાદિના ભેદથી બીજાદિ સિદ્ધિના ભેદનો અભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે બધા જીવોની યોગ્યતા તુલ્ય છે, છતાં સહકારીના ભેદથી બીજાદિના ભેદની સિદ્ધિ છે, તેમ સ્વીકારી શકાશે તેના નિરાકરણ માટે કહે છે –

તેના સહકારીઓની પણ=સર્વથા યોગ્યતાનો અભેદ હોય તો બીજાદિ સિદ્ધિના કારણીભૂત સહકારીઓની પણ, તુલ્યત્વની પ્રાપ્તિ છે; કેમ કે અન્યથા=સહકારીઓની તુલ્યતાની પ્રાપ્તિ ન હોય તો, યોગ્યતાના અભેદનો અયોગ છે=સર્વ જીવોની સિદ્ધિગમનની યોગ્યતાના અભેદનો અયોગ છે.

અહીં પ્રશ્ન થાય કે બધા જીવોની યોગ્યતાનો અભેદ માનીએ અને સહકારીના ભેદથી બીજાદિ સિદ્ધિનો ભેદ પ્રાપ્ત થાય છે તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેના નિરાકરણ માટે કહે છે –

તેના ઉપનિપાતના આક્ષેપનું પણ=સહકારીની પ્રાપ્તિના આક્ષેપનું પણ, તદ્ નિબંધનપણું છે= યોગ્યતાનું હેતુપણું છે, આ=પૂર્વમાં કહ્યું એ, અતિ સૂક્ષ્મ બુદ્ધિગમ્ય નિશ્ચયનયનો મત છે, એથી લોકોત્તમ છે=ભગવાન લોકોત્તમ છે. ।।૧૦।।

પંજિકા :-

'भव्यत्व'मित्यादि, भविष्यति विवक्षितपर्यायेणेति भव्यः, तद्भावो भव्यत्वम्, 'नामे'ति संज्ञायाम्, ततो भव्यत्वनामको जीवपर्यायः, सिध्यन्ति=निष्ठितार्था भवन्ति, जीवा अस्यामिति सिद्धिः=सकलकर्म्मक्षयलक्षणा जीवावस्थैव, तत्र गमनं=तद्भावपरिणमनलक्षणं, सिद्धिगमनं, तस्य योग्यत्वं=नाम योक्ष्यते सामग्रीसम्भवे स्वसाध्येनेति योग्यं, तद्भावो योग्यत्वम्, 'अनादिः'=आदिरहितः, स चासौ 'परि' इति सर्वात्मना 'नामः'= प्रह्वीभावः 'परिणामः', स एव पारिणामिकश्चानादिपारिणामिको 'भावः'=जीवस्वभाव एव।

एवं सामान्यतो भव्यत्वमभिधायाथ तदेव प्रतिविशिष्टं सत् तथाभव्यत्वम् इत्याह–

'तथाभव्यत्वमिति च' तथा=तेनानियतप्रकारेण, भव्यत्वमुक्तरूपम्, 'इति' शब्दः स्वरूपोपदर्शनार्थः, 'च'कारोऽवधारणार्थो भिन्नक्रमः ततश्च यदेतत् तथाभव्यत्वं तत् किम्? इत्याह- विचित्रं=नानारूपं सद् एतद् एव भव्यत्वं तथाभव्यत्वमुच्यते, कुत इत्याह- कालादिभेदेन=सहकारिकालक्षेत्रगुर्वादिद्रव्यवैचित्र्येण, आत्मनां=जीवानां, 'बीजादिसिद्धिभावात्', बीजं=धर्म्मप्रशंसादि, 'आदि' शब्दात् 'धर्म्मचिन्ताश्रवणादिग्रहस्तेषां, सिद्धिभावात्=सत्त्वात्, व्यतिरेकमाह- सर्व्वथा योग्यताऽभेदे=सर्व्वैः प्रकारैरेकाकारायां योग्यतायां, तदभावात्= कालादिभेदेन बीजादिसिद्ध्यभावात्, कारणभेदपूर्वकः कार्यभेद इति भावः।

पारिणामिकहेतोर्भव्यत्वस्याभेदेऽपि सहकारिभेदात् कार्यभेद इत्याशङ्कानिरासायाह- 'तत्सहकारिणामपि' तस्य=भव्यत्वस्य, सहकारिणः-अतिशयाधायकाः प्रतिविशिष्टद्रव्यक्षेत्रादयः तेषां, न केवलं भव्यत्वस्येति 'अपि' शब्दार्थः, किमित्याह- तुल्यत्वप्राप्तेः=सादृश्यप्रसङ्गात्।

अत्रापि व्यतिरेकमाह- अन्यथा=सहकारिसादृश्याभावे, योग्यतायाः=भव्यत्वस्य, अभेदायोगाद्=एकरूपत्वा- घटनात्, एतदपि कुत इत्याह- 'तदुपनिपाताक्षेपस्यापि', तेषां=सहकारिणाम्, उपनिपातो=भव्यत्वस्य समीपवृत्तिः, तस्य आक्षेपो=निश्चितं स्वकालभवनं, तस्य। न केवलं प्रकृतबीजादिसिद्धिभावस्येति 'अपि'- शब्दार्थः, तन्निबन्धनत्वाद्=योग्यताहेतुत्वात्, ततो योग्यताया अभेदे तत्सहकारिणामपि निश्चितमभेद इति युगपत्तदुपनिपातः प्राप्नोतीति, निश्चयनयमतं=परमार्थनयाभिप्रायः, एतद् यदुत भव्यत्वं चित्रमिति। व्यवहार- नयाभिप्रायेण तु स्यादपि तुल्यत्वं तस्य सादृश्यमात्राश्रयेणैव प्रवृत्तत्वात्।।१०।।

પંજિકાર્થ :-

'भव्यत्व'मित्यादि ..... प्रवृत्तत्वात् ।। 'भव्यत्व' मित्यादि, ललितविस्तरानुं प्रतीक छे, विवक्षित पर्यायथी थशे=सर्व कर्म रहित એવા શુદ્ધ પર્યાયરૂપ વિવક્ષિત પર્યાયથી થશે એ ભવ્ય, તેનો ભાવ=ભવ્યજીવોમાં

રહેલો ભાવ, ભવ્યત્વ છે, નામ શબ્દ સંજ્ઞામાં છે, તેથી=નામ શબ્દ સંજ્ઞામાં છે તેથી, ભવ્યત્વ નામનો જીવપર્યાય છે, સિદ્ધ થાય છે=નિષ્ઠિત અર્થવાળા થાય છે=પૂર્ણ થયેલા સર્વ પ્રયોજનવાળા થાય છે જીવો જેમાં એ સિદ્ધિ=સકલ કર્મક્ષયરૂપ જીવની અવસ્થા જ, ત્યાં=સિદ્ધિરૂપ જીવની અવસ્થામાં, ગમન=તદ્ભાવ પરિણમનરૂપ ગમન, સિદ્ધિગમન તેનું યોગ્યપણું=સામગ્રીના સંભવમાં સ્વસાધ્યની સાથે યોજન કરાશે એ યોગ્ય તેનો ભાવ એ યોગ્યત્વ નામનો ભાવ છે, અનાદિ=આદિ રહિત, તે એવો આ=અનાદિ એવો આ પારિણામિક ભાવ છે=ભવ્યત્વ અનાદિ પારિણામિક ભાવ છે એમ અન્વય છે, પારિણામિક ભાવનો અર્થ કરે છે – પરિ=સર્વ સ્વરૂપે, નામ=પ્રહ્વીભાવ=નમનનો ભાવ પરિણામ છે, તે જ=અનાદિ એવો પરિણામ જ, અનાદિ પારિણામિક ભાવ=જીવનો સ્વભાવ જ છે.

આ રીતે=પૂર્વમાં ભવ્યત્વ કેવા સ્વરૂપવાળું છે તે બતાવ્યું એ રીતે, સામાન્યથી ભવ્યત્વને કહીને તે જ=ભવ્યત્વ જ, પ્રતિવિશિષ્ટ છતું=તે તે પ્રકારના અવાંતર પરિણામોથી પ્રતિવિશિષ્ટ છતું, તથાભવ્યત્વ છે એને કહે છે=લલિતવિસ્તરામાં કહે છે – 'तथाभव्यत्वमिति च' એ લલિતવિસ્તરાનું પ્રતીક છે, તથા=તે અનિયત પ્રકારથી=જે જે પ્રકારે વચલી અવસ્થાઓ પ્રાપ્ત કરીને મોક્ષરૂપે પરિણમન પામે તેમાં તે તે જીવને આશ્રયીને તે રૂપ અનિયત પ્રકારથી, ભવ્યત્વ ઉક્ત રૂપવાળું છે, 'इति' શબ્દ સ્વરૂપ ઉપદર્શનાર્થવાળો છે=તથાભવ્યત્વના સ્વરૂપને બતાવવાના અર્થવાળો છે, 'च'કાર અવધારણ અર્થવાળો અને ભિન્ન ક્રમવાળો છે અને તેથી='च'કાર અવધારણ અર્થવાળો ભિન્ન ક્રમવાળો છે તેથી=આગળમાં 'एतद्' પાસે યોજન છે તેથી જે આ તથાભવ્યત્વ છે તે શું છે? એથી કહે છે – વિચિત્ર=નાના રૂપવાળું છતું=જે આ તથાભવ્યત્વ છે તે તે જીવને આશ્રયીને જુદા જુદા રૂપવાળું છતું, આ જ ભવ્યત્વ તથાભવ્યત્વ કહેવાય છે.

શેનાથી વિચિત્ર એવું ભવ્યત્વ જ તથાભવ્ય કહેવાય છે ? એથી કહે છે –

કાલાદિના ભેદથી=સહકારી એવા કાલ-ક્ષેત્ર-ગુરુ આદિ દ્રવ્યના વૈચિત્ર્યથી, આત્માના=જીવોના, બીજાદિ સિદ્ધિનો ભાવ હોવાથી વિચિત્ર એવું ભવ્યત્વ જ તથાભવ્યત્વ કહેવાય છે એમ અન્વય છે, બીજાદિ સિદ્ધિનો અર્થ સ્પષ્ટ કરે છે – બીજ ધર્મપ્રશંસાદિ છે=વિવેકપૂર્વકની ધર્મની પ્રવૃત્તિ જોઈને તે વિવેકમૂલક પ્રવૃત્તિ પ્રત્યે જે પ્રીતિ થઈ છે તેની અભિવ્યક્તિરૂપે જે ધર્મપ્રશંસા છે તે બીજ છે, અને ધર્મપ્રશંસાદિમાં આદિ શબ્દથી દુઃખિતોમાં દયા, જિનમાં કુશલચિત્ત વગેરેનું ગ્રહણ છે અને બીજાદિમાં રહેલા આદિ શબ્દથી ધર્મચિંતા, ધર્મશ્રવણ આદિનું ગ્રહણ છે, ધર્મશ્રવણ આદિમાં રહેલા આદિ શબ્દથી ધર્મસ્વરૂપના ભાવનનું ગ્રહણ છે, તેઓની=બીજાદિની, સિદ્ધિનો ભાવ હોવાથી=કાલાદિના ભેદથી બીજાદિની સિદ્ધિનું સત્ત્વ હોવાથી, વિચિત્ર એવું ભવ્યત્વ જ તથાભવ્યત્વ છે એમ અન્વય છે.

વ્યતિરેકને કહે છે=વિચિત્ર ભવ્યત્વ ન સ્વીકારવામાં આવે તો શું દોષ પ્રાપ્ત થાય ? એ રૂપ વ્યતિરેકને કહે છે –

સર્વથા યોગ્યતાનો અભેદ હોતે છતે=સર્વ પ્રકારે એકાકાર યોગ્યતા હોતે છતે=ભવ્યજીવોમાં

સિદ્ધિગમન યોગ્ય સ્વરૂપ ભવ્યત્વનો સર્વથા અભેદ હોતે છતે, તેનો અભાવ હોવાથી=કાલાદિના ભેદથી બીજાદિ સિદ્ધિનો અભાવ હોવાથી, દરેક જીવનું તથાભવ્યત્વ વિચિત્ર છે એમ અન્વય છે.

કેમ ? એથી કહે છે –

કારણભેદપૂર્વક કાર્યભેદ છે=દરેક જીવની યોગ્યતારૂપ કારણના ભેદપૂર્વક ભિન્ન ભિન્ન કાળમાં બીજાદિ સિદ્ધિરૂપ કાર્યભેદ છે અર્થાત્ ભિન્ન ભિન્ન કાલાદિમાં ભિન્ન ભિન્ન જીવોને બીજ સિદ્ધિ આદિ થાય છે, તેથી તેનું કારણ એવું ભવ્યત્વ પણ ભિન્ન ભિન્ન છે, માટે દરેક જીવનું તથાભવ્યત્વ વિચિત્ર છે.

પારિણામિક હેતુ એવા ભવ્યત્વનો અભેદ હોતે છતે પણ=મોક્ષમાં જવા યોગ્ય જીવોમાં વર્તતા પારિણામિક હેતુરૂપ ભવ્યત્વનો સર્વથા અભેદ હોવા છતાં પણ, સહકારીના ભેદથી કાર્યનો ભેદ છે= તે તે જીવોને ભિન્ન ભિન્ન સહકારી કારણો પ્રાપ્ત થાય છે તેથી ભિન્ન ભિન્ન કાળમાં બીજાદિ સિદ્ધિરૂપ કાર્યનો ભેદ છે, એ પ્રકારની આશંકાના નિરાસ માટે કહે છે=લલિતવિસ્તરામાં કહે છે – 'तत्सहकारिणामपि' એ લલિતવિસ્તરાનું પ્રતીક છે, તેના=ભવ્યત્વના, સહકારીઓના=અતિશય આધાયક પ્રતિ વિશિષ્ટ દ્રવ્યક્ષેત્રાદિ તેઓના, કેવલ ભવ્યત્વનું નહિ એ 'अपि' શબ્દનો અર્થ છે, શું=તેના સહકારીઓનું શું ? એથી કહે છે – તુલ્યત્વની પ્રાપ્તિ હોવાથી=પરિણામિક હેતુ એવું ભવ્યત્વ બધાનું સર્વથા અભેદ હોય તો પ્રાપ્ત થતા સહકારીઓના પણ સાદૃશ્યનો પ્રસંગ હોવાથી દરેક જીવનું ભવ્યત્વ જુદું છે એમ અન્વય છે.

આમાં પણ=દરેક જીવના તથાભવ્યત્વની વિચિત્રતામાં પણ, વ્યતિરેકને કહે છે=દરેક જીવનું તથાભવ્યત્વ ચિત્ર ન સ્વીકારવામાં આવે તો શું દોષ આવે તે બતાવે છે – અન્યથા=સહકારીના સાદૃશ્યના અભાવમાં=બધા ભવ્યજીવોને બીજાધાનાદિની પ્રાપ્તિમાં સહકારી કારણોની પ્રાપ્તિના સાદૃશ્યના અભાવમાં, યોગ્યતાના=સિદ્ધિગમનરૂપ ભવ્યત્વના, અભેદનો અયોગ હોવાથી=એકરૂપત્વનું અઘટન હોવાથી, બધા જીવોનું તથાભવ્યત્વ જુદું છે એમ અન્વય છે.

આ પણ=ભવ્યત્વનો અભેદ હોય તો સહકારીનો ઉપનિપાત પણ તુલ્ય જ પ્રાપ્ત થાય એ પણ, કેમ છે ? એથી કહે છે –

તેના ઉપનિપાતના આક્ષેપનું પણ તદ્ નિબંધનપણું હોવાથી એમ અન્વય છે, તદ્ ઉપનિપાત આક્ષેપનો અર્થ સ્પષ્ટ કરે છે – તેઓનો=સહકારી કારણોનો, ઉપનિપાત=ભવ્યત્વની સમીપવૃત્તિ, તેનો આક્ષેપ=નિશ્ચિત એવા સ્વકાલનું ભવન, તેનું નિબંધનપણું હોવાથી=યોગ્યતા હેતુપણું હોવાથી, જો યોગ્યતા બધા જીવોની સમાન હોય તો બધા જીવોને સહકારી પણ તુલ્ય પ્રાપ્ત થાય એમ અન્વય છે, 'तदुपनिपाताक्षेपस्यापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે – કેવલ પ્રકૃત બીજાદિ સિદ્ધિ ભાવનું યોગ્યતા હેતુપણું નથી, પરંતુ સહકારીના ઉપનિપાતના આક્ષેપનું પણ યોગ્યતા હેતુપણું છે, તેથી= સહકારીના ઉપનિપાતના આક્ષેપનું યોગ્યતા હેતુપણું છે તેથી, યોગ્યતાના અભેદમાં=ભવ્યજીવોના સિદ્ધિગમનની યોગ્યતાના અભેદમાં, તેના સહકારીઓનો પણ=બીજાધાનાદિની પ્રાપ્તિના સહકારીઓનો

પણ, નિશ્ચિત અભેદ છે=બધા જીવોને સહકારીઓ પણ સમાન પ્રાપ્ત થાય એ પ્રસંગ છે, એથી યુગપદ્ તેનો ઉપનિપાત પ્રાપ્ત થાય=બધા ભવ્યજીવોને એક સાથે જ બીજાધાનાદિના સહકારીનો ઉપનિપાત પ્રાપ્ત થાય, નિશ્ચયનયનો મત આ છે=પરમાર્થનયનો અભિપ્રાય આ છે.

આ શું ? તે 'यदुत'થી સ્પષ્ટ કરે છે –

ભવ્યત્વ ચિત્ર છે=બધા ભવ્યજીવોમાં ભવ્યત્વ જુદા જુદા પ્રકારનું છે તે નિશ્ચયનયનો મત છે.

વળી, વ્યવહારનયના અભિપ્રાયથી તુલ્યપણું થાય પણ=બધા સિદ્ધિગમન યોગ્ય જીવોમાં ભવ્યત્વનું તુલ્યપણું થાય પણ; કેમ કે તેનું=વ્યવહારનયનું, સાદૃશ્યમાત્રના આશ્રયણથી જ પ્રવૃત્તપણું છે= વ્યવહારનય મોક્ષમાં જવાની યોગ્યતા બધા ભવ્યજીવોમાં સમાન જોનાર છે તેથી વ્યવહારનય સાદૃશ્ય માત્રના આશ્રયણથી જ પ્રવર્તે છે, માટે બધા ભવ્યજીવોના ભવ્યત્વને સમાન સ્વીકારે છે અને સહકારીઓના ભેદથી ભિન્ન ભિન્ન કાળમાં બીજાદિની પ્રાપ્તિ સ્વીકારે છે અને ભિન્ન ભિન્ન કાળમાં મોક્ષની પ્રાપ્તિ સ્વીકારે છે. ॥૧૦॥

ભાવાર્થ :-

પ્રસ્તુત સંપદામાં લોક શબ્દ વપરાયો છે તે પંચાસ્તિકાયનો વાચક છે, છતાં પ્રસ્તુત લોકોત્તમ પદમાં લોક શબ્દ ભવ્ય સત્ત્વને જ ગ્રહણ કરે છે; સર્વ ભવ્યજીવોમાં ભગવાન ઉત્તમ છે તે બતાવવા માટે જ લોકોત્તમ પદથી ભગવાનની સ્તુતિ કરાઈ છે, જો લોક શબ્દથી સર્વ જીવોનું ગ્રહણ કરવામાં આવે તો અભવ્યજીવો કરતાં ભવ્યજીવો પણ ઉત્તમ છે, તેથી લોકોત્તમ કહેવાથી ભવ્યજીવોનું પણ ગ્રહણ થાય, તેની વ્યાવૃત્તિ કરીને જે જીવો તીર્થંકર થવાના છે અને થાય છે અને થયા છે તે સર્વ જીવો સર્વ ભવ્યજીવો કરતાં ઉત્તમ છે તે બતાવવા માટે જ ભગવાનને લોકોત્તમ કહેલ છે; કેમ કે ભવ્યજીવોના બધા કલ્યાણનું એક કારણ એવું તથાભવ્યત્વ તીર્થંકરના જીવોનું છે, તેથી તીર્થંકરના જીવો ચરમભવમાં માત્ર સંસારનો અંત કરીને મોક્ષમાં જતા નથી, પરંતુ સર્વ ભવ્યજીવોને સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય એવા ઉત્તમ માર્ગનું સ્થાપન કરે છે, તેથી મોક્ષમાં જનારા અન્ય ભવ્યજીવો કરતાં ભગવાનનું તથાભવ્યત્વ વિશેષ હોવાને કારણે ભગવાન લોકોત્તમ છે.

આ રીતે તથાભવ્યત્વને કારણે ભગવાન લોકોત્તમ છે તેમ સ્થાપન કર્યું, તેથી વિચારકને જિજ્ઞાસા થાય કે તથાભવ્યત્વ શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

મોક્ષમાં જવાનું યોગ્યત્વ એ ભવ્યત્વ છે અને તે ભવ્યત્વ અનાદિ પારિણામિક ભાવ છે અર્થાત્ કર્મજન્ય ભાવ નથી, પરંતુ કર્મવાળા સંસારીજીવોમાં જેમ ચેતનત્વ અનાદિ પારિણામિક ભાવ છે તેમ મોક્ષમાં જવાને યોગ્ય જીવોમાં સિદ્ધિગમન યોગ્યત્વરૂપ અનાદિ પારિણામિક ભાવ છે, આથી જે ભવ્યજીવો છે તેઓનાં પ્રચુર કર્મો કંઈક અલ્પ થાય છે તેના કારણે મિથ્યાત્વ કંઈક મંદ થાય છે ત્યારે સંસારનું વિષમ સ્વરૂપ યથાર્થ જાણીને સંસારના ઉચ્છેદના અર્થી બને છે, તે પ્રકારનો પરિણામ થવામાં તે જીવોમાં વર્તતું સિદ્ધિગમન યોગ્યત્વ કારણ છે અને તે ભવ્યત્વ જ ક્રમસર સિદ્ધિગમનને અનુકૂળ તે તે ભાવોમાં પરિણમન પામતું અંતે

યોગનિરોધ અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે તેઓનું ભવ્યત્વ ફલને અભિમુખ અત્યંત પરિપાકવાળું બને છે અને જ્યારે સર્વ કર્મ રહિત બને છે ત્યારે તે ભવ્યત્વ નાશ પામે છે, તેથી એ પ્રાપ્ત થાય કે સિદ્ધિગમન યોગ્યત્વરૂપ અનાદિ પારિણામિક ભાવ જે જીવોમાં છે તે ભવ્યજીવો છે અને તે જીવોમાં વર્તતું ભવ્યત્વ વિચિત્ર પ્રકારનું છે તે તથાભવ્યત્વ છે.

અહીં પ્રશ્ન થાય કે મોક્ષમાં જવાને યોગ્ય જીવોમાં વર્તતું ભવ્યત્વ વિચિત્ર પ્રકારનું છે તે કેમ નક્કી થાય? તેથી કહે છે –

કાલાદિના ભેદથી ભવ્યજીવોને બીજાદિની સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, તેથી નક્કી થાય કે બધા જીવોનું ભવ્યત્વ ભવ્યત્વરૂપે સમાન હોવા છતાં તથાભવ્યત્વરૂપે સમાન નથી, આથી જ બધા જીવોનું ભવ્યત્વ જ્યારે જ્યારે પરિપાકને અભિમુખ બને છે ત્યારે ત્યારે બીજસિદ્ધિ થાય છે, ત્યારપછી ધર્મચિંતા થાય છે, ત્યારપછી શ્રવણ-ધર્મનું પરિભાવન, ઉત્તર-ઉત્તરના ધર્મનું સેવન થાય છે, તેથી તે જીવોનું ભવ્યત્વ સિદ્ધિગમનને અનુકૂળ પરિપાકને પામતું હોય છે, આમ છતાં દરેક જીવનું ભવ્યત્વ ભિન્ન કાળમાં, ભિન્ન ક્ષેત્રમાં, ભિન્ન નિમિત્તથી, ભિન્ન પ્રકારે પરિપાકને પામે છે તેનું કારણ તે તે જીવોનું ભવ્યત્વ સર્વથા સમાન નથી, જો ભવ્યત્વ સર્વથા સમાન હોય તો બધા જીવોનું ભવ્યત્વ સમાન રીતે જ બીજાદિની પ્રાપ્તિ દ્વારા પરિપાકને પામે અને સમાન રીતે જ મોક્ષફળની પ્રાપ્તિ કરાવે, પરંતુ ભવ્યજીવો ભિન્ન ભિન્ન પ્રકારે ભવ્યત્વના પરિપાક દ્વારા ભિન્ન ભિન્ન કાળમાં અને ભિન્ન ભિન્ન ક્ષેત્રમાંથી મોક્ષમાં જતા હોય છે, તેથી તેના કારણીભૂત તેઓનું ભવ્યત્વ પણ વિચિત્ર જ છે, આથી જ અન્ય ભવ્યજીવો કરતાં તીર્થંકરનું ભવ્યત્વ તેવા પ્રકારનું વિચિત્ર હોવાથી ચરમ ભવમાં બધા ભવ્યજીવોના કલ્યાણનું એક કારણ બને તે રીતે જ પરિપાકને પામે છે અને અન્ય જીવોનું ભવ્યત્વ પરિપાકને પામવા છતાં ચરમ ભવમાં તીર્થંકર તુલ્ય પરિપાકને પામતું નથી, તેથી મોક્ષરૂપ ફળને આશ્રયીને સર્વ જીવોનું યોગ્યત્વ સમાન હોવા છતાં મોક્ષપ્રાપ્તિના વચલા કાળમાં ભવ્યત્વની જે પરિપાક અવસ્થાઓ છે તેના વૈચિત્ર્યનું કારણ તે જીવોનું વિચિત્ર એવું તથાભવ્યત્વ છે.

અહીં પ્રશ્ન થાય કે બધા જીવોના ભવ્યત્વને વિચિત્ર ન સ્વીકારવામાં આવે અને કહેવામાં આવે કે મોક્ષમાં જવાના યોગ્યત્વરૂપ ભવ્યત્વ બધાનું સમાન છે છતાં તે તે જીવોને તે તે પ્રકારના સહકારીઓની પ્રાપ્તિથી તે તે કાળમાં બીજાધાનાદિ પ્રાપ્ત થયા, પરંતુ ભવ્યત્વના ભેદને કારણે કાલાદિના ભેદથી બીજાધાનાદિના ભેદની સિદ્ધિ નથી, પણ સહકારીના ભેદથી જ બીજાધાનાદિ સિદ્ધિનો ભેદ છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો બધા જીવોનું ભવ્યત્વ સમાન જ હોય તો બધા જીવોને સહકારીઓ પણ સમાન જ પ્રાપ્ત થવા જોઈએ અને સહકારી કારણો બધાને સમાન પ્રાપ્ત થતાં નથી, તેથી બધાનું ભવ્યત્વ પણ સમાન નથી એમ માનવું જોઈએ; કેમ કે સહકારીઓની પ્રાપ્તિ પ્રત્યે પણ તે જીવનું ભવ્યત્વ જ કારણ છે.

આશય એ છે કે જે જીવમાં જે પ્રકારની યોગ્યતા હોય તે પ્રકારની યોગ્યતાને કારણે જ તે જીવ તે પ્રકારના સહકારીઓને પણ પ્રાપ્ત કરે છે, જો સર્વથા યોગ્યતા સમાન હોત તો જેમ કોઈ વિવક્ષિત એક

ભવ્યજીવ તે પ્રકારના સહકારીઓનું અવલંબન લઈને બીજાધાનાદિ કરે છે, તેમ અન્ય પણ તત્સમાન યોગ્યતાવાળો જીવ તે પ્રકારના જ સહકારીઓનું અવલંબન લઈને સમાન જ બીજાધાનાદિ પ્રાપ્ત કરે, તેથી જીવમાં રહેલી યોગ્યતા જ વિલક્ષણ છે, જેથી મોક્ષમાં જવાની યોગ્યતા સમાન હોવા છતાં તે-તે જીવો પોતાની યોગ્યતા અનુસાર તે તે કાળમાં તે તે ક્ષેત્રમાં તે તે નિમિત્તોનું અવલંબન લઈને પોતાના ભવ્યત્વના પરિપાક માટે યત્ન કરે છે અને જેઓ ભવ્યત્વના પરિપાક માટેનો યત્ન કર્યા પછી સતત ઉત્તર-ઉત્તરના ભવ્યત્વના પરિપાક માટે દૃઢ અવલંબન લઈને સદા પ્રવર્તે છે તેઓ અલ્પકાળમાં ભવ્યત્વના ફળરૂપે મોક્ષને પ્રાપ્ત કરે છે તે જીવોનું તથાભવ્યત્વ તેવા જ પ્રકારનું છે અર્થાત્ તે જીવોનો મોક્ષમાં જવાને યોગ્ય સ્વભાવ તેવા જ પ્રકારનો છે કે મોક્ષમાર્ગને પામ્યા પછી સતત અપ્રમાદી થઈને ફળપ્રાપ્તિ સુધી અવિરામથી યત્ન કરાવે.

વળી, અન્ય કેટલાક મોક્ષમાં જવાને યોગ્ય જીવો પણ નિમિત્તને પામીને બીજાધાનાદિ પ્રાપ્ત કરે છે, છતાં વારંવાર પ્રમાદ કરીને મોક્ષપ્રાપ્તિ રૂપ ફળ મેળવવામાં વિલંબ કરે છે અને સંસારની અનેક કદર્થનાઓ પામ્યા પછી જાગૃત થઈને અપ્રમાદથી યત્ન કરીને મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરે છે તે જીવોનું તથાભવ્યત્વ તે જ પ્રકારનું વિલક્ષણ છે, જેથી બીજાધાન પામ્યા પછી પણ ઘણો કાળ પ્રમાદવશ થઈને સંસારની વિડંબના પામીને અંતે મોક્ષરૂપ ફળમાં પરિણમન પામે છે.

આ રીતે દરેક જીવનું તે તે પ્રકારનું ભવ્યત્વ વિચિત્ર છે તે નિશ્ચયનયનું કથન છે અને અતિસૂક્ષ્મ બુદ્ધિ-ગમ્ય છે, તેથી સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું જોઈએ કે જીવ જે જે પ્રકારનો પ્રયત્ન કરે છે તે તે પ્રકારના પ્રયત્ન પ્રત્યે તે તે પ્રકારનું તેનું યોગ્યત્વ જ કારણ છે અને મોક્ષમાં જવાનું તેનું યોગ્યત્વ પણ પૂર્વમાં મોક્ષરૂપ ફળને અભિમુખ ન થયું, તેમાં પણ તેનું તેવા પ્રકારનું યોગ્યત્વ જ કારણ છે અને ફળને અભિમુખ થયા પછી અપ્રમાદથી તે તે પ્રકારનો યત્ન કરીને મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે છે તેમાં પણ તે જીવનું તેવા પ્રકારનું યોગ્યત્વ જ કારણ છે. જેઓ મોક્ષમાં જવાને યોગ્ય હોવા છતાં મોક્ષમાર્ગને પામ્યા પછી જે જે પ્રકારનો પ્રમાદ કરે છે તે જીવોમાં પણ તેવો પ્રમાદ કરવાને અનુકૂળ યોગ્યત્વ જ કારણ છે, આથી જ તીર્થંકરના જીવોનું તેવા જ પ્રકારનું યોગ્યત્વ છે કે જેથી કોઈક તીર્થંકરના શાસનને પામે છે અને સંસારના ઉચ્છેદનો એક ઉપાય આ તીર્થંકરે બતાવેલો યોગમાર્ગ છે તેવો સ્થિર નિર્ણય કર્યા પછી તેઓ સર્વ યોગ્ય જીવોને માર્ગપ્રદાન કરવાના ઉત્કટ પરિણામવાળા થાય છે, આથી વિચારે છે કે મોહ-અંધકારમય આ જગતમાં આવું ઉત્તમ શ્રુતજ્ઞાન વિદ્યમાન હોવા છતાં સંસારીજીવો દુઃખી થાય છે, તેથી તેઓને હું આ શ્રુતરૂપી ચક્ષુને આપીને તેઓના નિસ્તારનું કારણ બનું. આ પ્રકારના શુભભાવપૂર્વક શ્રુતચક્ષુથી યોગમાર્ગને સેવીને તે જીવો ઘણા જીવોને તેવો ઉત્તમ માર્ગ આપવાનું કારણ બને તેવા ચરમભવને પામે છે, તેથી અન્ય ભવ્યજીવો કરતાં ભગવાન લોકોત્તમ છે. ॥૧૦॥

सूत्र :-

लोगनाहाणं ।।११।।

सूत्रार्थ :-

લોકના નાથ એવા ભગવાનને નમસ્કાર થાઓ. ॥११॥

ललितविस्तरा :-

तथा 'लोकनाथेभ्य' इति। इह तु 'लोक'शब्देन तथेतरभेदाद्विशिष्ट एव, तथातथारागाद्युपद्रव-रक्षणीयतया बीजाधानादिसंविभक्तो, भव्यलोकः परिगृह्यते; अनीदृशि नाथत्वानुपपत्तेः, योगक्षेमकृदयमिति विद्वत्प्रवादः।

ललितविस्तरार्थ :-

तथा=ते प्रકારે, 'लोकनाथेभ्य' इति સૂત્રનું પ્રતીક છે, વળી, अहीं=लोकनाथ शब्दमां, लोक शब्दथी ते प्रકારના ઇતરભેદથી વિશિષ્ટ જ તે તે પ્રકારના રાગાદિ ઉપદ્રવથી રક્ષણીયપણાને કારણે બીજાધાનાદિથી સંવિભક્ત એવો ભવ્યલોક ગ્રહણ કરાય છે; કેમ કે અનીદૃશ એવા જીવમાં=બીજાધાનાદિથી સંવિભક્ત ન હોય તેવા જીવમાં, નાથપણાની અનુપપત્તિ છે, યોગક્ષેમને કરનાર આ=નાથપણું છે એ, એ પ્રકારનો વિદ્વાનોનો પ્રવાદ છે.

पंजिका :-

तथा 'तथे'ति समुदायेष्वपि प्रवृत्ता..... इत्यादिसूत्रं वाच्यमिति 'तथा' शब्दार्थः, एवमुत्तरसूत्रेष्वपि 'तथा'शब्दार्थो वाच्य इति, 'तथेतरभेदात्', 'तथा'-तत्प्रकारो भव्यरूप एव य इतरभेदो-भव्यसामान्यस्य बीजाधानादिना संविभक्तीकर्त्तुमशकितस्तस्माद् विशिष्ट एव=विभक्त एव, तथातथा=तेन तेन प्रकारेण, रागाद्युपद्रवरक्षणीयतया=रागादय एव तेभ्यो वा उपद्रवो रागाद्युपद्रवः, तस्माद् रक्षणीयता तद्विषयभावाद् अपसारणता, तया बीजाधानादिसंविभक्तो=धर्म्मबीजवपनचिन्तासच्छ्रुत्यादिना कुशलाशयविशेषेण सर्व्वथा स्वायत्तीकृतेन 'संविभक्तः'=समयापेक्षया संगतविभागवान् कृतः, भगवत्प्रसादलभ्यत्वात् कुशलाशयस्य, भव्यलोकः उक्तस्वरूपः, परिगृह्यते-आश्रीयते, कुत इत्याह- अनीदृशि=बीजाधानाद्यसंविभक्ते अविषयभूते नाथत्वानुपपत्तेः=भगवतां नाथभावाघटनात्, कुतः? यतो योगक्षेमकृद्=योगक्षेमयोः कर्त्ता, अयमिति=नाथ इत्येवं विद्वत्प्रवादः=प्राज्ञप्रसिद्धिः।

पंजिकार्थ :-

तथा 'तथे'ति ..... प्राज्ञप्रसिद्धिः ।। तथा शब्द ललितविस्तरानुं प्रतीक छे अने ते तथा शब्दथी शुं वाच्य छे? ते स्पष्ट करतां कहे छे –

तथा એ સમુદાયોમાં પણ પ્રવૃત્ત શબ્દો અનેક વખત અવયવોમાં પણ પ્રવર્તે છે ઇત્યાદિ સૂત્ર लोगुत्तमाणं पदना विवरणमां कहेल तेनो वाच्य छे, એ પ્રકારે तथा शब्दनो अर्थ छे, એ રીતે ઉત્તરના સૂત્રોમાં પણ=लोगहिआणं આદિ સૂત્રોમાં પણ, तथा शब्दनो अर्थ=ललितविस्तरामां कहेल 'तथा'

શબ્દનો અર્થ, વાચ્ય છે, આ રીતે તથા लोकनाथेभ्यः માં રહેલા તથા શબ્દનો અર્થ કર્યા પછી ललितविस्तरामां કહ્યું કે અહીં લોક શબ્દથી તે પ્રકારના ઇતર ભેદથી વિશિષ્ટ જ ભવ્યલોક ગ્રહણ કરાય છે ત્યાં રહેલા तथेतरभेदात्નો અર્થ કરે છે – તથા=તે પ્રકારનો, ભવ્યરૂપ જ જે ઇતરનો ભેદ=ભવ્ય સામાન્યનો બીજાધાનાદિ દ્વારા સંવિભાગ કરવા માટે અસમર્થ એવો જે ઇતરનો ભેદ, તેનાથી વિશિષ્ટ જ=વિભક્ત જ, તથાતથા=તે તે પ્રકારે, રાગાદિ ઉપદ્રવથી રક્ષણીયપણાને કારણે=રાગાદિ જ ઉપદ્રવો અથવા રાગાદિથી થતા ઉપદ્રવો તેનાથી રક્ષણીયતા અર્થાત્ તેના વિષયભાવથી અપસારણતા અર્થાત્ રાગાદિના ઉપદ્રવોના વિષયભાવથી અપસારણતા તેના કારણે, બીજાધાનાદિથી સંવિભક્ત=ધર્મબીજનું વપન-ચિંતા-સત્ શ્રુતિ આદિથી કુશલ આશય વિશેષથી સર્વથા સ્વાયત્તીકૃત હોવાને કારણે સંવિભક્ત= શાસ્ત્રની અપેક્ષાથી સંગત વિભાગવાળો કરાયેલો, ઉક્ત સ્વરૂપવાળો ભવ્યલોક ગ્રહણ કરાય છે=આશ્રય કરાય છે.

કેમ બીજાધાનાદિથી સંવિભક્ત ભવ્યલોક આશ્રય કરાય છે ? એથી કહે છે –

અનીદૃશમાં=બીજાધાનાદિથી અસંવિભક્ત એવા અવિષયભૂત જીવમાં=બીજાધાનાદિ નહિ કરેલ હોવાને કારણે યોગક્ષેમના અવિષયભૂત એવા જીવમાં, નાથપણાની અનુપપત્તિ હોવાથી=ભગવાનના નાથભાવનું અઘટન હોવાથી, લોકનાથમાં લોક શબ્દથી બીજાધાનાદિ સંવિભક્ત ભવ્યલોક ગ્રહણ કરાય છે એમ અન્વય છે.

કયા કારણથી ?=અનીદૃશમાં નાથપણાની અનુપપત્તિ કયા કારણથી છે ? એથી કહે છે –

જે કારણથી યોગક્ષેમને કરનાર=યોગક્ષેમના કર્તા, આ=નાથ છે, એ પ્રકારે વિદ્વત્ પ્રવાદ છે= પ્રાજ્ઞપુરુષોમાં પ્રસિદ્ધિ છે.

અહીં બીજાધાનાદિથી સંવિભાગ કરાયેલો એમ કહ્યું એમાં હેતુ કહે છે –

કુશલ આશયનું ભગવાનના પ્રસાદથી લભ્યપણું છે, તેથી કુશલ આશય દ્વારા સંગત વિભાગ કરાયેલો સંવિભક્ત છે એમ કહેલ છે.

ભાવાર્થ :-

લોગનાહાણં સૂત્રનો અર્થ કરતાં ललितविस्तरामां तथा શબ્દ મૂકેલ છે, પૂર્વનાં બધાં સૂત્રોના અર્થ કરતી વખતે તથા શબ્દ નહિ મૂકેલો હોવા છતાં પ્રસ્તુતમાં तथा लोकनाथेभ्यः કહ્યું, તેથી જિજ્ઞાસા થાય કે તથા શબ્દ શેનો વાચક છે, તેથી પંજિકાકાર તથાનો અર્થ કરતાં કહે છે –

લોગુત્તમાણં સૂત્રની ललितविस्तराની ટીકામાં કહેલ કે સમુદાયમાં પ્રવૃત્ત શબ્દો અનેક વખત અવયવોમાં પ્રવર્તે છે તે કથનનો વાચક તથા શબ્દ છે, તેથી એ પ્રાપ્ત થાય કે સમુદાયમાં પ્રવર્તતો લોક શબ્દ જેમ લોગુત્તમાણંમાં કોઈક અવયવનો વાચક હતો તેમ પ્રસ્તુતમાં પણ લોક શબ્દ કોઈક અવયવનો વાચક છે તેમ આગળના લોગહિઆણં આદિમાં પણ જે તથા શબ્દનો પ્રયોગ ललितविस्तरामां છે તેનો અર્થ પણ તે પ્રમાણે જ કરવો અર્થાત્ તે લોક શબ્દ કોઈક સમુદાયનો કે અવયવનો વાચક છે તેમ કરવો.

આ રીતે તથાનો અર્થ કર્યા પછી પ્રસ્તુત લોગનાહાણં સૂત્રમાં લોક શબ્દથી તે પ્રકારના ઇતરભેદથી વિશિષ્ટ જ ભવ્યલોક ગ્રહણ કરાય છે અને તે પ્રકારના ઇતરભેદથી વિશિષ્ટનો અર્થ કરતાં પંજિકાકાર કહે છે – તે પ્રકારનો ભવ્યરૂપ જ જે ઇતરભેદ છે=ભવ્ય સામાન્યનો ભેદ છે અર્થાત્ અભવ્ય કરતાં ભવ્ય સામાન્યનો ભેદ છે તે ભેદને બીજાધાનાદિ દ્વારા સંવિભાગ કરી શકાય નહિ તેવો ભેદ છે અર્થાત્ તે ભવ્યજીવો બીજાધાનાદિવાળા પણ છે અને બીજાધાનાદિ વગરના પણ છે તેનાથી વિશિષ્ટ જ=વિભક્ત જ, એવો ભવ્યલોક 'લોક' શબ્દથી પ્રસ્તુતમાં ગ્રહણ કરાય છે અને તે ઇતરભેદથી વિભક્ત 'લોક' કેવો છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

તે પ્રકારના રાગાદિથી રક્ષણીયપણું હોવાને કારણે બીજાધાનાદિથી સંવિભક્ત છે એવો ભવ્યલોક 'લોક' શબ્દથી ગ્રહણ થાય છે, તેનાથી એ પ્રાપ્ત થાય કે જે જીવોએ બીજાધાનાદિ કર્યા નથી તેવા જીવો ભગવાનના નિમિત્તને પામીને બીજાધાન કરે પણ અને ન પણ કરે તેવા ભવ્યજીવો છે, તેમાં જેઓ બીજાધાન કરી શકે તેવા છે તેઓને ભગવાન બીજાધાનાદિનું કારણ છે, પરંતુ જ્યાં સુધી તે જીવોએ બીજાધાન કર્યું નથી ત્યાં સુધી ભગવાન તેમના નાથ થતા નથી; કેમ કે જે જીવોએ બીજાધાન કર્યું છે તે જીવો ભગવાન દ્વારા તે પ્રકારના રાગાદિ ઉપદ્રવથી રક્ષણીય છે, તેથી તેઓમાં થયેલો બીજાધાનરૂપ ગુણ નાશ ન પામે અને ઉત્તરના ગુણની પ્રાપ્તિનું કારણ બને, તે રીતે તેઓ રક્ષણીય છે.

જેઓએ બીજાધાન કર્યું નથી તેઓ ભગવાનને પરતંત્ર થાય તેવા નહિ હોવાથી ભગવાન તેઓના નાથ નથી, આથી જ જે જીવોએ ભૂતકાળમાં કોઈક નિમિત્તને પામીને બીજાધાનાદિ કર્યા છે તે જીવોમાં તે બીજાધાનાદિને કારણે જે ગુણસંપત્તિ પ્રાપ્ત થઈ છે તેઓ ભગવાનરૂપ નાથને પામીને તે ગુણસંપત્તિનું રક્ષણ કરી શકે છે અને જે ગુણસંપત્તિ પોતાને પ્રાપ્ત નથી થઈ તેવી પણ ગુણસંપત્તિ ભગવાનના આલંબનથી પ્રાપ્ત કરી શકે છે, તેથી અપૂર્વ ગુણનો યોગ અને પ્રાપ્ત થયેલા ગુણનું રક્ષણ કરવું એવો યોગક્ષેમ કરવાપણું ભગવાનરૂપી નાથને આશ્રયીને બીજાધાનાદિવાળા જીવોને સંભવે છે. જેઓએ બીજાધાનાદિ કર્યા નથી તેવા જીવોને ભગવાનથી કદાચ બીજાધાન થાય તોપણ પ્રાપ્ત થયેલા ગુણનું રક્ષણ અને અપૂર્વનો યોગ કરાવે તે નાથ કહેવાય તેવું નાથપણું બીજાધાનાદિ પૂર્વે તે જીવોમાં ઘટતું નથી, માટે જે જીવોએ બીજાધાન કર્યું છે અથવા પૂર્વભવમાં કે આ ભવમાં ધર્મચિંતા કરી છે કે સત્શાસ્ત્રનું શ્રવણ કર્યું છે કે અન્ય પણ કોઈક ધર્મના અનુષ્ઠાનના સેવનથી ગુણસંપત્તિ પ્રગટ કરી છે તેઓને ભગવાનનો યોગ પ્રાપ્ત થાય તો ભગવાનના આલંબનથી તેઓની તે ગુણસંપત્તિનું રક્ષણ થાય છે, તેથી મોહના ઉપદ્રવથી તે ગુણસંપત્તિનો નાશ થતો અટકે છે અને જે ગુણસંપત્તિ તેઓએ પ્રગટ કરી નથી તે ગુણસંપત્તિનો યોગ કરવામાં પણ ભગવાન પ્રબળ કારણ છે. આથી જ વર્તમાનમાં પણ ભગવાનના ગુણોને જાણીને ભગવાનને મૂર્તિરૂપે પ્રાપ્ત કરીને કે ભગવાનનાં સત્શાસ્ત્રોનું અધ્યયન કરીને જેઓ પોતાના પ્રાપ્ત થયેલા ગુણોનું રક્ષણ કરે છે અને અપ્રાપ્ત એવા નવા નવા ગુણો જિનપ્રતિમાના આલંબનથી કે સત્શાસ્ત્રના આલંબનથી પ્રાપ્ત કરે છે તેઓના ભગવાન નાથ છે, તેથી ભગવાન તેઓનું રાગાદિ ઉપદ્રવોથી રક્ષણ કરે છે અને રાગાદિ ઉપદ્રવોને કારણે થતા દુર્ગતિપાતોરૂપ ઉપદ્રવોથી પણ ભગવાન રક્ષણ કરે છે, આથી જ જેઓ ભગવાનના અનુશાસન નીચે

પોતાની શક્તિ અનુસાર સદા યત્ન કરે છે તેઓના ભગવાન નાથ છે અને તેઓ હંમેશાં રાગાદિ ઉપદ્રવોથી પણ રક્ષણ પામે છે અને રાગાદિથી થનારા દુર્ગતિના પાતના ઉપદ્રવોથી પણ રક્ષણ પામે છે અને નવા નવા ગુણોની પ્રાપ્તિ દ્વારા ઉત્તર-ઉત્તરના વિશિષ્ટ સુદેવત્વ, સુમાનુષત્વને પ્રાપ્ત કરે છે અને અંતે નાથ એવા ભગવાન જેવા પોતે પણ સર્વ ઉપદ્રવોથી મુક્ત થાય છે.

पंजिका :-

योगक्षेमयोरन्यतरकृत्, सर्वथा तदकर्ता वा, नाथः स्यादित्याशङ्कानिरासायाह –

पंजिकार्थ :-

योगक्षेम ..... निरासायाह ।। योगक्षेममांथी अन्यतरने करनार अथवा सर्वथा तेना अकर्ता=योगक्षेमना अकर्ता, नाथ थाय એ प्रकारनी आशंकाना निरास माटे कहे छे=ललितविस्तरामां कहे छे –

भावार्थ :-

પૂર્વમાં કહ્યું કે યોગક્ષેમ કરનાર ભગવાન નાથ થઈ શકે છે, તેથી બીજાધાનાદિથી સંવિભક્ત ભવ્યલોકના જ ભગવાન નાથ છે, ત્યાં કોઈને પ્રશ્ન થાય કે જે જીવોએ બીજાધાનાદિ કર્યા નથી તેઓને પણ અપૂર્વનો યોગ બીજાધાન દ્વારા ભગવાન કરી શકે છે, તેથી યોગક્ષેમમાંથી કોઈ એક કાર્ય કરે તેઓના પણ ભગવાન નાથ થશે અથવા જે જીવોમાં યોગક્ષેમ થતો નથી છતાં ભગવાનનો આશ્રય કરે છે, તેથી જ ભગવાને બતાવેલ સાધુપણું કે શ્રાવકપણું પાળે છે છતાં સ્વચ્છંદ મતિ હોવાને કારણે તેઓમાં અપૂર્વનો યોગ કે વિદ્યમાન ગુણનું રક્ષણ થતું નથી તોપણ ભગવાનનો આશ્રય કર્યો છે, માટે તે જીવોના ભગવાન નાથ કહેવાશે, તેનું નિરાકરણ કરવા માટે ललितविस्तरामां कहे छे –

ललितविस्तरा :-

न तदुभयत्यागाद् आश्रयणीयोऽपि, परमार्थेन तल्लक्षणायोगात्, इत्थमपि तदभ्युपगमेऽतिप्रसङ्गात्, महत्त्वमात्रस्येहाप्रयोजकत्वात्, विशिष्टोपकारकृत एव तत्त्वतो नाथत्वात्।

ललितविस्तरार्थ :-

तेना उभयना त्यागथी=योगक्षेम उभयना त्यागथी, आश्रयणीय पण भगवान नाथ नथी; केम के परमार्थथी तेना लक्षणनो अयोग छे=नाथना लक्षणनो भगवानमां अयोग छे, आ रीते पण=भगवानमां तेवा जीवोने आश्रयीने नाथपणाना लक्षणनो अयोग होवा छतां पण, तेनो स्वीकार कराये छते=जेओ भगवाननो आश्रय करे छे तेओना भगवान नाथ छे એम स्वीकार कराये छते, अतिप्रसंग होवाथी=भींतादिने पण नाथ स्वीकारवानो अतिप्रसंग होवाथी=भींतादिमां नाथनुं लक्षण नहि होवा छतां कोई व्यक्ति भींतादिनो आश्रय करे तेटला मात्रथी ते भींतादिने पण नाथ स्वीकारवानो अतिप्रसंग होवाथी, भगवाननो आश्रय करनारा बधाना भगवान

નાથ નથી એમ અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાનમાં મહાનપણું છે, ભીંતાદિમાં મહાનપણું નથી, તેથી ભીંતાદિ નાથ થાય નહિ, પરંતુ મહાન એવા ભગવાન તેઓનો આશ્રય કરનારના નાથ થઈ શકે છે તેના નિરાકરણ માટે કહે છે–

મહત્ત્વમાત્રનું અહીં=નાથપણામાં, અપ્રયોજકપણું છે; કેમ કે વિશિષ્ટ ઉપકાર કરનારનું જ તત્ત્વથી નાથપણું છે.

પંજિકા :-

'ન'=नैव तदुभयत्यागात्=तदुभयं योगक्षेमोभयं सर्वथा तत्परिहाराद्, अनयोरेवान्यतराश्रयणाद्वा, आश्रयणीयोऽपि=ग्राह्योपि, अर्थित्ववशान्नाथः; किं पुनरनाश्रयणीय इति 'अपि' शब्दार्थः, कुत इत्याह- परमार्थेन=निश्चयप्रवृत्त्या, तल्लक्षणायोगात्=नाथलक्षणायोगात्, उभयकरत्वमेव तल्लक्षणमित्युक्तमेव। विपक्षे बाधकमाह- इत्थमपि=तल्लक्षणायोगेऽपि, तल्लक्षणयोगे तु प्रसज्यते एवेति 'अपि' शब्दार्थः, अतिप्रसङ्गाद्=अकिञ्चित्करस्य कुड्यादेरपि नाथत्वप्राप्तेः, तर्हि गुणैश्वर्यादिना महानेव नाथ इति नातिप्रसङ्गः, इत्याशङ्क्याह- महत्त्वमात्रस्य=योगक्षेमरहितस्य महत्त्वस्यैव, केवलस्य इह=नाथत्वे अप्रयोजकत्वाद्=अहेतुकत्वात्, कुत इत्याह- विशिष्टोपकारकृत एव=योगक्षेमलक्षणोपकारकृत एव, नान्यस्य, तत्त्वतो=निश्चयेन, नाथत्वात्=नाथभावात्।

પંજિકાર્થ :-

'ન'=नैव ..... नाथभावात् ।। તદુભયના ત્યાગના કારણે=તદુભય અર્થાત્ યોગક્ષેમરૂપ ઉભય સર્વથા તેના પરિહારને કારણે અર્થાત્ યોગક્ષેમ ઉભયના પરિહારને કારણે અથવા આ બેમાંથી જ અર્થાત્ યોગક્ષેમ બેમાંથી જ અન્યતરના આશ્રયણને કારણે, આશ્રયણીય પણ=અર્થિત્વના વશથી ગ્રાહ્ય પણ, નાથ એવા ભગવાન નાથ નથી જ.

શું વળી, અનાશ્રયણીય એવા ભગવાન ? એ પ્રકારે 'अपि' શબ્દનો અર્થ છે, કેમ ભગવાન આશ્રયણીય હોવા છતાં આશ્રય કરનારના નાથ થતા નથી ? એથી કહે છે –

પરમાર્થથી=નિશ્ચયની પ્રવૃત્તિથી, તેના લક્ષણનો અયોગ હોવાથી=નાથના લક્ષણનો અયોગ હોવાથી=બીજાધાન વગરના જીવોને આશ્રયીને નાથના લક્ષણનો અયોગ હોવાથી, તેઓ વડે આશ્રય કરાયેલા પણ ભગવાન તેઓના નાથ નથી જ એમ અન્વય છે.

કેમ ભગવાનમાં નાથના લક્ષણનો અયોગ છે ? એથી કહે છે –

ઉભયકરત્વ જ=યોગક્ષેમરૂપ ઉભયનું કરવાપણું જ, તેનું લક્ષણ છે=નાથનું લક્ષણ છે, એ પ્રમાણે કહેવાયું છે જ, માટે ગુણસંપન્ન એવા પણ ભગવાનનો બાહ્યથી આશ્રય કરનારા પણ ભાવથી આશ્રય ન કરે તેવા જીવોના ભગવાન નાથ નથી.

વિપક્ષમાં=બીજાધાન વગરના જીવો ભગવાનનો બાહ્ય રીતે આશ્રય કરે તોપણ ભગવાનમાં તેઓને આશ્રયીને નાથપણાનો અયોગ છે એ નહિ સ્વીકારવા રૂપ વિપક્ષમાં, બાધકને કહે છે – આ રીતે પણ=તેના લક્ષણના અયોગમાં પણ=તે જીવોને આશ્રયીને ભગવાનમાં નાથના લક્ષણના અયોગમાં પણ, ભગવાનમાં નાથપણાનો સ્વીકાર કરાયે છતે અતિપ્રસંગ હોવાથી=અકિંચિત્કર એવા ભીંતાદિને પણ નાથત્વની પ્રાપ્તિ હોવાથી=યોગક્ષેમ ન કરે એવા ભીંતાદિમાં કે તુચ્છ મનુષ્યોમાં પણ તેના આશ્રયણમાત્રથી નાથત્વની પ્રાપ્તિ હોવાથી, નાથના લક્ષણના અયોગને કારણે ભગવાન અયોગ્ય જીવોના નાથ નથી એમ અન્વય છે, વળી, તેના લક્ષણના યોગમાં=નાથના લક્ષણના યોગમાં, પ્રાપ્ત થાય જ=ભગવાનમાં નાથપણું પ્રાપ્ત થાય જ, એ પ્રકારે 'अपि' શબ્દનો અર્થ છે= 'इत्थमपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, તો=નાથના લક્ષણના અયોગમાં પણ ભગવાનને નાથ સ્વીકારવાથી ભીંત આદિના પણ નાથત્વની પ્રાપ્તિ છે તો, ગુણ-ઐશ્વર્યાદિથી મહાન જ એવા ભગવાન નાથ છે એમ અમે સ્વીકારશું એથી ભીંતાદિમાં અતિપ્રસંગ નથી, એ પ્રકારની આશંકા કરીને કહે છે – મહત્ત્વમાત્રનું=યોગક્ષેમ રહિત એવા ભગવાનમાં રહેલા કેવલ મહત્ત્વનું જ, અહીં=નાથપણામાં, અપ્રયોજકપણું હોવાથી=અહેતુકપણું હોવાથી, બીજાધાન વગરના જીવોના ભગવાન નાથ નથી એમ અન્વય છે, કેમ ? એથી કહે છે=ભગવાન મહાન છે અને એવા ભગવાનનો બીજાધાન વગરના જીવો આશ્રય કરે છે છતાં ભગવાન તેઓના નાથ કેમ નથી ? એથી કહે છે – વિશિષ્ટ ઉપકાર કરનારનું જ=યોગક્ષેમરૂપ ઉપકાર કરનારનું જ, અન્યનું નહિ, તત્ત્વથી=નિશ્ચયથી, નાથપણું હોવાને કારણે=નાથનો ભાવ હોવાને કારણે, ભગવાન બીજાધાન વગરના જીવોના નાથ નથી એમ અન્વય છે.

ભાવાર્થ :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે ભગવાન બીજાધાનાદિથી સંવિભક્ત એવા ભવ્યલોકના જ નાથ છે, ત્યાં કોઈને શંકા થાય કે જેઓ ભગવાનને સ્વામી તરીકે સ્વીકારે અને તેમના બતાવેલા દેશવિરતિધર્મને કે સર્વવિરતિધર્મને સ્વીકારે તે જીવોના પણ ભગવાન નાથ થવા જોઈએ, કદાચ તેઓ બીજાધાનાદિ ગુણસંપત્તિવાળા ન હોય તોપણ આશ્રયણીય એવા ભગવાનને સ્વામી તરીકે સ્વીકારે છે માટે તેઓના ભગવાન નાથ છે તેમ માનવું જોઈએ, આથી જ જેઓને મોક્ષમાર્ગને અનુકૂળ લેશ પણ ગુણસંપત્તિ પ્રાપ્ત થઈ નથી છતાં ભગવાને કહેલો ધર્મ કરે છે અને માને છે કે અમારા સ્વામી ભગવાન છે તેઓના ભગવાન નાથ નથી તેમ કેમ કહી શકાય? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

જેઓનો ભગવાન યોગક્ષેમ કરતા નથી તેઓથી આશ્રય કરાયેલા પણ ભગવાન પરમાર્થથી તેઓના નાથ નથી; કેમ કે પૂર્વના ગુણોનું રક્ષણ કરે અને અપૂર્વ ગુણોનો યોગ કરાવે તેમાં જ નાથના લક્ષણનો યોગ છે, અહીં બીજાધાન વગરના જીવોમાં ભગવાન કોઈ નવા ગુણોનો યોગ કરાવતા નથી અને પૂર્વના ગુણોનું રક્ષણ કરતા નથી, આમ છતાં તે જીવોના ભગવાન નાથ છે તેમ સ્વીકારવામાં આવે તો કોઈ પુરુષ ભીંતનો આશ્રય કરે અર્થાત્ શત્રુથી પોતાના રક્ષણ માટે ભીંતનો આશ્રય કરે અથવા તુચ્છ મનુષ્યનો આશ્રય કરે તેને

પણ નાથ સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે તે પુરુષે પોતાના રક્ષણ માટે ભીંતનો કે તુચ્છ મનુષ્યનો આશ્રય કર્યો છે, વસ્તુતઃ જે રક્ષણ કરવા સમર્થ ન હોય તે નાથ બને નહિ, માટે પરમાર્થથી ભગવાન જે જીવોમાં અપૂર્વ ગુણોનો યોગ કરાવી શકે અને વિદ્યમાન ગુણોનું રક્ષણ કરી શકે તેવા જીવોને આશ્રયીને જ ભગવાન તેઓના નાથ છે તેમ સ્વીકારવું જોઈએ.

અહીં પૂર્વપક્ષી કહે કે ભીંતાદિ કે તુચ્છ મનુષ્ય ગુણઐશ્વર્યવાળા નથી, માટે તેઓનો આશ્રય કરવા છતાં આશ્રય કરનારના તેઓ નાથ બને નહિ પરંતુ ભગવાન તો ગુણઐશ્વર્યાદિથી મહાન જ છે, માટે તેઓનો જેઓ આશ્રય કરે તેમના ભગવાન નાથ થવા જોઈએ, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાન ગુણઐશ્વર્યથી મહાન છે એટલામાત્રથી નાથ થઈ શકે નહિ, પરંતુ યોગક્ષેમ કરે તે જ તેઓના નાથપણાના સ્વીકારનું પ્રયોજક છે; કેમ કે જેને નાથ સ્વીકારવામાં આવે તેમનાથી પોતાને વિશિષ્ટ ઉપકાર થાય=યોગક્ષેમરૂપ વિશિષ્ટ ઉપકાર થાય, તો જ તત્ત્વથી તેઓ નાથ છે તેમ કહી શકાય, માટે ભગવાનનો જે કોઈ જીવો આશ્રય કરે છે તે સર્વના ભગવાન નાથ નથી, પરંતુ જે જીવોને ભગવાનના સંબંધથી નવા ગુણોનો યોગ થાય અને પૂર્વના ગુણોનું રક્ષણ થાય તેઓના જ ભગવાન નાથ છે, આથી જ ચૌદપૂર્વધર પણ જ્યારે પાતને અભિમુખ બને છે ત્યારે ભાવથી ભગવાનનું આલંબન લઈને પોતાનું રક્ષણ કરી શકતા નથી અને પ્રમાદને વશ દુર્ગતિઓમાં જાય છે ત્યારે ભગવાન તેઓના નાથ નથી અને જેઓએ બીજાધાનાદિ કર્યું નથી તેઓ બાહ્યથી ભગવાનનો આશ્રય કરે અને ભાવથી ભગવાનનું આલંબન લઈને ગુણનિષ્પત્તિને અનુકૂળ યત્ન ન કરે તેવા જીવોના ભગવાન નાથ નથી, આથી જ બીજાધાનાદિથી સંવિભક્ત જીવો પણ જ્યારે જ્યારે ભગવાનનું આલંબન લે છે ત્યારે ત્યારે તેઓના પ્રગટ થયેલા ગુણો રક્ષણ પામે છે અને નહિ પ્રગટેલા અપૂર્વ ગુણોનો યોગ પણ થાય છે અને જ્યારે તેઓ પણ પ્રમાદને વશ ભગવાનનું આલંબન લેતા નથી ત્યારે રાગાદિ ઉપદ્રવોથી રક્ષણ પામતા નથી અને તેના કારણે રાગાદિજન્ય ક્લિષ્ટ કર્મબંધના કારણે દુર્ગતિના ઉપદ્રવોથી પણ રક્ષણ પામી શકતા નથી, માટે જે યોગ્ય જીવો ભાવથી ભગવાનનો આશ્રય કરે છે તેઓના જ ભગવાન નાથ છે.

पंजिका :–

उपचारतस्तर्हि महानाथो भविष्यतीत्याशङ्क्याह –

पंजिकार्थ :–

उपचार ..... शङ्क्याह ।। તો ઉપચારથી મહાન એવા ભગવાન નાથ થશે એ પ્રકારે આશંકા કરીને કહે છે=લલિતવિસ્તરામાં કહે છે –

ભાવાર્થ :–

પૂર્વમાં કહ્યું કે ગુણઐશ્વર્યથી ભગવાન મહાન છે, છતાં જે જીવોનો ભગવાનથી યોગક્ષેમ થતો નથી તે જીવોના ભગવાન નાથ નથી, ત્યાં કોઈ કહે કે ભગવાન ગુણઐશ્વર્યથી મહાન છે અને તેઓનો જેઓ

આશ્રય કરે છે તેઓમાં યોગક્ષેમને અનુકૂળ યોગ્યતા નહિ હોવાથી તેઓના ભગવાન નાથ નથી તોપણ ઉપચારથી ભગવાન નાથ કહેવાશે અર્થાત્ ભીંત આદિ કે તુચ્છ મનુષ્ય મહાન નહિ હોવાથી નાથ થઈ શકે નહિ, પરંતુ ભગવાન તો ગુણથી મહાન હોવાને કારણે તેવા જીવોના પણ ઉપચારથી નાથ થશે, એ પ્રકારની આશંકા કરીને ललितविस्तरामां કહે છે –

ललितविस्तरा :-

औपचारिकवाग्वृत्तेश्च पारमार्थिकस्तवत्वासिद्धिः, तदिह येषामेव बीजाधानोद्भेदपोषणैर्योगः क्षेमं च तत्तदुपद्रवाद्यभावेन, त एवेह भव्याः परिगृह्यन्ते।

ललितविस्तरार्थ :-

વળી, ઔપચારિક વાણીની પ્રવૃત્તિથી પારમાર્થિક સ્તવત્વની અસિદ્ધિ છે, તે કારણથી=જેઓનો ભગવાન યોગક્ષેમ કરતા નથી તેઓના ભગવાનને નાથ કહેવાથી ભગવાનના ગુણોની સ્તુતિ થતી નથી તે કારણથી, અહીં=પ્રસ્તુત સૂત્રમાં, જેઓનો જ બીજાધાન, ઉદ્ભેદ અને પોષણ વડે યોગ છે અને તે તે ઉપદ્રવાદિનો અભાવ થવાથી ક્ષેમ છે તે જ ભવ્યજીવો અહીં=પ્રસ્તુત સૂત્રમાં, ગ્રહણ કરાય છે.

पंजिका :-

औपचारिवाग्वृत्तेश्च=उपचारेणानाथे आधिक्यसाधर्म्यान्नाथधर्माध्यारोपेण भवा औपचारिकी सा चासौ वाग्वृत्तिश्च, तस्याः; 'चः' पुनरर्थे, पारमार्थिकस्तवत्वासिद्धिः=सद्भूतार्थस्तवरूपासिद्धिः; इत्यनीदृशि नाथत्वानुपपत्तेरिति पूर्वेण योगः, तत्=तस्माद्, इह=सूत्रे, येषामेव=वक्ष्यमाणक्रियाविषयभूतानामेव, नान्येषां, बीजाधानोद्भेदपोषणैः=धर्मबीजस्य आधानेन-प्रशंसादिना, उद्भेदेन-चिन्ताङ्कुरकरणेन, पोषणेनसच्छ्रुत्यादि-काण्डनालादिसम्पादनेन, योगः-अप्राप्तलाभलक्षणः, क्षेमं च-लब्धपालनलक्षणं, तत्तदुपद्रवाद्यभावेन= तत्तदुपद्रवाः-चित्ररूपाणि नरकादिव्यसनानि 'आदि'शब्दात् तन्निबन्धनभूतरागादिग्रहः, तेषाम् अभावेन= अत्यन्तमुच्छेदेन, त एव-नान्ये, भव्याः उक्तरूपाः, परिगृह्यन्ते।

पंजिकार्थ :-

'औपचारिवाग्वृत्तेश्च' ..... परिगृह्यन्ते ।। વળી, ઔપચારિક વાગ્વૃત્તિથી=આધિક્યના સાધર્મ્યને કારણે ઉપચારથી અનાથમાં અર્થાત્ ભગવાનમાં અન્ય કરતાં શ્રેષ્ઠગુણો છે માટે નાથની સાથે સાધર્મ્ય હોવાને કારણે અનાથ એવા ભગવાનમાં નાથધર્મના આરોપણથી થનારી ઔપચારિકી એવી તે આ વાગ્વૃત્તિ તેનાથી, પારમાર્થિક સ્તવત્વની અસિદ્ધિ છે=સદ્ભૂત અર્થવાળા સ્તવનરૂપ પારમાર્થિક અર્થની અસિદ્ધિ છે, એથી અનીદૃશમાં=જેઓનો ભગવાન યોગક્ષેમ કરનારા નથી તેવા જીવોને આશ્રયીને યોગક્ષેમ નહિ કરનારા એવા ભગવાનમાં, નાથત્વની અનુપપત્તિ છે એ પ્રમાણે પૂર્વની

સાથે સંબંધ છે, લલિતવિસ્તરામાં 'ચ' શબ્દ પુનઃ અર્થમાં છે, તે કારણથી=જેઓના ભગવાન નાથ નથી તેઓના ઉપચારથી નાથ સ્વીકારવાથી ભગવાનની પારમાર્થિક સ્તુતિ થતી નથી તે કારણથી, અહીં=સૂત્રમાં='લોગનાહાણં' સૂત્રમાં, જેઓના જ=વક્ષ્યમાણ ક્રિયાના વિષયભૂત એવા જેઓના જ, અન્યના નહિ, બીજાધાન ઉદ્‌ભેદ વડે અને પોષણ વડે=ધર્મબીજના પ્રશંસાદિ દ્વારા આધાનથી ઉદ્‌ભેદથી અર્થાત્ ચિંતા અંકુર કરણથી પોષણ વડે અર્થાત્ સત્ શ્રુતિ આદિ કાંડનાલાદિના સંપાદન વડે, અપ્રાપ્ત લાભરૂપ યોગ અને લબ્ધના પાલનરૂપ ક્ષેમ તે તે ઉપદ્રવાદિના અભાવથી=તે તે ઉપદ્રવો ચિત્ર સ્વરૂપવાળા નરકાદિ કષ્ટો આદિ શબ્દથી તેના કારણભૂત રાગાદિનું ગ્રહણ છે તેઓના અભાવથી અર્થાત્ અત્યંત ઉચ્છેદથી, તે જ ઉક્ત સ્વરૂપવાળા ભવ્યો ગ્રહણ કરાય છે, અન્ય નહિ=બીજાધાનાદિ સંવિભક્ત ભવ્યો જ ગ્રહણ કરાય છે, અન્ય નહિ.

ભાવાર્થ :-

ભગવાન ગુણોથી યુક્ત હોવા છતાં જે જીવોને ભગવાનથી યોગક્ષેમની પ્રાપ્તિ નથી અને તેના કારણે દુર્ગતિના ઉપદ્રવથી રક્ષણ નથી, છતાં ભગવાન ગુણસમૃદ્ધિથી મહાન છે, માટે જે કોઈ જીવો તેમનો આશ્રય કરશે તેમના નાથ છે તેમ સ્વીકારીને તેમની સ્તુતિ કરવામાં આવે તો જે જીવો દ્રવ્યથી ભગવાનનો આશ્રય કરે છે, પરંતુ ગુણને અનુકૂળ ભગવાનના વચનનું અવલંબન લેતા નથી, તેથી ભગવાન તેઓના પરમાર્થથી નાથ નહિ હોવા છતાં ઉપચારથી નાથ સ્વીકારીને ભગવાનની સ્તુતિ કરવામાં આવે તેનાથી ભગવાનના પારમાર્થિક સ્તવની સિદ્ધિ થતી નથી, તેથી ભગવાનની સ્તુતિ કરવાના અર્થી ગણધરો ભગવાનને લોકનાથ શબ્દથી તેઓના જ નાથ ભગવાન છે તેમ સ્વીકારે છે કે જેઓને ભગવાનના અવલંબનથી બીજાધાન થાય છે, બીજનો ઉદ્‌ભેદ થાય છે, બીજનું પોષણ થાય છે જેના કારણે તે જીવો દુર્ગતિના પાતથી રક્ષણ પામે છે.

ભગવાન જે જીવોના નાથ છે તે જીવોમાં ધર્મ પ્રશંસાદિ દ્વારા બીજનું આધાન કરાવે છે અને બીજાધાનવાળા જીવોના થયેલા બીજમાંથી ચિંતારૂપ અંકુરનો ઉદ્‌ભેદ કરે છે, તેનાથી એ પ્રાપ્ત થાય કે જે જીવોએ બીજાધાન પ્રાપ્ત કર્યું નથી, પરંતુ ભગવાનને જોઈને ભગવાનના ગુણોથી પ્રભાવિત થાય છે ત્યારે ગુણના પક્ષપાતરૂપ બીજનું આધાન કરે છે અને બીજનું આધાન થયા પછી ભગવાનના આલંબનથી તેઓમાં ચિંતા પ્રગટે છે અર્થાત્ હું શું કરું ? જેથી આવા ઉત્તમ ગુણો મારામાં પ્રગટે, તેનાથી ધર્મબીજનો અંકુરો પ્રગટ થાય છે, ત્યારપછી તે જીવો સત્ શાસ્ત્રોનું શ્રવણ કરે, વારંવાર તે તે ભાવોથી આત્માને ભાવિત કરે તે અંકુરમાંથી કાંડનાલની નિષ્પત્તિ તુલ્ય છે.

વળી, ત્યારપછી જેઓ તે ધર્મને સેવવા માટે જે જે ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેનાથી તે ધર્મબીજ પુષ્ટ-પુષ્ટતર થઈને મહાવૃક્ષરૂપ બને છે અને આ સર્વની પ્રાપ્તિમાં ભગવાન, ભગવાનની મૂર્તિ કે ભગવાનનાં શાસ્ત્રો નિમિત્ત બને છે, તેથી ભગવાન દ્વારા યોગ્ય જીવોમાં બીજાધાન, બીજનો ઉદ્‌ભેદ, પોષણ આદિ થાય છે અને જે જીવો ભગવાનના આલંબનથી બીજાધાન, બીજઉદ્‌ભેદ, પોષણ આદિમાં યત્ન કરે છે તેઓ જન્માંતરમાં નરકમાં, તિર્યંચમાં, કુદેવમાં કે કુમાનુષ્યમાં જતા નથી, પરંતુ ધર્મસામગ્રીથી યુક્ત એવા સુંદર

દેવભવને અને સુંદર મનુષ્યભવને પામે છે તેવા ભવ્યજીવોના જ ભગવાન નાથ છે, એ પ્રકારે પ્રસ્તુત સૂત્રથી સ્તુતિ કરવાથી ભગવાનના પારમાર્થિક ગુણની સ્તુતિ થાય છે.

पंजिका :-

स्यान्मतम् 'अचिन्त्यशक्तयो भगवन्तः सर्व्वभव्यानुपकर्तुं क्षमाः, ततः कथमयं विशेषः?' इत्याह –

पंजिकार्थ :-

स्यान्मतम् ..... विशेषः? इत्याह ।। આ પ્રમાણે મત થાય, અચિંત્ય શક્તિવાળા ભગવાન સર્વ ભવ્યોને ઉપકાર કરવા માટે સમર્થ છે તેથી આ=બીજાધાનાદિથી સંવિભક્ત ભવ્યજીવોના જ ભગવાન નાથ છે એ, વિશેષ કેવી રીતે હોય ? અર્થાત્ એ પ્રકારે વિશેષ સ્વીકારવો ઉચિત નથી, એથી કહે છે= ललितविस्तराની अवतरणिकामां કહે છે –

अवतरणिका :-

न चैते कस्यचित्सकलभव्यविषये, ततस्तत्प्राप्त्या सर्वेषामेव मुक्तिप्रसङ्गात्, तुल्यगुणा ह्येते प्रायेण, ततश्च चिरतरकालातीतादन्यतरस्माद् भगवतो बीजाधानादिसिद्धेरल्पेनैव कालेन सकलभव्यमुक्तिः स्यात् –

अवतरणिकार्थ :-

કોઈ તીર્થંકરને સકલ ભવ્યજીવના વિષયવાળા આ=યોગક્ષેમ, નથી જ; કેમ કે તેનાથી=વિશિષ્ટ એવા તીર્થંકરથી, તેની પ્રાપ્તિને કારણે=યોગક્ષેમની પ્રાપ્તિને કારણે, સર્વ જ જીવોને=સર્વ જ ભવ્યજીવોને, મુક્તિનો પ્રસંગ છે, હિ=જે કારણથી, આ=તીર્થંકરો, પ્રાયઃ=બહુલતાથી, તુલ્ય ગુણવાળા છે અને તેથી=બધા તીર્થંકરો તુલ્ય ગુણવાળા છે તેથી, ચિરકાલ અતીત એવા અન્યતર ભગવાનથી બીજાધાનાદિની સિદ્ધિ હોવાથી=સર્વ ભવ્યજીવોને બીજાધાનાદિની સિદ્ધિ હોવાથી, અલ્પ જ કાલથી=એક પુદ્ગલપરાવર્તનરૂપ અલ્પ જ કાલથી, સકલ ભવ્યની મુક્તિ થાય –

पंजिका :-

न च=नैव, एते=योगक्षेमे, कस्यचित् तीर्थकृतः सकलभव्यविषये=सर्व्वभव्यानाश्रित्य प्रवृत्ते। विपक्षे बाधकमाह- ततो=विशिष्टात्तीर्थकरात्, तत्प्राप्त्या=योगक्षेमप्राप्त्या, सकलभव्यविषयत्वे योगक्षेमयोः, सर्व्वेषामेव-भव्यानां मुक्तिप्रसङ्गात्-योगक्षेमसाध्यस्य मोक्षस्य प्राप्तेः, एतदेव भावयन्नाह- तुल्यगुणाः=सदृशज्ञानादिशक्तयो, 'हिः' यस्मादर्थे, एते तीर्थकराः प्रायेण=बाहुल्येन, शरीरजीवितादिना त्वन्यथात्वमपीति प्रायग्रहणम्, ततः=तुल्यगुणत्वाद् हेतोः, चिरतरकालातीतात्=पुद्गलपरावर्त्तपरकालभूताद्, अन्यतरस्माद्=भरतादिकर्म्म-भूमिभाविनो, भगवतः तीर्थकराद्, बीजाधानादिसिद्धेः=बीजाधानोद्भेदपोषणनिष्पत्तेरुक्तरूपायाः, अल्पेनैव कालेन=पुद्गलपरावर्त्तमध्यगतेनैव, सकलभव्यमुक्तिः स्यात्=सर्व्वेऽपि भव्याः सिध्येयुः।

પંજિકાર્થ :-

'ન ચ'-નૈવ ..... ભવ્યાઃ સિધ્યેયુઃ ।। કોઈક તીર્થંકરને સકલ ભવ્યોના વિષયવાળા=સર્વ ભવ્યોને આશ્રયીને પ્રવૃત્ત એવા, આ=યોગક્ષેમ, નથી જ, વિપક્ષમાં=સકલ ભવ્યના વિષયવાળા યોગક્ષેમ તીર્થંકરોમાં છે એ સ્વીકારવારૂપ વિપક્ષમાં, બાધકને કહે છે – તેનાથી=વિશિષ્ટ એવા તીર્થંકરથી=ભૂતકાળના કોઈક વિશિષ્ટ એવા તીર્થંકરથી, તેની પ્રાપ્તિ થવાને કારણે=યોગક્ષેમની પ્રાપ્તિ થવાને કારણે, યોગક્ષેમનું સકલ ભવ્યોનું વિષયપણું હોતે છતે સર્વ જ ભવ્યજીવોની મુક્તિનો પ્રસંગ હોવાથી=યોગક્ષેમ સાધ્ય મોક્ષની પ્રાપ્તિ હોવાથી, ભગવાન સકલ ભવ્યજીવોના નાથ નથી એમ અન્વય છે.

આને જ=ભગવાન સર્વ ભવ્યજીવોના નાથ સ્વીકારવામાં આવે તો આટલા કાળ સુધીમાં સકલ ભવ્યજીવોને ક્યારની મુક્તિની પ્રાપ્તિ થઈ ગઈ હોત એમ પૂર્વમાં કહ્યું એને જ, ભાવન કરતાં કહે છે.

'હિ' યસ્માદ્ અર્થમાં છે તેથી જે કારણથી તુલ્ય ગુણવાળા=સદૃશ જ્ઞાનાદિ શક્તિવાળા, પ્રાયઃ= બહુલતાથી, આ તીર્થંકરો છે, શરીર જીવિતાદિથી વળી, અન્યથાપણું પણ છે=અતુલ્યપણું પણ છે, એથી પ્રાયઃનું ગ્રહણ છે અર્થાત્ પ્રાયઃ બધા તીર્થંકરો તુલ્ય ગુણવાળા છે એમ કહેલ છે તેથી=બધા તીર્થંકરો તુલ્ય ગુણવાળા છે તેથી, ચિરકાલ અતીત અન્યતર તીર્થંકરથી=પુદ્ગલપરાવર્તકાલરૂપ ચિરકાલ અતીત એવા ભરત આદિ કર્મભૂમિ ભાવી એવા અન્યતર તીર્થંકરથી, બીજાધાનાદિની સિદ્ધિ હોવાને કારણે=ભગવાન બધા ભવ્યજીવોના ઉપકારને કરનારા છે તેમ સ્વીકારવામાં આવે તો ભૂતકાળના કોઈક તીર્થંકરથી બધા ભવ્યજીવોને બીજાધાનાદિની સિદ્ધિ હોવાને કારણે=ઉક્તરૂપવાળા બીજાધાન-ઉદ્ભેદ-પોષણ આદિની નિષ્પત્તિ હોવાને કારણે, અલ્પ જ કાળથી=પુદ્ગલપરાવર્ત મધ્યગત જ અલ્પ કાળથી, સકલ ભવ્યની મુક્તિ થાય=સર્વ પણ ભવ્યજીવો પૂર્વના કોઈક તીર્થંકરથી અત્યાર સુધીમાં મોક્ષમાં ગયેલા પ્રાપ્ત થાય.

વસ્તુતઃ બધા ભવ્યજીવો મોક્ષમાં ગયા નથી, આથી સંસારમાં ભવ્યજીવો છે, તેથી બધા ભવ્યજીવોનો ઉપકાર કરવા ભગવાન સમર્થ નથી એમ સિદ્ધ થાય છે.

ભાવાર્થ :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે જે જીવો બીજાધાનથી સંવિભક્ત છે તે જીવો ભાવથી ભગવાનનો આશ્રય કરે છે તેઓનો યોગક્ષેમ કરનારા ભગવાન હોવાથી નાથ છે, ત્યાં કોઈક વિચારકને શંકા થાય કે ભગવાન અચિંત્ય શક્તિવાળા છે, તેથી બધા ભવ્યજીવોને ઉપકાર કરી શકે છે, માટે બીજાધાનથી સંવિભક્ત જીવોના જ ભગવાન નાથ છે તેમ કહેવાને બદલે સર્વ ભવ્યજીવોના નાથ છે તેમ કહેવું જોઈએ, એ પ્રકારની શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

કોઈ તીર્થંકરો સકલ ભવ્યજીવોને યોગક્ષેમ કરનારા નથી; કેમ કે જો સકલ ભવ્યજીવોનો યોગક્ષેમ કરીને ભગવાન તેઓના નાથ થતા હોત તો ભૂતકાળમાં ઘણા તીર્થંકરો થઈ ગયા છે અને તે સર્વ તીર્થંકરો પ્રાયઃ

કરીને તુલ્ય ગુણવાળા છે, તેથી ભૂતકાળના કોઈક તીર્થંકરથી બધા ભવ્યજીવોને અત્યાર સુધીમાં બીજાધાનની પ્રાપ્તિ, બીજના ઉદ્‌ભેદની પ્રાપ્તિ અને બીજના પોષણની પ્રાપ્તિ થઈ ગઈ હોત તો ત્યારપછી પુદ્‌ગલપરાવર્ત જેટલા અલ્પકાળમાં બધા જીવોને મોક્ષની પ્રાપ્તિ થઈ ગઈ હોત, તેથી જગતમાં બધા ભવ્યજીવોનો ઉચ્છેદ પ્રાપ્ત થાય અને વર્તમાનમાં ભવ્યજીવો ઉપલબ્ધ છે, બીજાધાનાદિ પ્રાપ્ત કરી રહ્યા છે તે સર્વ પ્રત્યક્ષ છે, તેથી ફલિત થાય છે કે અચિંત્ય શક્તિવાળા પણ ભગવાન સર્વ ભવ્યજીવોને ઉપકાર કરવા માટે સમર્થ નથી, પરંતુ બીજાધાનાદિથી સંવિભક્ત એવા જે ભવ્યજીવો તેમનો ભાવથી આશ્રય કરે છે તેઓના જ ભગવાન નાથ છે, અન્યના નથી.

पंजिका :-

नन्वनादावपि काले बीजाधानादिसम्भवात् कथमल्पेनैव कालेन सर्वभव्यमुक्तिप्रसङ्ग इत्याशङ्क्याह –

पंजिकार्थ :-

नन्वनादावपि ..... इत्याशङ्क्याह ।। અનાદિ પણ કાલમાં=ભૂતકાળમાં અનાદિ પણ કાલમાં, બીજાધાનાદિનો સંભવ હોવાથી કેવી રીતે અલ્પ જ કાલથી=ભગવાનથી સર્વ ભવ્યજીવોને બીજાધાનાદિ થાય છે તેમ સ્વીકારવામાં આવે તો અલ્પ જ કાલથી, કેવી રીતે સર્વ ભવ્યને મુક્તિનો પ્રસંગ થાય ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ललितविस्तरा :-

बीजाधानमपि ह्यपुनर्बन्धकस्य, न चास्यापि पुद्‌गलपरावर्त्तः संसार इति कृत्वा, तदेवं लोकनाथाः।।११।।

ललितविस्तरार्थ :-

हि=જે કારણથી, બીજાધાન પણ અપુનર્બંધકને થાય છે અને આનો પણ=અપુનર્બંધકનો પણ, પુદ્‌ગલપરાવર્ત સંસાર છે, એથી કરીને નથી જ=એક પુદ્‌ગલપરાવર્તથી અધિક સંસારવાળા બીજાધાનવાળા કોઈ જીવો નથી જ, તેથી જો સર્વ ભવ્યજીવોને ભગવાનથી બીજાધાનાદિ થતા હોય તો અલ્પકાળમાં જ બધાની મુક્તિ થાય એમ સંબંધ છે, પ્રસ્તુત સૂત્રના કથનનું નિગમન કરતાં તદેવં થી કહે છે – આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ભગવાન લોકના નાથ છે. ।।૧૧।।

पंजिका :-

बीजाधानमपि=धर्म्मप्रशंसादिकमपि, आस्तां सम्यक्त्वादीति 'अपि'शब्दार्थः हिः=यस्माद्, अपुनर्बन्धकस्य='पापं न तीव्रभावात् करोती'त्यादिलक्षणस्य न च=नैव, अस्यापि=अपुनर्बन्धकस्यापि, आस्तां सम्यग्दृष्ट्यादेः, पुद्‌गलपरावर्त्तः समयसिद्धः, 'संसार' इति संसारकालः, इति कृत्वा-इति हेतोः, अल्पेनैव कालेन सर्वभव्यमुक्तिः स्यादिति योगः।।११।।

પંજિકાર્થ :-

'बीजाधानमपि' ..... स्यादिति योगः ।। हिः=જે કારણથી, બીજાધાન પણ=ધર્મપ્રશંસાદિ પણ, અપુનર્બંધક જીવને છે=પાપ તીવ્રભાવથી કરતો નથી ઈત્યાદિ લક્ષણવાળા અપુનર્બંધક જીવને છે, સમ્યક્ત્વાદિ દૂર રહો એ अपि શબ્દનો અર્થ છે=बीजाधानमपिમાં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, આને પણ=અપુનર્બંધકને પણ, સમ્યગ્દૃષ્ટિ આદિ દૂર રહો, શાસ્ત્રસિદ્ધ પુદ્ગલપરાવર્ત સંસાર છે=સંસારકાલ છે, એથી કરીને નથી જ=અધિકકાળ સંસારમાં નથી જ, એથી, અલ્પ જ કાળથી સર્વ ભવ્યની મુક્તિ થાય=ભગવાન સર્વ ભવ્યજીવોને ઉપકાર કરનારા છે તેમ સ્વીકારવામાં આવે તો ભૂતકાળના કોઈક તીર્થંકરથી એક પુદ્ગલપરાવર્ત જેટલા અલ્પ જ કાળથી બધા ભવ્યોની મુક્તિ થાય, એ પ્રમાણે યોગ છે. ॥૧૧॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે તીર્થંકરો બધા ભવ્યજીવોને ઉપકાર કરી શકતા નથી, પરંતુ બીજાધાનથી સંવિભક્ત જીવોને જ ઉપકાર કરી શકે છે અને જો તેમ ન માનવામાં આવે તો ભૂતકાળના કોઈક તીર્થંકરથી બધા ભવ્યજીવોને બીજાધાન, ઉદ્ભેદ આદિની પ્રાપ્તિ દ્વારા મુક્તિની પ્રાપ્તિ થાય, ત્યાં કોઈકને પ્રશ્ન થાય કે બીજાધાન થવા છતાં બધા ભવ્યજીવોની મુક્તિ થતી નથી, પરંતુ જે ભવ્યજીવો બીજાધાન કર્યા પછી અપ્રમાદથી યોગમાર્ગનું સેવન કરે છે તેઓની જ મુક્તિ થાય છે, માટે ભગવાન બધા ભવ્યજીવોને ઉપકાર કરનાર છે તેમ સ્વીકારી શકાશે તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

બીજાધાન પણ અપુનર્બંધક જીવને જ થાય છે, અન્યને થતું નથી અને બીજાધાન થયા પછી તે જીવનો એક પુદ્ગલપરાવર્ત જ સંસાર છે, અધિક સંસાર નથી; કેમ કે બીજાધાનની પ્રાપ્તિ પછી કોઈક જીવ પ્રમાદ-બહુલ બને તોપણ એક વખત મોક્ષને અનુકૂળ બીજાધાનરૂપ ગુણ પ્રાપ્ત કર્યા પછી એક પુદ્ગલપરાવર્તની અંદર જ તે જીવનું સદ્વીર્ય અવશ્ય ઉલ્લસિત થશે અને અવશ્ય તે જીવ એક પુદ્ગલપરાવર્તની અંદર જ મોક્ષને પામશે, તેથી જો ભૂતકાળના કોઈક તીર્થંકરથી બધા ભવ્યજીવોને બીજાધાન પ્રાપ્ત થયું હોય તો અલ્પકાળમાં જ સર્વ ભવ્યજીવો અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરત, પરંતુ બધા ભવ્યજીવોએ મોક્ષ પ્રાપ્ત કર્યો નથી, તેથી નક્કી થાય છે કે બધા ભવ્યજીવોને ભગવાન ઉપકાર કરી શકતા નથી.

આ સર્વ કથનનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે બીજાધાનથી સંવિભક્ત જીવોના ભગવાન નાથ છે; કેમ કે ભગવાન તેઓનું જ રાગાદિ ઉપદ્રવોથી રક્ષણ કરે છે અને દુર્ગતિઓના પાતથી રક્ષણ કરે છે, માટે ભગવાન તેઓના નાથ છે. **॥૧૧॥**

સૂત્ર :-

लोगहिआणं ।।१२।।

सूत्रार्थ :-

લોકના હિતને કરનારા ભગવાનને નમસ્કાર થાઓ. ॥१२॥

ललितविस्तरा :-

तथा 'लोकहितेभ्यः'। इह लोकशब्देन सकलसांव्यवहारिकादिभेदभिन्नः प्राणिलोको गृह्यते, पञ्चास्ति-कायात्मको वा सकल एव, एवं चालोकस्यापि लोक एवान्तर्भावः, आकाशास्तिकायस्योभयात्मकत्वात्, लोकादिव्यवस्थानिबन्धनं तूक्तमेव।

ललितविस्तरार्थ :-

तथा=તે પ્રકારે, લોકના હિતને કરનારા છે એમ અન્વય છે અને लोकहितेभ्यः એ પ્રતીક છે, અહીં=लोगहिआणं શબ્દમાં, લોક શબ્દથી સકલ સાંવ્યવહારિકભેદથી ભિન્ન=સાંવ્યવહારિક અવ્યવહારિક સર્વ, પ્રાણીલોક ગ્રહણ કરાય છે અથવા પંચાસ્તિકાયાત્મક સકલ જ લોક ગ્રહણ કરાય છે અને આ રીતે=પંચાસ્તિકાયાત્મક લોક છે એમ કહ્યું એ રીતે, અલોકનો પણ લોકમાં જ અંતર્ભાવ છે; કેમ કે આકાશાસ્તિકાયનું ઉભયાત્મકપણું છે, લોકાદિ વ્યવસ્થાનું કારણ કહેવાયેલું જ છે=જ્યાં ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યો છે તે લોક છે અને જ્યાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો નથી તે અલોક છે એ પ્રમાણે लोगुत्तमाणंમાં બતાવેલું, એથી લોકાદિ વ્યવસ્થાનું કારણ કહેવાયેલું જ છે.

पंजिका :-

'सांव्यवहारिकादिभेदभिन्न' इति; नरनारकादिर्लोकप्रसिद्धो व्यवहारः संव्यवहारस्तत्र भवाः सांव्यवहारिकाः, 'आदि'शब्दात् तद्विपरीता नित्यनिगोदावस्थाः असांव्यवहारिका जीवा गृह्यन्ते, त एव भेदौ प्रकारौ ताभ्यां भिन्न इति।

पंजिकार्थ :-

'सांव्यवहारिका ..... भिन्न इति ।। सांव्यवहारिकभेदभिन्न એ ललितविस्तराનું પ્રતીક છે, તેનો અર્થ કરે છે – નર-નારકાદિ લોકપ્રસિદ્ધ વ્યવહાર સંવ્યવહાર તેમાં થનારા જીવો સાંવ્યવહારિકો છે, આદિ શબ્દથી=સાંવ્યવહારિકાદિમાં રહેલા 'આદિ' શબ્દથી, તેનાથી વિપરીત નિત્યનિગોદમાં રહેલા અસાંવ્યવહારિક જીવો ગ્રહણ કરાય છે, તે જ ભેદો=સાંવ્યવહારિક આદિ ભેદો અર્થાત્ પ્રકારો, તેનાથી ભિન્ન સાંવ્યવહારિક આદિ ભેદ ભિન્ન છે.

ભાવાર્થ :-

ભગવાન લોકના હિતને કરનારા છે, એ કથનમાં तथा શબ્દ તે પ્રકારના અર્થમાં છે, તેથી લોક શબ્દ દ્વારા તે પ્રકારનો લોક ગ્રહણ થાય છે, તેથી જે સ્થાને જે ઘટતું હોય તે ગ્રહણ કરવું એમ સૂચિત થાય છે

અને અહીં=લોગહિઆણં સૂત્રમાં, લોક શબ્દ બે પ્રકારે ગ્રહણ કરાયેલ છે, એક પ્રકારથી સર્વ સાંવ્યવહારિક-અસાંવ્યવહારિક જીવોરૂપ લોકના હિતને કરનારા ભગવાન છે, બીજા પ્રકારે લોકનો અર્થ ગ્રહણ કરીએ તો પંચાસ્તિકાયાત્મક સકલ લોકના હિતને કરનારા છે, આ બીજા પ્રકારના કથનમાં અલોકાકાશનો પણ લોકમાં જ અંતર્ભાવ છે; કેમ કે આકાશાસ્તિકાય નામનું એક અખંડ દ્રવ્ય છે, તેથી પંચાસ્તિકાયમય લોક કહેવાથી પંચાસ્તિકાયમાં રહેલા આકાશનું પણ ગ્રહણ થાય છે અને પંચાસ્તિકાયમાં રહેલા આકાશ સાથે અભિન્ન એવા અલોકાકાશનું પણ ગ્રહણ થાય છે, તેથી લોક-અલોક સર્વના હિતને કરનારા ભગવાન છે, કઈ રીતે સર્વ જીવોના હિતને કરનારા છે અને કઈ રીતે પંચાસ્તિકાયમય લોકના હિતને કરનારા છે તે નયદૃષ્ટિ સ્વયં ગ્રંથકારશ્રી આગળ સ્પષ્ટ કરશે.

અહીં જિજ્ઞાસા થાય કે અલોકાકાશનો લોકાકાશમાં અંતર્ભાવ છે એમ કહ્યું, ત્યાં લોકાકાશ અને અલોકાકાશ એવી વ્યવસ્થાનું કારણ શું છે, તેથી કહે છે કે લોકાદિ વ્યવસ્થાનું કારણ લોગુત્તમાણં પદની લલિતવિસ્તરા ટીકામાં ગ્રંથકારશ્રીએ સ્વયં કહેલ જ છે તે પ્રમાણે ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યોથી યુક્ત એવો આકાશ લોક છે અને તેનાથી રહિત એવો આકાશ અલોક છે એમ સિદ્ધ થાય છે.

લલિતવિસ્તરામાં કહ્યું કે સકલ સાંવ્યવહારિક ભેદથી ભિન્ન પ્રાણીલોક લોક શબ્દથી ગ્રહણ થાય છે તેનું તાત્પર્ય સ્પષ્ટ કરતાં પંજિકાકાર કહે છે –

મનુષ્ય-નારક આદિ લોકપ્રસિદ્ધ વ્યવહાર તે સંવ્યવહાર છે, એથી જે જીવો આ મનુષ્ય છે, આ નારકીઓ છે, આ તિર્યંચો છે, આ એકેન્દ્રિય છે ઇત્યાદિ લોકવ્યવહારનો વિષય બને છે તે સાંવ્યવહારિક કહેવાય અને જેઓ નિત્ય નિગોદમાં રહેલા છે, પરંતુ લોક વ્યવહારમાં આવતા નથી તે અસાંવ્યવહારિક જીવો છે, તે સર્વ જીવોના હિતને કરનારા ભગવાન છે.

લલિતવિસ્તરા :-

तदेवंविधाय लोकाय हिताः, यथावस्थितदर्शनपूर्वकं सम्यक्प्ररूपणाचेष्टया तदायत्यबाधनेनेति च। इह यो यं याथात्म्येन पश्यति, तदनुरूपं च चेष्टते भाव्यपायपरिहारसारं, स तस्मै तत्त्वतो हित इति हितार्थः, इत्थमेव तदिष्टोपपत्तेः, इष्टं च सपरिणामं हितं, स्वादुपथ्यान्नवदतिरोगिणः।

अतोऽन्यथा तदनिष्टत्वसिद्धिः, तत्कर्तुरनिष्टाप्तिहेतुत्वेन; अनागमं पापहेतोरपि पापभावात्।

લલિતવિસ્તરાર્થ :-

પૂર્વમાં લોક શબ્દનો અર્થ કર્યો તે પ્રકારના આવા સ્વરૂપવાળા લોકના હિત કરનારા ભગવાન છે, યથાવસ્થિત દર્શનપૂર્વક સમ્યક્ પ્રરૂપણાની ચેષ્ટાથી, તેની આયતિના અબાધનથી=સમ્યગ્ દર્શનપૂર્વક પ્રજ્ઞાપિત અર્થના આગામીકાલમાં અપીડનથી ઇતિ ચ=એ હેતુથી, હિત છે=ભગવાન સર્વ જીવોના હિત છે અથવા પંચાસ્તિકાયના હિત છે, અહીં=જગતમાં, જે જેને=જે વસ્તુને, યાથાત્મ્યથી જુએ છે અને તેને અનુરૂપ ભાવિ અપાયના પરિહાર પ્રધાન ચેષ્ટા કરે છે તે તેના

માટે તત્ત્વથી હિત છે એ પ્રકારે હિતનો અર્થ છે; કેમ કે આ રીતે જ=યથાવસ્થિત દર્શનપૂર્વક સમ્યક્ ચેષ્ટા કરવામાં આવે એ રીતે જ, તેના ઈષ્ટની ઉપપત્તિ છે=યથાર્થ દર્શનાદિ કરનાર પુરુષના ઈષ્ટની પ્રાપ્તિ છે, અને ઈષ્ટ સપરિણામ હિત છે=ઉત્તરોત્તર શુભ પરિણામવાળું હિત છે, અતિરોગીને સ્વાદિષ્ટ પથ્ય અન્નની જેમ સપરિણામ હિત છે એમ અન્વય છે, આનાથી અન્યથા= યથાવસ્થિત દર્શનપૂર્વક સમ્યગ્ ઉચિત પ્રવૃત્તિ ન કરવામાં આવે તો, તેના અનિષ્ટત્વની સિદ્ધિ છે=તે ચેષ્ટાના અનિષ્ટપણાની સિદ્ધિ છે; કેમ કે તેના કર્તાને અનિષ્ટ આપત્તિનું હેતુપણું છે=તે ક્રિયા કરનારને ભાવિમાં અનિષ્ટની પ્રાપ્તિનું હેતુપણું છે.

અહીં પ્રશ્ન થાય કે ધર્મની પ્રવૃત્તિ કરે છે તેનાથી અનિષ્ટ કેમ થાય ? તેમાં હેતુ કહે છે –

અનાગમ=આગમના આદેશ વગર, પાપના હેતુથી પણ પાપ ભાવ છે.

पंजिका :-

यथावस्थितेत्यादि, यथावस्थितं=अविपरीतं, दर्शनं=वस्तुबोधः, पूर्वं=कारणं, यत्र तद् यथावस्थित-दर्शनपूर्वकं, क्रियाविशेषणमेतत्, सम्यक्प्ररूपणाचेष्टया=सम्यक्प्रज्ञापनाव्यापारेण, तदायत्यबाधनेन=तस्य-सम्यग्दर्शनपूर्वकं प्रज्ञापितस्य, आयतौ-आगामिनि काले, अबाधनेन-अपीडनेन, इति च-अनेन च हेतुना, हिता इति योगः, एतदेव भावयन्नाह- इह=जगति, यः=कर्त्ता, यं=कर्म्मतारूपं, याथात्म्येन=स्वस्व-रूपानतिक्रमेण, पश्यति=अवलोकते, तदनुरूपं च=दर्शनानुरूपं च, चेष्टते=व्यवहरति, भाव्यपायपरिहारसारम्= अनुरूपचेष्टनेऽपि भाविनमपायं परिहरन्नित्यर्थः, न पुनः सत्यभाषिलौकिककौशिकमुनिवत् भाव्यपायहेतुः, स=एवंरूपः, तस्मै=याथात्म्यदर्शनादिविषयीकृताय, हितः=अनुग्रहहेतुः, इति=एवं, हितार्थो=हितशब्दार्थः,

इत्थमेव=अनेनैव याथात्म्यदर्शनादिप्रकारेण, तस्य=सद्भूतदर्शनादिक्रियाकर्त्तुः, इष्टोपपत्तेः-इष्टस्य क्रियाफलस्य चेतनेष्वचेतनेषु वा विषये क्रियायां सत्यां स्वगतस्य, चेतनविशेषेषु तु स्वपरगतस्य वा घटनात्, इष्टमेव व्याचष्टे, -इष्टं पुनः सपरिणामम्=उत्तरोत्तरशुभफलानुबन्धि, हितं=सुखकारि=प्रकृतहितयोग-साध्योऽनुग्रह इति भावः, दृष्टान्तमाह– स्वादुपथ्यान्नवत्=स्वादुश्च जिह्वेन्द्रियप्रीणकं, पन्था इव पन्थाः सततोल्लङ्घनीयत्वाद् भविष्यत्कालः तत्र साधु, पथ्यं च स्वादुपथ्यं, तच्च तदन्नं च, तद्वत्, अतिरोगिणः-अतीतप्रायरोगवतः; अभिनवे हि रोगे 'अहितं पथ्यमप्यातुरे' इतिवचनात् पथ्यानधिकार एवेति, इतिरोगिणः इति पाठे, इति=एवंप्रकारः स्वादुपथ्यान्नार्हो यो रोगस्तद्वत इति, स्वादुग्रहणं तत्कालेऽपि सुखहेतुत्वेन विवक्षितत्वात्, अस्वादुत्वे च पथ्यस्याप्यतथाभूतत्वान्नैकान्तेनेष्टत्वमिति, उपचारतश्च स्वादुपथ्यान्नस्येष्टत्वं, तज्जन्यानुग्रहस्यैवेष्टत्वाद्, यथोक्तं–

'कज्जं इच्छंतेणं अणंतरं कारणंपि इट्ठंति।
जह आहारजतित्तिं इच्छंतेणेह आहारो।।'

एवमिष्टहेतुत्वादियं क्रियाऽपि हितयोगलक्षणा इष्टा सिद्धेति,

अत एव एवं व्यतिरेकमाह–

अतः=उक्तरूपाद् यो यं याथात्म्येन पश्यती'त्यादिकात् प्रकारात्, अन्यथा=प्रकारान्तरेण चेष्टायां, तदनिष्टत्वसिद्धिः तस्याः=चेष्टायाः-अनिष्टत्वम्=असुखकारित्वं, तस्य सिद्धिः=निष्पत्तिः, कथमित्याह-तत्कर्तुः=प्रकारान्तरेण चेष्टाकर्तुः, 'अनिष्टाप्तिहेतुत्वेन' अनिष्टं चेहाशुभं कर्म, तस्य आप्तिः=बन्धः, तस्या हेतुत्वेन प्रकारान्तरचेष्टायाः, अयमभिप्रायो- विपर्यस्तबोधो विपरीतप्रज्ञापनादिना चेतनेष्वचेतनेषु वाननुरूपं चेष्टमानोऽनुरूपचेष्टनेऽपि भाविनमपायमपरिहरन्नियमतोऽशुभकर्म्मणा बध्यते, परेषु त्वनिष्टाप्तिहेतुः स स्यान्नवेत्यनेकान्तः अचेतनेषु न स्याच्चेतनेषु तु स्यादपीति भावः।

ननु परेष्वहितयोगस्यानैकान्तिकत्वे कथं तत्कर्त्तुरनिष्टाप्तिहेतुत्वमैकान्तिकं प्रकारान्तरचेष्टनस्येत्याशङ्क्याह-अनागमम्=आगमादेशमन्तरेण, पापहेतोरपि=अयथावस्थितदर्शनादेरकुशलकर्म्मकारणात्, पापभावाद्= अकुशलकर्म्मभावात्, पापहेतुकृतात् पुनः परेष्वपायात् पापभाव एवेति 'अपि'शब्दार्थः, अयमभिप्रायः, - आगमादेशेन क्वचिदपवादे जीववधादिषु पापहेतुष्वपि प्रवृत्तस्य न पापभावः स्याद्, अन्यथा तु प्रवृत्तौ परेषु प्रत्यपायाभावेऽपि स्वप्रमाददोषभावान्नियमतः पापभाव इति तत्कर्त्तुरनिष्टाप्तिहेतुत्वमैकान्तिकमिति।

पंजिकार्थ :-

यथावस्थितेत्यादि ..... हेतुत्वमैकान्तिकमिति ।। 'यथावस्थितेत्यादि' ललितविस्तरानुं प्रतीक छे, यथावस्थित= अविपरीत, दर्शन=वस्तुनो बोध, पूर्व=कारण, छे जेमां ते यथावस्थित दर्शनपूर्वक छे, आ=यथावस्थित दर्शनपूर्वक ए, क्रियाविशेषण छे=आगळ सम्यक् प्ररूपणारूप चेष्टा बतावे छे ते क्रियानुं विशेषण छे, सम्यक् प्ररूपणारूप चेष्टाथी=सम्यक् प्रज्ञापनाना व्यापारथी, तेनी आयतिना अबाधनथी=तेनी अर्थात् सम्यग् दर्शनपूर्वक प्रज्ञापित अर्थनी आयतिमां अर्थात् आगामिकालमां अबाधनथी अर्थात् अपीडनथी, इति च=ललितविस्तरामां रहेला इति चनो अर्थ करे छे — अने आ हेतुथी=यथावस्थित दर्शनपूर्वक सम्यक् प्ररूपणाना व्यापारथी तेनी आयतिनुं अबाधन होवाने कारणे एम कह्युं ए रूप हेतुथी, हित छे=भगवान लोकना हित छे, ए प्रमाणे योग छे.

आने ज=भगवान लोकना हित छे तेनुं स्वरूप बताव्युं एने ज, भावन करतां कहे छे — अहीं= जगतमां जे=कर्ता, कर्मतारूप जेने=पोताना कृत्यना विषयभूत जेने, याथात्म्यथी=स्वस्वरूपना अनतिक्रमथी, जुए छे अने तेने अनुरूप भावि अपाय परिहारसार=दर्शनने अनुरूप चेष्टनमां पण भावि अपायना परिहारने करतो, चेष्टा करे छे=व्यवहार करे छे, परंतु सत्यभाषी लौकिक कौशिक मुनिनी जेम भावि अपायना हेतु एवी चेष्टाने करतो नथी, ते=आवा स्वरूपवाळो चेष्टा करनार, तेना माटे=याथात्म्य दर्शनादिना विषयीकृत एवी वस्तु माटे, हित छे=अनुग्रहनो हेतु छे, ए रीते हित शब्दनो अर्थ छे, आ रीते ज=आ ज याथात्म्य दर्शन आदि प्रकारथी, तेने=सद्भूत दर्शनादि क्रियाना कर्ताने, ईष्टनी उपपत्ति होवाथी=ईष्ट एवा क्रियाना फलनुं घटन होवाथी अथवा चेतन-

અચેતનના વિષયમાં ક્રિયા હોતે છતે સ્વગત ક્રિયાના ફલનું ઘટન હોવાથી અથવા ચેતન વિશેષોમાં સ્વગત-પરગત ક્રિયાના ફલનું ઘટન હોવાથી હિતાર્થ છે એમ અન્વય છે=જે પુરુષ વસ્તુને યથાર્થ જોઈને તેને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિ કરે છે તે તેનો હિતાર્થ છે એમ પૂર્વમાં કહ્યું તે હિતાર્થની આ રીતે ઉપપત્તિ છે એમ અન્વય છે, ઈષ્ટને જ કહે છે=યથાર્થ જોઈને પ્રવૃત્તિ કરનારને ઈષ્ટની ઉપપત્તિ છે એમ પૂર્વમાં કહ્યું તે પ્રવૃત્તિ કરનાર પુરુષનું ઈષ્ટ શું છે તેને જ કહે છે – ઈષ્ટ વળી, સપરિણામ=ઉત્તરોત્તર શુભ ફલના અનુબંધવાળો પરિણામ, હિત છે=સુખકારી છે=પ્રકૃત હિતયોગસાધ્ય અનુગ્રહ છે=લોગહિઆણં પદમાં રહેલ જે પ્રકૃત હિતનો યોગ તેનાથી સાધ્ય એવો અનુગ્રહ છે, એ પ્રકારનો ભાવ છે.

દૃષ્ટાંતને કહે છે=પૂર્વમાં કહ્યું કે આ રીતે જ ઈષ્ટની ઉપપત્તિ છે એ કથનમાં દૃષ્ટાંતને કહે છે – સ્વાદુ-પથ્ય અન્નની જેમ=સ્વાદુ એવું પથ્ય એ સ્વાદુપથ્ય અને તે=સ્વાદુપથ્ય એવું તે અન્ન, તેની જેમ સપરિણામ હિત છે એમ અન્વય છે, સ્વાદુનો અર્થ સ્પષ્ટ કરે છે – જીહ્વેન્દ્રિયને પ્રીતિ કરનારું સ્વાદુ છે, પથ્યનો અર્થ કરે છે – પંથના જેવો પંથ છે, સતત ઉલંઘનીયપણું હોવાથી ભવિષ્યકાળ પંથ છે, તેમાં સાધુ=સુંદર, તે પથ્ય છે અર્થાત્ જેમ પંથ સતત ઉલંઘનીય છે તેમ જીવને ભવિષ્યકાળ સતત ઉલંઘનીય છે તેમાં જે સુંદર હોય તે પથ્ય કહેવાય, જેમ રોગીને રોગનો નાશ થવાથી પથ્ય અન્ન ભવિષ્યકાળમાં સુંદર બને છે અને મુનિનું જિનવચનાનુસાર કરાયેલું કૃત્ય ભવિષ્યકાળમાં સુગતિઓમાં સ્થાપન કરીને જીવને માટે સુંદર બને છે માટે પથ્ય છે, અતિરોગીને=અતીતપ્રાય રોગવાળાને સ્વાદુપથ્ય અન્ન હિતકારી થાય છે એ દૃષ્ટાંત છે.

અહીં અતિરોગીનો અર્થ અતીતપ્રાયરોગવાળા કેમ કર્યો ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

હિ=જે કારણથી, આતુરમાં=રોગીમાં, પથ્ય પણ અહિત છે એ વચનથી અભિનવ રોગ હોતે છતે પથ્યનો અનધિકાર જ છે, इतिरोगिणः એ પ્રકારના પાઠમાં=ललितविस्तरामां इतिरोगिणः એ પ્રકારના પાઠાંતરમાં, इति=આવા પ્રકારનો, સ્વાદુપથ્ય અન્ન યોગ્ય જે રોગ તેવા રોગવાળાને સ્વાદુપથ્ય અન્નની જેમ સપરિણામ હિત છે તેમ યથાવસ્થિત દર્શનપૂર્વક ઉચિત પ્રવૃત્તિ સપરિણામ હિત છે, સ્વાદુનું ગ્રહણ તે કાલમાં પણ=આહારગ્રહણકાલમાં પણ, સુખના હેતુપણાથી વિવક્ષિતપણું હોવાથી છે= સપરિણામ હિત છે તેમાં દૃષ્ટાંત તરીકે સ્વાદુનું ગ્રહણ તત્કાલમાં પણ અર્થાત્ ભોજનકાલમાં પણ સુખનું હેતુપણું હોવાને કારણે વિવક્ષિતપણું છે; કેમ કે ધર્મ સેવનકાળમાં પણ સ્વાદુ અન્ન જેવો સુખનો હેતુ છે, અને પથ્યના પણ અસ્વાદુપણામાં અતથાભૂતપણું હોવાથી એકાંતથી ઈષ્ટપણું નથી=કેટલાક પથ્ય અન્ન સ્વાદમાં મધુર ન હોય તેથી સેવનકાળમાં અસુખના હેતુ હોવાથી તે પથ્ય અન્ન એકાંતથી ઈષ્ટ નથી તેવું હિત કરનારા ભગવાન નથી, તેથી સ્વાદુનું ગ્રહણ છે એમ અન્વય છે, અને ઉપચારથી=સેવનથી, સ્વાદુપથ્ય અન્નનું ઈષ્ટપણું છે; કેમ કે તદ્જન્ય અનુગ્રહનું ઈષ્ટપણું છે=સ્વાદુપથ્ય અન્નજન્ય સુખનું જ ઈષ્ટપણું છે, જે કારણથી કહેવાયું છે –

કાર્યને ઇચ્છતા પુરુષ વડે અનંતર કારણ પણ ઇચ્છાયેલું છે, જે પ્રમાણે આહારથી થનારી તૃપ્તિને ઇચ્છતા પુરુષ

વડે અહીં આહાર ઇચ્છાયેલો છે, એ રીતે ઇષ્ટનું હેતુપણું હોવાથી હિતયોગ લક્ષણવાળી આ ક્રિયા પણ ઇષ્ટ સિદ્ધ થયેલી છે.

આથી જ=અતીત પ્રાયઃ રોગવાળાને સ્વાદુપથ્ય અન્નની જેમ સપરિણામ હિત ઇષ્ટ છે આથી જ, આ પ્રમાણે=આગળ બતાવે છે એ પ્રમાણે, વ્યતિરેકને કહે છે=લલિતવિસ્તરામાં કહે છે, આથી="જે જેને યાથાત્મ્યથી જુએ છે" ઇત્યાદિ ઉક્તરૂપ પ્રકારથી, અન્યથા=પ્રકારાંતરથી ચેષ્ટામાં, તેના અનિષ્ટત્વની સિદ્ધિ છે=તે ચેષ્ટાના અસુખકારિત્વરૂપ અનિષ્ટત્વ તેની સિદ્ધિ અર્થાત્ નિષ્પત્તિ છે.

કેવી રીતે યથાર્થ જ્ઞાન વગરની ચેષ્ટાથી અનિષ્ટત્વની સિદ્ધિ છે ? એથી કહે છે –

તેના કર્તાને=પ્રકારાંતરથી ચેષ્ટાના કર્તાને=પદાર્થના યથાર્થ બોધ વગર ચેષ્ટાના કર્તાને, અનિષ્ટની પ્રાપ્તિનું હેતુપણું હોવાથી અનિષ્ટત્વની સિદ્ધિ છે એમ અન્વય છે અને અનિષ્ટ અહીં અશુભકર્મ છે, તેની પ્રાપ્તિ=બંધ, તેનું=અનિષ્ટત્વના બંધનું, પ્રકારાંતર ચેષ્ટાનું હેતુપણું હોવાથી અનિષ્ટત્વની સિદ્ધિ છે એમ અન્વય છે, આ અભિપ્રાય છે – વિપર્યસ્ત બોધવાળો વિપરીત પ્રજ્ઞાપના આદિથી=વિપરીત પ્રરૂપણાથી અને વિપરીત આચરણાથી, ચેતનોમાં અથવા અચેતનોમાં અનનુરૂપ ચેષ્ટા કરતો અનુરૂપ ચેષ્ટનમાં પણ=ચેતન-અચેતન પદાર્થોમાં હિતને અનુકૂળ એવી ચેષ્ટાને કરવા છતાં પણ, ભાવિના અપાયને અપરિહાર કરતો=વિપર્યસ્ત બોધને કારણે તે ચેષ્ટાથી ભાવિમાં થનારા અનર્થોના પરિહારને નહિ કરતો, નિયમથી અશુભકર્મોથી બંધાય છે, વળી, પરમાં=ચેતન અથવા અચેતનરૂપ પર પદાર્થોમાં, અનિષ્ટની પ્રાપ્તિનો હેતુ તે=અજ્ઞાનપૂર્વક ચેષ્ટા કરનાર પુરુષ, થાય અથવા ન થાય એ પ્રકારે અનેકાંત છે, અચેતનોમાં ન થાય=અનિષ્ટની પ્રાપ્તિનો હેતુ ન થાય, વળી, ચેતનોમાં થાય પણ=અનિષ્ટની પ્રાપ્તિનો હેતુ થાય પણ અથવા ન પણ થાય, એ પ્રકારનો ભાવ છે.

નનુથી શંકા કરે છે – પરમાં અહિતયોગનું અનેકાંતિકપણું હોતે છતે=કોઈ મહાત્મા પદાર્થના સ્વરૂપને જાણ્યા વગર પ્રરૂપણા કરે અને પ્રવૃત્તિ કરે તેનાથી પર એવા અચેતનમાં કે ચેતનમાં અહિત-યોગનું અનેકાંતિકપણું હોતે છતે, કેવી રીતે પ્રકારાંતર ચેષ્ટા કરનારા એવા તેના કર્તાનું=યથાર્થ બોધ વગર પ્રરૂપણા આદિ કરનારા પુરુષનું, અનિષ્ટપ્રાપ્તિનું હેતુપણું એકાંતિક છે, એ પ્રકારની આશંકા કરીને કહે છે=લલિતવિસ્તરામાં કહે છે –

અનાગમ=આગમના આદેશ વગર, પાપના હેતુથી પણ=અયથાસ્થિત દર્શન આદિથી અકુશલ કર્મના કારણથી=યથાર્થ બોધ વગર અકુશલ એવી ક્રિયા કરવાથી, પાપભાવ હોવાના કારણે=અકુશલકર્મનો ભાવ હોવાના કારણે, તેના કર્તાને એકાંતે અનિષ્ટની પ્રાપ્તિ છે એમ અન્વય છે, વળી, પરમાં પાપના હેતુકૃત અપાયોથી પાપભાવ જ છે એ અપિ શબ્દનો અર્થ છે=पापहेतोरपिમાં રહેલા અપિ શબ્દનો અર્થ છે, આ અભિપ્રાય છે – આગમના આદેશથી ક્યારેક અપવાદની પ્રવૃત્તિ હોતે છતે જીવવધ આદિ પાપહેતુઓમાં પણ પ્રવૃત્ત સાધુને પાપનો સદ્ભાવ થતો નથી=પાપબંધની પ્રવૃત્તિ થતી નથી, વળી, અન્યથા પ્રવૃત્તિ હોતે છતે=આગમના આદેશ વગર કોઈક અનુષ્ઠાનમાં સાધુની પ્રવૃત્તિ હોતે છતે,

પરમાં=જીવોમાં, પ્રત્યપાયનો અભાવ હોવા છતાં પણ=પીડા-વધ આદિનો અભાવ હોવા છતાં પણ, સ્વ-પ્રમાદ દોષના ભાવને કારણે=આગમ નિરપેક્ષ પ્રવૃત્તિ કરવારૂપ સ્વ-પ્રમાદ દોષના ભાવને કારણે, નિયમથી પાપનો ભાવ છે=પાપબંધ થાય છે, એથી તેના કર્તાને=આગમ નિરપેક્ષ ઉપદેશ આદિની પ્રવૃત્તિ કરનારા પુરુષને, અનિષ્ટની પ્રાપ્તિનું હેતુપણું એકાંતિક છે.

ભાવાર્થ :-

પૂર્વમાં લોગહિઆણં પદમાં રહેલ લોક શબ્દના બે અર્થ કર્યા. (૧) લોક શબ્દથી સંસારવર્તી સર્વ લોકોનું ગ્રહણ છે (૨) લોક શબ્દથી પંચાસ્તિકાયમય લોકનું ગ્રહણ છે, તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાન સંસારવર્તી સર્વ જીવોનું હિત કરનારા છે અથવા ભગવાન પંચાસ્તિકાયમય લોકના હિતને કરનારા છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાન કઈ રીતે લોકના હિતને કરનારા છે ? તેથી કહે છે –

ભગવાન કેવળજ્ઞાન પામ્યા પછી સંપૂર્ણ લોકને યથાર્થ જોનારા છે અને સંસારવર્તી જીવોનું કઈ રીતે હિત થાય તેનું સ્વરૂપ યથાર્થ જોનારા છે અને તેવા યથાર્થ બોધપૂર્વક ભગવાને સમ્યક્ પ્રરૂપણાની ચેષ્ટા કરી છે. તે ચેષ્ટાથી આગામીકાલમાં કોઈ જીવને બાધા ન થાય તેવા પ્રકારની પ્રરૂપણા કરી છે, તેથી તેઓના વચન પ્રમાણે જે જીવો પ્રવૃત્તિ કરે છે તે જીવોથી પોતાનું સમ્યક્ હિત થાય છે અને તે હિતની પ્રવૃત્તિથી આગામીકાલમાં કોઈ અનર્થની પ્રાપ્તિ થતી નથી. જેમ સંસારીજીવો સંસારની ધનઅર્જનાદિ ક્રિયાઓ કરે છે તેનાથી તત્કાલ તેઓનું હિત થાય છે તોપણ તે પ્રવૃત્તિથી જે કર્મબંધ આદિ થાય છે તેનાથી આગામીકાલમાં તેઓનું અહિત થાય છે તેવું આગામીકાલમાં કોઈનું અહિત થાય તેવી પ્રરૂપણા ભગવાને કરી નથી, પરંતુ તેમની પ્રરૂપણા અનુસાર જે જીવો પ્રવૃત્તિ કરે છે તેઓને વર્તમાનમાં હિત થાય છે; કેમ કે ભગવાનના વચન અનુસાર કરાયેલા પ્રયત્નથી કષાયોના તાપનું શમન થાય છે, પાપપ્રકૃતિ પુણ્યરૂપે રૂપાંતરિત થાય છે, ઇષ્ટ પ્રાપ્તિમાં બાધક કર્મો ક્ષયોપશમભાવને પામે છે, તેથી વર્તમાનમાં અક્લેશવાળા જીવનની પ્રાપ્તિ થાય છે અને આગામી ભવોમાં પણ કોઈ અનર્થની પ્રાપ્તિ થતી નથી, પરંતુ સદ્ગતિઓની પરંપરા દ્વારા ઉત્તરોત્તર સુખની જ વૃદ્ધિ થાય છે અને અંતે પૂર્ણ સુખમય નિરુપદ્રવ અવસ્થાની પ્રાપ્તિ થાય છે.

અહીં હિત શું છે ? તે સ્પષ્ટ કરે છે – જે પુરુષ જે વસ્તુને યથાર્થપણાથી જુએ છે અને તે વસ્તુના યથાર્થ જ્ઞાનને અનુરૂપ ભાવિ અપાયના પરિહારપૂર્વક ચેષ્ટા કરે છે તે પુરુષ તે વસ્તુ માટે તત્ત્વથી હિત છે એ પ્રકારનો હિતનો અર્થ છે, તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાન પંચાસ્તિકાયમય લોકને કેવલજ્ઞાનથી યથાર્થ જુએ છે અને જોયા પછી ભાવી અપાય ન થાય તે પ્રકારે પંચાસ્તિકાયમય લોકના સ્વરૂપની યથાર્થ પ્રજ્ઞાપના=પ્રરૂપણા, કરે છે, તેથી તેમની પ્રજ્ઞાપનાથી પ્રવૃત્તિ કરનારા પુરુષ દ્વારા કોઈ જીવોને અથવા પંચાસ્તિકાયમય લોકને ભાવિમાં કોઈ અપાય થતો નથી તેવી તે પુરુષની પ્રવૃત્તિ છે તેથી પંચાસ્તિકાયમય લોક માટે ભગવાન હિત છે.

વળી, ભગવાન સમ્યક્ જ્ઞાનપૂર્વક પ્રરૂપણા કરે છે માટે પંચાસ્તિકાયમય લોકના હિત છે અથવા સંસારી સર્વ જીવોના હિત છે, તે કથનને જ યુક્તિથી દૃઢ કરવા માટે કહે છે – આ રીતે યથાર્થ દર્શન આદિ

પ્રકારથી પ્રવૃત્તિ કરનારને ઇષ્ટની પ્રાપ્તિ છે, જીવને ઇષ્ટ શું છે તે બતાવે છે – જીવને સાનુબંધ પરિણામવાળું હિત ઇષ્ટ છે, જેમ અતીતપ્રાયઃ રોગવાળાને સ્વાદુપથ્ય અન્ન હિત છે, તેમ જે જીવોનો કર્મમલ કંઈક અલ્પ થયો છે તેવા જીવો ભાવરોગવાળા હોવા છતાં ઔષધ આદિથી ભાવરોગનો નાશ થઈ શકે તેવા છે, તેવા જીવોને સ્વાદિષ્ટ અને પથ્ય અન્ન જેમ તત્કાલ સુખ ઉત્પન્ન કરે છે અને આરોગ્યની વૃદ્ધિ દ્વારા ભાવિમાં સુખ ઉત્પન્ન કરે છે, તેમ ભગવાને બતાવેલો યથાવસ્થિત બોધપૂર્વકનો માર્ગ સંસારીજીવોને ઉત્તરોત્તર સુંદર પરિણામ આપે તેવું હિત છે; કેમ કે ભગવાનના વચનના ઉપદેશને જેઓ ઝીલે છે અને તે પ્રમાણે ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેઓને કષાયોના શમનકૃત તત્કાલ સુખ થાય છે અને પુણ્યપ્રકૃતિનો પ્રકર્ષ થવાથી સર્વ પ્રકારની અનુકૂળતાઓ પ્રાપ્ત થાય છે અને ભવિષ્યમાં સર્વ ઇષ્ટની પ્રાપ્તિ થાય છે, તેથી ભગવાનના વચનથી યોગ્ય જીવોને ઉત્તરોત્તર શુભ ફલવાળું ઇષ્ટ પ્રાપ્ત થાય છે, તેથી ભગવાને સર્વ જીવોના ઉપકારનું કારણ બને તેવો પદાર્થનો યથાર્થ બોધ કરાવ્યો છે, માટે ભગવાન સર્વ જીવોના હિત છે અથવા પંચાસ્તિકાયમય જગતને ઉપદ્રવ ન થાય તેવા પ્રકારનો બોધ કરાવ્યો છે, માટે ભગવાન પંચાસ્તિકાયમય જગતના હિત છે, આ કથનને જ વ્યતિરેકથી સ્પષ્ટ કરે છે –

જે પુરુષ યથાર્થ વસ્તુને જોતા નથી અને યથાર્થ બોધને અનુરૂપ ચેષ્ટા કરતા નથી તેનાથી અનિષ્ટત્વની પ્રાપ્તિ છે અર્થાત્ પંચાસ્તિકાયમય જગતને કે સર્વ જીવોને અનિષ્ટત્વની પ્રાપ્તિ છે, જોકે અજ્ઞાનપૂર્વકની કોઈકની પ્રવૃત્તિથી અન્ય જીવોને અનિષ્ટની પ્રાપ્તિ એકાંતે થતી નથી, પરંતુ તે પ્રવૃત્તિ કરનારને તે પ્રવૃત્તિ અનિષ્ટનો હેતુ છે, તેથી તે પ્રવૃત્તિ જીવો માટે અનિષ્ટ છે તેમ ઉપચારથી કહેવાય છે. જેમ કોઈ જીવ અજ્ઞાનથી અનુચિત પ્રવૃત્તિ કરે, તેનાથી અન્ય જીવને અહિત થાય પણ કે ન પણ થાય, તોપણ તે પ્રવૃત્તિ કરનારને અન્યના અહિતને અનુકૂળ તે પ્રવૃત્તિ હોવાથી કર્મબંધની પ્રાપ્તિ થાય છે, તેથી જે પ્રવૃત્તિથી પોતાને કર્મબંધ થાય તે પ્રવૃત્તિ બીજા માટે અહિતરૂપ છે તેમ કહેવાય છે. આથી જ ભગવાને જે ઉપદેશ આપ્યો તેનાથી પ્રવૃત્તિ કરનારા મહાત્માઓ કોઈનું અહિત ન થાય તે પ્રકારે પ્રવૃત્તિ કરનારા છે, માટે તેઓને તે પ્રવૃત્તિ અનિષ્ટ પ્રાપ્તિનો હેતુ બનતી નથી, માટે તેઓની પ્રવૃત્તિ યથાર્થ દર્શનપૂર્વક ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી સર્વ જીવો માટે કે પંચાસ્તિકાયમય લોક માટે અનિષ્ટરૂપ નથી. જોકે વિપરીત બોધવાળા જીવો વિપરીત પ્રરૂપણાથી અને વિપરીત ચેષ્ટાથી અન્ય જીવોના અહિતને અનુકૂળ પ્રવૃત્તિ કરે છે, તોપણ પરને એકાંતે અનિષ્ટની પ્રાપ્તિ થતી નથી, પરંતુ પરને અનિષ્ટની પ્રાપ્તિમાં અનેકાંત છે, અચેતન એવા ધર્માસ્તિકાય આદિમાં અનિષ્ટની પ્રાપ્તિ થતી નથી અને ચેતન એવા જીવોમાં ક્યારેક અનિષ્ટની પ્રાપ્તિ થાય છે તો ક્યારેક અનિષ્ટની પ્રાપ્તિ થતી નથી, છતાં બીજાને અનિષ્ટ પ્રાપ્ત થાય તેવી પ્રરૂપણા કરનારા અને પ્રવૃત્તિ કરનારા જીવોની તે પ્રવૃત્તિ અવશ્ય પોતાને અનિષ્ટ પ્રાપ્તિનો હેતુ છે; કેમ કે આગમવચન વગર જે પ્રવૃત્તિ થાય છે તે પ્રવૃત્તિ પાપનો હેતુ હોવાને કારણે પ્રવૃત્તિ કરનારને અવશ્ય પાપબંધની પ્રાપ્તિ છે, આથી જ જેઓ સર્વજ્ઞના વચનાનુસાર પદાર્થના યથાવસ્થિત બોધવાળા નથી તેઓ ઉપદેશ આપે કે પોતાને ભગવાનના વચનના બોધનો અભાવ હોવા છતાં યથાતથા પ્રવૃત્તિ કરે તે પ્રવૃત્તિથી અન્ય જીવોનું

અહિત થાય પણ કે ન પણ થાય, તોપણ તે જીવોને વિપરીત પ્રરૂપણાથી અને વિપરીત પ્રવૃત્તિથી પોતાનું અહિત થાય જ છે.

વળી, જેઓને આગમનો યથાર્થ બોધ છે અને તે બોધ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે તેઓની પ્રવૃત્તિથી કોઈ હિંસા થાય તોપણ તેઓને લેશપણ કર્મબંધ નથી અને જેઓ આગમવચન નિરપેક્ષ પ્રવૃત્તિ કરે છે તેઓની પ્રવૃત્તિથી કોઈ જીવની હિંસા ન થાય તોપણ સ્વપ્રમાદ દોષને કારણે નિયમથી પાપબંધ થાય છે, તેથી અજ્ઞાનપૂર્વકની પ્રવૃત્તિથી નિયમા પાપબંધ થાય છે, પરંતુ ભગવાને સમ્યગ્ જ્ઞાનપૂર્વક ઉપદેશની પ્રવૃત્તિ કરી છે, તેથી તે ઉપદેશની પ્રવૃત્તિ એકાંતે હિતકારી હોવાથી તે પ્રવૃત્તિથી કોઈનું અહિત થતું નથી, માટે ભગવાન પંચાસ્તિકાયમય લોકના હિતને કરનારા છે અથવા જગતના સર્વ જીવોના હિતને કરનારા છે એમ કહેલ છે.

તેથી એ ફલિત થાય કે જે પ્રવૃત્તિથી પોતાનું અહિત થાય તે પ્રવૃત્તિ બીજાના અહિતનું કારણ ન બને તોપણ બીજાના અહિતને અનુકૂળ વ્યાપારવાળી છે અને જે પ્રવૃત્તિ સમ્યગ્ જ્ઞાનપૂર્વક બીજાના અહિતના પરિહારની યતનાપૂર્વક કરાય છે તે પ્રવૃત્તિથી પોતાનું અહિત ક્યારેય થતું નથી, તેથી તે પ્રવૃત્તિ બીજાના હિતને અનુકૂળ છે તેમ કહેવાય છે અને ભગવાને સમ્યગ્ જ્ઞાનપૂર્વક સર્વ પ્રરૂપણા કરી છે, તેથી તે પ્રરૂપણા પંચાસ્તિકાયમય લોક માટે અથવા સંસારી સર્વ જીવો માટે હિતરૂપ છે.

ललितविस्तरा :-

इतरेतरापेक्षः कर्त्तृकर्म्मप्रकारः, नाचेतनाहितयोग उपचरितः, पुनरागमकर्म्मकत्वेन, सचेतनस्यापि एवंविधस्यैव नायमिति दर्शनार्थः, कर्त्तृव्यापारापेक्षमेव तत्र कर्म्मत्वं, न पुनः स्वविकारापेक्षं, कङ्कटुक-पक्त्ताावित्थमपि दर्शनादिति लोकहिताः।।१२।।

ललितविस्तरार्थ :-

ઇતર-ઇતરની અપેક્ષાવાળો કર્ત્તૃકર્મ પ્રકાર છે=કર્તારૂપ કારક કર્મની અપેક્ષા રાખીને કર્તા છે અને કર્મરૂપ કારક કર્તાના વ્યાપારની અપેક્ષા રાખીને કર્મરૂપ કારક છે, તેથી અચેતનમાં અહિતનો યોગ ઉપચરિત નથી; કેમ કે ફરી આગમ કર્મકપણું છે, સચેતનનો પણ આવા પ્રકારનો જ આ નથી=અહિતયોગ નથી, એ બતાવવાના અર્થવાળો છે, કર્તાના વ્યાપારની અપેક્ષાએ જ ત્યાં=અચેતન એવા ધર્માસ્તિકાયાદિમાં કે સંસારવર્તી જીવોમાં, કર્મપણું છે=વિપરીત બોધાદિપૂર્વક જેઓ પ્રરૂપણા કે પ્રવૃત્તિ કરે છે તેઓના અહિતયોગનું કર્મપણું છે, પરંતુ સ્વવિકારની અપેક્ષાએ નહિ=અચેતન એવો પંચાસ્તિકાયમય લોક કે જગતવર્તી જીવોરૂપ લોક તેઓના અહિતપરિણામરૂપ વિકારની અપેક્ષાએ નહિ; કેમ કે કોરડું મગને પકાવવાની ક્રિયામાં આ રીતે પણ દર્શન છે, એથી=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે પંચાસ્તિકાયમય લોકનું કે સંસારવર્તી સર્વ જીવોનું હિત થાય તે પ્રકારે પ્રરૂપણા કરેલ હોવાથી, ભગવાન લોકના હિત છે. ।।૧૨।।

પંજિકા :-

ननु इदमपि कथं निश्चितं यदुत- अनागमं पापहेतोरप्यवश्यं पापभाव इत्याशङ्क्याह — इतरेतरापेक्षः= परस्पराश्रितः, कर्त्तृकर्म्मप्रकारः=कारकभेदलक्षणः, कर्त्ता कर्म्मापेक्ष्य व्यापारवान् कर्म्म च कर्त्तारमिति भावः, यथा प्रकाश्यं घटादिकमपेक्ष्य प्रकाशकः प्रदीपादिः, तस्मिंश्च प्रकाशके सति प्रकाश्यमिति, तथा विपर्यस्तबोधादिपापहेतुमान् पापकर्त्ता पुमानवश्यं तथाविधकार्यरूपपापभाव एव स्यात्, पापभावोऽपि तस्मिन् पापकर्त्तरीत्यतः स्थितमेतद् यदुत- प्रकारान्तरचेष्टनस्यानिष्टत्वसिद्धिः, हितयोगविपरीतत्वात्, विषयं प्रत्यहितयोगत्वं चेति।

नन्वेवं कथमचेतनेष्वहितयोगः, तत्साध्यस्य क्रियाफलस्यापायस्य तेषु कदाचिदप्यभावात्, यदि परमुपचरितः, तस्य चोपचरितत्वे हितयोगोऽपि तेषु तादृश एव प्रसजति, न च स्तवे तादृशस्य प्रयोगः, सद्भूतार्थविषयत्वात् स्तवस्य, ततः कथं सर्वलोकहिता भगवन्त इत्याशङ्क्याह—

न=नैव, 'अचेतनाहितयोगः' अचेतनेषु धर्मास्तिकायादिषु अहितयोगः-अपायहेतुर्व्यापारो मिथ्यादर्शनादिः, उपचरितः-अध्यारोपितोऽग्निर्माणवक' इत्यादाविवाग्नित्वम्, अत्र हेतुमाह- 'पुनरागमकर्म्मकत्वेन', पुनरागमेन= प्रत्यावृत्त्य, कर्त्तर्येव क्रियाफलभूतापायभाजनीकरणेन कर्म्म यस्य स पुनरागमकर्म्मको अचेतनाहितयोगः, तस्य भावस्तत्त्वं, तेन, उपचरितोऽहितभावो न मुख्यभावकार्यकारी माणवकाग्निवत्, अचेतनाहितयोगस्तु प्रत्यावृत्त्य स्वकर्तर्येव क्रियाफलमपायमुपरचयन्, परवधाय दुःशिक्षितस्य शस्त्रव्यापार इव तमेव घ्नन्, कथमुपचरितः स्यात्?।

एवं तर्हि सचेतनेष्वप्यहितयोगः पुनरागमकर्म्मक एव प्राप्त इति परवचनावकाशमाशङ्क्याह-

सचेतनस्यापि=जीवास्तिकायस्य इत्यर्थः, 'अहितयोग' इति गम्यते, अचेतनस्य त्वस्त्येवेति 'अपि'शब्दार्थः, एवंविधस्यैव=अचेतनसमस्यैव क्रियाफलभूतेनापायेन रहितस्यैव इत्यर्थः, न=नैव, अयं-प्रकृतोऽचेतनाहितयोगः, इति-एतस्य पूर्वोक्तस्यार्थस्य, दर्शनार्थः-ख्यापक इति भावः, अहितयोगात् सचेतने कस्मिंश्चित् क्रियाफल-स्यापायस्यापि भावात्।

ननु यद्यचेतनेषु क्रियाफलमपायो न समस्ति, कथं तदालम्बनप्रवृत्ताहितयोगाक्षिप्तं तेषां कर्म्मत्वमित्याह-

कर्तृव्यापारापेक्षमेव=मिथ्यादर्शनादिक्रियाकृतमेव, तत्र=अचेतनेषु, कर्म्मत्वम् अवधारणफलमाह- न पुनः स्वविकारापेक्षं=न स्वगतापायापेक्षम्। ननु कथमित्थं कर्म्मभाव इत्याशङ्क्याह- कड्कटुकपक्ता-वित्थमपि दर्शनादिति- कड्कटुकानां=पाकानर्हाणां मुद्गादीनां, पक्तौ=पचने, इत्थमपि=स्वविकाराभावेऽपि, दर्शनात्=कर्म्मत्वस्य 'कड्कटुकान् पचती'ति प्रयोगप्रामाण्यादिति, एवं चाचेतनेषु हितयोगोऽपि मुख्य एव कर्तृव्यापारापेक्षयेति न तत्कारणिकत्वेन स्तवविरोध इति।।१२।।

પંજિકાર્થ :-

ननु इदमपि ..... स्तवविरोध इति ।। આ પણ કેવી રીતે નિશ્ચિત થયું ?=આ પણ શબ્દથી શું વાચ્ય છે તે યદુતથી કહે છે — અનાગમ એવા પાપહેતુથી પણ=આગમ નિરપેક્ષ સેવાયેલા પાપહેતુથી પણ, અવશ્ય પાપનો સદ્‌ભાવ છે, એ પ્રકારની આશંકા કરીને લલિતવિસ્તરામાં કહે છે —

ઇતર-ઇતર અપેક્ષાવાળો=પરસ્પરના આશ્રયવાળો, કર્તૃકર્મપ્રકાર છે=કર્તૃરૂપ કારક અને કર્મરૂપ કારકના ભેદનું સ્વરૂપ છે.

કઈ રીતે કર્તાકારક અને કર્મકારકને પરસ્પર અપેક્ષા છે ? તે સ્પષ્ટ કરે છે —

કર્તા કર્મની અપેક્ષા રાખીને વ્યાપારવાળો થાય છે અને કર્મ કર્તાની અપેક્ષા રાખીને કર્મ છે એમ કહેવાય છે=કર્તાની ક્રિયાના વિષયરૂપ કર્મ છે એમ કહેવાય છે, જે પ્રમાણે પ્રકાશ્ય એવા ઘટાદિની અપેક્ષા રાખીને પ્રદીપ આદિ પ્રકાશક કહેવાય છે અને તે પ્રકાશક હોતે છતે=પ્રદીપાદિ પ્રકાશક હોતે છતે, પ્રકાશ્ય એવા ઘટાદિ છે અર્થાત્ પ્રકાશક એવો પ્રદીપ ન હોય તો ઘટાદિ તે સ્થાનમાં હોવા છતાં ઘટાદિ પ્રકાશ્ય છે તેમ કહેવાય નહિ, તે પ્રમાણે વિપર્યસ્ત બોધાદિ પાપહેતુવાળો પાપનો કર્તા પુરુષ અવશ્ય તેવા પ્રકારના કાર્યરૂપ પાપભાવમાં જ થાય છે, પાપનો ભાવ પણ તે પાપકર્તા હોતે છતે થાય છે અર્થાત્ પાપનો કર્તા ન હોય તો પાપનો ભાવ થાય નહિ, આથી આ સ્થિત છે=આગળ બતાવે છે એ સ્થિત છે, તે યદુતથી બતાવે છે — પ્રકારાંતરથી ચેષ્ટનના અનિષ્ટત્વની સિદ્ધિ છે=આગમના વચનથી અન્ય પ્રકારે કરાયેલા ચેષ્ટનના અનિષ્ટત્વની સિદ્ધિ છે; કેમ કે હિતયોગથી વિપરીતપણું છે અને વિષય પ્રત્યે=પંચાસ્તિકાયમય જગતરૂપ વિષય પ્રત્યે અથવા સંસારવર્તી જીવોરૂપ વિષય પ્રત્યે, અહિતયોગત્વ છે=અહિત કરવાને અનુકૂળ વ્યાપારપણું છે.

આ રીતે=પૂર્વમાં કહ્યું કે વિપર્યસ્ત બોધાદિ પાપહેતુવાળો પુરુષ અવશ્ય તેવા પ્રકારના કાર્યરૂપ પાપની અપેક્ષા રાખે છે એ રીતે, અચેતન પદાર્થોમાં અહિતનો યોગ કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહિ; કેમ કે તત્સાધ્ય ક્રિયાફલરૂપ અપાયનો=વિપર્યસ્ત બોધવાળા પુરુષના વ્યાપારથી સાધ્ય એવા ક્રિયાના ફલરૂપ અનર્થનો, તેઓમાં=અચેતન એવા પદાર્થોમાં, ક્યારે પણ અભાવ છે=સદા અભાવ છે, જો વળી, ઉપચરિત છે=જો વળી, અચેતનમાં અહિતયોગ છે તો ઉપચરિત છે, અને તેનું=અચેતનમાં અહિતયોગનું, ઉપચરિતપણું હોતે છતે=ધર્માસ્તિકાયાદિમાં વિપરીત બોધપૂર્વક પ્રવૃત્તિ કરનારા જીવોથી થતા અહિતયોગનું ઉપચરિતપણું હોતે છતે, હિતયોગ પણ તેઓમાં=ધર્માસ્તિકાયાદિમાં, તેવો જ પ્રાપ્ત થાય છે=ઉપચરિત જ પ્રાપ્ત થાય છે અર્થાત્ ભગવાન પંચાસ્તિકાયમય લોકના હિતને કરનારા છે તે ઉપચરિત જ સિદ્ધ થાય અને સ્તવનમાં તેવા પ્રકારના હિતનો પ્રયોગ નથી=ભગવાન પંચાસ્તિકાયના ઉપચરિત હિતને કરનારા છે તેવો પ્રયોગ નથી; કેમ કે સ્તવનું સદ્‌ભૂતાર્થ વિષયપણું છે=પ્રસ્તુતમાં લોગહિઆણં પદ દ્વારા ગણધરોએ ભગવાનની સ્તુતિ કરી છે તે સદ્‌ભૂત અર્થ વિષયવાળી છે, તેથી કેવી રીતે સર્વ લોકના હિતને કરનારા ભગવાન છે ? અર્થાત્ ભગવાન સર્વ લોકના હિતને

કરનારા છે તેમ કહેવું જોઈએ નહિ, પરંતુ જે જીવો ભગવાનના ઉપદેશને ગ્રહણ કરે છે તે જીવોના જ હિતને કરનારા ભગવાન છે તેમ કહેવું જોઈએ, એ પ્રકારની આશંકા કરીને કહે છે=લલિતવિસ્તરામાં કહે છે.

અચેતનમાં અહિતયોગ ઉપચરિત નથી એમ અન્વય છે, ધર્માસ્તિકાયાદિરૂપ અચેતનોમાં અપાયનો હેતુ એવો મિથ્યાદર્શનાદિવ્યાપારરૂપ અહિતનો યોગ ઉપચરિત અર્થાત્ અધ્યારોપણ કરાયેલ માણવક અગ્નિ છે ઇત્યાદિમાં અગ્નિત્વની જેમ ઉપચરિત નથી જ, આમાં=અચેતનમાં અહિતયોગ ઉપચરિત નથી એમાં, હેતુને કહે છે – ફરી આગમ કર્મકત્વ હોવાને કારણે ઉપચરિત નથી એમ અન્વય છે.

પુનઃ આગમ કર્મકત્વનો અર્થ સ્પષ્ટ કરે છે –

ફરી આગમથી=પાછો ફરીને, કર્તામાં જ ક્રિયાના ફલભૂત અપાયના ભાજનીકરણથી કર્મ છે જેને તે પુનરાગમકર્મક અચેતનઅહિતયોગ છે તેનો ભાવ તત્પણું, તેના કારણે અચેતનઅહિતયોગ ઉપચરિત નથી એમ અન્વય છે.

કેમ અચેતનનો અહિતયોગ ઉપચરિત નથી, તેને જ સ્પષ્ટ કરવા માટે કહે છે –

ઉપચરિત અહિતભાવ મુખ્યભાવના કાર્યને કરનાર નથી, માણવક અગ્નિની જેમ=માણવક અગ્નિ છે એમ કહેવાથી માણવકમાં વર્તતા અગ્નિના કાર્યને કરવારૂપ ઉપચરિત અહિતભાવ બીજાને બાળવારૂપ મુખ્યભાવ કે પોતાને બાળવારૂપ મુખ્યભાવરૂપ કાર્યને કરનાર નથી, વળી, અચેતનમાં થતો અહિતયોગ પાછો ફરીને સ્વકર્તામાં જ ક્રિયાના ફલરૂપ અપાયને કરતો પરવધ માટે દુઃશિક્ષિતના શસ્ત્રવ્યાપારની જેમ તેને જ હણતો કેવી રીતે ઉપચરિત થાય ?

સચેતનસ્યાપિ એ પ્રકારે લલિતવિસ્તરામાં છે તેમાં રહેલા અપિ શબ્દનું ઉત્થાન કરતાં કહે છે –

આ રીતે તો=પૂર્વમાં કહ્યું કે અચેતનનો અહિતયોગ પુનરાગમકર્મક હોવાને કારણે ઉપચરિત નથી એ રીતે તો, સચેતનમાં પણ અહિતયોગ પુનરાગમકર્મક જ પ્રાપ્ત છે, એ પ્રકારના પર વચનના અવકાશની આશંકા કરીને કહે છે –

સચેતનનો પણ અહિતયોગ=જીવાસ્તિકાયનો પણ અહિતયોગ, અર્થાત્ અચેતનનો તો અહિતયોગ છે જ=પુનરાગમકર્મક છે જ, પરંતુ સચેતનનો પણ અહિતયોગ પુનરાગમકર્મક છે, એ પ્રકારનો અપિ શબ્દનો અર્થ છે, લલિતવિસ્તરામાં सचेतनस्यापि પછી अहितयोग અધ્યાહાર છે તે બતાવવા માટે પંજિકામાં अहितयोग इति गम्यते એમ કહેલ છે, (ત્યારપછી જે કથન છે એમાં अयम्નો અર્થ કર્યો કે प्रकृतोऽचेतनाहितयोगः ત્યાં प्रकृत उपचरिताहितयोगः એ પ્રમાણે પાઠ જોઈએ.) આવા પ્રકારના જ અચેતન સમાન જ સચેતનનો પણ=ક્રિયાના ફલભૂત અપાયથી રહિત જ એવા સચેતનનો પણ, આ=પ્રકૃત ઉપચરિત અહિતયોગ, નથી જ, એ બતાવવાના અર્થવાળો છે=પૂર્વોક્ત એવા આ અર્થનો ખ્યાપક છે=અચેતન અહિતયોગ ઉપચરિત નથી તેમ આવા પ્રકારના સચેતનનો પણ અહિતયોગ ઉપચરિત નથી જ એ પ્રકારના પૂર્વોક્ત અર્થનો ખ્યાપક છે, એ પ્રકારનો ભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે અચેતનનો અહિતયોગ અને આવા પ્રકારના સચેતનનો પણ અહિતયોગ પુનરાગમ-કર્મકપણાને કારણે જ ઉપચરિત નથી તેમ કહ્યું તેના બદલે એમ જ કહ્યું હોત કે મિથ્યાદર્શનાદિપૂર્વકનો કર્તાનો વ્યાપાર પોતાને જ અહિત કરનાર છે, પરંતુ અન્યને અહિત કરનાર નથી તેને બદલે અન્યને અહિત કરનાર નહિ હોવા છતાં તે અહિતયોગ પોતાનામાં આવે છે માટે પરનો અહિતયોગ છે તેમ કેમ કહ્યું ? તેમાં હેતુ કહે છે –

અહિતયોગથી=મિથ્યાદર્શનાદિપૂર્વક કરાયેલા વ્યાપારરૂપ અહિતયોગથી, સચેતન એવા પણ કોઈક જીવોમાં ક્રિયાફલના અપાયનો પણ ભાવ હોવાથી મિથ્યાદર્શનાદિપૂર્વક કરાયેલો વ્યાપાર પરનો ઉપચરિત અહિતયોગ નથી તેમ કહેલ છે.

જો અચેતનોમાં ક્રિયાનું ફલ અપાય નથી=કોઈ અનાગમિક પ્રવૃત્તિ કરે તેની અનાગમિક ક્રિયાના ફલરૂપ અપાય અચેતન એવા ધર્માસ્તિકાયાદિમાં નથી, તો કેવી રીતે તેના આલંબનથી પ્રવૃત્તના અહિતયોગથી આક્ષિપ્ત તેઓનું કર્મત્વ છે ?=અચેતનના આલંબનથી પ્રવૃત્ત એવા જીવનો અનાગમિક અહિતવ્યાપાર છે તેનાથી આક્ષિપ્ત અચેતન આદિમાં કર્મત્વ કેવી રીતે છે ? એથી કહે છે=લલિતવિસ્તરામાં કહે છે –

કર્તાના વ્યાપારની અપેક્ષાએ જ=મિથ્યાદર્શનાદિ ક્રિયાકૃત જ=મિથ્યાદર્શન અને મિથ્યાપ્રવૃત્તિરૂપ ક્રિયાકૃત જ, ત્યાં=અચેતન પદાર્થોમાં, કર્મત્વ છે, અવધારણના ફલને કહે છે=કર્તાના વ્યાપારની અપેક્ષાએ જ એ પ્રકારે જે લલિતવિસ્તરામાં એવકારરૂપ અવધારણ છે તેના કાર્યને કહે છે – પરંતુ સ્વવિકારની અપેક્ષાએ નહિ=અહિતયોગના કાર્યરૂપ પોતાના વિકારની અપેક્ષાએ અચેતનમાં કર્મત્વ નથી=અચેતન એવા સ્વગત અપાયની અપેક્ષાએ કર્મત્વ નથી, પરંતુ કર્તાના વ્યાપારની અપેક્ષાએ જ કર્મત્વ છે.

કેમ આ રીતે કર્મભાવ થાય ?=અચેતનમાં ક્રિયાનું ફળ પ્રાપ્ત થતું ન હોય એ રીતે અચેતનમાં કેવી રીતે કર્મભાવ થાય ? એ પ્રકારની આશંકા કરીને કહે છે=લલિતવિસ્તરામાં કહે છે –

કોરડા મગને પકાવવામાં આ રીતે પણ=તેમાં પાકક્રિયાનું ફળ થતું ન હોય છતાં કર્મની અપેક્ષાએ પાકના વ્યાપારનું પણ, દર્શન છે, તે અર્થને સ્પષ્ટ કરે છે – કંકટુકના=પાકને અયોગ્ય એવા મગાદિના, પચનમાં આ રીતે પણ=સ્વવિકારનો અભાવ હોવા છતાં પણ, કર્મત્વનું દર્શન હોવાને કારણે=કોરડા મગને પકાવે છે એ પ્રયોગના પ્રામાણ્યને કારણે, કોરડા મગમાં કર્મત્વનો ભાવ છે એમ અન્વય છે અને એ રીતે=જેમ કોરડું મગમાં પાક થતો નહિ હોવા છતાં કર્મત્વનો ભાવ છે એ રીતે, અચેતનમાં હિતનો યોગ પણ કર્તાના વ્યાપારની અપેક્ષાએ મુખ્ય જ છે=જે જીવો ભગવાનના વચન અનુસાર પ્રવૃત્તિ કરે છે તેઓના વ્યાપારની અપેક્ષાએ અચેતનમાં હિતયોગ પણ મુખ્ય જ છે અર્થાત્ અનુપચરિત જ છે, એથી તેના કારણિકપણાથી=પંચાસ્તિકાયમય લોકના હિતને કરાવનારપણાથી, સ્તવનો વિરોધ નથી=ભગવાન લોકના હિતને કરનારા છે એ પ્રકારે ભગવાનની સ્તુતિનો વિરોધ નથી. ॥૧૨॥

ભાવાર્થ :-

અહીં પ્રશ્ન થાય કે કોઈ જીવો મિથ્યાદર્શનાદિપૂર્વક તેવો પ્રયત્ન કરે કે જેનાથી અચેતન આદિને અહિત થતું ન હોય તોપણ તે પ્રવૃત્તિ કરનારને અહિતની પ્રાપ્તિ થાય છે તેટલા માત્રથી તેઓ બીજાના અહિતને કરનારા છે તેમ કેમ કહ્યું ? તેથી કહે છે –

ઇતર-ઇતરની અપેક્ષાવાળો કર્તૃકર્મ પ્રકાર છે અર્થાત્ કર્તા કોઈકના અહિતને અનુકૂળ ક્રિયા કરતો હોય ત્યારે તે કર્તા કોઈકની અહિતની ક્રિયાનો કર્તા છે તેમ કહેવાય છે અને કર્તાના તે વ્યાપારનું કર્મ ઇતરના અહિતને અનુકૂળ છે તેમ કહેવાય છે, તેથી આ કર્તા અન્યના અહિતરૂપ કર્મને કરે છે તે પ્રકારનો પ્રયોગ થાય છે, તેથી કર્તાની ક્રિયાની અપેક્ષાએ અન્યનો અહિતયોગ કર્મ છે અને અન્યના અહિતયોગરૂપ કર્મની અપેક્ષાએ કર્તાનો વ્યાપાર છે, જો કે તે કર્તાના વ્યાપારથી અન્યનું અહિત થાય પણ કે ન પણ થાય, તોપણ અન્યના અહિતને અનુકૂળ તેનો વ્યાપાર છે તેમ કહેવાય છે.

આનાથી એ ફલિત થાય કે જે જીવો મિથ્યાદર્શનપૂર્વક પોતાના તુચ્છ ભોગાદિ માટે પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓની પ્રવૃત્તિથી અચેતન એવા ધર્માસ્તિકાયાદિને સાક્ષાત્ ઉપદ્રવ થતો નથી અને સચેતન એવા પણ બધા જીવોને ઉપદ્રવ થતો નથી, તોપણ તેઓનો તે મિથ્યાદર્શનાદિપૂર્વકનો વ્યાપાર બધાના અહિતને અનુકૂળ વ્યાપારરૂપ છે, તેથી તે અચેતનનો અહિતયોગ ઉપચરિત નથી; કેમ કે તે અચેતનના અહિતયોગને અનુકૂળ તેના વ્યાપારથી તે જીવને કર્મબંધ થાય છે.

વળી, કેટલાક સચેતનને પણ તેના વ્યાપારથી અહિત થતું નથી, તોપણ મિથ્યાદર્શનાદિ પૂર્વકનો તેનો તે વ્યાપાર અન્યને અહિતને અનુકૂળ હોવાથી તે વ્યાપાર કરનારને કર્મબંધની પ્રાપ્તિ થાય છે, તેથી અન્યના અહિતને અનુકૂળ વ્યાપારજન્ય કર્મબંધની તેને પ્રાપ્તિ થાય છે.

વળી, કેટલીક વખત કોઈક જીવ માત્ર મનથી જ મિથ્યાદર્શનાદિપૂર્વક વ્યાપાર કરે છે, જે વ્યાપારથી કોઈનું અહિત થતું નથી, જેમ તંદુલિયો મત્સ્ય મનથી જ આરંભ-સમારંભનો વ્યાપાર કરે છે, તોપણ તેના વ્યાપારથી કોઈનું અહિત નહિ થવા છતાં પણ તેને અન્યના અહિતને અનુકૂળ વ્યાપારજન્ય કર્મબંધની પ્રાપ્તિ થાય છે.

તેથી એ ફલિત થાય કે સમ્યગ્દર્શનપૂર્વક પોતાની ભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરતા હોય તેવા અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર શ્રાવક કે સર્વ વિરતિધર સાધુઓ સતત યથાર્થ દર્શનપૂર્વક પોતાના કષાયોને અલ્પ કરવાના યત્ન સ્વરૂપ શમભાવના પરિણામવાળા છે ત્યારે, તેઓના કાયયોગથી કોઈ જીવની હિંસા થાય તોપણ તેઓના તે વ્યાપારથી તે જીવોને કર્મબંધ થતો નથી, પરંતુ તેઓનો યોગ ભગવાનના વચનાનુસાર સમ્યગ્જ્ઞાનથી નિયંત્રિત હોવાથી તેઓની પ્રવૃત્તિથી તેઓને પુણ્યાનુબંધી પુણ્ય અને સકામનિર્જરાની પ્રાપ્તિ થાય છે, તેથી તેઓનો સમ્યગ્દર્શનાદિપૂર્વકનો વ્યાપાર કોઈના માટે અહિતયોગરૂપ નહિ હોવાથી પોતાના અહિતનું કારણ બનતો નથી.

વળી, મંદ મિથ્યાત્વ અવસ્થામાં પણ જેઓ તત્ત્વને સન્મુખ પરિણામવાળા છે, તેઓનો સમ્યગ્દર્શનને

અભિમુખ બોધથી નિયંત્રિત વ્યાપાર છે તેનાથી કોઈને અહિતને અનુકૂળ કર્મબંધની પ્રાપ્તિ થતી નથી, તેથી તેઓનો વ્યાપાર અન્યના અહિતને અનુકૂળ નથી, જેમ મેઘકુમારને હાથીના ભવમાં સસલા પ્રત્યે દયા થઈ ત્યારે પોતાના પ્રાણની જેમ અન્યના પ્રાણના રક્ષણનો પરિણામ હતો અને મિથ્યાત્વ મંદ વર્તતું હતું, તેથી તેનો વ્યાપાર કોઈના અહિતને અનુકૂળ નહિ હોવાથી ત્યારે મેઘકુમારના જીવને બીજાના અહિતના કારણીભૂત કર્મબંધની પ્રાપ્તિ થતી નથી.

વળી, સર્વવિરતિવાળા મુનિ, દેશવિરતિધર શ્રાવક કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો પણ જ્યારે પ્રમાદને વશ છે ત્યારે સમ્યગ્દર્શનપૂર્વક વ્યાપાર કરતા નથી, પરંતુ વિપર્યાસને અભિમુખ પરિણામવાળા થઈને વ્યાપાર કરે છે, તેથી તેઓના વ્યાપારથી તેઓના કષાયની વૃદ્ધિ થતી હોય છે, તેથી તેઓના વ્યાપારથી કોઈનું સાક્ષાત્ અહિત ન થાય તોપણ તેટલા તેટલા અંશમાં તેઓને પણ અન્યના અહિતયોગની પ્રાપ્તિ છે, તેથી પોતાના પ્રમાદને અનુરૂપ અન્યના અહિતયોગને અનુકૂળ વ્યાપારથી તેઓને કર્મબંધની પ્રાપ્તિ છે.

તેથી એ ફલિત થાય કે જ્યારે જ્યારે જીવો કષાયના શમનને અનુકૂળ વ્યાપારવાળા છે, ત્યારે ત્યારે તેઓમાં તે તે ભૂમિકાની સમાધિ વર્તે છે, તેથી તેઓનો વ્યાપાર અન્યને અહિતને અનુકૂળ નથી અને જ્યારે જ્યારે તેઓનો કષાયને અનુકૂળ વ્યાપાર વર્તે છે ત્યારે ત્યારે તે વ્યાપારથી અન્યનું અહિત ન થતું હોય તોપણ તે વ્યાપાર લોકના અહિતને અનુકૂળ વ્યાપાર છે, તેથી તે જીવને અન્યના અહિતજન્ય કર્મબંધની પ્રાપ્તિ થાય છે.

વળી, મિથ્યાદર્શનાદિપૂર્વકનો વ્યાપાર અચેતનના અહિતને અનુકૂળ હોવા છતાં તેઓનું અહિત નહિ થતું હોવાથી તે અહિતયોગ ઉપચરિત છે એવો કોઈને ભ્રમ થાય તેના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

અચેતનનો અહિતયોગ ઉપચરિત નથી, પરંતુ અન્યના અહિતને અનુકૂળ તે વ્યાપારથી તે અહિતયોગ પોતાનામાં આવે છે અર્થાત્ તે અહિતયોગજન્ય કર્મબંધ પોતાને થાય છે, માટે ઉપચરિત નથી, જેમ ગુસ્સાવાળા માણવકને કોઈ કહે કે માણવક અગ્નિ છે, તેમ કહેવાથી માણવક અગ્નિનું કાર્ય કરતો નથી; કેમ કે જેમ અગ્નિ બાળે છે તેમ માણવક પોતાને કે બીજાને બાળવાનું કાર્ય કરતો નથી, તેથી માણવકમાં અગ્નિનો ઉપચાર છે તેવો અચેતનનો અહિતયોગ ઉપચરિત નથી; કેમ કે અચેતનને અહિત નહિ થવા છતાં અચેતનને અહિત કરવાના પરિણામજન્ય કર્મબંધની પ્રાપ્તિ તે પુરુષને થાય છે, તેથી અન્યના અહિતનું કાર્ય જે કર્મબંધ, તે વ્યાપાર કરનારને પ્રાપ્ત થાય છે, માટે અચેતનનો અહિતયોગ ઉપચરિત નથી.

વળી, કેટલાક સચેતન પણ એવા છે કે જેઓને સંસારીજીવોના મિથ્યાદર્શનપૂર્વકના વ્યાપારથી અહિત થઈ શકે તેમ નથી, જેમ મિથ્યાદર્શનપૂર્વકની કોઈ જીવના વ્યાપારથી સિદ્ધના જીવોને કે સૂક્ષ્મ નિગોદના જીવોને અહિતનો યોગ થતો નથી તે બતાવવા માટે જ અચેતનનો અહિતયોગ પુનરાગમક હોવાને કારણે ઉપચરિત નથી તેમ કહેલ છે.

વળી, કેટલાક સચેતન જીવો છે જેમને મિથ્યાદર્શનપૂર્વકના કોઈકના વ્યાપારથી અહિતની પ્રાપ્તિ થાય છે, આથી જ મિથ્યાદર્શનપૂર્વકના પરમાધામીના વ્યાપારથી નારકીના જીવોને અહિતની પ્રાપ્તિ થાય છે,

તેમ મિથ્યાદર્શનપૂર્વકના વ્યાપારવાળા અન્ય જીવોથી પણ કેટલાક જીવોને અહિતની પ્રાપ્તિ થાય છે, પરંતુ બધા જીવોને અહિતની પ્રાપ્તિ થતી નથી, તેથી વિપરીતબોધવાળા જીવો અન્યના અહિતને અનુકૂળ વ્યાપારવાળા છે, પણ તેમના વ્યાપારથી બધાનું અહિત થાય તેવો નિયમ નથી, તેથી કર્તાના વ્યાપારની અપેક્ષાએ જ જે અચેતનને કે કેટલાક સચેતનને પણ અહિત થતું નથી તોપણ તેઓમાં કર્મત્વ છે અર્થાત્ કર્તાનો વ્યાપાર અચેતન માટે કે સચેતન માટે અહિતને અનુકૂળ છે, તેથી તેઓમાં કર્મત્વ છે, પરંતુ તેઓમાંથી કેટલાકને કર્તાના વ્યાપારકૃત કોઈ અહિત પરિણામરૂપ વિકાર થતો નથી, આથી જ જે જીવો મિથ્યાદર્શનપૂર્વક વ્યાપાર કરે છે તેઓના વ્યાપારથી અચેતનમાં તેઓનું અહિત થાય તેવો કોઈ વિકાર થતો નથી, તોપણ કર્તા તેઓના અહિતને અનુકૂળ વ્યાપાર કરે છે તેમ કહેવાય છે.

જેમ કોરડું મગને કોઈ પકવતું હોય તો લોકમાં કહેવાય છે કે આ પુરુષ કોરડું મગને પકવે છે તે સ્થાનમાં તે કર્તાના વ્યાપારની અપેક્ષાએ જ તે પાકક્રિયાનું કર્મ કોરડું મગ બને છે, પરંતુ કોરડામગમાં પાકક્રિયાકૃત કોઈ વિકાર થતો નથી, તેમ મિથ્યાદર્શનપૂર્વકના વ્યાપારથી અચેતન કે અચેતન જેમ કેટલાક સચેતનોમાં અહિતરૂપ કોઈ વિકાર થતો નથી, તોપણ કર્તા તેઓના અહિતને અનુકૂળ વ્યાપાર કરે છે માટે જ કર્તાને કર્મબંધની પ્રાપ્તિ થાય છે તેમ બતાવવા માટે કર્તાના વ્યાપારથી અચેતનને અહિત થાય છે તેમ કહેલ છે અને જેઓ સમ્યગ્દર્શનપૂર્વક યથાર્થ વ્યાપાર કરે છે તેઓના યથાર્થ વ્યાપારજન્ય હિતયોગ અચેતનમાં પણ કર્તાના વ્યાપારની અપેક્ષાએ છે, આથી જ જેઓ સમ્યગ્દર્શનપૂર્વક ઉચિત ઉપદેશ આપે છે અને સર્વજ્ઞના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે તેમના વ્યાપારથી અચેતન અને સચેતન એવા સર્વના હિતને અનુકૂળ વ્યાપાર થાય છે અને ભગવાને કેવલજ્ઞાનપૂર્વક સર્વ પદાર્થોના યથાર્થ બોધને પ્રાપ્ત કરીને તે રીતે જ ઉચિત ઉપદેશ આપ્યો છે, જેથી પંચાસ્તિકાયમય લોકના હિતને કરનારા ભગવાન છે, એ પ્રકારે લોગહિઆણં પદથી ભગવાનની જે સ્તુતિ કરી છે, તેમાં કોઈ વિરોધ નથી. **॥૧૨॥**

સૂત્ર :-

लोगपईवाणं ।।१३।।

સૂત્રાર્થ :-

લોક પ્રત્યે પ્રદીપ એવા ભગવાનને નમસ્કાર થાઓ. ॥૧૩॥

ललितविस्तरा :-

तथा 'लोकप्रदीपेभ्यः'। अत्र लोकशब्देन विशिष्ट एव तद्देशनाद्यंशुभिर्मिथ्यात्वतमोऽपनयनेन यथार्हं प्रकाशितज्ञेयभावः संज्ञिलोकः परिगृह्यते; यस्तु नैवंभूतः तत्र तत्त्वतः प्रदीपत्वायोगाद् अन्धप्रदीपदृष्टान्तेन, यथा ह्यन्धस्य प्रदीपस्तत्त्वतोऽप्रदीप एव, तं प्रति स्वकार्याकरणात्, तत्कार्यकृत एव च प्रदीपत्वोपपत्तेः; अन्यथाऽतिप्रसङ्गात्, अन्धकल्पश्च यथोदितलोकव्यतिरिक्तस्तदन्यलोकः, तद्देशनाद्यं-

शुभ्योऽपि तत्त्वोपलम्भाभावात्; समवसरणेऽपि सर्वेषां प्रबोधाश्रवणात्; इदानीमपि तद्वचनतः प्रबोधादर्शनात्।

ललितविस्तरार्थ :-

તે પ્રકારે લોકપ્રદીપ એવા ભગવાનને નમસ્કાર થાઓ, અહીં=લોકપ્રદીપ શબ્દમાં, લોક શબ્દથી તેમનાં દેશનાદિ કિરણોથી=ભગવાનનાં દેશનાદિ કિરણોથી, મિથ્યાત્વરૂપી અંધકારના અપનયન વડે યથાયોગ્ય પ્રકાશિત જ્ઞેયભાવવાળો વિશિષ્ટ જ સંજ્ઞિલોક ગ્રહણ કરાય છે; કેમ કે વળી જે=જે સંજ્ઞિલોક, આવા પ્રકારનો નથી=યથાયોગ્ય પ્રકાશિત જ્ઞેયભાવવાળો નથી, તેમાં=તે સંજ્ઞિલોકમાં, તત્ત્વથી=પરમાર્થથી, પ્રદીપત્વનો અયોગ છે=ભગવાનના પ્રદીપત્વનો અયોગ છે, અંધ પ્રદીપના દૃષ્ટાંતથી=અંધપુરુષ પ્રત્યે પ્રદીપના દૃષ્ટાંતથી, જે પ્રમાણે અંધને પ્રદીપ તત્ત્વથી અપ્રદીપ જ છે; કેમ કે તેના પ્રત્યે=અંધ પ્રત્યે, સ્વકાર્યનું અકરણ છે=પ્રદીપના કાર્યનું અકરણ છે, અને તત્કાર્યકૃત જ પ્રદીપત્વની ઉપપત્તિ છે=પ્રદીપના કાર્યકૃત જ પ્રદીપમાં પ્રદીપત્વની ઉપપત્તિ છે.

કેમ અંધ પ્રત્યે પ્રદીપ પ્રદીપનું કાર્ય કરતો નથી એટલા માત્રથી તેમાં પ્રદીપત્વ નથી ? તેમાં હેતુ કહે છે.

અન્યથા=પ્રદીપનું કાર્ય ન થતું હોય છતાં તેને પ્રદીપ કહેવામાં આવે તો, અતિપ્રસંગ છે=પ્રદીપના કાર્યને નહિ કરનાર ઘટમાં પણ પ્રદીપત્વ સ્વીકારવાનો અતિપ્રસંગ છે, અને યથાઉદિત લોકથી વ્યતિરિક્ત=પૂર્વમાં વિશિષ્ટ સંજ્ઞિલોક કહ્યો એવા સંજ્ઞિલોકથી વ્યતિરિક્ત એવો, તદન્યલોક અંધકલ્પ છે; કેમ કે તેમનાં દેશનાદિ અંશુઓથી પણ=દેશના-ભગવાનનાં વચનો કે ભગવાનની મૂર્તિરૂપ કિરણોથી પણ, તત્ત્વના ઉપલંભનો અભાવ છે.

કેમ ભગવાનની દેશના આદિથી તત્ત્વનો ઉપલંભ નથી ? તેમાં હેતુ કહે છે –

સમવસરણમાં પણ બધા જીવોને પ્રબોધનું અશ્રવણ છે=સમવસરણમાં બેઠેલા બધા જીવોને તત્ત્વની પ્રાપ્તિ થાય છે એ પ્રમાણે શાસ્ત્રમાં સંભળાતું નથી, હમણાં પણ તેમના વચનથી=વર્તમાન કાળમાં પણ ભગવાનના વચનથી પ્રબોધનું અદર્શન છે=યોગ્ય ઉપદેશક શ્રોતાની બુદ્ધિ અનુસાર આત્માના હિતને અનુકૂળ ઉચિત ઉપદેશ આપતા હોય છતાં તત્ત્વને જોવામાં અંધકલ્પ જીવોને તત્ત્વનો બોધ થતો નથી તેમ દેખાય છે.

ભાવાર્થ :-

લોગપઈવાણં શબ્દમાં લોક શબ્દથી વિશિષ્ટ સંજ્ઞિલોક ગ્રહણ કરાય છે, કેવો વિશિષ્ટ સંજ્ઞિલોક ગ્રહણ કરાય છે ? તેથી કહે છે –

જે જીવોની ઉપદેશના બળથી તત્ત્વને યથાર્થ સમજી શકે તેવી નિર્મળ અંતરંગ ચક્ષુ છે અને ઉપદેશ વગર સ્વયં તત્ત્વને જોઈ ન શકે તેવી મતિ છે તેવા જીવોને ભગવાનનો ઉપદેશ પ્રાપ્ત થાય તો ભગવાનના વચનના બળથી તત્ત્વને જોવામાં જે વિપર્યાસને કરનાર મિથ્યાત્વરૂપી અંધકાર વર્તે છે તે તેઓની યોગ્યતા અનુસાર

દૂર થાય છે અને તેના કારણે પોતાની યોગ્યતા અનુસાર સંસારના વાસ્તવિક સ્વરૂપને જોવાની નિર્મળદૃષ્ટિ પ્રગટે છે, જેથી સંસારમાં પોતાના હિતને માટે શું કરવું ઉચિત છે અને શું કરવું અનુચિત છે તેનો નિર્ણય કરી શકે તેવો સંજ્ઞિલોક લોગપઈવાણં શબ્દમાં લોક શબ્દથી ગ્રહણ કરાય છે.

અહીં પ્રશ્ન થાય કે બધા સંજ્ઞિલોક પ્રત્યે ભગવાન પ્રદીપ જેવા છે તેમ કેમ ન કહ્યું ? તેથી કહે છે – જે જીવોમાં ભગવાનના ઉપદેશને યથાર્થ સ્વરૂપે ગ્રહણ કરવાની શક્તિ નથી તેવા ગાઢ વિપર્યાસવાળા જીવો પ્રત્યે ભગવાન પરમાર્થથી પ્રદીપ નથી, જેમ અંધ પુરુષ પ્રત્યે પ્રદીપ પ્રદીપ નથી; કેમ કે પ્રદીપ જ્ઞેયનું પ્રકાશન કરે છે, છતાં અંધ પ્રત્યે પ્રદીપ જ્ઞેયના પ્રકાશનરૂપ કાર્ય કરવા સમર્થ નથી, તેથી સ્થૂલ વ્યવહારથી પ્રદીપમાં પ્રદીપત્વ હોવા છતાં અંધ પુરુષ પ્રત્યે પ્રદીપ પ્રકાશનનું કાર્ય નહિ કરતો હોવાથી તે પુરુષને આશ્રયીને પ્રદીપને પ્રદીપ કહેવાય નહિ. જો તેવું ન સ્વીકારવામાં આવે તો ઘટ પ્રદીપનું કાર્ય કરતો નથી છતાં ઘટને પ્રદીપ સ્વીકારવાનો પ્રસંગ આવે, જો કે સ્થૂલ વ્યવહારથી પ્રકાશને કરનાર પ્રદીપને પ્રદીપ કહેવાય છે અને પ્રકાશને નહિ કરનાર ઘટાદિને પ્રદીપ કહેવાતા નથી, તોપણ નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો પ્રદીપ પણ આંધળાને પ્રકાશ કરવા સમર્થ નથી, તેથી આંધળા પુરુષને આશ્રયીને પ્રદીપ પ્રદીપ કહેવાય નહિ, તેમ ભગવાન પ્રદીપની જેમ સંસારના વાસ્તવિક સ્વરૂપનું પ્રકાશન કરનાર હોવાથી પ્રદીપતુલ્ય છે, તોપણ જે જીવોને ભગવાનના વચનથી તત્ત્વનો બોધ થઈ શકે તેમ નથી તેવા જીવોને આશ્રયીને ભગવાન પ્રદીપ નથી, પરંતુ તત્ત્વના બોધને અનુકૂળ કર્મની લઘુતાજન્ય નિર્મળદૃષ્ટિવાળા જીવો પ્રત્યે ભગવાનનું વચન તત્ત્વની પ્રાપ્તિ કરાવનાર છે, તે સ્વરૂપે જ ભગવાનની સ્તુતિ કરવી છે, જેથી વાસ્તવિક ગુણની સ્તુતિ થાય, માટે પ્રદીપ એવા ભગવાનને નમસ્કાર થાઓ તેમ ન કહેતાં લોકપ્રદીપ એવા ભગવાનને નમસ્કાર થાઓ તેમ કહેલ છે, તેથી વિશિષ્ટ સંજ્ઞિલોકને માટે જ ભગવાન પ્રદીપતુલ્ય છે અને તે સ્વરૂપે જ ભગવાન સ્તુત્ય છે તેવો બોધ થાય.

અહીં પ્રશ્ન થાય કે જેઓ પંચેન્દ્રિયપણાને પામ્યા છે અને મનરૂપી સંજ્ઞાવાળા છે તેઓને ભગવાનના વચનથી કેમ યથાર્થ બોધ થતો નથી ? તેથી કહે છે –

જેઓમાં દેશનાથી નાશ પામે તેવું શિથિલ થયેલું મિથ્યાત્વ નથી તેઓ સ્વમતિથી દૂષિત પરિણામવાળા છે, તેથી તેઓ અંધકલ્પ છે, તેથી ભગવાનનાં દેશના આદિ કિરણોથી પણ તેઓને તત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

અહીં પ્રશ્ન થાય કે ભગવાનની દેશના સાંભળવા છતાં તેઓને તત્ત્વની પ્રાપ્તિ થતી નથી તે કેમ નક્કી થાય ? તેથી કહે છે –

~~સાક્ષાત્ ભગવાનનો~~ ઉપદેશ સાંભળનારા સમવસરણમાં બેઠેલા પણ બધા જીવોને ભગવાનના વચનથી આત્મહિતને અનુકૂળ કેવો પ્રયત્ન કરવો જોઈએ તેનો પ્રબોધ થતો નથી, એ પ્રમાણે શાસ્ત્રમાં સંભળાય છે, તેથી નક્કી થાય છે કે ભગવાન પ્રદીપ હોવા છતાં તે જીવોને આશ્રયીને પ્રદીપ નથી.

વળી, કોઈ મહાત્મા ભગવાનના વચનના તાત્પર્યને સ્પર્શે તે રીતે શ્રોતાની બુદ્ધિનો નિર્ણય કરીને ઉપદેશ

આપતા હોય, વળી, તે ઉપદેશ અત્યંત સંવેગને ઉત્પન્ન કરે તેવો માર્ગાનુસારી હોય અને શ્રોતાની બુદ્ધિ પણ તે શબ્દો દ્વારા ઉપદેશકના વચનથી તાત્પર્યને સમજી શકે તેવી હોય છતાં ગાઢ વિપર્યાસને કારણે ભગવાનના તે વચનથી પણ તેઓને બોધ થતો નથી તેવું હમણાં પણ દેખાય છે, તેથી નક્કી થાય છે કે જેઓની દૃષ્ટિ મિથ્યાત્વરૂપી અંધકારથી અત્યંત આચ્છાદિત છે, તેઓને ભગવાનના વચનથી, સાક્ષાત્ ભગવાનના ઉપદેશથી કે ભગવાનની પ્રતિમાને જોવાથી કોઈ તત્ત્વની પ્રાપ્તિ થતી નથી અને જેઓનું મિથ્યાત્વ શિથિલ થયું છે તેવા જીવોને જિનપ્રતિમાને જોવાથી પણ તત્ત્વની પ્રાપ્તિ થાય છે, તેથી તેવા જીવો પ્રત્યે ભગવાન પ્રદીપ છે.

अवतरणिका :-

तदभ्युपगमवतामपि तथाविधलोकदृष्ट्यनुसारप्राधान्याद् अनपेक्षितगुरुलाघवं तत्त्वोपलम्भशून्य-प्रवृत्तिसिद्धेरिति, तदेवंभूतं लोकं प्रति भगवन्तोऽपि अप्रदीपा एव, तत्कार्याकरणादित्युक्तमेतत् –

अवतरणिकार्थ :-

અનપેક્ષિત ગુરુલાઘવપૂર્વક=ગુરુલાઘવનો વિચાર કર્યા વગર, તેવા પ્રકારની લોકદૃષ્ટિના અનુસરણના પ્રાધાન્યથી=સ્થૂલ વ્યવહારનયની દૃષ્ટિના અનુસરણના પ્રાધાન્યથી, તેના સ્વીકારનારાઓની પણ=સર્વ જીવો પ્રત્યે ભગવાન પ્રદીપ છે એ પ્રકારે સ્વીકારનારાઓની પણ, તત્ત્વના ઉપલંભશૂન્ય પ્રવૃત્તિની સિદ્ધિ હોવાથી=ભગવાન તે જીવોના ઉપકારક છે કે નહિ તેનો વિચાર કર્યા વગર ભગવાનની તે રૂપે સ્તુતિ કરવાની પ્રવૃત્તિની સિદ્ધિ હોવાથી, લોગપઈવાણંમાં રહેલા લોક શબ્દથી વિશિષ્ટ સંજ્ઞિલોક ગ્રહણ કરવો ઉચિત છે એમ અન્વય છે.

તે કથનને સ્પષ્ટ કરે છે –

તે કારણથી આવા પ્રકારના લોક પ્રત્યે=જેઓને ભગવાનના વચનથી બોધ થાય તેમ નથી તેવા પ્રકારના લોક પ્રત્યે, ભગવાન પણ અપ્રદીપ જ છે; કેમ કે તેના કાર્યનું અકરણ છે=પ્રદીપના કાર્યનું અકરણ છે, એથી આ=વિશિષ્ટ સંજ્ઞિલોકના પ્રદીપ ભગવાન છે એ, કહેવાયું છે –

पंजिका :-

तदभ्युपगमेत्यादि, तदभ्युपगमवतामपि=सर्वप्रदीपा भगवन्तो, न पुनर्विवक्षितसंज्ञिमात्रस्यैवेत्यङ्गीकार-वतामपि, न केवलं प्रागुक्तान्धकल्पलोकस्येति 'अपि'शब्दार्थः, तत्त्वोपलम्भशून्यप्रवृत्तिसिद्धेरित्युत्तरेण योगः, कुत इत्याह- 'तथाविधलोकदृष्ट्यनुसारप्राधान्यात्' तथाविधः=परमार्थतोऽसत्येऽपि तथारूपे वस्तुनि बहुरूढ-व्यवहारप्रवृत्तः, स चासौ लोकश्च तथाविधलोकः, तस्य दृष्टिः=अभिप्रायो, व्यवहारनय इत्यर्थः, तस्य अनुसारः=अनुवृत्तिः; तस्य प्राधान्यात्, इदमुक्तं भवति-सर्वप्रदीपत्वाभ्युपगमे भगवतां लोकव्यवहार एव प्राधान्येनाभ्युपगतो भवति, न वस्तुतत्त्वमिति, लोकव्यवहारेण हि यथा प्रदीपः प्रदीप एव, नाप्रदीपोऽपि, कटकुड्यादीनामेवाप्रदीपत्वेन रूढत्वात्, तथा भगवन्तोऽपि सर्वप्रदीपा एव, न तु केषाञ्चिदनुपयोगादप्रदीपा

अपि। ऋजुसूत्रादिनिश्चयनयमतेन तु यद् यत्र नोपयुज्यते तत् तदपेक्षया न किञ्चिदेव; यथाह मङ्गलमुद्दिश्य भाष्यकारः-

'उज्जुसूयस्स सयं संपयं च जं मंगलं तयं एक्कं।
नाईयमणुप्पन्नं मंगलमिट्ठं परक्कं वा।।
नाईयमणुप्पन्नं, परकीयं वा पयोयणाभावा।
दिट्ठंतो, खरसिंगं, परधणमहवा जहा विहलं'।। त्ति,

ततो भगवन्तोऽपि संज्ञिविशेषव्यतिरेकेणान्यत्रानुपयुज्यमाना अप्रदीपा एवेति, कथमित्याह- 'अनपेक्षित-गुरुलाघवं'-(१) गुरुः=निश्चयनयः, तदितरो, लघुः=तयोर्भावो, गुरुलाघवं=सद्भूतार्थविषयः सम्यक्स्तवः, गुरुपक्षश्च तत्राश्रयितुं युक्तो, नेतरः, इति तत्त्वपक्षोपेक्षणात् अनपेक्षितं गुरुलाघवं यत्र तद्यथा भवतीति क्रियाविशेषणमेतत्। (२) यद्वा गुणदोषविषयं गुरुलाघवमपेक्ष्य प्रेक्षावतोऽपि क्वचिद् व्यवहारतस्तत्त्वोपलम्भशून्या प्रवृत्तिः स्यात्, न चासावत्र न्यायोऽस्तीत्यतस्तन्निषेधार्थमाह-अनपेक्षितगुरुलाघवमिति, ततः, किमित्याह-तत्त्वोपलम्भशून्यप्रवृत्तिसिद्धेः=तत्त्वोपलम्भशून्या=व्यवहारमात्राश्रयत्वेन न स्तवनीयस्वभावसंवित्तिमती, प्रवृत्तिः प्रस्तुतस्तवलक्षणा, तस्याः सिद्धेः-निष्पत्तेः, तद्देशनाद्यंशुभ्योपि तत्त्वोपलम्भाभावादिति पूर्वेण सम्बन्ध इति।

पंजिकार्थ :-

तदभ्युपगमेत्यादि ..... सम्बन्ध इति ।। तदभ्युपगम ईत्यादि ललितविस्तरानुं प्रतीक छे, तदभ्युपगम-वाळाओनी पण=सर्व प्रदीप भगवान छे अर्थात् सर्व जीवो माटे प्रदीप भगवान छे, परंतु विवक्षित संज्ञि मात्रना नहि अर्थात् पूर्वमां कह्युं एवा विशिष्ट संज्ञि मात्रना नहि ए प्रकारे अंगीकार करनाराओनी पण, केवल पूर्वमां कहेला अंधकल्प लोकना नहि=संज्ञि एवा अंधकल्प लोकना नहि, परंतु सर्व जीवोने माटे भगवान प्रदीप छे ए प्रकारे स्वीकारनाराओनी पण ए प्रकारे अपि शब्दनो अर्थ छे, तत्त्वना उपलंभशून्य प्रवृत्तिनी सिद्धि होवाने कारणे ए प्रमाणे उत्तरनी साथे संबंध छे अर्थात् सर्व जीवो माटे भगवान प्रदीप छे ए प्रकारे स्वीकारनाराओनी तत्त्वना उपलंभशून्य प्रवृत्तिनी सिद्धि होवाने कारणे ए प्रकारे स्वीकारवुं उचित नथी एम योजन छे.

केम ? एथी कहे छे=तदभ्युपगमवाळाओनी तत्त्वना उपलंभशून्य प्रवृत्तिनी सिद्धि केम छे ? एथी कहे छे –

तथाविध लोकदृष्टिना अनुसरणना प्राधान्यथी तेओनो स्वीकार होवाने कारणे तत्त्वना उपलंभशून्य प्रवृत्तिनी सिद्धि छे एम अन्वय छे.

तथाविधलोकदृष्ट्यनुसारप्राधान्यात्नो अर्थ स्पष्ट करे छे –

तथाविध लोक=परमार्थथी असत्य पण तेवा स्वरूपवाळी वस्तुमां बहुरूढ व्यवहारमां प्रवृत्त ते

એવો આ લોક તથાવિધ લોક છે=પરમાર્થથી પ્રદીપ આંધળા પ્રત્યે પ્રદીપ નથી તોપણ પ્રદીપને જોઈને સર્વનો પ્રકાશક પ્રદીપ છે એ પ્રકારે બહુરૂઢ વ્યવહારમાં પ્રવૃત્ત એવો જે લોક તથાવિધ લોક છે, તેની દૃષ્ટિ=અભિપ્રાય, વ્યવહારનય છે તેના અનુસાર=તેની અનુવૃત્તિ, તેના પ્રાધાન્યથી સ્વીકાર હોવાને કારણે તત્ત્વના ઉપલંભશૂન્ય પ્રવૃત્તિની સિદ્ધિ છે એમ અન્વય છે, આ કહેવાયેલું થાય છે – ભગવાનનું સર્વ પ્રદીપપણું સ્વીકાર કરાયે છતે લોકવ્યવહાર જ પ્રાધાન્યથી સ્વીકારાયેલો થાય છે, વસ્તુતત્ત્વ સ્વીકારાયેલું થતું નથી અર્થાત્ ભગવાન જે જીવો પ્રત્યે પ્રદીપનું કાર્ય કરે છે તે પ્રકારે વસ્તુતત્ત્વનો સ્વીકાર થતો નથી, હિ=જે કારણથી, લોકવ્યવહારથી જે પ્રકારે પ્રદીપ પ્રદીપ જ છે, અપ્રદીપ પણ નથી; કેમ કે સાદડી, ભીંત આદિનું જ અપ્રદીપપણાથી રૂઢપણું છે=લોકવ્યવહાર દ્વારા રૂઢપણું છે, તે પ્રમાણે ભગવાન પણ સર્વ જીવો માટે પ્રદીપ જ છે=લોકવ્યવહારથી સર્વ જીવો માટે પ્રદીપ જ છે, પરંતુ કેટલાક જીવોને અનુપયોગ હોવાને કારણે=ભગવાનનું જ્ઞાન બોધ કરાવવા માટે અનુપયોગવાળું હોવાને કારણે, અપ્રદીપ પણ નથી, વળી, ઋજુસૂત્રાદિ નિશ્ચયનયના મતથી= ઋજુસૂત્રાદિ પાછળના ચાર નયોને અનુસારે નિશ્ચયનયના મતથી, જે=જે પ્રદીપ, જેમાં=જે જીવમાં, ઉપયોગી નથી, તે=તે પ્રદીપ, તેની અપેક્ષાએ=તે જીવની અપેક્ષાએ, કંઈ જ નથી=પ્રદીપ જ નથી, જે પ્રમાણે મંગલને ઉદ્દેશીને ભાષ્યકાર કહે છે –

ઋજુસૂત્ર નયના મતે સયં=સ્વકીય, અને સંપયં=સાંપ્રતિક, જે મંગલ છે તે એક છે, અતીત, અનુત્પન્ન અથવા પરકીય મંગલ ઈષ્ટ નથી.

અતીત, અનુત્પન્ન અથવા પરકીય નથી; કેમ કે પ્રયોજનનો અભાવ છે, દૃષ્ટાંત - ગધેડાનું શિંગડું અથવા પરધન જે પ્રમાણે વિફલ છે, તે પ્રમાણે અતીત અનુત્પન્ન અથવા પરકીય મંગલ નિષ્ફળ છે એમ અન્વય છે.

તેથી=તદભ્યુપગમવાળાઓની પણ તત્ત્વના ઉપલંભશૂન્ય પ્રવૃત્તિની સિદ્ધિ છે તેથી, ભગવાન પણ સંજ્ઞિવિશેષના વ્યતિરેકથી અન્યત્ર=અન્ય જીવોમાં, અનુપયોગવાળા અપ્રદીપ જ છે.

કેવી રીતે ? એથી કહે છે=કેવી રીતે તથાવિધ લોકદૃષ્ટિ અનુસરણનું પ્રાધાન્ય છે ? એથી કહે છે–

અનપેક્ષિત ગુરુલાઘવપૂર્વક તથાવિધ લોકદૃષ્ટિ અનુસરણના પ્રાધાન્યથી તદભ્યુપગમવાળાઓની પણ તત્ત્વના ઉપલંભશૂન્ય પ્રવૃત્તિની સિદ્ધિ છે એમ અન્વય છે, अनपेक्षितगुरुलाघवंનો અર્થ સ્પષ્ટ કરે છે – ગુરુ=નિશ્ચયનય, તેનાથી ઇતર=લઘુ, તે બેનો ભાવ=ગુરુલઘુનો ભાવ, ગુરુલાઘવ=સદ્ભૂત અર્થના વિષયવાળો સમ્યક્સ્તવ ગુરુલાઘવ છે અને ત્યાં=ગુરુલઘુપક્ષમાં, ગુરુપક્ષ આશ્રય કરવાને યુક્ત છે, ઇતર નહિ; કેમ કે તત્ત્વપક્ષનું ઉપેક્ષણ છે=લઘુપક્ષમાં તત્ત્વપક્ષનું ઉપેક્ષણ હોવાથી આશ્રયણીય નથી, અનપેક્ષિત ગુરુલાઘવ છે જેમાં તે જે પ્રમાણે થાય છે એ અનપેક્ષિત ગુરુલાઘવવાળું છે, એ ક્રિયાવિશેષણ છે=તથાવિધ લોકદૃષ્ટ્યનુસાર પ્રાધાન્યનું ક્રિયાવિશેષણ છે.

અથવા=અથવાથી ગુરુલાઘવનો અન્ય પ્રકારે અર્થ કરે છે – ગુણદોષ વિષયક ગુરુલાઘવની અપેક્ષા રાખીને વિચારવાળાની પણ ક્યારેક વ્યવહારથી તત્ત્વના ઉપલંભશૂન્ય પ્રવૃત્તિ થાય અને

આ=ગુરુલાઘવની અપેક્ષા રાખીને વિચારકની પણ=વસ્તુનો વિચાર કરીને પ્રવૃત્તિ કરનારની પણ, ક્યારેક તત્ત્વ ઉપલંભશૂન્ય પ્રવૃત્તિ છે એ, અહીં=પ્રસ્તુત તત્ત્વ ઉપલંભશૂન્ય પ્રવૃત્તિને બતાવવાના વિષયમાં, ન્યાય નથી, આથી તેના નિષેધ માટે કહે છે=અનપેક્ષિત ગુરુલાઘવ એ પ્રકારનું ક્રિયાવિશેષણ કહે છે અર્થાત્ પ્રેક્ષાવાન પુરુષ ગુણદોષ વિષયક ગુરુલાઘવનો વિચાર કરીને સર્વત્ર પ્રવૃત્તિ કરે છે, છતાં ક્યારેક અવિચારકતાને વશથી વ્યવહારનયની દૃષ્ટિને આશ્રયીને તત્ત્વના ઉપલંભશૂન્ય પ્રવૃત્તિ તેનાથી થાય, અને આ=જેમને ભગવાનથી ઉપકાર થતો નથી તેના પ્રત્યે પણ ભગવાન પ્રદીપ છે એ, અહીં=ભગવાનની સ્તવનામાં, ન્યાય નથી=યુક્ત નથી આથી તેના નિષેધ માટે અનપેક્ષિતગુરુલાઘવં એ તથાવિધ લોકદૃષ્ટ્યનુસાર પ્રાધાન્યનું ક્રિયાવિશેષણ છે, તેનાથી=અનપેક્ષિત ગુરુલાઘવવાળું છે તેનાથી, શું ? એથી કહે છે – તત્ત્વના ઉપલંભશૂન્ય પ્રવૃત્તિની સિદ્ધિ હોવાથી=તત્ત્વના ઉપલંભશૂન્ય અર્થાત્ વ્યવહારમાત્રના આશ્રયપણાને કારણે સ્તવનીય સ્વભાવની સંવિત્તિવાળી નહીં એવી પ્રસ્તુત સ્તવ સ્વરૂપ પ્રવૃત્તિ છે તેની સિદ્ધિ હોવાથી અર્થાત્ નિષ્પત્તિ હોવાથી, તેમના દેશના અંશુઓથી પણ તત્ત્વ ઉપલંભનો અભાવ હોવાને કારણે એ પ્રમાણે પૂર્વની સાથે સંબંધ છે=પૂર્વમાં કહેલું કે ભગવાનની દેશનાનાં કિરણોથી પણ તત્ત્વના ઉપલંભનો અભાવ હોવાને કારણે વિશિષ્ટલોકથી વ્યતિરિક્ત અન્યલોક અંધકલ્પ છે તેની સાથે સંબંધ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે ભગવાન વિશિષ્ટ સંજ્ઞિલોક પ્રત્યે પ્રદીપ છે, પરંતુ અંધકલ્પ જીવો પ્રત્યે પ્રદીપ નથી, ત્યાં કોઈકને પ્રશ્ન થાય કે પ્રદીપ બધા માટે પ્રદીપ જ કહેવાય છે, અપ્રદીપ કહેવાતો નથી, સાદડી, ભીંત આદિ અપ્રદીપ કહેવાય છે, તે રીતે ભગવાન જગતના પદાર્થોનું યથાર્થ પ્રકાશન કરનાર હોવાથી સર્વને માટે પ્રદીપ છે તેમ કહેવું જોઈએ, તે પ્રકારની કોઈની શંકાને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

અનપેક્ષિત ગુરુલાઘવવાળા તેવા પ્રકારની લોકદૃષ્ટિને અનુસરણ કરવામાં પ્રધાન યત્ન કરે છે તેઓ ભગવાન સર્વને માટે લોકપ્રદીપ છે તેમ સ્વીકારે છે, તોપણ તેઓની પ્રવૃત્તિ તત્ત્વના ગ્રહણશૂન્ય પ્રવૃત્તિ છે; કેમ કે લોગપઈવાણં શબ્દથી ભગવાનના વાસ્તવિક ગુણની સ્તુતિ કરવી છે અને ભગવાનનો ઉપદેશરૂપ વાસ્તવિક ગુણ વિશિષ્ટ સંજ્ઞિલોકને આશ્રયીને જ પ્રદીપનું કાર્ય કરે છે, આમ છતાં જે જીવોને આશ્રયીને ભગવાન પ્રદીપનું કાર્ય કરતા નથી તેઓના માટે પણ ભગવાન પ્રદીપ છે તેમ કહેવાથી ભગવાનના વાસ્તવિક સ્વરૂપની સ્તુતિ થતી નથી, માત્ર સ્થૂલ વ્યવહારથી પ્રદીપ બધા માટે પ્રદીપ છે, તે પ્રકારે આશ્રયણ કરીને તેઓ લોકપ્રદીપ શબ્દથી ભગવાન સર્વના પ્રદીપ છે તેમ કહે છે અને જે સ્તુતિની પ્રવૃત્તિમાં ગુરુલાઘવની વિચારણા ન હોય તે સ્તુતિ સદ્‌ભૂતાર્થ વિષયવાળી સમ્યક્ સ્તુતિ નથી, પરંતુ શ્રેષ્ઠ વિશેષણો દ્વારા ભગવાનમાં નહિ વિદ્યમાન ગુણોથી પણ સ્તુતિ કરવાના યત્નસ્વરૂપ છે, તેથી તેવી સ્તુતિ કરવી ઉચિત નથી, તે બોધ કરાવવા માટે લોક શબ્દથી વિશિષ્ટ સંજ્ઞિલોક ગ્રહણ કરેલ છે.

વળી, ભગવાનના ગુણોની સ્તુતિ કરવી હોય ત્યારે ઋજુસૂત્રાદિ નિશ્ચયનયના મતથી જે ગુણોને

આશ્રયીને ભગવાન પ્રદીપ છે તેનું જ અવલંબન લેવું ઉચિત છે, પરંતુ વ્યવહારમાં આ પ્રદીપ છે અને આ પ્રદીપ નથી તેમ કહેવાય છે તેનું અવલંબન લઈને ભગવાન સર્વના પ્રદીપ છે તેમ કહેવું ઉચિત નથી; કેમ કે દરેક નય પોતપોતાના સ્થાને સમ્યક્ તત્ત્વને બતાવે છે, તેથી વ્યવહારનય પોતાના સ્થાને ઉચિત હોવા છતાં સ્તુત્યની સ્તુતિ કરવાના પ્રસંગમાં સ્તુત્યના વાસ્તવિક ગુણને સ્મરણ કરીને સ્તુતિ કરવાથી જ નિર્જરાની પ્રાપ્તિ થાય છે, માટે તે સ્થાનમાં નિશ્ચયનય જ ઉચિત છે; કેમ કે સ્તુત્યના વાસ્તવિક ગુણના સ્મરણને કારણે તેના પ્રત્યે પ્રવર્ધમાન રાગ થાય છે અને સ્તુત્યના વાસ્તવિક ગુણનો અપલાપ કરીને ભગવાન સર્વ જીવો માટે પ્રદીપ નહિ હોવા છતાં તે સ્વરૂપે તેમની સ્તુતિ કરવાથી ભગવાનના વાસ્તવિક ગુણનો પક્ષપાત થતો નથી, તેથી ગુરુલાઘવની વિચારણા કર્યા વગરના મૂઢ જીવોથી કરાયેલી તત્ત્વ ઉપલંભ-શૂન્ય પ્રવૃત્તિ બને છે, તેથી તેવી પ્રવૃત્તિ ઉચિત નથી, તે બતાવવા માટે જ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુતમાં લોક શબ્દથી વિશિષ્ટ સંજ્ઞિલોક ગ્રહણ કરેલ છે.

અનપેક્ષિત ગુરુલાઘવના ટીકાકારશ્રીએ બે અર્થ કર્યા, તેમાં પ્રથમ અર્થ અનુસાર વિચારીએ તો જેઓ ગુરુલાઘવનો નિર્ણય કરીને પ્રવૃત્તિ કરનારા છે તેઓ સ્તુત્યમાં જે વાસ્તવિક ગુણો હોય તેના સ્મરણ માટે જ તે ગુણોથી સ્તુત્યની સ્તુતિ કરે છે, જેનાથી તે ગુણો પ્રત્યે પોતાનો પ્રવર્ધમાન રાગનો પરિણામ તે ગુણોના પ્રતિબંધક કર્મનો નાશ કરીને પોતાનામાં તેવા ઉત્તમ ગુણો પ્રગટ કરવાનું કારણ બને છે અને જેઓ ગુરુલાઘવનો વિચાર કરનારા નથી તેઓ મૂઢભાવથી શબ્દનો અર્થ ગ્રહણ કરીને સ્તુતિ કરે છે અને તેવી સ્તુતિ કરનારા જીવો ભગવાનને સર્વ જીવો માટે પ્રદીપતુલ્ય છે તેમ કહે છે, પરંતુ પ્રદીપનું કાર્ય થતું નથી તેવા જીવો પ્રત્યે ભગવાન પ્રદીપતુલ્ય નથી તેનો વિચાર કરતા નથી.

વળી, અનપેક્ષિત ગુરુલાઘવનો બીજો અર્થ કર્યો તે પ્રમાણે વિચારક પુરુષો પણ ક્યારેક જેનાથી તત્ત્વની પ્રાપ્તિ ન થાય તેવી પ્રવૃત્તિ અવિચારકતાને વશ કરે, તોપણ ભગવાનની સ્તુતિ કરવાના પ્રસંગમાં વિચારકો ક્યારે પણ વાસ્તવિકતાનો વિચાર કર્યા વગર સ્તુતિ કરે નહિ, જ્યારે જેઓ વિચારક નથી તેઓ જ ગુરુ-લાઘવનો વિચાર કર્યા વગર તે રીતે ભગવાનના ગુણોની સ્તુતિ કરે છે, જે સ્તુતિથી તેઓને કોઈ ફળ મળતું નથી, તેથી તેવી અનુચિત પ્રવૃત્તિના નિવારણ માટે જ ગ્રંથકારશ્રીએ કહ્યું કે અનપેક્ષિત ગુરુલાઘવવાળા જીવો જ ભગવાનને સર્વના પ્રદીપ કહે છે, પરંતુ વિચારક તો હંમેશાં ભગવાનના ઉપદેશનું કાર્ય જેઓમાં થાય છે તેઓ માટે જ ભગવાન પ્રદીપ છે તેમ કહે છે.

ललितविस्तरा :-

न चैवमपि भगवतां भगवत्त्वायोगः वस्तुस्वभावविषयत्वादस्य; तदन्यथाकरणे तत्तत्त्वायोगात्, स्वो भावः स्वभावः=आत्मीया सत्ता, स चान्यथा चेति व्याहतमेतत्। किञ्च, एवमचेतनानामपि चेतनाऽकरणे समानमेतदित्येवमेव भगवत्त्वायोगः, इतरेतरकरणेऽपि स्वात्मन्यपि तदन्यविधानात्, यत्किञ्चिदेतद्, इति यथोदितलोकापेक्षयैव लोकप्रदीपाः।।१३।।

લલિતવિસ્તરાર્થ :-

અને આ રીતે પણ=ભગવાન સર્વ લોક માટે પ્રદીપ નથી એમ પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે પણ, ભગવાનના ભગવત્ત્વનો અયોગ નથી=ભગવાનના અચિંત્ય સામર્થ્યરૂપ મહાનપણાનો અયોગ નથી; કેમ કે આનું=ભગવાનના અચિંત્ય સામર્થ્યરૂપ મહાનપણાનું, વસ્તુ સ્વભાવ વિષયપણું છે=જે જીવોમાં ઉપકાર થઈ શકે તેવા જીવોરૂપ વસ્તુના સ્વભાવનું વિષયપણું છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાનના મહાનપણાનું વસ્તુસ્વભાવ વિષયપણું હોય તેનાથી શું પ્રાપ્ત થાય ? તેમાં અન્ય હેતુ કહે છે –

તેના અન્યથાકરણમાં=ભગવાન વડે અંધકલ્પ જીવોને પણ પ્રકાશ કરવારૂપ અન્યથાકરણમાં, તેના તત્ત્વનો અયોગ છે=અંધકલ્પ જીવોરૂપ વસ્તુના સ્વભાવના સ્વભાવત્વનો અયોગ છે.

કેમ ભગવાન અંધકલ્પ જીવોને પણ પ્રદીપ બને તેમાં તે જીવોના સ્વભાવનો અયોગ પ્રાપ્ત થાય ? તેથી કહે છે –

સ્વ એવો ભાવ સ્વભાવ છે=આત્મીય સત્તા છે અર્થાત્ અંધકલ્પ જીવો પદાર્થનો બોધ ન કરી શકે તેવી આત્મીય સત્તા છે અને તે=અંધકલ્પ જીવોની આત્મીય સત્તા, અન્યથા છે=ભગવાનના નિમિત્તને પામીને બોધ કરી શકે તેવી અન્યથા છે, એથી આ=ભગવાન અંધકલ્પ જીવો પ્રત્યે પ્રદીપ છે એ, વ્યાહત છે=અંધકલ્પ જીવો પ્રત્યે ભગવાન પ્રદીપ છે તેમ સ્વીકારવું અસંગત છે.

વળી, આ રીતે=ભગવાન પ્રદીપ છે એમ સ્વીકારીને અંધકલ્પ જીવોને પણ ભગવાન પ્રકાશ કરવામાં સમર્થ નથી એમ સ્વીકારવામાં ભગવાનના ભગવત્ત્વના અર્થાત્ મહાનપણાના અભાવની આપત્તિ અપાય એ રીતે, અચેતનોના પણ=ધર્માસ્તિકાય આદિ જડ પદાર્થોના પણ, ચેતનના અકરણમાં આ=ભગવાનના અભગવત્ત્વનું પ્રસંજન, સમાન છે એ હેતુથી એ રીતે જ=અંધકલ્પ જીવો પ્રત્યે ભગવાનમાં અપ્રદીપત્વ છે એ પ્રકારથી જ, ભગવત્ત્વનો અયોગ છે અર્થાત્ જડને ચેતન કરતા નથી માટે ભગવત્ત્વનો અયોગ છે, તેની જેમ જ અંધકલ્પ જીવો માટે ભગવાન અપ્રદીપ છે તેનાથી ભગવત્ત્વના અયોગનું પ્રસંજન છે. ઇતરેતર કરણમાં પણ=જડને ચેતન કરે અને ચેતનને જડ કરે ઇત્યાદિરૂપ ઇતરેતર કરણમાં પણ, સ્વઆત્મામાં પણ તેનાથી અન્યનું વિધાન હોવાથી=પોતાનાથી અન્ય એવા મિથ્યાદૃષ્ટિ આદિનું કરણ હોવાથી, ભગવાન અચિંત્ય સામર્થ્યવાળા હોવાને કારણે અન્ય મિથ્યાદૃષ્ટિ જેવા પણ પોતે થાય છે તેમ સ્વીકારવાની આપત્તિ છે એમ અધ્યાહાર છે, આ=ભગવાન વિશિષ્ટ સંજ્ઞિલોકથી અન્ય માટે પ્રદીપ નથી એમ કહેવાથી અભગવત્ત્વનું પ્રસંજન એ, યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે, એથી યથા ઉદિત લોકની અપેક્ષાએ જ=પૂર્વમાં કહ્યું કે ભગવાન વિશિષ્ટ સંજ્ઞિલોક માટે પ્રદીપ છે એવા લોકોની અપેક્ષાએ જ, લોકપ્રદીપ છે=ભગવાન લોકપ્રદીપ છે. ॥૧૩॥

पंजिका :-

'तदन्यथाकरणे तत्तत्त्वायोगादि'ति, तस्य=जीवादिवस्तुस्वभावस्य अन्यथाकरणे=अस्वभावीकरणे भगवद्भिः, तत्तत्त्वायोगात्-तस्य वस्तुस्वभावस्य स्वभावत्वायोगात्। 'किञ्चेत्यादि' किञ्चेत्यभ्युच्चये, एवम् अविषयेऽसामर्थ्येनाभगवत्त्वप्रसञ्जने, अचेतनानामपि=धर्म्मास्तिकायादीनां, किं पुनः प्रागुक्तविपरीत-लोकस्याप्रदीपत्वे इति 'अपि'शब्दार्थः, चेतनाऽकरणे=चैतन्यवतामविधाने, समानं=तुल्यं, प्राक्प्रसञ्जनेन, एतद्=अभगवत्त्वप्रसञ्जनम्, इति=अस्माद्धेतोः, एवमेव=अप्रदीपत्वप्रकारेणैव, भगवत्त्वायोग उक्तरूपः, अभ्युपगम्यापि दूषयन्नाह इतरेतरकरणेऽपि=इतरस्य=जीवादेः, इतरकरणेऽपि=अजीवादिकरणे 'अपिः'-अभ्युपगमार्थे, स्वात्मन्यपि=स्वस्मिन्नपि, तदन्यस्य-व्यतिरिक्तस्य महामिथ्यादृष्ट्यादेः, विधानात्=करणात्, न चैतदस्त्यतः यत्किञ्चिद् एतद्=अभगवत्त्वप्रसञ्जनमिति।।१३।।

पंजिकार्थ :-

'तदन्यथाकरणे ..... अभगवत्त्वप्रसञ्जनमिति ।। तेना अन्यथाकरणमां तत् तत्त्वनो अयोग होवाथी એ ललितविस्तरानुं प्रतीक छे.

तेनो अर्थ स्पष्ट करे छे –

तेना=जीवादि वस्तु स्वभावना, अन्यथाकरणमां=भगवान वडे अस्वभावीकरणमां=जेओ अंधकल्प छे तेवा जीवोने पण भगवान प्रदीपतुल्य होवाथी भगवान वडे देखता करवारूप अस्वभावीकरणमां, तत् तत्त्वनो अयोग होवाथी=ते वस्तुस्वभावना स्वभावत्वनो अयोग होवाथी=अंधकल्प जीवोमां वस्तुना अंधस्वरूप स्वभावना स्वभावत्वनो अयोग थतो होवाथी, प्रदीपतुल्य भगवाननना प्रकाशनो विषय ते जीवो बनता नथी. એम अन्वय छे.

किञ्च ઈत्यादि ललितविस्तरानुं प्रतीक छे, किञ्च शब्द अभ्युच्चयमां छे=भगवान विशिष्ट संज्ञिलोक सिवायना जीवो माटे प्रदीप नथी એम कहेवामां भगवाननना भगवत्त्वनो अयोग नथी એम पूर्वमां स्थापन कर्युं એमां ज किञ्चथी अन्य युक्ति बतावे छे – आ रीते अविषयमां असामर्थ्य होवाने कारणे अभगवानपणाना प्रसंजनमां=अंधकल्प जीवोने भगवान प्रकाश करवामां समर्थ नथी तेम स्वीकारीने भगवानमां अभगवत्त्व छे એ प्रकारनी आपत्ति आपवामां, अचेतनोने पण= धर्मास्तिकाय आदिने, शुं वळी, पूर्वमां कहेवायेला विपरीत लोकना अप्रदीपपणामां ? એ अपि शब्दनो अर्थ छे, तेथी अचेतन એवा धर्मास्तिकाय आदिने चेतनना अकरणमां=चैतन्यवाळा नहि करवामां, समान=तुल्य, पूर्वनुं प्रसंजन होवाने कारणे=पूर्वमां कहेली आपत्ति होवाने कारणे, आ= अभगवत्त्वनुं प्रसंजन छे, એ हेतुथी आ रीते ज=अप्रदीपत्व प्रकारथी ज, उक्तरूपवाळो भगवत्त्वनो अयोग छे, स्वीकारीने पण=अचेतनने चेतन करे छे એ रीते स्वीकारीने पण, दूषण आपतां कहे छे – ઈतर ઈतर करणमां पण=ઈतर એवा जीवादिना ઈतरकरणमां पण अर्थात् अजीवादि करणमां

પણ, સ્વઆત્મામાં પણ=પોતાનામાં પણ, તેનાથી અન્યના=વ્યતિરિક્ત એવા મહામિથ્યાદૃષ્ટિ આદિના, વિધાનથી=કરણથી અર્થાત્ ભગવાન પોતાના આત્મામાં અન્ય એવા મિથ્યાદૃષ્ટિ આદિ દોષોના કરનાર હોવાથી ભગવત્ત્વનો અયોગ છે એમ અન્વય છે અને આ=મિથ્યાદૃષ્ટિના દોષો ભગવાન પોતાના રૂપે કરે એ, નથી આથી યત્કિંચિત્=અર્થ વગરનું, આ=અભગવત્ત્વનું પ્રસંજન છે=ભગવાન અંધકલ્પને પ્રદીપનું કાર્ય કરનાર નથી તેમ સ્વીકારીએ તો ભગવાનમાં અભગવત્ત્વની આપત્તિ છે, એ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન અર્થ વગરનું છે. ॥૧૩॥

ભાવાર્થ :-

પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે ભગવાન તે જીવો પ્રત્યે જ લોકપ્રદીપ છે જેઓનો ભાવમલ કંઈક અલ્પ થયેલો છે અને સંજ્ઞિપણાને પામેલા છે અને ઉપદેશની સામગ્રીથી તત્ત્વને પ્રાપ્ત કરી શકે તેવા છે, તેવા જીવોને આશ્રયીને જ ભગવાન લોકપ્રદીપ છે અને જેઓ લોકપ્રદીપમાં રહેલા લોકનો અર્થ સર્વ જીવો ગ્રહણ કરે છે અને કહે છે કે ભગવાન સર્વ જીવો માટે પ્રદીપ છે તેઓનો તે પ્રકારનો સ્વીકાર ગુરુલાઘવ અપેક્ષા વગરનો છે; કેમ કે ભગવાનની સ્તુતિ ભગવાનના વાસ્તવિક ગુણથી થાય છે અને ભગવાનમાં તેવા જીવોને જ બોધ કરાવવાનું સામર્થ્ય છે, જેઓ તત્ત્વને સન્મુખ થાય તેવી કંઈક નિર્મળ મતિવાળા છે. જેઓ ગાઢ વિપર્યાસવાળા છે તેઓને ભગવાનના વચનથી તત્ત્વનો બોધ થતો નથી, છતાં તેઓ પ્રત્યે પણ ભગવાન પ્રદીપ છે, તે પ્રકારે કહીને ભગવાનનું મહત્ત્વ બતાવવું તે મૂઢતાનું કાર્ય છે; કેમ કે વાસ્તવિક ગુણને આશ્રયીને જ ભગવાનની સ્તુતિ કરવી ઉચિત છે, આ પ્રકારે પૂર્વમાં સ્થાપન કર્યું ત્યાં કોઈને થાય કે આ રીતે ભગવાનની ઉપકારકતા પરિમિત જીવો માટે જ છે, અન્ય જીવો માટે નથી તેમ કહેવાથી ભગવાનમાં મહાનપણાનો અયોગ પ્રાપ્ત થાય અર્થાત્ ભગવાન અસામર્થ્યવાળા છે તેમ કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાનનું મહાનપણું યોગ્ય જીવોની યોગ્યતાને આશ્રયીને ઉપકાર કરે તે સ્વરૂપે જ છે, અયોગ્યને ઉપકાર કરે તે સ્વરૂપે નથી; કેમ કે ભગવાન કેવલજ્ઞાનથી જગતનું યથાર્થ સ્વરૂપ સાક્ષાત્ જુએ છે અને જગતનું તે સ્વરૂપ તે રીતે જ પ્રકાશન કરે છે, જેથી યોગ્ય જીવોને તે પદાર્થનો બોધ થઈ શકે, પરંતુ જે જીવોમાં ગાઢ વિપર્યાસ કે ગાઢ અંધકાર વર્તે છે તે જીવો ભગવાનના વચનને અવલંબીને તે પ્રકારે વસ્તુને જોવા માટે યત્ન કરે તેવા નથી, પરંતુ પોતાના વિપર્યાસથી યુક્ત ઊહથી જ પદાર્થને જોવા માટે યત્નવાળા છે, આથી જ ભગવાનની પર્ષદામાં પણ એકાંતવાદની વિપરીત દૃષ્ટિથી વાસિત મતિવાળા જીવોને ભગવાનના વચનથી પણ અનેકાંતનો વાસ્તવિક બોધ થતો નથી, પરંતુ પોતાની એકાંત દૃષ્ટિને સમર્થન કરવા માટેની યુક્તિઓને ભગવાનના વચનમાંથી ગ્રહણ કરે છે.

વળી, કેટલાક મૂઢ જીવો ભગવાનના વચન વિષયક માર્ગાનુસારી ઊહ જ કરતા નથી કે જેથી તેઓને ભગવાનના વચનથી તત્ત્વનો બોધ થઈ શકે. વળી, કેટલાક ગાઢ જ્ઞાનાવરણીયના ઉદયવાળા છે, તેથી સંજ્ઞિપણાને પામ્યા નથી તેઓ પણ ભગવાનના વચનના બળથી તત્ત્વને પ્રાપ્ત કરી શકે તેવા નથી તે સર્વ

જીવો ભગવાનના પ્રદીપરૂપ પ્રકાશ માટે અયોગ્ય છે, તેથી તેઓને ભગવાન પ્રકાશક થતા નથી, માટે ભગવાન મહાન નથી તેમ કહેવું ઉચિત નથી, પરંતુ જેઓમાં તત્ત્વના બોધને અનુકૂળ લેશ પણ શક્તિ છે તેઓને ભગવાન અવશ્ય તત્ત્વનો બોધ કરાવે છે તે અપેક્ષાએ જ ભગવાનનું મહાનપણું છે. વળી, આ કથનને જ પુષ્ટ કરવા માટે અન્ય યુક્તિ આપે છે –

જો અંધતુલ્ય જીવો માટે ભગવાન પ્રદીપ નથી એમ કહેવાથી ભગવાન મહાન નથી તેમ સિદ્ધ થતું હોય તો અચેતન એવા ધર્માસ્તિકાય આદિને ચેતન કરવા ભગવાન સમર્થ નથી, માટે પણ ભગવાન મહાન નથી તેમ કહેવાનો પ્રસંગ આવે અને તે પ્રસંગના નિવારણ માટે એમ કહેવામાં આવે કે "ભગવાન જડને ચેતન કરવા સમર્થ છે અને ચેતનને જડ કરવા પણ સમર્થ છે; કેમ કે સર્વ શક્તિમાન છે" તો ભગવાન પોતાના આત્મામાં પણ અન્યના મહામિથ્યાદૃષ્ટિ આદિ દોષો કરવા સમર્થ છે, તેમ સ્વીકારવાની આપત્તિ આવે, તેથી ક્યારેક જેમ જડને ચેતન કરે તેમ ક્યારેક અન્યના મહામિથ્યાદૃષ્ટિ આદિ દોષો પોતાનામાં પ્રગટ કરે તેમ માનવાનો પ્રસંગ આવે, માટે એમ જ માનવું જોઈએ કે ભગવાન વસ્તુ સ્વભાવને આશ્રયીને જ ઉપકાર કરવા સમર્થ છે અને તેમ સ્વીકારવાથી જ ભગવાનનું મહાનપણું છે, માટે યોગ્ય જીવોની અપેક્ષાએ જ ભગવાન પ્રદીપ છે તેવો અર્થ લોકપ્રદીપ શબ્દથી કરવો જોઈએ. **॥૧૩॥**

सूत्र :-

लोगपज्जोअगराणं ।।१४।।

सूत्रार्थ :-

લોક=ઉત્કૃષ્ટ મતિવાળા ગણધર લોક, પ્રત્યે પ્રદ્યોત કરનારા ભગવાનને નમસ્કાર થાઓ. ॥૧૪॥

ललितविस्तरा :-

तथा, 'लोकप्रद्योतकरेभ्यः'। इह यद्यपि लोकशब्देन प्रक्रमाद् भव्यलोक उच्यते, 'भव्यानामालोको वचनांशुभ्योऽपि दर्शनं यस्मात्। एतेषां भवति तथा, तदभावे व्यर्थ आलोकः।।' **इति वचनात्;**

तथाप्यत्र लोकध्वनिनोत्कृष्टमतिः भव्यसत्त्वलोक एव गृह्यते, तत्रैव तत्त्वतः प्रद्योतकरणशीलत्वोपपत्तेः।

ललितविस्तरार्थ :-

અને લોકપ્રદ્યોતકર એવા ભગવાનને નમસ્કાર થાઓ, અહીં=લોકપ્રદ્યોતકર શબ્દમાં, જો કે લોક શબ્દથી પ્રક્રમને કારણે ભવ્યલોક કહેવાય છે; કેમ કે ભવ્યોનો આલોક છે, જે કારણથી વચનાંશુથી પણ દર્શન=ભગવાનનાં વચનોરૂપી કિરણોથી પણ દર્શન, આમને=ભવ્યલોકોને, તે પ્રકારે=જે પ્રમાણે વસ્તુ છે તે પ્રમાણે, થાય છે, તેના અભાવમાં=યથાર્થ દર્શનના અભાવમાં, આલોક=પ્રકાશ, વ્યર્થ છે, **એ પ્રકારનું વચન છે, તોપણ=પ્રક્રમને કારણે ભવ્યલોકનું ગ્રહણ છે તોપણ, અહીં=लोगपज्जोअगराणं**

शब्दमां, लोकध्वनिथी=लोक शब्दथी, उत्कृष्ट मतिवाळा भव्य सत्त्वलोक ज ग्रहण कराय छे; केम के तेमां ज=उत्कृष्ट मतिवाळा जीवोमां ज, तत्त्वथी प्रद्योतकरण शीलत्वनी उपपत्ति छे=भगवानना प्रद्योतकरणत्व स्वभावनी उपपत्ति छे.

पंजिका :-

'प्रक्रमाद्' इति आलोकशब्दवाच्यप्रद्योतोपन्यासान्यथानुपपत्तेरिति, 'भव्यानाम्' इत्यादि, भव्यानां नाभव्यानामपि, आलोकः=प्रकाशः=सद्दर्शनहेतुः श्रुतावरणक्षयोपशमः, इदमेवान्वयव्यतिरेकाभ्यां भावयन्नाह- वचनांशुभ्योऽपि= प्रकाशप्रधानहेतुभ्यः, किं पुनस्तदन्यहेतुभ्य इति 'अपि' शब्दार्थः; दर्शनं=प्रकाश्यावलोकनं, 'यस्मादि'ति हेतौ, एतेषां=भव्यानां, भवति=वर्त्तते, 'तथा' इति यथा दृश्यं वस्तु स्थितम्। ननु कथमित्थं नियमो, भव्यानामप्यालोकमात्रस्य वचनांशुभ्यो भावात्? **इत्याह-** 'तदभावे'=तथादर्शनाभावे, व्यर्थः=अकिञ्चित्करस्तेषाम् आलोकः, स आलोक एव न भवति, स्वकार्यकारिण एव वस्तुत्वात्। **इतिवचनात्=एवंभूतश्रुतप्रामाण्यात्।**

तथापि=एवमपि, अत्र=सूत्रे, लोकध्वनिना=लोकशब्देन, उत्कृष्टमतिः=औत्पत्तिक्यादिविशिष्टबुद्धिमान् गणधरपदप्रायोग्य इत्यर्थः, 'भव्यसत्त्वलोक एव' न पुनरन्यः, यो हि प्रथमसमवसरण एव भगवदुपन्यस्तमातृकापदत्रयश्रवणात् प्रद्योतप्रवृत्तौ दृष्टसमस्ताभिलाप्यरूपप्रद्योत्यजीवादिसप्ततत्त्वो रचितसकलश्रुतग्रन्थः सपदि सञ्जायते, स इह गृह्यते इति, कुत एतदेवमित्याह- तत्रैव=उत्कृष्टमतावेव भव्यलोके, तत्त्वतो=निश्चयवृत्त्या, प्रद्योतकरणशीलत्वोपपत्तेः=(१) 'उप्पन्ने इ वा, (२) विगमे इ वा, (३) धुवे इ वा' इति पदत्रयोपन्यासेन प्रद्योतस्य प्रकृष्टप्रकाशरूपस्य तच्छीलतया विधानघटनात्, भगवतां प्रद्योतकशक्तेस्तत्रैव भव्यलोके कात्स्न्र्येनोपयोग इतिकृत्वा।

पंजिकार्थ :-

'प्रक्रमाद्' ..... इतिकृत्वा ।। प्रक्रमथी=आलोक शब्द वाच्य प्रद्योतना उपन्यासनी अन्यथा अनुपपत्ति होवाथी=आलोक शब्द वाच्य प्रद्योतना उपन्यासनी अन्यथा अर्थात् जो लोक शब्दथी भव्यलोक ग्रहण करवामां न आवे तो, अनुपपत्ति होवाथी, भव्यलोक कहेवाय छे एम अन्वय छे, उद्धरणमां रहेल भव्यानाम् इत्यादि ललितविस्तरानुं प्रतीक छे, भव्योनो, अभव्योनो पण नहि, आलोक=प्रकाश=सद्दर्शननो हेतु एवो श्रुतज्ञानावरणनो क्षयोपशम, ए भव्योनो आलोक छे, आने ज=भव्योना आलोकने ज, अन्वय-व्यतिरेक द्वारा भावन करतां कहे छे=ललितविस्तराना उद्धरणमां कहे छे, जे कारणथी ए हेतु अर्थमां छे, तेथी जे कारणथी वचनांशुओथी पण=प्रकाशना प्रधान हेतुओथी पण, अर्थात् प्रकाशना अन्य हेतुओ अप्रधान छे, वचन प्रधान हेतु छे तेवा प्रकाशना प्रधान हेतुओथी, आमने=भव्यजीवोने, ते प्रकारे=जे प्रकारे दृश्य वस्तु रहेली छे ते प्रकारे, दर्शन= प्रकाश्यनुं अवलोकन, थाय छे, शुं वळी, तेना अन्य हेतुओथी ?=प्रकाशना अन्य हेतुओथी ? ए अपि शब्दनो अर्थ छे, आ रीते भव्योने आलोक थाय छे एने अन्वय-व्यतिरेकथी बतावववानुं कहीने अन्वयथी बताव्युं, हवे भव्योने आलोक थाय छे ते व्यतिरेकथी बतावववा माटे 'ननु'थी उत्थान करे छे –

आ रीते=पूर्वमां कह्युं के भगवाननां वचनोथी भव्य लोकोने जे प्रमाणे दृश्य वस्तु छे ते प्रमाणे बोध थाय छे

એ રીતે, વચનાંશુઓથી ભાવ હોવાને કારણે=ભગવાનનાં વચનોથી શ્રુતના આવરણના ક્ષયોપશમનો ભાવ હોવાને કારણે, ભવ્યોના પણ આલોક માત્રનો નિયમ કેવી રીતે થાય ? અર્થાત્ ભવ્યોને પણ ભગવાનના વચનથી કોઈક અંશમાં બોધ થાય છે તેમ કોઈક અંશમાં બોધનો અભાવ પણ પ્રાપ્ત થઈ શકે, પરંતુ તેઓને બોધમાત્રનો નિયમ કરી શકાય નહિ, એથી કહે છે –

તેના અભાવમાં=તે પ્રકારના દર્શનના અભાવમાં=ભગવાનના વચનથી ભવ્યજીવને પણ કોઈક અંશથી તે પ્રકારના દર્શનના અભાવમાં, તેઓને=ભવ્યજીવોને, આલોક વ્યર્થ છે=અકિંચિત્કર છે અર્થાત્ ભગવાનનાં વચનો તે અંશમાં બોધ કરાવવા માટે અસમર્થ હોવાથી અકિંચિત્કર છે.

ભગવાનને પદાર્થનો યથાર્થ બોધ હોવા છતાં વચનોથી યોગ્ય જીવોને પણ જે અંશથી બોધ કરાવી શકતા નથી તે અંશથી ભગવાનનો આલોક તેઓ માટે વ્યર્થ છે, તેમ કેમ કહ્યું તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

તે=ભગવાનનો બોધ, આલોક જ નથી=ભવ્યજીવોને જે અંશથી બોધ કરાવવા માટે સમર્થ નથી, તે અંશથી આલોક જ નથી; કેમ કે સ્વકાર્યકારિનું જ વસ્તુપણું છે=ભગવાનના બોધરૂપ આલોક સ્વરૂપ વસ્તુ ભવ્યજીવોમાં બોધ કરાવવા રૂપ કાર્ય કરતું હોય તેવા જ આલોકરૂપ વસ્તુનું વસ્તુપણું છે.

લલિતવિસ્તરામાં ઉદ્ધરણ પછી इति वचनात् શબ્દ છે તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

એ પ્રકારનું વચન હોવાથી=આવા પ્રકારના શ્રુતનું પ્રામાણ્ય હોવાથી=જે ઉદ્ધરણનો શ્લોક આપ્યો છે તેવા પ્રકારના શ્રુતનું પ્રામાણ્ય હોવાથી, લોક શબ્દ દ્વારા પ્રક્રમથી ભવ્યલોક કહેવાય છે એમ અન્વય છે.

તોપણ=આ રીતે પણ=લોક શબ્દથી ભવ્યલોક ગ્રહણ કરાય એ રીતે પણ, અહીં=સૂત્રમાં= લોગપજ્જોઅગરાણં એ પ્રકારના સૂત્રમાં, લોકધ્વનિથી=લોક શબ્દથી, ઉત્કૃષ્ટ મતિવાળા=ઔત્પાતિકી આદિ વિશિષ્ટ બુદ્ધિવાળા, ગણધરપદપ્રાયોગ્ય ભવ્ય સત્ત્વલોક જ ગ્રહણ કરાય છે, વળી, અન્ય નહિ, જે=ગણધર, પ્રથમ સમવસરણમાં જ ભગવાનથી ઉપન્યસ્ત માતૃકાપદત્રયના શ્રવણથી પ્રદ્યોતની પ્રવૃત્તિ હોતે છતે=પ્રકૃષ્ટ દ્યોત થાય તેવો ગણધરોનો યત્ન થયે છતે, જોવાયા છે સમસ્ત અભિલાપ્યરૂપ પ્રદ્યોત્ય જીવાદિ સાત તત્ત્વો જેમના વડે એવા, રચના કરાઈ છે સકલ શ્રુત ગ્રંથોની જેમના વડે એવા શીઘ્ર થાય છે. તે=ઉત્કૃષ્ટ મતિવાળા ગણધરો, અહીં ગ્રહણ કરાય છે, કયા કારણથી આ આ પ્રમાણે છે ?=ઉત્કૃષ્ટ મતિવાળા ગણધરપદયોગ્ય જીવો માતૃકાપદના શ્રવણથી પ્રકૃષ્ટ દ્યોતવાળા થાય છે એ પ્રમાણે કયા કારણથી છે ? એથી કહે છે – તેમાં જ=ઉત્કૃષ્ટ મતિવાળા જ ભવ્યલોકમાં, તત્ત્વથી= નિશ્ચયવૃત્તિથી=કાર્ય કરતું હોય તેવા જ કારણને કારણ કહેવાય એ પ્રકારની જોનારી દૃષ્ટિથી, પ્રદ્યોતકરણશીલત્વની ઉપપત્તિ હોવાથી=ઉપન્નેઈ વા-વિગમેઈ વા-ધુવેઈ વા એ પ્રકારના પદત્રયના ઉપન્યાસથી પ્રકૃષ્ટ પ્રકાશરૂપ પ્રદ્યોતના તત્શીલપણાથી વિધાનનું ઘટન હોવાથી, ભવ્ય સત્ત્વલોક જ ગ્રહણ કરાય છે એમ અન્વય છે; કેમ કે ભગવાનની પ્રદ્યોતક શક્તિનો=ભગવાનમાં વર્તતી પ્રદ્યોતક શક્તિનો, તે જ ભવ્યલોકમાં=ગણધરરૂપ ભવ્યલોકમાં જ, સંપૂર્ણપણાથી ઉપયોગ છે, એથી કરીને ગણધરરૂપ જ ભવ્યલોક ગ્રહણ કરાય છે એમ અન્વય છે.

ભાવાર્થ :-

ભગવાન લોકના પ્રદ્યોતને કરનારા છે, એ પ્રકારે પ્રસ્તુત સૂત્રથી ભગવાનની સ્તુતિ કરાઈ છે, તેથી ભગવાન કયા લોકને પ્રદ્યોત કરનારા છે તે બતાવવા માટે કહે છે –

પ્રસ્તુતમાં પ્રદ્યોત શબ્દથી આલોકનું ગ્રહણ છે અને આલોકનો અર્થ બોધ થાય છે, તેથી બોધને યોગ્ય જીવોનું જ પ્રકમથી ગ્રહણ થઈ શકે; કેમ કે બોધ કરાવવાનો પ્રકમ હોય ત્યારે બોધને અનુકૂળ જીવો હોય તેને જ લોક શબ્દથી ગ્રહણ કરી શકાય, અન્યને નહિ, તેથી પ્રકમથી ભવ્યલોકનું ગ્રહણ કરાય છે, તેમાં ગ્રંથકારશ્રી સાક્ષીવચન આપે છે તેનો અર્થ આ પ્રમાણે છે – ભવ્યજીવોને શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ આલોક થાય છે, અન્યને નહિ.

તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાનના ઉપદેશનું શ્રવણ કરનારા બધા જીવોને તત્ત્વનો યથાર્થ બોધ થાય અને તેના દ્વારા આત્મહિત સાધી શકે તેવો શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ થતો નથી, પરંતુ જે જીવોમાં તે પ્રકારની કંઈક નિર્મળ મતિ છે, જેથી ભગવાનના વચનના આલંબનથી પદાર્થના વાસ્તવિક દર્શનનું કારણ બને તેવો શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થાય છે તે બતાવવા માટે ઉદ્ધરણમાં કહ્યું કે ભવ્યજીવોને શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ આલોક થાય છે તે બતાવ્યા પછી એ જ કથનને પ્રથમ અન્વયથી બતાવે છે – ભગવાનના વચનથી જેઓને પ્રકાશ્ય એવા પદાર્થો જેટલા અંશમાં યથાર્થ જણાય છે તેટલા બોધથી તેઓ સ્વભૂમિકા અનુસાર મોહનો નાશ કરવા યત્ન કરે છે અને જે અંશથી ભગવાનના વચનથી પણ બોધ થતો નથી તે અંશથી મોહનાશને અનુકૂળ યત્ન કરી શકતા નથી, વળી, તે ભવ્યજીવોને જ ભગવાનના વચનથી જે અંશથી બોધ થતો નથી તેની અપેક્ષાએ તે જીવોને આશ્રયીને ભગવાનના વચનરૂપ આલોક વ્યર્થ છે; કેમ કે ભગવાનનું વચન જે જીવોને જે અંશથી બોધ કરાવતું નથી તે અંશથી ભગવાનનું તે વચન તે જીવો માટે આલોકરૂપ નથી, આ રીતે વ્યતિરેકથી બતાવીને તે સ્પષ્ટ કર્યું કે ભવ્યજીવોને જે જે અંશથી ભગવાનના વચનથી શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ થાય છે, તે તે અંશથી તેઓ આત્મહિત કરી શકે છે તે જ ભવ્યજીવોનો બોધ છે, અન્ય બોધ નથી, તેથી ઉદ્ધરણના વચનથી નક્કી થાય છે કે બોધનો પ્રકમ હોવાથી લોક શબ્દ દ્વારા બોધ કરી શકે તેવા જીવોનું જ ગ્રહણ થઈ શકે, અન્યનું નહિ, તોપણ લોકપ્રદ્યોતકરમાં લોક શબ્દથી ઉત્કૃષ્ટ મતિવાળા ભવ્યલોક જ ગ્રહણ કરાય છે; કેમ કે અન્ય ભવ્યજીવોને ભગવાન શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ આલોક કરનાર હોવા છતાં પ્રકૃષ્ટ શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશંમરૂપ આલોકને કરનારા નથી.

તેથી એ ફલિત થાય કે ભગવાનમાં વર્તતા જ્ઞાનને આશ્રયીને વિચારીએ તો ભગવાનમાં કેવલજ્ઞાનરૂપ પૂર્ણ જ્ઞાન છે, આથી જ આગળ 'સવ્વન્નુણં સવ્વદરિસીણં'થી ભગવાનમાં વર્તતા પૂર્ણજ્ઞાનની સ્તુતિ કરાઈ છે અને લોકના બોધનું કારણ ભગવાન છે તે રૂપે સ્તુતિ કરતાં અન્ય ભવ્યજીવોને આશ્રયીને ભગવાન પ્રદીપતુલ્ય છે તે રૂપે સ્તુતિ કરી છે અને ગણધરોને આશ્રયીને ભગવાન શ્રુતજ્ઞાનના પ્રકૃષ્ટ દ્યોતને કરનારા છે, તેથી જે જીવોમાં પ્રદ્યોતરૂપ કાર્ય થતું હોય તે જીવોને આશ્રયીને ભગવાનમાં પ્રદ્યોતકરણશીલત્વ છે અને પ્રદ્યોતકરણશીલત્વરૂપે ભગવાનની સ્તુતિ કરવી હોય તો તેના વિષયભૂત લોક શબ્દથી ગણધરોનું જ ગ્રહણ થઈ શકે, અન્યનું નહિ; કેમ કે ગણધરો જ વિશિષ્ટ પ્રકારની મતિવાળા છે, તેથી ભગવાનના વચનના

બળથી શ્રુતજ્ઞાનાવરણના પ્રકૃષ્ટ ક્ષયોપશમને પ્રાપ્ત કરી શકે છે અને જેઓ તેવી વિશિષ્ટ મતિવાળા નથી, તોપણ પોતાની મતિ અનુસાર ભગવાનના વચનના અવલંબનથી તત્ત્વને સ્પર્શે તેવો ક્ષયોપશમ કરે છે તેઓ માટે ભગવાન પ્રદીપતુલ્ય છે અને જેઓ ભગવાનના વચનથી પણ સ્વમતિ અને સ્વરુચિ અનુસાર યથાતથા બોધ કરે છે તેઓને માટે ભગવાન પ્રદીપ પણ નથી, પ્રદ્યોત કરનારા પણ નથી, તેથી ભગવાનનું જ્ઞાન તે જીવોને આશ્રયીને વ્યર્થ જ છે; કેમ કે તે જીવો અંધકલ્પ છે.

ललितविस्तरा :-

अस्ति च चतुर्दशपूर्वविदामपि स्वस्थाने महान् दर्शनभेदः, तेषामपि परस्परं षट्स्थानश्रवणात्। न चायं सर्वथा प्रकाशाभेदे, अभिन्नो ह्येकान्तेनैकस्वभावः; तन्नास्य दर्शनभेदहेतुतेति।

ललितविस्तरार्थ :-

અને ચૌદપૂર્વધરોના પણ સ્વસ્થાનમાં મોટો દર્શનભેદ છે; કેમ કે તેઓને પણ પરસ્પર ષટ્સ્થાનનું શ્રવણ છે=ચૌદપૂર્વધરોને પણ પરસ્પર ષટ્સ્થાનની હાનિ-વૃદ્ધિનું શ્રવણ છે, અને આ=મોટો દર્શનભેદ, સર્વથા પ્રકાશના અભેદમાં નથી, હિ=જે કારણથી, એકાંતથી એક સ્વભાવવાળો પ્રકાશ અભિન્ન છે તે કારણથી આની=એક સ્વભાવવાળા પ્રકાશની, દર્શનભેદહેતુતા નથી.

पंजिका :-

अमुमेवार्थं समर्थयन्नाह–

अस्ति=वर्तते, 'च'कारः पूर्वोक्तार्थभावनार्थः, चतुर्दशपूर्वविदामपि आस्तां तदितरेषामिति 'अपि'शब्दार्थः स्वस्थाने-चतुर्दशपूर्वलब्धिलक्षणे, महान्=बृहत्, दर्शनभेदो=दृश्यप्रतीतिविशेषः, कुत इत्याह- तेषामपि= चतुर्दशपूर्वविदामपि, किं पुनरन्येषामसकलश्रुतग्रन्थानामिति 'अपि' शब्दार्थः, परस्परम्=अन्योन्यं, षट्स्थान-श्रवणात्-षण्णां वृद्धिस्थानानां हानिस्थानानां चानन्तभागासंख्येयभागसंख्येयभागसंख्येयगुणासंख्येयगुणानन्त-गुणलक्षणानां शास्त्र उपलम्भात्।

यद्येवं ततः किम्? इत्याह–

न च, अयं=महान् दर्शनभेदः, सर्वथा प्रकाशाभेदे=एकाकार एव श्रुतावरणादिक्षयोपशमलक्षणे प्रकाशे इत्यर्थः, एतदेव भावयति- अभिन्नो=अनानारूपो, हिः=यस्माद्, एकान्तेन=नियमवृत्त्या, एकस्वभावः=एकरूपः प्रकाश इति प्रकृतम्, एकान्तेनैकस्वभावे हि प्रकाशे द्वितीयादिस्वभावाभाव इति भावः, प्रयोजनमाह-तत्= तस्मादेकस्वभावत्वात्, न, अस्य=प्रकाशस्य, दर्शनभेदहेतुता=दृश्यवस्तुप्रतीतिविशेषनिबन्धनता।

पंजिकार्थ :-

अमुमेवार्थं ..... विशेषनिबन्धनता ।। આ જ અર્થને=लोगपज्जोअगराणंમાં લોક શબ્દથી સામાન્યથી ભવ્યલોકનું ગ્રહણ હોવા છતાં પ્રસ્તુતમાં લોક શબ્દથી ઉત્કૃષ્ટ મતિવાળા ભવ્ય ગ્રહણ કરાય છે એ જ

અર્થને, સમર્થન કરતાં કહે છે – ચકાર પૂર્વોક્ત અર્થના ભાવનવાળો છે=અત્યાર સુધી કથન કર્યું કે પ્રક્રમથી ભવ્યલોકનું ગ્રહણ હોવા છતાં લોકપ્રદ્યોતકરમાં રહેલા લોક શબ્દથી વિશિષ્ટ મતિવાળા ભવ્યલોકનું જ ગ્રહણ છે એ રૂપ પૂર્વમાં કહેલા અર્થના ભાવનના અર્થવાળો છે, ચૌદપૂર્વધરોના પણ સ્વસ્થાનમાં=ચતુર્દશપૂર્વલબ્ધિરૂપ સ્વસ્થાનમાં, મહાન=બૃહત્=મોટો, દર્શનનો ભેદ=દૃશ્યની પ્રતીતિવિશેષ, છે=વર્તે છે, તેનાથી ઈતરોનો=ચૌદપૂર્વધરોથી ઈતરોનો, દર્શનભેદ તો દૂર રહો એ અપિ શબ્દનો અર્થ છે=चतुर्दशपूर्वविदामपिમાં રહેલા અપિ શબ્દનો અર્થ છે.

કયા કારણથી ચૌદપૂર્વધરોમાં પણ દર્શનભેદ છે ? એથી કહે છે –

તેઓને પણ=ચૌદપૂર્વધરોને પણ, પરસ્પર=અન્યોન્ય, ષટ્સ્થાનનું શ્રવણ હોવાથી અનંતભાગ, અસંખ્યેયભાગ, સંખ્યેયભાગ, સંખ્યેયગુણ, અસંખ્યેયગુણ, અનંતગુણ સ્વરૂપ છ સ્થાનોનાં હાનિસ્થાનોનો અને વૃદ્ધિસ્થાનોનો શાસ્ત્રમાં ઉપલંભ હોવાથી દર્શનભેદ છે એમ અન્વય છે, અન્ય અસકલ શ્રુતગ્રંથ-વાળાઓના પરસ્પર દર્શનભેદનું શું કહેવું એ અપિ શબ્દનો અર્થ છે=तेषामपिમાં રહેલા અપિ શબ્દનો અર્થ છે, જો આ પ્રમાણે છે=ચૌદપૂર્વધરોનો પરસ્પર દર્શનભેદ છે, તેનાથી શું ? અર્થાત્ તેનાથી શું સિદ્ધ થાય ? એથી કહે છે –

સર્વથા પ્રકાશનો અભેદ હોતે છતે=એકાકાર જ શ્રુતાવરણ આદિ ક્ષયોપશમરૂપ પ્રકાશ હોતે છતે, આ=મોટો દર્શનભેદ, નથી, આને જ=સર્વથા પ્રકાશના અભેદમાં દર્શનભેદ સંભવે નહિ એને જ, ભાવન કરે છે – હિ=જે કારણથી એકાંતથી=નિયમવૃત્તિથી, એક સ્વભાવવાળો=એકરૂપવાળો, પ્રકાશ અભિન્ન છે=અનેકરૂપવાળો નથી, એકાંતથી એક સ્વભાવવાળા પ્રકાશમાં દ્વિતીયાદિ સ્વભાવનો અભાવ છે, એ પ્રકારનો ભાવ છે, પ્રયોજનને કહે છે=એકાંતથી એક સ્વભાવવાળા પ્રકાશમાં અનેકરૂપતા નથી, તેમાં પ્રયોજનને કહે છે – તે કારણથી એક સ્વભાવપણું હોવાને કારણે આની=પ્રકાશની, દર્શનભેદહેતુતા નથી=દૃશ્ય વસ્તુની પ્રતીતિના ભેદની નિબંધનતા નથી=બોધના વિષયભૂત વસ્તુની પ્રતીતિના ભેદની કારણતા નથી.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે બોધનો પ્રક્રમ હોવાને કારણે લોક શબ્દથી ભવ્યલોક ગ્રહણ કરાય છે, તોપણ પ્રસ્તુતમાં ઉત્કૃષ્ટ મતિવાળા ગણધરોનું જ ગ્રહણ છે. કેમ ગણધરોનું જ ગ્રહણ છે તેની પુષ્ટિ કરવા માટે કહે છે – ચૌદપૂર્વધરોને પણ સ્વસ્થાનમાં મોટો દર્શનભેદ છે, તેથી કોઈ ચૌદપૂર્વધરને જીવાદિ સાત તત્ત્વનો બોધ છે તેનાથી અન્ય કોઈ ચૌદપૂર્વધરને જીવાદિ સાત તત્ત્વનો બોધ અધિક પણ હોઈ શકે છે, તેથી શ્રુતજ્ઞાનથી દૃશ્ય પદાર્થના બોધમાં જે તરતમતા છે તે ક્ષયોપશમના ભેદકૃત છે, માટે ચૌદપૂર્વધરોમાં પણ તરતમતાથી છ સ્થાનોની હાનિ-વૃદ્ધિની પ્રાપ્તિ છે, માટે ભગવાનના વચનથી બોધ પામવા યોગ્ય પણ જીવોમાં તરતમતાથી અનેક ભેદોની પ્રાપ્તિ છે, તેથી જે ભવ્યજીવોને આદ્યભૂમિકાનો બોધ થાય છે અથવા આદ્યભૂમિકાથી માંડીને ઉત્કૃષ્ટ બોધથી કંઈક ન્યૂન બોધ થાય છે તે જીવો પ્રત્યે ભગવાન બોધનું કારણ

હોવા છતાં પ્રદીપતુલ્ય છે, પરંતુ પ્રદ્યોત કરનારા નથી, જ્યારે ઉત્કૃષ્ટ મતિવાળા ગણધરો પ્રત્યે ભગવાન પ્રદ્યોતકરણ સ્વભાવવાળા છે તેમ ફલિત થાય છે.

ચૌદપૂર્વધરોમાં પણ પરસ્પર ક્ષયોપશમનો ભેદ છે એ કથનને જ દૃઢ કરવા માટે કહે છે –

સર્વ ચૌદપૂર્વધરોને સર્વથા પ્રકાશનો અભેદ હોય=શ્રુતાવરણીય મતિઆવરણીય ક્ષયોપશમનો સર્વથા અભેદ હોય, તો દૃશ્યના બોધમાં ભેદ સંભવે નહિ અને દૃશ્ય એવા જીવાદિ તત્ત્વોનો બોધ ચૌદપૂર્વધરોને પણ પરસ્પર ષટ્સ્થાનના ભેદથી પ્રાપ્ત થાય છે, તેથી નક્કી થાય છે કે તેઓના ક્ષયોપશમમાં પરસ્પર ભેદ છે; કેમ ભેદ છે તે અધિક સ્પષ્ટ કરવા માટે કહે છે –

એકાંતથી એક સ્વભાવવાળો ક્ષયોપશમ અભિન્ન જ હોય=તરતમતાકૃત બોધના ભેદવાળો હોઈ શકે નહિ, તેથી એક સ્વભાવવાળા પ્રકાશક એવા જ્ઞાનમાં દૃશ્યની પ્રતીતિના ભેદની કારણતા નથી અને ચૌદપૂર્વધરને પણ દૃશ્ય એવા જીવાદિ પદાર્થોની પ્રતીતિ તરતમતાથી અધિક-અલ્પ પ્રાપ્ત થાય છે, જો ચૌદપૂર્વધરમાં આ પ્રકારનો ભેદ છે તો સામાન્ય જીવોને આશ્રયીને ભગવાનના વચનથી થતા બોધમાં તો અવશ્ય તરતમતાની પ્રાપ્તિ થાય, માટે જ ભગવાનની સ્તુતિ લોકના પ્રદીપ અને લોકના પ્રદ્યોતકર એમ ભિન્નરૂપે કરેલ છે, જેથી ભગવાનના વચનથી હિતાનુકૂલ બોધ કરનારા સર્વ જીવોનો સંગ્રહ થાય છે અને લોકપ્રદ્યોતકર દ્વારા માત્ર પ્રકૃષ્ટ બોધ કરનારા જીવોનો જ સંગ્રહ થાય છે.

ललितविस्तरा :-

स हि येन स्वभावेनैकस्य सहकारी, तत्तुल्यमेव दर्शनमकुर्वन्, न तेनैवापरस्य तत्तत्त्वविरोधादिति भावनीयम्, इतरेतरापेक्षो हि वस्तुस्वभावः, तदायत्ता च फलसिद्धिः, इति उत्कृष्टचतुर्दशपूर्वविल्लोकमेवाधिकृत्य प्रद्योतकरा इति लोकप्रद्योतकराः।

ललितविस्तरार्थ :-

તે=ભગવાનના વચનથી થયેલો શ્રુતાવરણ આદિના ક્ષયોપશમરૂપ પ્રકાશ, જે સ્વભાવથી એક ચૌદપૂર્વધર આદિને સહકારી છે તેના તુલ્ય જ=પ્રથમના બોધવાળા તુલ્ય જ, દર્શનને નહિ કરતો એવો પ્રકાશ=બીજાને બોધ નહિ કરતો એવો પ્રકાશ, તેના વડે જ=પ્રથમ દ્રષ્ટાના સહકારી સ્વભાવ વડે જ, અપરને સહકારી નથી; કેમ કે તત્ તત્ત્વનો વિરોધ છે=સમાન સહકારી તત્ત્વનો વિરોધ છે, એ પ્રમાણે ભાવન કરવું, હિ=જે કારણથી, ઇતરેતર અપેક્ષાવાળો વસ્તુસ્વભાવ છે અને તેને આયત્તા=તેને આધીન, ફલસિદ્ધિ છે, એથી ઉત્કૃષ્ટ ચૌદપૂર્વના જાણનારા લોકને જ આશ્રયીને પ્રદ્યોતકર છે, એથી ભગવાન લોકપ્રદ્યોતકર છે.

पंजिका :-

एतदेव भावयति-

स हि=प्रकाशो (हि) येन स्वभावेन आत्मगतेन एकस्य द्रष्टुः, सहकारी=सहायो दर्शनक्रियायां साध्यायां, तत्तुल्यमेव=प्रथमद्रष्टृसममेव, दर्शनं=वस्तुबोधम् अकुर्व्वन्=अविदधानो, न तेनैव=प्रथमद्रष्टृसहकारिस्वभावेन (एव), अपरस्य=द्वितीयस्य द्रष्टुः, सहकारीति गम्यते, कुत इत्याह- तत्तत्त्वविरोधाद्=अतुल्यदर्शनकरणे, तस्य-एकस्वभावस्यापरद्रष्टृसहकारिणः, तत्त्वं-प्रथमद्रष्टृसहकारित्वं पराभ्युपगतं, तस्य, विरोधात्-अपरद्रष्टृ-सहकारित्वेनैव निराकृतेः, इति=एतत्, भावनीयं=अस्य भावना कार्या, कारणभेदपूर्वको हि निश्चयतः कार्यभेदः, ततोऽविशिष्टादपि हेतोर्विशिष्टकार्योत्पत्त्यभ्युपगमे, जगत्प्रतीतं कारणवैचित्र्यं व्यर्थमेव स्यात्; कार्यकारणनियमो वाऽव्यवस्थितः स्यात्, तथा चोक्तम्—

'नाकारणं भवेत्कार्यं, नान्यकारणकारणम्।
अन्यथा न व्यवस्था स्यात् कार्यकारणयोः क्वचित्।।'

भावनिकां स्वयमप्याह—

इतरेतरापेक्षः='हि' यस्मादर्थे इतरः-कारणवस्तुस्वभावः इतरं-कार्यवस्तुस्वभावं, कार्यवस्तुस्वभावश्च कारणवस्तुस्वभावम्, अपेक्षते=आश्रयते, इतरेतरापेक्षः वस्तुस्वभावः=कार्यकारणरूपपदार्थस्वतत्त्वम्, ततः किम्? इत्याह- तदायत्ता च-कार्यापेक्षकारणस्वभावायत्ता च, फलसिद्धिः-कार्यनिष्पत्तिः, यादृक् प्रकाशरूपः कारणस्वभावस्तादृक् दर्शनरूपं कार्यमुत्पद्यते, इति भावः, इति=अस्मात्प्रकाशभेदेन दर्शनभेदाद्धेतोः, उत्कृष्टचतुर्दशपूर्वविल्लोकमेव नान्यान् षट्स्थानहीनश्रुतलब्धीन् अधिकृत्य=आश्रित्य, 'प्रद्योतकरा इति', एवं चेदमापन्नं यदुत भगवत्प्रज्ञापनाप्रद्योतप्रतिपन्ननिखिलाभिलाप्यभावकलापा गणधरा एवोत्कृष्टचतुर्दशपूर्वविदो भवन्ति, गणधराणामेव भगवतः प्रज्ञापनाया एव उत्कृष्टप्रकाशलक्षणप्रद्योतसम्पादनसामर्थ्यात्, एवं तर्हि गणधरव्यतिरेकेणान्येषां भगवद्वचनादप्रकाशः प्राप्नोतीति चेत्? न, भगवद्वचनसाध्यप्रद्योतैकदेशस्यैतेषु भावाद्, दिग्दर्शकप्रकाशस्येव पृथक् पूर्वादिदिक्षिवति।

पंजिकार्थ :-

एतदेव ..... पूर्वादिदिक्षिवति ।। આને જ=પ્રકાશભેદને કારણે દર્શનભેદ છે એને જ, ભાવન કરે છે— જે આત્મગત એવા સ્વભાવથી તે=પ્રકાશ=ભગવાનના વચનથી થતો પ્રકાશ, એક દ્રષ્ટાને સહકારી છે=સાધ્ય એવી દર્શનક્રિયામાં સહાય છે, તત્ તુલ્ય જ=પ્રથમ દ્રષ્ટાની સમાન જ, વસ્તુના બોધરૂપ દર્શનને નહિ કરતો તેના વડે જ=પ્રથમ દ્રષ્ટાના સહકારી સ્વભાવ વડે જ, અપરને=બીજા દ્રષ્ટાને, સહકારી નથી, ललितविस्तरामां सहकारी પદ અધ્યાહાર છે એ બતાવવા માટે सहकारीति गम्यते એમ કહેલ છે, કયા કારણથી=ભગવાનથી કહેવાયેલું એક જ વચન પ્રથમ દ્રષ્ટા કરતાં અન્ય દ્રષ્ટાને બોધ કરવામાં કયા કારણથી સમાન સહકારી નથી ? એથી કહે છે=ललितविस्तरामां કહે છે — તેના તત્ત્વનો વિરોધ હોવાથી=અતુલ્ય દર્શનના કરણમાં તેનું અર્થાત્ એક સ્વભાવવાળા અપર દ્રષ્ટાના સહકારીનું તત્ત્વ અર્થાત્ પર અભ્યુપગત પ્રથમ દ્રષ્ટાનું સહકારીપણું તેનો વિરોધ હોવાથી અર્થાત્

અપરદ્રષ્ટાના સહકારીપણા વડે જ નિરાકૃત હોવાથી, તત્ તુલ્ય સહકારી નથી એમ અન્વય છે, ઇતિ= એ=આગળ કહ્યું એ, ભાવન કરવું જોઈએ=આની ભાવના કરવી જોઈએ, હિ=જે કારણથી, નિશ્ચયથી કારણભેદપૂર્વક કાર્યભેદ છે=ભગવાનના વચનરૂપ સહકારી કારણના ભેદપૂર્વક શ્રોતાને બોધ થવારૂપ કાર્યનો ભેદ છે, તેથી અવિશિષ્ટ પણ હેતુથી વિશિષ્ટ કાર્યની ઉત્પત્તિનો સ્વીકાર કરાયે છતે=નિશ્ચયનયથી કારણભેદપૂર્વક કાર્યભેદ છે તેનો ત્યાગ કરીને વ્યવહારનયની સ્થૂલ દૃષ્ટિથી અવિશિષ્ટરૂપ એક પ્રકારના ભગવાનના વચનથી ભિન્ન ભિન્ન શ્રોતાને ભિન્ન ભિન્ન બોધરૂપ વિશિષ્ટ કાર્યની ઉત્પત્તિનો સ્વીકાર કરાયે છતે, જગતમાં પ્રતીત એવું કારણનું વૈચિત્ર્ય વ્યર્થ જ થાય=જેમ ભગવાનના સમાન વચનથી ભિન્ન ભિન્ન જીવોને ભિન્ન ભિન્ન બોધરૂપ કાર્યવૈચિત્ર્ય થાય છે તેમ એક કારણથી જગતમાં સર્વ કાર્યોનું વૈચિત્ર્ય થાય છે એમ સ્વીકારી શકાય, તેથી જગતમાં પ્રતીત થતું કારણનું વૈચિત્ર્ય વ્યર્થ છે તેમ માનવાની આપત્તિ આવે, અથવા કાર્ય-કારણનો નિયમ અવ્યવસ્થિત થાય અર્થાત્ આ કાર્યનું આ જ કારણ છે અન્ય નહિ એ પ્રકારનો કાર્ય-કારણનો નિયમ અવ્યવસ્થિત થાય.

અને તે પ્રમાણે કહેવાયું છે=કારણના ભેદપૂર્વક નિશ્ચયથી કાર્યનો ભેદ છે તે પ્રકારે કહેવાયું છે – અકારણ કાર્ય થાય નહિ, અન્યનું કારણ છે કારણ જેને એવું કાર્ય ન હોય, અન્યથા=અન્યના કારણથી કાર્ય થાય તો ક્યારેય કાર્ય-કારણની વ્યવસ્થા ન થાય.

ભાવનિકાને=પૂર્વમાં કહ્યું કે કારણભેદપૂર્વક કાર્યભેદ છે એને ભાવન કરવું જોઈએ એ રૂપ ભાવનિકાને, સ્વયં પણ કહે છે=લલિતવિસ્તરામાં કહે છે – હિ 'यस्माद्' અર્થમાં છે, ઇતરેતર અપેક્ષાવાળો વસ્તુ-સ્વભાવ છે=ઇતર એવો કારણવસ્તુસ્વભાવ ઇતરની અર્થાત્ કાર્યવસ્તુસ્વભાવની અને કાર્યવસ્તુસ્વભાવ કારણવસ્તુસ્વભાવની અપેક્ષા રાખે છે અર્થાત્ આશ્રય કરે છે એ ઇતરેતર અપેક્ષાવાળો વસ્તુસ્વભાવ છે=કાર્યકારણરૂપ પદાર્થનું સ્વતત્ત્વ છે, તેનાથી શું ?=કાર્યકારણરૂપ પદાર્થ ઇતરેતર અપેક્ષાવાળો છે, તેનાથી શું ? એથી કહે છે=લલિતવિસ્તરામાં કહે છે – અને તેને આયત્ત=કાર્યની અપેક્ષાવાળા કારણસ્વભાવને આધીન, ફલસિદ્ધિ છે અર્થાત્ જેવા પ્રકારનો પ્રકાશરૂપ કારણસ્વભાવ છે તેવા પ્રકારનું દર્શનરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે એ પ્રકારનો ભાવ છે=તેને આધીન ફલસિદ્ધિ છે એ કથનનો ભાવ છે, ઇતિ=આનાથી પ્રકાશભેદને કારણે દર્શનભેદરૂપ હેતુથી=ભગવાનના વચનથી પ્રકાશના ભેદને કારણે યોગ્ય જીવોને બોધરૂપ જે દર્શનનો ભેદ છે એ હેતુથી, ઉત્કૃષ્ટ ચૌદપૂર્વના જાણનારા લોકને જ આશ્રયીને ષટ્સ્થાન હીન શ્રુતલબ્ધિવાળા અન્યને આશ્રયીને નહિ, પ્રદ્યોતકર છે=ભગવાન પ્રદ્યોતકર છે, અને આ રીતે આ પ્રાપ્ત થયું=ઉત્કૃષ્ટ ચૌદપૂર્વધરોને આશ્રયીને જ ભગવાન પ્રદ્યોતકર છે એમ કહ્યું એ રીતે આગળ કહે છે એ પ્રાપ્ત થયું.

શું પ્રાપ્ત થયું ? તે યદુતથી પંજિકાકાર બતાવે છે –

ભગવાનની પ્રજ્ઞાપનાથી પ્રદ્યોતને પામેલા નિખિલ અભિલાપ્ય ભાવના કલાપવાળા ગણધરો જ ઉત્કૃષ્ટ ચૌદપૂર્વધરો થાય છે; કેમ કે ભગવાનની પ્રજ્ઞાપનાનું જ ગણધરોને જ ઉત્કૃષ્ટ પ્રકાશ સ્વરૂપ

પ્રદ્યોતના સંપાદનનું સામર્થ્ય છે, આ રીતે તો ગણધરોને છોડીને અન્ય જીવોને ભગવાનના વચનથી અપ્રકાશ પ્રાપ્ત થાય છે, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે એમ ન કહેવું; કેમ કે ભગવાનના વચનથી સાધ્ય પ્રદ્યોતના એક દેશનો એ જીવોમાં=અન્ય જીવોમાં, ભાવ છે, જેમ દિગ્દર્શક પ્રકાશનો જ પૂર્વાદિ દિશાઓમાં પૃથક્ પ્રદ્યોત છે, इति यदुक्तथी કરેલા કથનની સમાપ્તિ માટે છે.

ભાવાર્થ :-

ભગવાનના વચનથી યોગ્ય જીવોને જે બોધ થાય છે તે બોધ પ્રત્યે ભગવાનનું વચન સહકારી છે અને સ્થૂલથી જોનારી વ્યવહારદૃષ્ટિથી એમ જણાય કે ભગવાનનું વચન એક જ સ્વભાવથી સહકારી થઈને ભિન્ન ભિન્ન જીવોને ભિન્ન ભિન્ન બોધ કરાવે છે, છતાં પરમાર્થની દૃષ્ટિએ વિચારીએ તો ભગવાનનું વચન બધા જીવોને બોધ કરવા પ્રત્યે એક જ સ્વભાવથી સહકારી નથી. તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

ભગવાનનું વચન જે સ્વભાવથી એક જીવને બોધ કરાવે છે તેના તુલ્ય જ બીજા જીવને ભગવાનના વચનથી બોધ થતો ન હોય તો તે સ્વભાવથી ભગવાનનું વચન બીજા જીવ પ્રત્યે સહકારી નથી, પરંતુ જેને જેટલો બોધ થાય છે તેના તેટલા બોધને અનુકૂળ એવો સહકારી ભાવ ભગવાનના વચનમાં ભિન્ન ભિન્ન પ્રકારનો છે, તેથી અનેક જીવોને સમાન બોધ થાય તે સર્વ જીવો પ્રત્યે ભગવાનનું વચન સમાન સ્વભાવથી સહકારી છે અને જે જીવોને હીન-અધિક બોધ થાય છે તે જીવો પ્રત્યે ભિન્ન ભિન્ન સ્વભાવથી ભગવાનનું વચન સહકારી છે; કેમ કે જો સમાન રીતે જ ભગવાનનું વચન બધાને સહકારી થતું હોય તો સમાન જ કાર્ય પ્રાપ્ત થવું જોઈએ એ પ્રમાણે નિશ્ચયનયની સૂક્ષ્મ દૃષ્ટિથી ભાવન કરવું જોઈએ અર્થાત્ કારણના ભેદપૂર્વક જ કાર્યનો ભેદ છે એ પ્રમાણે ભાવન કરવું જોઈએ, તેથી ભગવાનનું વચન જીવને બોધ કરવા પ્રત્યે સહકારી કારણ છે અને તેનાથી યોગ્ય જીવોમાં બોધને અનુકૂળ વીર્યવ્યાપાર ઉલ્લસિત થાય છે, તેથી તે તે જીવોને ભગવાનના વચનથી બોધ થાય છે અને ભગવાનનું વચન તે તે જીવના બોધ પ્રત્યે સહકારી કારણ છે, માટે સહકારી કારણમાં ભેદ ન હોય તો ભગવાનના વચનરૂપ તે સહકારી કારણ બધા જીવોને સમાન રૂપે જ બોધને અનુકૂળ વ્યાપારવાળા કરીને સમાન જ બોધ પ્રાપ્ત કરાવે, પરંતુ બધા જીવોને સમાન બોધરૂપ કાર્ય થતું નથી, તેથી ભગવાનનું વચન ભિન્ન જીવોને આશ્રયીને ભિન્ન ભિન્નરૂપે સહકારી થવાના સ્વભાવવાળું છે તેમ માનવું જોઈએ, અને જો એમ જ માનવામાં આવે કે એકરૂપ ભગવાનના વચનથી ભિન્ન ભિન્ન જીવોને ભિન્ન ભિન્ન બોધરૂપ કાર્ય થાય છે, તો એકરૂપ કારણથી જગતનાં સર્વ વૈચિત્ર્ય પણ પ્રાપ્ત થઈ શકે, તેથી આ કાર્ય પ્રત્યે આ કારણ છે અન્ય નથી તે વ્યવસ્થાનો અપલાપ થાય, આ કથનને જ દૃઢ કરવા માટે લલિતવિસ્તરામાં કહે છે –

ઇતર-ઇતરની અપેક્ષાવાળો વસ્તુનો સ્વભાવ છે=યોગ્ય જીવોને બોધરૂપ વસ્તુના સ્વભાવની અપેક્ષાએ ભગવાનના વચનમાં તે બોધને અનુકૂળ કારણસ્વભાવ છે અને ભગવાનના વચનરૂપ સહકારી કારણને અનુરૂપ જ તે જીવમાં થતા બોધરૂપ કાર્યનો સ્વભાવ છે, તેથી ભગવાનના વચનના અવલંબનથી તે તે જીવોમાં તે તે પ્રકારના બોધરૂપ કાર્યની નિષ્પત્તિ થાય છે, એથી ઉત્કૃષ્ટ ચૌદપૂર્વધર લોકને જ આશ્રયીને

ભગવાન પ્રકૃષ્ટ પ્રદ્યોતને કરનારા છે, પરંતુ અન્ય જીવોને આશ્રયીને ભગવાન તે તે પ્રકારના બોધને કરનારા હોવા છતાં ઉત્કૃષ્ટ પ્રદ્યોતને કરનારા નથી.

આનાથી એ ફલિત થાય કે જેઓમાં પારમાર્થિક બોધને અનુકૂળ મંદ શક્તિ છે તેઓને પણ ભગવાનના વચનથી અતિસંક્ષેપથી બોધ થાય છે કે કેવા પ્રકારની હું પ્રવૃત્તિ કરું કે જેથી ક્રમસર મોહનો નાશ થાય અને વીતરાગતાને અનુકૂળ પોતાની નિર્મળ પરિણતિ પ્રગટે, અને તે જીવો તે બોધ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને અંતરંગ રીતે સંસારના કારણીભૂત સંગની પરિણતિને સતત ક્ષય કરે છે અને ઉત્કૃષ્ટ બોધને અનુકૂળ શક્તિવાળા ગણધરો ભગવાનના વચનથી ચૌદપૂર્વનો ઉત્કૃષ્ટ બોધ કરીને સ્વભૂમિકા અનુસાર વિશિષ્ટ યત્ન કરીને સંસારના બીજભૂત સંગની પરિણતિનો વિશેષ રીતે ક્ષય કરે છે અને જેઓને ભગવાનના વચનથી તે તે આચારોનો સ્થૂલથી બોધ થાય છે, છતાં તે આચારો દ્વારા કઈ રીતે સંગની પરિણતિનો ઉચ્છેદ કરવો જોઈએ, જેથી સંસારનો ક્ષય થાય તેનો લેશ પણ બોધ થતો નથી તેઓને ભગવાનનું વચન યથાર્થ બોધ પ્રત્યે સહકારી થતું નથી.

ललितविस्तरा :-

प्रद्योत्यं तु सप्तप्रकारं जीवादितत्त्वम्, सामर्थ्यगम्यमेतत्, तथाशाब्दन्यायात्, अन्यथा अचेतनेषु प्रद्योतनायोगः, प्रद्योतनं प्रद्योत इति भावसाधनस्यासम्भवात्, अतो ज्ञानयोग्यतैवेह प्रद्योतनमन्यापेक्षयेति, तदेवं स्तवेष्वपि एवमेव वाचकप्रवृत्तिरिति स्थितम्, एतेन 'स्तवेऽपुष्कलशब्दः प्रत्यवायाय' इति प्रत्युक्तं, तत्त्वेनेदृशस्यापुष्कलत्वायोगात्, इति लोकप्रद्योतकराः।।१४।।

ललितविस्तरार्थ :-

પ્રદ્યોત્ય વળી, સાત પ્રકારે જીવાદિ તત્ત્વ છે એ સામર્થ્યગમ્ય છે=ભગવાનને પ્રદ્યોતકર કહ્યા એથી સાક્ષાત્ પ્રદ્યોત્ય શું છે તેનું કથન નહિ હોવા છતાં સામર્થ્યથી જીવાદિ તત્ત્વ પ્રદ્યોત્ય છે તે જણાય છે; કેમ કે તે પ્રકારનો શાબ્દન્યાય છે, અન્યથા=પ્રદ્યોતત્વને છોડીને, અચેતનોમાં પ્રદ્યોતનનો અયોગ છે; કેમ કે પ્રદ્યોતન પ્રદ્યોત એ પ્રકારે ભાવસાધનનો અસંભવ છે=અચેતન એવા ધર્માસ્તિકાયાદિમાં અસંભવ છે, આથી=ભાવસાધન પ્રદ્યોતનો અચેતનમાં અસંભવ છે આથી, જ્ઞાનયોગ્યતા જ=જ્ઞાન થવાની યોગ્યતા જ, અહીં=અચેતનોમાં, અન્ય અપેક્ષાથી પ્રદ્યોતન છે, તેથી આ રીતે સ્તવનોમાં પણ આ રીતે જ વાચકની પ્રવૃત્તિ છે, એ પ્રમાણે સ્થિત છે, આનાથી=ભગવાન અચેતનમાં પ્રદ્યોત કરનારા નથી પરંતુ ગણધરોમાં જ પ્રદ્યોત કરનારા છે એનાથી, સ્તવમાં= લોગપજ્જોઅગરાણં પદથી કરાયેલા સ્તવનમાં, અપુષ્કલ શબ્દ પ્રત્યાપાય માટે છે=ભગવાનની ન્યૂનતા બતાવનાર છે, એ પ્રત્યુક્ત છે; કેમ કે તત્ત્વથી આવા પ્રકારના=પ્રદ્યોતકર શબ્દથી ગણધર લોકનું ગ્રહણ કર્યું એવા પ્રકારના, અપુષ્કલત્વનો અયોગ છે, એથી ભગવાન લોકપ્રદ્યોતકર છે. ।।૧૪।।

पंजिका :-

एवं प्रद्योतकरसिद्धौ प्रद्योतनीयनिर्द्धारणायाह–

प्रद्योत्यं तु=प्रद्योतविषयः पुनः, सप्तप्रकारं=सप्तभेदं, जीवादितत्त्वं=जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरा-मोक्षलक्षणं वस्तु, सामर्थ्यगम्यमेतत् सूत्रानुपात्तमपि, कुत इत्याह- तथाशाब्दन्यायात्=क्रियाकर्तृसिद्धौ सकर्म्मसु धातुषु नियमतस्तत्प्रकारकर्म्मभावात्, आह– 'जीवादितत्त्वं प्रद्योतधर्म्मकमपि कस्मान्न भवति येन सम्पूर्णस्यैव लोकस्य भगवतां प्रद्योतकरत्वसिद्धिः स्याद्?' इत्याशङ्क्य व्यतिरेकमाह– अन्यथा=प्रद्योत्यत्वं विमुच्य, अचेतनेषु-धर्म्मास्तिकायादिषु, प्रद्योतनायोगः, कथमित्याह- 'प्रद्योतनं प्रद्योत इति भावसाधनस्या-सम्भवात्', आप्तवचनसाध्यः श्रुतावरणक्षयोपशमो भावप्रद्योतः कथमिवासावचेतनेषु स्यात्?

अत एवाह-

अतो=भावसाधनप्रद्योतासम्भवादचेतनेषु धर्म्मास्तिकायादिषु, ज्ञानयोग्यतैव=श्रुतज्ञानलक्षणज्ञातृव्यापाररूपं ज्ञानं प्रति विषयभावपरिणतिरेव, इह=अचेतनेषु, प्रद्योतनं=प्रकाशः, अन्यापेक्षया=तत्स्वरूपप्रकाशकमाप्त-वचनमपेक्ष्येति, यथा किल प्रदीपप्रभादिकं प्रकाशकमपेक्ष्य चक्षुष्मतो द्रष्टुर्घटादेर्दृश्यस्य दर्शनविषयभाव-परिणतिरेव प्रकाशः, तथेहापि योज्यमिति, न तु श्रुतावरणक्षयोपशमलक्षण इति, 'एतेने'ति, एतेन=लोकोत्तमादि-पदपञ्चकेन, 'अपुष्कलशब्द' इति-संपूर्णलोकरूढस्वार्थानभिधायकः, 'तत्त्वेने'त्यादि, तत्त्वेनवास्तवीं स्तवनीय-वृत्तिमाश्रित्य, ईदृशस्य=विभागेन प्रवृत्तस्य लोकशब्दस्य, संपूर्णस्वार्थानभिधानेऽपि, अपुष्कलत्वायोगात् न्यूनत्वाघटनात्, लोकरूढस्वार्थापेक्षया तु युज्येताप्यपुष्कलत्वमिति तत्त्वग्रहणम्।

पंजिकार्थ :-

एवं प्रद्योतकरसिद्धौ ..... तत्त्वग्रहणम् ।। આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, પ્રદ્યોતકર સિદ્ધ થયે છતે=ભગવાન ગણધરો માટે પ્રદ્યોતકર છે એ પ્રમાણે સિદ્ધ થયે છતે, પ્રદ્યોતનીયના નિર્ધારણ માટે કહે છે=લલિતવિસ્તરામાં કહે છે – વળી, પ્રદ્યોત્ય=પ્રદ્યોતનો વિષય, સાત પ્રકારે=સાત ભેદવાળું, જીવાદિ તત્ત્વ છે=જીવ-અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા મોક્ષરૂપ વસ્તુ છે, આ=પ્રદ્યોત્ય એવા જીવાદિ તત્ત્વ, સૂત્રમાં અનુપાત્ત પણ=સૂત્રમાં નહિ કહેવાયેલા છતાં પણ, સામર્થ્યગમ્ય છે.

કેમ સામર્થ્યગમ્ય છે ? એથી કહે છે=લલિતવિસ્તરામાં કહે છે –

તે પ્રકારે શાબ્દન્યાય હોવાથી સામર્થ્યગમ્ય છે=ક્રિયાના કર્તાની સિદ્ધિ થયે છતે સકર્મક ધાતુઓમાં નિયમથી તત્પ્રકારક કર્મનો સદ્ભાવ હોવાથી સામર્થ્યગમ્ય છે=ભગવાન પ્રદ્યોતકર છે એ પ્રકારના વચનથી પ્રદ્યોતન ક્રિયાના કર્તાની સિદ્ધિ થયે છતે પ્રદ્યોતન ક્રિયાને સૂચવનાર સકર્મક ધાતુમાં નિયમથી તેના કર્મરૂપ પ્રદ્યોત્યનો ભાવ હોવાથી જીવાદિ સાત તત્ત્વો પ્રદ્યોત્ય છે એ પ્રકારે સામર્થ્યગમ્ય છે.

અહીં પ્રશ્ન કરે છે – જીવાદિ તત્ત્વ પ્રદ્યોત ધર્મક પણ કેમ ન થાય ? જે કારણથી ભગવાનમાં સંપૂર્ણ જ લોકના પ્રદ્યોતકરત્વની સિદ્ધિ થાય ? એ પ્રકારની આશંકા કરીને વ્યતિરેકને કહે છે= ભગવાનના પ્રદ્યોતકરત્વના અભાવને લલિતવિસ્તરામાં કહે છે – અન્યથા=પ્રદ્યોત્યત્વને છોડીને, અચેતન એવા ધર્માસ્તિકાયાદિમાં પ્રદ્યોતનનો અયોગ છે.

કેમ અચેતનમાં પ્રદ્યોતનનો અયોગ છે ? એથી કહે છે –

પ્રદ્યોતન પ્રદ્યોત એ પ્રકારના ભાવસાધનનો અસંભવ હોવાથી અચેતનમાં પ્રદ્યોતનનો અયોગ છે.

ભાવસાધનનો અસંભવ અચેતનમાં કેમ છે ? તે સ્પષ્ટ કરે છે –

આપ્ત વચનથી સાધ્ય શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ ભાવપ્રદ્યોત છે, કેવી રીતે આ=ભાવપ્રદ્યોત, અચેતનોમાં થાય ? અર્થાત્ થઈ શકે નહિ, આથી જ=શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ ભાવસાધનનો અચેતનમાં અસંભવ છે આથી જ, કહે છે=લલિતવિસ્તરામાં કહે છે –આથી=અચેતન એવા ધર્માસ્તિકાય આદિમાં ભાવસાધનરૂપ પ્રદ્યોતનો અસંભવ હોવાથી, જ્ઞાનયોગ્યતા જ=શ્રુતજ્ઞાન સ્વરૂપ જ્ઞાતાના વ્યાપારરૂપ જ્ઞાન તેના પ્રત્યે વિષયભાવ પરિણતિ જ=જ્ઞાનના વિષયભાવ પરિણતિ જ, અહીં=અચેતનોમાં, અન્યની અપેક્ષાથી પ્રદ્યોતન છે=તેના સ્વરૂપના પ્રકાશક આપ્ત વચનની અપેક્ષા રાખીને પ્રકાશ છે, જે પ્રમાણે ખરેખર પ્રદીપ પ્રભાદિક પ્રકાશકની અપેક્ષા રાખીને ચક્ષુવાળા દ્રષ્ટાને દશ્ય એવા ઘટાદિના દર્શનના વિષયભાવની પરિણતિ જ પ્રકાશ છે, તે પ્રમાણે અહીં પણ=અચેતન એવા ધર્માસ્તિકાયાદિમાં પણ, યોજન કરવું, પરંતુ શ્રુતાવરણના ક્ષયોપશમરૂપ પ્રકાશનું યોજન અચેતનોમાં કરવું નહિ, આના દ્વારા=લોકોત્તમાદિ પદપંચક દ્વારા, અપુષ્કલ શબ્દ એ પ્રત્યુક્ત છે એમ લલિતવિસ્તરામાં અન્વય છે, અપુષ્કલ શબ્દનો અર્થ કરે છે – સંપૂર્ણ લોકરૂઢ સ્વના અર્થનો અનભિધાયક અપુષ્કલ શબ્દ અનર્થ માટે છે એમ કેટલાક કહે છે તે પ્રત્યુક્ત છે=નિરાકૃત છે.

કેમ પ્રત્યુક્ત છે ? એથી લલિતવિસ્તરામાં કહે છે –

તત્ત્વથી ઈદંશ શબ્દના અપુષ્કલત્વનો અયોગ છે, પંજિકાકાર તે હેતુને સ્પષ્ટ કરે છે – તત્ત્વેન ઈત્યાદિ પ્રતીક છે, તત્ત્વથી=વાસ્તવિક સ્તવનીય વૃત્તિને આશ્રયીને, આવા પ્રકારના=વિભાગથી પ્રવૃત્ત લોક શબ્દના, સંપૂર્ણ સ્વઅર્થના અનભિધાનમાં પણ=લોક શબ્દથી સંપૂર્ણ પંચાસ્તિકાયમય લોકરૂપ અર્થના અગ્રહણમાં પણ, અપુષ્કલત્વનો અયોગ હોવાના કારણે ન્યૂનત્વનું અઘટન હોવાથી, અપુષ્કલ શબ્દ પ્રત્યપાય માટે છે એ પ્રત્યુક્ત છે એમ અન્વય છે, વળી, લોકરૂઢ સ્વઅર્થની અપેક્ષાએ=લોક શબ્દ પંચાસ્તિકાયમય લોકમાં રૂઢ છે એ પ્રકારના અર્થની અપેક્ષાએ, અપુષ્કલપણું ઘટે પણ છે, એથી તત્ત્વનું ગ્રહણ છે=લલિતવિસ્તરામાં તત્ત્વનું ગ્રહણ છે. ॥૧૪॥

❖ પંજિકામાં એતેન શબ્દથી લોકોત્તમાદિ પદપંચકથી એમ કહ્યું તેના સ્થાને 'ભગવાન લોકપ્રદ્યોતકર છે તે

કથનમાં જીવાદિ પદાર્થોમાં પ્રદ્યોતન થતું નથી, પરંતુ ગણધરોમાં જ પ્રદ્યોતન થાય છે એના દ્વારા' એ પ્રકારે એતેનનો અર્થ જોઈએ, પાઠ ઉપલબ્ધ નથી.

ભાવાર્થ :-

પૂર્વમાં લલિતવિસ્તરામાં સ્થાપન કર્યું કે ઉત્કૃષ્ટ ચૌદપૂર્વને જાણનારા ગણધર લોકને આશ્રયીને જ ભગવાન લોકપ્રદ્યોતકર છે, તેથી એ પ્રાપ્ત થયું કે ભગવાન ગણધરોમાં ઉત્કૃષ્ટ ચૌદપૂર્વના બોધરૂપ શ્રુતાવરણના ક્ષયોપશમરૂપ પ્રદ્યોત કરે છે, તેથી ત્યાં જિજ્ઞાસા થાય કે તે પ્રદ્યોતનના વિષયભૂત પ્રદ્યોત્ય શું છે ? તેને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે – જીવાદિ સાત પ્રકારનાં તત્ત્વ પ્રદ્યોત્ય છે.

તેથી એ ફલિત થાય કે સામાન્યથી શ્રુત ભણનારા મહાત્માઓને જીવાદિ સાત તત્ત્વનો બોધ અતિસંક્ષેપથી હોય છે, તે જ સાત તત્ત્વનો પ્રકૃષ્ટ બોધ ગણધરોને હોય છે, તેવો પ્રકૃષ્ટ બોધ અન્ય ચૌદપૂર્વીઓને પણ નથી હોતો.

સૂત્રમાં પ્રદ્યોતકર શબ્દ વાપર્યો છે, પરંતુ તેનાથી પ્રદ્યોત્ય જીવાદિ સાત તત્ત્વો છે તેમ કહેલું નથી, તોપણ સામર્થ્યથી જીવાદિ સાત તત્ત્વો પ્રદ્યોત્ય છે તેમ જણાય છે.

કેમ સામર્થ્યથી જીવાદિ સાત તત્ત્વો પ્રદ્યોત્ય છે એમ જણાય છે ? તેમાં યુક્તિ બતાવે છે –

તે પ્રકારનો શાબ્દન્યાય છે અર્થાત્ પ્રદ્યોતક ભગવાન છે તેમ કહેવાથી પ્રદ્યોતન ક્રિયાના કર્તારૂપ ભગવાન છે તેમ સિદ્ધ થયું અને ગણધરોમાં શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ પ્રદ્યોતન સિદ્ધ થયું અને તે પ્રદ્યોતનના વિષયભૂત કોઈક કર્મ છે જેનું પ્રદ્યોતન ગણધરોને થાય છે, તેથી અર્થથી જણાય છે કે ગણધરોના શ્રુતજ્ઞાનના વિષયભૂત પ્રદ્યોત્ય જીવાદિ તત્ત્વો છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે ભગવાન કેવલજ્ઞાનથી સંપૂર્ણ લોકને જોઈ રહ્યા છે, તેને જ શબ્દો દ્વારા પ્રકાશન કરે છે, તેમ સ્વીકારીએ તો જગતના સર્વ પદાર્થોના પ્રદ્યોતકર ભગવાન છે તેમ સ્વીકારી શકાશે, તેનું નિરાકરણ કરવા માટે કહે છે –

પ્રદ્યોત્યત્વને છોડીને અચેતન એવા ધર્માસ્તિકાયાદિમાં પ્રદ્યોતનનો અયોગ છે, કેમ ધર્માસ્તિકાયાદિમાં પ્રદ્યોતન નથી, પરંતુ પ્રદ્યોત્યત્વ છે ? તે બતાવવા માટે કહે છે – પ્રદ્યોતન પ્રદ્યોત છે એ પ્રકારના ભાવ-સાધનનો અચેતનમાં અસંભવ છે.

આશય એ છે કે આપ્ત એવા ભગવાનના વચનથી સાધ્ય શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ જે ભાવસાધન છે=ભાવની સિદ્ધિ છે, તે ભાવપ્રદ્યોત છે; કેમ કે ક્ષયોપશમભાવના જ્ઞાનસ્વરૂપ છે અને તેવો જ્ઞાનના ક્ષયોપશમરૂપ ભાવપ્રદ્યોત અચેતન એવા ધર્માસ્તિકાયાદિમાં કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ, તેથી ભગવાન ઉપદેશરૂપ વચન દ્વારા ગણધરોમાં જ વિશિષ્ટ પ્રકારના જ્ઞાનસ્વરૂપ ભાવપ્રદ્યોતને પ્રગટ કરે છે અને ગણધરોમાં પ્રગટ થયેલ ભાવપ્રદ્યોતનો વિષય જીવાદિ સાત તત્ત્વો છે તે પ્રદ્યોત્ય છે, આનાથી શું

ફલિત થઈ શકે તે બતાવવા કહે છે – અચેતન આદિ પદાર્થોમાં આપ્ત વચનની અપેક્ષાએ જ્ઞાન થવાની યોગ્યતા છે તે યોગ્યતારૂપ જ પ્રદ્યોતન છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાનરૂપ પ્રદ્યોતન ગણધરોમાં જ થાય છે અને જ્ઞાન થવાની યોગ્યતા જીવાદિ સાતે તત્ત્વોમાં છે તે યોગ્યતાને જ પ્રદ્યોતન કહીએ તો અચેતનમાં પ્રદ્યોતન સંગત થાય; કેમ કે ભગવાન ગણધરોને જીવાદિ સાત તત્ત્વોનું પ્રદ્યોતન કરે છે, તે જીવાદિ સાત તત્ત્વોમાં યોગ્યતા હતી તેને જ વચન દ્વારા ભગવાને ગણધરોના જ્ઞાનના વિષયરૂપે પ્રગટ કરી.

આ રીતે ભગવાન પ્રદ્યોતક છે, ગણધરોમાં પ્રદ્યોતન થાય છે અને તે પ્રદ્યોતનના વિષયભૂત જીવાદિ સાત પદાર્થો પ્રદ્યોત્ય છે તેમ સિદ્ધ થયું, તે સર્વ કથનથી અન્ય શું ફલિત થાય તે બતાવતા ગ્રંથકારશ્રી કહે છે – સ્તવનોમાં પણ આ રીતે જ વાચકની પ્રવૃત્તિ છે=યોગ્ય જીવો ભગવાનનાં ગુણગાન કરે છે ત્યારે તે શબ્દો દ્વારા ભગવાનના ગુણોનો તેઓને બોધ થાય છે, તેથી ભગવાનની સ્તવના કરીને સ્તવન કરનારા મહાત્માઓ શબ્દ દ્વારા ભગવાનના સ્વરૂપમાં જે જ્ઞાનની યોગ્યતા હતી તેને જ પ્રગટ કરે છે અર્થાત્ તેનો બોધ કરે છે, તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાન વચનો દ્વારા ગણધરોમાં પ્રદ્યોત્ય એવા જીવાદિ પદાર્થોનું પ્રદ્યોતન કરે છે તેમ ભગવાનની સ્તુતિ કરનારા જીવો પણ ભગવાનનાં ગુણગાન દ્વારા ભગવાનના સ્વરૂપનું આત્મામાં પ્રદ્યોતન કરે છે અને વ્યવહારમાં વચનપ્રયોગ દ્વારા કોઈને કોઈ પ્રકારનું કથન કરવામાં આવે ત્યારે તે જીવોને પણ તે કથનના વિષયભૂત પદાર્થોનો બોધ જ કરાવવામાં આવે છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાન કેવલજ્ઞાનથી સર્વ જ્ઞેય વસ્તુને પ્રકાશન કરે છે, તેથી લોક-અલોકના પ્રદ્યોતન કરનારા ભગવાન છે તેવો વિશાળ અર્થ લોક શબ્દનો પ્રાપ્ત થાય છે; કેમ કે ભગવાન પંચાસ્તિકાયમય લોકના પ્રકાશક છે તેમ કહેવાથી ભગવાનની મહાનતાની સ્તુતિ પ્રાપ્ત થાય, તેના બદલે લોકપ્રદીપ શબ્દ દ્વારા પ્રાપ્ત થતા લોકને ગણધરમાં સીમિત કરવાથી ભગવાનની પ્રદ્યોતકરત્વ શક્તિ અલ્પ છે તેમ અભિવ્યક્ત થાય છે તે પ્રત્યપાય માટે છે=અનર્થ માટે છે; કેમ કે ભગવાન સંપૂર્ણ લોકને પ્રકાશ કરનારા હોવા છતાં માત્ર ગણધરલોકને જ પ્રદ્યોત કરનારા છે તેમ કહેવાથી ભગવાનની સ્તુતિ ન્યૂનતાથી થાય છે તેનું નિરાકરણ કરતાં કહે છે –

ભગવાન ગણધરોને પ્રદ્યોતન કરે છે અને જીવાદિ પદાર્થોમાં પ્રદ્યોતન કરતા નથી, પરંતુ ભગવાનના વચનથી ગણધરોને જે જ્ઞાન થાય તેના વિષયભૂત જીવાદિ તત્ત્વો પ્રદ્યોત્ય છે; કેમ કે ભગવાનના વચનથી ગણધરોને જ શ્રુતાવરણના ક્ષયોપશમરૂપ પ્રદ્યોતન થાય છે અને તેના વિષયભૂત જ પ્રદ્યોત્ય જીવાદિ તત્ત્વોમાં છે એમ કહેવાથી સ્તવનમાં અપુષ્કલ શબ્દનો પ્રયોગ કરવો એ અનર્થ માટે છે એમ જેઓ કહે છે તેનું નિરાકરણ થાય છે; કેમ કે સ્તવનીય એવા ભગવાનની વાસ્તવિક સ્તુતિ કરવી છે અને ભગવાન ગણધરોને જ વિશિષ્ટ બોધ કરાવવારૂપ કાર્ય કરે છે, તે બોધ કરાવવા માટે લોક શબ્દનો પ્રયોગ હોવાથી લોક શબ્દથી ગણધરોને ગ્રહણ કરવાને કારણે ન્યૂનતાની પ્રાપ્તિ નથી, પરંતુ લોકરૂઢિથી લોક શબ્દ દ્વારા

પંચાસ્તિકાયમય લોક વાચ્ય છે તે અપેક્ષાએ લોક શબ્દથી ગણધરને ગ્રહણ કરવાને કારણે અપુષ્કલત્વની પ્રાપ્તિ છે અર્થાત્ ન્યૂનત્વની પ્રાપ્તિ છે, તોપણ વાસ્તવિક ગુણોથી ભગવાનની સ્તુતિ કરવાના પ્રયોજનથી જ્યારે લોક શબ્દ દ્વારા જેને પ્રદ્યોતની પ્રાપ્તિ થતી હોય તેને જ ગ્રહણ કરીને સ્તુતિ કરવી ઉચિત કહેવાય, જેમ લોકપ્રદીપમાં પણ ભગવાન સર્વ લોકોને માટે પ્રદીપ છે તેમ ન ગ્રહણ કરતા અંધકલ્પ લોકોને છોડીને વિશિષ્ટ ભવ્ય લોકોને માટે જ ભગવાન પ્રદીપ છે તેમ કહ્યું, તે રીતે પ્રસ્તુતમાં ભગવાન ગણધરલોકને પ્રકૃષ્ટ શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ કરાવે છે તેઓને આશ્રયીને જ ભગવાનને લોકપ્રદ્યોતકર કહેવા ઉચિત છે, આ રીતે ભગવાનનું લોકપ્રદ્યોતકરપણું સિદ્ધ થયું. **॥૧૪॥**

ललितविस्तरा :-

एवं च लोकोत्तमतया लोकनाथभावतो लोकहितत्वसिद्धेर्लोकप्रदीपभावात् लोकप्रद्योतकरत्वेन परार्थकरणात्, स्तोतव्यसम्पद एव सामान्येनोपयोगसम्पदिति ।।संपत्-४।।

ललितविस्तरार्थ :-

ભગવાનના લોકપ્રદ્યોતકરત્વ સ્વરૂપનું વર્ણન કર્યા પછી પ્રસ્તુત લોકોત્તમ આદિ સંપદાનું નિગમન કરતાં કહે છે –

અને આ રીતે=લોકોત્તમ આદિ સંપદાનું અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, લોકોત્તમપણું હોવાથી=ભગવાનનું લોકોત્તમપણું હોવાથી, લોકનાથનો ભાવ હોવાને કારણે=ભગવાન લોકોના નાથ હોવાને કારણે લોકહિતત્વની સિદ્ધિ હોવાથી=ભગવાનમાં લોકહિતત્વની સિદ્ધિ હોવાથી, લોકપ્રદીપ ભાવ હોવાને કારણે=લોક માટે પ્રદીપના પરિણામવાળા હોવાને કારણે, લોકપ્રદ્યોતકરપણું હોવાથી પરાર્થકરણ થવાને કારણે=પ્રસ્તુત સંપદાથી પરાર્થકરણ થવાને કારણે, સ્તોતવ્યસંપદાની જ સામાન્યથી ઉપયોગ સંપદા છે. ॥૧૪॥

ભાવાર્થ :-

ચોથી સંપદાથી શું સિદ્ધ થયું તે સ્પષ્ટ કરતાં કહે છે – ભગવાન લોકોત્તમ છે તેમ કહેવાથી ભગવાનની લોકોત્તમતાનો વાસ્તવિક બોધ થાય છે, તેના દ્વારા સન્માર્ગનું સ્થાપન કરનારા હોવાથી અન્ય ભવ્યજીવો કરતાં ભગવાન લોકોત્તમ છે તેવી ઉપસ્થિતિ થાય છે, માટે ભગવાનના પરાર્થકરણની સિદ્ધિ છે, ભગવાન લોકના નાથ છે તેના દ્વારા ભગવાન યોગ્ય જીવોને યોગક્ષેમ કરીને સંસારમાં રક્ષણ કરનારા છે તેમ સિદ્ધ થાય છે, માટે ભગવાનના પરાર્થકરણની સિદ્ધિ છે, ભગવાન લોકના હિત છે તેમ કહેવાથી ભગવાન લોકોનું કઈ રીતે હિત કરે છે તેની સિદ્ધિ થાય છે, માટે ભગવાનના પરાર્થકરણની સિદ્ધિ છે, લોકપ્રદીપ એમ કહેવાથી જ્ઞાનાવરણને કારણે અંધકારથી વ્યાપ્ત લોકોને માટે ભગવાન પ્રદીપનું કાર્ય કરે છે તેમ ઉપસ્થિત થાય છે માટે ભગવાનના પરાર્થકરણની સિદ્ધિ છે, અને લોકપ્રદ્યોતકર કહેવાથી યોગ્ય જીવોમાં

પ્રકૃષ્ટ હિતનું કારણ બને તેવું જ્ઞાન પ્રગટ કરે છે તેવો બોધ થાય છે, માટે ભગવાનના પરાર્થકરણની સિદ્ધિ છે, આ સર્વ દ્વારા ભગવાન બીજા જીવોના પરોપકારને કરનારા છે તેનું સ્થાપન થાય છે, તેથી ભગવાનની જે સ્તોતવ્યસંપદા હતી તેનો સામાન્યથી જીવોને કઈ રીતે ઉપયોગ થાય છે તેને કહે છે તેમ સિદ્ધ થાય છે; કેમ કે અરિહંત ભગવંત સ્તોતવ્યસંપદાથી સ્તુતિ કરાયેલા હતા અને સામાન્યથી જીવોને તેમનો ઉપયોગ આ રીતે જ થાય છે, માટે પ્રસ્તુત સંપદા સામાન્ય ઉપયોગ સંપદા છે. **॥संपदा-४॥ ॥१४॥**

अनुसंधान : ललितविस्तरा भाग-२

पुरुषाः प्राग्व्यावर्णितनिरुक्ताः, ते सिंहा इव प्रधानशौर्यादिगुणभावेन ख्याताः पुरुषसिंहाः, ख्याताश्च कर्म्मशत्रून् प्रति शूरतया, तदुच्छेदनं प्रति क्रौर्येण, क्रोधादीन् प्रति त्वसहनतया, रागादीन् प्रति वीर्ययोगेन, तपःकर्म्म प्रति वीरतया, अवज्ञैषां परीषहेषु, न भयमुपसर्ग्गेषु, न चिन्तापीन्द्रियवर्ग्गे, न खेदः संयमाध्वनि, निष्प्रकम्पता सद्ध्यान इति।

❋

પુરિસુત્તમાણં પદના વર્ણનમાં વર્ણન કરાયેલી વ્યુત્પત્તિવાળા પુરુષો છે, તે=પુરુષો, સિંહની જેમ પ્રધાન એવા શૌર્યાદિ ગુણના સદ્ભાવને કારણે પ્રસિદ્ધ છે અને કર્મશત્રુ પ્રત્યે શૂરપણાથી તેના ઉચ્છેદ પ્રત્યે ક્રૂરપણાથી, ક્રોધાદિ પ્રત્યે અસહનપણાથી, રાગાદિ પ્રત્યે વીર્યના યોગથી, તપકર્મ પ્રત્યે વીરપણાથી ખ્યાત છે, પરિષહોમાં ભગવાનની અવજ્ઞા છે, ઉપસર્ગોમાં ભગવાનને ભય નથી, ઇન્દ્રિયના સમૂહમાં ચિંતા પણ નથી, સંયમમાર્ગમાં ખેદ નથી, સદ્ધ્યાનમાં નિષ્પ્રકંપતા છે.

: પ્રકાશક :

'ગીતાર્થ ગંગા'

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com